મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીમદ્ભાગવત સુબોધિની

# દશમસ્કન્ધ જન્મપ્રકરણ



પ્રકાશકઃ

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

શ્રીભાગવત વ્યાખ્યાઃ

# જન્મપ્રકરણ સુબોધિની

(દશમસ્કન્ધ અન્તર્ગત અધ્યાય ૧-૪)


અનુવાદક :

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી


जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति


પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

**પ્રકાશક :**
**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,**
કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, ૩૭૦૪૬૫

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ**
ફુલાભાઈ પાર્ક, હાલો, પંચમહાલ, ગુજરાત, ૩૮૯૩૫૦

**સમ્પાદક :** શ્રીશરદ્ ગોસ્વામી

**પ્રકાશન વર્ષ :** વિ.સં.૨૦૭૭
**શ્રીવલ્લભાબ્દ :** ૫૪૨

**પ્રતિ :** ૧૦૦૦

**મુદ્રક :**
પૂર્વી પ્રેસ્ પ્રા. લિ., રાજકોટ

આ ગ્રન્થના અનુવાદક

# ગોલોકવાસી ભગવદીય શ્રીનાનુલાલ ગાંધી



# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, ફુલાભાઈ પાર્ક, હાલોલ, જિ.પંચમહાલ પિન.૩૮૯૩૫૦.**
**ફોન : ૯૩૧૩૪ ૩૬૨૦૦, ૦૨૬૭૬-૨૨૫૧૭૧**

| ગ્રન્થ | પ્રકાશનસહાય |
|---|---|
| **પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે** | |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(ગુજરાતી) | ૧૦ |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(હિન્દી) | ૧૦ |
| Praveshika, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (અંગ્રેજી) | ૧૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૨૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૨૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૧૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૧૦ |
| પ્રમેયરત્નસંગ્રહ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજ.) | ૨૦ |
| Manual of the devotionalpath of Pushti. લેખક : ઉપરમુજબ | (અપ્રાપ્ય) ૬૫ |
| **તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ** | |
| શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| વલ્લભવેદાન્ત લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |
| **સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન** | |
| વાર્તાપરિચર્ચા | ૧૫ |
| અધિકારપરિચર્ચા | ૧૦૦ |
| સાધનાપ્રણાલી | (અપ્રાપ્ય) ૫૦ |
| પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી | (અપ્રાપ્ય) ૫૦ |
| શરણાગતિ વિચારગોષ્ઠી | ૫૦ |
| શરણાગતિ વિચારગોષ્ઠી (પૂરક પ્રશ્નોત્તરી) | (અપ્રાપ્ય)નિઃશુલ્ક |
| સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | ૫૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | ૮૦ |
| પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | ૧૦૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ | ૧૦૦ |

## નિત્યસ્તોત્રપાઠ

**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) પાકું બાઈંડિંગ — અપ્રાપ્ય

**પુષ્ટિપાઠાવલી** (હિન્દી) પાકું બાઈંડિંગ — અપ્રાપ્ય

**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ — ૨૦

**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ — ૧૦

**પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી** (અનુવાદ સહિત) — ૨૦

## અધ્યયનોપયોગી ગ્રન્થો

**શ્રીભાગવતમહાપુરાણ** — અપ્રાપ્ય

(ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું)

**ષોડશગ્રન્થ** — અપ્રાપ્ય

(સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦)

**જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો** — અપ્રાપ્ય

ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી,શ્રીવલ્લભસ્તોત્રો, પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોનું વિવેચન ૪૫૦થી વધુ પાનામાં સંકલન

**કૃષ્ણાશ્રય** — અપ્રાપ્ય

શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજ અનુવાદ

**ભગવદ્ગીતા** — અપ્રાપ્ય

અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય, વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે.

**પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ** (પ્રશ્નોત્તરી) — ૨૫

**ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪વાર્તાઓ,** લે.ભૂપેન્દ્રભાઈ ભાટીયા — અપ્રાપ્ય

**ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮વાર્તાઓ,** લે. ઉપર મુજબ — અપ્રાપ્ય

**ભગવદ્ગીતાનોા ભક્તિયોગ, બારમો અધ્યાય,** લેખક : ગો.શ્રીશ્યા.મ. — નિઃશુલ્ક

**ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય,** લેખક :ગો.શ્રીશ્યા.મ. — નિઃશુલ્ક

**દ્રવ્યશુદ્ધિ.** અપરસ-સુતક બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.: ગો.શ્રીપુરુષોત્તમજી — નિઃશુલ્ક

**ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાયનો અર્થ.** લેખકઃ શ્રીનાનુલાલ ગાંધી — ૧૦

**શ્રીભાગવતાર્થપ્રકરણ** — ૧૫૦

(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવત ના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી.

**શાસ્ત્રાર્થપ્રકરણ** — ૫૦

(શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે)

**પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર** નિઃશુલ્ક

(શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન) લે : ગો.શ્રીશ્યામમનોહરજી

**ગૃહસેવા અને વ્રજલીલા** વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ** વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**શ્રીકૃષ્ણચરિત્ર** અપ્રાપ્ય

(દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

**રસદૃષ્ટિની તરફેણમાં**. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી** ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**ભક્તિવર્ધિની** વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**સેવાઃ ઋતુ-ઉત્સવ-મનોરથ.** વ્યાખ્યાતાઃ ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**હમકું ઇતની સમજ ભલી** અપ્રાપ્ય

(અમૃતવચનાવલી)પ્રાચીન અર્વાચીન આધુનિક આચાર્યોના વચનામૃતો.

**તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ.** મૂળ સહિત ગુજરાતી અનુવાદ ૨૫

**પુરુષાર્થવ્યવસ્થા** પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**पुष्टिविधानम्–२**(व्याकरणम्) અપ્રાપ્ય

श्रीवल्लभाचार्य–श्रीगोपीनाथजी–श्रीगुसांईजी रचित ५६ ग्रन्थोंका पदच्छेद–अन्वय–शब्दपरिचय–वृत्तिपरिचय.

**पुष्टिविधानम्–३**(व्रजभाषा) १५०

श्रीवल्लभाचार्य–श्रीगोपीनाथजी–श्रीगुसांईजी रचित षद्ग्रन्थोंका शब्दार्थ–श्लोकार्थ–विवेचन–पादानुक्रमणिका.

**तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम् सर्वनिर्णयप्रकरणम्** (व्रजभाषाटीका) १००

**वेदान्तचिन्तामणी** (हिन्दी अनुवाद सहित) तथा **सत्सिद्धान्तमार्तंड** ५०

(गुजराती प्रश्नोत्तर संक्षेप) श्रीगट्टुलालजी विरविचत.

**विवेकत्रयम्,** प्रपञ्च–जीव–मूलरूप (संस्कृत) १०

**श्रीपुरुषोत्तमग्रन्थावली–५**(संस्कृत) १००

(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ)

**श्रीपुरुषोत्तमग्रन्थावली–६**(संस्कृत) २००

(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા)

**गृहसेवा और व्रजलीला**(व्रजभाषा). व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**भगवद्गीताका भक्तियोग**. व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**सेवा : ऋतु–उत्सव–मनोरथ**, विवेचक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**ब्रह्मवाद** (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**सेवाकौमुदी**(नवधाभक्ति) हिन्दी, व्याख्याता : गो.श्रीश्याम मनोहरजी अप्राप्य

**तृतीयस्कन्ध सुबोधिनी** (संस्कृत) दो खंडोंमें. १०००

**श्रीमद्ब्रह्मसूत्राणुभाष्यम् : सप्रदीप–विवरणम्.** (संस्कृत) तीन खंडोंमें. १०००

महाप्रभु श्रीवल्लभाचार्य विरचित ब्रह्मसूत्राणुभाष्यं तथा उस पर भगवदीय श्रीइच्छाराम तथा गो.श्रीगिरिधिरजी विरचित 'प्रदीप' तथा 'विवरण' टीका.

## ઈતિહાસ

**આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ** નિઃશુલ્ક

લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી/હિન્દી)

**શ્રીગોપીનાથપ્રભુચરણ**(ગુજરાતી/હિન્દી) ૨૫

શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ.

## સન્દર્ભ ગ્રન્થો

**પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા.** ૧૦

શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા

**હમકું ઇતની સમજ ભલી.** નિઃશુલ્ક

એક વાર વાંચવા જેવું. પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ.

**Summary of Shuddhadvaita Vangmaya** 15

Author: Sri Sharad Goswami (મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય.

## શ્રીભાગવતસુબોધિનીનું શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાષાન્તરઃ

**પ્રથમસ્કન્ધ** ૧૦૦

**દ્વિતીયસ્કન્ધ** ૧૦૦

**તૃતીયસ્કન્ધ** (બે ભાગમાં) ૪૦૦

**જન્મપ્રકરણ** ૨૦૦

## ગોશાળા :

મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ તથા શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠમાં, હાલોલ.

## જીર્ણોદ્ધાર :

શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

## શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :

શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.

અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

**પુષ્ટિસ્વાધ્યાય :**

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ટેલિફોનિક કોન્ફરન્સ્ માધ્યમથી કરવામાં આવે છે : વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક : ૯૪૨૬૬૨૩૫૬૫

Pushti-Vidya
**'पुष्टिविद्या' मोबाईल् एप्लिकेशन्**

**व्होट्स्एप** द्वारा विद्यापीठ तथा पुष्टिमार्ग सम्बन्धी महत्वपूर्ण जानकारीयां प्राप्त करनेकेलिए सम्पर्क करें : 9426623565

**http://www.vallabhacharyavidyapeeth.org/**
**http://www.pushtimarg.net/**

**Like our page on Facebook :**
Sri Vallabhacharya Vidyapeeth

Subscribe us on You Tube:
**'Pushtiswadhyay'**

गोस्वामी श्रीश्याम मनोहरजीद्वारा सम्पादित-पुनर्मुद्रित

## शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ (संयुक्तप्रकाशन, दुर्लभ)
- खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्
- खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी
- खंड ३. जलभेदः से सेवाफलम्

ष. प्रकाश-रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्
- खंड १. प्रथमाध्याय (नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ)
- खंड २. प्रथमाध्याय (नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ)
- खंड ३. द्वितीयाध्याय
- खंड ४. तृतीयाध्याय
- खंड ५. चतुर्थाध्याय

३. श्रीमद्भागवतसुबोधिनी
- खंड १. प्रथम-द्वितीयस्कन्ध
- खंड ४. जन्मप्रकरण
- खंड ५. तामसप्रमाणप्रकरण
- खंड ६. तामसप्रमेय-साधनप्रकरण
- खंड ७. तामसफलप्रकरण
- खंड ८. राजसप्रमाण-प्रमेयप्रकरण

खंड ९.राजससाधन-फलप्रकरण खंड १०.सात्त्विकप्रमेयसाधनफलप्रकरण

खंड ११. गुणप्रकरण तथा यावत्प्राप्य एकादशस्कन्ध

४. तत्त्वार्थदीपनिबन्ध

खंड १. शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण

खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १-५

खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६-१४

५. सव्याख्यषड्ग्रन्थाः संयुक्तप्रकाशन, दुलर्भ

६. वेदान्ताधिकरणमाला-भावप्रकाशिका

७. विविधविवरणोपेत पत्रावलम्बनम्

८. प्रस्थानरत्नाकर

९. विद्वन्मण्डनम्

१०. श्रीबालकृष्णग्रन्थावली

११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि

१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः

१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)

१४. पुष्टिविधानम् गुजराती, व्रज तथा संस्कृत संस्करण

१५. वादावली

ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित-प्रकृत्यधिकरण-समालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम-द्वैतनिरासवादः

१६. अवतारवादावली

खंड २. भेदाभेदवाद,सृष्टिभेदवाद,आविर्भावतिरोभाववाद,ख्यातिवाद,प्रतिबिम्बवाद, अन्धकारवाद.

खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व-खण्डनवादः, भागवतस्वरूपविषयकशंकानिरासवादः,उपदेशादिविषयकशंकानिरासवादः,भगवत्प्रतिकृत-पूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमालाधारणवादः, शंखचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादिप्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवादः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

१७. सत्सिद्धान्तमार्तण्डः. भारतमार्तण्ड-पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

१८. वेदान्तचिन्तामणी. भारतमार्तण्ड-पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

४क्र.१, ४ तथा ४/१, ४/४ को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ-श्रीविट्ठलेश्वर-प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

- वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
- पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
- विवेक (हिन्दी)
- विशोधनिका (चार खंड) (गुज-हिन्दी)
- पुरुषोत्तमयोग (गुजराती-हिन्दी)

- नवरत्नम् (गुजराती–हिन्दी)
- श्रीयमुनाष्टकम् (हिन्दी)
- सिद्धान्तनुं आचमन (गुजराती)
- सिद्धान्तसूक्ति (गुजराती)
- भगवद्गीतासु भक्तियोग
- वार्तान्की सैद्धान्तिक संगति
- पुरुषार्थव्यवस्था (हिन्दी–गुजराती)
- चतुःश्लोकी(हिन्दी)
- रसदृष्टिनी तरफेणमां (हिन्दी–गुजराती)
- गृहसेवा और व्रजलीला (गुजराती–हिन्दी)
- ब्रह्मवाद (वादावली सम्पादकीय)
- सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
- चिरकुट चर्चा समीक्षा (हिन्दी–गुज)
- पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
- अणुभाष्य(साधनफलाध्याय) भूमिका (गुज.)
- नवरत्नोपदेशका मानसविश्लेषण(गुज–हिंदी)
- श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप
- शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
- धर्म–अर्थ–काम–मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी–गुजराती)
- भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार : एक प्रश्नोत्तरी (गुजराती)
- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणोपक्रम(गुज.)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत संक्षिप्त शास्त्रार्थ–सर्वनिर्णयप्रकरण तथा विवेकधैर्याश्रय, नवरत्न, सिद्धान्तमुक्तावली एवं भक्तिवर्धिनी का गुजराती अनुवाद–विवेचन(गुज.)
- श्रीवल्लभाख्यान : श्रीमद्भागवतको प्रारूप और श्रीवल्लभाख्यान
- सूक्तित्रय : सिद्धान्त, उत्सव, भक्ति.
- पुष्टिभक्तिका व्यापारीकरण (कुशंका, खिलवाड–समाधान)
- ब्राह्मिक याथार्थ्य और ब्रह्मवाद की नानावादानुरोधिता (लघुग्रन्थसंग्रह–२)
- पुष्टिमार्गकी आचार्यत्रयी
- अमृतका आचमन

**म्पर्क :** गोस्वामी श्रीश्याम मनोहरजी, व्रजकमल, ६३ स्वस्तिक सोसायटी, ४था रास्ता, जुहु स्कीम, विलेपार्ले(पश्चिम) मुम्बई–

## ।। પ્રકાશકીય ।।

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી દ્વારા ગુજરાતી ભાષામાં ભાષાન્તરિત મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરતિ શ્રીભાગવત સુબોધિનીજીના આ ચતુર્થ ગ્રન્થઃ 'જન્મપ્રકરણ સુબોધિની' નું શ્રીવલ્લભવાઙ્મયના અધ્યેતાઓ સમક્ષ પ્રકાશન કરતાં આનન્દ અને કૃતાર્થ નો અનુભવ થઈ રહ્યો છે.

શ્રીસુબોધિનીના પૂર્વપ્રકાશિત પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્કન્ધો ની જેમ આ ખંડમાં પણ શ્રીસુબોધિનીના અધ્યયનમાં ઉપકારક એવા શ્રીભાગવતાર્થ પ્રકરણનો સંબાધિત અંશ તથા શ્રીરઘુનાથચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાના ગુજરાતી અનુવાદ સહિત શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાંના સમ્બન્ધિત નામો તથા ગ્રન્થની વિગતવાર અનુક્રમણિકા છાપવામાં આવી છે.

સમ્પૂર્ણ જન્મપ્રકરણ સુબોધિનીજીનું પ્રુફરીડીંગ ભરૂચ નિવાસી શ્રીમતી પ્રીતિબેન દલાલે કર્યું છે જે આ પ્રસંગે અવિસ્મરણીય છે.

**પવિત્રા એકાદશી** — **શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી–કચ્છ દ્વારા**
વિક્રમસંવત ૨૦૭૭ — શરદ્ ગોસ્વામી
શ્રીવલ્લભાબ્દ ૫૪૨

## ।। આદ્ય સંસ્કરણનો ઉપોદ્ઘાત।।

**(લેખકઃ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી)**

આ પ્રકરણ દશમસ્કન્ધનું પ્રથમ પ્રકરણ છે. દશમસ્કન્ધનો અર્થ 'નિરોધ' છે. શ્રીધર અને કૃષ્ણચૈતન્ય ના અનુયાયીઓ આ સ્કન્ધનો અર્થ આશ્રય છે એમ કહે છે. તેથી સ્કન્ધના આરમ્ભનાં શ્રીસુબોધિનીજીમાં તેઓનો મત ખોટો છે અને આ સ્કન્ધનો અર્થ નિરોધ જ છે એ દર્શાવે છે.

ભગવાન શ્રીકૃષ્ણ ચાર મૂર્તિ(વ્યૂહ) સાથે પ્રકટ થએલા હોવાથી આ જન્મ પ્રકરણના ચાર અધ્યાયો છે. દરેક અધ્યાયમાં એક–એક વ્યૂહનું પ્રાકટ્ય જણાય છે.

પહેલા અધ્યાયમાં વાસુદેવ વ્યૂહનું પ્રાકટ્ય છે. આ પ્રાકટ્ય બહાર નથી થયું, પરન્તુ વસુદેવના હૃદયમાં થએલું છે. વસુદેવના હૃદયમાં વાસુદેવનું પ્રાકટ્ય થયેલ હોવાથી જ તે કંસથી દેવકીજીનું મૃત્યુનું નિવારણ કરી શક્યા. જો એમ ન થયું હોત તો તેઓ દેવકીજીના મૃત્યુનું નિવારણ કરી શક્યા ન જ હોત.

બીજા અધ્યાયમાં સંકર્ષણવ્યૂહનું પ્રાકટ્ય થયેલું છે. આ પ્રકટ્ય દેવકીજીમાં થએલ છે. આ અધ્યાયના છવ્વીસમા શ્લોકના આરંભની કારિકાથી સ્પષ્ટ થાય છે કે આ પ્રાકટ્ય અસુરોનો વધ કરવા થયેલ છે. દેવો પણ તેઓની પ્રાર્થનાના ઉપસંહારમાં

ભૂમિનો ભાર હરવાની પ્રાર્થના કરે છે (શ્લો. ૪૦). તેથી અસુરોનો સંહાર કરનાર અને ભૂમિનો ભારનાર સંકર્ષણવ્યૂહનું પ્રાકટ્ય અહિં જણાવેલું છે.

ત્રીજા અધ્યાયમાં પ્રદ્યુમ્નવ્યૂહનું પ્રાકટ્ય થયેલું છે. ''દેવક્યાં દેવરૂપિણ્યામ્'' (૧૦।૩।૮) શબ્દોથી પ્રદ્યુમ્નવ્યૂહનું પ્રાકટ્ય જણાવેલું છે. આ પ્રાકટ્ય મથુરામાં થયેલ છે.

ચોથા અધ્યાયમાં અનિરુદ્ધવ્યૂહનું પ્રાકટ્ય જણાવેલું છે. કોઈથી બંધ થયેલ નહિ હોવાથી આ અનિરુદ્ધવ્યૂહ છે. વળી બીજાં(વસુદેવ તથા દેવકીજી) બંધાએલા હતાં તેમને પણ મુક્ત કરાવેલ છે. ચોથ અધ્યાયમાં ધર્મપાલન કરનાર ઋષિઓ તથા ગાયો ની હિંસા કંસ કરાવે છે, પરન્તુ ભગવાન ધર્મની રક્ષા કરે તેવા હેતુથી, નારદે કંસને જે સમાચાર આપેલ તેને લીધે કંસ એ પ્રમાણે કરે છે. તેથી એ પ્રમાણે ધર્મપાલન કરનારની પીડા કરાવવાનું પ્રયોજન ધર્મની રક્ષા કરવાનું જ હોવાથી, અને ધર્મની રક્ષા અનિરુદ્ધનું જ કાર્ય હોવાથી, આ અધ્યાયનો અર્થ અનિરુદ્ધવ્યૂહનું જ પ્રાકટ્ય છે.

એ પ્રમાણે ચાર વ્યૂહ સહિત ચારમૂર્તિવાળા ભગવાન પોતે જ પ્રકટ થએલા છે. આ પ્રાકટ્ય પુરુષોત્તમનું છે એમાં ૧૦।૧।૨૩ વિગેરે વાક્યોને લીધે કાંઈ જ સન્દેહ રહેતો નથી.

પુરુષોત્તમનું પ્રાકટ્ય મથુરામાં વસુદેવને ત્યાં થયું કે ગોકુલમાં નન્દને ઘેર થયું તે વિષયમાં સામ્પ્રદાયિક ટીકાકારોમાં મતભેદ જોવામાં આવે છે. તેથી આ વિષય ઉપરની ટીકાઓનું સમ્પૂર્ણ ભાવાર્થ ૧૦।૨।૨૬ પરનાં શ્રીસુબોધિનીજી નીચેની નોટમાં આપેલ છે. આ વિષયમાં મને જે જણાયું તે પણ અન્તે જણાવેલ છે.

પહેલા ત્રણ અધ્યાયથી ભગવાન જે સ્વરૂપેથી પ્રકટ થયેલ તે તિરોહિત કરી તેમણે બીજા પ્રાકૃત રૂપને ધારણ કરેલું છે. ચોથા અધ્યાયમાં નટભાવ કહેલો છે. એવાં બે પેટાપ્રકરણો આ જન્મપ્રકરણનાં છે એમ પણ કહી શકાય.

**પહેલા અધ્યાયમાં** ભગવાનને પ્રકટ થવાનું કારણ જણાવેલું છે. ભગવાનને પ્રકટ થવાનું કારણ ત્રણ પ્રકારના ભક્તોને ત્રણ પ્રકારનું થયેલું દુઃખ છેઃ ૧.ભૂમિ ૨.માતા દેવકીજી અને ૩.બીજા ભક્તોને ઘણું દુઃખ થયું તેથી પ્રભુનું પ્રાકટ્ય (તે દુઃખને દૂર કરવા) થયું. પહેલા અધ્યાયમાં આરંભની કારિકા ૨૪-૨૫થી આ જણાવેલું છે. પહેલો અધ્યાય ભગવાનને પ્રકટ થવાનું કારણ જણાવનાર જ છે. તેથી આ અધ્યાયમાં રાજાના પ્રશ્ન પછી આ ત્રણનાં દુઃખનું જ નિરૂપણ કરેલું છે. તેથી આ અધ્યાયના કુલ ચાર વિભાગ પડે છે.

૧.પહેલો વિભાગઃ રાજાનો પ્રશ્ન. પહેલા તેર શ્લોકથી રાજા પ્રશ્ન કરે છે. ૧૪મો શ્લોક કથાની સંગતિ દર્શાવનાર છે. ૧૫ અને ૧૬મા શ્લોકો પ્રશ્નનું તથા પ્રશ્નકરનાર રાજાનું અભિનન્દન કરનારા છે.

૨.બીજો વિભાગ ભૂમિનું દુઃખ અને સાન્ત્વન જણાવનાર છે. ૧૭–૨૬ સુધીના દશ શ્લોકો આ વિભાગમાં છે.

૩.ત્રીજો વિભાગ માતા દેવકીજીના દુઃખનું નિરૂપણ કરે છે. ૨૭ થી ૬૧ શ્લોક આ વિભાગના છે.

૪.ચોથા વિભાગ (શ્લોક ૬૨ થી ૬૯) માં કંસ બીજા ભક્તોને દુઃખ કરે છે તેનું નિરૂપણ કરેલું છે.

તેથી આ અધ્યાયમાં ભગવાનને પ્રકટ થવાનું કારણ જ જણાવેલું છે.

**બીજા અધ્યાયમાં** ભક્તોનાં દુઃખનું નિરૂપણ કરેલું છે. ભગવાન તરત જ પ્રકટ થાય તે માટે આ અધ્યાયના પહેલા સાડા ત્રણ શ્લોકોમાં તે જ દુઃખનું વર્ણન કરેલું છે. પછી ભગવાને પ્રકટ થવા ઉદ્યમ કર્યો તે જણાવેલ છે. આરમ્ભમાં ભગવાન માયાને દેવકીજીના સાતમા ગર્ભને દીવકીજીમાંથી ખેંચી લઈ રોહિણીમાં સ્થાપન કરવા આજ્ઞા કરે છે, અને તે કાર્ય માયા કરે છે તે કહેલું છે. ૧૫મા શ્લોક સુધી આ વૃત્તાંત આવે છે.

૨.પછી ભગવાન પોતે પ્રકટ થવાનો ઉદ્યમ કરે છે. આ અધ્યાયનો બીજો વિભાગ છે.

૩. ત્યાર પછી ભગવાનના સ્વરૂપનું વર્ણન કરેલું છે. કંસ દેવકીજીને જોઈ તેમની અંદર ભગવાન છે એમ જાણી જાય છે અને ભગવાનની સન્નિધિથી તેને જ્ઞાન ઉત્પન્ન થાય છે, એ પણ ભગવાનના સ્વરૂપનું સામર્થ્ય અને માહાત્મ્ય જણાવતી વિગતો હોવાથી આ વિભાગમાં જ ગણાય. તેથી આ ત્રીજો વિભાગ ચોવીસમા શ્લોક સુધીનો છે.

૪.પછી દેવોની સ્તુતિ પણ (દેવકીજી વિગેરેનો) ભય મટાડનારી હોવાથી આ ઉદ્યમનો ચોથો વિભાગ છે. આ સ્તુતિ આ અધ્યાયના અંત સુધી થાય છે.

**ત્રીજા અધ્યાયમાં** ભગવાન જે સ્વરૂપથી પ્રકટ થયેલ છ તે સ્વરૂપ છૂપાવી બીજું રૂપ ધારણ કરે છે. આ બીજું રૂપ ધારણ કરવું એ જ આ અધ્યાયનો અર્થ છે.

૧.પ્રથમ જે સ્વરૂપથી પ્રકટ થયેલ તે જણાવ્યા વિના બીજું રૂપ ધારણ કર્યાનું કહી શકાય નહીં. તેથી જે સ્વરૂપ પ્રથમ પ્રકટ થયેલ તે મૂલસ્વરૂપ છે એમ જણાવવા આરમ્ભમાં પ્રાકટ્ય સમયના કાલનું નિરૂપણ કરેલું છે. આ કાલના વર્ણનથી તથા પ્રકટ થયેલ સ્વરૂપના વર્ણનથી આ પ્રકટ થયેલ સ્વરૂપ મૂલસ્વરૂપ છે એમ સિદ્ધ થાય છે. તેથી આ અધ્યાયનો આ પ્રથમ વિભાગ બાર શ્લોકો સુધીનો છે.

૨.ભગવાન બીજું રૂપ ધારણ કરી બીજે પધારે તેમાં વસુદેવની પણ સંમતિ છે, એમ વસુદેવની સ્તુતિથી જણાય છે. તેથી ભગવાન બીજું રૂપ ધારણ કરે એમાં વસુદેવની સંમતિ દર્શવનાર આ બીજો વિભાગ ૨૨ મા શ્લોક સુધીનો છે.

૩. એવી જ રીતે દેવકીજીની સંમતિ દર્શવનાર ત્રીજો વિભાગ ત્રીસમા શ્લોક સુધીનો છે.

૪.ભગવાનનાં વચનો અને બીજું રૂપનું ધારણ કરવું તથા ગોકુલ પધારવું એ ચોથો વિભાગ અધ્યાયના અન્ત સુધીનો છે. એ પ્રમાણે આ અધ્યાયના પણ ચાર વિભાગો છે.

**ચોથો અધ્યાય** નટભાવનો છ અને તેના પણ ચાર વિભાગો છે.

૧. પહેલો વિભાગ : અધ્યાયના આરમ્ભમાં દેવકીજી કન્યાને બચાવવા નટભાવ દર્શાવે છે. શ્લો.૧-૭.

૨. બીજો વિભાગ : માયા નટભાવ દર્શાવે છે. શ્લોક ૧૪ સુધી.

૩. ત્યાર પછી વસુદેવ છુટા થયેલ હોવા છતાં જો તે મથુરા તજી બીજે સ્થળે જાય તો 'બાળકને તેણે બીજે પધરાવ્યા હશે' એવી શંકા કંસને થાય અને કંસ અનિષ્ટ કરવા પ્રવૃત્તિ કરે. તેથી કંસના ભયને લીધે વસુદેવ મથુરામાં જ રહ્યા એ પણ તેમનો નટભાવ છે. આ નટભાવનો ત્રીજો વિભાગ ૨૮ મા શ્લોક સુધીનો છે.

૪.કંસે કરેલ અપરાધ વસુદેવ તથા દેવકીજી એ ક્ષમા કરેલ. તેથી ત્યાર પછી કંસ કાંઈ એવું કૃત્ય ન કરે તો તેનો વધ કરવાનું કાંઈ કારણ રહે નહીં. તેથી કંસની તેના મન્ત્રીઓ સાથે મન્ત્રણા કરાવી રાક્ષસોથી ભક્તોને દુઃખ ઉત્પન્ન કરાવવું એ ચોથો નટભાવ ભગવાને કરેલો છે. ભગવાને એ પ્રમાણે કંસ પાસે કરાવલે ન હોત તો કંસથી થતું દુઃખ થઈ રહેલ હોવાથી આગળ લીલા થાત નહીં. લીલનો બાધ ન થાય તેવી રીતે જ નટભાવ કરવામાં આવે છે. તેથી પછી તેની જરૂર નહીં હોવાથી આ અધ્યાય પછી નટભાવનો સંકોચ કરેલો છે. એ પ્રમાણે ચાર અધ્યાયોથી ભગવાન નટની પેઠે પ્રાકૃત બાળક થયા.

અધ્યાયનો અર્થ લક્ષ્યમાં રાખી નિબન્ધમાં ઉપર પ્રમાણે દરેક અધ્યાયના ચાર વિભાગ કરેલા છે. સામાન્યરીતે દરેક અધ્યાયના વિષયોના વિભાગ શ્રીસુબોધિનીજીમાં આરમ્ભની કારિકાઓમાં જ દર્શાવેલ છે. ...

રા.ચુનીલાલભાઈએ મને આ જન્મપ્રકરણનો અનુાદ કરવાનો અવસર આપ્યો તે માટે તેમનો ઉપકાર માનું છું; આ અનુવાદ વૈષ્ણવોને શ્રીસુબોધિનીજી સમજવામાં જેટલે અંશે ઉપયોગી થશે તેટલા અંશે મારો પ્રયાસ સાર્થક થયો માનીશ.

ચૈત્ર વદી ૧૧. સં.૨૦૦૦ **નાનુલાલ નારણદાસ ગાંધી, વકીલ.**
શ્રીવલ્લભાબ્દ ૪૭૨
**ધંધુકા**

# અનુક્રમણિકા

**શ્રીભાગવતાર્થપ્રકરણમાં નિરૂપિત દશમસ્કન્ધાર્થ જન્મપ્રકરણાર્થ તથા અધ્યાયાર્થ. જન્મપ્રકરણની સારણી.**

**શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાં નિરૂપિત જન્મપ્રકરણમાંના ભગવન્નામો તથા તેના પર શ્રીરઘુનાથચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાનો ગુજરાતી અનુવાદ.**

## દશમસ્કન્ધાન્તર્ગત પ્રથમ જન્મપ્રકરણ (અધ્યાય૧-૪)

**અધ્યાય ૧. (શ્રીકૃષ્ણના પ્રાકટ્યનું કારણ)** ૦૧

સ્કન્ધાર્થ અને પ્રકરણાર્થ રૂપ ભગવાન જ, સ્કન્ધમાં આશ્રય કે નિરોધ લીલા તેનો નિર્ણય, નિરોધની વ્યાખ્યા, ઉદ્યોગનો હેતુ, પ્રકરણવિભાગ, ચાર અધ્યાયનો સાર, અવતારહેતુ, પહેલા અધ્યાયના પેટા વિભાગ, શ્લોકતાત્પર્ય. વગેરે.

રાજાનો શ્રીકૃષ્ણલીલાકથન માટે પ્રશ્ન, કૃષ્ણકથાનું માહાત્મ્ય, શ્રવણમાટે શૌનકને સાવધાન કરવા, શુકમાં ભગવાને પ્રવેશી આ સ્કન્ધની નિજલીલા પોતે જ વર્ણવી.

રાજાને અભિનન્દન, પ્રશ્નની સ્તુતિ, અવતાર પ્રયોજક શ્લો.૧૬, ભૂમિનું સાંત્વન શ્લો.૧૦, દેવકીજીનું સાંત્વન શ્લો.૩૫ અને નારદવચન શ્લો.૮ વિગેરે.

**અધ્યાય ૨. (ભૂતળ પર પધારવાનો શ્રીકૃષ્ણે કરેલો ઉદ્યમ)** ૧૧૭

ઉદ્યમના કારણ રૂપ ભક્તદુઃખનુ નિરૂપણ વગેરે. કંસનો અસહ્ય ઉપદ્રવ, અનન્ત કાલાત્મા સંકર્ષણનો પ્રાદુર્ભાવ, માયાને આજ્ઞા, ભગવાનનું વસુદેવજીના મનમાં પધારવું, અલૌકિક રીતે દેવકીજીમાં પધરાવવા, દેવકીજીનું સ્વરૂપ, જ્ઞાનખલની વ્યાખ્યા. વગેરે.

વિષ્ણુ પધાર્યાની જાણ, જન્મની જોવાતી રાહ, કંસનું વેરભાવે ચિન્તન, બ્રહ્માજીની દેવપક્ષપાતી સ્તુતિ, દેવકીજીનું સાન્ત્વન, બ્રહ્માનું દેવોસહિત ગમન વગેરે.

**અધ્યાય ૩. (રૂપાન્તરનો સ્વીકાર)** ૧૯૫

**જન્મવર્ણન** (સાડા બાર શ્લોક) : ભગવાન પધારતાં જ સર્વ

આધિદૈવિક સામગ્રીનો આવિર્ભાવ, જન્મસમયનો પરિચય, જન્મકાલનો નિર્ણય, જન્મનો પ્રકાર, વ્યૂહોનું પ્રાકટ્ય ક્યાં ક્યાં? ચાર ભુજાયુક્ત પ્રાકટ્ય શા માટે, મધુસૂદન, માધવ અને નારાયણ નાં નામભેદની સમજ. શ્રીવસુદેવે કરેલું દાન અને નમન. વગેરે.

**વસુદેવસ્તુતિ**(શ્લોક ૧૦)ઃ સ્વરૂપવર્ણન, અજ્ઞાન અને અન્યથા-જ્ઞાનનો નિરાસ, નિર્ગુણ-સગુણની સમજ, ભગવાન આનન્દસ્વરૂપ જ. માયા કોણ? અવતારનું પ્રયોજન. વગેરે.

**દેવકીજીની સ્તુતિ** (શ્લોક ૮)ઃ સ્વરૂપનું વર્ણન, નિરાકાર જ સાકાર, ચરણારવિન્દસમજ, અલૌકિક સ્વરૂપે અસુરોને દર્શન નહિ આપવા અને અન્ય સ્વરૂપ ધરવા પ્રાર્થના. વગેરે.

**સાન્ત્વન** (શ્લોક ૧૪) : પૂર્વજન્મનો પરિચય, તપથી પ્રસન્નતા, વરદાન, ભગવાન જેવા પુત્રની માગણી, તે સ્વીકાર, પુત્રરૂપે ત્રણ અવતાર, પુત્રભાવે અને બ્રહ્મભાવે ચિન્તન કરવા ઉપદેશ, બાલકરૂપ સ્વીકાર. વગેરે.

**ગોકુલગમન** (શ્લોક ૮) માયાનો જન્મ, માયાકાર્ય, યમુના ઉલ્લંઘન, ગોકુલ પધરાવવાનું વર્ણન, માયાને મથુરા લાવવી, માયાએ કરેલ પ્રવૃત્તિ. વગેરે.

**અધ્યાય ૪. (માયાકાર્ય)** ૩૧૮

શ્રીવસુેવજીનું મથુરા પાછા ફરવું, કંસને જાણ, દેવકીજીનો પુત્રી બચાવવા પ્રયાસ, કંસે કરેલો માયાના વધનો પ્રયત્ન, માયાનું સ્વરૂપ અને કાર્ય. કંસનો પશ્ચાત્તાપ, વસુદેવ-દેવકીજીને બંધનમુક્ત કરવાં, શોક નહિ કરવા કંસનો બોધ, દયાયાચના, મળેલી ક્ષમા, કંસની મન્ત્રણા, મન્ત્રીઓની સલાહ, કંસની બડાઈ, વિનાશના પંથે કંસની પ્રવૃત્તિ, વિષ્ણુદ્રોહ. વગેરે.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધનો

# શ્રીભાગવતાર્થ પ્રકરણ

(ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અનુદિત શ્રીભાગવતાર્થ પ્રકરણમાંથી સંકલિત)

**શ્રીકૃષ્ણં પરમાનન્દં દશલીલાયુતં સદા ।**
**સર્વભક્તસમુદ્ધારે વિસ્ફુરન્તં પરં નુમઃ ।।**

શ્રીમદ્ભાગવતમાં પર વસ્તુ(પરબ્રહ્મ)ને 'શ્રીકૃષ્ણ' કહેલ છે. તેથી આરમ્ભમાં પ્રથમ શ્લોકથી શ્રીમદાચાર્યચરણ શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે. પરબ્રહ્મ પોતાની અંદર રહેલ ''પરમ સૌન્દર્ય હું પ્રકટ કરું'' એવી ઈચ્છાથી સાકાર થઈ પ્રકટ થાય છે. તે સાકાર સ્વરૂપ તે જ 'શ્રીકૃષ્ણ' છે. તેથી શ્રીકૃષ્ણ એ કોઈ વિભૂતિ નથી, પરન્તુ પરબ્રહ્મ જ છે. વળી તે પરમાનન્દ હોઈ ફલરૂપ પણ છે. તે સદા દશ પ્રકારની લીલા કર્યા કરે છે. તે દશ લીલાઓવાળા ભગવાન્ શ્રીકૃષ્ણનું શ્રવણ કરવાથી તે પ્રાપ્ત થાય છે. પોતાના સર્વ ભક્તોનો ઉદ્ધાર કરવો એ સાકાર સ્વરૂપ ધારણ કરી પ્રકટ થવાનું એટલે અવતાર લેવાનું તેમનું પ્રયોજન છે. તેમનાથી અધિક કોઈ છે જ નહિ. તે સર્વથી ઉત્તમ છે. અવતાર લે ત્યારે તેમને સ્તુતિ કરવામાં આવે તે પ્રિય હોવાથી આરમ્ભમાં શ્રીમદાચાર્યચરણ તેમને નમન કરે છે. ૧

શ્રીમદ્ભાગવતનો અર્થ તથા અભિપ્રાય સારી રીતે જાણવામાં આવે તે માટે જ શ્રીમદાચાર્યચરણે ભાગવતાર્થ પ્રકરણ રચેલું છે. તે સારી રીતે જાણવામાટે [૧]શાસ્ત્ર [૨]સ્કન્ધ [૩]પ્રકરણ [૪]અધ્યાય [૫]વાક્ય(શ્લોક) [૬]પદ(શબ્દ) તથા [૭]અક્ષર એ સાતેના અર્થ બરાબર જાણવા જોઈએ. આ સાતેના અર્થમાં કોઈ પણ વિરોધ ન આવે તેવી રીતે, સમ્પૂર્ણ ભાગવતમાં ગૂંથાયેલો એક જ અર્થ જાણવામાં આવે ત્યારે શ્રીભાગવતનો અર્થ તથા અભિપ્રાય બરાબર જણાય. આ સાતેનો અર્થ છે. પ્રત્યયરૂપ અક્ષરોનો પણ અર્થ છે. જો કટકે-કટકે અર્થ કરવામાં આવે તો તે અર્થ કલ્પિત થાય. જેમ ભગવાન્ ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણોવાળા છે તેમ શ્રીભાગવતનો અર્થ પણ બાર સ્કન્ધો વગેરેના અર્થવાળો છે. એવી રીતે શાસ્ત્ર વગેરે સાતનો વિરોધ વિનાનો એક અર્થ જે જાણે તે સંસારથી મુક્ત થાય છે. આવી મુક્તિ; ભક્તિ થવામાટે જરૂરી છે. આ સાત પૈકી શાસ્ત્ર, સ્કન્ધ, પ્રકરણ અને અધ્યાય ના અર્થ શ્રીભાગવતાર્થપ્રકરણમાં શ્રીમદાચાર્યચરણે દર્શાવેલ છે અને બાકીના ત્રણના અર્થ શ્રીસુબોધિનીમાં જણાવેલા છે ૨

**૧. શાસ્ત્રનો અર્થ :**

આનન્દરૂપ હરિની લીલા એ શ્રીભાગવતશાસ્ત્રનો અર્થ છે. આનન્દરૂપ ભગવાન્‌ની લીલા પણ આનન્દરૂપ જ છે, અને સર્વનાં દુઃખોને હરનારી છે. તેથી દુઃખનો નાશ કરનારી અને સુખ (આનન્દ)રૂપ ભગવાન્‌ની લીલા પોતે જ

પુરુષાર્થરૂપા છે એવો શ્રીભાગવતશાસ્ત્રનો અર્થ છે.

શ્રીમદ્ભાગવત ભગવદ્રૂપ છે તેથી પાઠ કરી તેનું ધારણ કરવાથી, ભાગવતના સ્વરૂપથી ભગવાન્ જ ધારણ કરેલા જાણવા. હૃદયમાં રહેલા ભગવાન્ જે કાર્ય કરે છે તે આ પ્રમાણે ભાગવતના સ્વરૂપથી ધારણ કરેલા ભગવાન્ પણ કરે છે. જો તેનો અર્થ પણ સમ્પૂર્ણ જાણેલો હોય તો આ આવું (ભગવદ્રૂપ) છે એવું જ્ઞાન ભક્તિના અંગરૂપ હોવાથી, તેનાથી ભગવાન્નું જ્ઞાન થાય છે અને તેથી ભગવાન્ ભક્તિ આપે છે.

**૨. સ્કન્ધના અર્થ :**

આનન્દરૂપ હરિની લીલા શ્રીમદ્ભાગવતનો અર્થ છે એમ ઉપર કહેલું છે. આ હરિની લીલા દશ પ્રકારની હોવાનું શ્રીભાગવતમાં જ કહેલું છે : ''અહીં ૧.સર્ગ ૨.વિસર્ગ ૩.સ્થાન ૪.પોષણ ૫.ઊતિઓ ૬.મન્વન્તરો ૭.ઈશાનુકથા ૮.નિરોધ ૯.મુક્તિ અને ૧૦.આશ્રય કહેલાં છે''(ભાગ.પુરા.૨।૧૦।૧) આ દશ લીલાઓનું ત્રીજાથી બારમા સુધીના દશ સ્કન્ધોમાં અનુક્રમે નિરૂપણ કરેલું છે.

આ દશ ઉપરાન્ત 'અધિકાર' પણ ભગવાન્ની લીલા છે. પરન્તુ તે મુખ્ય લીલા નથી, પણ મુખ્ય લીલામાં ઉપયોગી લીલા છે. અધિકારની પેઠે જ સાધનો એટલે સર્વ પ્રકારનાં જ્ઞાન પણ ભગવાન્ની લીલા છે. કારણ કે સર્વ પ્રકારનાં જ્ઞાન, શ્રવણ વગેરે ભક્તિના અંગો છે. આ પણ મુખ્ય લીલાઓના અંગરૂપ હોવાથી મુખ્ય લીલા ગણાય નહિ, છતાં શાસ્ત્રના અર્થમાં આનો પણ સમાવેશ થવો જોઈએ. તેથી દશ મુખ્ય લીલા અને બે મુખ્ય લીલાઓના અંગરૂપ લીલા એ સર્વનું નિરૂપણ શ્રીમદ્ભાગવતમાં કરેલું છે. તેથી તેના બાર સ્કન્ધ છે. પહેલા સ્કન્ધમાં અધિકારીનું અને બીજા સ્કન્ધમાં સાધનોનું નિરૂપણ કરેલું છે. મુખ્ય લીલાઓ તો દશ જ રહે છે, નથી વધતી કે નથી ઘટતી. આ પ્રમાણે શ્રીભાગવતના બાર સ્કન્ધો હોવા છતાં તે એક જ શાસ્ત્ર અથવા પુરાણ છે અને તે હરિરૂપ જ છે. આ પુરાણ શબ્દથી અને અર્થથી પણ ભગવદ્રૂપ છે.

શ્રીભાગવત ભગવદ્રૂપ છે અને ભગવાન્ પુરુષ છે. ''પુરુષ ખરેખર બાર અંગવાળા છે'' એ શ્રુતિ પ્રમાણે પુરુષના બાર અંગો છે, તેથી પણ શ્રીભાગવતના બાર સ્કન્ધો છે. શ્રુતિ પ્રમાણે વિચારતાં બે સાથળો, બે બાહુઓ, શિર, હૃદય, બે હસ્તો, બે ચરણો અને બે સ્તનો એ પુરુષના બાર અવયવો છે.

૧-૨ પહેલો અને બીજો સ્કન્ધ બે ચરણ રૂપ છે. તે પ્રમાણે અધિકાર અને જ્ઞાન એ બે ભાગવતરૂપ પુરુષના બે ચરણો છે.

૩-૪ સર્ગ અને વિસર્ગ(ત્રીજો અને ચોથો સ્કન્ધ) બે બાહુ (ખભાથી કોણી સુધીના ભાગને બાહુ અને કોણીથી આંગળીઓ સુધીના ભાગને હસ્ત કહેલા હોવાનું અને ઢીંચણથી નીચેના ભાગને ચરણ કહેલા હોવાનું જણાય છે) અથવા કર છે.

૫-૬ સ્થાન અને પોષણ (પાંચમો અને છઠ્ઠો સ્કન્ધ) બે સાથળો છે.

૭,૧૨ સાતમો સ્કન્ધ અને બારમો સ્કન્ધ બે હસ્ત છે. સાતમો અને બારમો સ્કન્ધ બે હસ્ત હોય તો શ્રીભાગવત કદરૂપું લાગશે એવી શંકા થાય તો જાણવું કે સાતમું સ્કન્ધ વામહસ્તરૂપ છે અને તે ઊંચો રાખી ભગવાન્ ભક્તને પોતાની પાસે બોલાવે છે.

૮-૯ આઠમો અને નવમો(મન્વન્તરો અને ઈશાનુચરિત) બે સ્તનો છે.

૧૦ દશમો સ્કન્ધ (નિરોધ) 'મધ્ય' અથવા હૃદય છે.

૧૧ અગિયારમો સ્કન્ધ (મુક્તિ) શિર છે.

૧૨ બારમો સ્કન્ધ (આશ્રય) દક્ષિણ હસ્ત છે.

ભગવાન્ જેવા ભાગવતરૂપ થયા, તેવાનું અહીં વર્ણન કરેલું છે. આ (શ્રીભાગવત્) બાર અંગવાળા હરિ પોતે જ છે.

કેટલાક ઉપાસના કરનારાઓ એમ માને છે કે ક્રમ પ્રમાણે ઉપાસના કરવાથી જ ફલ પ્રાપ્ત થાય. તેથી તેઓ પુરુષના અવયવોના ક્રમ પ્રમાણે જ સ્કન્ધો હોવાનું કહે છે. બે ચરણો પહેલા બે સ્કન્ધો, બે સાથળો ત્રીજો અને ચોથો સ્કન્ધ, કટિ પાંચમો, ગુહ્ય અવયવ છઠ્ઠો, ઉદર સાતમો, હૃદય આઠમો, બે કરો નવમો, મુખ દસમો, લલાટ અગિયારમો અને શિર બારમો સ્કન્ધ છે. તેમાં કટિમાં એટલે પાંચમા સ્કન્ધમાં મલનાં દ્વાર જેવાં નરકો છે. ઉપાસના કરનાર આવી રીતે ઉપાસના કરે તે પણ યોગ્ય છે ૩-૧૦।।

**ત્રણ ભાષાઓ :**

વ્યાસજી ભગવાન્‌ના અવતાર હોવાથી તેમનું તેજ અમાપ છે. સ્વરૂપથી અને ગુણથી તે ઘણા મોટા છે. શ્રીમદ્ભાગવત એ તેમની સમાધિભાષા છે.

શ્રીમદ્ભાગવતમાં કોઈક સ્થળે જ્ઞાન વગેરેની પ્રશંસા કરેલી છે, ક્યાંક કથામાં આગળ-પાછળનો વિરોધ જોવામાં આવે છે અને ક્યાંક તેનો તે જ વૃત્તાન્ત ફરી કહેવારૂપ (પુનરુક્તિ) વગેરે દોષો જોવામાં આવે છે. તેનું કારણ એવું છે કે શ્રીમદ્ભાગવતમાં ત્રણ ભાષાઓ છે :

૧. સમાધિભાષા

૨. મતાન્તરભાષા અને

૩. લૌકિક ભાષા.

૧. વ્યાસજીએ જેટલો વિષય સમાધિથી જાણીને કહ્યો તે 'સમાધિભાષા'.

૨. તેનાથી વિરુદ્ધ વિષય જ્યાં કહેલ છે તે 'મતાન્તરભાષા' છે.

૩. અને લોકમાં પ્રસિદ્ધ વિષય જ્યાં કહેલ હોય તે 'લૌકિકી ભાષા' છે.

તે પૈકી મતાન્તર ભાષા અને લૌકિકી ભાષા બોલનારના અભિપ્રાય પૂરતી પ્રમાણ છે, પરન્તુ તેમાં જે વિષય જણાવેલ હોય તે સમ્બન્ધમાં સમાધિભાષાની પેઠે

સમ્પૂર્ણ રીતે પ્રમાણ નથી. તેથી જ આ બે ભાષાઓ સાથે સમાધિ-ભાષાનો વિરોધ રહેતો નથી. આ બે ભાષાઓ શ્રીમદ્‌ભાગવતમાં જ્યાં કહેલી છે તે ત્યાં દર્શાવવામાં આવશે.

આ ત્રણ ભાષાઓ જણાય કેવી રીતે ? એવો પ્રશ્ન ઊઠે, તો જાણવું કે સામાન્ય નિયમ તરીકે શ્રીમદ્‌ભાગવતમાં સર્વત્ર સમાધિભાષા છે, પરન્તુ જ્યાં ''હું બીજાનું કહેલું કહું છું'' એમ શ્રીશુકે કહેલ હોય ત્યાં તેણે પરમતભાષા કહેવા માંડી છે એમ જાણવું.

અને ૧૦|૭૯|૧૬ વગેરેની પેઠે જ્યાં લૌકિક રીતથી વર્ણન કરેલું હોય ત્યાં લૌકિકી ભાષા કહેલી જાણવી. આ બે ભાષાઓમાં સમાધિભાષાથી વિરુદ્ધ જે કાંઈ કહેલ છે તે વિચારપૂર્વક જાણી જોઈને કહેલ હોવાથી, આ વિરોધ દોષરૂપ નથી.

ત્રણ ભાષાઓથી સ્વતન્ત્ર પુરુષાર્થરૂપ શ્રીકૃષ્ણની લીલા એ જ ભાગવતનો વિષય છે. એના શ્રવણથી ભગવાન્ શ્રીકૃષ્ણ ઉપર અવશ્ય પ્રેમ થતો હોવાથી અને પ્રેમ જ તેમને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન હોવાથી શ્રીમદ્‌ભાગવતનો અર્થ સારી રીતે સમજી તેનું શ્રવણ વગેરે કરવાં જોઈએ ||૧૦-૧૨||

# સ્કન્ધ દશમો : નિરોધ

**ચતુર્વિંશતિધા ભિન્ના ભક્તિરુક્તાऽતિદુર્લભા |**
**સપ્તાશીતિરથાધ્યાયા નિરોધે દશમે મતાઃ |૧||**

ચોવીસ પ્રકારના ભેદવાળી અતિદુર્લભ ભક્તિ નવમા સ્કન્ધમાં કહી. હવે દશમા સ્કન્ધમાં નિરોધના વિષયમાં સત્તાશી અધ્યાયો વિચારેલ છે.

**નવત્યધ્યાયસન્દર્ભો જાતઃ કૃત્રિમભાવતઃ |**
**કેષાઞ્ચિદ્ અત્ર સન્દેહઃ સ્કન્ધાર્થે પ્રકટો મહાન્ ||૨||**

બનાવટી(પ્રક્ષિપ્ત) અધ્યાયોના વિચારથી નેવું અધ્યાયો આ સ્કન્ધમાં લખાયેલા છે. આ સ્કન્ધના અર્થમાં કેટલાકને મોટો સંદેહ સ્પષ્ટ થયેલ છે.

બારમો તેરમો અને ચૌદમો એ ત્રણ અધ્યાયો કોઈએ પાછળથી લખી શ્રીભાગવતમાં ઉમેરેલ છે. તે ત્રણ અધ્યાયને ગણીને નેવું અધ્યાય આ સ્કન્ધમાં હોવાનું કહે છે, પરન્તુ એ ત્રણ અધ્યાયો પ્રક્ષિપ્ત (પાછળથી કોઈએ ઉમેરેલા) હોવાથી આ સ્કન્ધના સત્તાશી જ અધ્યાય છે.

**તન્નિવૃત્ત્યર્થમ્ અધુના સર્વનિર્ણયપૂર્વકમ્ |**
**દશમાર્થઃ પ્રકરણાધ્યાયાર્થશ્ચ વિચાર્યતે ||૩||**

તે સંદેહ દૂર થાય તે માટે સર્વ વિષયોનો નિર્ણય કરીને દશમા સ્કન્ધના અર્થનો પ્રકરણોના અર્થનો અને અધ્યાયોના અર્થનો વિચાર કરવામાં આવે છે.

**નવલક્ષણલક્ષ્યો હિ કૃષ્ણસ્તસ્ય નિરૂપણાત્ ।**
**આશ્રયઃ ક્રમભાવિત્વાત્ નિરોધો વેતિ સંશયઃ ।।૪।।**

શ્રીકૃષ્ણ નવ ખાસ ચિન્હોથી ઓળખાય તેવા છે. તેમનું દશમા સ્કન્ધમાં નિરૂપણ કરેલું હોવાથી આ સ્કન્ધ આશ્રય જણાવનારો છે કે લીલાના અનુક્રમમાં નિરોધ આવતો હોવાથી નિરોધ જણાવનારો છે ? એવો સંશય છે.

સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુચરિત, નિરોધ અને મુક્તિ એ નવ ખાસ લીલાઓ કરનાર શ્રીકૃષ્ણ ઓળખાય. તેમનું દશમા સ્કન્ધમાં નિરૂપણ કરેલું હોવાથી, આ સ્કન્ધ નવે લીલાઓ જેમનામાં છે તે આશ્રય જણાવનારો છે, અથવા આ કહેતાં ૨।૧૦।૧ માં 'ઈશાનુચરિત' પછી 'નિરોધ' લીલા કહેલી હોવાથી તે અનુક્રમ પ્રમાણે આ સ્કન્ધ નિરોધ જણાવનારો છે ? એવો સંશય છે. શ્રીધર અને કૃષ્ણચૈતન્ય ના મત પ્રમાણે આ સ્કન્ધ 'આશ્રય' જણાવનારો છે. જ્યારે આચાર્યશ્રીના મત પ્રમાણે તે 'નિરોધ' જણાવનારો છે.

**લીલાનિર્ધારકો હ્યર્થઃ ક્રમમાત્રં તુ દુર્બલમ્ ।**
**યથાકથઞ્ચિત્ શ્રવણં સફલત્વાય કલ્પતે ।।૫।।**
**નિરોધઃ પ્રલયો લોકે પ્રસિદ્ધઃ પ્રકૃતે ન સઃ ।**
**પ્રતીતો દ્વાદશે ચૈવ મહત્ત્વાત્ શુદ્ધલીલયા ।।૬।।**
**સહિતો હ્યાશ્રયઃ સ્કન્ધે પ્રતિપાદ્ય ઈતીતિ ચેત્ ।**

લીલાનો નિર્ણય કરાવનાર સ્કન્ધનો અર્થ છે. માત્ર અનુક્રમ તો દુર્બલ છે. હરકોઈ પ્રકારે ( હરકોઈ ક્રમથી ) ભગવાન્‌ની લીલાનું શ્રવણ થાય તે ફલ આપવાની શક્તિવાળું છે. લોકમાં નિરોધ પ્રલય તરીકે પ્રસિદ્ધ છે. ચાલુ પ્રસન ( દશમા સ્કન્ધ )માં તે ( પ્રલય ) નથી અને બારમા સ્કન્ધમાં તે જોવામાં આવે છે જ. તેથી દશમા સ્કન્ધમાં ઉત્તમપણાંને લીધે શ્રીકૃષ્ણની શુદ્ધ લીલા સાથે શ્રીકૃષ્ણનું નિરૂપણ કરેલું છે'' એમ કહેતા હો તો...

આ સ્કન્ધમાં આશ્રયનું નિરૂપણ છે એમ સિદ્ધ કરવા શ્રીધરે કરેલ તર્ક આ કારિકાઓમાં કહેલ છે. 'નિરોધ' એટલે પ્રલય. બારમા સ્કન્ધમાં પ્રલયો કહેલ છે. તેથી આ સ્કન્ધમાં આશ્રયનું અને બારમા સ્કન્ધમાં પ્રલયનું નિરૂપણ છે એવો શ્રીધરનો મત કહ્યો.

**ન હિ સાપેક્ષરૂપસ્ય પ્રથમં સુનિરૂપણમ્ ।।૭।।**
**નવલક્ષણસાપેક્ષો હ્યાશ્રયો રૂપ્યતે કથમ્ ।**
**અગ્રે લીલાદ્વયકથા ફલસિદ્ધો વૃથા ભવેત્ ।।૮।।**

સિદ્ધાન્ત : બીજાના ઉપર જે આધાર રાખતું હોય તેવું પહેલાં સારી રીતે જણાવી ન શકાય. તેથી નવ લક્ષણો ઉપર આધાર રાખનાર આશ્રયનું આ સ્કન્ધમાં વર્ણન કેવી રીતે થાય ? વળી ફલ પ્રાપ્ત કરવાના સમ્બન્ધમાં ભવિષ્યમાં કહેવાની બે

લીલાઓ નિરર્થક થાય.

સર્ગ વિસર્ગ વગેરે નવ લીલાઓ ઉપર 'આશ્રય' આધાર રાખનારો છે. તેથી તે નવ પૈકીની નિરોધ અને મુક્તિ લીલાઓ કહ્યા પહેલાં આશ્રયનું વર્ણન થઈ શકે નહિ. વળી દશમા સ્કન્ધમાં આશ્રયનું નિરૂપણ કરેલ હોય, તો તમારા( શ્રીધર ) મત પ્રમાણે અગિયારમા તથા બારમા સ્કન્ધમાં મુક્તિ અને નિરોધ કહેવાનું પ્રયોજન રહેતું નથી, કારણ કે આશ્રય સિદ્ધ થયા પછી લીલાઓ જાણવાની જરૂર રહેતી નથી. તેથી તે કહેલી નકામી થાય.

**પૂર્વોત્તરસ્કન્ધયોશ્ચ નશ્યેત્ કારણ-કાર્યતા ।**
**અર્થસ્ત્વેકાદશેઽપ્યસ્તિ ક્રમશ્ચ સ્વીકૃતો ભવેત્ ।।૯।।**

પહેલાના અને પછીના સ્કન્ધોના કારણ અને કાર્ય ના ભાવનો નાશ થાય. અર્થ ( શ્રીકૃષ્ણ ) તો અગિયારમા સ્કન્ધમાં પણ છે. વળી ક્રમનો પણ સ્વીકાર થશે.

પહેલાંનો સ્કન્ધ પછીના સ્કન્ધનું કારણ અને પછીનો સ્કન્ધ તેની પહેલાના સ્કન્ધનું કાર્ય છે. દશમા સ્કન્ધમાં આશ્રય કહેલ હોય, તો તે યોજના પણ રહેતી નથી. આ સ્કન્ધમાં ભગવાન્નું ચરિત્ર કહેલું હોવાથી અહીં આશ્રય કહેલ છે એમ પણ મનાય તેમ નથી, કારણ કે અગિયારમા સ્કન્ધમાં પણ શ્રીકૃષ્ણનું ચરિત્ર કહેલું છે જ. આ સ્કન્ધમાં નિરોધ કહેલ છે, એમ માનવાથી લીલાઓ બધી અનુક્રમે કહેલી થાય છે, એટલે લીલાઓના ક્રમનો પણ સ્વીકાર થાય છે.

**ચરિત્રં દશમે મુખ્યં રૂપં પૂર્વત્ર વર્ણિતમ્ ।**
**નિરોધાર્થં તથા ભક્તિ-સિદ્ધ્યર્થં ચ હરિર્બભૌ ।।૧૦।।**

દશમા સ્કન્ધમાં ભગવાન્નું ચરિત્ર મુખ્ય છે. સ્વરૂપનું પહેલાં વર્ણન કરેલું છે. નિરોધ કરવા તેમજ ભક્તિ સર્વથી થઈ શકે તે માટે હરિ પ્રકટ થયેલા.

ભગવાન્ શ્રીકૃષ્ણનું પહેલા નવમા સ્કન્ધમાં પણ વર્ણન કરેલું છે ( ૯।૨૪।૫૫-૬૭ ). તેથી નવમા, દશમા અને અગિયારમા એ ત્રણ સ્કન્ધોમાં શ્રીકૃષ્ણ છે ( તેથી શ્રીકૃષ્ણનું વર્ણન હોવાથી દશમા સ્કન્ધમાં આશ્રયનું નિરૂપણ છે એમ કહી ન શકાય ). દશમા સ્કન્ધમાં ભગવાન્નું ચરિત્ર મુખ્ય છે. સર્વ લોકનો નિરોધ કરવા અને તેમનાથી ભક્તિ થઈ શકે તે માટે ભગવાન્ શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય થયેલું.

**આશ્રયો યાદશો હ્યત્ર તદર્થં ન બભૂવ હ ।**
**આશ્રયો યાદશો હ્યત્ર સ વાચ્યો દ્વાદશે સ્ફુટઃ ।।૧૧।।**

અહીં દશમા સ્કન્ધમાં જેવો આશ્રય તમે કહો છો તે માટે ભગવાન્ પ્રગટ થયા નથી. અહીં ( શ્રીભાગવતમાં ) જેવો આશ્રય કહેવા ઈચ્છેલ છે તે બારમા સ્કન્ધમાં સ્પષ્ટ કહેવાનો છે.

બારમા સ્કન્ધમાં પ્રલય જ સ્પષ્ટ કહેલ છે, આશ્રય કહેલો નથી-એમ ન

માનવું. આ સ્કન્ધમાં તો નિરોધ થાય અને ભક્તિ થઈ શકે તે માટે ભગવાન્નું ચરિત્ર કહેલું છે, આશ્રય કહેલો નથી. આશ્રય બારમા સ્કન્ધમાં સ્પષ્ટ કહેશે.

**ભૂભારસ્ય નિરોધો વા તત્કર્તુર્વા ન સન્મતઃ।**
**આદ્યન્તયોરિહાભાવાત્ મુક્તાવપ્યનુવૃત્તિતઃ ।।૧૨।।**

ભૂમિના ભારનો અથવા તે ભાર કરનારનો નિરોધ( નાશ ) આ સ્કન્ધમાં કહેલ હોવાનું સત્પુરુષો માનતા નથી, કારણ કે આ સ્કન્ધના આરમ્ભમાં અને અન્તમાં તે કહેલ નથી, અને મુક્તિ અગીયારમા સ્કન્ધમાં પણ તે ચાલુ છે.

ભૂમિના ભારનો નિરોધ( નાશ ) અને તે ભાર કરનાર દુષ્ટ રાજાઓનો નિરોધ આ સ્કન્ધમાં કહેલ છે, એવો બોપદેવનો મત પણ સત્પુરુષોને ઈષ્ટ નથી, કારણ કે આ સ્કન્ધના આરમ્ભમાં અને અન્તમાં ભૂમિના ભારનો અને ભાર કરનાર દુષ્ટ રાજાઓનો નાશ કર્યાનું કહેલ નથી. વળી અગીયારમા સ્કન્ધમાં પણ ભૂમિના ભારનો નાશ કહેલ છે. તેથી અહીં 'નિરોધ' શબ્દથી નાશ જણાવેલ નથી.

**લક્ષણસ્યાપ્રવેશશ્ચ લીલાધિક્યં તથા ભવેત્ ।**
**તદર્થં જન્મકથનં પૃથાસ્તોત્રવિરોધિ હિ ।।૧૩।।**

વળી લક્ષણ બંધ બેસશે નહિ અને લીલા વધારાની થશે. તે માટે ભગવાન્નો જન્મ થયાનું કહેવું એ પૃથાની સ્તુતિથી વિરુદ્ધ છે.

૨।૧૦।૬ માં ''શક્તિઓનાં શયન પછી આ આત્માનું શયન તે નિરોધ'' એવી નિરોધની વ્યાખ્યા કહેલી છે. જો દુષ્ટ રાજાઓના વધને નિરોધ માનવામાં આવે, તો એ વ્યાખ્યા( લક્ષણ ) બંધ બેસશે નહિ અને દશ ઉપરાંત એ વધારાની લીલા થશે. વળી પૃથા ૧।૮।૨૦ માં શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં તેમનો જન્મ ભક્તિની વૃદ્ધિ કરવા થયાનું કહે છે. તમે દુષ્ટ રાજાઓને હણવા જન્મ થયાનું કહો છો તે; તે સ્તુતિથી પણ વિરુદ્ધ છે.

**પૂર્વોત્તરસ્કન્ધયોશ્ચ નશ્યેત્ કારણકાર્યતા ।**
**નિરોધોડસ્યાનુશયનં પ્રપઞ્ચે ક્રીડનં હરેઃ ।।૧૪।।**
**શક્તિભિઃ દુર્વિભાવ્યાભિઃ કૃષ્ણસ્યેતિ હિ લક્ષણમ્ ।**
**નિરોધો યૌગિકશ્ચાત્ર રોધનાત્મા સતાં મતઃ ।।૧૫।।**

વળી પહેલાના અને પછીના સ્કન્ધોમાં કારણ અને કાર્યનો સમ્બન્ધ છે, તેનો પણ નાશ થાય. ''( શક્તિઓનાં શયન ) પછી આ હરિનું શયન એટલે હરિ શ્રીકૃષ્ણની ચિન્તન ન કરી શકાય તેવી શક્તિઓથી પ્રપઞ્ચમાં ક્રીડા'' એવું નિરોધનું લક્ષણ કહેલું છે. તેથી સત્પુરુષોને પોતાની અંદર રોકી રાખવારૂપ નિરોધનો વ્યુત્પત્તિથી થતો અર્થ અહીં ઈચ્છેલો છે.

બીજા સ્કન્ધની શ્રીસુબોધિનીમાં એક પછી એક લીલાનું વર્ણન કરનાર

સ્કન્ધોમાં કારણ અને કાર્યરૂપ સમ્બન્ધ હોવાનું દર્શાવેલ છે. નવમા સ્કન્ધમાં ઈશાનુચરિત અથવા ભક્તિ કહેલી છે, તેથી આ સ્કન્ધમાં ભગવાન પ્રપઞ્ચમાં ક્રીડા કરી ભક્તિના કાર્યરૂપ નિરોધ કરે છે, એટલે ભક્તોને પ્રપઞ્ચનું વિસ્મરણ કરાવી પોતામાં રોકી રાખે છે (આસક્તિ કરાવે છે) એવો નિરોધનો વ્યુત્પત્તિથી થતો અર્થ જ ઈચ્છેલો છે. નિરોધ એટલે રાજાઓનો વધ, એવો રુચિથી થયેલ અર્થ અહીં ઈચ્છેલો નથી, કારણ કે તેવો અર્થ લઈએ તો નિરોધની વ્યાખ્યા કહી છે તે ઘટતી નથી.

**ભક્તાઃ પૂર્વત્ર નિર્દિષ્ટાઃ તે રોદ્ધવ્યા વિમુક્તયે।**
**કૃષ્ણે નિરુદ્ધકરણાદ્ ભક્તા મુક્તા ભવન્તિ હિ ।।૧૬।।**

પહેલાં (નવમા સ્કન્ધમાં) ભક્તો કહ્યા તેઓને મુક્તિ પ્રાપ્ત થાય તે માટે તેમનો નિરોધ કરવો જોઈએ, કારણ કે શ્રીકૃષ્ણમાં ઈન્દ્રિયોનો નિરોધ થયેલ હોવાથી ભક્તો મુક્તિ પ્રાપ્ત કરે છે.

નવમા સ્કન્ધમાં ભક્તિ, દશમામાં નિરોધ અને અગિયારમામાં મુક્તિ કહેલાં છે. તેથી ભક્તોને જ મુક્તિ આપવાની હોવાથી, તેઓ મુક્તિ પ્રાપ્ત કરે તે માટે તેમનો જ નિરોધ આ સ્કન્ધમાં કરવાનો છે એમ સિદ્ધ થાય છે. તેથી દુષ્ટ રાજાઓના વધને અહીં નિરોધ કહેલ નથી.

**ભક્તેશ્ચ શુદ્ધતાસિદ્ધ્યૈ પ્રપઞ્ચાદ્ વિનિવારણમ્।**
**આસક્તિરાત્મનિ તથા નિરોધાર્થં ન સંશયઃ ।।૧૭।।**

અને શુદ્ધ ભક્તિ થઈ શકે તે માટે તેઓને પ્રપઞ્ચમાંથી હટાવી લીધા છે, અને નિરોધ થાય તે માટે પોતામાં તેમની આસક્તિ કરાવી છે તેમાં સંશય નથી.

ભગવાન્‌માં તેમની ઈન્દ્રિયો વગેરે રોકાઈ રહે તો જ તેમને મુક્તિ પ્રાપ્ત થાય છે, અને શુદ્ધ ભક્તિથી જ ઈન્દ્રિયો ભગવાન્‌માં રોકાઈ રહે. બીજાનો સન ન રહે તો શુદ્ધ ભક્તિ થઈ શકે, અને પ્રપઞ્ચ ભૂલે તો બીજાનો સન ન રહે. તેથી તેમને પ્રપઞ્ચમાંથી ભગવાન્ હટાવી લે છે અને પોતામાં તેમની ઈન્દ્રિયો વગેરે રોકાઈ રહે તે માટે જ પોતામાં જ તેમની આસક્તિ પણ કરાવે છે. આખાયે સ્કન્ધમાં આ જ જોવામાં આવે છે. તેથી દુષ્ટ રાજાઓને હણવા અથવા ભૂમિનો ભાર દૂર કરવો એ નિરોધ હોવાનું અહીં ઈચ્છેલ નથી.

**પ્રપઞ્ચવિસ્મૃતિઃ તસ્માત્ કૃષ્ણાસક્તિશ્ચ વર્ણ્યતે।**
**'શય્યાસનાટનાલાપ'શ્લોકે ફલિતમ્ ઈરિતમ્ ।।૧૮।।**

તેથી તેમના પ્રપઞ્ચના વિસ્મરણનું અને શ્રીકૃષ્ણમાં આસક્તિનું વર્ણન કરવામાં આવે છે. ૧૦।૮૭।૪૬ શ્લોકમાં પરિણામ કહેલું છે.

ભગવાન્‌ની પ્રપઞ્ચમાં ક્રીડા એ સાધન છે, તેનાથી પ્રપઞ્ચનું વિસ્મરણ અને શ્રીકૃષ્ણમાં આસક્તિ થયાં. ''શ્રીકૃષ્ણમાં ચિત્તવાળા વૃષ્ણિઓને સૂતાં, બેસતાં, ફરતાં, વાતચીત કરતાં, રમતાં અને સ્નાન વગેરે કર્મો કરતાં પોતાના વિદ્યમાન દેહનું પણ ભાન

રહેતું ન હતું'' ( ૧૦।૮૭।૪૬ ) એવું શ્લોકમાં આ સ્કન્ધના અન્તે તે પરિણામ કહેલું છે.

**રૂપાન્તરં તુ નટવત્ સ્વીકૃત્ય ત્રિવિધાન્ નિજાન્ ।**
**પ્રપઞ્ચાભાવકરણાદ્ ઉજ્જહારેતિ નિર્ણયઃ ।।૧૯।।**

નટની પેઠે બીજા સ્વરૂપને ધારણ કરીને ત્રણ પ્રકારના ગુણવાળા પોતાના સેવકોને પ્રપઞ્ચમાંથી હટાવીને તેમનો ભગવાને ઉદ્ધાર કર્યો, એવો નિર્ણય થાય છે.

ભક્તો તમસ્ રજસ્ અને સત્ત્વ એ ગુણોથી ઘેરાયેલા હોવાથી, તેમનો સ્વભાવ ફેરવતાં તેમને બહુ દુઃખ થાય અને પોતાને પણ શ્રમ થવાથી કલેશવાળું કર્મ થાય. તેથી તેમ ન થાય તે માટે માયાથી ભગવાને નટની પેઠે બીજો મનુષ્યનો દેહ ધારણ કર્યો, અને તે દેહથી તેમને પ્રપઞ્ચનું વિસ્મરણ કરાવી, તેમાંથી તેમનો ઉદ્ધાર કર્યો, તેથી ભક્તોના પ્રપઞ્ચનો નાશ એ જ આ સ્કન્ધનો અર્થ છે એવો નિશ્ચય છે.

**સમુદાયો જન્મવાચી ક્રીડાયુક્તસ્ય વૈ હરેઃ ।**
**પ્રપઞ્ચવિસ્મૃતિ-સક્તિઃ ભક્તાનાં ચાપિ યોગતઃ ।।૨૦।।**

આખો સ્કન્ધ ક્રીડા કરનાર હરિના જન્મનું અને વળી નિરોધની વ્યુત્પત્તિ પ્રમાણે ભક્તોના પ્રપઞ્ચનું વિસ્મરણ અને ભગવાન્‌માં આસક્તિ જણાવનારો છે.

પહેલા પ્રકરણમાં ભગવાન્‌ની ક્રીડા કહેલી નથી. તેથી સ્કન્ધનો અર્થ નિરોધ હોય તો પણ પહેલા પ્રકરણને તે લાગુ નહિ પડે——એવી શપા થાય, તો જાણવું કે તે પ્રકરણમાં પણ ભગવાન્‌ની અમુક પ્રકારની ક્રીડા અને તેમાં શક્તિએ કરેલ સાહાય્ય કહેલાં છે. તેથી આખું પ્રકરણ લેતાં તેનો પણ નિરોધમાં સમાવેશ થાય છે.

**પ્રક્રિયાપઞ્ચકં હ્યત્ર જન્માર્થં પ્રથમા મતા ।**
**તામસાનાં તુ ભક્તાનામ્ ઉદ્ધૃત્યૈ તુ તતઃ પરા ।।૨૧।।**

અહીં પાંચ પ્રકરણો કહેલાં છે ૧. પહેલું ભગવાન્‌નો જન્મ જણાવનારું મનાયેલું છે, અને ૨. ત્યાર પછીનું તો તામસ ભક્તોનો ઉદ્ધાર થાય તે માટે કહેલું છે.

**રાજસાનાં તૃતીયા તુ ચતુર્થી સાત્વિકી મતા ।**
**અન્તર્યામ્યધિદૈવાદિ-ન્યાયેનાત્રાપિ વૈ હરેઃ ।।૨૨।।**
**ભગસ્ય વ્યપદેશઃ સ્યાદ્ અતસ્તસ્ય નિવૃત્તયે ।**
**ભગસ્ય સહજત્વાય પઞ્ચમી પ્રક્રિયા મતા ।।૨૩।।**

૩. ત્રીજું રાજસોનો અને ૪. ચોથું સાત્ત્વિકોનો ઉદ્ધાર થાય તે માટે વિચારાયેલ છે. ૫. 'અહીં પણ અન્તર્યામી અથવા અધિદેવના ધોરણે હરિ (શ્રીકૃષ્ણ)માં ભગવાન્‌ના છ ગુણો હોવાનું કહેલ હશે'' એવો ( વિચાર આવે ) તે દૂર કરવા તેમનામાં એ છ ગુણો કુદરતી છે એમ જણાવવા પાંચમું પ્રકરણ કહ્યાનો નિર્ણય થાય છે.

**ચતુર્ભિશ્ચ તથા તત્ત્વૈઃ તત્ત્વૈર્વિંશતિભિસ્તથા ।**
**એકાધિકૈસ્તથા ષડ્ભિઃ અધ્યાયૈઃ ક્રમશો મતાઃ ।।૨૪।।**

[1]ચાર અને [2]તેવી રીતે અઠ્ઠાવીસ, [3]અઠ્ઠાવીસ અને [4]એકવીસ તેમજ [5]છ અધ્યાયો આ પ્રકરણોના અનુક્રમે મનાયેલા છે. ।।૨૪।।

## ૧. જન્મપ્રકરણ અધ્યાય ૧ થી ૪.

**ચતુર્મૂર્તિઃ હરિઃ જાતઃ તેનાધ્યાયચતુષ્ટયમ્ ।**
**પ્રથમે વાસુદેવો અભૂદ્ વસુદેવહૃદિ સ્થિતઃ ।।૨૫।।**

હરિ ચાર મૂર્તિવાળા પ્રકટ થયા, તેથી જન્મ પ્રકરણના ચાર અધ્યાયો છે. પહેલા અધ્યાયમાં વસુદેવના હૃદયમાં રહેલા વાસુદેવ પ્રકટ થયા.

**મૃત્યુવારણસામર્થ્યમ્ અન્યથા ન ભવેત્ ક્વચિત્।**

તેમ ન હોય તો દેવકીના મૃત્યુને અટકાવવાની શક્તિ વસુદેવમાં કોઈ સંજોગોમાં ન હોય.

આ દોઢ કારિકાથી વાસુદેવ વ્યૂહનો અવતાર કહેલો છે. અહીં મૂલ સ્થાનમાંથી ભૂમિ ઉપર આવવું તેને અવતાર કહેલો છે. માત્ર પોતાનું અલૌકિક તેજ બીજામાં મૂકવું તેને અવતાર કહેલ નથી. વસુદેવ કંસથી થતું દેવકીનું મૃત્યુ અટકાવી શક્યા, તે તેમના હૃદયમાં પધારેલ વાસુદેવ વ્યૂહની શક્તિને લીધે જ.

**સંકર્ષણો દ્વિતીયે તુ સ્ફુટો દૈત્યવધાય હિ ।।૨૬।।**
**તથા તૃતીયે પ્રદ્યુમ્નઃ ચતુર્થો તુર્ય ઉચ્યતે ।**
**ન નિબદ્ધો યતઃ કૈશ્ચિદ્ અતઃ સર્વે વિમોચિતાઃ ।।૨૭।।**
**ધર્મરક્ષાર્થહેતૂક્ત્યૈ ધર્મબાધશ્ચ વર્ણ્યતે ।**

બીજા અધ્યાયમાં તો દૈત્યોનો વધ થાય તે માટે સપર્ષણ અવતાર થયાનું સ્પષ્ટ છે. તેવી જ રીતે ત્રીજા અધ્યાયમાં પ્રદ્યુમ્ન અવતાર થયાનું સ્પષ્ટ છે. ચોથો અનિરુદ્ધ અવતાર ચોથા અધ્યાયમાં કહેલો છે. તે કોઈથી બંધાયેલા નથી, તેથી સર્વ છૂટા કરાયા. ધર્મનાં રક્ષણરૂપ પ્રયોજન પ્રાકટ્યનું કારણ હોવાનું કહેવા માટે ધર્મને થયેલ ભયનું વર્ણન કરેલું છે.

ચાર અધ્યાયમાં ચાર વ્યૂહ પ્રકટ થયાનું જણાવ્યું. દેવકીનું મૃત્યુ અટકાવવાનું કાર્ય ભગવાને જ કરેલ હોવાનું અ.૧।૫૬ ઉપરનાં શ્રીસુબોધિનીના આભાસમાં કહેલું છે. તેથી તે અટકાવનારાં વચન બોલનાર વસુદેવના હૃદયમાં તે સમયે વાસુદેવ પ્રકટ થયેલા. બીજા અધ્યાયના શ્લો.૮ માં સપર્ષણ વ્યૂહનું પ્રાક્ટ્ય સ્પષ્ટ કહેલ છે. ત્રીજા અધ્યાયમાં શ્લો.૮ થી પ્રદ્યુમ્ન વ્યૂહનું પ્રાકટ્ય પણ તેવી જ રીતે સ્પષ્ટ જણાવેલું છે. ચોથા અધ્યાયમાં અનિરુદ્ધ વ્યૂહનું પ્રાકટ્ય થયાનું કહેલું છે, 'અનિરુદ્ધ' એટલે કોઈથી અટકાવેલા નહિ. કંસે દેવકી તથા વસુદેવ ને કારાગૃહમાં સાંકળોથી બાંધી પૂરેલ, તેમને છૂટા કર્યા અને સાંકળો કાઢી નખાવી (અ.૪।૧૪,૨૪). આ અનિરુદ્ધ વ્યૂહનું કાર્ય

હોવાથી આ અધ્યાયમાં અનિરુદ્ધ વ્યૂહનું પ્રાકટ્ય થયાનું કહેલું છે, ધર્મનું રક્ષણ કરવું એ પણ અનિરુદ્ધ વ્યૂહનું કાર્ય છે. તે કહેવામાટે પ્રથમ ધર્મને ભય થયાનું કહેવું જોઈએ, તેથી આ ચોથા અધ્યાયમાં ધર્મને ભય થયાનું પણ કહેલું છે ( શ્લો. ૩૧-૪૫ ).

**વસુદેવાદ્ દેવકીતો મથુરાતશ્ચ ગોકુલાત્ ॥૨૮॥**
**પ્રાદુર્ભૂતશ્ચતુર્મૂર્તિઃ ભગવાન્ નાત્ર સંશયઃ ।**

વસુદેવથી દેવકીથી મથુરાથી અને ગોકુળથી ચારે મૂર્તિવાળા ભગવાન્ પ્રકટ થયા. આ ( વિષય )માં સન્દેહ નથી.

૧. જે વસુદેવના હૃદયમાં પહેલાં રહેલા તે ભગવાન. ૨. ''તે બેમાંથી એક કાળા કેશવાળા થયા'' એ વાક્ય પ્રમાણે દેવકીથી પ્રકટ થયા. ૩. ત્યાર પછી તે ગર્ભને યોગમાયા લઈ ગયા પછી વસુદેવે મનથી દેવકીમાં પધરાવેલ સર્વ તત્ત્વોમાં પ્રવેશ કરેલ ભગવાન્ પ્રદ્યુમ્ન મથુરામાં પ્રકટ થયા. અને ૪. કોઈએ રોકેલ નહિ તે અનિરુદ્ધ ગોકુલથી પ્રકટ થયા—એ પ્રમાણે ચાર મૂર્તિવાળા ભગવાન્‌નું પ્રાકટ્ય થયું.

**રૂપાન્તરસ્વીકરણમ્ અધ્યાયત્રિતયેન હિ ॥૨૯॥**
**નટભાવઃ ચતુર્થેન ... ... ... ... ... ।**

પહેલા ત્રણ અધ્યાયોથી ભગવાને બીજા સ્વરૂપનો સ્વીકાર કર્યાનું કહેલ છે અને ચોથા અધ્યાયથી નટની ક્રિયા ગ્રહણ કર્યાનું કહેલ છે.

ચોથા અધ્યાયના વ્યાખ્યાનમાં તેમાં નટની સ્થિતિ ગ્રહણ કર્યાનું કહેશે.

## અધ્યાય ૧ – ભગવાન્‌નાં પ્રાકટ્યનું કારણ :

**... ... ... ... હેતુરાદ્યે નિરૂપિતઃ ।**
**ત્રિવિધાનાં ત્રિધા દુઃખં હેતુર્જન્મનિ વૈ હરેઃ ॥૩૦॥**

ભગવાન્‌નાં પ્રાકટ્યનું કારણ પહેલા અધ્યાયમાં કહેલું છે. ત્રણ પ્રકારના ભક્તોનું ત્રણ પ્રકારનું દુઃખ ખરેખર હરિના જન્મનું કારણ છે.

સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણ પ્રકારના ભક્તોનું દુઃખ ભગવાન્‌નાં પ્રાકટ્યનું કારણ છે. તે પહેલા અધ્યાયમાં કહેલું છે.

**ભૂમિર્માતા તથા ચાન્યે દુઃખભાજો હરેઃ પ્રિયાઃ ।**
**કંસાદેઃ કાલતોઽજ્ઞાનાત્ ત્રિધા દુઃખન્તુ તદ્ગતમ્ ॥૩૧॥**

ભૂમિ, માતા દેવકી, બીજા હરિના ભક્તો દુઃખ પામે છે. કંસ વગેરેથી કાલથી અને અજ્ઞાનથી એમ તેઓને થયેલ દુઃખ ત્રણ પ્રકારનું છે.

**કાલજં પ્રભુસમ્બન્ધાત્ કંસજં હેતુવારણાત્ ।**
**વાક્યૈરજ્ઞાનસમ્ભૂતં શક્યં તત્ ત્રિતયં હરેઃ ॥૩૨॥**

ભૂમિને કાલથી થતું દુઃખ પ્રભુના સમ્બન્ધને લીધે, કંસથી થયેલું દુઃખ દેવકીના

મૃત્યુના કારણને અટકાવવાથી, ( નારદ વગેરેના ) વચનોથી અજ્ઞાનને લીધે દુઃખ થયેલું છે. તે ત્રણ હરિથી જ અટકાવી શકાય તેવા દુઃખ છે.

દ્વાપરયુગ અને કલિયુગ ની સન્ધિરૂપ કાલ તે સમયે હતો તેનાથી ભૂમિને થયેલું દુઃખ ભગવાન્‌ના સમ્બન્ધથી દૂર થાય તેવું હોવાથી તે ભગવાન્‌નાં પ્રાકટ્યનું કારણ છે, એમ શ્લો.૨૨ થી જણાય છે. શ્લો.૩૪માં આકાશવાણીએ ''દેવકીનો આઠમો ગર્ભ તને હણશે'' એમ કંસને તેનું મૃત્યુ કરાવનાર જણાવ્યા, અને પછી ૫૪ મા શ્લોકમાં દેવકીનું મૃત્યુ અટકાવવા દેવકીથી કંસને ભય નથી એમ વસુદેવે કહ્યું, તેથી દેવકીને થયેલ દુઃખ પ્રભુના જન્મનું કારણ છે. કંસની મૂર્ખાઈથી બીજા ભક્તોને દુઃખ થયેલ તે નારદ વગેરેએ કંસને કહેલ વચનોથી થયેલું. આ દુઃખ ભગવાન્‌થી જ દૂર થાય તેવાં હતાં, અને તે દૂર કરવા ભગવાન્‌નું પ્રાકટ્ય થયું તેથી આ અધ્યાયમાં ભગવાન્‌નાં પ્રાકટ્યનું કારણ કહેલ છે.

**પ્રશ્નેન સહિતાઃ પૂર્વં ચતસ્રઃ પ્રક્રિયા મતાઃ ।**

આ અધ્યાયમાં પ્રશ્ન સાથે ચાર પ્રાથમિક વિષય કહેલા છે.

જેમ દુઃખ ભગવાન્‌ના અવતારનાં કારણરૂપ છે, તેમ રાજાનો પ્રશ્ન તે કથા કહેવાનાં કારણરૂપ છે. તેથી આ અધ્યાયમાં પ્રશ્ન અને ત્રણ પ્રકારનાં દુઃખ મળી ચાર પ્રાથમિક વિષય કહેલા છે.

## અધ્યાય ૨ – પ્રાકટ્યમાટે ઉદ્યમ :

**ઉદ્યમશ્ચ તથા પ્રોક્તઃ સામગ્રીબલ ઉચ્યતે ।।૩૩।।**
**માયાશક્તિઃ સ્વવિહારે રૂપં સ્વસ્ય તૃતીયકમ્ ।**
**સમ્મતિઃ સર્વદેવાનાં ચતુર્થ્યપિ નિરૂપિતા ।।૩૪।।**

ઉદ્યમ પણ તેવો કહેલો છે. બલભદ્રને સામગ્રીરૂપ કહેલ છે. પોતાનાં વિહારમાં માયા શક્તિ સામગ્રી છે. પોતાનું સ્વરૂપ ત્રીજું વિહારમાં સાધનરૂપ છે, ચોથી ( પ્રાકટ્યમાં ) સર્વ દેવોની સમ્મતિ પણ કહેલી છે.

ઉદ્યમ પણ 'તેવો' એટલે ચાર પ્રકારનો કહેલો છે. ૧. બલભદ્રને સામગ્રીરૂપ કહેલ છે ( શ્લો.૫-૧૫ ) ૨. ભગવાન્‌ના વિહારમાં માયા પણ સામગ્રી છે ( શ્લો.૬-૧૪ ) ૩. શ્લો.૧૮માં જણાવેલ ભગવાન્‌નું સ્વરૂપ પણ વિહારમાં સાધનરૂપ છે ૪. સર્વ દેવોની સમ્મતિ પણ દેવકીના ભયને દૂર કરનારી હોઈ સામગ્રીરૂપ છે.

**રૂપસામર્થ્યબોધાય કંસજ્ઞાનાદિરુચ્યતે ।**

કંસનું જ્ઞાન વગેરે ( ભગવાન્‌નાં ) સ્વરૂપની શક્તિ જણાવવા કહેલ છે.

૨૦-૨૩ સુધીના શ્લોકોમાં જણાવેલ કંસનું જ્ઞાન વગેરે તો ભગવાન્‌નાં સ્વરૂપથી જ થયેલ હોઈ, સ્વરૂપનું અન હોવાથી, વધારાનો ( પાંચમો ) વિષય થતું નથી.

## અધ્યાય ૩ – બીજા રૂપનો સ્વીકાર :

**ચતુર્ધા સ્વીકૃતિશ્ચાપિ કાલે મૂલસ્વરૂપતઃ ।।૩૫।।**
**વસુદેવસ્ય સમ્મત્યા દ્વિતીયાઽપિ નિરૂપિતા ।**
**દેવક્યાશ્ચ તૃતીયાઽપિ ચતુર્થી વાક્યનિર્ગમૈઃ ।।૩૬।।**

અને બીજા સ્વરૂપના સ્વીકારના પણ ચાર વિભાગ છે. ૧. કાલના વર્ણનમાં મૂલસ્વરૂપથી પ્રકટ થયાનું, વળી ૨. વસુદેવની સમ્મતિથી બીજો, ૩. દેવકીની સમ્મતિથી ત્રીજો પણ ( બીજા સ્વરૂપનો સ્વીકાર ) જણાવેલ છે. ૪. ચોથો બીજા સ્વરૂપનો સ્વીકાર ભગવાને કહેલાં વચનોથી જણાવેલો છે.

પહેલાનું સ્વરૂપ જાણતા હોઈએ, તો જ બીજા સ્વીકારેલાં સ્વરૂપનું ભાન થાય. ૧. તેથી મધરાતના કાલનું વર્ણન કરી મૂલ સ્વરૂપનું જ્ઞાન કરાવેલ છે ( શ્લો.૧-૧૨ ). ૨. ભગવાન્ બીજું સ્વરૂપ ગ્રહણ કરે તેમાં વસુદેવની સમ્મતિ હોવાનું તેમણે કરેલી સ્તુતિથી જણાવેલ છે ( શ્લો.૧૩-૨૨ ). ૩. તેમાં દેવકીની સમ્મતિ હોવાનું દેવકીએ કરેલી સ્તુતિથી જણાય છે ( શ્લો.૨૩-૩૦ ). ૪. ભગવાન્ બીજું સ્વરૂપ ધારણ કરે છે તે તથા તેમનાં વચનો તથા ગોકુલ પધારવાનું; અધ્યાય પૂરો થતાં સુધી જણાવેલ છે. આ ઉપરથી એમ જણાય છે કે મૂલ સ્વરૂપે જ આ બીજું રૂપ ધારણ કરેલું છે.

## અધ્યાય ૪ – નટની ચેષ્ટા :

**ચતુર્ધા નટભાવોઽપિ દેવક્યા માયયા તથા ।**
**પુનઃ કંસભયેનાપિ વસુદેવેન ચ સ્થિતિઃ ।।૩૭।।**

નટની ચેષ્ટાના પણ ચાર વિભાગ છે : ૧. દેવકીએ કરેલી ૨. માયાએ કરેલી, ૩. કંસના ભયથી વસુદેવે મથુરામાં કરેલી સ્થિતિ...

૧. દેવકી કન્યાને બચાવવા નટની ચેષ્ટા કરે છે ( શ્લો.૪-૭ ), ૨. પછી માયા નટની ચેષ્ટા કરે છે ( શ્લો.૮-૧૩ ), ૩. વસુદેવને કંસે છૂટા કર્યા છતાં તે મથુરા તજી બીજે સ્થળે જાય, તો કંસને શપા થાય કે બાલકને તેમણે બીજે પધરાવ્યા હશે, અને તેથી અનિષ્ટ કરવાની પ્રવૃત્તિ કરે. તેથી તેમ ન થાય તે માટે કંસના ભયથી તે છૂટા હોવા છતાં મથુરામાં જ રહ્યા એ તેમણે કરેલી નટની ચેષ્ટા છે( શ્લો.૧૪-૨૮ ).

**કર્મણો હેતુસિદ્ધ્યર્થં શેષોઽત્ર વિનિરૂપ્યતે ।**
**અન્યથા નટલીલૈવ કંસાદ્ દુઃખં નિવારયેત્ ।।૩૮।।**

૪. કર્મનું પ્રયોજન સિદ્ધ થાય તે માટે બાકીનો અધ્યાય અહીં કહેલ છે. તેમ ન થાય, તો કંસથી થતું દુઃખ નટલીલા જ અટકાવે.

૪. જો કંસ બ્રહ્મહત્યા વગેરે ન કરે, તો વસુદેવ અને દેવકીનો અપરાધ કરેલ તે તો તેણે ક્ષમા કરાવેલ હોવાથી, કંસને હણવાનું કાંઈ કારણ રહે નહિ. તેથી ભગવાને તેની

પાસે બ્રહ્મહત્યા વગેરે કરાવ્યાં એ ભગવાને કરેલી નટની ચેષ્ટા છે. એવી રીતે નટની ચેષ્ટાના પણ ચાર વિભાગ છે.

**તાવદેવાત્ર નાટ્યં હિ યાવદ્ લીલાં ન બાધતે ।**
**અતો નાટ્યસ્ય સંકોચો નાટ્યાધ્યાયે નિરૂપિતઃ ।।૩૯।।**

જ્યાં સુધી લીલામાં વિઘ્ન ન થાય ત્યાં સુધી જ અહીં નાટ્ય કરેલું છે. તેથી (આ) નાટ્યના અધ્યાયમાં નાટ્ય સંકોચી લીધાનું જણાવેલ છે.

ભગવાને જુદા - જુદા પ્રકારની લીલાઓ કરવા અવતાર લીધેલ છે, નાટ્ય કરવા લીધેલ નથી. તેથી લીલામાં વિઘ્ન ન થાય ત્યાં સુધી જ નાટ્ય કરેલું છે. ભગવાન્ કંસ પાસે બ્રહ્મહત્યા વગેરે ન કરાવે, તો કંસથી થતું દુઃખ થઈ રહેવાથી આગળ લીલા થાય નહિ, તેથી લીલા થઈ શકે તે માટે નટની ચેષ્ટા કરી તેની પાસે બ્રહ્મહત્યા વગેરે કરાવ્યા. પછી નટની ચેષ્ટાની જરૂર ન રહેવાથી તે બંધ કરી. (આ અધ્યાયના છેલ્લા શ્લોકથી નટની ચેષ્ટાની આગળ જરૂર ન રહેવાનું સૂચવેલ જણાય છે).

**એવં ચતુર્ભિરધ્યાયૈર્ નટવત્ પ્રાકૃતોઽભવત્ ।।**

એ પ્રમાણે ચાર અધ્યાયોથી નટની પેઠે ભગવાન્ પ્રાકૃત બાલક થયા, એમ કહેલું છે.

**દશમસ્કન્ધ**
**જન્મપ્રકરણ અ.૪**

| | | | | |
|---|---|---|---|---|
| **વ્યૂહપ્રાકટ્ય :** | વાસુદેવ | સંકર્ષણ | પ્રદ્યુમ્ન | અનિરુદ્ધ |
| **વિષય :** | હેતુતા | ઉદ્યમ | રૂપાન્તરસ્વીકાર | માયાથી નાટ્ય |
| | અ.૧ | અ.૨ | અ.૩ | અ.૪ |

### મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યવિરચિત

# શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્ર ના

## નિરોધલીલા-દશમસ્કન્ધ અન્તર્ગત

## જન્મપ્રકરણના નામો

**પરબ્રહ્માવતરણઃ કેશવઃ ક્લેશનાશનઃ ।।**
**ભૂમિભારાવતરણો ભક્તાર્થાખિલમાનસઃ ।।૧૪૯।।**

**પરબ્રહ્માવતરણઃ ।।૭૩૦।।**

પરબ્રહ્મનો અવતાર-પ્રાકટ્ય એવા શ્રીકૃષ્ણ અક્ષરબ્રહ્મથી પૂર્ણ-પુરુષોત્તમ પરબ્રહ્મ કહેવાય છે. તે જ પોતે શ્રીકૃષ્ણચન્દ્ર આવિર્ભાવ પામ્યા છે. આપ શ્રીમુખથી આજ્ઞા કરે છે કે : ''યસ્માત્ ક્ષરમ્ અતીતો અહં અક્ષરાદપિ ચોત્તમઃ, અતો અસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ''. હું ક્ષરથી પર છું અને અક્ષરથી પણ ઉત્તમ છું, માટે જ લોકોમાં અને વેદમાં હું પુરુષોત્તમ એ નામથી પ્રસિદ્ધ-પ્રખ્યાત છું. એ પુરુષોત્તમસંજ્ઞક પરબ્રહ્મ આપ શ્રીકૃષ્ણ શબ્દથી પર ''કૃષિર્ભૂવાચકઃ શબ્દઃ'' એ મહાભારતના પ્રમાણાનુસાર પરબ્રહ્મપણું સિદ્ધ જ થાય છે. પ્રથમ 'શ્રીકૃષ્ણ' એ નામના વિવેચનમાં સ્પષ્ટ જણાવેલું છે. એટલે એ વિષયનું અહીંયા વિશ્લેષણ કરતા નથી. ગીતામાં પોતે અર્જુનજી શ્રીકૃષ્ણને ઉદ્દેશીને જ ''પરં બ્રહ્મ પરં ધામ પવિત્રં પરમં ભવાન્, પુરુષં શાસ્વતં દિવ્યાદિદેવમજં વિભુમ્'' (આપ જ પરબ્રહ્મ છો. આપ જ પરમધામ છો, પરમ પવિત્ર છો, દિવ્ય પુરુષ છો, જન્મરહિત, સનાતન, સમર્થ આદિદેવ છો) આ પ્રમાણે સ્તુતિ કરે છે, માટે જ અવતરે-જેવા છે તે રૂપથી જ આવિર્ભાવ પામે તે અવતરણ; અને પ્રકટ થવું પરબ્રહ્માવતરણ એટલે પરબ્રહ્માવતરણરૂપ એવા શ્રીકૃષ્ણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ જ છે.

**કેશવઃ ।।૭૩૧।।**

૧. જેમના મસ્તકના કેશો ઘણા જ વિપુલ છે, ૨. 'ક' એટલે બ્રહ્મા અને 'ઈશ' એટલે શપર તે બન્નેને જેમનાથી અમૃત પ્રાપ્ત છે એવા, ૩. બ્રહ્મા, વિષ્ણુ મહેશ્વર એ ત્રણે સ્વરૂપ જેમનાં છે એવા, ૪. કેશી નામના દૈત્યનો નાશ કરનાર, ૫. તેજના અંશરૂપ કેશ અર્થાત્ કિરણો જેમને છે એવા, ૬. કેશશક્તિ એટલે શિવ અને બ્રહ્મા ની શક્તિ પેઠે મહાશક્તિવાળા તે કેશવ.

ત્રિભુવનસુન્દર શ્રીકૃષ્ણના ઘણા જ વિપુલ અને સુન્દર કેશો છે, બ્રહ્મા-શપરાદિ દેવો વારંવાર જેમની આરાધના કરે છે. જેમનાથી કેશવ એમ સંજ્ઞા પ્રાપ્ત

થયેલી છે. તેમ અશ્વનું સ્વરૂપ ધારણ કરી વ્રજને વિદારણ કરવા આવેલા કેશીદૈત્યને મારવાથી પણ કેશવ નામથી પ્રસિદ્ધપણું પામેલા તે, વિષ્ણુપુરાણમાં નારદજી શ્રીકૃષ્ણ પ્રત્યે કથન કરે છે કે "યસ્માત્વયૈવ દુષ્ટાત્મા હતઃ કેશી જનાર્દન I તસ્માત્ કેશવનામ્નાં ત્વં લોકે જ્ઞેયો ભવિષ્યસિ II" (તમોએ દ્વેષી દુષ્ટાત્મા કેશીદૈત્યને નષ્ટ કર્યો, જેથી લોકમાં કેશવ એ નામથી પ્રસિદ્ધ થશો. મહાભારતમાં આપ આજ્ઞા કરો છો કે "અંશવો યે પ્રકાશન્તે મમ તે કેશસંજ્ઞિતા" (જે સૂર્યનાં કિરણો પ્રકાશમાન થાય છે, તે જ મારા કેશો ગણાય છે. હરિવંશમાં પણ આપ ઉપદેશો છો કે "સર્વ જીવોનો સ્વામી હું બ્રહ્મ એ સંજ્ઞાથી પ્રખ્યાત છું માટે મને સર્વના ઈશ – સ્વામી કેશવ એવા પરમાત્મા એમ કહે છે ઈત્યાદિ પ્રમાણોથી તથા અનેક કારણોથી સર્વશક્તિમાન ભગવાન્ શ્રીકૃષ્ણને કેશવ કહી સર્વ લોકો વર્ણવે છે.

**ક્લેશનાશનઃ II૭૩૨II**

ક્લેશોને નાશ કરનાર. ગોરૂપા ભૂમિના તથા ભક્તજનોને અનેક ક્લેશને – પરિતાપને તો આપે "હું પ્રકટ થઈશ" એમ સંભળાવતાંની સાથે જ દૂર કરેલો છે. ભક્તજનોના ક્લેશોને અનેક રીતે પ્રભુએ પરિહાર કર્યા છે. એ ભાગવતાદિમાં સારી રીતે પ્રસિદ્ધ છે. જેથી જ ભગવાન્ ક્લેશનાશન કહેવાય છે.

**ભૂમિભારાવતરણઃ II૭૩૩II**

૧. ભારરૂપ દુષ્ટ ભૂપતિઓને મારી ભૂમિના ભારને દૂર કરનાર, ૨. ભૂમિના ભારને ઉતારવાના કારણથી અવતરણ પામનાર, ૩. ભૂમિથી તથા તેના ભારથી જે અલગ રહેલા છે, એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

**ભક્તાર્થાખિલમાનસઃ II૭૩૪II**

૧. ભક્તોના અર્થોમાં જેમનું સમ્પૂર્ણ મન છે, ૨. ભક્તોના જે – જે મનોરથો છે, તે કેવે – કેવે પ્રકારે સિદ્ધ થાય – પૂર્ણ થાય એવું જેમનું અન્તઃકરણ છે એવા, ૩. ભક્તોને માટે તેમના સર્વ વિરોધી જરાસન્ધ દુર્યોધન વગેરેના ગર્વનો નાશ કરનાર એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

**સર્વભક્તનિરોધાત્મા લીલાનન્તનિરોધકૃત્ II**
**ભૂમિષ્ઠપરમાનન્દો દેવકીશુદ્ધિકારણમ્ II૧૫૦II**

**સર્વભક્તનિરોધાત્મા II૭૩૫II**

શ્રીગોકુલનિવાસી વ્રજભક્તો સાથે પ્રપઞ્ચ – સંસારના વિસ્મરણપૂર્વક રમણ કરવામાં જેમનો અત્મા – અન્તઃકરણ છે એવા પ્રભુ.

પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રની દશવિદ લીલાઓમાંની સર્ગ – વિસર્ગ આદિ સાત લીલાઓનાં નામો નવમસ્કન્ધ સુધીનાં નામોમાં કહી ગયા. હવે અહીંથી

દશમસ્કન્ધમાંની આઠમી નિરોધલીલા, તેનાં નામો પ્રકટ કરે છે.

પ્રથમ નિરોધ એટલે શું? એમ સહજ પ્રશ્ન ઉદ્ભવે છે, તો તેને માટે ભગવાન્ વ્યાસચરણ ઉપદેશે છે કે ''નિરોધોઽસ્યાનુશયનંમાત્મનઃ સહ શક્તિભિ ।।'' આ જીવાત્માનો સર્વશક્તિઓ સહવર્તમાન પરમાત્મામાં લય થવો, અર્થાત્ પ્રભુમાં એકનિષ્ઠા થવાથી સંસારની – પ્રપઞ્ચની વિસ્મૃતિ થવી તેને નિરોધ કહે છે. શ્રીમદાચાર્યચરણ પણ તત્ત્વદીપનિબન્ધ ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે ''નિરોધો અસ્યાનુશયનં પ્રપઞ્ચે ક્રીડનં હરેઃ'' સંસારમાં સર્વ પ્રભુની ક્રીડાલીલા છે, એમ સમજી સંસારાશક્તિને દૂર કરી પ્રભુમાં ભક્તિ પ્રેરી એક ચિત્ત થવું તે નિરોધ છે. ભગવાન્ શ્રીકૃષ્ણ નિજભક્તોને સંસારની આસક્તિથી મુક્ત કરી પોતાના સ્વરૂપમાં રમણ કરાવે છે. આનન્દ આપે છે. તેવા ભક્તોને પરમાત્મા વિના અન્ય કાંઈ પણ રુચિકર હોતું નથી. તેઓ ભગવત્સ્વરૂપમાં જ આનન્દનિમગ્ન બને છે. તેવાઓને જ આનન્દ આપવામાં પ્રભુનું અન્તઃકરણ છે.

**લીલાનન્તનિરોધકૃત ।।૭૩૬।।**

૧. અનન્ત લીલાઓવડે પ્રપઞ્ચને વિસારી રમણ કરનાર, ૨. લીલા-શક્તિ, અનન્ત-સંકર્ષણ, એ બન્ને વડે નિરોધ-દુષ્ટનો વિનાશ કરનાર એવા શ્રીકૃષ્ણ.

**ભૂમિષ્ઠપરમાનન્દઃ ।।૭૩૭।।**

ભૂમિમાં નિવાસ કરનાર વ્રજવાસી ભક્તોને પરમ – અત્યન્ત ઉત્કૃષ્ટ આનન્દ જેમનાથી છે એવા, ૨. મથુરાનગરીમાં પ્રકટ પરમ આનન્દરૂપ એવા શ્રીકૃષ્ણચન્દ્ર.

**દેવકીશુદ્ધિકારણમ્ ।।૭૩૮।।**

૧. દેવકીજીની શુદ્ધિ – વસુદેવ સાથે વિવાહાદિ સંસ્કારના કારણરૂપ, અર્થાત્ તેવા સંસ્કાર થવાના નિમિત્તભૂત એવા, ૨. વિષ્ણુરૂપિણી દેવકીજીની શુદ્ધિ – પાવન થવાના કારણરૂપ એવા પ્રભુ.

જ્યારે – જ્યારે ભગવદીય જનોને આ સૃષ્ટિમાં અનેક કષ્ટો આવી પડે છે, ત્યારે ભગવાન્નું પ્રાકટ્ય થાય છે. તેથી વાસુદેવ તથા દેવકીજી ને કંસદ્વારા અનેક કષ્ટ આવી પડ્યાં, ત્યાર પછી જ પ્રભુનો પ્રાદુર્ભાવ થયો, માટે વિભુના આવિર્ભાવથી જ શ્રીદેવકીજી શુદ્ધ – વિમલ બન્યાં. પ્રભુના સ્મરણ માત્રથી જ જો શુદ્ધ થાય છે તો આપ અન્તરમાં પધારો – વિરાજો અને શુદ્ધતા થાય, એમાં શું આશ્ચર્ય !

**વસુદેવજ્ઞાનનિષ્ઠસમજીવનિવારકઃ ।।**
**સર્વવૈરાગ્યકરણસ્વલીલાધારશોધકઃ ।।૧૫૧।।**

**વસુદેવજ્ઞાનનિષ્ઠસમજીવનિવારકઃ ।।૭૩૯।।**

૧. વસુ – વિષ્ણુને પ્રકાશ આપનાર વસુદેવમાં જ્ઞાનરૂપે જેમની નિરન્તર સ્થિતિ છે એવા શ્રીકૃષ્ણના સમાન જીવો ( વસુદેવના પ્રથમ પ્રકટેલા છ પુત્રો ) ને નિવારણ કરનાર – મારનાર. ૨. વસુદેવનું જ્ઞાન જે પુત્રોમાં સમાન જીવનપણું, તેને નિવારણ કરનાર – દૂર કરનાર.

ભગવાન્ વિષ્ણુ – વ્યાપકશીલ પ્રભુ, તેને જ 'વસુ' કહેવાય છે. શ્રુતિ ભગવતી વર્ણવે છે કે 'વિષ્ણુર્વસુઃ' વિષ્ણુ એ જ વસુ છે. કેમકે સર્વમાં નિવાસ કરવાથી જ પ્રભુને વસુ એમ કથન કરવામાં આવે છે. એ કારણથી જ ઉપર વસુનો અર્થ 'વિષ્ણુ' કર્યો છે. વસુદેવ પોતે પ્રભુનું વિશુદ્ધ સત્વરૂપ જ છે. ભિન્ન નથી. વ્યાસચરણ ઉપદેશે છે કે ''સત્વં વિશુદ્ધં વસુદેવ સંજ્ઞિતમ્'' વિશેષ શુદ્ધ, સત્વસ્વરૂપ એ જ વસુદેવસંજ્ઞામાં રહેલું છે, એવા શુદ્ધ સત્ત્વમાં જ પ્રભુ જ્ઞાનરૂપે નિવાસ કરે છે. વસુદેવના પ્રથમ પ્રકટ થયેલા છ પુત્રોને કંસે માર્યા વિના છોડી દીધા હતા, પ્રભુએ જ નારદદ્વારા કંસની બુદ્ધિમાં ફેરફાર કરાવી તેને મરાવ્યા છે. એમ કરવાનું કારણ તેમને શાપથી મુક્ત કરવામાટે જ અન્યથા નહિ.

**સર્વવૈરાગ્યકરણસ્વલીલાધારશોધકઃ ।।૭૪૦।।**

૧. સર્વ વિષયોથી વૈરાગ્ય કરાવનારી પોતાના પ્રાકટ્યરૂપે લીલાના આધાર-ભૂત દેવકીજીની શુદ્ધિ કરનાર – તેમના દોષને ટાળનાર, ૨. સર્વ વૈરાગ્ય-કારિણી પોતાની માયાને આજ્ઞા કરી લીલાના આધારરૂપ વ્રજભૂમિમાં પોતાને ઉપયોગી વસ્તુઓની શુદ્ધિ કરનાર, ૩. સર્વવૈરાગ્યકારિણી અને પોતાની લીલાના આધારરૂપ શ્રીદેવકીજીમાં, સ્ત્રીઓમાં સ્વાભાવિક રહેનારા વુધ્યત્વ, મૃતપ્રજાત્વ વગેરે દોષોને કંસે મારેલા પુત્રોને આગળ પાછા લાવી ) નિવારણ કરનાર એવા શ્રીકૃષ્ણ.

**માયાજ્ઞાપનકર્તા ચ શેષસમ્ભારસમ્ભૃતિઃ ।।**
**ભક્તક્લેશપરિજ્ઞાતા તન્નિવારણતત્પરઃ ।।૧૫૨।।**

**માયાજ્ઞાપનકર્તા ।।૭૪૧।।**

માયા – યોગમાયાને આજ્ઞા આપનાર. આ સ્કન્ધના બીજા અધ્યાયમાં ''ગચ્છ દેવિ વ્રજ ભદ્રે ગોપગોભિઃ અલંકૃતમ્'' હે દેવી ! અમ્બિકે ! ગોપો અને ગાયોથી શોભી રહેલા વ્રજમાં તમે જાઓ, એમ આપે યોગમાયાને આજ્ઞા કરેલી છે જેથી અહીં માયાને આજ્ઞા કરનાર પ્રભુ એમ કહે છે.

**શેષસમ્ભારસમ્ભૃતિઃ ।।૭૪૨।।**

૧. બાકી રહેલી અપૂર્ણ સામગ્રીને સમ્પૂર્ણ કરનાર, ૨. શેષ – અનન્ત ભગવાન્ ( બલદેવજી ) ને આકર્ષણ કરી પોતાના પ્રાકટ્ય સારુ સામગ્રીની સમ્પત્તિને

સિદ્ધ કરનાર, ૩. શેષબલદેવજી દેવકીના ગર્ભમાં સ્થાપન કરી તેમની પૂર્ણતા કરનાર.

**ભક્તક્લેશપરિજ્ઞાતા ।।૭૪૩।।**

૧. તે ભક્તજનોના ક્લેશોને નિવારણ કરવામાં તત્પર, ૨. ક્લેશોને નિવારણ કરી ભક્તોનું પોષણ કરનાર એવા શ્રીકૃષ્ણચન્દ્ર.

**તન્નિવારણતત્પરઃ ।।૭૪૪।।**

૧. તે ભક્તજનોના ક્લેશોને નિવારણ કરવામાં તત્પર, ૨. ક્લેશોને નિવારણ કરી ભક્તોનું પોષણ કરનાર એવા શ્રીકૃષ્ણચન્દ્ર.

**આવિષ્ટવસુદેવાંશો દેવકીગર્ભભૂષણમ્ ।।**
**પૂર્ણતેજોમયઃ પૂર્ણઃ કંસાધૃષ્યપ્રતાપવાન્ ।।૧૫૩।।**

**આવિષ્ટવસુદેવાંશઃ ।।૭૪૫।।**

જેમનો કામાંશ વાસુદેવના મનમાં પ્રવેશેલો છે એવા પ્રભુ, અહીં જે 'અંશ' શબ્દ છે તે પૂર્ણ આનન્દવાચક છે. એટલે જેમનો પૂર્ણ આનન્દ વાસુદેવના અન્તઃકરણમાં પ્રવેશેલો છે, એવા.

**દેવકીગર્ભભૂષણમ્ ।।૭૪૬।।**

શ્રીદેવકીજીના ગર્ભનો અલપાર - શણગાર તે રૂપ પ્રભુ. પોતે શ્રીદેવકીજીના ગર્ભનું ભૂષણ હોવાથી જ તેનામાં અદ્વિતીય પ્રભા સર્વત્ર પ્રસરેલી કંસાદિકે નિહાળી હતી ભાગવતનું એ પ્રકરણ જોવાથી સ્પષ્ટ થશે.

**પૂર્ણતેજોમયઃ ।।૭૪૭।।**

સર્વવ્યાપી તેજના સમૂહરૂપ ભગવાન્.

**પૂર્ણઃ ।।૭૪૮।।**

ઐશ્વર્યાદિ વડે પરિપૂર્ણ - અખણ્ડિત.

**કંસાધૃષ્યપ્રતાપવાન્ ।।૭૪૯।।**

કંસથી ન ગ્રહણ થઈ શકે તેવા અનિર્વાચ્ય પ્રતાપ - પ્રભાવ મહિમાવાળા એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

**વિવેકજ્ઞાનદાતા ચ બ્રહ્માદ્યખિલસંસ્તુતઃ ।**
**સત્યો જગત્કલ્પતરુઃ નાનારૂપવિભેદનઃ(વિમોહનઃ)।।૧૫૪।।**

**વિવેકજ્ઞાનદાતા ।।૭૫૦।।**

કંસને વિવેક તથા જ્ઞાન આપનાર.

કંસરાજ મહા અસુર છતાં વસુદેવનાં વચનોથી શાંત બની બેનનો નાશ કર્યો નહિ એ વિવેક તથા જ્ઞાનને આપનાર આપ પ્રભુ છો. વળી દેવકીજીની છેલ્લી એક માયા - કન્યાને પછાડતાં તે અમ્બિકા બની આકાશમાં અલોપ થઈ ગયાં ત્યાર પછી

કંસે દેવકીજીને તથા વસુદેવને આશ્વાસન આપ્યું છે. તે પણ વિવેક અને જ્ઞાન થી ભરપૂર છે. તો તેવું જ્ઞાન મેળવવું એ પણ પ્રભુ કૃપાનું જ ફલ છે.

**બ્રહ્માદ્યખિલસંસ્તુતઃ ।।૭૫૧।।**

૧. બ્રહ્મા, ઈન્દ્ર, રુદ્ર આદિ સર્વ દેવતાઓએ પોતાની કામનાઓને જણાવતાં જેમની સ્તુતિ કરી છે એવા. ૨. બ્રહ્માદિક સકલ દેવોએ અખિલ તત્ત્વરૂપે – પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે જેમની સ્તુતિ કરેલી છે એવા પરમાત્મા.

**સત્યઃ ।।૭૫૨।।**

૧. સત્ય સ્વરૂપ, ૨. ત્રિવિધ કાલમાં બાધ રહિત રહેનાર, ૩. ધર્મીના સત્યપણાને લીધે સત્ય, ૪. સત્યના કારણ રૂપ, ૫. સત્યવ્રત ધારી એવા શ્રીહરિ – શ્રીકૃષ્ણચન્દ્ર.

**જગત્કલ્પતરુઃ ।।૭૫૩।।**

સ્થાવર – જનમાત્મક જગતના કલ્પવૃક્ષરૂપ.

સ્વર્ગમાં રહેલું કલ્પવૃક્ષ ફક્ત દેવોને જ ફળ આપે છે. પરન્તુ પરમાત્મા અખિલ વિશ્વને તેવી જ રીતે ફળ અર્પણ કરે છે. તેમનાં કષ્ટો હરે છે. જેથી આપને જગત્કલ્પતરુ કહ્યા.

**નાનારૂપવિભેદનઃ ( વિમોહનઃ ) ।।૭૫૪।।**

નાના પ્રકારના સાત્ત્વિક, રાજસ અને તામસ પ્રકૃતિવાળા બ્રહ્માદિક દેવસ્વરૂપોને મોહ ઉપજાવનાર. માટે જ આ સ્કન્ધમાં ''ત્વન્માયયાં સંવૃતચેતસઃ'' તમારી માયાથી મુગ્ધ બનેલા એવા અમો એમ કહી બ્રહ્માદિદેવો સ્તુતિ કરે છે.

**ભક્તિમાર્ગપ્રતિષ્ઠાતા વિદ્વન્મોહપ્રવર્તકઃ ।**
**મૂલકાલગુણદ્રષ્ટા નયનાનન્દભાજનમ્ ।।૧૫૫।।**

**ભક્તિમાર્ગપ્રતિષ્ઠાતા ।।૭૫૫।।**

૧. ભક્તિમાર્ગમાં વિશેષે કરી સ્થિતિ કરનાર, ૨. ભક્તિમાર્ગની વિશેષ સ્થિતિ કરનાર સ્થાપના કરનાર.

કર્મ, જ્ઞાન ઈત્યાદિ અનેક માર્ગો પ્રભુને પ્રાપ્ત થવાને સારુ શ્રુતિ સ્મૃતિમાં દર્શાવ્યા છે. ભક્તિમાર્ગ પણ શ્રુતિ સ્મૃતિ સિદ્ધ જ છે. પરન્તુ વિશેષે કરી પ્રભુની સ્થિતિ તો ભક્તિમાર્ગમાં જ છે. કેમકે ભક્તિથી જ સુલભ રીતે પ્રભુ પ્રાપ્ત થાય છે એમ વારંવાર શ્રવણગોચર કરાય છે. અનુભવાય છે. તેથી નિશ્ચય થાય છે કે ભક્તિમાર્ગમાં જ આપે સ્થિતિ કરી છે, ભક્તિમાર્ગને જ સ્થિર કરેલો છે.

**વિદ્વન્મોહપ્રવર્તકઃ ।।૭૫૬।।**

ભક્તિરહિત કેવળ જ્ઞાનનિષ્ઠ વિદ્વાનોમાં રહેલા મોહ – અમે મુક્ત છીએ

એવા પ્રકારના અભિમાનવડે તત્ત્વનો પ્રકાશ નહિ કરનાર.

કેવળ એક જ્ઞાન જ મુક્તિ આપનાર છે એમ નથી, ભગવાન્ પોતે જ ગીતામાં આજ્ઞા કરે છે કે ‘‘અનન્ય ભક્તિવડે જ હું પ્રાપ્ત થઈ શકું છું’’ તો પ્રભુની પ્રાપ્તિમાં ભક્તિ જ મુખ્ય છે કેટલાક શુષ્ક જ્ઞાનીઓ પોતે મુક્ત થયા છીએ એમ માની ભગવાન્ નિષ્ઠ ભગવદીયોને હસે છે પરન્તુ મિથ્યાભિમાનમાં તણાયેલા એટલું પણ જાણતા નથી કે, ભક્તજનને નિન્દા – સ્તુતિ સર્વ સમાન છે. તેઓને કોઈ પણ વસ્તુમાં ભેદભાવ નથી, કેવળ પ્રભુના પ્રેમમાં જ એકતાન બની ગયેલા છે. એટલે તેમને હસો તો પણ શું ? એમાં હસનારાઓના જ્ઞાનની જ પરીક્ષા થાય છે. તેઓ જ હાસ્યપાત્ર બને છે. પોતે જ પોતાને બ્રહ્મ માની અભેદ દર્શાવી ભેદને સિદ્ધ કરે છે.

**મૂલકાલગુણદ્રષ્ટા ।।૭૫૭।।**

૧. મૂલ – સર્વ પ્રાણી માત્રના આધાર ભૂતકાલમાં ઉત્પત્તિ સ્થિતનાશ કરવા સારુ સાત્વિક, રાજસ અને તામસ ગુણોના દ્રષ્ટા – જોનાર, ૨. સર્વના મૂલભૂત શ્રીકૃષ્ણના જન્મ સમયે કાલના શ્રેષ્ઠ ગુણોને દર્શાવનાર – પ્રેરણા કરનાર એવા પ્રભુ.

**નયનાન્દભાજનમ્ ।।૭૫૮।।**

પ્રગટ થયેલા ભગવાન્‌ના દર્શનથી વસુદેવનાં નયનોને આનન્દ પ્રાપ્ત કરાવનાર અર્થાત્ વસુદેવનાં નેત્રોને આનન્દના સ્થાનરૂપ શ્રીકૃષ્ણ ભગવાન્.

**વસુદેવસુખાબ્ધિશ્ચ દેવકીનયનામૃતમ્ ।**
**પિતૃમાતૃસ્તુતઃ પૂર્વસર્વવૃત્તાન્તબોધકઃ ।।૧૫૬।।**

**વસુદેવસુખાબ્ધિઃ ।।૭૫૯।।**

૧. વસુદેવને હર્ષથી થનાર સુખનાં સાગરરૂપ, ૨. વસુદેવને સ્નાન કરવા સારુ હર્ષરૂપ સમુદ્ર જેમનાથી છે એવા પ્રભુ.

**દેવકીનયનામૃતમ્ ।।૭૬૦।।**

૧. દુઃખમાં સન્તાપ પામતાં શ્રીદેવકીજીનાં નેત્રોને અત્યન્ત શીતલ કરનાર અમૃતરૂપ. ૨. દેવકીજીનાં ચક્ષુઓને જેમનાથી અમૃત છે – સુખ છે એવા પ્રભુ.

**પિતૃમાતૃસ્તુતઃ ।।૭૬૧।।**

૧. પિતા અને માતા ( વસુદેવ – દેવકીજી ) એ જન્મ સમયે જેમની સ્તુતિ કરી છે એવા. ૨. પિતા સહિત માતાએ જેમની સ્તુતિ કરી છે એવા, ૩. પ્રથમ પિતાએ પછી માતાએ જેમની સ્તુતિ વિજ્ઞપ્તિ કરી છે એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

**પૂર્વસર્વવૃત્તાન્તબોધકઃ ।।૭૬૨।।**

માતા – પિતા વદુદેવ – દેવકીજી ને પૂર્વજન્મમાં સમ્પૂર્ણ વૃત્તાન્તનો બોધ કરનાર પૂર્વ જન્મનાં કરેલાં તપ આદિની સમાપ્તિને જણાવનાર.

વસુદેવ અને દેવકી પૂર્વના બે જન્મમાં ભગવાન્‌ની અત્યન્ત તપશ્ચર્યા કરી ભગવત્સદશ પુત્રની અભિલાષા કરવા લાગ્યાં અને તેવા વરદાનની માગણી કરી. જેથી એ બન્ને જન્મોમાં ભગવાન્ અંશરૂપે તેમને ત્યાં પ્રકટ થયા હતા. પરન્તુ તેમની તપશ્ચર્યાના પ્રમાણમાં કાંઈ વિશેષ આનન્દ થયેલો નહિ માટે આ તેમના ત્રીજા જન્મમાં પોતે પૂર્ણ રીતે પ્રકટ થઈ અપૂર્વ ભગવદાનન્દ આપવાને જ પ્રભુએ તેમને પૂર્વનું સર્વ વૃતાન્ત બોધ કરી દર્શાવ્યું છે. અપૂર્વ પરમ આનન્દમય પોતાના સ્વરૂપનો તે બન્નેને અનુભવ કરાવ્યો છે.

**ગોકુલાગતિલીલાપ્તવસુદેવકરસ્થિતિઃ ।।**
**સર્વેશત્વપ્રકટનો માયાવ્યત્યયકારકઃ ।।૧૫૭।।**
**જ્ઞાનમોહિતદુષ્ટેશઃ ... ... ... ... ... ...।।**

**ગોકુલાગતિલીલાપ્તવસુદેવકરસ્થિતિઃ ।।૭૬૩।।**

૧. ગોકુલમાં લીલા કરવાને પધારવામાટે આપ્ત પ્રિયજન વસુદેવજીના કર – હાથમાં સ્થિતિ કરનાર, ૨. ગોકુલને ગતિ પમાડવા, લીલા કરવા જેવા શ્રીબાલકૃષ્ણ પ્રભુ.

**સર્વેશત્વપ્રકટનઃ ।।૭૬૪।।**

૧. સર્વને નિયમમાં રાખવાના સામર્થ્યબલને પ્રકટ કરનાર, ૨. સર્વ આશ્ચર્યને પ્રકટ કરનાર.

**માયાવ્યત્યયકારકઃ ।।૭૬૫।।**

માયા – યોગમાયા (શ્રીગોકુલમાં શ્રીયશોદાજીના ઉદરથી પ્રકટ થયેલાં પુત્રી) ને સ્થાનનો ફેરફાર કરનાર એવા પ્રભુ.

**જ્ઞાનમોહિતદુષ્ટેશઃ ।।૭૬૬।।**

દેવકીજીના અષ્ટમ ગર્ભનો જન્મ શ્રવણ કરી ‘‘આ કાળ છે’’ એમ જ્ઞાન થવાથી દુષ્ટ કંસ રાજાને મોહિત વિહ્વલ (આકુલ – વ્યાકુલ) કરનાર એવા શ્રીપૂર્ણ પુરુષોત્તમ.

# શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ સુબોધિની

## જન્મ પ્રકરણમ્

(અધ્યાય ૧-૪)

## ।। અધ્યાય પહેલો ।।

**નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।।**
**લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ।। કા.૧ ।।**

શેષરૂપી હૃદયમાં લીલારૂપી ક્ષીરસાગરમાં શયન કરતા, હજારો લક્ષ્મીઓ અને તેઓની લીલાઓથી સેવાતા કલાનિધિને હું નમન કરું છું. કા.૧.

(શ્રીટિપ્પણીજી : જેમનાથી લાલ થએલું મારું હૃદયકમલ સદા શોભે છે તેવા શ્રીકૃષ્ણના (બે) ચરણારવિંદના તલે રહેલા કુંકુમના લેપોને હું નમન કરું છું.

પિતાના ચરણકમલને કરેલાં નમનોના સમૂહથી જેના સર્વ પાપો નાશ પામેલાં છે તેવા શ્રીવિઠ્ઠલેશ નિરોધની વિવૃત્તિ(ટીકા)માં થતા સંશયોના સમૂહોનો નાશ કરે છે. ( શ્રીવિઠ્ઠલેશે ટિપ્પણીજીના પ્રારંભ કરેલા સ્તુતિના બે શ્લોકોનો અર્થ ઉપર પ્રમાણે છે. ))

શ્રીમદાચાર્યચરણ દશમા સ્કંધનાં સુબોધિનીજી લખવાની ઈચ્છાથી, અહિં (દશમા સ્કંધમાં) સ્કંધનાં અર્થરૂપ પણ[1] ભગવાનજ છે એમ જણાવવા, (ઉપરના શ્લોકમાં) સ્કંધના અર્થરૂપ એટલે નિરોધરૂપ ભગવાનને નમસ્કાર કરે છે.

'ભગવાન્ શ્રીકૃષ્ણનું શક્તિઓ પાછળ શયન' એવી નિરોધની વ્યાખ્યા શ્રીમદ્‌ભાગવત ૨।૧૦।૬માં આપેલી હોવાથી, એવા નિરોધરૂપ ભગવાનને

---

૧. 'પણ' શબ્દથી એમ જણાવેલ છે કે સ્કંધના અર્થ (નિરોધ)રૂપ ભગવાન્ છે, તેમજ નિરોધ કરનાર પણ ભગવાન જ છે, આ સ્કંધનો અર્થ પણ ભગવાન જ હોવાથી, (આ સ્કંધનાં શ્રીસુબોધિનીના આરંભમાં શ્રીમદાચાર્યચરણ નમન કરે છે), પણ બીજા સ્કંધમાં તે પ્રમાણે નમન કરેલ નથી. વળી તે જ કારણને લીધે શ્રીમદ્‌ભાગવતમાં પણ આ સ્કંધના આરંભમાં જ જન્મપ્રકરણ કહેલું છે. સ્કંધનો અર્થ ભગવાન્ ન હોત તો તેમ કરત નહિ, પરંતુ ગમે ત્યાં એ પ્રકરણ મૂકત, કારણ કે ભગવાનનું પ્રાકટ્ય થયું એ નવમા સ્કંધમાં રાજાને કહેલ હોવાથી અહિં જન્મપ્રકરણ કહેવાનું કાંઈ પ્રયોજન ન હતું. (જન્મપ્રકરણ કહ્યા વિના જ) રાજાના પ્રશ્નના ક્રમ પ્રમાણે ભગવાનનાં વીર્યોનું જ વર્ણન (સ્કંધના આરંભમાં) કરત. (પ્ર)

**કા**=શ્રીસુબોધિનીજીમાં શ્રીમદાચાર્યચરણે રચેલી **કારિકા**ઓ. **પ્ર**=શ્રીપુરુષોત્તમજીકૃત **પ્રકાશ**.

શ્રીમદાચાર્યચરણ નમન કરે છે. શેષ દાસ્ય(સેવા)ને માટે ઉપયોગી થાય તેવા શય્યા વિગેરે સર્વ પદાર્થરૂપ હોઈ પ્રભુનો સેવક થયો છે, અને તે વેદરૂપ હોવાથી પ્રમાણરૂપ પણ છે. જેમ આવી રીતે 'શેષ' નામથી જ પ્રસિદ્ધ થએલ શેષ (નાગ) ઉપર ક્ષીરસાગરમાં લક્ષ્મીથી સેવાતા નારાયણ શયન કરે છે. તેવી જ રીતે સર્વાત્મભાવથી દાસ થએલા શેષરૂપ મારા (શ્રીમદાચાર્યચરણના) હૃદયમાં, પુષ્ટિરસ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાઓએ પાન કરવા યોગ્ય ઘણો જ અગાધ (ભગવાનની) લીલારૂપ ક્ષીરસાગર છે તેની અંદર શયન કરતા, અને બીજે સ્થલે (હૃદય બહાર) જેમની ગતિ થતી નથી તેવા (નિરોધરૂપ ભગવાન્)ને હું નમન કરું છું, એવો અર્થ છે.

આ (નિરોધરૂપ ભગવાન્) હજારો લક્ષ્મીઓ અને તેઓની લીલાથી[૨] સેવાતા હોય છે, અને ચોસઠ કલાઓના નિધિ છે એટલે એ બધી કલાઓના રસનું પોષણ કરવામાં ઘણા ચતુર છે; અથવા આ (ભગવાન્) પોતાના અંશરૂપ કલાઓનું સ્થાન (રહેઠાણ) હોવાથી પૂર્ણપુરુષોત્તમ છે એવો અર્થ છે. આ વાકયમાં આ (હૃદયમાં શયન કરતા) ભગવાન્ નારાયણથી જૂદા છે એમ કહેલું છે. નારાયણની સેવા કરનાર તો એક જ લક્ષ્મી છે, જ્યારે આ ભગવાનની સેવા કરનારી લક્ષ્મીઓ અનંત છે. નારાયણ તો ક્ષીરસાગરમાં રહેતા નાગ ઉપર શયન કરે છે, જ્યારે આ ભગવાન્ તો હૃદયના બનેલા શેષ (શેષરૂપી હૃદય)માં રહેલા લીલાના ક્ષીરસાગરમાં શયન કરે છે.

અહિં ભાવાર્થ નીચે પ્રમાણે છે :

ભગવાન્ જેમ વૃંદાવનમાં પ્રવેશ કરી વેણુ વગાડે છે વિગેરે લીલાઓ કરે છે તેમ, સર્વાત્મભાવવાળા (મારા) હૃદયમાં નિરંતર ભાવનાથી રસાત્મક પુષ્ટિમાર્ગીય લીલાસાગર જે પ્રકટ થએલો અને જે ભગવાને પોતે જ કરેલો છે, તે લીલાસાગરમાં પુષ્ટિમાર્ગીય ભક્તોના સ્વરૂપથી (અલૌકિક દેહથી) અને કટાક્ષ

---

૨. 'હજારો લક્ષ્મીઓ અને તેઓની લીલાઓ' એવો અર્થ 'લક્ષ્મીસહસ્રલીલાભિઃ' શબ્દનો દ્વંદ્વ સમાસ લઈ કરવાનો છે, કારણ કે તત્પુરુષસમાસ લઈ 'હજારો લક્ષ્મીઓની લીલાઓથી' એવો અર્થ કરવામાં આવે તો, 'લીલાક્ષીરાબ્ધિશાયિનમ્' શબ્દમાં 'લીલા' કહી તેમાં પ્રભુની લીલામાં રહેલી નાયિકાઓનો સમાવેશ થઈ જતો હોવાથી, ફરીથી 'લક્ષ્મીસહસ્ર' કહેવું એ અયોગ્ય થાય. તેથી 'લીલાક્ષીરાબ્ધિશાયિનમ્' શબ્દમાં જે 'લીલા' કહી તે સામાન્ય રીતે લીલા કહેલી છે. 'લક્ષ્મીસહસ્રલીલાભિઃ' પદ કહ્યું તેમાંના 'લક્ષ્મીસહસ્ર' પદથી લક્ષ્મીઓની સ્વરૂપથી લીલા કહી, અને તેમાંના 'લીલા' પદથી 'કટાક્ષ વિગેરેરૂપ લીલાથી સેવા' કહેલી છે. તેથી 'લક્ષ્મીસહસ્ર' પદથી 'લક્ષ્મી' શબ્દની પુનરુક્તિ (ફરીથી કહેવું તે દોષ) થતી નથી. (કા)

વિગેરેરૂપ તેઓની લીલાથી સેવાતા પ્રભુને (હું નમું છું). એ પ્રમાણે અર્થ લેવાથી ''નાયિકાઓનો પણ પ્રભુની લીલામાં સમાવેશ થઈ જાય છે, તેથી પુનઃ 'લક્ષ્મીસહસ્ર' પદથી નાયિકાઓ કહેવી તે યોગ્ય નથી'' એવી શંકા રહેતી નથી.

જેમ '' 'પુરિ'-શરીરમાં શયન કરે તે પુરુષ'' વ્યુત્પત્તિમાં ('શયન' શબ્દ સૂવાને માટે યોજેલો નથી પરંતુ 'યોગ્ય ક્રિયા'ના અર્થમાં યોજાએલો છે) તેમ અહિં શયન કહેલ છે તે 'જૂદી જૂદી લીલાને અનુકૂલ સ્થિતિ'ના અર્થમાં યોજાએલો છે, પરંતુ 'ઊંઘ'ના અર્થમાં યોજાએલો નથી. જો એ શબ્દ ઊંઘના અર્થમાં યોજાએલો હોય તો (પ્રભુ નિદ્રામાં હોય તો) વિવિધ નાયિકાઓની લીલા (કટાક્ષ વિગેરે) ઉપયોગી નહિ રહેવાથી, તેવી 'લીલાઓથી સેવાતા' એમ કહેવું વિરુદ્ધ(ખોટું) થાય. જેમ નારાયણની નાભિમાંથી કમલ થાય છે, તેમ ભગવાન્ પોતાની અંદર ભકતોના વિચિત્ર ભાવો ઉત્પન્ન કરી, બ્રહ્મભાવ પેઠે[3] કોઈ એવો મોટો ભાવ ઉત્પન્ન કરે છે, કે જેથી તે લીલાને દર્શાવનારું પૂરેપૂરું રસાત્મક જગત્ પ્રગટ થાય છે એવો અર્થ છે. તેથી શ્રીમદ્ભાગવતમાં નિરોધની વ્યાખ્યા (૨।૧૦।૬)માં 'શયન' પદ યોજેલું છે, અને શયન (શેષ ઉપર નારાયણ શયન કરે છે તે) નારાયણમાં પ્રસિદ્ધ છે, તેથી અહિં શ્રીમદાચાર્યચરણ તે નારાયણના ધર્મની સાથે સરખામણી કરે છે. એ નિરોધની વ્યાખ્યામાં 'અનુશયન' પદ છે, તેની 'અનુશય્યતે અનેન' 'અનુશયન કરાય છે આનાથી (જેનાથી) તે અનુશયન' એ પ્રમાણે કરણ અર્થમાં વ્યુત્પત્તિ કરવાથી 'નિગૂઢભાવ' એવો અર્થ થાય છે[4]. તેથી 'હજારો લક્ષ્મીઓ સાથે પોતાનો નિગૂઢભાવ જેનાથી જે લીલાથી (ભગવાન્) કરે છે તે નિરોધ' એવો પણ અર્થ થાય છે. ભગવાન્ પોતાના ભક્તોમાં પોતાના સંબંધી ભાવો જે લીલાથી કરે છે, તે લીલા નિરોધ કહેવાય છે એવો અર્થ થાય છે. (ટિ)

**ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।।**
**ષડ્ભિર્વિરાજતે યોઽસૌ પઞ્ચધા હૃદયે મમ ।। કા. ૨।।**

---

૩. જેમ બ્રહ્મમાંથી આ દેખાય છે તે જગત્ પ્રકટ થાય છે તેમ ભક્તોના પ્રચુર ભાવમાંથી લીલા દર્શાવનાર રસાત્મક જગત્ પ્રકટ થાય છે. (કા.) ભગવદીય નિર્ભયરામકૃત કારિકાની વ્યાખ્યા.

૪. ઉપર **ટિપ્પણીજી**માં 'અનુશયન' શબ્દના બે અર્થ કહેલા છે. ભાવના અર્થમાં વ્યુત્પત્તિ કરવાથી તેનો અર્થ 'જૂદી જૂદી લીલાઓને અનુકૂલ સ્થિતિ' થાય છે. (આ અર્થ પહેલાં કહેલો છે.) કરણના અર્થમાં વ્યુત્પત્તિ કરવાથી તેનો અર્થ 'પોતાના ભક્તોમાં જ પોતાના સંબંધી ભાવો ઉત્પન્ન કરવામાં સાધન થતી લીલા' થાય છે. આ અર્થ ટિપ્પણીમાં (પહેલા અર્થ) પછી કહેલો છે. (કા)

**ટિ** = શ્રીપ્રભુચરણવિરચિત **ટિપ્પણીજી**. **લે** = શ્રીમદ્વલ્લભજી મહારાજકૃત **લેખ**.

૧. ચારથી ૨.ચારથી ૩.ચારથી અને ૪.ત્રણથી તથા ૫.છથી એમ પાંચ પ્રકારે જે મારા હૃદયમાં વિરાજે છે તેમને નમન કરું છું. કા.૨.

આ કારિકામાં શ્રીમદાચાર્યચરણ પ્રકરણના અર્થરૂપ ભગવાન્‌ને નમન કરે છે. દશમા સ્કંધમાં પાંચ પ્રકરણો છે, તેથી જે પ્રકરણના અર્થરૂપ ભગવાન્ પાંચ પ્રકારે મારા હૃદયમાં વિરાજે છે તેમને નમન કરું છું, એવો (વાકયનો) સંબંધ છે. પ્રકરણોનું પાંચ હોવાપણું (પણ આ કારિકામાં) પ્રકટ કરેલ છે. ૧.પહેલું પ્રકરણ ચાર અધ્યાયોનું છે. ૨.બીજું પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલરૂપ ચાર (પેટા) પ્રકરણોનું છે. ૩.ત્રીજું પણ તેવું (બીજા જેવું, ચાર પેટા પ્રકરણોનું) છે. ૪.ચોથું (પ્રમેય, સાધન અને ફલ એ) ત્રણ પેટા-પ્રકરણોનું છે. ૫.પાંચમું છેલ્લા છ અધ્યાયોનું છે. એ પ્રમાણે પાંચ પ્રકારે જે મારા હૃદયમાં વિરાજે છે, એવો વાકયનો સંબંધ છે. (ટિ)

પહેલું જન્મપ્રકરણ (૧ થી ૪) ચાર અધ્યાયોનું છે. બીજું તામસપ્રકરણ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલનું નિરૂપણ કરનારા ચાર પેટા-પ્રકરણોનું છે. ત્રીજું રાજસપ્રકરણ પણ એવા જ ચાર પેટા-પ્રકરણોનું છે. ચોથું સાત્ત્વિકપ્રકરણ પ્રમેય, સાધન અને ફલનું નિરૂપણ કરનારા ત્રણ પેટા-પ્રકરણોનું છે. પાંચમું ગુણપ્રકરણ ઐશ્વર્ય વિગેરે ભગવાનના ગુણ દર્શાવનારું છ અધ્યાયોનું છે. સાત્ત્વિકોને પ્રમાણબલની જરુર નહિ હોવાથી, એ પ્રકરણમાં બાકીનાં ત્રણ જ પેટા-પ્રકરણો છે. તત્ત્વદીપનિબંધ.૩।૧૦।૩૦૬માં આ પ્રમાણે કહેલું છે.

ઉપર જણાવેલા પેટા પ્રકરણો ઘણા ભાગે અનુક્રમે (૧)ઐશ્વર્ય (૨)વીર્ય (૩)યશ (૪)શ્રી (૫)જ્ઞાન (૬)વૈરાગ્ય અને (૭)ધર્મીનું નિરૂપણ કરનારા સાત સાત અધ્યાયોનાં છે. તામસપ્રકરણના પેટા-પ્રકરણ ફલપ્રકરણમાં આ અનુક્રમ ફરી જાય છે. તે પેટા-પ્રકરણના પાંચમા અધ્યાયમાં ધર્મીનું નિરૂપણ કરેલું છે. છઠ્ઠામાં વૈરાગ્યનું અને સાતમા યુગલગીતવાળા અધ્યાયમાં જ્ઞાનનું નિરૂપણ કરેલું છે. વળી શ્રીસુબોધિની પ્રમાણે સાત્ત્વિકપ્રકરણના પેટા-પ્રકરણોમાં પણ એ અનુક્રમ ફરેલો છે. (દશમસ્કંધના ઉતરાર્ધના પહેલા ચૌદ અધ્યાયો સુધી રાજસપ્રકરણ છે. પછી અનુક્રમે સાત્ત્વિક, પ્રમેય, સાધન અને ફલનું નિરૂપણ કરનારા, છ છ અધ્યાયો વૈરાગ્ય વિગેરે છ છ ગુણોનું નિરૂપણ કરે છે. (તેથી ઉતરાર્ધના રાજસ ૧૪+ સાત્ત્વિક ૧૮ મળી ૩૨ અધ્યાય થયા) પછી પ્રમેય, સાધન અને ફલ એ ત્રણેના અનુક્રમે ધર્મીનું નિરૂપણ તેત્રીસમા અધ્યાયથી ત્રણ અધ્યાયો વડે કરેલું છે. તેમાં ગુણોનું નિરૂપણ કરનારા છ છ અધ્યાયોથી અનુક્રમે

ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થનું નિરૂપણ કરેલું છે. અને ધર્મીનું નિરૂપણ કરનારા ત્રણ અધ્યાયોથી મોક્ષનું નિરૂપણ કરેલું છે. (કા)

**દશમાર્થઃ પ્રકરણાધ્યાયાર્થશ્ચ વિચાર્યતે ।।કા.૨ ।।**

દશમા સ્કન્ધના અર્થનો અને પ્રકરણો તથા અધ્યાયોના અર્થનો વિચાર કરવામાં આવે છે. કા.૨ાા.

આ સ્કંધના પ્રકરણના તથા અધ્યાયના અર્થનો નિબંધમાં વિચાર કરેલો છે, છતાં અહિં (શ્રીસુબોધિનીમાં) સંક્ષેપથી વિચાર કરવામાં આવે છે. (કા)

પ્રથમ સ્કંધનાં શ્રીસુબોધિનીની પ્રારંભની કારિકા ૯માં શ્રીસુબોધિનીમાં તો શ્લોક, પદ અને અક્ષર એમ ત્રણના જ અર્થ કહેવાનું લખેલ છે, છતાં આ દશમા સ્કંધના અર્થમાં સંશય રહે છે તેથી આ કારિકામાં સ્કંધનો અર્થ કહેવામાં આવે છે અને તે અર્થ પ્રકરણ અને અધ્યાયના અર્થના વિચારથી દઢ થાય તે માટે તે અર્થોનો પણ આ કારિકાઓમાં વિચાર કરવામાં આવે છે. (લે)

**નવલક્ષણલક્ષ્યો હિ કૃષ્ણસ્તસ્ય નિરૂપણાત્ ।।કા.૩ ।।**
**આશ્રયઃ ક્રમભાવિત્વાદ્ નિરોધો વેતિ સંશયઃ ।।**

કારણકે શ્રીકૃષ્ણ નવ લક્ષણ (સર્ગ વિગેરે લીલા, ગુણો)થી જણાય તેવા છે અને તેમનું (આ દશમા સ્કંધમાં) નિરૂપણ કરેલું હોવાથી, (આ સ્કંધનો અર્થ) આશ્રય છે, અથવા (સર્ગ વિસર્ગ વિગેરે) અનુક્રમ પ્રમાણે (નિરોધ) આવતો હોવાથી નિરોધ છે ? એવો સંશય (થાય) છે. કા.૩ાા.

**પૂર્વપક્ષ :** **લીલાનિર્ધારકો હ્યર્થઃ ક્રમમાત્રં તુ દુર્બલમ્ ।।કા.૪ ।।**
**યથાકથઞ્ચિચ્છ્રવણં સફલત્વાય કલ્પતે ।।**

લીલાનો નિર્ધાર કરાવનાર અર્થ છે. માત્ર અનુક્રમ તો દુર્બલ છે. હરકોઈ પ્રકારે (ભગવાનની લીલાનું) શ્રવણ (થાય તે) સફલ થવા યોગ્ય છે. કા.૪ાા.

અહિંથી અઢી શ્લોકથી પૂર્વપક્ષ જણાવે છે. પૂર્વમીમાંસાના પાંચમા અધ્યાયમાં અનુક્રમ જણાવનાર છ પ્રમાણો કહેલાં છે, તેમાં અર્થના ક્રમ કરતાં પાઠનો ક્રમ દુર્બલ છે એમ જણાવેલું છે. તે જ પ્રમાણે અહિં શ્રીમદ્‌ભાગવતમાં પણ પાઠના ક્રમને પડતો મુકીને અર્થનો ક્રમ લેતાં, દશમા સ્કંધનો અર્થ આશ્રય જ થાય છે. 'પાઠનો ક્રમ તજી બીજા ક્રમથી કથાનું શ્રવણ કરવામાં આવે તો ફલ પ્રાપ્ત થશે નહિ' એવી શંકા પણ ન કરવી, કારણ કે (હરકોઈ પ્રકારે શ્રવણ કરવામાં આવે તો તેથી ફલ પ્રાપ્ત થાય જ.) (કા)

**નિરોધઃ પ્રલયો લોકે પ્રસિદ્ધઃ પ્રકૃતે ન સઃ ।।કા.૫ ।।**

**પ્રતીતો દ્વાદશેઽન્યત્ર મહત્ત્વાત્ શુદ્ધલીલયા ।।**
**સહિતો હ્યાશ્રયઃ સ્કન્ધે પ્રતિપાદ્ય ઈહેતિ ચેત્ ।। કા.૬ ।।**

લોકમાં નિરોધ પ્રલય તરીકે પ્રસિદ્ધ છે. અહિં (દશમા સ્કંધમાં) તે પ્રલય નથી. બીજે સ્થલે બારમા સ્કંધમાં પ્રલય દેખાય છે. તેથી અહિં (દશમા સ્કંધમાં) ઉત્તમપણાને લીધે શુદ્ધ શ્રીકૃષ્ણની લીલા સહિત આશ્રયનું નિરૂપણ કરવામાં આવેલ છે એમ કહો તો.... કા.૬.

વળી લોકમાં નિરોધ પ્રલય તરીકે પ્રસિદ્ધ છે. તે પ્રલય આ દશમા સ્કંધમાં જોવામાં આવતો નથી, પરંતુ દશમા સ્કંધથી બીજે સ્થલે એટલે બારમા સ્કંધમાં જોવામાં આવે છે. વળી દશમા સ્કંધમાં અંશી ભગવાનની લીલાનું નિરૂપણ કરવામાં આવેલ હોવાથી તે ઉત્તમ છે ,અને તેથી શુદ્ધ ભગવાન્ શ્રીકૃષ્ણની પ્રાકટ્ય વિગેરે લીલાસહિત આશ્રયનું તેમાં નિરૂપણ કરવામાં આવેલ છે એવો પૂર્વપક્ષ છે. ('ઈતિ ચેત્' 'એમ કહો તો' શબ્દથી તેનો ઉત્તર આપી સિદ્ધાંત કહેવાનો આરંભ કરે છે). (કા)

સત્ત્વ વિગેરે ગુણોના વ્યવધાન (પડદો, ઢાંકણ) વિના પ્રકટ થએલ શુદ્ધ શ્રીકૃષ્ણની પ્રાકટ્ય વિગેરેરૂપ લીલાસહિત, 'પરબ્રહ્મ' 'પરમાત્મા' વિગેરે શબ્દોથી ઓળખાતા આશ્રયનું જ આ સ્કંધમાં નિરૂપણ કરેલ છે. આવી લીલાવાળો જ આશ્રય હોય તે યોગ્ય છે, પરંતુ બારમા સ્કંધમાં જેવી લીલા કહેલી છે તેવી લીલાવાળો 'આશ્રય' હોઈ શકે નહિ એમ જણાવવા 'હિ' શબ્દ યોજેલ છે. (લે)

**સિદ્ધાંત : ન હિ સાપેક્ષરૂપસ્ય પ્રથમં સુનિરૂપણમ્ ।।**
**નવલક્ષણસાપેક્ષો હ્યાશ્રયો રૂપ્યતે કથમ્ ? ।। કા.૭ ।।**

(બીજાની) અપેક્ષાવાળાનું પહેલાં સારી રીતે નિરૂપણ થઈ શકે નહિ, તેથી નવ લક્ષણોની અપેક્ષાવાળા આશ્રયનું (દશમા સ્કંધમાં) નિરૂપણ કેવી રીતે હોઈ શકે ? કા.૭.

(શ્રીમદ્ભાગવત ૨।૧૦।૧માં સર્ગ વિસર્ગ વિગેરે દશ લીલાઓ કહેલી છે તે પૈકી) સર્ગ, વિસર્ગ વિગેરે પહેલી નવ લીલાની અપેક્ષા આશ્રયને રહે છે. તેથી પહેલાં સર્ગ, વિસર્ગ વિગેરે નવનું નિરૂપણ કર્યા વિના આશ્રયનું નિરૂપણ સારી રીતે થઈ શકે નહિ. તેથી એ નવનું નિરૂપણ થયા પહેલાં, એ નવેની અપેક્ષાવાળા આશ્રયનું નિરૂપણ કેવી રીતે હોઈ શકે ? (ન જ હોઈ શકે.) (કા)

**અગ્રે લીલાદ્વયકથા ફલસિદ્ધૌ વૃથા ભવેત્ ।।**
**પૂર્વોત્તરસ્કન્ધયોશ્ચ નશ્યેત્ કારણકાર્યતા ।। કા.૮ ।।**

ફલ પ્રાપ્તિ થતાં આગળ બે લીલાઓની કથા નકામી થાય. પહેલાંના અને પછીના સ્કંધોનાં કારણ અને કાર્યના ભાવનો નાશ થાય. કા. ૮.

શરીર રહિત વિષ્ણુ પુરુષનું શરીર ગ્રહણ કરે તે સર્ગ. પુરુષમાંથી બ્રહ્મા વિગેરેની ઉત્પત્તિ થાય તે વિસર્ગ. ઉત્પન્ન થએલાઓને પોતપોતાની મર્યાદામાં રાખવા તે સ્થાન. (પોતપોતાની મર્યાદામાં) રહેલાની અભિવૃદ્ધિ (આબાદી) કરવી તે પોષણ. એવા પ્રકારનો કારણ અને કાર્યનો ભાવ છે. (એટલે સર્ગ કારણ છે અને વિસર્ગ તેનું કાર્ય છે, વિસર્ગ કારણ છે અને સ્થાન તેનું કાર્ય છે, સ્થાન કારણ છે અને પોષણ તેનું કાર્ય છે. એ પ્રમાણે પહેલાં પહેલાંનો સ્કંધ તેની પછીના સ્કંધનું કારણ છે, અને પછીનો સ્કંધ તેની પહેલાંના સ્કંધનું કાર્ય છે.) આની પહેલાના (નવમા) સ્કંધમાં ભક્તોનું નિરૂપણ કરેલું હોવાથી, અહિં(દશમા) સ્કંધમાં તેઓના (ભક્તોના) ચિત્તની વૃત્તિઓનો નિરોધ કહેવાનો હોવાથી, (આ સ્કંધનો અર્થ) નિરોધ રહે છે. એમ ન હોય અને અહિં મુક્ત જીવોના આશ્રય તરીકે આશ્રયનું નિરૂપણ કરેલું છે એમ માનીએ તો મુક્તિનું નિરૂપણ કર્યા વિના તેવા આશ્રયનું નિરૂપણ કરવું અશક્ય હોવાથી અયોગ્ય થાય. વળી તમે (પૂર્વપક્ષ કરનાર શ્રીધર) નિરોધનો અર્થ પ્રલય કરો છો, તેથી મુક્તિ પછી તેનું નિરૂપણ કરવામાં આવે એટલે મુકત જીવોનો પ્રલય(નાશ) થાય. એવો અર્થ થાય તે પણ અયોગ્ય છે, અને જો તેનો અર્થ પ્રલય ન કરો તો ઉપર જણાવ્યું તેમ પહેલાંના અને પછીના સ્કંધોના કારણ અને કાર્યના ભાવની હાનિ થાય છે એવો અર્થ છે. (ટિ)

નીચે પ્રમાણે પહેલાંનો સ્કંધ કારણ અને પછીનો સ્કંધ કાર્ય થાય છે.

(૧) (પહેલા સ્કંધમાં અધિકારનું નિરૂપણ છે.) એટલે અધિકારવાળાનાં સાધનો કહેલા છે.

(૨) બીજા સ્કંધમાં એવા સાધનવાળાઓને શ્રવણ (થાય તે કહેલ છે).

(૩) ત્રીજા સ્કંધમાં (શ્રવણમાં) પહેલી સર્ગલીલા કહેલી છે.

(૪) ચોથા સ્કંધમાં સર્જેલાના ધર્મ વિગેરે પુરુષાર્થનાં સાધન કહેલાં છે.

(૫) પાંચમા સ્કંધમાં જેઓના પુરુષાર્થ સિદ્ધ થએલા છે તેઓનું પોતપોતાની મર્યાદામાં સ્થાપન કહેલું છે.

(૬) છઠ્ઠા સ્કંધમાં એવી રીતે મર્યાદામાં રહેલા પૈકી કેટલાક ઉપર ભગવાન્ અનુગ્રહ (પોષણ) કરે છે તે કહેલ છે.

(૭) સાતમા સ્કંધમાં અનુગ્રહ પ્રાપ્ત કરેલનો વૈષમ્ય (પક્ષપાત)નો દોષ ન રહે તે માટે વાસના કહેલી છે.

(૮) આઠમા સ્કંધમાં વાસનાઓ ન રહે તે માટે સદ્ધર્મ કહેલ છે.
(૯) નવમા સ્કંધમાં સદ્ધર્મથી દોષરહિત થએલાઓની ભક્તિ કહેલી છે.
(૧૦) દશમા સ્કંધમાં પછી ભક્તોની (ભગવાનમાં) આસક્તિ કહેલી છે.
(૧૧) અગીઆરમા સ્કંધમાં (ભગવાનમાં) આસક્ત થએલાઓની સ્વરૂપથી સ્થિતિ (મુક્તિ) કહેલી છે.
(૧૨) બારમા સ્કંધમાં તેવી રીતે જેઓની સ્વરૂપથી સ્થિતિ થઈ હોય તેઓને ભગવાનનો આશ્રય થાય છે એમ જણાવેલ છે.

આ કારણ અને કાર્યનો ભાવ તે-તે સ્કંધના નિબંધ ઉપરથી સ્પષ્ટ જણાય છે. (લે)

(દશમા સ્કંધમાં આશ્રયનું નિરૂપણ કરેલું હોય તો) આશ્રયનું શ્રવણ થતાં ફલ પ્રાપ્ત થવાથી, તેની પછી અગીઆરમા તથા બારમા સ્કંધમાં કહેલી મુક્તિ અને નિરોધરૂપ લીલા નકામી થાય. વળી પહેલા પહેલાનો સ્કંધ કારણ અને પછીનો સ્કંધ કાર્ય છે. એમ હોવાથી મુક્તિ અને નિરોધનું નિરૂપણ કર્યા વિના, તે પહેલાં જ આશ્રયનું નિરૂપણ કરવામાં આવેલ હોય તો એ કારણકાર્યભાવનો નાશ થાય. (કા)

**કૃષ્ણસ્ત્વેકાદશેઽપ્યસ્તિ ક્રમશ્ચ સ્વીકૃતો ભવેત્ ।। કા.૮।। ।।**

શ્રીકૃષ્ણનું વર્ણન તો અગીઆરમામાં પણ છે. વળી ક્રમનો પણ સ્વીકાર થશે. કા.૮।।.

નવ લક્ષણોથી જણાતા શ્રીકૃષ્ણનું દશમા સ્કંધમાં નિરૂપણ કરેલ હોવાથી આ સ્કંધનો અર્થ આશ્રય જ છે, એવી શંકાનું અહિં નિરાકરણ કરે છે. શ્રીકૃષ્ણનું નિરૂપણ તો અગીઆરમા સ્કંધમાં પણ છે. તેથી એ કારણથી આ સ્કંધનો અર્થ આશ્રય કહેતા હો તો અગીઆરમા સ્કંધનો અર્થ પણ આશ્રય કહેવો પડશે એવો ભાવ છે. વળી જો આ સ્કંધનો અર્થ નિરોધ લેવામાં આવે તો સર્ગ વિસર્ગ વિગેરે ૨।૧૦।૧માં જે અનુક્રમ કહેલ છે તે પણ જળવાઈ રહે છે. (કા)

**નિરોધોઽસ્યાનુશયનં પ્રપઞ્ચે ક્રીડનં હરેઃ ।।કા.૯ ।।**
**શક્તિભિર્દુર્વિભાવ્યાભિઃ કૃષ્ણસ્યેતિ હિ લક્ષણમ્ ।।**

નિરોધ (એટલે) આ (ભગવાન)નું અનુશયન; કારણ કે હરિશ્રીકૃષ્ણનું દુર્વિભાવ્ય શક્તિઓ સાથે પ્રપંચમાં રમણ એવું નિરોધનું લક્ષણ છે. કા.૯।।.

'નિરોધનો અર્થ પ્રલય હોવાથી, દશમા સ્કંધનો અર્થ નિરોધ હોવાનું સંભવતું નથી,' એવી શંકા થાય તેથી અહિં નિરોધની વ્યાખ્યા આપેલી છે. શ્રીસુબોધિનીમાં કહેલું છે કે 'અનુશયન' એટલે શક્તિઓને શયન કરાવી, પછી

તેઓના ભોગ માટે પોતાનું શયન. તે (શયન) જાગ્રત વિગેરે (જાગ્રત્ સ્વપ્ન અને સુષુપ્તિ) ભેદથી ત્રણ પ્રકારનું છે, અને દેહની ૭૨ નાડીઓરૂપ ૭૨ શક્તિઓ છે, અને પોતાની (ભગવાનની) શ્રી વિગેરે બાર( જૂઓ શ્રીમદ્ભાગવત ૧૦।૩૭। ૫૫.) શક્તિઓ છે. તેથી (આ સ્કંધના) ૮૭ (૩+૭૨+૧૨) અધ્યાયો છે (શ્રીમદ્ભાગવત ૨।૧૦।૬ ઉપરનાં શ્રીસુબોધિની.). અહિં ઉપરની કારિકામાં આપેલી વ્યાખ્યા એ શ્રીસુબોધિનીનું પણ સ્મરણ કરાવે છે. દેહ પ્રપંચ છે તેથી તેની ૭૨ નાડીઓરૂપ શક્તિઓનો સમાવેશ થાય છે. 'દુર્વિભાવ્ય' શબ્દથી ભગવાનની શ્રી વિગેરે શક્તિઓનો સમાવેશ થાય છે. તેથી ત્યાં શ્રીસુબોધિનીમાં જણાવ્યું તેવું જ આ કારિકામાં કહેલું લક્ષણ છે. (પ્ર)

'ક્રીડન' 'રમણ' પદથી (૧) સ્થિતિ અને (૨) લીલા બંને કહેલા છે. (લે)

આ સ્કંધનો અર્થ 'નિરોધ' હોવાથી, નિરોધના સ્વરૂપનો પ્રથમ વિચાર કરવામાં આવે છે. (૧) શ્રીમદ્ભાગવત ૨।૧૦।૬માં આપેલી નિરોધની વ્યાખ્યા પ્રમાણે 'આત્મા એટલે શ્રીપુરુષોત્તમનું શક્તિઓ સાથે અનુશયન' એ નિરોધ છે. એ વ્યાખ્યામાં 'આત્મનઃ' પદ છે તેનો અર્થ 'નિર્ગુણ પરબ્રહ્મ' લેવાનો છે, કારણ કે બ્રહ્મસૂત્ર ૧।૧।૫માં 'આત્મન્' શબ્દનો એ અર્થ છે એવો નિર્ણય કરેલો છે. આ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે એમ '' 'કૃષ' ધાતુ ભૂ (સત્તા) જણાવનાર શબ્દ છે અને 'ણ' નિવૃત્તિ (આનંદ) જણાવનાર છે, તે બેનું ઐકય (જોડાણ) પરબ્રહ્મ 'શ્રીકૃષ્ણ' એમ કહેવાય છે.'' એ શ્રુતિથી અને 'શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન્ છે' એ શ્રીમદ્ભાગવતના વાક્યથી સિદ્ધ થાય છે. તેથી 'શ્રીકૃષ્ણનું અનુશયન' એ નિરોધ. અનુશયન એટલે લીલાને અનુકૂલ સ્થિતિ, કારણ કે ''વિષ્ણુ 'સર્વગુહાશયઃ' સર્વના હૃદયમાં રહેલા છે'' વાક્યમાં 'ગુહાશયઃ' શબ્દમાં 'શી' ધાતુ આવેલો છે, તે સ્થિતિ (રહેલા)ના અર્થમાં યોજાએલો છે. ''હૃદયમાં 'શેતે' (શયન કરે છે)'' તે 'ગુહાશયઃ' એવી વ્યુત્પત્તિ કરી, વિષ્ણુ ઊંઘે છે એવો અર્થ થઈ શકતો નથી; કારણ કે ઊંઘવું એ અવિદ્યાનું કાર્ય છે. તેથી 'શી' ધાતુનો અર્થ અહિં 'તેવી (અનુકૂલ) સ્થિતિ' થાય છે. આમ હોવાથી ('અનુશયન'માંના) 'શયન'નો અર્થ 'શક્તિઓ સાથે ભગવાનની સ્થિતિ' થાય છે. 'અનુકૂલ' એ ('અનુશયન' શબ્દમાંના) 'અનુ' ઉપસર્ગનો અર્થ છે. કોને અનુકૂલ સ્થિતિ ? એ જાણવાની આકાંક્ષા થતાં, સ્થિતિનું પ્રયોજન લીલા (લીલા કરવા માટે સ્થિતિ) હોવાથી 'લીલાને અનુકૂલ (સ્થિતિ)' જાણવી. એ પ્રમાણે 'શ્રીકૃષ્ણની લીલાને અનુકૂલ સ્થિતિ એ અનુશયન' એવો અર્થ સિદ્ધ થાય છે. 'સ્થિતિ' પણ અનેક પ્રકારની લીલા કરાવનારી અમુક પ્રકારની

લીલા જ છે. તેથી 'સર્વ લીલાઓ કરાવનારી સ્થિતિરૂપ લીલા' એ નિરોધ શબ્દનો અર્થ છે અને તે ભગવાનનો ધર્મ છે. તે નિરોધ પ્રપંચમાં જ સ્પષ્ટ થાય છે, કારણ કે પ્રપંચમાં જ શ્રીકૃષ્ણનો અવતાર થએલો. તેથી જ નિબંધમાં કહેલું છે કે ''કોઈવાર જગતનો ઉદ્ધાર કરવા તે જ અખંડ પૂર્ણ પ્રાદુર્ભાવ પામેલા 'શ્રીકૃષ્ણ' એમ કહેવાય છે.'' તેથી 'અનેક શક્તિઓ સાથે શ્રીકૃષ્ણનું પ્રપંચમાં રમણ એ નિરોધ' એવો અર્થ સિદ્ધ થાય છે, અને તે જ અર્થ આ કારિકામાં કહેલો છે. શ્રીમદ્ભાગવત ૨।૧૦।૬માં આપેલી નિરોધની વ્યાખ્યામાં 'આત્મનઃ' શબ્દ છે તેના વ્યાખ્યાનરૂપ 'શ્રીકૃષ્ણ' પદ આ કારિકામાં આપેલું છે, કારણ કે ભાગવતમતમાં શ્રીકૃષ્ણનું જ 'આત્મા' તરીકે નિરૂપણ કરેલું છે. તેથી જ આ નિરોધની વ્યાખ્યા બીજા અવતારોએ કરેલી લીલાને, તેમજ બીજા સ્કંધમાં વર્ણવેલી લીલાને લાગુ પડતી નથી. એ પ્રમાણે નિરોધ શબ્દનો રૂઢ અર્થ 'અનુશયન' છે એમ કહેલું છે.

(૨) નિરોધની બીજી વ્યાખ્યા 'પ્રપંચના વિસ્મરણપૂર્વક ભગવાનમાં આસક્તિ' કરેલી છે, કારણ કે 'નિરોધ એટલે સારી રીતે રોધ (અટકાવવું તે)' એવી તેની વ્યુત્પત્તિ થાય છે. 'રોધ કોનો?' એ જાણવાની આકાંક્ષા થતાં પહેલાના (નવમા) સ્કંધની સંગતિથી 'ભક્તોનો રોધ' એમ જણાય છે. 'શેમાંથી રોધ (શેમાંથી ભકતોને અટકાવવા) ?' એ જાણવાની આકાંક્ષા થતાં 'પ્રપંચમાંથી રોધ' એમ જાણવું. તેથી '(ભક્તોને) પ્રપંચમાંથી અટકાવવા એ રોધ' એવો અર્થ થયો. પ્રપંચમાંથી ભકતોને અટકાવવા છતાં, જો શ્રીમદ્ભગવદ્ગીતા ૩।૬માં જણાવ્યા પ્રમાણે તેઓને પ્રપંચનું સ્મરણ રહે, તો ભગવાનની લીલાનો અનુભવ કરવાનો મુખ્ય અધિકાર પ્રાપ્ત થાય નહિ. તેથી પ્રપંચનાં વિસ્મરણની પણ જરૂર છે. એ પ્રપંચનું વિસ્મરણ 'નિરોધ' શબ્દમાંના 'નિ' ઉપસર્ગથી પ્રાપ્ત થાય છે. 'સારી રીતે અટકાવવું' એટલે 'પ્રપંચના વિસ્મરણપૂર્વક અટકાવવું.' શેની અંદર અટકાવી રાખવું ? એ જાણવાની ઈચ્છા થતાં, 'ભગવાનની અંદર અટકાવી રાખવું' એવો અર્થ કરવો; કારણ કે ભગવાન્ ઘણી જ રુચિ ઉત્પન્ન કરાવનારી લીલાથી ઉત્પન્ન થતા પરમ સુખ (આનંદ)રૂપ હોવાથી, તેમનામાં જ આસક્તિ થઈ શકે. એ રીતે શબ્દની વ્યુત્પત્તિથી થતા અર્થ પ્રમાણે, 'પ્રપંચના વિસ્મરણપૂર્વક ભગવાનમાં આસક્તિ એ નિરોધ' એવો અર્થ થાય છે. 'જે વ્યસનની સારી રીતે પ્રાપ્તિ થાય તે નિરોધ કહેવાય છે' એ ભરત આચાર્યના વાક્યમાં 'વ્યસન' શબ્દથી જણાવેલી આસક્તિને જ નિરોધ કહેલી છે. આવી આસક્તિ શ્રીમદ્ભાગવતમાં

૧૦।૮૭।૪૬ વિગેરે વાક્યોમાં સ્પષ્ટ છે. એવી રીતે 'નિરોધ' શબ્દથી (પ્રપંચનું વિસ્મરણ અને ભગવાનમાં આસક્તિ) બંને કહેલાં છે. તત્ત્વદીપનિબંધ ૩।૧૦।૨૦માં નિરોધની જે વ્યાખ્યા આપેલી છે તેમાં, જેમ ભક્તોનો ભગવાન્ પોતામાં નિરોધ કરે છે તેમ ભક્તો ભગવાનનો પોતામાં પણ નિરોધ કરે છે એમ પણ ગુપ્ત રીતે જણાવેલ છે. જેમ ભગવાને લીલાથી નિરોધ કરેલા ભક્તો ભગવાનને વશ થાય છે, તેવી જ રીતે પુષ્ટિભક્તોએ લીલાથી નિરોધ કરેલા ભગવાન્ ભક્તોને વશ થાય છે. તેથી જ ભગવાન્ 'ભક્ત વિના બીજા કોઈ વિષયનું પોતાને જ્ઞાન નથી' એમ શ્રીમદ્ભાગવત ૯।૫।૬૮માં જણાવે છે. આ અર્થનું જ સૂચન કરવા શ્રીમદાચાર્યચરણે પાછલ પહેલી કારિકામાં પોતાના હૃદયરૂપી શેષ ઉપર ભગવાનનું શયન કહેલું છે, અને ટિપ્પણીમાં પણ 'બીજે સ્થલે (ભક્તના હૃદય બહાર) ભગવાનની ગતિ થતી નથી' એવું તેનું વ્યાખ્યાન કરેલું છે.

(૩) શ્રીમદ્ભાગવત ૨।૧૦।૭માં 'નિરોધ' શબ્દ પ્રલયના અર્થમાં યોજેલો છે. તે પ્રલય પ્રપંચનો પ્રતિયોગી (પ્રપંચનાં અભાવરૂપ) છે. શ્રીસુબોધિનીમાં જણાવેલી અને ટિપ્પણીમાં વ્યાખ્યાન કરેલી પહેલાના તથા પછીના સ્કંધોની સંગતિ પ્રમાણે નવમા અને દશમા સ્કંધના અર્થની સંગતિનો વિચાર કરતાં 'ભક્તોના પ્રપંચનો પ્રલય એ નિરોધ' એવો અર્થ થાય છે. આગળ અહિં શ્રીસુબોધિનીમાં સોળમી કારિકામાં 'તેથી ભક્તોના પ્રપંચનો નિરોધ (પ્રલય) કહેલો છે એવો નિશ્ચય થાય છે'. એમ કહેલું છે તે પ્રમાણે, 'જેનું ફલ નિત્યલીલામાં ઉપયોગી દેહની પ્રાપ્તિ છે એવો, ભક્તોના પ્રપંચનો પ્રલય એટલે તિરોભાવ, એટલે પ્રભુ પ્રતિ રાગના અભાવરૂપ પ્રપંચના ભાવનો નાશ' એવો નિરોધનો અર્થ થાય છે. શ્રીમદ્ભાગવત ૧૨।૭।૯માં સૂત (લીલાઓનાં) નામ કહે છે, તેમાં નિરોધને બદલે 'સંસ્થા' શબ્દ યોજે છે, અને ૧૨।૭।૧૭માં સંસ્થાની વ્યાખ્યા આપે છે તેમાં તેને 'પ્રલય' તરીકે જણાવે છે. તેથી તે નિરોધનો અર્થ 'પ્રલય' કરે છે. ૨।૧૦।૬ ઉપરનાં શ્રીસુબોધિનીમાં પણ 'શક્તિઓને શયન કરાવી, તેઓના ભોગ માટે ભગવાનનું શયન' એવું નિરોધનું લક્ષણ કહેલું છે, તેમાં પણ શક્તિઓના શયન પછી ભગવાનનું શયન કહેલ હોવાથી તેનો અર્થ પ્રલય થાય છે. તેથી એમ જણાય છે કે ભગવાન્ ભક્તોને પ્રપંચ પ્રાપ્ત કરાવનારી શક્તિઓનું પોતાના સ્વરૂપમાં તિરોધાન કરી રહે છે, એટલે ભક્તોના પ્રપંચનો તિરોભાવ થાય છે. તેથી (આ અર્થ પ્રમાણે પણ) ભક્તોના પ્રપંચની નિવૃત્તિ (દૂર થવું તે, મટી જવું તે) એવો જ નિરોધનો અર્થ થાય છે. આ લક્ષમાં રાખીને જ

શ્રીમદાચાર્યચરણે આગળની ૧૬ થી ૧૭ાા સુધીની કારિકાઓ લખેલી છે. આથી એમ જાણવાનું છે કે જેઓનો નિરોધ કરવાનો છે તેવા ભક્તોના દેહ વિગેરે બધા પ્રપંચમાં ભગવાન્ સ્વચ્છંદ લીલાથી પોતાના આનંદનો પ્રવેશ કરાવે છે. તેથી ભગવાનના આનંદનો અનુભવ કરવા યોગ્ય અલૌકિક દેહની ભક્તોને પ્રાપ્તિ થતાં, ભગવાનમાં રાગના અભાવરૂપ તેમના પહેલાનો પ્રપંચનો લય થાય છે. 'પ્રલય' શબ્દનો આ જ અર્થ છે. તેથી 'ભક્તોના પ્રપંચનો પ્રલય એ નિરોધ' એવો અર્થ થાય છે.

ઉપર જણાવ્યા પ્રમાણે (૧) પ્રપંચમાં શક્તિઓ સાથે ભગવાનનું રમણ, (૨) ભક્તોની પ્રપંચના વિસ્મરણપૂર્વક ભગવાનમાં આસક્તિ અને (૩) ભક્તોના પ્રપંચનો અભાવ (નાશ), એવા ત્રણ અર્થ 'નિરોધ' શબ્દના થાય છે. તેમાં (૧) ભગવાનનું રમણ કરણ(=કાર્ય ઉત્પન્ન કરનારું અસાધારણ કારણ.) છે, (૨) ભગવાનમાં આસક્તિ વ્યાપાર(=કરણથી થયેલ કાર્ય.) છે અને (૩) ભક્તોના પ્રપંચનો અભાવ એ ફલ છે. એવા ત્રણ પ્રકારનો નિરોધ આ દશમા સ્કંધનો અર્થ છે.

અહિં નીચે પ્રમાણે સિદ્ધ થયું. ભગવાન્ અનેક શક્તિઓ સાથે કરણરૂપી નિરોધરૂપ રમણ કરતાં, પ્રપંચના વિસ્મરણપૂર્વક ભગવાનમાં આસક્તિરૂપી નિરોધરૂપ વ્યાપારથી પોતાના સેવકોને પ્રપંચના અભાવરૂપ ફલરૂપ નિરોધ પ્રાપ્ત કરાવે છે. તેથી 'નિરોધ' શબ્દ એ ત્રણે અર્થોમાં યોજાએલો શ્રીસુબોધિની નિબંધ વિગેરેમાં જોવામાં આવે છે. આ સ્કંધના પાંચમા અધ્યાયનાં શ્રીસુબોધિનીમાં આરંભની પાંચમી કારિકામાં ફલરૂપ નિરોધ કહેલો છે, કારણ કે જે જે લૌકિક પદાર્થમાં ભગવાન્ પ્રવેશ કરે છે તે-તે પદાર્થમાંથી (પ્રથમ) તિરોભાવ પામેલા ચિદ્ અને આનંદનો તેમાં આવિર્ભાવ થતો હોવાથી, તિરોભાવ પામેલા આનંદવાળું તેનું એ પહેલાનું સ્વરૂપ મટી જતાં, તે (સત્ તો હતું અને ચિદ્ અને આનંદ નો આવિર્ભાવ થતાં સચ્ચિદાનંદરૂપ) બ્રહ્મરૂપ થાય છે, એટલે જેમાં સત્, ચિદ્ અને આનંદ ત્રણે પ્રકટ છે તેવો થાય છે. તેનું દૃષ્ટાંત 'કાષ્ઠવાળા પદાર્થમાં અગ્નિના પ્રવેશથી થાય છે તેમ' શબ્દોથી આપેલું છે. જેમ કાષ્ઠમાં અગ્નિનો પ્રવેશ થતાં તે અગ્નિરૂપ થાય છે તેમ, (લૌકિક પદાર્થમાં ભગવાનનો પ્રવેશ થતાં તે બ્રહ્મરૂપ થાય છે) એવો અર્થ છે. એવી રીતે ભક્તોના પ્રપંચમાં ભગવાનનો પ્રવેશ થવાથી તે પ્રપંચ મટી જાય છે (કારણ કે તે બ્રહ્મરૂપ થાય છે). વળી શક્તિઓના શયન પછી ભગવાનનું શયન જણાવનાર, 'અનુશયન' શબ્દથી પણ ગૂઢ અર્થ કહેલો છે. તેને

અનુસરી શ્રીમદાચાર્યચરણે અહિં કહેલી પહેલી કારિકામાં 'નિરોધ' શબ્દથી જણાવેલી રહસ્યલીલા સૂચવેલી છે. તેને અનુસરી શ્રીમત્પ્રભુચરણે ટિપ્પણીમાં 'અનુશયન કરાય છે આનાથી તે અનુશયન' એ પ્રમાણે કરણ અર્થમાં વ્યુત્પત્તિ કરી, 'જેનાથી (ભગવાન્) નિગૂઢભાવ કરે છે તે નિરોધ' એમ કહી, 'ભગવાન્ પોતાના ભક્તોમાં પોતાના સંબંધી ભાવો જે લીલાથી કરે છે તે લીલા નિરોધ કહેવાય છે' એમ કહી, આ સ્કંધનો અર્થ ગુપ્તલીલા જણાવેલો છે એમ વિદ્વાનોએ જાણવું. આ પ્રમાણે શુકનાં વચન, શ્રીસુબોધિનીજી અને ટિપ્પણીજી ત્રણમાં ક્યાંય વિરોધ નથી અને એ ત્રણેનો એક જ આશય છે એમ સ્પષ્ટ થાય છે.

આ પ્રમાણે હોવાથી નીચે પ્રમાણે સિદ્ધ થાય છે. દેહ વિગેરેમાં ચિદ્ અને આનંદ પ્રકટ થતાં, ભગવાનમાં રાગના અભાવ વિગેરેરૂપ પ્રપંચના ભાવનો પ્રલય થાય છે એ ફલરૂપ નિરોધ છે. એવો નિરોધ થતાં ભગવાનમાં રાગનો અભાવ નહિ રહેવાથી (ભગવાનમાં આસક્તિ થવાથી), ભક્તો પ્રપંચમાં(જગતમાં) રહેતા હોવા છતાં તેઓને શ્રીકૃષ્ણના આનંદનો અનુભવ કરવા યોગ્ય દેહ પ્રાપ્ત થાય છે. શ્રીયમુનાષ્ટકના સાતમા શ્લોકમાં આવા જ નવિન દેહ માટે પ્રાર્થના કરેલી છે. પછી ભક્તોનો નિત્યલીલામાં પ્રવેશ થાય છે, તેને મુક્તિ કહેલી છે. નિરોધની લીલા સમયે ભક્તોમાં સાધારણ માયાના (સત્ત્વ, રજસ્ અને તમસ્) ગુણો હોતા નથી, છતાં લીલાના ભક્તોનું નિયમન કરનારી અંતરંગ માયાના ગુણો તેઓમાં હોવાથી, પુરાણોમાં તેઓનો લૌકિક પુરુષો જેવો વ્યવહાર વર્ણવેલો છે. અંતરંગ યોગમાયાના ગુણો દૂર થતાં, ભક્તોની નિત્યલીલામાં પ્રવેશરૂપ મુક્તિ થાય છે. તેથી 'અન્યથારૂપનો ત્યાગ કરીને (સ્વરૂપમાં સ્થિતિ) એ મુક્તિ' શ્રીમદ્ભાગવત ૨।૧૦।૬ . એવું મુક્તિનું લક્ષણ હોવાથી મુક્તિલીલામાં ભક્તોમાં શુદ્ધ નિર્ગુણપણું હોય છે, કારણ કે સગુણપણું એ અન્યથારૂપ છે. એવો નિરોધ અને મુક્તિમાં ભેદ છે. (યો)

નિરોધની વ્યાખ્યા શ્રીમદ્ભાગવત ૨।૧૦।૬માં આપેલી છે, તેમાં 'અસ્ય' 'આમનું' સર્વનામ ભગવાન્ માટે યોજેલું છે. (તેથી આ કારિકામાં તે લક્ષણનો અર્થ કરતાં 'આમનું' એટલે 'હરિ શ્રીકૃષ્ણનું' કહેલ છે.) શ્રીધર 'અસ્ય' એટલે 'જીવનું' એવો અર્થ કરે છે તે યોગ્ય નથી. (કા)

**નૈમિત્તિકો નિરોધોऽન્યો ધર્મગ્લાનિનિમિત્તતઃ ।।કા.૧૦।।**
**સ ચાત્ર નૈવ સદ્ગ્રાહ્યો હરિણા દુષ્ટભૂભુજામ્ ।।**
**આદ્યન્તયોરિહાભાવાદ્ મુક્તાવપ્યનુવૃત્તિતઃ ।।કા.૧૧।।**

**લક્ષણસ્યાપ્રવેશશ્ચ લીલાધિક્યં તથા ભવેત્ ।।**
**તદર્થં જન્મકરણં પૃથાસ્તોત્રવિરોધિ હિ ।। કા.૧૨ ।।**

ધર્મના ક્ષયના કારણથી હરિએ દુષ્ટ રાજાઓનો પ્રાસંગિક નાશ કર્યો તે જૂદો છે. સત્પુરુષોએ તેને અહિં સ્કંધના અર્થ તરીકે માનવો નહિ; કારણ કે આ સ્કંધમાં આરંભમાં અને અંતમાં તે નથી, અને વળી મુક્તિમાં તે ચાલુ રહે છે. (એ) વિષયનો પ્રવેશ નથી; તેમ કરવાથી (પ્રવેશ ગણવાથી) લીલામાં અધિકતા થાય છે તે માટે (ભગવાનનો) જન્મ કહેવો તે કુંતીની સ્તુતિથી વિરુદ્ધ છે. કા. ૧૨.

એ પ્રમાણે પોતાના સિદ્ધાંત પ્રમાણે નિરોધનું લક્ષણ કહી, 'દુષ્ટ રાજાઓનો નાશ એ નિરોધ' એવા મતનું ખંડન કરે છે. ભગવાને ધર્મના ક્ષયના કારણથી દુષ્ટ રાજાઓનો પ્રાસંગિક(અમુક સમયે કરેલો) નાશ દશ પ્રકારની લીલાથી જૂદો છે. તે નાશને સત્પુરુષોએ આ સ્કંધનો અર્થ માનવો નહિ, પરંતુ ભગવાનમાં આસક્તિરૂપ નિરોધનું તે માત્ર અંગ જ છે. પૂતના, કંસ વિગેરેને મારીને ભગવાને વસુદેવ નંદ વિગેરેની પોતામાં આસક્તિને દૃઢ જ કરી છે તેને નીચે કારિકા ૧૧।૧૨ માં જણાવેલા કારણોથી સ્કંધનો અર્થ ગણી શકાય નહિ. (કા)

આ સ્કંધના પહેલા અને છેલ્લા પ્રકરણમાં ભગવાને દુષ્ટ રાજાઓનો નાશ કરેલો નથી. તેથી એ પ્રકરણમાં તે નહિ હોવાથી આખા સ્કંધનો અર્થ તે કહી શકાય નહિ. સ્કંધનો અર્થ એવો હોવો જોઈએ કે જે આખા સ્કંધમાં પ્રસરેલ હોય, તેમ નહિ હોવાથી એ સ્કંધનો અર્થ નથી. વળી મુક્તિ એટલે અગિઆરમા સ્કંધમાં પણ ભગવાને દુષ્ટોનો નાશ કરેલો છે. તેથી તે અગીઆરમા સ્કંધનો પણ અર્થ ગણાય. આમ હોવાથી દુષ્ટ રાજાઓના નાશનો ભગવાનની દશ પ્રકારની લીલામાં સમાવેશ થતો નથી; તેથી તે ભાગવતમાં જણાવેલી લીલા નથી. છતાં તેને દુરાગ્રહથી ભાગવતમાં કહેલી લીલા ગણવામાં આવે તો તે દશ પ્રકારની લીલાથી જૂદી હોવાથી, અને ભાગવતમાં કહેલી લીલા હોવાથી તે અગીઆરમી લીલા થઈ જાય. (ટિ+કા)

વળી દુષ્ટોનો નાશ કરવો એ ભગવાનના જન્મનું પ્રયોજન હતું, એમ માનીએ તો શ્રીમદ્ભાગવત(૧।૮।૧૯)માં 'ભગવાનનું પ્રાકટ્ય પરમહંસોને ભક્તિની પ્રાપ્તિ કરાવવા જ હતું' એમ કુંતીજી તેમની સ્તુતિમાં કહે છે તેનો વિરોધ થાય. તેથી દુષ્ટોના નાશરૂપ નિરોધ આ સ્કંધનો અર્થ નથી. કુંતીજીની સ્તુતિમાં શ્રીમદ્ભાગવત ૧।૮।૩૨માં અસુરોનો સંહાર કરવા ભગવાનનો જન્મ થએલ હોવાનું કહેલું છે, પરંતુ ત્યાં એમ કહેલું છે કે કેટલાક લોકો ભગવાનનો જન્મ એ

કાર્ય માટે થએલ હોવાનું કહે છે; એટલે ત્યાં જન્મનું એ પ્રયોજન પૂર્વપક્ષ તરીકે કહેલું છે. શ્રીસુબોધિનીમાં ૧।૮।૩૪ ના આભાસમાં એ પૂર્વપક્ષ તરીકે કહેલ હતું, એમ સ્પષ્ટ કહેલ છે. (તેથી દુષ્ટોનો નાશ એ આ સ્કંધનો અર્થ નથી.) (કા)

**કાર્યકારણહાનિશ્ચ પ્રક્રાન્તત્યાગ એવ ચ ।।કા.૧૨।। ।।**

કાર્ય અને કારણ(ના ભાવ)ની હાનિ થાય છે, અને પ્રારંભેલાનો ત્યાગ જ થાય છે. કા.૧૨।।.

દશમા સ્કંધનો અર્થ આશ્રય છે, એમ માનવામાં બીજાં દૂષણો પણ છે તે અહિં કહેલાં છે. (કા)

(સર્ગ વિસર્ગ વિગેરે પહેલાં કહેલાં) નવ લક્ષણોનું જ્ઞાન થયા પછી આશ્રયનું જ્ઞાન થાય. આ નવ લક્ષણોનું જ્ઞાન કારણ છે, અને આશ્રયનું જ્ઞાન કાર્ય છે. જો દશમા સ્કંધનો અર્થ આશ્રય હોય અને નિરોધ ન હોય તો, ઉપર જણાવેલા કારણ અને કાર્યના ભાવની હાનિ થાય છે. વળી 'દશમા (આશ્રય)ની વિશુદ્ધિ માટે ભાગવતમાં નવનાં લક્ષણ કહેલાં છે' એમ ૨।૧૦।૨ માં આ લક્ષણો કહેવાનો આરંભ કરેલો છે, છતાં જો પહેલાં નવ કહ્યા વિના આશ્રયનું નિરૂપણ કરવામાં આવે તો એ પ્રારંભેલા (પ્રારંભમાં કહેલી પ્રતિજ્ઞા)નો ત્યાગ જ થાય. (ટિ).

**ભક્તત્વાદ્ ભુવ ઉદ્ધારો ભારહારાદ્ નિરૂપિતઃ ।।કા.૧૩।।**

ભૂમિ ભક્ત હોવાથી, ભાર હરીને તેનો ઉદ્ધાર કહેલો છે. કા.૧૩.

'દુષ્ટોના નાશરૂપ નિરોધ દશમા સ્કંધનો અર્થ ન હોય તો ૧૦।૧।૧૭ થી ભૂમિના ઉદ્ધાર સંબંધી કથા કહી તેની સંગતિ કેમ થાય ?' એવી શંકા થાય, તેનો આથી નિરાસ કરે છે. ભૂમિ ભક્ત હોવાથી જ ભગવાન્ તેનો દુઃખમાંથી ઉદ્ધાર કરે છે. તેથી ભૂમિના ઉદ્ધારની કથા એ પણ ભક્તના ઉદ્ધારની જ કથા છે. આ પ્રમાણે એ કથાની સંગતિ થાય છે. (પ્ર)

તત્ત્વદીપ નિબંધ ૩।૧૦।૧૬ માં 'પહેલાં (નવમા સ્કંધમાં) ભક્તો કહેલા, તેમનો મુક્તિ માટે નિરોધ કરવાનો છે' એમ સંગતિ જણાવેલી છે. તે સંગતિનું સૂચન કરતાં, ભૂમિ પણ ભક્ત જ હોવાથી તેનો ઉદ્ધાર ભગવાન્ કરેલો છે એમ કહે છે. (લે)

તેથી પહેલાંનો સ્કંધ કારણ અને પછીનો કાર્ય એવી સંગતિ પ્રમાણે આ સ્કંધનો અર્થ નિરોધ જ છે, પણ દુષ્ટ રાજાઓનો નાશ નથી એવો ભાવ છે. (કા)

**પ્રકટઃ પરમાનન્દો યદા ભૂમેસ્તદૈવ હિ ।।**
**મર્દનક્લેશહાનિઃ સ્યાદ્ ઈતિ તસ્યાઃ સમુદ્યમઃ ।।કા.૧૪।।**

જ્યારે પરમાનંદ પ્રકટ થાય ત્યારે જ ભૂમિના મર્દનના દુઃખનો નાશ થાય, તેથી તેણે (ભૂમિએ) સારી રીતે ઉદ્યમ કર્યો. કા.૧૪.

'ભૂમિના ભારરૂપ રાજાઓ હતા તેઓનો ભગવાને જન્મપ્રકરણમાં નાશ કર્યો નથી. તેથી જન્મપ્રકરણમાં ભૂમિનો દુઃખમાંથી ઉદ્ધાર કેવી રીતે થયો ?' એવી શંકાનો આ કારિકા નિરાસ કરે છે. ભૂમિ ઉપર પાપ બહુ વધવાથી તેને ભાર થાય છે. માણસો બહુ વધવાથી ભાર થતો નથી, કારણ કે બીજા સમયે પણ માણસો અને પર્વતો વિગેરે (તો ભૂમિ ઉપર) હોય છે જ. ભગવાનનું પ્રાકટ્ય થતાં, જેમ સૂર્ય ઉગતાં અંધકારનો નાશ થાય તેમ પાપનો નાશ થયો અને તેથી ભૂમિનો ભાર ગયો. આ ૧૦।૨।૩૮ માં સ્પષ્ટ છે. ભૂમિએ પહેલા અધ્યાયમાં પોતાનો ભાર દૂર કરવા સારી રીતે એટલે સફલ થાય તેવો ઉદ્યમ કરેલો છે, તેથી પહેલા અધ્યાયમાં પણ તેના દુઃખની હાનિની કથા કહેલી જ છે. (પ્ર)

જ્યારે પરમાનંદ એટલે પુરુષોત્તમ જ પ્રકટ થાય ત્યારે જ ભૂમિના દૈત્યોએ કરેલા મર્દનનું દુઃખ જાય, તેથી એ દુઃખ મટે તેવા હેતુથી ભૂમિએ ઉદ્યમ કરેલો છે, એટલે બ્રહ્માને શરણ જઈ તેમની મારફત ભગવાનની સમીપ ગઈ. (કા)

**બ્રહ્મરુદ્રાદિદેવાનામ્ અત એવાન્યસંશ્રયઃ ।।**
**ભક્તાનામેવ નિસ્તારઃ કૃતઃ કૃષ્ણેન સંસૃતેઃ ।। કા.૧૫ ।।**
**અતો નિરોધો ભક્તાનાં પ્રપઞ્ચસ્યેતિ નિશ્ચયઃ ।।**

તેથી જ બ્રહ્મા, રુદ્ર વિગેરે દેવોએ બીજાનો આશ્રય કરેલો છે. શ્રીકૃષ્ણે સંસારમાંથી ભક્તોનો જ ઉદ્ધાર કરેલો છે. તેથી ભક્તોના પ્રપંચનો નિરોધ (લય) (એ જ આ સ્કંધનો અર્થ છે) એવો નિશ્ચય છે. કા.૧૫।।.

બ્રહ્મા, રુદ્ર વિગેરે દેવો ભક્તો હોવા છતાં અધિકારિઓ હોવાથી, જે માત્ર ભક્ત જ હતી તેવી ભૂમિ તેમનાથી અધિક હતી એવો ભાવ છે. તેથી તે દેવોએ ભક્તોમાં જ આવેશ કરી ભગવાનની સેવા કરી, પરંતુ સ્વતંત્ર રીતે કરી નહિ એવો અર્થ છે. અથવા ભગવાનનો આવિર્ભાવ થાય એ આ દેવોને પણ ઈષ્ટ હોવા છતાં, તેમનામાં તેવી (ભૂમિ જેવી) આર્તિ નહિ હોવાથી તેઓ પોતે ભગવાનને વિજ્ઞપ્તિ કરી શક્યા નહિ, પરંતુ તેવી (કેવલ ભક્ત) ભૂમિને આગળ કરીને જ વિજ્ઞપ્તિ કરી શક્યા એવો અર્થ છે. (ટિ)

'શ્રીમદ્ભગવદ્ગીતા ૪।૭ પ્રમાણે પ્રલયરૂપ પ્રાસંગિક નિરોધ પણ ભગવાન જ કરે છે, અને લક્ષણ જેમાં આપેલાં છે તે વાક્યનો વિચાર કરતાં નિરોધનો અર્થ પ્રલય કરેલો છે; તેથી પ્રાસંગિક પ્રલય જ સ્કંધનો અર્થ કેમ ન

કહેવાય ?' એવી શંકાનો આ કારિકામાં નિરાસ કરે છે. નવમા સ્કંધમાં ભક્તો કહેલા છે, અને ભક્તોના સંસારનો જ લય કહેલો છે. તેથી અહિં પણ ભક્તોના જ પ્રપંચનો લય કહેવો યોગ્ય છે, તેથી સ્કંધનો અર્થ પ્રાસંગિક પ્રલય નથી, એવો અર્થ છે. (પ્ર)

ભક્તોનો જ ઉદ્ધાર ભગવાને કરેલો હોવાથી, તેમના જ પ્રપંચનો નિરોધ એટલે પ્રપંચના વિસ્મરણરૂપ તેનો (પ્રપંચનો) આત્યંતિક (સર્વથા) પ્રલય જ આ સ્કંધનો અર્થ કહેવો જોઈએ, કારણ કે બારમા સ્કંધમાં આત્યંતિક પ્રલયને જ મોક્ષરૂપ માનેલો છે. તેથી 'નિરોધ' શબ્દનો અર્થ પ્રલય લેવામાં આવે તો પણ આ સ્કંધનો અર્થ 'ભક્તોની ભગવાનમાં આસક્તિના અંગરૂપ તેઓના પ્રપંચનો વિસ્મરણરૂપ પ્રલય' જ થઈ શકે, પરંતુ દુષ્ટ રાજાઓનો નાશ થઈ શકતો નથી. (કા)

**યાવદ્ બહિઃસ્થિતો વહ્નિઃ પ્રકટો વા વિશેદ્ ન હિ ।। કા.૧૬ ।।**
**તાવદ્ અન્તઃસ્થિતોऽપ્યેષ ન દારુદહનક્ષમઃ ।।**
**એવં સર્વગતો વિષ્ણુઃ પ્રકટશ્ચેન્ન તદ્વિશેત્ ।। કા.૧૭ ।।**
**તાવદ્ ન લીયતે સર્વમ્ ઈતિ કૃષ્ણસમુદ્યમઃ ।।**
**રૂપાન્તરં તુ નટવત્ સ્વીકૃત્ય ત્રિવિધાન્ નિજાન્ ।। કા.૧૮ ।।**
**પ્રપઞ્ચાભાવકરણાદ્ ઉજ્જહારેતિ નિશ્ચયઃ ।।**

જ્યાં સુધી બહાર રહેલો અથવા પ્રકટ થએલો અગ્નિ કાષ્ઠમાં પ્રવેશ કરે નહિ, ત્યાં સુધી અંદર રહેલો હોવા છતાં અગ્નિ કાષ્ઠ બાળવા શક્તિમાન થતો નથી. તેવી જ રીતે સર્વમાં રહેલ વિષ્ણુ પ્રકટ થઈ તેમાં પ્રવેશ કરે નહિ ત્યાં સુધી સર્વનો લય થાય નહિ. તેથી શ્રીકૃષ્ણે ઉદ્યમ કર્યો. (તેમણે) નટની પેઠે બીજું રૂપ ગ્રહણ કરી ત્રણ પ્રકારના પોતાના ભક્તોને પ્રપંચરહિત કરી, તેઓનો ઉદ્ધાર કર્યો એવો નિશ્ચય છે. કા.૧૬ થી ૧૮।।.

ભક્તોના પ્રપંચનો લય દશમા સ્કંધમાં સ્પષ્ટ દેખાતો નથી, તેથી ભગવાન્ કેવી રીતે તેમના પ્રપંચનો લય કરે છે એ આ ત્રણ કારિકાઓમાં કહેલું છે. વળી ભગવાને પોતે અપ્રકટ રહીને જ ભક્તોનો નિરોધ કેમ ન કર્યો, તેનું કારણ પણ આ કારિકાઓમાં જણાવેલું છે. વસ્તુનો સ્વભાવ જ એવો છે (કે તે પ્રકટ થયા વિના કાર્ય થતું નથી.) વળી ભગવાને પોતે પ્રકટ થવા માટે જે ઉદ્યમ કર્યો તે પણ પ્રાકટ્યનું અંગ હોઈ, બીજા અધ્યાયમાં તેનું નિરૂપણ કરેલું છે. તે જ પ્રમાણે ભગવાને બીજું રૂપ ત્રીજા અધ્યાયમાં ગ્રહણ કર્યું તે પણ પ્રાકટ્યનું અંગ છે. આથી

એમ સિદ્ધ થાય છે કે દશમા સ્કંધનો અર્થ ભગવાનનું પ્રપંચમાં રમણ છે, અને તેનું ફલ ભક્તોનાં પ્રપંચનો લય છે. એ લય કેવો છે, તે ઉપરની પહેલી બે કારિકાઓમાં જણાવેલું છે. એ લય લોકમાં પ્રસિદ્ધ છે તેવો પ્રલય નથી. તે ઉપરની પહેલી બે કારિકાઓમાં જણાવ્યો તેવો હોવાથી આ સ્કંધમાં પ્રલયલીલા જણાવેલી છે અને તે ભગવાનની લીલા છે. આવો જ પ્રલય આખા સ્કંધમાં રહેલો છે. (પ્ર)

'સર્વમાં રહેલ અપ્રકટ ભગવાન જ ભક્તોના પ્રપંચનો લય કરે, તે માટે અવતાર લેવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી ઉપરની પહેલી બે કારિકામાં દષ્ટાંતપૂર્વક અવતાર લેવાનું પ્રયોજન કહેલું છે. 'અવતાર લેવાની આવશ્યકતા હોય તો પણ ૧૦।૩।૯ થી ૧૦ માં વર્ણવેલા ભગવાનના અદ્‌ભુત રૂપથી જ કાર્ય સિદ્ધ થાય, છતાં ભગવાને બીજું (પ્રાકૃત)રૂપ ગ્રહણ કેમ કર્યું ?' એવી શંકા થાય, તેથી ઉપરની ત્રીજી કારિકામાં બીજું રૂપ ગ્રહણ કરવાનું કારણ કહેલું છે. જેમ નટ બીજું રૂપ ધારણ કરે છે પણ સ્વરૂપથી તેનો તે જ (માણસ) છે, તેમ ભગવાન્ બીજું રૂપ ધારણ કરવા છતાં ભગવાન જ રહે છે. ત્રણ પ્રકારના (સાત્ત્વિક, રાજસ અને તામસ) ભક્તો પોતપોતાના ભાવને અનુકૂલ ક્રિયાઓથી જ ભગવાનમાં આસક્તિવાળા થાય. તેથી ભગવાને તેવી ક્રિયાઓ કરવા માટે બીજાં પ્રાકૃત રૂપને ગ્રહણ કર્યું. આ અર્થ પાંચમા અધ્યાયનાં શ્રીસુબોધિનીની પ્રારંભની છઠ્ઠી કારિકામાં કહેલો છે. ભગવાને એવું રૂપ ગ્રહણ કરી ભક્તોને પ્રપંચરહિત કરી સંસારમાંથી તેઓનો ઉદ્ધાર કર્યો એવો અર્થ છે. (લે)

કાષ્ઠની બહાર રહેલો અગ્નિ, અથવા મથન વિગેરેથી કાષ્ઠમાંથી જ પ્રકટ થએલો અગ્નિ જ્યાં સુધી કાષ્ઠમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી કાષ્ઠની અંદર રહેલો અગ્નિ તેને બાળી શકતો નથી. તેવી જ રીતે સર્વમાં (અપ્રકટ રીતે) રહેલ વિષ્ણુ જ્યાં સુધી પોતે પ્રકટ થઈ ભક્તોના હૃદય વિગેરેમાં પ્રવેશ ન કરે, ત્યાં સુધી સર્વનો એટલે ભક્તોના દેહ, ઈન્દ્રિય વિગેરેનો લય થતો નથી, એટલે તેઓ લૌકિક મટી અલૌકિક થતા નથી એવો અર્થ છે. તેથી એ કાર્ય માટે ભગવાને અવતાર લીધો. ૧૦।૨।૧૬ માં ભગવાને અવતાર ધારણ કરવા ઉદ્યમ કર્યો તે કહેલો છે. આ ઉદ્યમ અવતારનું અંગ છે. અને અવતાર નિરોધનું અંગ છે. (નિરોધ માટે ભગવાને અવતાર લીધો, અવતાર લેવા ઉદ્યમ કર્યો) એ રીતે બીજા અધ્યાયના અર્થ 'ઉદ્યમ'ની આ પ્રકરણ તથા સ્કંધમાં સંગતિ થાય છે. ત્રીજી કારિકામાં ભગવાને બીજું રૂપ ગ્રહણ કર્યું તેની સ્કંધનાં અર્થ સાથે સંગતિ જણાવેલી છે. ભગવાને ૧૦।૩।૪૬ માં જણાવેલ બીજું રૂપ નટની પેઠે ગ્રહણ કરી, તામસ રાજસ અને

સાત્ત્વિક ભાવવાળા પોતાના ભક્તોનો ઉદ્ધાર કર્યો. (કા)

**પઞ્ચ પ્રકરણાન્યત્ર ચતુર્ભિર્જન્મ સત્પતેઃ ।। કા.૧૯ ।।**
**અષ્ટાવિંશતિભિઃ પૂર્વં તામસત્વાદ્ વ્રજોદ્ધૃતિઃ ।।**
**તથૈવ રાજસાનાં ચ યાદવાનાં વિશેષતઃ ।। કા.૨૦ ।।**
**સાત્ત્વિકાનેકવિંશત્યા નિઃપ્રપઞ્ચાઁશ્ચકાર હ ।।**
**ભગવાનેવ નાન્યોઽત્ર તદર્થં ષડ્ ભગાભિધાઃ ।। કા.૨૧ ।।**

અહિં પાંચ પ્રકરણો છે. (૧) ચાર (૧ થી ૪) અધ્યાયોથી સત્પુરુષો-(ભક્તો)ના પતિનો જન્મ (કહેલો છે), (૨) પછી ૨૮(૫ થી ૩૨) અધ્યાયોથી વ્રજ તામસ હોવાથી, પ્રથમ તેનો ઉદ્ધાર (કરેલો છે.) (૩) તેવી જ રીતે (૩૩ થી ૪૬ પૂર્વાર્ધના અને પહેલા ચૌદ ઉત્તરાર્ધનાથી એમ ૨૮ અધ્યાયોથી) રાજસોનો અને ખાસ કરી યાદવોનો (ઉદ્ધાર કહેલો છે). (૪) સાત્ત્વિકોને ૨૧ (ઉત્તરાર્ધના ૧૫ થી ૩૫ સુધીના) અધ્યાયોથી (ભગવાને) પ્રપંચરહિત કરેલા છે. (૫) અહિં (એ પ્રમાણે ઉદ્ધાર કરનાર) ભગવાન જ છે, બીજો કોઈ નથી એમ જણાવવા છ (ઉતરાર્ધના ૩૬ થી ૪૧) અધ્યાયો 'ભગ' જણાવનારા છે. કા.૧૯ થી ૨૧.

એવી રીતે સ્કંધના અર્થનો વિચાર કરી ઉપરની કારિકાઓમાં પ્રકરણના વિભાગ પાડે છે. પહેલા ચાર પ્રકરણોના અધ્યાયોની સંખ્યા કહી, ગુણપ્રકરણના અધ્યાયોની સંખ્યા અને ઉપપત્તિ જણાવેલી છે.

આ સ્કંધમાં નિરોધ કરનાર ઐશ્વર્ય વિગેરે (છ) ગુણોવાળા (ભગવાળા) ભગવાન જ છે, પરંતુ બીજો કોઈ ધર્મરહિત નથી એમ જણાવવા ઐશ્વર્ય, વીર્ય, યશઃ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણો એટલે ભગનું નિરૂપણ છેલ્લા છ અધ્યાયોથી કરેલું છે. આ પ્રકરણ ગુણપ્રકરણ કહેવાય છે. (કા)

'આ સ્કંધમાં નિરોધ કરનાર ભગવાન જ છે, અને બીજો કોઈ એટલે અંતર્યામી, આધિદૈવિક એવો કોઈ અંશ નથી (તત્ત્વદીપ નિબંધ ૩।૧૦।૨૨ થી ૨૩)' એમ જણાવવા ભગનું નિરૂપણ કરેલું છે. (પ્ર)

નિરોધ કરનાર ભગવાન જ છે, પણ બહિર્મુખો શંકા કરે તેમ માયાના પ્રાકૃત ગુણોના સંબંધવાળો કોઈ નથી એમ જણાવવા, ભગનું નિરૂપણ કરેલ છે. આ અર્થ ૧૦।૨૬।૪૨ ઉપરનાં ટિપ્પણીમાં કહેલ છે. એ પ્રમાણે પ્રકરણોના વિભાગ પ્રમાણે પણ સ્કંધનો અર્થ નિરોધ જ છે એમાં કાંઈ સંશય કરવાપણું રહેતું નથી. (લે)

**ચતુર્મૂર્તેર્જન્મતોઽત્ર તથાધ્યાયા નિરૂપિતાઃ ।।**

**તત્તત્પ્રકરણે તેષામ્ ઉપયોગસ્તુ વક્ષ્યતે ।। કા.૨૨ ।।**

અહિં (જન્મપ્રકરણમાં) ચાર મૂર્તિવાળાનો જન્મ કહેલ હોવાથી તે જ રીતે (તેટલા જ) અધ્યાયો કહેલા છે. તેઓનો ઉપયોગ તો તે તે પ્રકરણમાં (અધ્યાયમાં) કહેશે. કા.૨૨.

એ પ્રમાણે પ્રકરણોના વિભાગ કરી, આ કારિકામાં ચાર અધ્યાયોથી જન્મપ્રકરણ કહેવાનું કારણ જણાવે છે. વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધનો એ ચાર અધ્યાયમાં પોતપોતાનું કાર્ય કરવા આર્વિભાવ થયો એમ જાણવું. તત્ત્વદીપ ૩।૧૦।૨૫ થી ૨૭ માં આ જણાવેલ છે. (કા)

**હેતૂદ્યમસ્વીકરણ-કાપટ્યૈઃ પ્રથમો મહાન્ ।।**
**પ્રદ્યુમ્નશ્ચાનિરુદ્ધશ્ચ વાસુદેવસ્તથાપરઃ ।। કા.૨૩ ।।**

હેતુ, ઉદ્યમ, (બીજા રૂપનો) સ્વીકાર અને કાપટ્યથી પ્રથમ (પહેલા પ્રકરણના અર્થરૂપ ભગવાન્) મોટા છે, (અને) પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, વાસુદેવ તથા બીજા (સંકર્ષણરૂપ) છે. કા.૨૩.

અહિં હેતુ, ઉદ્યમ, સ્વીકાર અને કાપટ્ય એ ચારથી આ જન્મપ્રકરણના ચાર અધ્યાયોના અર્થ અનુક્રમે કહેલા છે. આ ચાર અધ્યાયોના અર્થરૂપ અવયવોથી પ્રથમ એટલે પહેલા જન્મપ્રકરણના અર્થરૂપ ભગવાન્ મહાન્ અથવા અવયવી છે એવો અર્થ છે. આ સ્કંધમાં પાંચ પ્રકરણો છે, તેમાં જન્મરૂપ અર્થવાળું પહેલું પ્રકરણ છે. તે પ્રકરણ હેતુ વિગેરે અવયવોથી મહત્તા પામે છે એવો અર્થ છે. પહેલા અધ્યાયમાં જન્મનો હેતુ (કારણ) કહેલ છે. તે જન્મનું અંગ હોઈ જન્મપ્રકરણમાં કહેવું યોગ્ય છે. બીજા અધ્યાયમાં જન્મ માટે ભગવાનનો ઉદ્યમ કહેલો છે. તેને પણ જન્મ સાથે સંબંધ હોવાથી તે આ પ્રકરણમાં આવે છે. ત્રીજા અધ્યાયમાં ભગવાન્ બીજું (પ્રાકૃત) રૂપ સ્વીકારે છે. આ બીજા રૂપના સ્વીકારથી ભગવાનનો જન્મ થએલો જણાય છે. ભગવાને આ રૂપ સ્વીકાર્યું ન હોત તો ૧૦।૩।૯મા અને ૧૦મા શ્લોકોમાં જણાવેલ ભગવાનના રૂપથી 'આ ભગવાન જ છે' એવું જેઓને જ્ઞાન થએલ અને જે ૧૦।૩।૧૩ તથા ૧૦।૩।૨૪માં જણાવ્યા પ્રમાણે ભગવાનની સ્તુતિ કરે છે તે વસુદેવ અને દેવકીજીને ભગવાનના જન્મનું જ્ઞાન ન થાત, અને તેવું જ્ઞાન ન થાત તો (ભગવાન્ ઉપરના) સ્નેહને લીધે થતી બધી લીલા થઈ શકત નહિ. ભગવાને બીજું રૂપ સ્વીકારવાથી તેઓની 'આ મારો પુત્ર છે' એવી બુદ્ધિ થઈ, અને તેથી ભગવાનમાં સ્નેહ વિગેરે થયાં. તેથી બીજા રૂપના સ્વીકારથી ભગવાનના જન્મનું જ્ઞાન થએલ હોવાથી, તે રૂપના

સ્વીકારનું નિરૂપણ પણ આ પ્રકરણમાં કરવું યોગ્ય જ છે. ચોથા અધ્યાયમાં કાપટ્ય જણાવેલ છે, તે માયાનું કાર્ય છે. તે પણ જરુરી છે કારણ કે માયાથી જ ભગવાનનો જન્મ થાય છે. વાસ્તવિક રીતે તો બ્રહ્મનો જન્મ થતો જ નથી. તેથી જ ૧૦।૮૭।૪૮માં ભગવાનને 'દેવકીજન્મવાદઃ' કહેલા છે. તેથી જન્મ-પ્રકરણમાં માયાના કાર્યરૂપ નાટ્યને પણ કહેવું જોઈએ, કારણ કે ભગવાનનો જન્મ (વસ્તુતઃ નહિ હોવા છતાં) નાટ્યથી જ થાય છે. એવી રીતે આ ચારે અર્થની જન્મપ્રકરણમાં સંગતિ થાય છે. વાસ્તવિક રીતે તો પરબ્રહ્મ પુરુષોત્તમનો પ્રાદુર્ભાવ થાય છે, જન્મ થતો નથી. ભગવાનના પ્રાદુર્ભાવથી જ જન્મોત્સવ વિગેરે લીલા થાય છે. તેથી જ શ્રીશુક૧૦।૫।૧૨માં ગોપીઓએ 'અજન (જન્મરહિત ભગવાન)નું ગાન કર્યું' એમ કહે છે. 'દેવકીનંદન' 'યશોદાનંદન' વિગેરે નામો પણ (ભગવાનના) પ્રાકટ્યથી જ પડેલાં છે. આ પ્રકરણાર્થરૂપ ભગવાનનાં ચાર રૂપો છે. (યો)

આ કારિકાના ઉત્તરાર્ધમાં પ્રદ્યુમ્ન વિગેરે ચાર રૂપો કહેલાં છે, તે અનુક્રમ પ્રમાણે કહેલાં નથી, એમ તત્ત્વદીપનિબંધ ૩।૧૦।૨૫ થી ૨૭માં કહેલ અનુક્રમથી જાણવું. (ટિ)

નિબંધમાં કહ્યું છે તે પ્રમાણે આ ચાર અધ્યાયોમાં અનુક્રમે (૧) વાસુદેવ, (૨) સંકર્ષણ, (૩) પ્રદ્યુમ્ન અને (૪) અનિરુદ્ધનો આવિર્ભાવ થએલો છે. એમ જાણવું. (પ્ર+કા)

**હેતુશ્ચ ત્રિવિધો હ્યત્ર ગુણા ભક્તાહિતપ્રદાઃ ॥**
**કંસાદેઃ કાલતોઽજ્ઞાનાત્ ત્રિધા દુઃખં તુ તદ્ગતમ્ ॥ કા.૨૪ ॥**

અહિં ત્રણ પ્રકારનો હેતુ છે, કારણ કે ગુણો ભક્તોનું અહિત કરનારા છે. તેઓનું (ભક્તોનું) દુઃખ તો કંસથી, કાલથી અને અજ્ઞાનથી એમ ત્રણ પ્રકારનું છે. કા.૨૪.

સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો ભક્તોનું અહિત કરનારા હોવાથી ભગવાનને જન્મ લેવાનો હેતુ ત્રણ પ્રકારનો છે. ભક્તોનું દુઃખ પણ ((૧) કંસથી થએલ, (૨) કાલથી થએલ અને (૩) અજ્ઞાનથી થએલ(=કંસની મૂર્ખતાથી થએલ.-પ્ર.), એમ ત્રણ પ્રકારનું છે.) (ટિ)

ભક્તોનું દુઃખ એ (ભગવાનને જન્મ લેવાનો) હેતુ છે. અજ્ઞાનથી થએલ એટલે ૧૦।૧।૬૨, ૬૩માં કંસને નારદે બોધ કર્યો ત્યાર પછી ભગવાનનો અવતાર થશે એવું કંસને જ્ઞાન નહિ હોવાથી, એવા અવતારના તેના અજ્ઞાનથી

થએલ. જો કંસને એવું જ્ઞાન હોત કે હું આવું દુઃખ ભક્તોને દઉં તેથી ભગવાનનો અવતાર થશે, તો (તે એવું દુઃખ દેત નહિ અને) ભક્તોને એવું દુઃખ થાત નહિ, એવો ભાવ છે. (લે)

**ભૂમિર્માતા તથા ચાન્યે દુઃખભાજો હરિપ્રિયાઃ ।।**
**યથાયોગ્યં દુઃખમેષામ્ અત્રૈવેતિ નિરૂપ્યતે ।। કા.૨૫ ।।**

ભૂમિ, માતા અને તેવી જ રીતે બીજા હરિના ભક્તો દુઃખ પામનારા છે. એમના દુઃખનું અહિં જ યથાયોગ્ય નિરૂપણ કરવામાં આવે છે. કા.૨૫.

જેઓને દુઃખ થાય છે તે ત્રણ કહે છે. (૧) ભૂમિને કંસ વિગેરે (દુષ્ટ રાજાઓ)એ કરેલું દુઃખ થાય છે, (૨) કાલરૂપ આકાશવાણીએ માતા (દેવકી)ને દુઃખ કરેલ છે, અને (૩) બીજા બધા (ભક્તો)ને ભગવાનના અવતારના અજ્ઞાનથી દુઃખ થએલ છે. ભૂમિ અને માતાને પણ અજ્ઞાનથી દુઃખ થએલ છે, પરંતુ તેઓને વધારામાં કંસથી અને કાલથી દુઃખ થએલ છે, એમ જણાવવા કારિકામાં 'તથા ચ' 'અને તેવી જ રીતે' શબ્દો યોજેલા છે. તત્ત્વદીપ ૩।૧૦।૩૨ માં આ દુઃખોના નિવારણનો પ્રકાર પણ કહેલો છે. (લે)

**ત્રયં ભગવતા શક્યં દૂરીકર્તુમ્ ઈતીર્યતે ।।**
**પ્રશ્નોપ્યત્રાધિકઃ પ્રોક્તઃ સ્કન્ધદ્વિતયવર્તનઃ ।। કા.૨૬ ।।**

ત્રણે ભગવાનથી દૂર કરી શકાય તેવાં છે એમ કહેલું છે. અહિં બે સ્કંધમાં રહેલ (કથા સંબંધી) પ્રશ્ન પણ વધારામાં કહેલ છે. કા.૨૬.

ત્રણે એટલે ત્રણે દુઃખ (ભગવાનથી દૂર કરી શકાય તેવાં છે એમ) આ પહેલા અધ્યાયમાં કહેલું છે. આ દુઃખો ભગવાનથી જ નાશ થઈ શકે તેવાં હોવાથી, ભગવાનના જન્મનું તે કારણ ગણાય એ યોગ્ય જ છે. (પ્ર)

૧૦।૧।૧૧માં કરેલ પ્રથમ પ્રશ્ન અગીઆરમા સ્કંધમાં જણાવેલ પ્રમેય વિષયનો છે. બીજા પ્રશ્નો દશમા સ્કંધમાં કહેલ વિષયના સંબંધવાળા છે. (તેથી બે સ્કંધની કથા સંબંધી પ્રશ્ન છે). પહેલા અધ્યાયમાં ચાર પ્રકરણો છે. (૧) પ્રશ્નપ્રકરણ (૨) ભૂમિપ્રકરણ (૩) માતાપ્રકરણ અને (૪) બીજા (ભક્તો)નું પ્રકરણ. આ તત્ત્વદીપનિબંધ ૩।૧૦।૩૩ માં કહેલ છે, તેમજ ૧૦।૧।૧૭ પરનાં શ્રીસુબોધિનીજીમાં પણ કહેલ છે. (કા)

**અનુવાદઃ સ્તુતિઃ પ્રશ્ને ભક્તત્વજ્ઞાપકાવુભૌ ।।**
**અન્યથા હ્યતિગુપ્તાર્થં શ્રીશુકો વર્ણયેત્ કથમ્ ।। કા.૨૭ ।।**

પ્રશ્નમાં અનુવાદ અને સ્તુતિ બંને (પોતાનું) ભક્તપણું જણાવનારાં છે.

તેમ ન હોય તો શ્રીશુક ઘણો ગુપ્ત અર્થ શા માટે કહે ? કા.૨૭.

પહેલા અધ્યાયના પહેલા દોઢ શ્લોકથી અનુવાદ (રાજાએ પહેલાં સાંભળેલી કથાનો ભાવાર્થ તે કહે છે તે) કહેલો છે, અને ચોથા શ્લોકમાં કથાની સ્તુતિ કરેલી છે. તે બંને શ્રોતા (પરીક્ષિત્) ભક્ત છે એમ જણાવવા કહેલાં છે, કારણ કે જો તે ભક્ત ન હોય તો (શ્રીશુક અતિ ગુપ્ત કથા તેને શા માટે કહે ?) (લે+કા)

**અજ્ઞાનમ્ અન્યથાજ્ઞાનં કૃષ્ણગં વિનિવાર્યતે ।।**
**પ્રાણનત્વં કથાયાશ્ચ દયાસિદ્ધ્યૈ શુકસ્ય હિ ।। કા.૨૮।।**
**એવં પ્રશ્નો દ્વાદશભિઃ સમતો ગુણદોષગઃ ।।**

શ્રીકૃષ્ણ સંબંધી અજ્ઞાન અને અન્યથાજ્ઞાનનું (રાજા પ્રશ્નમાં) નિવારણ કરે છે, અને શુકની દયા પ્રાપ્ત કરવા કથાને જીવાડનારી કહે છે. એવી રીતે ગુણ અને દોષના સમાનપણાને લીધે બાર (શ્લોકો)થી પ્રશ્ન (કહેલો છે). કા.૨૮।।.

૧૦।૧।૫ (તથા ૬)થી ભગવાનનું માહાત્મ્ય જણાવી રાજા શ્રીકૃષ્ણના સંબંધી પોતાના અજ્ઞાન તથા અન્યથાજ્ઞાનનું નિવારણ કરે છે, એટલે 'તમે જે ભગવાનનું માહાત્મ્ય કહેશો તેમાં મને વિશ્વાસ રહેશે' એમ કહી, પોતે કથા શ્રવણ કરવાનો અધિકારી છે એમ જણાવે છે. ૧૦।૧।૧૩માં ભગવાનની કથા જીવાડનારી છે એમ શ્રીશુકની દયા પ્રાપ્ત કરવા કહે છે. આ શ્લોક પ્રશ્નનો નથી, તેથી પહેલા બાર શ્લોકોથી પ્રશ્ન કરેલો છે. (કા)

'ગુણ અને દોષના સમપણાને લીધે' શબ્દથી બાર શ્લોકોથી પ્રશ્ન કહેવાનું કારણ જણાવેલું છે. (ભગવાનના) છ ગુણો છે તેમજ (૧) પરદેશ જવું, (૨) ગર્ભનું ધારણ, (૩) મામાની હત્યા વિગેરે લોકમાં દોષ તરીકે પ્રસિદ્ધ થએલ ધર્મો પણ છ છે. આ બંને એટલે છ ગુણો અને છ દોષો સંબંધી પ્રશ્ન હોવાથી તે બાર શ્લોકથી કહેલો છે. જેમ ભગવાનના ગુણો ઉત્તમ છે તેમ જે છ દોષો (પ્રશ્નમાં કહેલા છે) તે પણ ઘણા ભારે દોષ લોકમાં ગણાય છે, તેથી તે બંને (ગુણ અને દોષ) સરખા હોવાથી, તેઓના સમાનપણાથી રાજાએ પ્રશ્ન કરેલો છે એવો અર્થ છે. 'સમતઃ' એમ ભાવના પ્રધાનપણાથી કહેલું છે. (ટિ)

છ ગુણો એટલે ઐશ્વર્ય વિગેરે ભગવાનના છ ગુણો. તે ગુણોથી વિરુદ્ધ દોષો છે. ટિપ્પણીમાં ત્રણ દોષ જણાવ્યા છે અને પછી 'વિગેરે' કહેલ છે તે 'વિગેરે' શબ્દથી (૪) પરજ્ઞાતિવાળા ગોપો સાથે વાસ, (૫) ઘણા સમય સુધી દ્વારકામાં વાસ અને (૬) ઘણી સ્ત્રીઓ હોવી, એ દોષો પ્રશ્નમાં જણાવેલા કહેલા

છે. આ દોષો અનુક્રમે વીર્ય, ઐશ્વર્ય, યશ, શ્રી, જ્ઞાન, અને વૈરાગ્યથી વિરુદ્ધ છે એ સ્પષ્ટ જ છે. (પ્ર)

કારિકાર્થ સંપૂર્ણ.

(આ) પહેલાના (નવમા) સ્કંધમાં ભક્તિનું પ્રતિપાદન કરેલું હોવાથી, (રાજા) ઉત્કંઠાપૂર્વક (પહેલાં) કહેલું તેનો અનુવાદ નીચેના દોઢ શ્લોકથી કરે છે :

રાજા કહે છે :

**કથિતો વંશવિસ્તારો ભવતા સોમસૂર્યયોઃ ।।**
**રાજ્ઞાં ચોભયવંશ્યાનાં ચરિતં પરમાદ્‌ભુતમ્ ।।૧।।**
**યદોશ્ચ ધર્મશીલસ્ય નિતરાં મુનિસત્તમ ।।**

સોમ અને સૂર્યના વંશોનો વિસ્તાર આપે કહ્યો; અને બંને વંશોમાં થએલા રાજાઓનું પરમ અદ્‌ભુત ચરિત (કહ્યું), અને ધર્મ (કરવાના) સ્વભાવવાળા યદુનું ચરિત સંપૂર્ણ રીતે (કહ્યું), હે ઉત્તમ મુનિ ! ૧ – ૧।।

સોમ અને સૂર્યના વંશોમાં થએલા રાજાઓ ભક્તો હોવાથી જ આપે તેઓના વંશોનો વિસ્તાર કહ્યો. (શ્રીકૃષ્ણનો જન્મ સોમવંશમાં થએલો હોવાથી તે બેમાં) સોમ વધારે માનનીય હોવાથી, તેનું નામ (અહિં) પહેલું કહ્યું છે. 'બેમાંથી એકના જ વંશનો વિસ્તાર કહ્યો હશે' એવી શંકા ન થાય, તે માટે તે બંનેના નામ આપેલાં છે. (તે બે) રાતે અને દિવસે સર્વનો સર્વ અંધકાર દૂર કરનારા હોવાથી, તેઓના વંશોનો વિસ્તાર કહેવો યોગ્ય છે તેથી, અને પહેલાં કહેલા અભિપ્રાયને[૧] કહેતાં, 'બંને વંશોમાં થએલા રાજાઓનું ચરિત્ર પણ કહ્યું' શબ્દોથી, રાજા પોતે યોગ્ય શ્રોતા[૨] છે એમ જણાવે છે. (તે રાજાઓ) જન્મથી[૩] જ ભક્તો હતા. તેઓનું ચરિત્ર પણ બીજાઓમાં ભક્તિ ઉત્પન્ન કરે તેવું હોવાથી, એટલે અંબરીષ વિગેરેનું ચરિત્ર તેવું હોવાથી, તેને જૂદું[૪] કહેલ છે. અહિં ('રાજાઓનું' શબ્દમાં) છઠ્ઠી વિભક્તિ ઉત્પત્તિનો સંબંધ[૫] દર્શાવનારી છે. 'ચ' 'અને' શબ્દથી એમ કહેલું છે કે

૧. 'પહેલાં કહેલો અભિપ્રાય' એટલે જે વાક્યનું વિવરણ કરવામાં આવે છે તે પહેલાં 'સોમ અને સૂર્યના' શબ્દથી 'રાતે અને દિવસે અંધકાર દૂર કરે છે' એમ કહ્યું તે અભિપ્રાય. (લે) 'પહેલા કહેલો અભિપ્રાય,' એટલે તે વંશના રાજાઓ ભક્તો હતા તે અભિપ્રાય.

૨. શ્રીશુકે જે કહેલ તે રાજા બરાબર કહી જાય છે, અને તેથી બરાબર અર્થ સમજી શ્રવણ કરે છે એમ જણાવી, પોતે યોગ્ય શ્રોતા છે એમ જણાવે છે. (લે)

૩. ભક્તોના વંશમાં જન્મેલા હોવાથી જન્મથી જ તેવા હતા, એવો ભાવ છે. (લે)

૪. 'જૂદું' એટલે 'વંશથી જૂદું.' (લે)

૫. આ છઠ્ઠી વિભક્તિ કર્તાના અર્થમાં યોજાએલી છે. 'રાજાઓનું ચરિત્ર' એટલે રાજાઓએ

ત્યાં ભગવાનનું ચરિત્ર પણ કહેલું છે. 'પરમ અદ્‌ભુત' શબ્દથી ખાસ અભિપ્રાયપૂર્વક (ચરિત) કહેવાનું અને (તે) શ્રવણ કરવાનું કારણ જણાવેલું છે. પરમથી એટલે ભગવાનથી અદ્‌ભુત, અથવા પરમા[૬] એટલે ભક્તિથી અદ્‌ભુત (તે પરમ અદ્‌ભુત).

યદુએ પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરેલું હોવાથી તે અધર્મપરાયણ હોવાથી, તેના (ચરિતને) કહેવું અયોગ્ય હતું એવી શંકા કરી, ઘડપણ ભગવાનના ભજનમાં વિઘ્ન કરનારું હોવાથી મુખ્ય પિતા (ભગવાન)ની સેવા માટે ગૌણ પિતા (યદુના પિતા યયાતિ)ની આજ્ઞાનું ઉલ્લંઘન યોગ્ય જ હતું, એમ 'ધર્મ (કરવાના) સ્વભાવવાળા' શબ્દથી (યદુનું નામ) જૂદું કહેવાનું કારણ (કહેલું છે.)[૭] ઘડપણથી ધર્મનો નાશ (થાય છે). 'શીલ' 'સ્વભાવ' શબ્દથી (યદુના) પિતાને ધર્મનું જ્ઞાન ન હતું એમ કહેલું છે, કારણ કે પુત્રના આયુષ્યથી તેની માતા સાથે સંબંધ (સંભોગ) કરવો ઘણું જ અયોગ્ય છે. તેથી[૮] ભગવાનનો અવતાર થયા પહેલાં જ પૂરુનો વંશ પૂરો થઈ ગયો. તેમ ન હોત (પૂરુનો વંશ પૂરો થયો ન હોત) તો[૯] તેઓની સાથે

---

કરેલું ચરિત્ર, એવો અર્થ છે. 'રાજા સંબંધી બીજાએ કરેલું' એવો અર્થ નથી. (લે+પ્ર)

૬. 'પરઃ' ભગવાન્ 'મીયતે' જાણવામાં આવે છે જેનાથી તે 'પરમા' એટલે ભક્તિ, એવો અર્થ છે. (લે)

૭. 'ધર્મ (કરવાના) સ્વભાવવાળા' પદથી સૂચવે છે. (લે)

૮. 'તેથી' એટલે 'અધર્મ થાય તેવું આયુષ્યનું (પૂરુએ તેના પિતાને) દાન કરેલું હોવાથી.' (પૂરુનો વંશ ભગવાનના અવતાર પહેલાં પૂરો થઈ ગયો. પાંડુ, ધૃતરાષ્ટ્ર અને વિદુર તો ક્ષેત્રજ પુત્રો હતા, પોતાના પિતાના બીજથી ઉત્પન્ન થએલ ન હતા, પરંતુ નિયોગથી વ્યાસજીએ ઉત્પન્ન કર્યા હતા.) (લે)

૯. જો પૂરુનો બીજથી ઉત્પન્ન થએલ વંશજ હોત તો પાંડુ વિગેરે સાથે કુંતી તથા સુભદ્રાનાં લગ્ન કરી ભગવાને સંબંધ કર્યો તે ન કરત, કારણ કે એવો સંબંધ કરવાથી પૂરુના બીજવાળા વંશજો સાથે તેમને સંબંધ હોવાથી, ભગવાન્ પણ તેઓની મારફત એવા પૂરુના બીજવાળા વંશજોના સંબંધી ગણાત. (લે) (ધર્મશાસ્ત્ર પ્રમાણે ચૌદ પ્રકારના પુત્રો હોય છે. (જૂઓ યાજ્ઞવલ્ક્યસંહિતા. ૨।૧૨૮ થી ૧૩૨) પતિ પોતાની ધર્મપત્નીમાં પુત્ર ઉત્પન્ન કરે તે ઔરસપુત્ર કહેવાય છે. પતિ સિવાય પતિના ગોત્રનો અથવા બીજા ગોત્રનો બીજો કોઈ, સ્ત્રીમાં પુત્ર ઉત્પન્ન કરે તો તે પુત્ર ક્ષેત્રજ પુત્ર કહેવાય છે.)

વિચિત્રવીર્ય દેવલોક પામ્યા પછી તેની સ્ત્રીઓમાં પરાશરમુનિ અને સત્યવતીના પુત્ર વ્યાસજીએ ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર એ ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા હતા (શ્રીમદ્‌ભાગવત ૯.૨૨।૨૫). તેથી એ ધૃતરાષ્ટ્ર વિગેરે પુરુવંશમાં ઉત્પન્ન થએલ રાજા વિચિત્રવીર્યના ક્ષેત્રજ પુત્રો હતા, ઔરસ પુત્રો ન હતા. પૂરુના વંશજનું બીજ તેઓમાં ન

ભગવાનનો સંબંધ પણ યોગ્ય ન થાત (ગણાત). ભીષ્મ વસુનો અવતાર હોવાથી, જો કે (ભગવાનનો) સંબંધ (તેને) થયો[૧૦] તો પણ દોષ[૧૧] તો તેનાથી[૧૨]જ થએલો હતો. વળી આગળ (શ્લોક ૫માં) તેઓને તિમિંગિલ(મઘરમચ્છ) કહેશે. તેથી યદુ, સ્વભાવથી જ ધર્મરૂપ હતો. તેથી જ તેનો વંશ સંપૂર્ણ રીતે કહ્યો એમ કહેલું છે. મનન(વિચાર) કરવાના સ્વભાવવાળા હોય તે 'મુનિઓ' (કહેવાય છે). તેઓમાં (મુનિઓમાં) પણ જેઓએ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેઓ સારા (મુનિઓ) (કહેવાય છે), અને તેવા (સારા મુનિઓ) પણ ભક્તો હોય તો ઉત્તમ (મુનિઓ) કહેવાય છે. 'હે ઉત્તમ મુનિ' એવું સંબોધન અનુવાદ અને પ્રશ્નની વચ્ચે કર્યું તે બંનેને લાગુ પડે[૧૩]તેવા પ્રયોજનથી કરેલું છે. (૧ – ૧।। )

એવી રીતે (પાછળ કહેલી કથાનો) અનુવાદ કરી, નીચેથી આરંભી દોઢ શ્લોકથી ભગવાનનાં વીર્યો અને ચરિત્રો પૂછે છેઃ

**તંત્રાશેનાવતીર્ણસ્ય વિષ્ણોર્વીર્યાણિ શંસ નઃ ।।૨।।**

તેમાં અંશથી અવતરેલા વિષ્ણુનાં વીર્યો અમને કહો. ૨.

'તેમાં' એટલે યદુના વંશમાં. સર્વ[૧] સ્થલે પ્રકટ થવાનું પ્રયોજન નહિ હોવાથી, અને સર્વત્ર પ્રકટ થાય તો પ્રપંચનો નાશ થઈ જાય તેથી તે જ વંશમાં દેવકીજીના ઘરના (અમુક) પ્રદેશમાં માયાને દૂર કરી જેમણે પરમાનંદ પ્રકટ કરેલો છે તેવા[૧] વિષ્ણુ એટલે વ્યાપક (સર્વ સ્થલે રહેલા)નાં વીર્યો અમને કહો. (પોતે પ્રકટ થયા) તેટલા પ્રદેશમાં તેવી રીતે (પરમાનંદ પ્રકટ કરીને) માયાને દૂર કરી, તેથી તે અંશ જ પ્રકટ થાય છે. 'ઉદાર લીલાથી કરેલા હાસ્યવાળી દષ્ટિથી ઉલ્લાસ પામતી બે ભ્રમરોના ભંગથી ઘણો અનુગ્રહ જેમણે સૂચવ્યો છે તેવા' સ્થલે બીજા

---

હતું. પૂરુવંશમાં ઉત્પન્ન થએલ માત્ર ભીષ્મ જ રહ્યા હતા, તેથી તેમના સંબંધમાં આગળ ખુલાસો કરેલો છે. (લે)

૧૦. ભીષ્મ વસુનો અવતાર હોવાથી અને વળી ભક્ત હોવાથી, પાંડુ વિગેરે સાથે સંબંધ કરવામાં તેને દોષ થતો ન હતો. (લે)

૧૧. 'દોષ' એટલે (ભીષ્મમાં રહેલ) આસુર આવેશ. (લે)

૧૨. 'તેનાથી જ' એટલે 'વંશથી જ'. (પૂરુનો વંશજ હોવાથી ભીષ્મમાં આસુર આવેશ હતો) (લે+પ્ર)

૧૩. 'ઉત્તમ મુનિ' સંબોધન અનુવાદને લાગુ પડે એટલે તેથી એમ સમજાય, કે એવા ઉત્તમ વક્તા પાસેથી શ્રવણ કર્યું તેથી યથાર્થ (બરાબર) જ્ઞાન થયું અને તેને લીધે ઉત્તમ અનુવાદ થઈ શક્યો. એ સંબોધન પ્રશ્નને લાગુ પડે એટલે તેથી એમ સમજાય, કે 'ભગવાનનાં વીર્યો કહો' એવો પ્રશ્ન એવા ઉત્તમ વક્તાને જ કરી શકાય. (લે)

૧ – ૧. આ ભાગથી 'અંશથી અવતરેલા' શબ્દનો અર્થ કહેલો છે. (લે)

સ્કંધનાં(૨।૨।૧૨) વિવરણમાં[2] આનો નિર્ણય કરેલો છે. શાસ્ત્રના અર્થનું બરાબર જ્ઞાન નહિ હોવાથી, લોકોને 'અંશ' અને 'ભગવાન્' શબ્દોથી[3] ભ્રમ થાય છે. અથવા અંશ અવતાર તરીકે પ્રસિદ્ધિ હોવાથી, રાજાએ પ્રશ્નમાં એ પ્રમાણે (અંશથી અવતરેલા) કહેલું છે. વંશનો સંબંધ પ્રદ્યુમ્નને જ હોવાથી, પ્રદ્યુમ્ન અંશથી ભગવાને અવતાર લીધો એમ કેટલાક કહે છે. અવતાર લેવો એટલે વૈકુંઠમાંથી ભૂતલ ઉપર પધારવું. એ તત્ત્વો દ્વારા પણ થાય, તેથી તેમ (તત્ત્વો દ્વારા અવતરણ) ન હતું પણ ભગવાને સાક્ષાત્ અવતાર લીધેલ એમ જણાવવા 'વિષ્ણુના' પદ યોજેલું છે. ભગવાનનું માહાત્મ્ય જાણવા માટે 'વીર્યો' સંબંધી પ્રશ્ન કરેલો છે. ચિંતન કરી ન શકાય તેવું ઐશ્વર્ય જણાવનારાં ચરિત્રો વીર્યો[4] છે. 'શંસ' એટલે કહો. સુભાષિત જેવાં હોવાથી શિખામણના રૂપે કહો એવો અર્થ છે. 'એમને' શબ્દથી રાજાએ પોતાને તેની (વીર્યોનું શ્રવણ કરવાની) ખાસ ઈચ્છા છે એમ જણાવેલું છે. ૨.

ભગવાનનું ચરિત્ર સ્વતંત્ર પુરુષાર્થરૂપ હોવાથી તેમનાં ચરિત્રો સંબંધી જ પ્રશ્ન કરતાં, 'મત્સ્ય વિગેરે અવતારોમાં પણ આ જ ભગવાને અવતાર લીધેલો હતો અને તેમનાં વીર્યો અને ચરિત્રો કહેલાં છે તેથી આ પ્રશ્ન નકામો છે' એવી શંકા નીચેના શ્લોકથી દૂર કરે છેઃ

**અવતીર્ય યદોર્વંશે ભગવાન્ ભૂતભાવનઃ ।।**
**કૃતવાન્ યાનિ વિશ્વાત્મા તાનિ નો વદ વિસ્તરાત્ ।।૩।।**

પ્રાણીઓનું રક્ષણ કરનાર વિશ્વાત્મા ભગવાને યદુના વંશમાં અવતાર

---

૨. આ વિવરણમાં ભગવાન્ 'દશલીલાવાળા પૂર્ણ છે' એમ કહેલું છે. તેથી ઉપર જણાવ્યું તેવું જ અંશપણું સિદ્ધ થાય છે એવો ભાવ છે. (લે)

૨।૭।૨૬ થી ૨।૭।૩૫ સુધીના દશ શ્લોકોમાં એ ૨।૨।૧૨ માં જણાવેલ પદનું વિવરણ કરેલું છે. આ દશ શ્લોકોથી ભગવાનની દશે લીલાઓ જણાવેલી છે. ૨।૨।૧૨ના આભાસનાં તથા એ દશ શ્લોક પરનાં શ્રીસુબોધિનીમાં આ સ્પષ્ટ કરેલ છે. તેથી દેવકીના (દેવકી હતાં તે) ઘરમાં અમુક પ્રદેશમાંથી માયાને દૂર કરી પરમાનંદ પ્રકટ કરી ભગવાન્ પ્રકટ થયા, તેથી જ અહિં 'અંશથી અવતરેલા' એમ કહ્યું છે. (સર્વ સ્થલે માયા દૂર કરી ભગવાન્ પરમાનંદ પ્રકટ કરે, તો સર્વ પ્રપંચનો નાશ થઈ જાય એ સ્પષ્ટ જ છે.) પરંતુ પ્રકટ થનાર પોતે દશ લીલાઓ કરનાર પૂર્ણપુરુષોત્તમ જ છે.

૩. અહિં 'અંશથી' પદ છે. 'કૃષ્ણ પોતે તો ભગવાન્ છે' ૧।૩।૨૮ માં 'ભગવાન્' પદ છે, તેથી લોકોને સંશય થાય છે કે શ્રીકૃષ્ણ અંશ છે કે પૂર્ણપુરુષોત્તમ ? સંશય પણ ભ્રમ જ છે. (લે)

૪. અહિં 'વીર્ય' સંબંધી પ્રશ્ન છે, આવતા ત્રીજા શ્લોકમાં ચરિત્ર સંબંધી પ્રશ્ન છે. તેથી વીર્ય અને ચરિત્રમાં ભેદ જણાવવા આ કહેલ છે. (લે)

લઈને જે (ચરિત્રો) કર્યાં તે અમને વિસ્તારથી કહો. ૩.

ભગવાને યદુના વંશમાં અવતાર લઈને જે ચરિત્રો કર્યાં તે બધાંએ કહો, એવો વાક્યનો સંબંધ છે. વીર્યો ઘણાં છે એમ કહેવા, 'વંશ' શબ્દથી લાંબા સમય સુધી ભગવાનની સ્થિતિ સૂચવે છે. તે બધુંએ ચરિત્ર ધર્મરૂપ પણ છે એમ કહેવા યદુ સાથેનો સંબંધ કહેલો છે. સમાસ ('યદુવંશ') નહિ કરવાથી ('યદુનાં વંશમાં' એમ કહેવાથી) તેથી (યદુથી) પણ (ધર્મમાં) અધિકપણું સૂચવેલું છે.

'વ્યસનને વશ થએલ હોવાને લીધે,[1] પ્રયોજન વિનાનાં ચરિત્ર કર્યાં હશે' એવી શંકા દૂર કરવા 'ભગવાન્' શબ્દ યોજેલો છે. પોતે જાણેલું સામાન્ય રીતે અવતારનું પ્રયોજન 'પ્રાણીઓનું રક્ષણ કરનાર' શબ્દથી રાજા કહે છે. પ્રાણીઓનું રક્ષણ કરે એટલે (તેમને ભગવાનના ભાવનો) અનુભવ કરાવે (તે 'ભૂતભાવનઃ') ભગવાન જ સંસારમાં રહેલા બંધન પામતા નથી, બીજાઓ તો બંધન પામે છે એવો નિશ્ચય હોવાથી, જો બીજાઓને પણ ભગવદ્‌ભાવથી[2] યોજવામાં આવે તો તેઓ કૃતાર્થ થાય, એવા પ્રયોજનથી ભગવાનનો અવતાર થાય છે. એવી રીતે અવતાર લઈને ભગવાને જે ચરિત્રો કર્યાં તે કહો.

પોતાની ઈચ્છાથી પણ સંસારમાં રહેલાઓને[3] મુક્તિનું દાન કરવાનું ભગવાનમાં સામર્થ્ય હોવા છતાં, ભગવાને જે ચરિત્રો કર્યાં તે ભવિષ્યમાં થનારાઓના ઉપયોગ[4] માટે જ કર્યાં એવો નિર્ણય થાય છે. તેથી જ વ્યાસનો અવતાર થયો, કારણ કે ચરિત્રો જાણવામાં આવે ત્યારે તેમનો ઉપયોગ થઈ શકે. 'વિશ્વાત્મા' શબ્દથી આ જણાવેલું છે. જો ભગવાન જ (પ્રાણીઓનું સ્વતંત્ર રીતે

---

૧. ભૂખ, તરસ, રોગ, કર્મ, જૂગાર, દારૂ અને વ્યભિચાર એ વ્યસનો છે. એવાં વ્યસનોને વશ થએલ હોય (તે પ્રયોજન વિનાનાં કર્મ કર્યા કરે) એવો અર્થ છે. ભગવાનના ઐશ્વર્ય વિગેરે છ ધર્મો અને ધર્મી ભગવાન્ એ સાત, આ સાત વ્યસનોથી વિરુદ્ધ હોઈ ભગવાનમાં વ્યસન નથી, એમ સિદ્ધ થાય છે એવો ભાવ છે. (લે)

૨. ભગવાનનો અવતાર થાય એટલે તેમનાં ચરિત્રનું શ્રવણ વિગેરે કરવાથી ભગવાનનો સંબંધ થાય, એટલે સંસારમાં ન બંધાવાનો ભગવાનનો ધર્મ ભક્તોમાં આવે તેથી તેઓ કૃતાર્થ અથવા મુક્ત થાય. (લે)

૩. ભગવાનના અવતાર સમયે જેઓ હોય, તેઓ બધાં ભગવાનની 'સર્વ મારાં દર્શન કરો' એવી ઈચ્છાથી જ મુક્ત થાય એવો અર્થ છે. (લે)

૪. 'ભવિષ્યમાં થનારાઓના ઉપયોગ માટે જ' એટલે 'ભગવાનનો અવતાર ન હોય તે સમયના જીવોના ઉદ્ધાર માટે જ' એવો અર્થ છે. (ટિ) ભગવાને ચરિત્ર કરેલાં હોય તેના શ્રવણ, મનન વિગેરેથી, આવા (ભગવાનનો અવતાર ન હોય તે સમયના) જીવો કૃતાર્થ થાય તે માટે.

હિત ન કરે (એટલે) હિત કરવા માટે બીજા ઉપર અગર તેઓના પ્રયાસ ઉપર આધાર રાખે), તો અન્યોન્યાશ્રય થાય. પોતાની મેળે (પ્રાણીઓનું હિત) કરવામાં વિશ્વાત્મપણું કારણ છે. તે બધાંએ ચરિત્રો પહેલાંની પેઠે(='સુભાષિતની પેઠે શિખામણરૂપે'.-લે.) અમને કહો. જો કે 'જન્મ લઈને...પિતાના ઘેરથી પધાર્યા' (ભાગવત ૯।૨૪।૬૬) સ્થલે અને બીજો સ્કંધ વિગેરે સ્થલે ભગવાનનું ચરિત્ર કહેલું છે તો પણ વિસ્તારથી કહો, એમ 'વિસ્તારથી' શબ્દથી વિજ્ઞપ્તિ કરે છે. ૩.

એવી રીતે ભગવાનનાં વીર્યો અને ચરિત્ર સંબંધી પ્રશ્ન કરી, નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી ચરિત્રનું અને ભગવાનનું માહાત્મ્ય કહે છે. ૧.અનુભવેલું અને ૨.નહિ અનુભવેલું એવા ભેદથી ભગવાનનું માહાત્મ્ય બે પ્રકારનું છે. તેમાં પ્રથમ નીચેના શ્લોકમાં ચરિત્રનું માહાત્મ્ય કહે છે :

**નિવૃત્તતર્ષૈરુપગીયમાનાદ્ ભવૌષધાત્ શ્રોત્રમનોઽભિરામાત્ ।**
**ક ઉત્તમશ્લોકગુણાનુવાદાત્ પુમાન્ વિરજ્યેત વિના પશુઘ્નાત્ ॥૪॥**

૧.જેઓની તૃષ્ણા જતી રહી છે તેવાઓ જેનું સમીપમાં ગાન કરે છે. ૨.જે ભવનું ઔષધ છે, અને ૩.કર્ણને તથા મનને સર્વ તરફથી આનંદ કરાવનાર છે તેવા ઉત્તમશ્લોકના ગુણોનો અનુવાદ જેમાં છે, તેનો પશુહત્યારા વિના કયા પુરુષને અણગમો થાય ? ૪.

**સ્વરૂપતઃ ફલતશ્ચાપિ મહાપુરુષયોગતઃ ॥કા.૨૯॥**
**વિષયોત્તમતશ્ચાપિ ચરિત્રં પરમં મતમ્ ॥**

સ્વરૂપથી ફલથી અને મહાપુરુષના સંબંધને લીધે ઉત્તમ વિષય હોવાને લીધે પણ ભગવાનનું ચરિત્ર પરમ (મોટું) મનાએલું (ગણાએલું) છે[1]. કા.૨૯॥.

---

૧.ઉપરના (ચોથા) શ્લોકમાં ભગવાનના ગુણાનુવાદનાં ત્રણ વિશેષણો આપેલાં છે. તે પૈકી પહેલું વિશેષણ આ ગુણાનુવાદ 'ફલરૂપ' છે એમ સૂચવે છે, તેથી તે ફલરૂપ હોઈ સ્વરૂપથી ઉત્તમ છે. બીજું વિશેષણ 'ભવરૂપી દોષને તે દૂર કરનાર છે' એમ કહે છે, તેથી તે દોષ દૂર કરવારૂપ ફલનું સાધન છે એમ સૂચવે છે. તેથી તે ફલથી પણ ઉત્તમ છે. ત્રીજું વિશેષણ તેનો વિષય ઉત્તમ હોવાને લીધે 'તે ઉત્તમ છે' એમ કહે છે. તેનો વિષય મહાપુરુષ એટલે ભગવાન્ હોવાથી, તેનો વિષય ઉત્તમ અને તેથી પણ તે ઉત્તમ છે. 'મહાપુરુષના સંબંધને લીધે' શબ્દથી શ્લોકમાંના 'ઉત્તમશ્લોકના ગુણોનો અનુવાદ જેમાં છે.' એ શબ્દનું તાત્પર્ય કહેલું છે. (કા)

મૂલશ્લોકમાં ગુણાનુવાદનાં ત્રણ વિશેષણો કહેલાં છે, તેમનું તાત્પર્ય કહેવા આ કારિકામાં (ભગવાનનાં) ગુણરૂપ ચરિત્રનું ઉત્તમપણું કહેલ છે. ભગવાનનું ચરિત્ર 'પરઃ' ભગવાન્ 'મીયતે' જણાય છે જેનાથી તેવું પરમ છે. (પ્ર)

મૂલશ્લોકમાં ઉત્તમશ્લોક ભગવાનના ગુણોના અનુવાદનું માહાત્મ્ય કહેલું છે તેથી એ

**મુક્તસ્ય કાર્યમેતદ્ધિ મુમુક્ષોર્ભવનાશકમ્ ।। કા.૩૦ ।।**
**અનિન્દ્યવિષયશ્ચાયં વિરક્તોઽસ્મિન્ પતેદ્ ધ્રુવમ્ ।।**

આ (ઉત્તમશ્લોકના ગુણોનો અનુવાદ) મુક્ત (મોક્ષ પામેલા)નું કાર્ય છે, મોક્ષની ઈચ્છાવાળાઓના ભવનો નાશ કરનારું છે, અને નિંદા કરી ન શકાય તેવા વિષયવાળું છે. આમાં અણગમાવાળાનો જરુર પાત થાય[૨]. કા.૩૦।।.

**આત્મઘાતી કર્મજડો નિન્દિતાર્થરતઃ સદા ।। કા.૩૧ ।।**
**પશુસ્ત્રીવ્યતિરિક્તશ્ચેદ્ વિરક્તો ન તતઃ પૃથક્ ।।**

પશુ અને સ્ત્રી સિવાયનો જો ભગવાનના ગુણોના અનુવાદમાં અણગમા વાળો હોય તો તે ૧.આત્માનો ઘાત કરનારો ૨. કર્મમાં જડ અથવા ૩.સદા નિંદિત પદાર્થમાં આનંદ માનનારો હોય છે; (તેથી) જુદો હોતો નથી[૩]. કા.૩૧।।.

---

શ્લોકનો અર્થ 'શ્રવણ અને કીર્તનનું જ માહાત્મ્ય' થાય છે, પરંતુ 'ચરિત્રનું માહાત્મ્ય' થતો નથી, એવી શંકા દૂર કરવા આ કારિકા કહેલી છે. પહેલું વિશેષણ એ સ્વતંત્ર ફલરૂપ છે એમ સૂચવે છે, તેથી સ્વરૂપથી તેને મહાપુરુષનો સંબંધ છે એમ કહેલું છે. બીજું વિશેષણ તે (જન્મના નાશરૂપ) ફલનું સાધન છે એમ સૂચવે છે, તેથી ફલથી તેને મહાપુરુષનો સંબંધ છે એમ કહેલું છે. ત્રીજું વિશેષણ તે કર્ણને તથા મનને આનંદ કરાવનાર છે એમ કહે છે, તેથી કર્ણનો વિષય ચરિત્ર ઉત્તમ છે એમ જ જણાવે છે. ગુણોના સંબંધથી જ ગુણાનુવાદને ઉત્તમ કહેલ છે, તેથી ચરિત્રનું (ગુણોનું જ) માહાત્મ્ય આ શ્લોકમાં કહેલું છે. એવો ભાવ છે. (લે)

૨. ઉપરની કારિકામાં કહેલ અર્થ જ અહિં સ્પષ્ટ કરે છે. 'આ મુક્તનું કાર્ય છે' એ શ્લોકમાં કહેલ પહેલા વિશેષણનો અર્થ છે. 'મોક્ષની ઈચ્છાવાળાઓના ભવનો નાશ કરનારું છે' એ શ્લોકમાં કહેલ બીજા વિશેષણનો અર્થ છે. અને 'નિંદા કરી ન શકાય તેવા વિષયવાળું છે' એ ત્રીજા વિશેષણનો અર્થ છે. 'કયા પુરુષને અણગમો થાય ?' એમ કહી, આના તરફ જેને અણગમો હોય તેનો પાત (વિનાશ) સૂચવેલો છે. (કા)

આ કારિકામાં 'પતેદ્ ધ્રુવમ્' ને બદલે 'યતેદ્ ધ્રુવમ્' એવો પણ પાઠ છે. આવો પાઠ લેવામાં આવે ત્યારે 'સંસારમાં જે વૈરાગ્યવાળો હોય તેણે આ ગુણગાન કરવા જરુર યત્ન કરવો' એવો અર્થ કરવાનો છે. એટલે રાજા પરીક્ષિત્ અને શુકદેવને આ ભગવાનના ગુણોના અનુવાદનું અનુક્રમે શ્રવણ કરવા અને કહેવા પ્રેરણા કરતાં, શાસ્ત્રકાર આ શ્લોકમાં તેનો પ્રકાર (ગુણાનુવાદ કેવી રીતે કરવો તે) જણાવે છે. (પ્ર)

આ કારિકા પણ એમ જણાવે છે કે મૂલશ્લોકમાં ચરિત્રનું જ માહાત્મ્ય જણાવેલું છે, તેથી આ શ્લોકના આભાસમાં કહ્યો તે જ આ શ્લોકનો અર્થ છે. (લે)

૩. આ ચોથા શ્લોકમાં મુક્ત જીવોએ અને મોક્ષની ઈચ્છા રાખનારાઓએ કરવા યોગ્ય ભગવાનના ગુણોનાં કીર્તન તથા શ્રવણનું ઉત્તમપણું જણાવેલું છે. તેથી 'એ શ્રવણ બધા કરતાં ઉત્તમ હોવા છતાં બધા જીવોની શ્રવણ કરવામાં કેમ પ્રવૃત્તિ થતી નથી ?' એવી શંકા

આરંભમાં આ ચરિત્ર ફલરૂપ છે એમ કહે છે. જતી રહી છે 'તૃડ્' તૃષ્ણા જેઓની (તે 'નિવૃત્તતર્ષાઃ') તૃષ્ણા અંતઃકરણના દોષોને જણાવનારી છે. તેથી સર્વે દોષો જેમના જતા રહેલા છે તેવાઓ (એવો એ શબ્દનો અર્થ થાય છે);

કરી, એવી પ્રવૃત્તિ ન થવાનું કારણ દોષો છે એવો આ શ્લોકનો આશય શ્રીમદાચાર્યચરણ આ કારિકામાં સ્પષ્ટ કરે છે. પશુજીવ અને સ્ત્રીજીવ વિનાનો જો કોઈ આ ગુણાનુવાદના શ્રવણમાં અણગમાવાળો હોય, તો તે 'આત્માનો ઘાત કરનાર' વિગેરેથી જૂદો નથી. પશુજીવો અને સ્ત્રીજીવો પોતાના તેવા સ્વભાવના બલને લીધે ભગવાનના ગુણોના અનુવાદમાં અણગમાવાળા હોય છે. એ બે પ્રકારના જીવો સિવાયના જીવો પૈકી તો ૧.આત્માનો ઘાત કરનારા, ૨.કર્મમાં જડ તથા ૩.નિંદિત પદાર્થમાં આનંદ માનનારા, એ ત્રણ પૈકીનો જીવ જ એ ગુણોના અનુવાદમાં અણગમાવાળો હોય છે, બીજો એવો હોતો નથી. તેથી ૧.પશુજીવો, ૨.સ્ત્રીજીવો, ૩.આત્માનો ઘાત કરનારા, ૪.કર્મમાં જડ અને ૫.નિંદિત પદાર્થમાં આનંદ માનનારા, એ પાંચ (પ્રકારના જીવો) જ એવા ગુણાનુવાદમાં અણગમાવાળા હોય છે.

આ શ્લોકમાં 'કયા પુરુષને અણગમો થાય ?' એવો પ્રશ્ન કરેલો છે. 'પુરુષ' શબ્દથી એમ સૂચવ્યું છે કે પુરુષને અણગમો ન થાય, પણ સ્ત્રીને થાય. આ સ્ત્રીપણું અને પશુપણું જે અણગમો કરાવનારાં છે તે દેહના સંબંધનું સ્ત્રીપણું અથવા પુરુષપણું નથી, કારણ કે શ્રીમદ્ભગવદ્ગીતા ૯।૩૨માં જણાવ્યા પ્રમાણે સ્ત્રીઓ (સ્ત્રી દેહવાળા જીવો) ભગવાનનો આશ્રય રાખે છે, તેમજ કુંતી વિગેરે સ્ત્રીઓ ભક્તો હતી એ પણ પ્રસિદ્ધ છે, અને પશુદેહવાળાને તો ગુણાનુવાદમાં પ્રેમ સંભવતો જ નથી, કારણ કે સર્વના સિદ્ધાંત પ્રમાણે શાસ્ત્રમાં મનુષ્યોનો જ અધિકાર છે, (પશુઓનો નથી.) તેથી અહિં જે સ્ત્રીપણું અને પશુપણું કહ્યાં તે જીવના ધર્મો જ કહેલા છે. નીચે શ્રીસુબોધિનીમાં પણ એવું જ વ્યાખ્યાન કરે છે. તેથી સ્ત્રીજીવો અને પશુજીવોને એ ગુણાનુવાદમાં અણગમો હોય છે.

'સ્ત્રીજીવો પ્રકૃતિને પરવશ છે' એમ તત્ત્વદીપપ્રકાશમાં કહેલું હોવાથી, સ્ત્રીપણું એટલે વિષયમાં આસક્તિના કારણરૂપ પ્રકૃતિને પરવશ હોવાપણું સમજવું. તેઓ પ્રકૃતિને અધીન હોવાથી અને પ્રકૃતિ સંસાર ઉત્પન્ન કરાવનારી જ હોવાથી, તેઓને ભગવાનના ગુણોના અનુવાદમાં અણગમો હોય તે યોગ્ય જ છે. પશુપણું એટલે બધા પદાર્થોમાં વિવેકનો અભાવ, સ્ત્રીજીવો લૌકિક ચાતુર્યવાળા હોઈ પારમાર્થિક સાધન વિનાના હોય છે, અને પશુજીવો લૌકિક અને અલૌકિક બંનેમાં ચાતુર્યવિનાના હોય છે, એટલો તેઓમાં ભેદ છે. (યો)

આ કારિકામાં પણ શ્લોકમાં કહેલ ત્રણ વિશેષણોના અર્થ કહેલા છે. દોષરહિત અંતઃકરણવાળાઓ જેનું ગાન કરે છે તેનો જેને અણગમો હોય, તે દોષવાળા અંતઃકરણવાળા જ હોવા જોઈએ. તેઓ અંતઃકરણના દોષથી આત્માનો ઘાત કરે છે. (લે)

(જન્મમરણના ઔષધનો જેને અણગમો હોય તે વારંવાર જન્મે છે અને મરે છે. આવા કર્મજડ હોય છે. નિંદિત પદાર્થમાં જ જેને આનંદ આવતો હોય તેને જેની નિંદા ન થઈ શકે તેવા ભગવાનના ગુણના અનુવાદ તરફ અણગમો હોય જ. )

કારણ કે જેનામાં થોડો પણ દોષ હોય તે ભગવાનના ગુણોનું ગાન કરી શકતો નથી. 'ઉપ' એટલે સમીપમાં (ભગવાનના ગુણો) ગવાતા હોવાથી, (તેમનું શ્રવણ કરવા) જવાનો પ્રયાસ પણ મટાડેલો છે. વળી શ્રવણ કરતાં આનંદ થતો હોવાથી[૪], વિષયનો અનુભવ કરવાનો પ્રયાસ પણ મટાડેલ છે. (જેઓની તૃષ્ણા જતી રહી છે તેવાઓ, એ શબ્દમાં) બહુવચનનો પ્રયોગ હોવાથી, વારંવાર (શ્રવણ થતું હોવાથી) દૂર કરવા યોગ્ય દોષો પણ દૂર થઈ જાય છે એમ સૂચવેલું છે. દૂર કરવા યોગ્ય નથી તેવા[૫] (દોષો) તો ભવિષ્યમાં ફલશે. (ભગવાનનું ચરિત્ર) સ્વતંત્ર ફલરૂપ હોવાથી જ[૬] (જેઓની તૃષ્ણા જતી રહી છે તેવાઓ) સર્વ સ્થલે આવી (તેનું) ગાન કરે છે. આથી (તેઓ) રસમાં રચ્યાપચ્યા રહે છે એમ જણાવેલું છે. એ પ્રમાણે (ભગવાનનું ચરિત્ર) વક્તા (કીર્તન કરનાર)ને ફલરૂપ અને શ્રોતા (શ્રવણ કરનાર)ના દોષ મટાડનારું[૭] છે એમ કહેલું છે.

(ભગવાનનું) ચરિત્ર ફલ પ્રાપ્ત કરાવનારું છે, એમ 'જે ભવનું ઔષધ છે' શબ્દથી કહે છે. 'ભવ' એટલે સંસારનું 'ઔષધ' એટલે ફીટાડનારું છે. તેથી (પોતાનો સંસાર તેણે ફીટાડેલ હોવાથી એ) ઉપકારના સ્મરણને લીધે વક્તા ગાન કરે છે. શ્રવણ કરનારને તો કર્મ, જ્ઞાન અને ભક્તિ કરતાં આ (ચરિત્ર) મોક્ષનું પરમ સાધન થાય છે; કારણ કે રોગ દૂર કરવા માટે ઔષધને અંદર પ્રવેશ કરાવવા સિવાય બીજા કોઈપણ પુરુષના વ્યાપાર(કાર્ય)ની જરૂર હોતી નથી; અને અહિં (ચરિત્રના શ્રવણમાં) કર્ણ દ્વારા અંદર પ્રવેશ થાય છે. તેથી જો કે ફલપણું અને સાધનપણું જ કહેવા યોગ્ય છે, તો પણ (અંદર પ્રવેશ કરાવનાર) કાનને અને પ્રવેશ કરેલાનું ગ્રહણ કરનાર મનને જો સુખ આપનારું ન હોય તો પહેલાં કહેલું[૮] સંભવે નહિ, તેથી સર્વથી ઓછું અગત્યનું હોવા છતાં[૯] પાછલથી વિષય તરીકે તેનું

૪. શ્રવણ કરતાં આનંદ થવો એ 'જેનું સમીપમાં ગાન કરે છે'માં 'ગાન' શબ્દ છે તેનું તાત્પર્ય છે. (ટિ)

૫. 'દૂર કરવા યોગ્ય નથી તેવા' એટલે 'ભગવાનના સંબંધવાળા હોઈ દૂર કરવા યોગ્ય નથી તેવા, જેવા કે કામ વિગેરે' એવો અર્થ છે. (ટિ)

૬. આ શ્લોકના આભાસમાં 'ચરિત્ર ફલરૂપ છે' એમ કહેલું છે, તે અહિં 'જ' શબ્દથી દઢ કરે છે. (લે)

૭. તે દોષને મટાડનારું છે, કારણ કે જેઓની તૃષ્ણા જતી રહી છે તેવાએ ગાન કરેલું ચરિત્ર સાંભળવાથી આપણી પણ તૃષ્ણા જતી રહે, એવો ભાવ છે. (લે)

૮. 'પહેલાં કહેલું' એટલે 'ચરિત્રને અંદર પ્રવેશ કરાવવાનું'. (લે)

૯. પહેલી વાર (શ્રવણ કરવાની) પ્રવૃત્તિ થાય, તે વિષયને લીધે થાય. તેથી સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનાર (ચરિત્ર)માં પણ, એ રીતે પ્રવૃત્તિ કરનારની પ્રવૃત્તિ કરાવનાર બીજા વિષયના

નિરૂપણ 'કર્ણને તથા મનને આનંદ કરાવનાર' શબ્દથી કહે છે. તે કાનને તથા મનને સર્વ તરફથી આનંદ કરાવે છે. પ્રવેશ કરીને જ તે પ્રમાણે કરે છે (આનંદ જ કરાવે છે) એમ જાણવું. દૂર થઈ શકે નહિ તેવો દોષ[10] હોય તો તેનો પ્રવેશ થતો નથી. 'ઉપ' 'સમીપમાં' ઉપસર્ગ, (ચરિત્ર) પ્રાપ્ત થઈ શકે નહિ તેવું હોવાનો દોષ તેમાં નથી એમ જણાવે છે. (ચરિત્રનું ગાન કરનારાઓમાં) તૃષ્ણા(લોભ) નહિ હોવાથી, તેનાં શ્રવણ માટે ધન આપવું પડવાનો દોષ પણ તેમાં નથી. તેનું ગાન થાય છે એટલે તેમાં શબ્દની મધુરતા છે. જન્મ અને મરણનું દુઃખ ઘણી રીતે (ઘણા કાલ સુધી) અનુભવેલું હોવાથી તેને ફીટાડનારું ઔષધ ઘણા પ્રેમથી સેવવું (લેવું) જોઈએ. તે કાનને કર્કશ નથી અને પરિણામે મનોહર(સુખ કરનાર) છે એમ કહેલું છે. પરલોકની અંદર પણ પહોંચીને તે આનંદ કરાવનારું છે, એવો 'અભિ' 'સર્વ તરફથી' ઉપસર્ગનો અર્થ છે.

એવી રીતે સ્વરૂપ, ગુણ અને કાર્યથી ભગવાનના ચરિત્રનું ઉત્તમપણું કહી, 'ઉત્તમશ્લોકના ગુણોનો અનુવાદ જેમાં છે' શબ્દથી સંબંધથી પણ તે ઉત્તમ છે, એમ કહે છે. ('ઉત્તમશ્લોકના ગુણો' એટલે) ઉત્તમ પુરુષો જે ગુણોની સ્તુતિ કરે છે તે ગુણો, અથવા ઉત્તમશ્લોક(ભગવાન)નું માહાત્મ્ય જણાવનારા ગુણો; તેઓનો અનુવાદ એટલે વર્ણન જેમાં છે તે ભાગવત વિગેરેરૂપ (ગ્રંથો). (ઉત્તમ, શ્લોક, ગુણ અને અનુવાદ) શબ્દો પાસે પાસે યોજેલા છે તેથી એમ જણાય છે કે દોષરહિત ઉત્તમ પુરુષોનું ઉત્તમપણું ભગવાન્(ઉત્તમશ્લોક)થી છે. ભગવાનનું પણ ઉત્તમપણું જણાવનાર (તેમના) ગુણો છે, અને અનુવાદ તે (ગુણો)નાં પણ ઉત્તમપણાનું કારણ છે. 'પુમાન્' 'પુરુષ' શબ્દથી એમ જણાવેલું છે કે જે પશુના અવતારો છે[11] અને જે સ્ત્રીના અવતારો છે તે ગુણાનુવાદના અધિકારી નથી[12]. જે

---

જેવા જ ધર્મવાળો વિષય ગણાય, તેથી એને 'જઘન્ય' 'હલકું' (સર્વથી ઓછું અગત્યનું) કહેલ છે. (ટિ)

ચરિત્રના બે ગુણો કહ્યા : ૧.જેના સર્વ દોષો ગએલા છે તેવાઓ જેનું ગાન કરે છે તે અને ૨.ભવનું ઔષધ છે. આ બે ગુણોથી 'કાનને સુખ આપનાર હોવું' એ ગુણ હલકો છે, છતાં ચરિત્રના પ્રથમ કહેલા બે ગુણો સિદ્ધ થાય તે માટે, આ હલકા ગુણનું 'કર્ણ અને મનને આનંદ કરાવનાર' શબ્દથી નિરૂપણ કરે છે, એવો અર્થ છે. જો ભગવાનનું ચરિત્ર કાનને અને મનને આનંદ કરાવનારું ન હોત, તો તેનું ગાન અને શ્રવણ થાત નહિ એવો ભાવ છે. (યો)

૧૦. 'દૂર થઈ શકે નહિ તેવો દોષ' એટલે 'સહજ આસુરપણું.' (ટિ)

૧૧. 'પશુના અવતારો' એટલે '(જન્મતાં તરત) સ્તનપાન કરાવનાર સંસ્કારના જેવો જેમનામાં પશુપણાનો સંસ્કાર છે તેવા.' (પ્ર)

૧૨. 'અધિકારી નથી' એટલે સ્વરૂપથી જ અધિકારી નથી. 'આત્માનો ઘાત કરનારા' વિગેરે

સ્ત્રીઓ પણ શ્રવણ વિગેરેમાં આસક્તિવાળી છે તેઓ પણ કોઈ નિમિત્તને[૧૩] લીધે જ સ્ત્રીઓ થએલી છે, પણ સ્વભાવથી પુરુષો જ[૧૪] છે. તેથી કોઈપણ પુરુષને તેનો અણગમો થતો નથી; કારણ કે આ ગુણાનુવાદમાં અણગમો ઉત્પન્ન કરનાર[૧૫] આથી ઉત્તમ બીજો કોઈ રસ નથી. જેઓ આ ગુણાનુવાદથી વિમુખ થાય છે તેઓ દૈત્યો છે એમ કહેવા, 'પશુહત્યારા વિના' શબ્દોથી દૈત્યનાં લક્ષણો પ્રથમ કહી તેઓને ઓળખાવે છે; કારણ કે જેઓ પશુહત્યારા છે તે દૈત્યો છે. દિતિના ઉપાખ્યાનમાં 'દૈત્યોને સ્વભાવથી દયા હોતી નથી' એમ સિદ્ધ કરેલું છે. તેઓ સદા ભગવાનના શત્રુઓ જ હોય છે તેથી એ દોષ[૧૬] દૂર થઈ શકે તેવો નથી. બીજામાં આવેશ કરેલા[૧૭] દૈત્યોની પણ મુક્તિ થતી ન હોય તો ફરી બીજામાં આવેશ કરી તેમ કરે તે માટે તેઓનો દોષ સદાને માટે દૂર થએલો છે એમ જણાવવા તેઓની મુક્તિ કહેલી છે. આધાર બનેલા[૧૮] (જેમનામાં દૈત્યે આવેશ કરેલો છે તેવા)ઓ તો મુક્ત થાય છે જ. જ્યાંથી પાછા ફરી ન શકાય તેવો અંધકાર જ[૧૯] તેઓની મુક્તિ છે. (ભગવાનના ગુણાનુવાદમાં) અણગમાવાળાને જોઈ, બીજો અણગમાવાળો ન થાય તેવા હેતુથી આ કહેલું છે. ૪.

એ પ્રમાણે ચરિત્રની સ્તુતિ કરી, તે માત્ર પુણ્ય દ્વારા[૧] ફલ આપનારું હશે (ચરિત્રના શ્રવણથી પુણ્ય થાય અને પુણ્યને લીધે ભવનો નાશ થાય એવું હશે),

---

ત્રણના દોષ દૂર થાય તો તેઓને અધિકાર પ્રાપ્ત પણ થાય એવો ભાવ છે. (લે)

૧૩. 'નિમિત્ત' એટલે 'એવો દેહ પ્રાપ્ત કરાવનાર કર્મ.' (લે)

૧૪. 'પુરુષો' એટલે 'જીવમાં રહેલ પુરુષપણાવાળા' એવો અર્થ છે. જીવમાં રહેલ સ્ત્રીપણાનું અને પુરુષપણાનું વિવરણ ઓગણીસમા અધ્યાયનાં ટિપ્પણીમાં આપેલ છે. (લે)

૧૫. 'અણગમો ઉત્પન્ન કરનાર' એટલે '(ભગવાનના) ગુણાનુવાદમાં અણગમો ઉત્પન્ન કરનાર.' (ટિ)

૧૬. ગુણોનું શ્રવણ કરવામાં અણગમારૂપ તે દોષ ગુણોના અનુવાદથી દૂર થઈ શકે તેવો નથી, એવો અર્થ છે. (પ્ર)

૧૭. 'આવેશ કરેલા' એટલે 'કાલનેમિ વિગેરે સહજ અસુરો' એવો અર્થ છે. (લે)

૧૮. 'આધાર બનેલા' એટલે 'આવેશવાળા (જેમનામાં બીજાનો આવેશ થએલ છે તેવા) કંસ' વિગેરે, એવો અર્થ છે. (લે)

૧૯. દૈત્યોની મુક્તિનું સ્વરૂપ અહિં કહેલું છે. (ટિ)

૧. અહિં એમ કહેલું છે કે ભગવાને સાક્ષાત્ (પોતે જ) ભક્તોનાં દુઃખનું નિવારણ કરેલું છે, પરંતુ કોઈ બીજાની મારફત તેમ કરેલું નથી. તેથી ભગવાનનું ચરિત્ર પણ સાક્ષાત્ પુરુષાર્થ સિદ્ધ કરાવે છે, પરંતુ 'પુણ્યની મારફત સિદ્ધ કરાવતું નથી' એમ જાણવામાં આવશે, તેથી એમ કહેલ છે. (ટિ)

એવી શંકા ન રહે તે માટે નીચેના બે શ્લોકોથી (અનુક્રમે) શ્રવણ કરેલા અને અનુભવેલા (માહાત્મ્યના) ભેદથી ભગવાનની સ્તુતિ કરે છે :

**પિતામહા મે સમરેઽમરઞ્જયૈઃ દેવવ્રતાદ્યાતિરથૈસ્તિમિઙ્ગિલૈઃ ।**
**દુરત્યયં કૌરવસૈન્યસાગરં કૃત્વાતરન્ વત્સપદં સ્મ યત્ પ્લવાઃ ।।૫।।**

જે (શ્રીકૃષ્ણ) હોડી હોવાથી, મારા પિતામહો સમરમાં દેવોને જીતનાર દેવવ્રત વિગેરે અતિરથરૂપ તિમિંગિલોને લીધે તરી ન શકાય તેવા કૌરવોના સૈન્યરૂપ સમુદ્રને વાછરડાનું પગલું કરી તરી ગયા (તે શ્રીકૃષ્ણનાં વીર્યો કહો. શ્લોક ૭)[૨]. ૫.

મારા પિતામહો પાંડવો સમરમાં તરી ન શકાય તેવા કૌરવના સૈન્યરૂપ સાગરને વાછરડાંનું પગલું કરી જે નાવ હોવાથી તરી ગયા, એવો વાક્યનો સંબંધ છે. એક જ[૩] પૌત્ર (પરીક્ષિત્) બચ્યો. પાંચે[૪] પાંડવો તેના પિતામહો હતા. અથવા ત્રણ[૪] જ પાંડવો પિતામહો હતા. ક્ષેત્રજ પુત્રો હોય ત્યાં, બીજવાળા[૪] (પુત્ર ઉત્પન્ન કરનાર)નું પોતાનું ક્ષેત્ર નહિ હોવાથી પુત્રો તેના નથી, પરંતુ હરકોઈ રીતે[૫] જ્યાં ક્ષેત્ર બીજવાળાનું હોય ત્યાં તેનું ફલ (પુત્ર) તેનું જ થાય છે[૬].

'મરઃ' એટલે મરણ, મરણસહિત હોય તે 'સમરઃ' (સમર), કારણ કે યુદ્ધમાં અવશ્ય મરણ થાય છે. તેમ (સમરમાં યુદ્ધ હોવા) છતાં કોઈપણ પાંડવ મરણ પામ્યો નહિ, એમ ભગવાનની સન્નિધિ (સમીપપણાં)નું માહાત્મ્ય કહેલું છે. ભીષ્મ વિગેરે 'અમરઞ્જયાઃ' દેવોને જીતનારા હતા. દેવો (અમરો)ને જીતવા (જિ જયૂ) એ તેઓના નામના કારણ જેવું થઈ પડવાથી, પાણિનિસૂત્ર ૩।૨।૪૬ પ્રમાણે તેઓ 'અમરઞ્જયાઃ' થયા. તેઓ દેવોને પણ જીતતા, તેથી ઈન્દ્રપુત્ર

---

૨. જે (ભગવાન્) હોડી હોવાથી (પાંડવો) તર્યા, અને જેમણે મારું રક્ષણ કર્યું (શ્લોક ૬), તે ભગવાનનાં વીર્યો કહો (શ્લો. ૭), એ પ્રમાણે સાતમા શ્લોક સાથે સંબંધ છે. (લે)

૩. શ્લોક ૫ થી ૭ સુધી એક વાક્ય છે. પાંચમા શ્લોકમાં 'મે' 'મારા' શબ્દ છે, તેનું આ તાત્પર્ય કહેલું છે. (લે)

૪-૪-૪. ક્ષેત્ર પાંડુનું હતું, ધર્મ, ઈન્દ્ર વિગેરે બીજવાળા (પુત્ર ઉત્પન્ન કરનારા) હતા. એક સ્વામી (પાંડુ)ના ક્ષેત્રમાં ઉત્પન્ન થએલા પાંચે પાંડવો હોવાથી, પાંચે પિતામહો ગણાય; પણ એક જ ક્ષેત્ર (કુંતી)માં ઉત્પન્ન થએલા તરીકે ત્રણ જ પિતામહો ગણાય. (ટિ)

૫. 'હરકોઈ રીતે' એટલે 'ધન આપીને વિગેરે રીતે'. (લે)

૬. બૃહસ્પતિની પત્ની તારામાં ચંદ્રે બુધને ઉત્પન્ન કર્યો હતો, છતાં બુધ બૃહસ્પતિનો પુત્ર નહિ ગણાતાં ચંદ્રનો પુત્ર ગણાય છે. ઉપર જણાવેલ નિયમને આથી બાધ ન લાગે તે માટે આ કહેલ છે. (પ્ર) પતિને તજી સ્ત્રી બીજાની સાથે રહેતી હોય તેવા સમયે તેને પુત્ર થાય તે બીજવાળાનો પુત્ર ગણાય, એવો અર્થ જણાય છે. કુંતીના પ્રસંગમાં એવું કાંઈ ન હતું. તેથી ઉપર જણાવ્યા પ્રમાણે પાંચ અથવા ત્રણ પિતામહો કહેલા છે.

(અર્જુન) વિગેરે હોવાને લીધે પણ તેમનાથી છૂટાય તેવો સંભવ ન હતો, અને દેવે આપેલાં શસ્ત્રોથી પણ (તેઓના સામે) ટકી શકાય તેમ ન હતું. તેઓનું દેવોને જીતવાપણું કોઈપણ સમયે (મટી) જાય તેમ ન હતું, એમ જણાવવા 'દેવવ્રત' શબ્દ યોજેલો છે. દેવની પેઠે સત્યસંકલ્પ (નિશ્ચય)રૂપ વ્રત છે જેનું (તે દેવવ્રત). આથી એમ કહેલું છે કે ભીષ્મને પોતાનો (ભીષ્મનો) ધર્મ તજાવવાનું સામર્થ્ય[૭] પણ તેઓને (કૌરવોને) પ્રાપ્ત થયું હતું. 'દેવવ્રત' એટલે તેવો હોવા તરીકે પ્રસિદ્ધ થએલ ભીષ્મ. બીજા દ્રોણ વિગેરે પણ તેવા (હતા). દેવવ્રત વિગેરે જે અતિરથો હતા (તેઓ તિમિંગિલ હતા). જો તે (દેવવ્રત) (તેઓમાંનો) પહેલો હોય તો બીજાઓ તેના જેવા જ (દેવવ્રતવાળા) હોય. તેવા હોઈને વળી અતિરથ એટલે અલૌકિક સર્વ અતિશય સામર્થ્યવાળા હતા. 'તિમિ નામનો મત્સ્ય એકસો યોજન લાંબો છે' એવું વાક્ય હોવાથી, તેનું ભક્ષણ કરનારો (તિમિંગિલ એટલે તિમિને ગળી જનારો) તેનાથી પણ હજારગણો અધિક હોવો જાઈએ. આથી એમ કહેલું છે કે તે (જેમાં તિમિંગિલો છે તે) સમુદ્રમાં પડેલો તેમાં રહેલ (તિમિ, પ્રાણી) પણ જીવતો નથી, તો વિજાતીય (સમુદ્ર બહારના)નું તો કહેવું જ શું ? તેઓ (કૌરવો) દૈત્યના આવેશને લીધે ઘણા ક્રૂર હોઈ સગાઓને હણતા હતા, તેથી એમ કહેલું છે. તેથી તે (ભીષ્મ) સંબંધી હોવાને લીધે અથવા પિતામહ હોવાને લીધે (પાંડવોને) મૂકી દેશે એવી (આશા) દૂર થાય છે. ગળવાથી હાડકાં વિગેરેનો નાશ થાય તેમ આખા વંશનો નાશ કરનાર તે હતા. બહાર રહેલાને[૮] પણ તેઓ મારનાર હતા તો પછી પોતાની સેનામાં પડેલાનું તો કહેવું જ શું? એમ કહેવા સમુદ્રપણું (જણાવેલું છે). તેથી જ સમુદ્રમાં મઘર વિગેરે સાધનો (નૌકા)નો નાશ કરનાર[૮] હોવાથી તે તરી ન શકાય તેવો છે. કુરુના વંશમાં ઉત્પન્ન થએલાઓ પાછા ફરતા નથી.

---

૭. ભગવાન્ સૂચવે તે કરવું એ દેવોનું વ્રત છે; તેનાથી વિરુદ્ધ કરવું એ દૈત્યોનું વ્રત છે. છતાં દેવવ્રતવાળા ભીષ્મને કૌરવોએ તિમિંગિલ(મગરમચ્છ)પણાંરૂપ દૈત્યવ્રત લેવરાવ્યું, તેથી કૌરવોમાં તેવું સામર્થ્ય થયું હતું એવો અર્થ છે. આ ઘણું જ સામર્થ્ય ગણાય એવો ભાવ છે. (ટિ)

૮-૮. સૈન્યમાં રહેલા સૈનિકો પોતાની સેનાની બહારનાને અહિં તહિં મારે છે પરંતુ પોતાની સેનાને મારતા નથી. સમુદ્રની અંદર રહેલા પ્રાણીઓ તો પોતાના સમૂહમાં રહેલા પ્રાણીને પણ મારે છે. અહિં અંદરનાને અને બહારનાને બંનેને મારે છે એમ કહેલું છે. તેથી કોઈને છોડે એવા નથી એમ સૂચવવા સૈન્યપણું અને સમુદ્રપણું બંને કહેલા છે એવો અર્થ છે. મછવાને પણ (મગરમચ્છ) ગળી જાય છે તેથી તે સાધનનો ઘાત કરનાર છે. (ટિ)

સૈન્યરૂપ સમુદ્ર એટલે ચેતન[૯] (જીવતો) સમુદ્ર હોવાથી સ્વરૂપથી પણ નાશ કરનારો છે એમ કહેલું છે. મોટાં વહાણો વિગેરે સાધનો પણ કષ્ટથી અતિક્રમ એટલે ઉલ્લંઘન જેનું કરી શકે તેવો (તરી ન શકાય તેવો) તે હતો. જે ભગવાન્ હોડી[૧૦] હતા જેમની (તેવા 'યત્પ્લવાઃ' પાંડવો હતા). તેથી ભગવાન્ પોતાના અલ્પરૂપથી અને યુદ્ધ કરતા નહિ હોવાથી માત્ર પોતાની સન્નિધિ (સમીપ-પણાથી) પાંડવોનું રક્ષણ કરતા હતા. (પોતે યુદ્ધમાં જીતશે નહિ એવી પાંડવોના) મનમાં શંકા પણ રહી ન હતી, એમ જણાવવા 'વાછરડાંનું પગલું કરી' શબ્દો યોજેલા છે. (કૌરવના સૈન્યરૂપી સમુદ્રને) તુચ્છ કરવામાં અને તરી જવામાં (પાંડવોએ કરેલ) ભગવાનનો આશ્રય જ કારણ હતો. ગીતામાં જણાવ્યા પ્રમાણે અર્જુનને અગાઉથી થએલ ભીષ્મ વિગેરેના મરણના જ્ઞાનને લીધે તેઓએ એ સૈન્યરૂપી સમુદ્રને તુચ્છ કર્યો. છતાં પાંડવોએ ભગવાનનો સારી રીતે આશ્રય કર્યો નહિ[૧૧] તેથી તેઓ કીડીરૂપ જ હતા, કારણ કે તેઓએ ભગવાનને પોતાની દૃષ્ટિથી[૧૧] જોયા હતા. જો (ભગવાનમાં તેઓનો) ભગવદ્ભાવ[૧૨] હોત તો એમ[૧૨]

૯. સમુદ્ર જલરૂપ છે, તે અચેતન (જડ) હોવાથી પોતે મારતો નથી, પરંતુ તેની અંદર રહેલાં ચેતન (પ્રાણીઓ) મારે છે. આ (સૈન્યરૂપ) સમુદ્ર પોતે જ ચેતન હોવાથી તે પોતે સ્વરૂપથી બીજાનો નાશ કરનારો છે એમ જણાવેલ છે .એવો અર્થ છે. (ટિ)

૧૦. 'હોડી' કહેવાનું તાત્પર્ય અહિં જણાવેલ છે. હોડી સમુદ્રથી ઘણી જ નાની અને તેની અંદર રહેલી છે. તે માત્ર પોતાનો આશ્રય કરવાથી જ તારનારી છે, પરંતુ મઘર વિગેરે અડચણ કરે તો તેમને રોકી શકતી નથી. એવી રીતે ભગવાન્ પણ પાંડવોના બધા સૈન્યનું રક્ષણ કરવા તત્પર થયા ન હતા; જો બધા સૈન્યનું રક્ષણ કરવું હોત તો મોટું રૂપ ધારણ કરત. તે માત્ર પાંડવોનું જ રક્ષણ કરવાના હતા તેથી તેમણે માત્ર નાનું રૂપ રાખેલું, અને યુદ્ધ કરતા ન હતા તેથી તે એ સમુદ્રમાં ન હતા. (ટિ)

૧૧-૧૧. 'સૈન્યસમુદ્રને વાછરડાનું પગલું કર્યું' એટલું કહેવાથી જ કાર્ય થતું હતું, તેથી પ્રભુનું હોડી તરીકે નિરૂપણ કરવું અને તેનાથી પાંડવો તર્યા એમ કહેવું નિરર્થક છે, કારણ કે વાછરડાંના પગલામાં ડૂબવાનો સંભવ નહિ હોવાથી, (તે તરવા) હોડીની જરુર રહેતી નથી' એવી શંકા થાય તેથી એમ કહેવાનું તાત્પર્ય જણાવે છે. ('પાંડવોએ ભગવાનનો સારી રીતે આશ્રય કર્યો નહિ, તેથી તેઓ કીડીરૂપ જ હતા') વાછરડાંનાં પગલામાં કીડીઓ જ ડૂબી જાય તેવો સંભવ હોવાથી, અને તેઓ હોડીથી તેને તાર્યા એમ કહેલ હોવાથી, 'તેઓ કીડીરૂપ જ હતા' એમ જણાવેલું છે એવો અર્થ છે. કીડીરૂપ હોવાનું કારણ 'તેઓએ ભગવાનને પોતાની દૃષ્ટિથી જોયા હતા' શબ્દોથી કહેલ છે. પોતાની દૃષ્ટિથી એટલે 'પોતાની સમાન (પોતાના જેવા)', અથવા 'લૌકિક દૃષ્ટિથી.' (ટિ)

૧૨-૧૨. જો પાંડવોએ ભગવાનને ભગવાન્ તરીકે જાણ્યા હોત તો તેઓને વાછરડાંના

કેવી રીતે હોત ? તેમને[૧૩] જીવતા રહેવા દીધા તેથી તેને તુચ્છ કર્યો. બંને[૧૪] અલૌકિક એક સાથે જ થયાં. છેવટ સુધી[૧૫] ત્રણને માર્યા નહિ તેથી તે (કૌરવસૈન્યરૂપ સમુદ્ર) વાછરડાંનું પગલું (થયો). મુખ્ય (સેનાપતિની) સ્થિતિવાળા અશ્વત્થામાએ બે[૧૬] વાર અપકાર કર્યો તેથી તેના બે[૧૬] કટકા કર્યાં. હોડીમાં બેસી, તરેલા સમુદ્રના ભાગને સૂકવતા, છેવટ કાંઈક (સમુદ્રનો ભાગ) બાકી રાખી, (તેના) પાર ઉતર્યા એવો અર્થ છે. (પાંડવોએ આ કાર્યથી) કીર્તિ પણ પ્રાપ્ત કરી તેથી તેઓ (આ શ્લોકમાં) કર્તા છે[૧૭]. આ ઘણું જ અલૌકિક છે. એ પ્રમાણે જેઓને ભગવાનનો આશ્રય છે તેઓ પહેલાં પહેલાંના સંસારને પણ સૂકવી નાખી, ભગવાનની સેવા પૂરતી જ (સેવામાં ઉપયોગી હોય તેટલી જ) સંસારના પદાર્થરૂપ મિલ્કત રાખી, સંસારના પેલે પાર રહેલા ભગવાનને પ્રાપ્ત કરે છે એમ કહેલું છે. ૫.

એ પ્રમાણે સાંભળેલું (ભગવાનનું) માહાત્મ્ય કહી, નીચેના શ્લોકમાં (પોતે) અનુભવેલું (ભગવાનનું) માહાત્મ્ય કહે છે :

**દ્રૌણ્યસ્ત્રવિપ્લુષ્ટમિદં મદઙ્ગં સન્તાનબીજં કુરુપાણ્ડવાનામ્ ।।**

---

પગલામાં ડૂબવાનો સંભવ ન જણાત એમ કહેલ છે. તેમણે ભગવાન્ જાણ્યા હોત તો બ્રહ્માસ્ત્ર દેખાયું ત્યારે ઉત્તરાની પેઠે તેઓ ભગવાનને શરણે ગયા હોત, પરંતુ તેમણે શસ્ત્ર લીધાં ન હોત (જૂઓ ૧।૮।૧૧) તે સમયે જો ભગવાને ચક્રથી તેમનું રક્ષણ કર્યું ન હોત તો તેઓનું સામર્થ્ય નમાલું હોવાથી તેમનો નાશ જ થાત, આ જ તેઓનું ડૂબવાનું. તેઓએ 'અમારા સામર્થ્યથી જ અમારો જય થાય છે' એવા અભિમાનથી તે સમયે શસ્ત્રો લીધેલાં. એમ હોવાથી પહેલા પણ પ્રભુએ જ રક્ષણ કરેલું એ ઉપકાર તેઓએ જાણ્યો નહિ અને ભગવાનનું માહાત્મ્ય પણ જાણ્યું નહિ, તેથી તેઓ ક્ષુદ્ર હોઈ, કીડી જેવા જ હતા. (ટિ)

૧૩. 'તેમને' એટલે 'અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા એ ત્રણને' (લે)

૧૪. (૧) ત્રણને જીવતા રહેવા દઈ કૌરવસૈન્યરૂપ સમુદ્રને તુચ્છ કરવો અને (૨) અશ્વત્થામાએ ફેંકેલ પાંચ બાણોથી સુદર્શન વડે પાંડવોની રક્ષા કરવી એ બંને. (લે)

૧૫. વાછરડાંના પગલાં સરખું કૌરવ સૈન્ય કેમ બન્યું તેનું વિવરણ કરે છે. (લે)

૧૬-૧૬. પહેલીવાર બ્રહ્માસ્ત્ર મુકી અપકાર કર્યો જૂઓ ૧।૭।૨૦ થી ૩૨. બીજીવાર પરીક્ષિત્ તથા પાંડવો પ્રતિ બ્રહ્માસ્ત્ર યોજ્યું જૂઓ ૧।૮।૮ થી ૧૪. એ પ્રમાણે અશ્વત્થામાએ બે વાર અપકાર કરેલો. તેથી માથામાંથી અર્જુને મણિ કાઢી લીધેલો (૧।૭।૫૫) તે સમયે તલવારથી તેના માથામાંથી મણિ કાઢતાં તેના માથાના બે ભાગ થયા જ હોવા જોઈએ. તેથી એમ કહેલું જણાય છે.

૧૭. 'મારા પિતામહો કૌરવસૈન્યરૂપ સમુદ્રને તરી ગયા' એ વાક્યમાં 'પિતામહો' કર્તા (પહેલી વિભક્તિમાં) છે. પાંડવોમાં એ સૈન્યરૂપ સમુદ્રને તરવાનું સામર્થ્ય ન હતું, છતાં કીર્તિ તેમને મળી અને તેઓ તરી ગયા એમ કહેવાયું, એ ઘણું અલૌકિક છે.

**જુગોપ કુક્ષિં ગત આત્તચક્રો માતુશ્ચ મે યઃ શરણં ગતાયાઃ ।।૬।।**

દ્રોણિના અસ્ત્રથી સારી રીતે બળી ગએલાં, કૌરવ અને પાંડવોના વંશના બીજરૂપ આ મારા અંગની, શરણે આવેલી માતાની કુક્ષિમાં પધારેલા અને માતાએ જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય (જે) ચક્ર ધારણ કરનાર ભગવાને રક્ષા કરી...(તેમનાં વીર્યો કહો. શ્લો.૭.) ૬.

પાંડવો સર્વ રીતે રક્ષા કરવા અશક્ત હતા ત્યારે ભગવાને જાતે પણ મારી રક્ષા કરી એમ કહેતાં, પોતાની ઉપર ભગવાનની અતિશય કૃપા પણ જણાવે છે. (અશ્વત્થામાને તેના) પિતા (દ્રોણ)ના નામ ઉપરથી (દ્રોણિ કહ્યો તેથી) (તેના પિતાનું) માહાત્મ્ય અને (પાંડવોએ તેનું કરાવેલ) મરણ પણ જણાવેલાં છે, કારણ કે દ્રોણ અસ્ત્રવિદ્યાનું મૂલ (શિક્ષક) હતો, અને પિતાની હત્યાથી બદલો વાળી ન શકાય તેવું વેર (થાય છે.) તે (અશ્વત્થામા)ના પાછું ન વાળી શકાય તેવા બ્રહ્માસ્ત્રથી મારું આ અંગ 'વિપ્લુષ્ટ' એટલે સારી રીતે બળી ગએલું (હતું).

અર્જુન વૈષ્ણવ હોવાથી[1] વંશરૂપ બીજભાવ બાકી રહેલ[2] (બળેલ નહિ), તેથી જ (મારું અંગ) વંશનું બીજ (રહ્યું). કુરુઓને પણ મુક્તિનું દાન કરવાનું હતું અને વંશ ન હોય તો મુક્તિ થાય નહિ તેથી 'કૌરવ અને પાંડવોના (વંશના બીજરૂપ)' એમ કહેલ છે. કુરુઓ સહિત પાંડવો તે 'કુરુપાંડવાઃ'. કૌરવો અને પાંડવો તે 'કુરુપાંડાવાઃ' એવો સમાસ લેવામાં આવે ત્યાં 'જનપદમાં ('અ' પ્રત્યયનો) લોપ થાય છે' (પાણિનિ સૂત્ર ૪।૨।૮૧) નિયમ પ્રમાણે લોપ થવાથી ('કુરુ' નું 'કૌરવ' નહિ થતાં) 'કુરુપાણ્ડવાઃ' રૂપ થાય છે[3]. બળેલા અંશોને પણ

૧. 'વૈષ્ણવ હોવાથી' એટલે 'નરનો અંશ હોવાથી વૈષ્ણવ હતો તેથી'. (પ્ર)

૨. ગર્ભ સર્વથા (સંપૂર્ણ રીતે) બળી ગયો હોય તો રક્ષણ કરવા યોગ્ય કાંઈ ન રહેવાથી, રક્ષણ કરવાપણું રહે નહિ. તેથી અહિં જે રક્ષણ કરવા યોગ્ય રહેલ તે કહે છે. (ગર્ભનો) સ્થૂલ અંશ બળી ગયો છતાં અહિં જણાવેલ બીજના અંશરૂપ ધર્મ તો વૈષ્ણવનો અંશ હોવાથી રહેલો જ હતો (બળેલ ન હતો). તેથી જે અંશો બળી ગયા હતા તેમને પણ ભગવાને પોતાના સામર્થ્યથી નહિ બળેલા જ વિચાર્યા અને તેવી રીતે તેમની સાથે રહેલ બીજભાવની રક્ષા કરી, એવો અર્થ છે. (ટિ)

૩. 'તેનું અપત્ય' એવો અર્થ કરવા 'અઞ્' ('અ') પ્રત્યય પાણિનિના ૪।૧।૧૬૮ સૂત્ર પ્રમાણે લાગે છે પણ તે પ્રત્યયનો અહિં જણાવેલ 'જનપદે લુપ્' પાણિનિસૂત્ર ૪।૨।૮૧ પ્રમાણે લોપ થાય છે. અહિં 'કુરુ' શબ્દનો અર્થ જનપદ (દેશ અથવા દેશના બધા વતનીઓ) થતો નહિ હોવાથી એ પ્રત્યયનો લોપ ન થાય. તેથી 'કુરુપાણ્ડવાઃ' શબ્દ ન થતાં 'કૌરવપાણ્ડવાઃ' જ થાય, એવી શંકા થતાં, તેનો લોપ કેવી રીતે થાય છે તે જણાવે છે. 'જનપદ' શબ્દ (એ સૂત્રમાંથી) છૂટો પાડતાં, 'લુપ્' એટલું જ સૂત્ર બાકી રહે છે. તેથી 'કુરુ' નો અર્થ 'જનપદ'

બળેલા ન હોય તેવી ભાવનાથી તેવા (નહિ બળેલા) જણાવી[૪] તેઓની સાથે, અંદર માત્ર બીજરૂપે રહેલા દેહનું રક્ષણ કર્યું[૫] એવો અર્થ છે. (બીજભાવ પણ) બળી ગયા પછી રક્ષણ કરવું ઘણું કઠણ થાય.

ધર્મની રક્ષા[૬] કરવા અને મોક્ષમાં અડચણ ન થાય તે માટે[૭] દાહ થવા દીધો (દેહને બળવા દીધો). 'આ' એમ કહી 'ખોટ વિનાનું છે' એમ (જણાવવા) આંગળીથી દેખાડે છે. 'મારું અંગ' એમ કહી, પોતાનો અનુભવ જણાવેલો છે. 'સંતાન એટલે વંશનું બીજ' એમ કહી, તે સમયે રક્ષા કરવાનું અને આ સમયે (તક્ષકથી મૃત્યુ થવાનું છે ત્યારે) રક્ષા નહિ કરવાનું કહેલું છે. 'કુરુનાં વંશમાં ઉત્પન્ન થએલા પાંડવો' એમ કહી, મૂળથી (વંશપરંપરાથી) ભક્તપણું (જણાવેલું છે). 'કુક્ષિમાં પધારી' શબ્દથી એમ જણાવેલું છે કે (પ્રભુએ) બીજા પ્રકારે રક્ષા કરી ન હતી અને બીજા કોઈથી રક્ષા થઈ શકે તેમ ન હતું. 'ચક્ર ધારણ કરનાર' શબ્દથી એમ કહેલ છે કે પ્રભુએ તત્ત્વસહિત[૮] પોતાના સ્વરૂપનાં દર્શન આપ્યાં. '(આવા

---

ન હોવા છતાં, એ પ્રત્યયનો લોપ થતાં 'કુરુપાણ્ડવાઃ' શબ્દ થાય છે, એવો અર્થ છે. (ટિ)

૪. પહેલાં જે અંશો બળેલા જણાતા હતા, તે પણ ન બળેલા જણાય તે 'અન્યથાપ્રતીતિ'. (ટિ)

૫. 'બીજરૂપ દેહનું રક્ષણ કર્યું' એટલે 'દેહમાં રહેલા બીજનું રક્ષણ કર્યું' એવો અર્થ છે. (લે)

૬. બ્રહ્માસ્ત્રમાં વેદના મંત્રોથી બ્રહ્મરૂપ દેવતાનું સ્થાપન કરેલું હોય છે. તે બ્રહ્માસ્ત્રનું કાર્ય ભગવાન્ અટકાવી દે તો ભગવાન્ 'વેદમાર્ગના રક્ષણ કરનાર' છે, એ તેમના ધર્મની હાનિ થાય. તેથી ધર્મની રક્ષા કરવા ભગવાને બ્રહ્માસ્ત્રને તેનું એ કાર્ય કરવા દીધું. આથી બ્રહ્માસ્ત્રને તેનું કાર્ય નહિ કરવા દેવા અને ગર્ભને નહિ બળવા દેવાનું પણ ભગવાનમાં સામર્થ્ય હતું એમ સૂચવેલું છે. (ટિ)

૭. વેદના મંત્ર પ્રમાણે જેનું સ્થાપન કરેલ છે તે દેવતા પોતાનું કાર્ય કરીને ત્યાંથી જાય; કાર્ય ન થયું હોય ત્યાં સુધી ત્યાંથી તે જાય નહિ. તેથી મર્યાદામાર્ગ પ્રમાણે મોક્ષ પ્રાપ્તિમાં વિઘ્ન થાય. તેથી એવું વિઘ્ન ન થાય તે માટે ભગવાને બ્રહ્માસ્ત્રને એ બાળવાનું કાર્ય કરવા દીધું એવો અર્થ છે. (ટિ)

૮. 'તેજનું તત્ત્વ સુદર્શન છે' એ વાક્ય પ્રમાણે સુદર્શન તત્ત્વ હોવાથી, 'સુદર્શન ધારણ કરીને' એટલે 'તત્ત્વસહિત' એવો ભાવ છે. અહિં 'ચક્ર' શબ્દ ભગવાનમાં રહેલાં સર્વ તત્ત્વો માટે યોજાએલો છે. બારમા સ્કંધના અગીઆરમા અધ્યાયમાં શૌનકના પૂછવાથી સૂતે આ તત્ત્વો તેને કહેલ છે. અહિં જે અંગો વિગેરે રૂપોથી આચાર્યો ભગવાનનું ધ્યાન ધરે છે તે રૂપ સૂતે કહેલાં છે. તેથી ભવિષ્યમાં (પરીક્ષિત્ તથા તેની માતા) ભગવાનનું ધ્યાન કરે તે માટે જ ભગવાને એ તત્ત્વસહિત પોતાનું દર્શન કરાવ્યું એમ કહેલ છે. તે યોગ્ય જ છે. (ટિ)

દર્શન) ભવિષ્યમાં ધ્યાન કરવા માટે કરાવ્યાં' એમ જણાવી પ્રભુએ ઉપકાર[૯] કર્યો એમ કહેલું છે; પરંતુ પ્રભુએ ચક્રથી રક્ષા કરી અથવા બ્રહ્માસ્ત્રનું તેજ દૂર કર્યું એમ કહેલ નથી. તેથી જ 'બ્રહ્માસ્ત્રના તેજને પોતાની ગદાથી હરતા' એ વાક્ય સાથે વિરોધ થતો નથી. અથવા કાલનો નિગ્રહ કરવા[૧૦] ભગવાને ચક્ર ધારણ કરેલું. તેથી જ[૧૧] પોતાના પ્રભાવ સહિત ભગવાન્ કુક્ષિમાંથી પધારી જતાં, તે ચક્રે પરિભ્રમણ કરવા માંડયું. તેને લીધે હાલ મારી આવી (જેનું મૃત્યુ થોડા દિવસમાં થવાનું છે તેવી) દશા છે. માતાએ 'મેય' એટલે જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય (કુક્ષિમાં પધારેલ ભગવાન્) હતા. 'ચ' 'અને' શબ્દથી મારે પણ જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય (તે હતા એમ કહેલું છે). માતા શરણે ગઈ, તેથી ભગવાને દર્શન દીધાં અને કુક્ષિમાં પ્રવેશ પણ કર્યો. મેં (પરીક્ષિતે) ભગવાનના માહાત્મ્યનો અનુભવ કરેલ હોવાથી તમે (શ્રીશુક) જે કહેશો તેમાં મને વિશ્વાસ રહેશે એવો ભાવ છે.૬.

એ પ્રમાણે (રાજા) પોતાનો ભગવાનના (ચરિત્રનું) શ્રવણ કરવાનો અધિકાર જણાવીને, પહેલાં પૂછેલું ભગવાનનું ચરિત્ર[૧] બીજી રીતે[૨] પણ ફલ પ્રાપ્ત કરાવનારું છે એમ ફરીથી કહેતાં, નીચેના શ્લોકમાં અનુવાદ (ફરીથી પ્રશ્ન) કરે છેઃ

---

૯. 'ભગવાને રક્ષણ કરવા ચક્ર ધારણ કરેલ' એમ કહેવાથી, આગળ 'બ્રહ્માસ્ત્રના તેજને ગદાથી દૂર કર્યું' એમ કહેલ છે તે વાક્ય સાથે વિરોધ થાય, પરંતુ ધ્યાન ભવિષ્યમાં ધરે તે માટે ચક્ર એટલે તત્ત્વસહિત દર્શન કરાવ્યાં એમ કહેવાથી તેવો વિરોધ થતો નથી, (પણ 'ઉપકાર જ' કરેલો જણાય છે.) (ટિ)

૧૦. ચક્ર સંહાર કરનારું હોઈ કાલરૂપ છે. ભગવાન્ ચક્રને ધારણ કરીને (પકડીને) રહ્યા હતા, તેથી તે પોતાનું કાર્ય (સંહાર) કરી શકતું ન હતું. તેથી એમ કહેલ છે. (ટિ)

૧૧. અહિંથી ભગવાને ચક્ર ધારણ કરવાનું બીજું પ્રયોજન કહેલું છે. બળી ગએલ હોય તેને પણ પહેલાંના જેવું નહિ બળેલું કરવું એ ભગવાનનો પ્રભાવ છે. એવા પ્રભાવવાળા ભગવાન્ ગર્ભ પૂર્ણ (નહિ બળેલો, સંપૂર્ણ) થયો ત્યારે ત્યાં રહેવાનું વધારે પ્રયોજન નહિ હોવાથી ત્યાંથી પધારી ગયા, એટલે તેમની સાથે તેમનો પ્રભાવ પણ ગયો. એમ ન હોય તો ભગવાને આ પરીક્ષિતના દેહનું રક્ષણ કરેલ હોવાથી કાલ વિગેરેનો પણ તેને ભય નહિ રહેવાથી, તે દેહ નિત્ય જ(અવિનાશી) થાય. પછી ચક્ર ભ્રમણ કરવાના સ્વભાવવાળું હોવાથી, તેણે પાછા ફરી મારી(પરીક્ષિતની) આસપાસ ભ્રમણ કર્યું, એટલે વળી તે દેહ કાલને અધીન થયો અને તેથી હવે તક્ષકદંશથી જીવતા રહેવાનું બનવાનું નથી એવો અર્થ છે. (ટિ)

૧. વીર્ય પણ અમુક પ્રકારનું ચરિત્ર છે એવો ભાવ છે. (લે).

૨. 'બીજી રીતે' એટલે 'અવતાર ન હોય તે સમયના જીવોનો ઉદ્ધાર કરવાની રીતે' ચરિત્રો ફલ પ્રાપ્ત કરાવનારાં છે, એમ પહેલાં કહેલું છે; છતાં વીર્યો પણ અમુક પ્રકારનાં ચરિત્રો જ હોવાથી તે ફલ પ્રાપ્ત કરનારાં છે એમ કહેલું (જણાવેલું) છે. આ શ્લોકમાં અમૃતપણું પ્રાપ્ત કરાવનાર હોઈ તે ફલ પ્રાપ્ત કરાવનારાં છે, એમ કહેતાં (પ્રશ્ન કરે છે) એવો અર્થ છે. (લે)

**વીર્યાણિ તસ્યાખિલદેહભાજામન્તર્બહિઃ પૂરુષકાલરૂપૈઃ ।।**
**પ્રયચ્છતો મૃત્યુમુતામૃતં ચ માયામનુષ્યસ્ય વદસ્વ વિદ્વન્ ।।૭।।**

હે વિદ્વન્ ! સર્વ દેહધારીઓના અંદરના અને બહારના પુરુષરૂપ અને કાલરૂપથી મૃત્યુ અથવા અમૃત આપનાર તે માયામનુષ્યનાં વીર્યો કહો. ૭.

કેટલાક આ (શ્લોકમાં કરેલ) પ્રશ્નને પહેલાં (બીજા તથા ત્રીજા શ્લોકમાં) કરેલ પ્રશ્નથી જૂદો કહે છે. (તેઓનો મત એવો છે કે) જે ચરિત્ર (શ્રીકૃષ્ણે) મનુષ્યભાવથી સર્વ જાણે તેમ (પ્રસિદ્ધ રીતે) કર્યું તે પહેલાં (રાજાએ) પૂછ્યું, પરંતુ વરુણલોકમાં જઈ નંદ વિગેરેને છોડાવવારૂપ અથવા વૈકુંઠના દર્શન કરાવવારૂપ જે (ચરિત્ર) અવતારના સંબંધ વિનાનું કર્યું, તે (આ) ફરી કરેલ પ્રશ્નથી પૂછેલું છે. એમ (તેઓનો મત સાચો) હોય તો જે કહેવામાં આવશે તે અમૃતપણું પ્રાપ્ત કરાવવાનું ફલ આ (શ્લોકમાં પૂછેલ) ચરિત્રનું થાય, (પણ) બીજા ચરિત્રનું થાય નહિ. તેથી એ વિચારવા યોગ્ય (અયોગ્ય) છે.

તે શ્રીકૃષ્ણના, સર્વ દેહધારીઓના અંદરના અને બહારના ભેદથી (અનુક્રમે) પુરુષરૂપો અને કાલરૂપોથી અમૃત અને મૃત્યુ આપનાર માયાથી મનુષ્ય થએલ પુરુષોત્તમનાં જ વીર્યો કહો, એવો વાક્યનો સંબંધ છે. આથી[3] એમ જણાવેલ છે કે ભગવાને આ અવતારમાં અને એવાં બે રૂપો દર્શાવેલાં છે. અથવા આ (શ્રીકૃષ્ણ) જ મૂલરૂપ છે, એવું તેમનું માહાત્મ્ય જણાવેલું છે[4].

---

૩. 'આથી' એટલે 'બે વાર વીર્યસંબંધી પ્રશ્ન કરવાથી.' વંશ સંબંધી કાર્ય કરવા માટે યદુવંશમાં પ્રદ્યુમ્ન અંશથી અવતાર લઈ, કુવલયાપીડ હાથી, મલ્લો, કંસ, જરાસંધ વિગેરેને હણવારૂપ, ઘરડાંઓને પણ યૌવન આપવાનાં, યાદવોને દ્વારકાં લઈ જવાનું, વૈદર્ભીનું હરણ વિગેરે વીર્યો કર્યાં. પાછલ બીજા શ્લોકમાં પૂછ્યા પ્રમાણે આ બધાં અવતારરૂપથી કર્યાં. આ શ્લોકમાં કહેલાં બે રૂપો (પુરુષરૂપ અને કાલરૂપ) તેમાં જણાવેલ ફલદાન કરવામાં વાંસલાની પેઠે કરણ (ફલદાનનું સાધન) જેમનું થએલ છે તેવું મૂલભૂત રૂપ છે એવો નિર્ણય છે. વળી સર્વ દેહીઓને એ ફલ આપનાર ભગવાન્ છે, એમ કહેલ હોવાથી શ્રીકૃષ્ણાવતાર પહેલાં પણ એ રૂપોથી તે એ ફલો આપતા હતા એમ જણાવેલું છે, તેથી એ મૂલરૂપ છે એમ જણાય છે. આમ હોવાથી શ્રીકૃષ્ણે અવતારનાં કાર્યો તેમજ મૂલરૂપનાં કાર્યો કરેલાં હોવાથી આ અવતારમાં એ બંને રૂપો હતાં એમ જણાવેલું છે એવો અર્થ છે. તેથી તેમણે ઘણાં વીર્યો કરેલાં હોવાનું સંભવતું હોવાથી તે સંબંધી પ્રશ્ન કરેલો છે એવો ભાવ છે. (ટિ)

ઉપર 'કેટલાક આ પ્રશ્નને પહેલાં કરેલ પ્રશ્નથી જૂદો કહે છે' એમ કહ્યું છે. તેઓના મત પ્રમાણે આ અવતારમાં બે રૂપો છે એમ જાણવું. (લે)

૪. (શ્લોક બીજામાં) રાજા અવતારે કરેલ વીર્યો પ્રથમ પૂછે છે અને પછી એ વીર્યો કરનાર મૂલરૂપ જ છે, એમ (આ શ્લોકમાં) કહે છે. તેથી આ અવતાર જ મૂલરૂપ છે એમ થયું, અને

'તે' શબ્દ (શ્રીકૃષ્ણ સિવાયનાં) બીજા રૂપો સંબંધી આ પ્રશ્ન નથી એમ જણાવે છે. (તેમનાં) માહાત્મ્યનું જ્ઞાન થાય તે માટે 'વીર્યો' શબ્દ યોજેલ છે. (અહિં જણાવેલ પ્રકાર વિના) બીજા કોઈ પ્રકારથી ભગવાન્ કોઈને મૃત્યુ અથવા અમૃત આપતા નથી એમ જણાવવા 'સર્વ' શબ્દ યોજેલો છે, કારણ કે ભગવાન્ વિના બીજા કોઈથી કોઈને પણ મૃત્યુ અથવા અમૃત પ્રાપ્ત થતાં નથી, 'દેહધારીઓ' શબ્દથી એમ સૂચવેલું છે કે તેઓ આત્મા (જીવો) હોવા છતાં નિમિત્તને લીધે[૫] તેઓએ તેમ કરેલું (દેહ ધારણ કરેલો)છે.

કેટલાક એમ કહે છે કે મત્સ્ય વિગેરે પુરુષરૂપો છે, અને વિષયો કાલરૂપો છે; બીજાઓ એમ કહે છે કે ભગવાનનાં ધ્યાન કરવાનાં રૂપો[૬] પુરુષરૂપો છે. બ્રહ્માના રૂપથી આરંભી ઘાસનાં તણખલાં સુધીનાં રૂપો કાલરૂપો છે[૭]. જો કે બધાંએ રૂપો ભગવાનનાં છે તો પણ (રૂપોનો) આ ભેદ[૮] અંદરના હોવાપણાને અને બહારના હોવાપણાને લીધે થએલો છે, એમ 'અંદરના અને બહારના' શબ્દથી કહેલ છે. તેથી[૯] સાધનોથી પણ હરકોઈ રીતે બહિર્મુખોને[૧૦] મૃત્યુની જ

---

તેથી આ અવતારનું જ માહાત્મ્ય કહેવાયું; એમ જણાવવા આ કહેલ છે. (ટિ)

આ શ્લોકમાં '' 'તે' માયામનુષ્યનાં વીર્યો કહો'' એમ 'તે' શબ્દ યોજી, પહેલાં કહેલ ભગવાન્ જણાવેલ હોવાથી, પહેલાં પૂછેલ અને અહિં પૂછેલ ચરિત્રો એક જ ભગવાને કરેલાં છે અને બેમાં ભેદ નથી એવો રાજાનો અભિપ્રાય છે. ઉપર જે મૂલરૂપ અને અવતારરૂપ એવાં બે જૂદાં રૂપો હોવાનો મત કહ્યો તેથી આ જૂદો મત છે. (લે)

૫. જીવો 'આત્મા' હોવાથી તેમનું મૃત્યુ કરવું યોગ્ય નથી, એવી શંકા આથી દૂર કરે છે. (જીવો) દેહ ધારણ કરે છે તેનું તાત્પર્ય અહિં કહેલું છે. બ્રહ્મસૂત્ર. ૩।૨।૫ તથા 'તે રમણ કરતા ન હતા, તેથી એકલા રમતા નથી. તેમણે બીજાની ઈચ્છા કરી' શ્રુતિપ્રમાણે ભગવાને જીવોને દેહનો સંબંધ પોતાની ક્રીડા માટે જ કરાવેલો છે. તેથી (ભગવાનની) ક્રીડા જ નિમિત્ત છે. 'નિમિત્તને લીધે' એટલે '(ભગવાનની) તે ક્રીડાને લીધે' એવો અર્થ છે. (ટિ)

૬. 'અંદરનાં રૂપો' હોવાથી ધ્યાન કરવાનાં રૂપો છે. એવો ભાવ છે. (ટિ)

૭. બ્રહ્માનાં રૂપની અને ખડનાં તણખલાંના રૂપની હદ કરીને, એવો અર્થ છે. 'બ્રહ્મા સુધી' એ મોટાંરૂપની મર્યાદા કહી, 'ખડના તણખલાં સુધી' એ નાના રૂપોની મર્યાદા કહી. તેથી બ્રહ્મા સુધીનાં મોટાં અને ખડનાં તણખલાં સુધીનાં નાના રૂપો જેમાં છે તેવા કાલરૂપો છે એવો અર્થ છે. (લે).

૮. 'ભેદ' એટલે 'પુરુષરૂપ અને કાલરૂપનો ભેદ'. (લે)

૯. 'તેથી' એટલે 'અંદરના અને બહારના ભેદથી જ બે પ્રકારનાં (રૂપ) કહેલ હોવાથી.' મત્સ્ય વિગેરે રૂપો પણ બહિર્મુખોને મૃત્યુ જ કરનારાં હોવાથી, તેમનાં કાલરૂપો જ છે. વિષયો પણ અંતર્મુખોને અમૃત આપનાર હોવાથી, તેમના પુરુષરૂપ જ છે એવો અર્થ છે. (લે)

પ્રાપ્તિ થાય છે અને અંતર્મુખો(ભગવાનના ભક્તો)ને અમૃતની જ પ્રાપ્તિ થાય છે. આમ હોવાથી તેમનું (ભગવાનનું) શું સામર્થ્ય ? અંદરના હોવાપણાથી અને બહારના હોવાપણાથી થએલું જ (ભગવાનનું સામર્થ્ય) છે, અથવા મર્યાદા માટે (ભગવાનની) તેવી ઈચ્છા (એ સામર્થ્ય છે?) (એવો સંદેહ થાય), તેથી તેવા ભગવાનનું સામર્થ્ય જાણવામાં આવે ત્યારે આ સંદેહ દૂર થાય. તેથી તે (માહાત્મ્ય)નું અવશ્ય શ્રવણ કરવું જોઈએ. ગોકુલવાસીઓને (ભગવાન્) વૈકુંઠ લઈ ગયા ત્યાં (૧૦।૨૫।૧૪ થી ૧૭) આનો નિર્ણય થશે.[૧૧]

'મનુષ્યની સ્થિતિ (હોય તેના)માં આ (આવું સામર્થ્ય) સંભવતું નથી' એવી શંકા દૂર કરવા 'માયામનુષ્ય' શબ્દ યોજેલો છે. તે (માયા) બુદ્ધિને ઢાંકી દેનારી હોવાથી, પુરુષોત્તમબુદ્ધિ (શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એવી બુદ્ધિ)ને ઢાંકી મનુષ્યબુદ્ધિ (શ્રીકૃષ્ણ મનુષ્ય છે એવી બુદ્ધિ) કરે છે. તેથી તે (માયા)ને લીધે જેનું તેવું (મનુષ્ય તરીકે) જ્ઞાન થાય છે, (તેવા ભગવાન્ છે) એવો અર્થ છે.

ભગવાનનાં વીર્યોનું (તમે શ્રીશુક કરશો તે) કીર્તનથી અમારા ઉપર જ ઉપકાર થશે એમ નથી, પરંતુ કીર્તનનું ફલ તમને પણ થશે એમ (જણાવવા), ('વદસ્વ' ક્રિયાપદ) આત્મનેપદમાં યોજેલું છે. 'હે વિદ્વન્' સંબોધન (એમ જણાવે છે કે કીર્તન કરવાનું તમને કહેવામાં અને તમારી પાસેથી શ્રવણ કરવામાં) સર્વત્ર (તમારું) જ્ઞાન કારણ છે. ૭.

એવી રીતે ભગવાનનાં ચરિત્રો પૂછી, પાંચ શ્લોકોથી સંદેહવાળા, યુક્તિથી વિરુદ્ધ (વિચાર કરતાં અસંભવિત લાગે તેવા) વિષયો સંબંધી પ્રશ્ન પૂછે છેઃ

**રોહિણ્યાસ્તનયઃ પ્રોક્તો રામઃ સંકર્ષણસ્ત્વયા ।।**
**દેવક્યા ગર્ભસમ્બન્ધઃ કુતો દેહાન્તરં વિના ।।૮।।**

સંકર્ષણ રામને આપે રોહિણીના પુત્ર કહ્યા અને દેવકીના ગર્ભના સંબંધવાળા (ગર્ભથી ઉત્પન્ન થએલા) કહ્યા. બીજા દેહ વિના એ કેમ બને? ૮.

---

૧૦. 'ઉત' 'અથવા' પદથી એમ જણાવેલું છે કે બંને પ્રકારનાં રૂપો અંતર્મુખોને અમૃતનું જ દાન કરે છે. વિષયો પણ ભજનમાં ઉપયોગી થઈ તેઓને અમૃતનું જ દાન કરાવનાર થાય છે. બ્રહ્મા વિગેરે (પુરુષરૂપ) ભગવાનની ક્રીડામાં ઉપયોગી છે અને ભગવાનની વિભૂતિ છે એવા જ્ઞાનને લીધે, તેઓ અંતર્મુખોને અમૃત આપનાર થાય છે અને બહિર્મુખોને તેઓ મૃત્યુ કરાવનાર થાય છે તે સ્પષ્ટ છે. (ટિ)

૧૧. એ પ્રસંગમાં બહિર્મુખોને પણ ભગવાને અમૃતનું દાન કરેલું છે, તેથી બીજો પક્ષ જ (મર્યાદા માટે ભગવાનની તેવી ઈચ્છાથી જ તેમ થાય છે એમ) સિદ્ધ થાય છે. (લે) કારણ કે ભગવાન્ મર્યાદાનું ઉલ્લંઘન કરી બહિર્મુખોને પણ અમૃતનું દાન કરે છે. ભગવાનમાં સર્વ પ્રકારનું સામર્થ્ય છે.

'બલ, ગદ, સારણ...' ૯।૨૪।૪૬ શ્લોકમાં આપે બલરામને પ્રથમ રોહિણીના પુત્ર કહ્યા. વસુદેવે દેવકીમાં ઉત્પાદન કરેલ પુત્રો કીર્તિમંત વિગેરેની ૯।૨૪।૫૩ થી ૫૪માં ગણના કરતાં સાતમો પુત્ર 'સંકર્ષણ એ જ અહીશ્વર' એમ અહીશ્વરને ગણ્યો. જો કે આમાં (એકને એક પુત્ર બે માતાઓમાં ઉત્પન્ન થવામાં) ભગવાનનો પ્રભાવ જ કારણ છે, તો પણ લૌકિક પ્રકારના સંબંધમાં (લોકમાં એવું કેમ બને તેવો) આ પ્રશ્ન છે. 'બીજા દેહ વિના' એટલે તેના તે જ જન્મમાં બંને (માતાઓ)માં ઉત્પત્તિ કેમ થઈ શકે ? ૮.

ભગવાનનો મથુરાનો ત્યાગ કરવામાં કયો હેતુ હતો એ પૂછે છે :

**કસ્માન્ મુકુન્દો ભગવાન્ પિતુર્ગેહાદ્ વ્રજં ગતઃ ।।**
**ક્વ વાસં જ્ઞાતિભિઃ સાકં કૃતવાન્ સાત્વતાં પતિઃ ।।૯।।**

મુકુંદ ભગવાન્ પિતાના ઘેરથી વ્રજમાં કેમ પધાર્યા ? વૈષ્ણવોના પતિએ સગાંઓ સહિત ક્યાં વાસ કર્યો ? અથવા વૈષ્ણવોના પતિએ સગપણના ભાવ વિનાનાઓ સાથે સહભાવ કયાં કર્યો ? ૯.

કાલ વિગેરેના ભયને દૂર કરનાર શુદ્ધબ્રહ્મ (ભગવાન)ને ભય નહિ હોવાથી વ્રજ જવામાં તેમનો કયો હેતુ હતો ? એમ 'મુકુંદ' શબ્દથી સૂચવેલું છે. સર્વને મોક્ષનું દાન કરે તે મુકુંદ. બૃહદ્વન, વૃંદાવન વિગેરેની અંદર, નંદજી વિગેરેને સગાંઓ માનીને, તે સગાંઓ સાથે ભગવાને કયાં વાસ કર્યો ? અથવા 'અસઞ્જ્ઞાતિભિઃ'(સગાંઓ ન હતા તેવા) સારી રીતે સગપણના ભાવ વિનાનાઓ[1] સાથે 'સાકં' એટલે સહભાવ (સાથે રહેવાનું) ભગવાને કયાં કર્યું ?[1] ભગવાનનો અવતાર તો સારા પુરુષોના[2] રક્ષણ માટે જ હોય છે, કારણ કે તે 'સાત્વતામ્' એટલે શુદ્ધ સત્ત્વમાં રહેલાઓના જ પતિ છે. ૯.

**વ્રજે વસન્ કિમકરોન્મધુપુર્યાં ચ કેશવઃ ।।**
**ભ્રાતરં ચાવધીત્કંસં માતુરદ્ધાઽતદર્હણમ્ ।।૧૦।।**

વ્રજમાં વસતાં અને મથુરામાં વસતાં કેશવે શું કર્યું ? વધ નહિ કરવા

૧...૧. 'આપણે સદા ગાયો (ચરાવવા)ના ધંધાવાળા છીએ' ૧૦।૨૧।૨૧, અને 'હે પિતા,' ૧૦।૨૧।૩માં ભગવાન્ જે વાક્યો કહે છે તે કથા હજી પરીક્ષિતે સાંભળી નથી. તેથી ભગવાનને વસુદેવના પુત્ર યાદવ જાણે છે, તેથી તે આ પ્રમાણે પ્રશ્ન કરે તે સંભવે છે એવા આશયથી આ (બીજો અર્થ) કહેલો છે. (ટિ)

૨. ભગવાનનો અવતાર સારા પુરુષોની રક્ષા કરવા માટે છે. આ (નંદજી વિગેરે) તો ભગવાનનાં સગાં નથી અને તામસો છે. સારા પુરુષો નથી. (છતાં તેમની સાથે ભગવાને કેમ સહવાસ કર્યો ?) એવો અર્થ છે. (લે)

યોગ્ય, માતાના ભાઈ કંસનો પોતે જ કેમ વધ કર્યો ? ૧૦.

આ શ્લોકમાં નંદજીની જાતિનાં અનુકરણની અને તેમના ભાવના અનુકરણની લીલા સંબંધી જૂદો જ પ્રશ્ન કરેલો છે, અથવા પહેલાં (નવમા શ્લોકમાં) જે પ્રશ્ન કર્યો તે જ ફરી કહેલો છે. વ્રજમાં વસતાં શું કર્યું ? કંસનો વધ વિગેરે કાર્ય સ્પષ્ટ હોવા છતાં લોકમાં નિંદાપાત્ર છે. તેથી તે સંબંધી પ્રશ્ન ઉત્તરાર્ધમાં કરે છે. માતાના ભાઈનો પોતે જ પોતાના શ્રીહસ્તથી કેમ વધ કર્યો ? મામો માન આપવા યોગ્ય હોવાથી તેને યોગ્ય નથી એટલે વધ કરવા યોગ્ય નથી. 'કેમ ?' એમ પહેલાં કહેલ તેનો અહિં સંબંધ લેવો. વ્રજમાં અને મથુરામાં ભગવાને કોનો- કોનો ઉદ્ધાર કર્યો ? કંસની પણ કેવી સ્થિતિ થઈ ? એવો પ્રશ્ન છે. ૧૦.

'દ્વારકામાં ભગવાન્ કેટલો વખત રહ્યા ?' એમ નીચેના શ્લોકમાં પૂછે છેઃ

**દેહં માનુષમાશ્રિત્ય કતિ વર્ષાણિ વૃષ્ણિભિઃ।।**
**યદુપુર્યાં સહાવાત્સીત્ પત્ન્યઃ કત્યભવન્ પ્રભો ।।૧૧।।**

વૃષ્ણિઓ સાથે માનુષદેહનો આશ્રય કરીને દ્વારકામાં ભગવાન્ કેટલાં વર્ષો રહ્યા ? પ્રભુને પત્નીઓ કેટલી હતી ? ૧૧.

ઘણો જ હોશીઆર નટ પણ માત્ર એક પ્રહર (ત્રણ કલાક) વેશ રાખે છે. તો પછી ભગવાન્ કપટથી મનુષ્યનો વેશ રાખીને કેટલો વખત રહ્યા ? એવો કાલ (પૃથ્વી ઉપર ભગવાનની સ્થિતિના સમય) સંબંધી પ્રશ્ન છે. ત્યાં રહેલા ભગવાનને ત્યાં રહેવાનું વિશેષ પ્રયોજન નહિ હોવાથી, 'માનુષદેહનો આશ્રય કરીને' એમ ત્યાં જ[1] કહેલું છે. 'વૃષ્ણિઓ એટલે યાદવો સાથે' એમ કહીને સરખા ન હોય તેવા હલકાઓની સાથે સરખાપણું લાંબા સમય સુધી રાખ્યું એ અયોગ્ય છે, એમ સૂચવ્યું છે. બીજાના સ્થાનમાં વાસ કર્યો હતો (એમ જણાવવા) 'દ્વારકા'

---

૧. અહિં વૃષ્ણિઓના માનુષદેહનો જ (ભગવાને) આશ્રય કરેલો એમ કહેલું છે એવો અર્થ છે. તેઓ (વૃષ્ણિઓ) સર્વમાં ભૂમિના ભારરૂપ રાજાઓના સૈન્યને હરાવવાનું સામર્થ્ય થાય તે માટે ભગવાન્ તેઓમાં આવેશ કરીને રહેલા, તેથી એ પ્રમાણે કહેલું છે. વૃષ્ણિઓ સાથે (ભગવાન્) સારી રીતે વ્યવહાર પણ કરતા હતા તે પણ તેઓના દેહનો તેમણે આશ્રય કરેલો તેથી સંભવે છે. આ જણાવવા જ શ્લોકનું પહેલું ચરણ કહેલું છે. એમ ન હોય તો એ ચરણ વિના પણ પ્રશ્ન (સંપૂર્ણ) થાય છે, તેથી એ ચરણ કહેત જ નહિ. આમ હોવાથી 'વૃષ્ણિઓની સાથે માનુષદેહનો આશ્રય કરીને (વૃષ્ણિઓના માનુષદેહોમાં રહીને) કેટલાં વર્ષો ભગવાન્ દ્વારકામાં રહ્યા ?' એવો (વાક્યનો) સંબંધ છે એમ જાણવું. તેથી જ આગળ પ્રભુ કહેશે કે 'બીજાથી કોઈ રીતે આ (યાદવકુલનો) પરિભવ થશે નહિ' અને તેનું કારણ 'તે મારા આશ્રયવાળું (હું જેમાં રહેલો છું તેવું) છે' એમ કહેશે (જૂઓ ૧૧।૧।૪). (ટિ)

શબ્દ (યોજેલો છે). 'રહ્યા' શબ્દ જણાવે છે કે (ભગવાને દ્વારકામાં) વાસ કર્યો એમાં સંદેહ નથી, 'પ્રભુને પત્નીઓ કેટલી હતી ?' એ પ્રશ્નથી લક્ષ્મીના સરખું ભાગ્ય કેટલી (સ્ત્રીઓ)ને પ્રાપ્ત થયું હતું ? એમ પૂછેલું છે. 'પ્રભુ' શબ્દથી એમ સૂચવેલું છે કે તેમનામાં (ભગવાનમાં) સર્વ સામર્થ્ય રહેલું છે, તેથી (કાંઈ) ગુપ્ત રાખીને અન્યથા (હોય તેથી જૂદા પ્રકારે) કહેવું નહિ. ૧૧.

બીજું પણ યુક્તિથી વિરુદ્ધ (હોય તે) ઉપપત્તિ સાથે (યોગ્યતા દર્શાવતાં) કહો, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**એતદન્યચ્ચ સર્વં મે મુને કૃષ્ણવિચેષ્ટિતમ્ ।।**
**વક્તુમર્હસિ સર્વજ્ઞ શ્રદ્ધાનાય વિસ્તૃતમ્ ।।૧૨।।**

હે મુનિ ! હે સર્વ જાણનાર ! આ અને બીજું બધું શ્રીકૃષ્ણનું વિસ્તારપૂર્વક ચરિત્ર શ્રદ્ધાવાળા મને કહેવા આપ યોગ્ય છો. ૧૨.

બીજું[1] ભગવાને કરેલું સર્વ ચરિત્ર જે પૂછ્યું નથી તે પણ કહો. 'મને' શબ્દથી એમ જણાવ્યું છે કે હું તેમનો (ભગવાનનો દાસ) હોવાથી મારું ચરિત્ર શ્રવણ કરવાનું જ કાર્ય છે. આપ (શ્રીશુક) જ્ઞાનવાળા છો એમ જણાવવા 'હે મુનિ!' એવું સંબોધન કરેલું છે. 'શ્રીકૃષ્ણનું ચરિત્ર' શબ્દથી તે સ્વતંત્ર ફલરૂપ છે એમ જણાવેલું છે. '' 'કૃષ' ધાતુ 'સત્તા'ના અર્થમાં યોજાએલ છે, અને 'ણ' 'આનંદ'ના અર્થમાં યોજાએલ છે, તે બેનું ઐક્ય(જોડાણ) પરબ્રહ્મ 'કૃષ્ણ' કહેવાય છે.'' એ શ્રુતિ શ્રીકૃષ્ણને 'સદાનંદ'(સત્+આનંદ) કહે છે. તેમનું ચરિત્ર પણ સદાનંદરૂપ જ હોવાથી ફલરૂપ છે. તેથી તે બધુંએ કહેવું જોઈએ. આ (શ્રીકૃષ્ણના ચરિત્રના) મર્મને જાણનાર આપ (શ્રીશુક) જ છો, તેથી આપ તે કહેવા યોગ્ય છો. વીર્યરૂપ ન હોય તેવાં ચરિત્રમાત્રમાં(સામાન્ય ચરિત્રના શ્રવણમાં) પણ હું શ્રદ્ધાવાળો છું. 'વિસ્તારપૂર્વક' શબ્દથી એમ કહેલું છે કે તેવાં (વીર્ય વિનાનાં સામાન્ય ચરિત)નો પણ વિસ્તાર કહો. ચારે પ્રકારનાં ચરિત્રોનો બધાંઓનો વિસ્તાર કહો. ચરિત્રો ચાર પ્રકારનાં છેઃ ૧.વીર્યો ૨. સર્વે ગાન કરવા યોગ્ય ચરિત્રો ૩. અલૌકિક વીર્યો અને ૪. ગાન નહિ કરવા યોગ્ય ચરિત્રો[2]. ૧૨.

એ પ્રમાણે બાર શ્લોકોથી પ્રશ્ન કહી, શુક સર્વ પ્રકારે ભગવાનનું ચરિત્ર

---

૧. બીજું એટલે વીર્ય વિગેરેરૂપ ન હોય તેવું પણ (કહો). ચાર પ્રકારનાં ચરિત્રો (પૂછ્યાં તે) અને બીજું જે કાંઈ શ્રીકૃષ્ણની માત્ર ચેષ્ટારૂપ હોય તે કહો એવો ભાવ છે. (લે)

૨. બીજા શ્લોકના ઉત્તરાર્ધમાં વીર્યો પૂછેલાં છે. ત્રીજા શ્લોકમાં સર્વે ગાન કરવા યોગ્ય ચરિત્રો પૂછેલાં છે. સાતમા શ્લોકમાં અલૌકિક વીર્યો પૂછેલાં છે. આઠમા શ્લોકથી ગાન નહિ કરવા યોગ્ય ચરિત્રો પૂછેલાં છે એવો ભેદ છે. (લે)

કહે તે માટે, અને ન કહે તો દુઃખ દેનાર[1] શું છે તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**નૈષાઽતિદુઃસહા ક્ષુન્માં ત્યક્તોદમપિ બાધતે ।।**
**પિબન્તં ત્વન્મુખામ્ભોજચ્યુતં હરિકથામૃતમ્ ।।૧૩।।**

આપના મુખકમલમાંથી ટપકતું હરિકથારૂપી અમૃતનું પાન કરતાં આ જરા પણ સહન થઈ ન શકે તેવી ભૂખ મને જલ તજેલાને પણ પીડા કરતી નથી. ૧૩.

(કથા શ્રવણ કરવાની પોતાની) ઉત્કંઠા કહેવા(જણાવવા) કથા શ્રવણ કરતાં (આ ભૂખની પણ મને દરકાર નથી, એમ જણાવવા) 'આ' શબ્દ યોજેલો છે. તે ભૂખ નમાલી નથી, એમ જણાવવા 'જરા પણ સહન થઈ ન શકે તેવી' વિશેષણ યોજેલ છે. ભૂખ 'મને' (પીડા કરતી નથી) શબ્દથી પ્રમાણ કહેલ છે. (પોતાનો અનુભવ કહે છે અને અનુભવ પ્રમાણ હોવાથી પ્રમાણ કહેલ છે). કથાના શ્રવણ વિના બીજા કોઈ પ્રકારથી દેહની રક્ષા કરવી નથી, એમ જણાવવા જલનો ત્યાગ[2] ('જલ તજેલાને' વિશેષણનો અર્થ) કહેલો છે. આ[3] સર્વથી ઉત્તમ અધિકારવાળાની સ્થિતિ છે. જલ (ભૂખ અને તરસ) બંનેનો નાશ કરનાર[4] હોવાથી 'જલનો ત્યાગ' કહેલ છે. ભૂખની શત્રુ તરીકે ખ્યાતિ હોવાથી તે અવશ્ય પીડા કરનારી છે અને તેથી તેને જ (પીડા કરતી નથી એમ) કહેલ[5] છે, (તરસને કહી નથી). (શ્રીશુક) તરત જ કથા કહે તે માટે (પીડા કરતી નથી એમ) વર્તમાન કાલનો પ્રયોગ (કથા કહેવામાં ન આવે તો ભવિષ્યમાં પીડા કરે એમ જણાવવા) કરેલો છે. (શુકના મુખમાંથી કથારૂપી) અમૃત ટપકતું હોવાથી તેને 'કમલ' કહેલું છે. (ભગવાનનું) ચરિત્ર કથા કહેવામાં કહેનારને પરવશ કરનારું છે, (કહેનારની ઈચ્છા હોય કે ન હોય તો પણ ભગવાનનાં ચરિત્રને લીધે કથા મુખમાંથી ટપકયા

---

૧. જો કથા કહેવામાં નહિ આવે તો ભૂખ મારા પ્રાણને પીડા કરશે એમ કહે છે, એવો ભાવ છે. (લે)

૨. પાંચ ભૂતોનું શરીર બનેલું છે, તેમાં અન્ન અને જલ અનુક્રમે પૃથ્વીના અંશનું તથા જલના અંશનું પોષણ કરે છે. જો અન્ન અને જલ તે બે અંશનું પોષણ કરે નહિ તો તેજનો અંશ (તેજ તત્ત્વ) એ બે અંશોને બાળી નાખે. જો અન્ન લેવામાં ન આવે અને માત્ર જલ જ લેવામાં આવે તો પણ જલથી તેજનો અંશ શમી જાય અને તેથી દેહની રક્ષા થાય; એવી રીતે દેહની રક્ષા કરવી નથી, એમ જણાવવા આ કહેલ છે. (લે)

૩. 'આ' એટલે 'દેહના રક્ષણ માટે કોઈ પણ પ્રકારનો પ્રયત્ન ન કરવો તે.' (લે)

૪. જલ ભૂખ અને તરસ બંનેનો નાશ કરનારું છે. તેથી જલ લેવાથી ભૂખ પણ પીડા કરશે નહિ એવો અર્થ છે. (લે)

૫. ''ભૂખ અને તરસ બંને પીડા કરનાર હોવાથી, 'તરસ પીડા કરતી નથી' એમ કેમ ન કહ્યું ?'' એવી શંકા થાય તેથી આ કહેલ છે. (લે)

કરે છે) એમ જણાવવા 'ટપકતું' પદ યોજેલું છે. '(કથાનું) પાન કરવું' એટલે (તે) ભૂલી ન જવાય તે માટે તેને અંદર પ્રવેશ કરાવવો. પહેલાં કહેલી કથાનું અત્યારે પણ અનુસંધાન હોવાથી (હજી પણ સાંભળું છું એવું ભાન હોવાથી) 'પાન કરતાં' એમ વર્તમાન (કૃદંત)નો પ્રયોગ કરેલો છે. (શુક તરત જ કથા કહેશે, એવા) વિચારથી (એ વર્તમાનકૃદંત યોજેલ છે) એમ બીજાઓ કહે છે. (હરિકથા) આનંદરૂપ અને ચેતનરૂપ[૬] છે, એમ જણાવવા 'હરિ (કથારૂપી અમૃત)' પદ યોજેલ છે, કારણ કે ખાસ કરીને દુઃખનો નાશ કરવાનો તેનો ગુણ પ્રસિદ્ધ છે. ખાસ કરીને હરિકથા 'અમૃત જેવી છે' એમાં અમૃતનો વ્યુત્પત્તિ પ્રમાણે થતો અર્થ લીધેલ છે. (કથાનો) સંકોચ ન હોય ત્યાં મુક્તિ જ ફલ પ્રાપ્ત થાય છે તેથી, આપ જ (મને) મોક્ષ આપનાર છો, એમ કથા કહેનાર (શુકની) સ્તુતિ કરેલી છે. ૧૩.

નીચેના શ્લોકમાં સૂત શૌનક વિગેરેને સાવધાનપણાથી (કથા શ્રવણ કરવા) તૈયાર કરે છેઃ

સૂત કહે છેઃ

**એવં નિશમ્ય ભૃગુનન્દન સાધુવાદં વૈયાસકિઃ સભગવાનથ વિષ્ણુરાતમ્ ।।**
**પ્રત્યર્ચ્ય કૃષ્ણચરિતં કલિકલ્મષઘ્નં વ્યાહર્તુમારભત ભાગવતપ્રધાનઃ ।।૧૪।।**

હે ભૃગુનંદન ! સાધુવાદવાળા આ (પ્રશ્ન)નું સારી રીતે શ્રવણ કરીને પછી, ભગવાન્ સહિત વ્યાસપુત્રે વિષ્ણુએ રક્ષેલા (પરીક્ષિત)ની સામી પૂજા કરી. ભાગવત્ પ્રધાન તેમણે કલિના પાપને નાશ કરનારું શ્રીકૃષ્ણનું ચરિત્ર કહેવાનો પ્રારંભ કર્યો. ૧૪.

એક બીજાનું અભિનંદન કરવાથી આ (ભગવાનની કથારૂપ) અર્થ સ્ફુરે છે, તેથી તે પ્રમાણે કરવામાં આવે છે. આ પ્રશ્ન (ભગવાનની કથાનું) મૂલ હોવાથી 'આ' શબ્દથી તેને મુખ્ય રીતે જણાવેલો છે. વારંવાર પ્રશ્ન કરવાથી, (કથા) કહેનારને ઉદ્વેગ થવાનો સંભવ રહે છે. અને તેમનું અપમાન થતાં ક્રોધ (થવા)નો સંભવ રહે છે. 'સારી રીતે શ્રવણ કરીને' શબ્દથી તે બંને (બેમાંથી એકે) થયાં ન હતાં (એમ જણાવેલું છે.) 'સારી રીતે શ્રવણ કરીને'[૧] એટલે અર્થથી

૬. 'આપના મુખકમલમાંથી' શબ્દનું તાત્પર્ય અહિં કહેલું છે. કથામૃત આનંદરૂપ છે, એમ જણાવવા તેનો કમલ સાથે સંબંધ છે (મુખકમલમાંથી તે નીકળે છે), અને તે ચેતન છે એમ જણાવવા તે મુખમાંથી પોતાની મેળે 'ટપકે છે' એમ કહેલું છે, એવો અર્થ છે. કથાનું સત્પણું (હોવાપણું) તો સ્પષ્ટ છે જ. તેથી કથા (સત્+ચેતન=ચિત્+આનંદ) સચ્ચિદાનંદરૂપ છે, એમ કહેલું છે એવો ભાવ છે. (લે)

૧. 'નિશમ્ય' એટલે સાંભળીને. અહિં 'શ્રુત્વા' નહિ કહેતાં, વિચાર કરવાના અર્થવાળા 'શમ્'

તેમજ અભિપ્રાયથી (આ પ્રશ્ન) સારો છે એમ જાણીને; પરંતુ 'સભ્યતાથી' (શ્રવણ કરીને) (એવો તેનો અર્થ) નથી. (શૌનકને) વિશ્વાસ રહે તે માટે 'હે ભૃગુનંદન !' એવું સંબોધન કરેલું છે. 'સાધુવાદવાળો' વિશેષણ (પ્રશ્ન સારો હોવાના) કારણરૂપ છે. શબ્દથી વદન (કહેવું તે) વાદ. સાધુઓનો વાદ તે સાધુવાદ. આમાં ભગવાનના સંબંધવાળા સારા પદાર્થો કહેવામાં આવે છે[૨] તેથી આ સાધુવાદ છે . અથવા સાધુ (સારા) પદાર્થોનો વાદ જેમાંથી થાય છે તે સાધુવાદ. (સંસારમાં) વૈરાગ્યવાળાઓ ભગવાનની કથા જ કરે છે તેથી (આ ગ્રંથમાં આગળ) નિરૂપણ કરેલું [૩]પ્રમેય સાધુવાદ છે, એમ જણાવવા (આ) વિશેષણ (મૂકેલું છે). ભગવાનના ભક્તો ભેગા થાય ત્યારે આવું વાક્ય (આવો પ્રશ્ન) પૂછવું જોઈએ, એવા હેતુથી ઘણાં કષ્ટથી વ્યાસજીએ ભગવાનના ગુણોનું પ્રતિપાદન કરનારું આ શાસ્ત્ર રચેલું છે; અને તેની પ્રવૃત્તિ (પ્રસિદ્ધિ) કરાવવા તૈયાર થએલા શુકને તેવા સાધુવાદવાળા પ્રશ્નની જ જરુર છે, કારણ કે તે ઘણા પ્રયાસથી ભગવાનના મતની પ્રવૃત્તિ કરાવનાર છે. 'વ્યાસપુત્ર' શબ્દથી આ (અર્થ) કહેલ છે.

'તેમ હોય તો પણ ભગવાનનું ચરિત્ર જાણવું ઘણું કઠિન હોવાથી (શુક) કેવી રીતે ઉત્તર આપે (આપી શકે) ?' એવી શંકા થાય, તેથી 'ભગવાન્ સહિત' શબ્દ યોજેલો છે. (શુક) ભગવાન્ સહિત છે, (એટલે) તેની અંદર રહેલા ભગવાન જ ઉત્તર આપે છે, એવો અર્થ છે.

'ભગવાન્ પોતે જ એમ શા માટે ઉત્તર આપે ?' એવી શંકા કરી, તે દૂર કરવા 'વિષ્ણુએ રક્ષેલા' શબ્દ યોજેલ છે. જૂદો આરંભ દર્શાવવા 'પછી' શબ્દ યોજેલ છે. આટલા વખત સુધી શુક પોતે કથા કહેતા હતા. આ (શ્રીકૃષ્ણનું) ચરિત્ર તો તેની અંદર રહેલા ભગવાન જ કહે છે[૪] એમ જણાવવા જૂદો આરંભ

---

ધાતુનો પ્રયોગ કર્યો, તેથી 'વિચારપૂર્વક શ્રવણ સૂચવેલું છે' એવો ભાવ છે. તેથી અહિં એ શબ્દનું તાત્પર્ય જણાવનાર અર્થ કહેલો છે. (લે)

૨. 'સાધુવાદમ્' શબ્દનો આ પહેલાં અર્થ કહ્યો તેમાં સાધુ એટલે સારા પદાર્થોનો વાદ એટલે કથન છે જેમાં તે, એવો સપ્તમી બહુવ્રીહિ સમાસ છે. આગળ તેનો જ અર્થ કહેલ છે. (લે)

૩. અહિં બીજા અર્થમાં પંચમી બહુવ્રીહિ સમાસ છે. આ પ્રશ્નને લીધે જે ઉત્તર આપવામાં આવશે તેમાં (સંસારમાં) વૈરાગ્ય કરાવનારી કથારૂપ સાધુવાદ છે એમ જણાવેલું છે એવો ભાવ છે. (લે)

૪. 'શ્રીમદ્ભગવદ્ગીતા ૧૦।૨ પ્રમાણે શ્રીકૃષ્ણનો મહિમા મહર્ષિ શુક પણ જાણી શકે નહિ, છતાં આ સ્કંધમાં તેમનું ચરિત્ર શુક કહે છે તે કેમ બને ?' એવી શંકાનું અહિં સમાધાન કરેલ

કરેલો છે. વિષ્ણુએ તે માટે (આ ચરિત્રનું શ્રવણ કરવા) જ પરીક્ષિતને રક્ષેલો. તેમ ન હોય તો (તેના રક્ષણથી) પુરુષાર્થ સિદ્ધ થતો નહિ હોવાથી, રક્ષણ કરવાનું શું પ્રયોજન ?

શ્રવણ કરવામાં પરોવાએલ ચિત્તવાળા હોવાથી[5] સામી પૂજા કરેલી છે. પહેલાં (પરીક્ષિતે) શુકની સ્તુતિ કરી, તેથી આગળ શુક પણ તેની સ્તુતિ કરે છે એ સામી પૂજા (થઈ); ભગવાન્ અને તેમના ગુણો પૂજા કરવા યોગ્ય છે, અને તે ગુણો પૂરેપૂરા બંનેમાં (શુક અને પરીક્ષિતમાં) છે, તેથી એકબીજાની પૂજા (કરેલી છે.) 'જે વૈષ્ણવો પરસ્પર...' વાક્યથી આવી જ રીતે ભગવાનની કથામાં પરસ્પર પૂજા શાસ્ત્રસિદ્ધ છે.

આટલા ઉદ્યોગનું ફલ 'શ્રીકૃષ્ણનું (ચરિત્ર)' શબ્દથી કહેલું છે. (તે) અવતારનું ચરિત્ર[6] હોવાથી અલૌકિક છે એમ કહેલું છે.

'પાપ (ભગવાનના ચરિત્રનું શ્રવણ કરવામાં) વિઘ્નકારક હોવાથી તેમાં શ્રદ્ધા થશે નહિ' એવી શંકા થાય, તેથી 'કલિના (પાપને નાશ કરનારું)' શબ્દો[7] યોજેલ છે. ધર્મના કારણરૂપ (ધર્મ કરાવનારાં) શુદ્ધ કરનારાં છ[8] (કલિમાં) નહિ હોવાથી, ભગવાનનું ચરિત્ર જ શુદ્ધ કરનારું છે. તેમ (ભગવાનનું ચરિત્ર શુદ્ધ કરનારું) ન હોય તો આ કલિયુગમાં (કોઈની) ધર્મમાં પ્રવૃત્તિ અથવા મોક્ષ ન થાય.

મોટા આરંભથી (ભગવાનનું ચરિત્ર કહેવાનો) પ્રયાસ કરવાનું કારણ 'ભાગવત પ્રધાન' શબ્દથી કહેલું છે. ભાગવતો એટલે વૈષ્ણવો જ મુખ્ય છે જેમના (જેમને) તેવા (ભાગવત પ્રધાન શુક) છે. (તેમણે) 'વિ' ખાસ કરીને 'આહર્તું' કહેવાનો આરંભ કર્યો. તેથી જ મનનનો ત્યાગ કરી કથા જ કહી, જ્ઞાન વિગેરેની

---

છે. શુક ભગવાન્ સહિત છે, એટલે ભગવાનના આવેશવાળા છે. તેથી જ ભગવાને જ શુકમાં પ્રવેશ કરી દશમા સ્કંધનું ચરિત્ર કહેલું છે એવો અર્થ છે. ભગવદ્ગીતા ૧૦।૧૫ પ્રમાણે શ્રીકૃષ્ણ જ પોતાનું ચરિત્ર જાણે છે. 'શંકર ભગવાન જ વ્યાસથી શુક જન્મ્યા' વાક્ય પ્રમાણે શુક શંકર છે, અને 'વૈષ્ણવોમાં જેમ શંભુ છે' વાક્ય પ્રમાણે શંકર પરમ ભગવદીય છે, તેથી પરમ ભગવદીય શંકરરૂપ શુકમાં ભગવાનનો આવેશ થાય તે યોગ્ય જ છે. (યો)

૫. ઉપર 'નિશમ્ય' 'સારી રીતે સાંભળીને' કહ્યું. તેથી પ્રશ્નનું શ્રવણ કરવામાં પરોવાએલ ચિત્તવાળા શુક હોવાથી, પ્રશ્ન સારી રીતે સમજી, તેમણે સામી પરીક્ષિતની પૂજા કરી એવો અર્થ છે. (લે) પરીક્ષિત્ કથાનું શ્રવણ કરવામાં પરોવાએલ ચિત્તવાળો છે, એમ તેણે કરેલ અનુવાદ તથા પ્રશ્નથી જણાય છે; તેથી શુકે તેની સામી પૂજા કરી, એમ પણ અર્થ ઘટે છે.

૬. આ અવતારનું ચરિત્ર છે, પ્રિયવ્રત વિગેરેની પેઠે આવેશનું ચરિત્ર નથી, એવો અર્થ છે.(લે)

૭. એવી શંકા થાય તેથી એ શંકાને દૂર કરનાર આ શબ્દો કહેલ છે એવો અર્થ છે. (લે)

૮. દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ (જૂઓ તત્ત્વદીપનિબંધ પ્ર.૨ કારિકા ૪૦.

દરકાર નહિ કરતાં, કથાનું જ માહાત્મ્ય કહ્યું એવો ભાવ છે.૧૪

રાજાને પોતાના સરખા સ્વભાવ તથા વ્યસનવાળો(ભગવાનની કથામાં રચ્યો પચ્યો રહેલો) જોઈને, શુક નીચેના બે શ્લોકોથી રાજાની અને પ્રશ્નની સ્તુતિ કરે છે :

।। શ્રીશુક ઉવાચ ।। શ્રીશુક કહે છે :

**સમ્યગ્વ્યવસિતા બુદ્ધિસ્તવ રાજર્ષિસત્તમ ।।**
**વાસુદેવકથાયાં તે યજ્જાતા નૈષ્ઠિકી રતિઃ ।।૧૫।।**

હે ઉત્તમરાજર્ષિ ! તમારી બુદ્ધિએ સારો નિશ્ચય કરેલો છે, જેમાંથી તમારો વાસુદેવની કથામાં સ્થિર પ્રેમ થયો છે. ૧૫.

ભગવાનમાં લય થાય તે પહેલાં[1] સ્થિરપ્રજ્ઞપણું (સ્થિર બુદ્ધિ હોવી તે) સર્વથી ઉત્તમ છે. તમારી બુદ્ધિએ સારો નિશ્ચય એટલે ભગવાનની કથાનું જ શ્રવણ કરવું, બીજું કાંઈ શ્રવણ કરવું નહિ એવો નિશ્ચય[2] કરેલો છે. આવો નિશ્ચય બ્રહ્મર્ષિઓને પણ થવો દુર્લભ છે, છતાં તમારો (પરીક્ષિતનો) તો થયો છે એવા આશ્ચર્યને લીધે 'હે ઉત્તમ રાજર્ષિ' એવું સંબોધન કરેલું છે. પોતાના ધર્મમાં રહેલ હોય તે ખરો રાજા. તે (ધર્મ) લૌકિક હોય છે. વૈદિક ધર્મમાં રહેલ હોય તે ઋષિ. તમે રાજા અને ઋષિ હોઈ ભગવદ્ધર્મમાં રહેલા છો, અને ભગવાને તમારો અંગીકાર કરેલો હોવાથી તેમાં (ભગવદ્ધર્મમાં રહેલાઓમાં) પણ તમે ઉત્તમ છો. તેથી જ તમારો આવો નિશ્ચય હોવો યોગ્ય છે એવો ભાવ છે. નિશ્ચય બે પ્રકારે થવો સંભવે છે. (૧) શાસ્ત્રના અર્થનો નિર્ણય થવાથી, અથવા (૨) પોતાની રુચિથી[3]. તે (બે)માં પહેલો (શાસ્ત્રના અર્થનો નિર્ણય થવાથી થએલો નિશ્ચય)

૧. 'જે બુદ્ધિથી પર છે તે. તે (ભગવાન્) છે' (૩।૪૨) ગીતાવાક્ય પ્રમાણે ભગવાન્ બુદ્ધિથી પર છે. ભગવાનની પ્રાપ્તિ થાય તે પહેલાં તેમનાથી હલકી બુદ્ધિ સ્થિર હોય તે જ યોગ્ય છે, ચંચલ હોય તે ઠીક નહિ; કારણ કે બુદ્ધિ ચંચલ હોય તો ભગવાનની પ્રાપ્તિ થાય નહિ, એવો ભાવ છે. લય થયા પછી તો ભગવાનની પ્રાપ્તિ થાય તે માટે અલૌકિક દેહ જ પ્રાપ્ત થશે, એવા હેતુથી 'લય થાય તે પહેલાં' એમ કહેલું છે. (લે)

૨. સંશય વિગેરે ઘણી અવસ્થાઓમાંની નિશ્ચયરૂપ અવસ્થા (બુદ્ધિએ) પ્રાપ્ત કરેલી છે એવો અર્થ છે. (લે)

૩. 'રુચિથી' એટલે 'આ શ્લોકના ઉત્તરાર્ધમાં કહેલી કથાની રુચિથી' એવો અર્થ છે. (લે) ભગવાનની કથા શ્રવણ કરવાનો નિશ્ચય બે પ્રકારે થાય છે. (૧) શાસ્ત્રના અર્થનો નિર્ણય કરી, ભગવાનની કથા ઉત્તમ ફલ આપનારી છે એવો નિર્ણય થવાથી અને (૨) પોતાની કુદરતથી જ ભગવાનની કથામાં રુચિ હોવાથી, એમ કહેવાનો ભાવાર્થ જણાય છે. આ બેમાં બીજો ઉત્તમ છે, એ સ્પષ્ટ જ છે.

મધ્યમ છે. તમે કરેલો તો ઉત્તમ છે, એમ ઉત્તરાર્ધથી કહે છે. કારણ કે[૪] (તે નિશ્ચયથી) કથામાં પ્રેમ થયો. તે (પ્રેમ) પણ ચંચલ નથી, કોઈપણ તેને ફેરવી શકે તેવો નથી. નિશ્ચયના સારાપણાનું પોષણ કરનાર કથામાં પ્રેમ છે. અથવા 'યજ્જાતા' એટલે જે નિશ્ચયમાંથી[૫] વાસુદેવની કથામાં પ્રેમ થયો, એવો (અર્થ કરવો). અથવા રાજાની સ્તુતિ કરવાનાં બે કારણો[૬] કહેલાં છે. કથામાં પ્રેમ (હોવો) દુર્લભ (છે), એમ કહેતાં (તે પ્રેમનું) કારણ થએલ નિશ્ચય કહેલો છે. સાધ્ય (કથામાં પ્રેમ) અને સાધન (પ્રેમ ઉત્પન્ન કરનાર નિશ્ચય) (રાજાને) પ્રાપ્ત થએલ હોવાથી (તેનું) સન્માન (કરેલું છે.) વળી તે (રાજા) આવા ભાવવાળો (છે એમ તેણે કરેલ) પ્રશ્નથી જણાએલ છે. તેથી વાસ્તવિક રીતે પ્રશ્નની જ સ્તુતિ કરેલી છે. ૧૫.

નીચેના શ્લોકમાં જૂદી રીતે પણ બારોબાર પ્રશ્નની સ્તુતિ કરે છેઃ

**વાસુદેવકથાપ્રશ્નઃ પુરુષાઁસ્ત્રીન્ પુનાતિ હિ ।।**
**વક્તારં પૃચ્છકં શ્રોતૄઁસ્તત્પાદસલિલં યથા ।।૧૬।।**

વાસુદેવની કથા સંબંધી પ્રશ્ન કથા કહેનાર, પૂછનાર અને શ્રવણ કરનારા (એ) ત્રણ પુરુષોને, તેમના ચરણના જલની પેઠે, ખરેખર પવિત્ર કરે છે. ૧૬.

વાસુદેવ મોક્ષ આપવા માટે અવતરેલા હોવાથી તેમના સંબંધવાળી જે કાંઈ વસ્તુ છે તે પવિત્ર કરે છે જ. તે વસ્તુઓમાં પણ તેમના સંબંધી ગુણ અને દોષમાં[૧] આસક્તિ ઉત્પન્ન કરનારી કથા પવિત્ર કરે જ. તે કથામાં પણ તે ગુણદોષ જાણવાની ઈચ્છાને દઢ કરવાના કારણરૂપ પ્રશ્ન (પવિત્ર) કરે તેમાં આશ્ચર્ય જ શું ? ત્રણ પુરુષોને પવિત્ર કરે છે. (૧) પ્રશ્ન પછી કોઈ કથા કહેનાર, (૨) કોઈ

---

૪. નિશ્ચય ઉત્તમ છે, કારણ કે તે ઉત્તમ હોવાથી કથામાં પ્રેમ થયો. કથામાં પ્રેમ થવાને લીધે નિશ્ચયનું સ્વરૂપ (તે ઉત્તમ છે તેવું) જણાયું. તેથી તે ઉત્તમ છે એવો અર્થ છે. (લે)

૫. આ અર્થ પ્રમાણે નિશ્ચયને લીધે કથામાં પ્રેમ થયો નથી, પરંતુ 'પોતાની રુચિથી જ પ્રેમ થયો છે' એમ કહેલ હોવાથી તેથી જુદી રીતે પ્રેમ થયો છે. (નિશ્ચયને અને પ્રેમને સંબંધ નથી). (લે)

૬. નોટ ૪માં જણાવેલ પહેલો અર્થ કર્યો તે પ્રમાણે રાજાને કથામાં પ્રેમ છે. એ પ્રેમને લીધે તેણે કરેલ નિશ્ચય ઉત્તમ છે એમ જણાયું. એવો ઉત્તમ નિશ્ચય રાજાએ કરેલ હોવાથી, રાજા ઉત્તમ છે એવો અર્થ થયો. નોટ ૫માં જણાવેલ બીજા અર્થ પ્રમાણે રાજા ઉત્તમ હોવાનાં બે કારણો જણાવ્યાં : ૧. તેણે કરેલ ઉત્તમ નિશ્ચય અને ૨.ભગવાનની કથામાં તેનો પ્રેમ.(લે).

૧. 'ગુણ અને દોષ' એમ (લોકની) માન્યતા પ્રમાણે અહિં કહેલું છે. લોકમાં પૂતનાનો વધ વિગેરે ગુણ તરીકે મનાએલા છે અને મામા (કંસ)નો વધ વિગેરે દોષ તરીકે ગણાએલા છે. કથા એ બંનેનું યથાર્થ જ્ઞાન કરાવીને ભગવાનમાં આસક્તિ કરાવે છે, એવો અર્થ છે. (લે)

તટસ્થ[2] શ્રવણ કરનાર અને (૩) પ્રશ્ન કરનાર, (એ) ત્રણ પુરુષો હોય છે.

(૧) (પ્રશ્ન થયા) પહેલાં (કથા) કહેનાર ભગવાનના ગુણોને જાણનારો હોવા છતાં ચિત્ત સ્તબ્ધ (ક્રિયારહિત) હોવાને લીધે ચૂપ રહે છે (કથા કહેતો નથી), તે સમયે ભગવાનના ગુણોના સંબંધમાં (તેનું) મૌન પાપને લીધે જ હોય છે એવો નિર્ણય થાય છે. (પછી) પ્રશ્ન થતાં, જે (ભગવાનના) ગુણો (તેના મુખમાંથી) બહાર નીકળે છે તે (તેનાં) પાપનો (પ્રશ્નથી) નાશ થવાથી જ(થાય છે).

(૨) શ્રવણ કરનારાઓનું ચિત્ત પણ પાપ હોય ત્યાં સુધી ભગવાનમાં પરોવાએલું હોતું નથી તેથી, અને પ્રશ્ન થતાં (ભગવાનમાં પરોવાએલું) થાય છે તેથી, (પ્રશ્ન) તેઓનાં પાપને પણ નાશ કરનારો છે.

(૩) '(આ) પ્રશ્ન કરીશ' એમ જ્યારે મનમાં પ્રશ્ન આવે છે, ત્યારે પાપ હોય ત્યાં સુધી તે (પ્રશ્ન કરનારના) મુખમાંથી નીકળતો નથી. પછી જયારે તે (મુખમાંથી) નીકળે છે ત્યારે તેનાં (પ્રશ્ન કરનારનાં) પાપનો પણ નાશ કરે છે એમ જણાય છે. તેથી (પ્રશ્ન) ત્રણ પુરુષોને પવિત્ર કરે છે એ યોગ્ય જ છે, એમ જણાવવા 'હિ' 'ખરેખર' શબ્દ યોજેલ છે.

'આ ત્રણ પુરુષો પ્રશ્ન કરનારના પિતા, દાદા વિગેરે હશે' એવી શંકા દૂર કરવા 'કથા કહેનાર' વિગેરેથી તેમને ગણાવે છે. 'કહેનાર' એટલે પ્રશ્નનો ઉત્તર આપનાર. 'પૂછનાર' એટલે પ્રશ્ન કરનાર. 'શ્રવણ કરનાર' એટલે તટસ્થ રહી સાંભળનાર. પહેલાં કહેલા બે (કહેનાર અને પૂછનાર) પણ સાંભળનારા છે, છતાં તેમનું નિમિત્ત(પ્રયોજન) જૂદું (કથા કહેવાનું અને પ્રશ્ન કરવાનું) હોવાથી, તે (નિમિત્ત)ને જ કાર્ય કરનાર તરીકે કહેલું (વર્ણવેલું) છે. 'પુરુષ' શબ્દ પહેલાંની પેઠે[3] (યોજેલો છે.) (કથા થતી હોય) ત્યાં બીજા કાર્ય માટે આવેલાનું[4] નિવારણ કરવા (તેમને પ્રશ્ન પવિત્ર કરતો નથી એમ જણાવવા), 'ત્રણ' શબ્દ યોજેલો છે.

---

૨. (તટસ્થ) સાક્ષીની પેઠે પ્રશ્ન અને ઉત્તર બંનેનું શ્રવણ કરે છે, પરંતુ પોતે કાંઈ બોલતો નથી એવો અર્થ છે. (લે)

૩. 'પહેલાંની પેઠે' એટલે પાછલ શ્લોક જમાં 'પુરુષ' શબ્દ છે તેની પેઠે. (ત્યાં એ શબ્દનો જે અર્થ કહ્યો તે અર્થમાં). તેથી પ્રશ્ન પણ આસુરભાવ વિનાના આ શ્લોકમાં કહેલા ત્રણ પુરુષોને પવિત્ર કરે છે. (પ્ર)

પશુના અવતાર અને સ્ત્રીના અવતાર ન હોય તેવાને પવિત્ર કરે છે. (લે)

૪. 'બીજા કાર્ય માટે આવેલા' એટલે 'બીજું કાર્ય જેઓનું પ્રયોજન છે તેવા.' '(કથા) સાંભળનારા અથવા કહેનારા પાસે વેપાર વિગેરે પોતાના કામ માટે કથા થતી હોય ત્યાં આવેલાઓ.' (લે)

પવિત્રપણું ઘણી જાતનું સંભવતું હોવાથી, બીજી જાતનું પવિત્રપણું અહિં કહેલ નથી એમ જણાવવા, (અહિં કહેલા) પવિત્રપણાને 'તેમના ચરણના જલની પેઠે' (એ) દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. પ્રશ્ન કોઈ સ્થલે (પૂછનાર)થી નીકળે છે; કોઈને (કથા કહેનારને) પ્રેરણા કરે છે, (અને) કોઈને (સાંભળનારને) (સાંભળવામાં) તત્પર કરે છે. આટલાથી પરમ પુરુષાર્થ પ્રાપ્ત થતો નથી; કારણ કે જ્યારે (તે) ત્રણનું ચિત્ત ભગવાનમાં જ પરોવાએલું કરે છે ત્યારે ફલ પ્રાપ્ત થાય છે. જેમ ગંગા (ભગવાનના ચરણનું જલ) પહેલાંના દેહના સંબંધવાળું પાપ અને તેનાં કાર્યો (પરિણામો)નો નાશ કરી સાક્ષાત્ ભગવાનની સેવામાં ઉપયોગી શરીરને ઉત્પન્ન કરે છે. તેમ (પ્રશ્ન) જેટલી (શુદ્ધિ)થી ભગવાનનાં કાર્ય (કરવા) માટે ઉપયોગમાં આવે તેવું ચિત્ત થાય તેટલી શુદ્ધિ કરે છે, એવો અર્થ છે. (ગંગા) ત્રણને એટલે ત્રણ લોકમાં રહેલા (જીવો)ને, અથવા સાત્ત્વિક વિગેરે (ગુણોના ભેદથી) જૂદા ગણાતા (ત્રણ)ને, અથવા બે કાંઠે અને મધ્યમાં રહેલા (ત્રણ)ને, અથવા બ્રહ્મા, મહાદેવ અને ભગીરથ (એ ત્રણ)ને (પવિત્ર) કરે છે. ૧૬.

પ્રશ્ન ભગવાનના સંબંધવાળો હોવાથી, તેની એવી રીતે સ્તુતિ કરી, ભગવાનના અવતારનું પ્રયોજન જાણવામાં આવે તે માટે કથાનો આરંભ કરે છેઃ

**ભૂમિર્દપ્તનૃપવ્યાજદૈત્યાનીકશતાયુતૈઃ ।।**
**આક્રાન્તા ભૂરિભારેણ બ્રહ્માણં શરણં યયૌ ।।૧૭।।**

અહંકારી રાજાઓના મિષથી (આવેલા) દૈત્યોના સેંકડો છૂટાં છૂટાં સૈન્યો વડે ઘણા ભારથી પીડાતી ભૂમિ બ્રહ્માને શરણે ગઈ. ૧૭.

**ભક્તાનાં દુઃખનાશાય કૃષ્ણાવતરણં મતમ્ ।। કા.૩૨ ।।**
**ભૂમિર્માતા તથા ચાન્યે ભક્તા વૈ ત્રિવિધા મતાઃ ।।**

શ્રીકૃષ્ણનો અવતાર ભક્તોના દુઃખનો નાશ કરવા થએલો મનાએલો છે. ૧.ભૂમિ ૨.માતા અને બીજાઓ એમ ત્રણ પ્રકારના [1]ભક્તો મનાએલા છેકા.૩૨।।

**સર્વેષાં ચ મહદ્દુઃખં નાન્યેન વિનિવાર્યતે ।। કા.૩૩ ।।**
**યદા તદા હરિઃ કૃષ્ણઃ પ્રાદુરાસીદિતિ સ્થિતિઃ ।।**

---

૧. પાછલ ૩।૨।૧૫માં ભગવાનને અવતાર લેવાનું પ્રયોજન કહેલું છે, તે પુનઃ અહિં કહેતાં, અહિં પહેલી બે કારિકાઓમાં વધારે કારણ જણાવેલું છે. 'મનાએલો' એટલે ઉદ્ધવે ૩।૨।૧૫માં વિચારેલો. ત્યાં જે શાંતરૂપો કહેલાં છે તે જ અહિં ભૂમિ વિગેરે (ત્રણ પ્રકારના ભક્તો) કહેલા છે. (પ્ર).

આ શ્લોકના આભાસમાં ભગવાનના અવતારનું પ્રયોજન જણાવ્યું તે કારિકામાં સ્પષ્ટ કરે છે. (લે)

જયારે બધા (ભક્તો)નું ઘણું દુઃખ બીજાથી[2] દૂર થયું નહિ, ત્યારે હરિ શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો એવી સ્થિતિ[3] છે. કા.૩૩।।

**યે ભક્તાઃ શાસ્ત્રરહિતાઃ સ્ત્રીશૂદ્રદ્વિજબન્ધવઃ ।।કા.૩૪।।**
**તેષામુદ્ધારકઃ કૃષ્ણઃ સ્ત્રીણામત્ર વિશેષતઃ ।।**

જે ભક્તો સ્ત્રી શૂદ્ર દ્વિજબંધુઓ શાસ્ત્રના[4] સાધન વિનાના છે તેઓનો ઉદ્ધાર કરનાર શ્રીકૃષ્ણ છે. વિશેષ રીતે[5] અહિં સ્ત્રીઓના ઉદ્ધાર કરનાર છે. કા.૩૪।।

**યેષાં નિરોધકં શાસ્ત્રં યોગાદિ વિનિરૂપિતમ્ ।।કા.૩૫।।**
**શેષભાવસ્તત્ર હરેર્ન કદાચિદ્ગમિષ્યતિ ।।**

જેઓના (ચિત્તનો) નિરોધ[6] કરનાર યોગ વિગેરે શાસ્ત્ર જણાવેલ છે. ત્યાં (તેઓના સંબંધમાં) હરિનો ગૌણભાવ[7] કદાપિ જતો નથી[8]. કા.૩૫।।

**સંસારદુઃખવ્યાવૃત્યૈ નિરોધોऽત્ર નિરૂપ્યતે ।।કા.૩૬ ।।**
**અતો નિરોધો જ્ઞાનાત્મા દુઃખરૂપા ચ સંસૃતિઃ ।।**

---

૨. 'બીજાથી' એટલે 'બીજાં સાધનથી' અથવા 'બીજાં સ્વરૂપથી'. (પ્ર)

૩. 'સ્થિતિ' એટલે 'નિર્ણય.(પ્ર)

'પ્રાદુર્ભાવની મર્યાદા' મર્યાદા હોવાથી કોઈવાર બીજા પ્રયોજનથી પણ ભગવાન્ શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થાય છે. જેમકે નારદને 'બોલાવતાં જ મારા ચિત્તમાં તરત દર્શન દે છે.' તેમજ પ્રહ્લાદને પણ સદા દર્શન દે છે, એમ ત્રીજા સ્કંધમાં કહેલ છે. (લે)

૪. 'શાસ્ત્ર વિનાના' એટલે 'શાસ્ત્રના સાધન વિનાના' એવો અર્થ છે. આ કારિકામાં શ્રીકૃષ્ણ કોનો ઉદ્ધાર કરે છે તે કહેલું છે. (ટિ)

'આ અવતારનું પ્રયોજન ત્રીજા સ્કંધમાં કહેલું જ છે, તેથી તે ફરી કહેવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય તેથી ટિપ્પણીમાં તેનું પ્રયોજન 'શ્રીકૃષ્ણ કોનો ઉદ્ધાર કરે છે તે કહેલું છે' એમ જણાવેલ છે. (પ્ર)

૫. (શ્રીકૃષ્ણ સિવાયના) બીજા અવતારોમાં પણ જયાં ભીલ, કિરાત વિગેરે (શાસ્ત્રના સાધન વિનાના)નો ઉદ્ધાર કરેલો હોય ત્યાં ઉદ્ધાર કરનાર શ્રીકૃષ્ણ જ છે, કારણ કે પ્રમેયબલ પુરુષોત્તમમાં જ પ્રકટ થાય છે. આ અવતારમાં શૂદ્ર અને દ્વિજબંધુ કરતાં સ્ત્રીઓનો વિશેષ રીતે ઉદ્ધાર કરેલો છે, કારણ કે આગળ (શ્રીકૃષ્ણ ચરિત્રમાં) તેમજ કહેવામાં આવશે. બીજા અવતારોમાં તો બધાનો સમાન રીતે ઉદ્ધાર થાય છે. (લે)

૬. 'નિરોધ કરનાર' એટલે 'ચિત્તની વૃત્તિનો નિરોધ કરનાર.' (લે)

૭. ચિત્તવૃત્તિનો નિરોધ કરવા ભગવાનનું ધ્યાન કરવાનું યોગ વિગેરે શાસ્ત્રોમાં કહેલું છે. તેથી બીજા કાર્ય માટે ભગવાનનું ધ્યાન કરવામાં આવતું હોવાથી તે ગૌણ છે. એવો અર્થ છે. (લે)

૮. 'શાસ્ત્રના સાધનવાળાઓનો પણ ભગવાન્ કેમ ઉદ્ધાર કરતા નથી ?' એવી શંકા થાય તેથી તેમના ઉદ્ધારમાં થતું વિઘ્ન આ કારિકામાં કહે છે. (ટિ)

અહિં[૯] (યોગ વિગેરે શાસ્ત્રમાં) સંસારનું દુઃખ દૂર કરવા નિરોધ કહેવામાં[૧૦] આવે છે, તેથી[૧૧] (તે) નિરોધ જ્ઞાનરૂપ છે અને સંસાર દુઃખરૂપ[૧૨] છે. કા.૩૬॥.

**એવમેકં ફલં પ્રોક્તં દ્વયં વા ન વિરુદ્ધ્યતે ॥કા.૩૭॥**
**સાઙ્ગસ્ય પ્રક્રિયા યુક્તા તતઃ સ્કન્ધોઽપિ યુજ્યતે ॥**

એ પ્રમાણે[૧૩] એક[૧૪] ફલ કહેલું છે, અથવા બે[૧૫] (કહેવામાં પણ) વિરોધ

---

ચિત્તની વૃત્તિનો નિરોધ કરવા માટે જ યોગશાસ્ત્રમાં ભગવાનનું ધ્યાન કરવામાં આવે છે, પરંતુ સ્વતંત્ર રીતે કરવામાં આવતું નથી; તેથી ભગવાન્ તેવા શાસ્ત્રના સાધનવાળાનો ઉદ્ધાર કરતા નથી. (કા)

૯. વળી આ (શાસ્ત્રરૂપ સાધનવાળાઓ)નો નિરોધ પણ પહેલાંના (ભક્તોના) નિરોધથી જૂદા પ્રકારનો છે, તેથી પણ ભગવાન્ શાસ્ત્રરૂપ સાધનાવાળાઓનો ઉદ્ધાર કરતા નથી એમ આ કારિકામાં જણાવે છે. 'અહિં' એટલે 'સાધનવાળાઓમાં' એવો અર્થ છે. (ટિ)

૧૦. તમે 'શાસ્ત્રસાધનવાળાઓનો પણ ભગવાન્ ઉદ્ધાર કરે છે' એવી તકરાર કરનારાઓ આ પ્રમાણે કહો છો. (ટિ)

૧૧. સંસાર અવિદ્યાનું કાર્ય હોવાથી, માત્ર જ્ઞાનથી જ તે દૂર થઈ શકે તેવો હોવાથી, તે શાસ્ત્રોમાં કહેલ નિરોધ જ્ઞાનરૂપ જ હોઈ શકે (કારણ કે સંસાર દૂર કરવા માટે તેનો ઉપદેશ કરેલો છે.) તેથી (ભક્તોના નિરોધમાં અને આ નિરોધમાં) બહુ ભેદ છે. (ટિ)

૧૨. વળી ભકતોનો સંસાર લીલામાં ઉપયોગી હોવાથી સુખરૂપ છે, જ્યારે શાસ્ત્રરૂપ સાધન વાળાઓનો સંસાર દુઃખરૂપ છે. આ કારણથી પણ એ બેમાં ઘણો ભેદ છે એમ કહેલું છે. (ટિ)

૧૩. પ્રાસંગિક કહી, પહેલાં કહેલા અર્થનો આ કારિકામાં ઉપસંહાર કરે છે. (ટિ+કા)

૧૪. 'એક' એટલે 'સાધન વિનાના ભક્તોને ભગવાનની પ્રાપ્તિરૂપ' ફલ. (ટિ+કા)

૧૫. 'ભગવાન્ જેવો નિરોધ કરે છે તેવો શાસ્ત્રથી થઈ શકતો નથી. તેથી (શાસ્ત્ર જાણનારનો) ભગવાન્ નિરોધ કરે તેમાં પહેલાં કહ્યું તેમ (ભગવાનનો) ગૌણભાવ થતો નથી. તેથી શાસ્ત્રરૂપ સાધનવાળાનો પણ ભગવાન્ ઉદ્ધાર કરે છે એમ કહેવું યોગ્ય છે. તેથી જ કુંતી પણ ૧।૮।૧૯માં ભગવાન્ તેમનો ઉદ્ધાર કરે છે એમ કહે છે.' એવા આશયથી (તેમનો પણ ભગવાન્ ઉદ્ધાર કરે છે એવો) બીજો પક્ષ કહે છે (શાસ્ત્રરૂપ સાધનવાળાનો અને તેવાં સાધન વિનાનાનો) પણ ભગવાન્ નિરોધ કરે તે એક જ જાતનો હોવાથી, ઉપર જણાવ્યો તેવો (નિરોધમાં) ભેદ નહિ રહેવાથી બે ફલ કહેલાં છે. (ટિ)

અથવા 'સંસારનું દુઃખ દૂર કરવું' એ જ નિરોધનું પ્રયોજન હોવાથી, નિરંતર ભગવાનનાં સ્મરણરૂપ નિરોધ દેવોને તથા અસુરોને સમાન છે એવું નિરૂપણ ઉપર (અહિં કહેલી) સાડા છત્રીસમી કારિકામાં કહેલું છે. બેમાં ભેદ એટલો જ છે કે કોઈ (દેવો) સ્નેહથી (ભગવાનનું) સ્મરણ કરે છે અને કોઈ (અસુરો) દ્વેષ વિગેરે કારણોથી સ્મરણ કરે છે. તેનું ફલ પહેલાં કહ્યું તેમ ભગવાનની પ્રાપ્તિરૂપ છે.

અથવા જેમનો સંસાર લીલામાં ઉપયોગી નથી તેમનો સંસાર દુઃખરૂપ છે. (ભક્તોનો સુખરૂપ છે) તેથી જૂદા જૂદા અધિકારીઓને ભગવાન્ જૂદાં જૂદાં ફલ આપે તેમાં વિરોધ

થતો નથી[16]. અંગસહિત[17] (નિરોધ)નું પ્રકરણ કહેલું છે. તેથી[18] સ્કંધની પણ યોગ્યતા થાય છે. કા.૩૭।।.

**અવતારો નિરોધાઙ્ગં તદઙ્ગં દુઃખમેવ ચ ।। કા.૩૮।।**
**ધૈર્યાર્થં સાન્ત્વનં પ્રોક્તં ભૂમિમાત્રોર્ન ચાન્યથા ।।**

અવતાર નિરોધનું અંગ છે, અને દુઃખ તેનું (અવતારનું) જ અંગ છે. ધૈર્ય માટે ભૂમિ અને માતાનું સાંત્વન[19] કહેલું છે. નહિ તો તેમની સ્થિતિ ન હોત. કા.૩૮।।.

**અન્તે દુઃખં ભક્તકૃતં પ્રાદુર્ભાવાય વૈ હરેઃ ।। કા.૩૯।।**

અંતે[20] હરિના પ્રાદુર્ભાવ માટે ભક્તે(નારદે)કરેલું દુઃખ કહેલું છે. કા.૩૯.

---

નથી. તેથી (૧) કોઈના (ભક્તોના) સંસારનાં દુઃખ દૂર કરે અને (૨) કોઈનો સંસાર દૂર કરે, એમ બે ફલ આપે તે યોગ્ય જ છે. તેથી જ 'સંસાર દુઃખરૂપ છે' એમ (અહિં કહેલી) ૩૬।। મી કારિકામાં કહેલું છે, અને 'બેમાં વિરોધ નથી' એમ અહિં કહેલું છે. આમ (સંસાર દૂર કરવાનું) ન કહે તો 'સંસાર દુઃખરૂપ છે' એમ કહેલું અર્થ વગરનું થાય. તેથી ભગવાને કેટલાક ભક્તોનું દુઃખ જ દૂર કરેલું છે, અને તેમનો અહંતામમતારૂપ સંસાર લીલામાં ઉપયોગી હોવાથી રહેવા જ દીધો છે; અને કેટલાક ભકતોના અને બીજાઓના સંસારનો પણ નાશ કરેલો છે, તેથી બંને ફલ (આપેલાં છે) એવો અર્થ છે. (ટિ)

૧૬. ઉપર ટિપ્પણીમાં છેલ્લું વ્યાખ્યાન કર્યું તેમાં અધિકારીના ભેદથી (૧) સંસારના દુઃખને દૂર કરવું અને (૨) સંસારને મટાડવો, એવા જૂદાં જૂદાં ફલ આપવામાં વિરોધ થતો નથી એમ જણાવ્યું. (કા)

૧૭. અહિં 'નિરોધ' શબ્દ અધ્યાહાર છે. (ટિ) 'અંગ' એટલે 'ભગવાનના અવતારરૂપ અંગવાળો નિરોધ' એવો અર્થ છે. (કા)

૧૮. 'નિરોધનું પ્રકરણ કહેલું છે' એમ કહ્યું તેની યોગ્યતા જણાવે છે. જે નિરોધ કરવાની (ભગવાનની) ઈચ્છા હતી તે નિરોધ ભગવાને પોતે અવતાર લઈ કર્યો, તેથી એટલે તે કારણથી આ દશમો સ્કંધ ગણવો યોગ્ય છે, એવો અર્થ છે. જો ભગવાને અવતાર લીધો ન હોત, અને અવતાર લીધા વિના જ અંબરીષની પેઠે આ ભક્તોનાં દુઃખોને દૂર કર્યાં હોત તો અહિં પણ ભક્તનાં દુઃખ દૂર કરેલાં કહેલાં હોવાથી, આ પણ ભક્તકથા જ કહેલી ગણાત, અને તેથી આ પણ ઈશાનુકથા (નવમા સ્કંધમાં વર્ણવેલી લીલા) જ થાત, અને તેથી આ દશમો સ્કંધ ન ગણાત એવો ભાવ છે. (ટિ)

૧૯. 'અવતાર નિરોધનું અંગ અને દુઃખ અવતારનું અંગ હોય, તો પણ દુઃખ સુધીનું જ વર્ણન કરવું યોગ્ય હતું, ભૂમિ અને માતાનું સાંત્વન શા માટે વર્ણવ્યાં છે ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ભૂમિ અને માતા દુઃખ સહન કરી શકે તે માટે તેમનું સાંત્વન કહેલું છે. જો સાંત્વન કરેલું ન હોત તો તેમનું દુઃખ ઘણું ભારે હોવાથી તેમની સ્થિતિ જ ન રહેત. અને તેમની સ્થિતિ ન રહે તો પછી (અવતારનું પ્રયોજન નહિ રહેવાથી) અવતાર જ ન થાત, એવો અર્થ છે. (પ્ર+લે+કા)

૨૦. 'અંતે' એટલે 'અધ્યાયના અંતે' શ્લોક ૬૨-૬૩ કહીને.(કા)

**આકાશવાણીવાઙ્દેવ: સર્વમુક્ત્યર્થમુદ્ગત: ।।**
**અશક્ત: સઁસ્તથા ચક્રે તથા નારદ એવ હિ ।। કા.૪૦।।**

આકાશવાણી[૨૧] સર્વની મુક્તિ માટે નીકળેલ વાણીનો દેવ હતો, અને (સર્વને મુક્તિ આપવા પોતે) અશક્ત હોઈ તેમ કર્યું. નારદે[૨૨] પણ તેમ કર્યું. કા.૪૦.

**દશભિ: સાન્ત્વનં ભૂમે: પઞ્ચત્રિંશત્તમૈસ્તથા ।।**
**અષ્ટભિર્નારદોક્ત્યૈવ સર્વેષાં દુ:ખમઞ્જસા ।।કા.૪૧।।**

દશ શ્લોકોથી ભૂમિનું સાંત્વન[૨૩] કહેલું છે, પાંત્રીસ શ્લોકોથી તેમ[૨૪] દેવકીનું સાંત્વન કહેલું છે. આઠ શ્લોકોથી નારદનાં વચનથી જ બધાને તરત જ દુ:ખ[૨૫] થએલું કહેલું છે. કા.૪૧.

તે પૈકી દશ (શ્લોકો)થી વાણીથી ભૂમિનું સાંત્વન (કહેવામાં આવે છે), પાંત્રીસ (શ્લોકો)થી ઉપાય વડે (ઉપાય કરીને) દેવકીનું સાંત્વન (કર્યું તે કહેવામાં

---

૨૧. 'આધિદૈવિક પ્રવૃત્તિ કરાવે નહિ ત્યાં સુધી આકાશવાણી થાય એવું સંભવતું નથી. તેથી તેણે (આધિદૈવિક દેવે) ભક્તોને દુ:ખ થાય તેવી વાણીની પ્રવૃત્તિ કેમ કરાવી ?' એવી શંકાથી આકાશવાણીનું તાત્પર્ય અહિં કહેલું છે. ભગવાનના આવિર્ભાવ વિના સર્વની મુક્તિ થાય નહિ તેથી એ દેવ પોતે એવી મુક્તિ આપવા અશક્ત હોઈ, તેણે તેવી મુક્તિના કારણરૂપ ભગવદવતારનું કારણ ભક્તોનું દુ:ખ ઉત્પન્ન કર્યું એવો અર્થ છે. તેથી આગળ સુબોધિનીમાં શ્લોક ૩૪ના આભાસમાં 'તેનો ઉત્કર્ષ સહન ન કરનાર, તેને અનુકૂલ દેવતા' કહેલું છે, ત્યાં 'તેનો' અને 'તેને' એ સર્વનામો કંસને માટે યોજેલાં છે એમ જાણવું. કંસને મુક્તિ અપાવનાર હોવાથી, તે દેવ તેને અનુકૂલ હતો. 'ભગવાનની માતાનું દાસ્ય કરવું' એ દેવોનો મોટો ઉત્કર્ષ છે. કંસ તો અસુર હતો. તેથી તે શ્લોક ૩૦માં જણાવ્યા પ્રમાણે દેવકીજીનું દાસ્ય કરે તે એ દેવ સહન ન જ કરે. વળી ત્યાં 'અહિં કાલ વિઘ્ન કરનાર થયો' એમ કહેલું છે. તેમાં પણ ''કાલ દેવને અનુકૂલ હોવાથી 'અહિં' એટલે કંસને વિઘ્ન કરનાર થયો'' એવો અર્થ છે. જો કાલ દેવને અનુકૂલ ન હોત અને કંસને અનુકૂલ હોત તો દેવકીજીને દુ:ખ થાત નહિ અને તેથી ભગવાનનાં તે માતા પણ ન થાત (ભગવાનનો અવતાર દુ:ખ વિના થાત નહિ). (ટિ)

૨૨. શ્રીમદ્ભાગવત ૨।૬।૮નાં શ્રીસુબોધિનીમાં કહેલું છે કે નારદ જેઓમાં કજીઓ થયો ન હોય તેઓમાં કજીઓ કરાવી, પછી તેમને (કજીઆમાંથી) અટકાવે છે. તે જ પ્રમાણે અહિં પણ આ અધ્યાયના અંતે નારદને કજીઓ કરાવનાર કહેલ છે. (પ્ર)

૨૩. દશ શ્લોકો (૧૭ થી ૨૬)થી વાણીથી ભૂમિનું સાંત્વન કહેલું છે. (કા)

૨૪. પાંત્રીસ શ્લોકો (૨૭ થી ૬૧)થી ઉપાય કરી દેવકીજીનું સાંત્વન કરેલું તે કહેલું છે. (કા)

૨૫. આકાશવાણીથી માત્ર દેવકીજીને જ દુ:ખ થએલ, બધાને નહિ. તેથી બધાને દુ:ખ નારદનાં વચનથી થયું એમ છેલ્લા આઠ (૬૨ થી ૬૯) શ્લોકોથી કહેલ છે, તેથી તરત ભગવાનનો અવતાર થાય તે માટે નારદે એ પ્રમાણે કહેલું એવો અર્થ છે. (પ્ર)

આવે છે), ત્યાર પછી આઠ (શ્લોકો)થી ભગવાનનો અવતાર થવામાં કારણરૂપ સર્વનું દુઃખ કહેવામાં આવે છે. (૧) ભૂમિનો ઉદ્યમ, (૨) પોતાનું દુઃખ જણાવીને (દર્શાવેલી) દીનતા, (૩) પછી ભક્તોનું ભગવાન્ સમીપ જવું, (૪) (ભૂમિનું દુઃખ) જણાવવા કરેલ સ્તોત્ર, (૫) પછી ભગવાનના વાક્યને (બ્રહ્માએ) કહીને જણાવવું. (૬-૯) તેના અર્થનું, (૬) ક્રિયાથી[૨૬], (૭) જન્મથી, (૮) સંકર્ષણથી અને (૯) માયાથી, (એવી રીતે) ચાર શ્લોકોથી વિવરણ અને પછી (૧૦) ઉપસંહાર, એવા (દશ શ્લોકોથી ભૂમિનું સાંત્વન કહેવામાં આવે છે). તે પૈકી પ્રથમ આ શ્લોકમાં ભૂમિનો ઉદ્યોગ કહેવામાં આવે છે.

હરિ વ્યાપિવૈકુંઠમાં જ પ્રકટ છે, બીજાં બધાં સ્થલે ગુપ્ત છે, તેથી (ભૂમિ) ભગવાનના સ્થાનમાં ગઈ નહિ. બ્રહ્માએ તેને ઉત્પન્ન કરેલી, તેથી ભૂમિનો ઉદ્ધાર કરવાનો ઉપાય પહેલાં (બ્રહ્માએ) કરેલો તે પ્રમાણે આ સમયે પણ કરશે, એવા હેતુથી (તે) ત્યાં (બ્રહ્મા પાસે) ગઈ. ભૂમિ વાસ્તવિક રીતે દૈત્યોની છે. 'બેસીને જ્યાં સુધી પાછલ જૂએ ત્યાં સુધી દેવોની છે.' તેથી તરતમાં[૨૭] પીડા ન થાય (દૈત્યો રસાતલમાં ખેંચી ન જાય), તે માટે દેવોને ઉપયોગી તેટલા રૂપથી (ભૂમિ બ્રહ્મા પાસે) ગઈ. (પોતાનું) કાર્ય જરુરી હોવાથી (બ્રહ્માને) શરણે ગઈ.

દૈત્યો બધા માયાના ઉપાસકો[૨૮] (હતા), કપટથી જ ભૂમિને રસાતલ લઈ જવા માટે રાજાના રૂપથી (રૂપ લઈ) અવતર્યા હતા. 'રાજાઓ દૈત્ય છે' એમ જણાવનારું (તેમનું) લક્ષણ અહંકારીપણું એટલે શાસ્ત્રથી વિરુદ્ધ વર્તન હતું. આ જ સર્વત્ર (દૈત્યોનું) લક્ષણ (દૈત્યોને ઓળખાવનાર ગુણ) જાણવું. હણાએલા અને મુક્તિ નહિ પામેલા તેઓ (દૈત્યો)એ દેવોમાં પ્રવેશ (આવેશ) કર્યો, તેથી દેવો પણ તેવા થયા. તેથી છેવટે ભગવાને તેઓનો[૨૯] પણ નાશ કર્યો છે. '(દૈત્યોએ રાજાનો અવતાર લીધો તે) અવતારમાં તેમના[૩૦] (રાજાના) ધર્મો હશે' એવી શંકા દૂર કરવા 'મિષથી' શબ્દ યોજેલો છે. તે દૈત્યો (રાજાનું રૂપ લઈ પૃથ્વીનો) ભોગ કરવા આવ્યા ન હતા, પરંતુ તેનો નાશ કરવા આવ્યા હતા એમ જણાવવા

૨૬. 'ક્રિયાથી' એટલે ''બાવીસમા શ્લોકમાં 'યદુઓમાં જન્મો' એમ કહેલ છે તે ભગવાનની સેવા માટે જન્મ લેવાની ક્રિયાથી.'' (પ્ર)

૨૭. ભૂમિ પોતાના સર્વરૂપથી બ્રહ્મા પાસે જાય તો દૈત્યોને તેની ખબર પડે અને તેથી તેઓ તેને તરતજ રસાતલમાં લઈ જાય. તેમ ન થાય તે માટે તે નાનું રૂપ લઈને ગઈ એવો અર્થ છે (લે).

૨૮. 'માયાદેવતાઃ' એટલે 'માયા દેવતા છે જેઓની તેવા' એટલે માયાના ઉપાસકો. (લે)

૨૯. 'તેઓનો' એટલે 'ભીષ્મ વિગેરેનો'. (ટિ)

૩૦. 'તેમના ધર્મો' એટલે 'રાજાનો ધર્મો' એવો અર્થ છે. (ટિ)

'(સેંકડો છૂટાં છૂટાં) સૈન્યો' શબ્દ યોજેલ છે. દૈત્યોનાં સૈન્યો, તેવાં સૈન્યોના સેંકડાઓ એટલે અસંખ્ય સૈન્યો; અને તેવાં પણ ભેગાં થએલાં નહિ, એટલે જૂદે જૂદે સ્થલે એકત્ર થઈ રહેલાં. તેથી જ (ભૂમિ તેમનાથી) જેમ બધા સ્થલે એકદમ દબાઈ જાય તેમ 'આ' સર્વ સ્થલે 'ક્રાન્તા' પીડાએલી હતી. ઘણા ભારથી પીડાતી હતી. ભાર ઉત્પન્ન કરનાર દૈત્યપણું છે. જેમ એક પણ ગાંડો નૌકામાં બેઠેલો હોય તે નૌકાને ડૂબાડે છે તેમ (એક પણ દૈત્ય ભાર કરે છે), અને (તેઓના) સૈન્યના ફેલાવાથી ભાર (થાય). પહેલાં બ્રહ્માએ (ભૂમિનો) ઉદ્ધાર કરવા ઉપાય કરેલો તેથી (તે) બ્રહ્માને શરણે ગઈ. ૧૭.

બીજા રૂપથી જવું તે દેવોને હિત કરનારું ન થાય, તેથી (ભૂમિ) ગાયના રૂપથી ગઈ[1] એમ નીચેના શ્લોકમાં કહે છે:

**ગૌર્ભૂત્વાऽશ્રુમુખી ખિન્ના રુદન્તી કરુણં વિભોઃ ।।**
**ઉપસ્થિતાન્તિકે તસ્મૈ વ્યસનં સ્વમવોચત ।।૧૮।।**

ગાય થઈ, મુખ પર આંસુવાળી, ખેદ પામેલી, દયાજનક રીતે રડતી (તેણે) વિભુની નજીક ઉભી રહી તેમને (પોતાનું) દુઃખ કહ્યું. ૧૮.

'ગાય થઈ, નજીક ઉભી રહી, તેમને દુઃખ કહ્યું' એવો વાક્યનો સંબંધ છે. નિરંતર નીકળતાં આંસુઓ લૂછી નાખવામાં ન આવે ત્યારે મુખ પર આવે છે. અંદર (મનમાં) ખેદરૂપ તાપ હોય ત્યારે પરસેવો જ આંસુઓ થાય છે, અને ખેદ પણ જ્ઞાનથી થએલો[2] હોય ત્યારે જ્ઞાનનાં દ્વારરૂપ ચક્ષુઓમાંથી નીકળતો પરસેવો 'આંસુ' શબ્દથી ઓળખાય છે. દૈત્યોના અભિપ્રાયનું ભૂમિને જ્ઞાન હોવાથી, તેને શોક થયો હતો. અંદર રહેલા ધર્મથી વિરુદ્ધ વાક્ય પ્રમાણ નથી, તેથી અંદરના ધર્મ (ખેદ)ને પ્રકટ કરી[3] (આંસુરૂપે જણાવી), ધર્મ (પોતાનું દુઃખ) કહેલ છે. તેવા ઘણાં[4] (દુઃખો) હોઈ શકે, તેથી (કયું દુઃખ હતું) તેનો નિર્ણય થઈ શકે તે માટે કહ્યું.

બ્રહ્મા અધિકારી હોવાથી જ્યારે તે વિચાર કરતા ન હોય ત્યારે તે (સર્વજ્ઞ) હોતા નથી, તેથી (તેમને દુઃખ) કહેવું એ યોગ્ય જ હતું. 'ખેદપામેલી' શબ્દથી

---

૧. અહિં અવાંતર વાક્યનું તાત્પર્ય કહેલું છે. મુખ્ય વાક્યનો અર્થ તો 'પોતાનું દુઃખ જણાવીને (દર્શાવેલી) દીનતા' ગયા શ્લોકનાં શ્રીસુબોધિનીમાં કહેલ છે. (લે)

૨. ખેદ જો ક્રિયાથી ઉત્પન્ન થએલો હોય તો (ચક્ષુ સિવાયના) બીજાં અંગોમાંથી તે નીકળે છે, એવો ભાવ છે. (લે)

૩. 'મુખ પર આંસુઓવાળી' અને 'ખેદ પામેલી' શબ્દોથી અંદર રહેલ ખેદ (શોક) પ્રકટ કરીને બહારનું દુઃખ કહેલ છે, એવો અર્થ છે. (લે)

૪. આંસુ આવે તેવાં ઘણાં દુઃખો હોય છે એવો અર્થ છે. (લે)

દુઃખની પરંપરા ઘણી (ઘણા સમયથી) ચાલુ હતી એમ કહેલું છે. તે જણાવનારાં દુર્બલપણું અને કાંતિનો અભાવ હતાં. તેને (ભૂમિને) બ્રહ્મા બીજો ઉપાય[5] દેખાડે નહિ તે માટે એમ કહેલું છે. રુદન શબ્દરૂપ છે, અને (તેને થએલ ખેદ) પિતાના વિયોગથી થએલો ખેદ ન હતો, એમ જણાવવા દયા ઉત્પન્ન કરે તેવા પ્રકારનું હતું (એમ કહેલું છે). (બ્રહ્મા) અધિકારી હોવાથી (તે) બીજા કામમાં પરોવાએલા ન રહે તે માટે (ભૂમિ) રુદન (કરતી) હતી. (ભૂમિના દુઃખનો) ઉપાય કરવાનું સામર્થ્ય બ્રહ્મામાં છે, એમ 'વિભુ' શબ્દથી જણાવેલું છે. અંતર્યામિ ભગવાનની જ 'ઉપ' એટલે સમીપે[6] રહીને, બહારથી બ્રહ્માની નજીક ઉભી રહીને, ભૂમિએ પોતાનું વ્યસન એટલે ઉપાય ન થઈ શકે તેવું દુઃખ સારી રીતે કહ્યું એવો અર્થ છે. ૧૮.

પછી, 'ભૂમિ દૈત્યના (પણ) સંબંધવાળી[1] હોવાથી (મને) મદદ માટે

---

૫. એ દુઃખને દૂર કરવા સિવાય, બીજો જ્ઞાન વિગેરેરૂપ ઉપાય બ્રહ્મા દેખાડે નહિ તે માટે 'ભૂમિ ખેદ પામેલી હતી' એમ કહેલું છે, એવો અર્થ છે. અંદરનો ખેદ હોવાથી તેને જ્ઞાનનો અધિકાર ન હતો એવો ભાવ છે. (લે)

૬. ભૂમિ બ્રહ્માને પોતાનું દુઃખ જણાવતી હતી ત્યારે પોતે ભક્ત હોવાથી બ્રહ્માના હૃદયમાં અંતર્યામિ તરીકે રહેલા ભગવાનને જ પોતાના દુઃખની વાર્તા કહેવી એવો વિચાર કરી, પાસે ગયા વિના પોતાનું દુઃખ જણાવવાનું બની શકે તેમ નહિ હોવાથી, તેણે ભક્તિમાર્ગીય ધ્યાનથી ભગવાનની સન્નિધિ પ્રાપ્ત કરી; પછી પોતાનું દુઃખ જણાવ્યું એમ સૂચવવા 'ઉપ' ઉપસર્ગ યોજેલો છે. 'અન્તિકે' 'નજીક' શબ્દથી બ્રહ્માની સમીપ તે હતી એમ કહેલું છે. તેથી તે અંતર્યામીની નજીક અને બ્રહ્માની નજીક એમ બંનેની નજીક હતી, એમ જણાવવા 'ઉપ' અને 'અન્તિકે' એવા બે શબ્દો કહેલા છે. તેમ ન હોય તો એક શબ્દથી જ પતતું હોવાથી, બે શબ્દો શ્રીશુક ન કહેત. તેથી શ્રીસુબોધિનીમાં એ પ્રમાણે વિવરણ કરેલું છે.(યો)

પહેલાં ભૂમિ 'ઉપ' (અંતર્યામીની) સમીપમાં રહી, પછી (બ્રહ્માની) નજીક રહી, અને પછી તેણે પોતાનું દુઃખ સારી રીતે જણાવ્યું એવો (વાક્યનો) અન્વય છે. (લે)

૧. અહિં તાત્પર્ય નીચે પ્રમાણે છે. ભૂમિએ પોતાનું દુઃખ સારી રીતે કહ્યું એટલે તેણે સર્વ વૃત્તાંત અને પોતાનો આશય (બ્રહ્માને) જણાવ્યો. ભૂમિ ભક્ત છે તેથી એ માત્ર પોતાનો ભાર દૂર કરવાના પ્રયોજનને લીધે પ્રયત્ન કરે નહિ, પરંતુ તેનો ભાર દૂર કરવા માટે પણ ભગવાનનો આવિર્ભાવ થાય છે તે ઈષ્ટ છે એવા હેતુથી તે માટે પ્રયત્ન કરે. વળી તે દૈત્યના પણ સંબંધવાળી (ભૌમાસુરની માતા) હોવાથી માત્ર પોતાનું જ દુઃખ દૂર થાય એવું ઈચ્છે અને તેથી તેને ભગવાનના આવિર્ભાવની પડી ન હોય એમ પણ સંભવે. આ બંને સંભવતાં હોવાથી બ્રહ્માને શંકા થઈ, કારણ કે ભક્ત પોતે પ્રભુનો આવિર્ભાવ જ ઈચ્છે, અને પોતાનું દુઃખ પણ શ્રીકૃષ્ણ જ દૂર કરે, બીજું કોઈ દૂર ન કરે એવું ઈચ્છે. દૈત્યનો સંબંધ હોય તે હરકોઈ સાધનથી પોતાનું દુઃખ દૂર થાય એ જ ઈચ્છે. એ પ્રમાણે બંને સંભવતા હોવાથી

બોલાવે છે' એવી શંકા દૂર કરવા, બ્રહ્માએ વિચાર કરવારૂપી જ્ઞાનથી તેણે (ભૂમિએ) કહેલા અર્થનો નિશ્ચય કરી, (તેનું દુઃખ દૂર થાય તેવો) ઉપાય કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**બ્રહ્મા તદુપધાર્યાથ સહ દેવૈસ્તયા સહ ॥**
**જગામ સત્રિનયનસ્તીરં ક્ષીરપયોનિધેઃ ॥૧૯॥**

તેનો નિશ્ચય કરીને પછી બ્રહ્મા દેવો સાથે તેની સાથે અને ત્રિનયન સાથે ક્ષીરસાગરના તીરે ગયા.૧૯.

બ્રહ્મા (બ્રહ્મન્) જ્ઞાનરૂપ હોવાથી તેમનામાં તેવું વિચાર કરી નિશ્ચય કરવાનું સામર્થ્ય હતું. 'પછી' એટલે પોતે કરેલા નિશ્ચય પછી (બ્રહ્મા ગયા), પરંતુ માત્ર ભૂમિના વાક્યથી (વાક્ય સાંભળીને) ગયા નહિ. દેવોને આજ્ઞા કરવાને માટે તેમને સાથે લઈ ગયા, કારણ કે વિચાર કરતાં (તેમણે) સાધન સાથે ઉપાય જાણ્યો હતો. મહાદેવ (ત્રિનયન) દૈત્યોને બીજા (સામા) ઉપાયનો ઉપદેશ ન કરે તે માટે (તેમને) લઈ ગયા; અને (ભગવાનને અવતાર લેવાનું) કારણ જણાવવા ભૂમિને લઈ ગયા. તેથી જ દેવો, દૈત્યો અને મનુષ્યો ('ત્રિ') ત્રણેમાં પણ ('નયનમ્') નયન છે જેમનું, એવું 'ત્રિનયન'[2] પદ યોજેલું છે. શ્વેતદ્વીપ ભગવાનનું પ્રિય ધામ છે તેથી, અથવા તે વ્યાપિવૈકુંઠના દ્વાર સમીપ[3] છે તેથી, અને ભૂમિ ઉપર રહીને જ હું ભૂમિ ઉપર ઉપકાર કરીશ એમ જણાવવા બ્રહ્મા ક્ષીરસાગરના તીરે ગયા. ૧૯.

ત્યાં પણ ભગવાનનો તિરોભાવ હોવાથી, (બ્રહ્માએ) સ્તુતિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છે:

**તત્ર ગત્વા જગન્નાથં દેવદેવં વૃષાકપિમ્ ॥**
**પુરુષં પુરુષસૂક્તેન ઉપતસ્થે સમાહિતઃ ॥૨૦॥**

ત્યાં જઈને જગતના નાથ, દેવોના દેવ, વૃષાકપિ પુરુષનું ધ્યાન ધરી

---

બ્રહ્માના મનમાં શંકા થઈ કે આ ભૂમિ મને જ તેને મદદ કરવા બોલાવે છે, પણ તે દૈત્યના સંબંધવાળી હોવાથી ભગવાનનો આવિર્ભાવ થાય તેવી તેની ઈચ્છા નથી. આ શંકા દૂર થાય તે માટે એમણે વિચાર કર્યો. વિચાર કરતાં તેમને જણાયું કે ભૂમિ ભગવાનની પરમ ભક્ત છે, અને તેને (મારી પાસે દુઃખ જણાવવાનું) પ્રયોજન માત્ર ભગવાનનો આવિર્ભાવ થાય તે જ છે. પછી તે ભૂમિના મનોરથ પ્રમાણે ભગવાન્ પાસે ભૂમિ સહિત ગયા, એમ કહેલું છે. (યો)

૨. 'ત્રિનયન'નો અર્થ મહાદેવ થાય છે. અહિં અર્થ કર્યો તે પ્રમાણે એ બ્રહ્માનું પણ વિશેષણ થાય છે. એમ હોય ત્યારે 'સ ત્રિનયનઃ' તે ત્રણે (વિષય)માં દૃષ્ટિવાળા (બ્રહ્મા), એવો અર્થ થાય.

૩. શ્વેતદ્વીપમાં વ્યાપિવૈકુંઠનો આવેશ હોવાથી, તે વ્યાપિવૈકુંઠની નજીક છે એવો ભાવ છે. (લે)

પુરુષસૂક્તથી સ્તુતિ કરી. ૨૦.

(બ્રહ્માએ ત્યાં) જઈને તરત જ સ્તુતિ કરી, એમ જણાવવા 'જઈને' એમ (ગયા શ્લોકમાં કહેલ હોવા છતાં) ફરી કહેલ છે. ત્યાં જઈને ધ્યાન ધરી એટલે યોગ ગ્રહણ કરી (યોગના નિયમ પ્રમાણે સમાધિ કરી), પુરુષસૂક્તથી સ્તુતિ કરી, એવો (વાક્યનો) સંબંધ છે.

'બ્રહ્માએ પોતે ઉપાય કેમ ન કર્યો ?' એવી શંકા ન થાય તે માટે 'જગતના નાથ' શબ્દ યોજેલ છે. (સર્વ) જગતોના તે જ નાથ છે, તેથી (બ્રહ્માએ) પોતે (ઉપાય) ન કર્યો.

'(ભગવાન્) જગતના નાથ હોવાથી દૈત્યોના પણ નાથ છે. તેથી તે (ભૂમિનું દૂઃખ દૂર કરવાનો) ઉપાય નહિ કરે' એવી શંકા થાય, તે દૂર કરવા 'દેવોના દેવ' શબ્દ યોજેલ છે. દેવોના પણ તે જ દેવ છે. અથવા 'પ્રજાપતિના પ્રજાપતિ, અગ્નિના અગ્નિ, સૂર્યના સૂર્ય' એ વાક્ય પ્રમાણે દેવોથી (તે) ક્રીડા કરે છે. તેથી ભગવાન્ દેવોના આધિદૈવિકરૂપ હોવાથી, (તે) દૈત્યોનું હિત કરશે નહિ, એવો ભાવ છે. (ભગવાન્) મર્યાદાથી જગતના નાથ છે, હમણાં દૈત્યોએ (મર્યાદાનું) ઉલ્લંઘન કરેલું હોવાથી, (ભગવાન્ દેવોને મદદ કરે તેમાં) પક્ષપાત થતો નથી.

'ભૂમિ રસાતલ જાય તો પણ, (ભગવાન્) સ્વર્ગમાં દેવોની સાથે ક્રીડા કરે અને દેવોનું હિત કરે એ સંભવે છે' એવી શંકા થાય, તેથી 'વૃષાકપિ' શબ્દ યોજેલ છે. 'વૃષઃ' એટલે યજ્ઞ વિગેરેરૂપ ધર્મ. તેનું 'આ' સર્વ તરફથી 'ક' એટલે સુખ અથવા સ્વર્ગ વિગેરે ફલ. તેનું 'પિબતિ' પાન કરે (તે વૃષાકપિ), એટલે સર્વ યજ્ઞોના ફલના ભોક્તા. (રસાતલ જવાથી) ભૂમિ ન હોય તો પછી યજ્ઞો થાય નહિ. દેવો યજ્ઞોના ફલનો ભોગ કરે છે, તેથી જ (તેમનામાં) દેવપણું છે.

'જેમનાં (ભગવાનનાં) દર્શન થતાં ન હતાં અને જે સમીપમાં ન હતા તેમની સ્તુતિ (બ્રહ્માએ) કેવી રીતે કરી ?' એવી શંકા થાય, તેથી 'પુરુષ' શબ્દ યોજેલ છે. તે (પુરુષ) તો પોતાના હૃદયમાં જ રહે છે. અથવા પુરુષ એટલે પોતાના (બ્રહ્માના) પિતા નારાયણ[૧] તેમનાથી (પોતાના પિતા હોવાથી) કાર્ય અવશ્ય (સિદ્ધ) થશે, એમ જણાવવા (એ 'પુરુષ' શબ્દ યોજેલ છે).

'પુરુષસૂક્ત'[૨] એટલે ભગવાનની પ્રેરણાથી પ્રાપ્ત થએલ (મનમાં

---

૧. નારાયણની નાભિમાંથી કમલ નીકળ્યું. તે કમલમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થએલી. તેથી નારાયણ બ્રહ્માના પિતા છે. જૂઓ શ્રીમદ્ભાગવત સ્કંધ ૩ અધ્યાય ૮.

૨. ઋગ્વેદના દશમા મંડલનું ૯૦મું સૂક્ત પુરુષસૂક્ત છે. આ સૂક્ત ઘણું પવિત્ર ગણાય છે.

આવેલ) ભગવાનને ઘણું પ્રિય છે તેવું વેદનું સૂક્ત. પુરુષસૂક્ત તેજોમય છે. ઉપસ્થાન વિદ્યા (ઉપસ્થાન એટલે હાજરી, સન્નિધિ. તેથી દેવની સન્નિધિ પ્રાપ્ત કરવાની વિદ્યા)થી તેજોમય પુરુષ પ્રસન્ન થાય છે. તેથી અંતર્યામિને આગળ ધરી[3] સ્તુતિ કરવાની હોવાથી, તે પુરુષસૂક્તથી જ સ્તુતિ કરવી યોગ્ય હતી. ૨૦.

'એમ (પુરુષની સ્તુતિ કરેલી) હોવાથી પુરુષનો જ અવતાર થશે[4]' એવી શંકા થાય, તે દૂર કરીને ભગવાને ઉત્તર આપ્યો તે પોતાના જ અંતઃકરણમાં સમજીને, (તે) ઘણો સૂક્ષ્મ હોવાથી દેવો સમજી શકે તેવો નહિ હોવાથી, (બ્રહ્માએ તે) તેમને જણાવ્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગિરં સમાધૌ ગગને સમીરિતાં નિશમ્ય વેધાસ્ત્રિદશાનુવાચ હ ।।**
**ગાં પૌરુષીં મે શ્રૃણુતામરાઃ પુનર્વિધીયતામાશુ તથૈવ મા ચિરમ્ ।।૨૧।।**

આકાશમાં કહેલી વાણી સમાધિમાં સાંભળીને, વેધા (બ્રહ્મા)એ ત્રિદશો (દેવો)ને કહ્યું કે હે અમરો ! મારી પાસેથી પુરુષની ગો (વાણી) સાંભળો, (પછી) તરત જ તે જ પ્રમાણે ફરીથી કરો. ઢીલ ન કરો. ૨૧.

(બ્રહ્માએ) સમાધિમાં જે ભગવાનની ભાવના કરેલી તે (બ્રહ્માને) જણાયા. ત્યાં આકાશમાં ભગવાને કહેલું ભગવાનનું વાક્ય (બ્રહ્માએ) સાંભળ્યું. એ વિષયનું પ્રમાણ[1] 'વેધા' શબ્દથી કહેલું છે. જો તેમ ન હોય (ભગવાનનું વચન સાંભળ્યું ન હોય) તો ભગવાનની આજ્ઞા વિના (તે) ઉપાય કેવી રીતે કરે ?

'દેવો પણ બ્રહ્માના જેવા છે. તેમણે (ભગવાનનું વાક્ય) કેમ ન સાંભળ્યું ?' એવી શંકા થાય, તેથી 'ત્રિદશો' શબ્દ યોજેલ છે. (૧) બાલપણ, (૨) કૌમાર અને (૩) જુવાની, એવી ત્રણ દશાઓ જેમની (થાય છે) તે ત્રિદશો.

---

૩. 'અંતર્યામિને આગળ ધરી' એટલે 'અંતર્યામિપણાના ધર્મને લક્ષમાં રાખી' એવો અર્થ છે. બ્રહ્મા ત્યાં ભૂમિનાં દુઃખ જણાવવા ગયા હતા. 'અમલ નેત્રથી ક્ષેત્રજ્ઞ જૂએ છે' વાક્ય પ્રમાણે ભગવાન્ સર્વ પોતાની મેળે જ જાણે છે, એવા અભિપ્રાયથી ભગવાનનું અંતર્યામિપણું કહેવાનું રહ્યું. પુરુષસૂક્ત ભગવાનના અંતર્યામિપણાના ધર્મને આગળ કરી પ્રર્વતે છે. તેથી બ્રહ્માએ એ સૂક્તથી જ ભગવાનની સ્તુતિ કરી. (યો)

૪. બ્રહ્માએ ભગવાનની સ્તુતિ 'પુરુષ' તરીકે કરી. 'પુરમાં શયન કરે તે પુરુષ' એવી તે શબ્દની વ્યુત્પત્તિ હોવાથી પુરુષ અંતર્યામી છે અને તેથી અંતર્યામી પુરુષનો જ અવતાર થશે એવી શંકા છે. ભગવાને આપેલા ઉત્તરનો આશય (ભાવાર્થ) એવો છે કે અંતર્યામિપણાના ધર્મને આગળ કરી (લક્ષમાં રાખી), પુરુષોત્તમની જ સ્તુતિ (બ્રહ્માએ) કરેલી હોવાથી, પુરુષોત્તમનો જ આવિર્ભાવ થશે, એવો ભાવ છે. (યો)

આ (શબ્દ)થી એમ જણાવેલું છે કે તેમને (દેવોને) જન્મ લેવાની આજ્ઞા (આવતા ૨૨મા શ્લોકમાં) કરી છે તે પણ યોગ્ય છે. (બ્રહ્માએ) એકાએક ક્ષણ સુધી (શાંત) રહી, કાંઈક વિચારી (પછી) કહ્યું; તેથી સર્વને આશ્ચર્ય થયું તે જણાવવા 'હ' શબ્દ (શ્લોકમાં) યોજેલો છે, બ્રહ્મા પોતે જ (એમ) કહેતા નથી, એમ જણાવવા 'પુરુષની' શબ્દ યોજેલ છે. (બ્રહ્મા) પુરુષની બધી વાણી કહે છે, અને તે વાણીના પોતે દોગ્ધા (દોહનાર, સાર કાઢનાર) છે, એમ જણાવવા 'ગામ્'[2] 'વાણી' શબ્દ યોજેલ છે. 'મે' 'મારી પાસેથી' શબ્દ પ્રમાણ દર્શાવવા યોજેલો છે, કારણ કે બ્રહ્માનું વાક્ય કદાપિ ખોટું પડતું નથી, અથવા પુરુષના સંબંધવાળી[3] જ (પુરુષે જ કહેલી જ) (વાણી) મારી પાસેથી સાંભળો એમ (તે શબ્દ જણાવે છે).

'હે અમરો!'થી આરંભમાં ભગવાનની આજ્ઞા કહે છે. પ્રથમ (ભગવાનની આજ્ઞાનું) શ્રવણ કરી પછી ફરીથી એ પ્રમાણે કરો. ઢીલ ન કરો (એટલે) વિલંબ કરશો નહિ. સામગ્રી પ્રાપ્ત કરવા માટે જ પ્રથમ (સામગ્રી કેવી રીતે પ્રાપ્ત કરવી તે) જણાવે છે અને પછી ભગવાનની આજ્ઞા કહેશે. આગળ (શ્લોક ૨૨માં) અંશથી અવતાર લેવાનું દેવોને કહેવાનું છે. 'તે (અંશથી અવતાર લેવાનું કામ) દેવોના મરણ પછી થાય '(થઈ શકે)' એવી શંકા દૂર કરવા માટે 'હે અમરો!' એવું સંબોધન કરે છે. દેવો સાવધાન રહે તે માટે 'સાંભળો' શબ્દ યોજેલ છે.

પહેલાં રામાવતારમાં રાવણથી ભય પામેલા બ્રહ્માએ દેવોને પહેલાં પણ અંશથી અવતાર લેવા માટે આજ્ઞા કરેલી. હમણાં પણ તેવી જ આજ્ઞા છે, એમ જણાવવા 'ફરીથી' શબ્દ યોજેલો છે. પહેલાં (રામાવતાર સમયે) (દેવોએ) વિલંબ કરીને કરેલ (અંશથી અવતાર લીધેલ), તેમ ન કરવા 'તરત જ' શબ્દ યોજેલ છે. 'ફરીથી તેવી જ રીતે અંશથી અવતાર લો' એવો અર્થ છે. 'તેવી જ રીતે' એટલે '(રામાવતાર સમયે) જે દેવે જેટલા અંશથી, અથવા જે અનુક્રમે અવતાર લીધેલ (તેટલા જ અંશથી અને તે જ અનુક્રમે)' 'પહેલાં (રામાવતાર સમયે) દશરથે અવતાર લીધો ન હતો; તેથી આજ્ઞાથી તેને અવતાર લેવરાવી, (ત્યાર પછી) સાઠ હજાર વર્ષો પછી (ભગવાન્) પોતે અવતરેલા તેથી વિલંબ (થએલો.)' એ શંકા

૧. બ્રહ્મા જે વિચારે તે યથાર્થ જ હોય છે. તેથી (તેમના વચનમાં) અન્યથાનુપપત્તિ પ્રમાણ છે. એવો અર્થ છે. (લે)

૨. 'ગો' શબ્દના અર્થ 'ગાય' અને 'વાણી' બંને થાય છે.

૩. 'પુરુષના સંબંધવાળી' એટલે 'વાસ્તવિક રીતે પુરુષે જ કહેલી.' મારી (બ્રહ્માની) પાસેથી તો તમારે માત્ર સાંભળવાની જ છે, એમ જણાવવા 'મે' 'મારી પાસેથી' શબ્દ પહેલાં, 'પુરુષની' શબ્દથી તે ભગવાનની આજ્ઞા છે એમ કહેલ છે. (લે)

આ વિષયમાં (હમણાં થવાના અવતારમાં) કરવાની નથી, એમ જણાવવા 'ઢીલ ન કરો' શબ્દો યોજેલા છે. ૨૧.

'તમે (બ્રહ્માએ) શું કહ્યું?[૧] અને ભગવાને શું કહ્યું?'[૨] એવી શંકા દૂર કરતાં, અને 'પહેલાં વાંદરાઓમાં અવતાર લઈને અમને ઘણું દુઃખ થયું હતું[૩] (તેવું હવે પણ થશે)' એવા દેવોના ભયને દૂર કરતાં, ભગવાને કહેલી આજ્ઞા નીચેના શ્લોકમાં કહે છેઃ

**પુરૈવ પુંસાવધૃતો ધરાજ્વરો ભવદ્ભિરંશૈર્યદુષૂપજન્યતામ્ ।।**
**સ યાવદુર્વ્યા ભરમીશ્વરેશ્વરઃ સ્વકાલશક્ત્યા ક્ષપયંશ્ચરેદ્ ભુવિ ।।૨૨।।**

પૃથ્વીના જ્વર (દુઃખ)નો પુરુષે પહેલાં જ નિશ્ચય કરેલો હતો. તે ઈશ્વરેશ્વર જયાં સુધી પોતાની કાલરૂપ શક્તિથી પૃથ્વીના ભારનો ક્ષય કરતાં ભૂતલ ઉપર વિચરે ત્યાં સુધી તમે અંશો યદુઓમાં સમીપમાં જન્મ લો. ૨૨.

ભૂમિની પીડા (હું બ્રહ્મા) કહું તે પહેલાં જ ભગવાને પૃથ્વીના જ્વર (દુઃખ)નો નિશ્ચય કર્યો હતો. તેનું કારણ 'પુરુષ' શબ્દથી જણાવેલું છે; કારણ કે પુરુષ પત્નીનો સ્પર્શ કરે છે, અને જ્વર તો માત્ર સ્પર્શ (કરવા)થી જ જણાય છે. તેથી મારી (બ્રહ્માની) વિજ્ઞપ્તિની જરુર ન હતી; કારણ કે હું બોલ્યા પહેલાં જ, ભગવાને પોતે જ આજ્ઞા કરી. (આ શ્લોકના) બીજા ચરણથી (ભગવાનની) આજ્ઞા જ કહે છે.

ભગવાન્ પણ અવતાર લેશે. તે પહેલાં જ તમે (દેવો) સમીપમાં જન્મ લો એટલે ભગવાનની સમીપમાં જન્મ લો. (તમારી) આવશ્યકતા છે, એમ જણાવવા 'અંશો' શબ્દ યોજેલ છે, કારણ કે તમે ભગવાનના 'અંશો' એટલે હાથ પગ વિગેરેની પેઠે (ભગવાનનાં) 'સેવકો' છો. પ્રભુ સર્વ સ્થલે સેવકો સહિત જ પધારે છે. 'યદુઓમાં' શબ્દથી પહેલાંના જન્મ કરતાં આ જન્મમાં ભેદ જણાવેલો છે. ભગવાન્ પણ યદુઓમાં અવતાર લેશે. તેથી (ભગવાન્) લોકમાં પ્રકટ ન થાય તે માટે સમીપમાં જન્મ લો, એવી આજ્ઞા છે. આ જન્મ

૧. 'બ્રહ્માએ શું કહ્યું?' એ શંકા પહેલા ચરણથી દૂર કરેલી છે. ભગવાને પહેલાં જ જાણ્યું હતું, તેથી મેં (બ્રહ્માએ) માત્ર સ્તુતિ જ કરી, પણ બીજું કાંઈ કહ્યું ન હતું. (લે)

૨. 'ભગવાને શું કહ્યું?' એ શંકા બીજા ચરણથી દૂર કરી છે. તે દૂર કરવા એ ચરણમાં ભગવાનની આજ્ઞા કહેલી છે. (લે)

૩. ઉત્તરાર્ધથી આ દૂર કરેલ છે. પહેલાં રામાવતાર સમયે ભગવાન્ પ્રકટ થયા તે પહેલાં, અને અવતારની સમાપ્તિ થયા પછી બહુ સમય રહેવું પડેલું તેથી (દેવોને) દુઃખ થએલ. આ વખતે તો ભગવાન્ રહે ત્યાં સુધી જ રહેવાનું છે, તેથી દુઃખ થશે નહિ એવો અર્થ છે.(લે)

(ભગવાનની) સેવા માટે (લેવાનો) હોવાથી, (ભગવાનની) સ્થિતિ પહેલાં (લેવાનો છે). 'ત્યાં કેટલા સમય સુધી રહેવાનું છે ?' એ જાણવાની ઈચ્છા થાય તેથી ઉત્તરાર્ધ કહેલું છે. જ્યાં સુધી તે ભગવાન્ યદુઓમાં વિચરે ત્યાં સુધી સમીપમાં જન્મ લો, એટલે (તેમની) સમીપમાં રહો. પુત્ર, પૌત્ર વિગેરેના રૂપથી (ભગવાનના અવતારની) સમાપ્તિ સુધી[૪] જન્મ થાય તે માટે જન્મ લેવાનું કહેલું છે. (ભગવાનની સમીપ દેવોની) સ્થિતિ તો અર્થથી જ (સમીપમાં જન્મ લેવાથી જ) થશે તેથી તે કહેલી નથી.

'ભગવાન્ પણ ક્યાં સુધી વિરાજશે ?' તેવી શંકા થાય, તેથી 'જ્યાં સુધી પોતાની કાલરૂપ શક્તિથી પૃથ્વીના ભારનો ક્ષય કરતાં વિચરે' શબ્દો યોજેલ છે. 'એમ પણ ક્યાં સુધી રહેશે ?' એવી શંકા થાય, તેથી 'ઈશ્વરેશ્વર' શબ્દ યોજેલ છે. ઈશ્વર જ પોતાની ઈચ્છા પ્રમાણે વર્તનાર હોય છે. કાલ વિગેરે તે સર્વે (ઈશ્વરો)ના પણ જે ઈશ્વર છે તેમને કેવી રીતે નિયમમાં રાખી શકાય ? કે આટલા વખત સુધી (ભૂમિ પર) રહેશે એમ જાણી શકાય ? 'નિરંતર સુખનો ભોગ કરનારા દેવો (જન્મ લેવાનું કાર્ય) નહિ કરે,' એવી શંકા પણ આ (ઈશ્વરેશ્વર શબ્દ)થી જ દૂર થાય છે.

'દૈત્યો અમને (દેવોને) મારશે' એવી શંકા ન રાખવી, કારણ કે (ભગવાન્) પોતાની કાલરૂપ શક્તિથી જ (ભૂમિનો) ભાર દૂર કરશે. ભારરૂપ થએલ દૈત્યો એક સ્થલે રહેતા નથી, તેથી તે (જૂદે જૂદે સ્થલે તેમનો સંહાર કરવા) માટે (ભગવાનને) ફરવાનું થશે; તે માટે 'વિચરે' એમ કહેલું છે. (કેટલા સમય સુધી વિચરશે એ) કાલની હદનું (બ્રહ્માને) જ્ઞાન નથી. (ભગવાન્) અજાણ્યા નહિ રહે, એમ જણાવવા 'ભૂતલ ઉપર' શબ્દ યોજેલ છે; કારણ કે ભૂમિ ઉપર ઉત્પન્ન થએલ કોઈ અલૌકિક કાર્ય કરતું નથી. (ભૂમિ ઉપર અલૌકિક કાર્ય કરે તે ભગવાન્, તેથી ભગવાન્ અજાણ્યા નહિ રહે.) ૨૨.

'તો પણ ભગવાન્ ક્યાં અવતાર લેશે ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**વસુદેવગૃહે સાક્ષાદ્ભગવાન્ પુરુષઃ પરઃ ।।**
**જનિષ્યતે તત્પ્રિયાર્થં સમ્ભવન્તુ સુરસ્ત્રિયઃ ।।૨૩।।**

સાક્ષાત્ ભગવાન્ પર પુરુષ વસુદેવના ઘરમાં જન્મ લેશે. દેવોની સ્ત્રીઓ (તત્પ્રિયાર્થં) તેમની સેવા માટે સારી રીતે જન્મ લે. ૨૩.

---

૪. 'આ+અન્તમ્ આન્તમ્' એટલે અવતારની સમાપ્તિ થાય ત્યાં સુધી, એવો અર્થ છે. (પ્ર)

'તે પણ અંશાવતાર થશે' એવી શંકા દૂર કરવા 'સાક્ષાત્ ભગવાન્' અવતાર લેશે એમ કહેલ છે; પરંતુ ચક્ર વિગેરેના રૂપથી, અથવા સત્ત્વ વિગેરેના ઢાંકણથી અવતાર થવાનો નથી. 'ભગવાન્' શબ્દ પુરુષોત્તમથી હલકાઓને માટે પણ યોજાય છે, તેથી અહિં તેવી રીતે યોજાએલ નથી, એમ જણાવવા 'પર પુરુષ' એમ કહેલ છે. તેનો અર્થ પુરુષોત્તમ થાય છે. 'બ્રહ્માંડથી પર' કહ્યા, તેથી જ વાસ્તવિક રીતે પ્રકૃત્તિની પ્રવૃત્તિ કરાવનાર થયા. તેનાથી પર તો પુરુષોત્તમ[1] જ છે. તે જન્મ લેશે. તેથી 'તત્પ્રિયાર્થ[2]' એટલે તેમની સેવા કરવા માટે દેવોની સ્ત્રીઓ સારી રીતે એટલે સર્વ સૌંદર્યને ધારણ કરીને તેને યોગ્ય સ્થાનોમાં જન્મ લે. દેવોની સ્ત્રીઓ એટલે અપ્સરાઓ લક્ષ્મીજી સાથે સમુદ્રમાંથી ઉત્પન્ન થએલી. ભગવાને તેઓનો ભોગ કરેલો ન હતો તેથી પોતાનો જન્મ સફલ થાય તે માટે જ તેમણે અવતાર લેવો. 'તત્પ્રિયાર્થ[2]' શબ્દથી 'દેવોએ સ્ત્રીઓ થઈ અવતરવાનું નથી' એમ જણાવેલું છે. ૨૩.

ભગવાનનો અવતાર થયા પહેલાંજતેમની સેવામાં સાવધાન થઈ રહેવાય તે માટે[1], ભગવાનની શય્યારૂપ શેષ[2] સંકર્ષણ સાથે[3] અવતાર લેશે, એમ કહે છેઃ

---

૧. 'ગીતા ૮।૨૦માં અક્ષરને બ્રહ્માંડથી 'પર' કહેલ છે, અને ૧૫।૧૬માં 'પુરુષ' પણ કહેલ છે. તેથી પરપુરુષ અક્ષર જ હોવો જોઈએ' એવી શંકા કરવી નહિ, કારણ કે ૮।૧૦માં અક્ષર ભાવ તરીકે જ 'પર' કહેલ છે અને ૧૫।૧૬માં પુરુષ કહેલ છે પણ 'પર' કહેલ નથી. તેથી તે 'પર પુરુષ' નથી. 'પર પુરુષ' એટલે અક્ષરથી પર પુરુષોત્તમ જ (જૂઓ ગીતા ૧૫।૧૮) તેથી અહિં પુરુષોત્તમ જ કહેલ છે. (પ્ર)

બ્રહ્માને પણ (આકાશવાણી કહેનાર) પુરુષનાં દર્શન થયાં નથી, તેથી 'પુરુષ' શબ્દથી જ બ્રહ્માંડથી પર કહેલ છે. વળી તેમને 'પર' કહ્યા તેથી તે પુરુષોત્તમ જ જન્મ લેશે એવો અર્થ છે. (લે)

૨ - ૨. 'દેવોની સ્ત્રીઓથી લક્ષ્મીપતિનું શું પ્રિય થશે ?' એવી શંકા થાય તેથી આ ભાગ કહેલો છે. શ્લોકમાં 'તત્પ્રિયાર્થ' શબ્દ છે, તેનો આ અર્થ થાય છે. આ સ્ત્રીઓનો ભગવાનની સેવા માટે અવતાર છે. તેના એટલે તે અવતારના પ્રિય માટે, એટલે પહેલાં આવા જે અવતારની તેમણે ઈચ્છા કરેલી 'તે અવતારનું પ્રિય થાય તે માટે' આવો અર્થ લેવાથી એ શબ્દનો આ અર્થ થાય છે. 'તત્પ્રિયાર્થ' એટલે 'ભગવાનના પ્રિય માટે' એવો અર્થ લેવાનો નથી; કારણ કે લક્ષ્મીજી કરતાં વધારે સૌંદર્ય અપ્સરાઓમાં નથી. વળી દેવો સ્ત્રી થઈ અવતરે તો પણ તેમનાથી ભગવાનનું પ્રિય તો થાય. (પ્ર) આ અર્થ ઘણો ક્લિષ્ટ છે.

૧. પહેલાં અવતાર લીધો હોય તો ભગવાનનો અવતાર થાય ત્યાં સુધીમાં મોટા થઈ સેવામાં યથાયોગ્ય લીલા કરાવવામાં સાવધાન થવાય તે માટે, એવો અર્થ છે. (લે)

૨. 'ઉત્તમ સર્પરૂપ શય્યા ઉપર પોઢેલા એક' વિગેરે વાક્ય પ્રમાણે શેષ શય્યારૂપ છે. (યો)

૩. શેષના આધિદૈવિક સંકર્ષણ છે, તેથી 'શેષ પોતાના આધિદૈવિક સાથે' એવો અર્થ થયો. આ

**વાસુદેવકલાનન્તઃ સહસ્રવદનઃ સ્વરાટ્ ।।**
**અગ્રતો ભવિતા દેવો હરેઃ પ્રિયચિકીર્ષયા ।।૨૪।।**

વાસુદેવની કલાવાળા, અનંત, સહસ્ર મુખવાળા, સ્વરાટ્ દેવ હરિનું પ્રિય કરવાની ઈચ્છાથી (હરિનાં) પહેલાં જન્મ લેશે. ૨૪.

**સાત્ત્વિકેષુ તુ કલ્પેષુ યઃ શેતે સલિલે હરિઃ ।।**
**વાસુદેવઃ સ વિજ્ઞેયસ્તસ્યાંશોઽનન્ત ઉચ્યતે ।। કા.૪૨।।**

સાત્ત્વિક કલ્પોમાં જે હરિ જલમાં શયન કરે છે તેમને વાસુદેવ[૪] જાણવા. તેમનો અંશ અનંત[૫] કહેવાય છે. કા.૪૨.

**કાલાત્મા ચ સ વિજ્ઞેયો ભૂભારહરણે પ્રભુઃ ।।**
**તત્ર સુપ્તો હરિશ્ચાપિ તદાવિષ્ટો ભવિષ્યતિ ।। કા.૪૩।।**

તે અનંતને ભૂમિનો ભાર હરવા શક્તિવાળા કાલાત્મા[૬] જાણવા. [૭]ત્યાં પોઢેલા [૮]હરિ પણ તેમનામાં[૯] આવેશ કરશે. કા.૪૩.

**અતોનુશયનં વિષ્ણોર્બલભદ્રેણ નાત્મનઃ ।।**

---

સંકર્ષણ વ્યૂહરૂપ છે, કારણ કે પાછલ પાંચમા સ્કંધમાં 'ચાર મૂર્તિવાળા ભગવાનની ચોથી તામસી મૂર્તિ' એમ તેમને શુકે જણાવેલ છે. આ સંકર્ષણ સહિત શેષ અવતાર લેશે. તેથી જ ૧૦|૨|૮માં બલદેવને શેષ કહેલા છે. તેમજ કોઈ સ્થલે જેમકે ૧૦|૬૨|૨૬માં બલદેવના અંશ તરીકે શેષને જણાવેલ છે. શેષ સંકર્ષણવ્યૂહનો અંશ છે. તેથી 'સંકર્ષણવ્યૂહ સહિત શેષનો અવતાર બલદેવ છે' એમ કહ્યું તે યોગ્ય જ છે. (યો)

૪. વાસુદેવ' એટલે '(ચાર) વ્યૂહોમાં મુખ્ય.' (પ્ર)

૫. 'અનન્ત' એટલે 'શેષ'. (લે)

૬. તે શેષમાં સંકર્ષણનો આવેશ હોવાથી તે કાલાત્મા એટલે સંકર્ષણરૂપ છે, એવો અર્થ છે. (લે)

૭. 'ત્યાં' એટલે 'જલ ઉપર રહેલ શેષમાં રહેલ સંકર્ષણમાં.' (લે)

૮. 'હરિ' એટલે 'વાસુદેવ'. અવતાર ધારણ કરી શેષમાં આવેશ કરેલા સંકર્ષણમાં તે (વાસુદેવ) આવેશ કરશે. વાસુદેવ કલાથી સંકર્ષણમાં આવેશ કરશે. 'કલાથી' શબ્દ અધ્યાહાર છે. તેથી શેષમાં સંકર્ષણનો આવેશ છે. સંકર્ષણમાં વાસુદેવની કલાનો આવેશ છે. આવા વાસુદેવની કલાના આવેશવાળા સંકર્ષણ એ જ બલદેવ. પુરુષોત્તમનો આવેશ તો તેમનામાં કોઈવાર થાય છે. તેથી બલદેવ અંશ અને પુરુષોત્તમ અંશી હોઈ, 'અંશ અને અંશીમાં અભેદ છે' એ નિયમ પ્રમાણે, (પુરુષોત્તમનો બલદેવમાં આવેશ હોય ત્યારે) બલદેવની લીલા મૂલ અથવા પુરુષોત્તમનાં ચરિત્ર તરીકે આ સ્કંધના અર્થરૂપ થાય છે, પરંતુ સ્વતંત્રતાથી સ્કંધનાં અર્થરૂપ નથી, એવો અર્થ છે. (લે)

૯. 'તેમનામાં' એટલે 'સંકર્ષણમાં', એવો અર્થ છે. (ટિ)

**એકવત્પ્રોચ્યતે કૃષ્ણો દ્વિવલ્લોકૈઃ પ્રતીયતે ।।કા.૪૪।।**

તેથી[૧૦] વિષ્ણુનું અનુશયન[૧૦] બલભદ્રરૂપ છે, આત્મા (પુરુષોત્તમ)રૂપ નથી. એક[૧૧] હોય તેમ કહેવાય છે. શ્રીકૃષ્ણ[૧૧] બે હોય તેમ લોકમાં દેખાય છે. કા.૪૪.

**દેવક્યાં શયનસ્યૈવ સંભવો ન હરેઃ સ્મૃતઃ ।।**
**રોહિણ્યામપરસ્યેતિ કર્ષણાન્નૈવ હીનતા ।।કા.૪૫।।**

---

૧૦-૧૦. 'પહેલાં શય્યારૂપ સંકર્ષણ ઉપર પોઢેલા (વાસુદેવ), જ્યારે અવતાર ધારણ કરે ત્યારે સંકર્ષણમાં (કલાથી) આવેશ કરી રહે છે, તે તેમનું સંકર્ષણમાં રહેવું તે અનુશયન કહેવાય છે. આ સ્કંધનો અર્થ અનુશયન (નિરોધ. જૂઓ પાછળ કારિકા ૯) છે. તેથી બલદેવમાં આવેશ કરેલ વાસુદેવની કલાની જ લીલા એ આ સ્કંધનો અર્થ થાય.' એવી શંકા થાય, તે આ કારિકાથી દૂર કરે છે. પોઢેલા હતા તેમનો જ આવેશ થાય છે. તેથી સાત્ત્વિકકલ્પના અધિષ્ઠાતા વિષ્ણુનું જ બલભદ્રરૂપથી અનુશયન થાય છે. શેષ ઉપર પોઢેલ વાસુદેવ અવતાર લઈ પોતાની કલાથી શેષમાં આવેશ કરેલ સંકર્ષણમાં આવેશ કરે તે બલભદ્રરૂપ થાય છે. આ પ્રમાણે તે આવેશ કરી સંકર્ષણમાં રહે તે અનુશયન વાસુદેવની કલાનું થયું; પરંતુ આત્મરૂપથી એટલે પુરુષોત્તમરૂપથી આ અનુશયન થતું નથી. આત્મા (પુરુષોત્તમ)નું અનુશયન જ નિરોધ છે, એમ ૨।૧૦।૬માં જણાવેલ છે. તેથી આ સ્કંધમાં વાસુદેવની કલાની લીલા કહેલી નથી એવો ભાવ છે. (ટિ).

૧૧-૧૧. 'ત્યારે બલદેવ વિષે અનુશયન કહેવાનું શું તાત્પર્ય ?' એવી શંકા થાય તેથી કહે છે કે 'એક હોય તેમ કહેવાય છે' પહેલાં કહેલા વાસુદેવ અંશ છે અને પુરુષોત્તમ અંશી છે. અંશ અને અંશી એક જ પ્રકારના હોવાથી તેમનામાં ભેદ જણાતો નહિ હોવાથી, તેઓ એક જ હોય તેમ કહેવાય છે. તેથી બલભદ્રમાં પણ (પુરુષોત્તમનો આવેશ હોય તેવું) એવું અનુશયનનું નિરૂપણ કરેલું છે, એવો અર્થ છે. તેથી બલદેવનું ચરિત્ર પણ પુરુષોત્તમનું જ ચરિત્ર થાય છે. એવો ભાવ છે.

'પણ લોકમાં એ બેનાં ચરિત્ર એક જ હોય એમ જણાતું નથી' એવી શંકા થાય, તેથી કહે છે કે 'શ્રીકૃષ્ણ બે હોય તેમ લોકમાં દેખાય છે.' બલભદ્ર શ્રીકૃષ્ણના અંશ હોવાથી, તે બે એક જ હોવા છતાં તેમનાં બે સ્વરૂપો દેખાય છે, તેવી જ રીતે તેમનાં ચરિત્રો પણ જૂદાં જૂદાં દેખાય છે એવો અર્થ છે. (ટિ)

જેમ શ્રીકૃષ્ણનું સ્વરૂપ બલભદ્ર અને શ્રીકૃષ્ણના ભેદથી બે હોય તેમ લોકમાં જણાય છે, પરંતુ વાસ્તવિક રીતે અંશ અને અંશીમાં ભેદ નહિ હોવાથી શાસ્ત્રમાં તે એક જ કહેવાય છે; તેમ તે બેનાં ચરિત્રો પણ અંશ અને અંશીમાં ભેદ નહિ હોવાથી વાસ્તવિક રીતે એક જ હોવા છતાં, લોકમાં બે (જૂદાં જૂદાં) હોય તેમ જણાય છે, એવો અર્થ છે. તેથી અંશ અને અંશીમાં ભેદ નહિ હોવાથી બલભદ્રનું ચરિત્ર પણ પુરુષોત્તમના ચરિત્ર તરીકે જ આ સ્કંધનો અર્થ છે, પરંતુ સ્વતંત્ર રીતે તે આ સ્કંધનો અર્થ નથી એવો અર્થ છે. (કા)

દેવકીમાં[૧૨] સંકર્ષણનો[૧૩] જ સંભવ કહેલો[૧૪] છે, હરિનો કહેલો નથી. રોહિણીમાં બીજાનો[૧૫] (સંભવ હતો); તેથી[૧૬] કર્ષણથી (ખેંચવાથી) કાંઈ હલકાઈ થઈ નથી. કા.૪૫.

---

૧૨. તેથીજ ચાર વ્યૂહના રૂપથી મથુરામાં પ્રાકટ્ય કહેલું છે અને પુરુષોત્તમનું વ્રજમાં પ્રાકટ્ય કહેલું છે તેમ અહિં પણ દેવકીમાં સંકર્ષણનો અને રોહિણીમાં વાસુદેવનો સંભવ કહેલ છે. (ટિ)

૧૩. (દેવકીમાં) શેષમાં આવેશ કરેલ સંકર્ષણનો સંભવ કહેલો છે. 'એવ' 'જ' શબ્દથી વાસુદેવનો દેવકીમાં સંભવ ન હતો એમ જણાવેલ છે. (લે)

૧૪. શ્રીમદ્‌ભાગવત ૧૦।૨।૫ તથા ૧૦।૨।૮માં કહેલો છે. ૧૦।૨।૧૩થી સંકર્ષણનો સંભવ દેવકીમાં હતો એમ જણાય છે. (લે)

૧૫. 'બીજાનો' એટલે 'વાસુદેવના અંશનો' એવો અર્થ છે. (લે)

૧૬. કર્ષણ સમયે (દેવકીના ગર્ભમાં) વાસુદેવનો અંશ નહિ હોવાથી મોક્ષ આપનાર અને માયાનું નિવારણ કરનાર વાસુદેવની માયા વડે ખેંચવાથી હીનતા થતી નથી. (કારણ કે સંકર્ષણ જ ખેંચાયા છે, વાસુદેવ ખેંચાયા નથી). સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ, એ ત્રણ વ્યૂહો ત્રણ ગુણોના ભેદથી જૂદા જૂદા હોવાથી તેઓ માયાના વિરોધી નથી. વાસુદેવ તો મોક્ષ આપનાર નિર્ગુણ હોઈ માયાના વિરોધી છે. તેથી માયાથી તે હીન (દુર્બલ) નથી એમ દેખાડવું જ જોઈએ, એવો ભાવ છે. વ્રજની લીલામાં બલદેવનો પણ ઉપયોગ છે, એમ કહેવામાં આવશે અને 'વ્રજમાં રહેનારા તામસ હોવાથી ગુણાતીત સ્વરૂપે તેમનો ઉદ્ધાર કર્યો' એમ વ્રજમાં રહેનારાનો ઉદ્ધાર ગુણાતીત સ્વરૂપે કરેલ કહેલો હોવાથી, તે (ગુણાતીત હોવાથી) વાસુદેવનું કાર્ય છે, તેથી બલભદ્રમાં વાસુદેવના અંશનો પણ આવિર્ભાવ કહેવો જ જોઈએ તે વાસુદેવના અંશનો આવિર્ભાવ રોહિણીમાં થએલો એમ જાણવું.

'વાસુદેવનું પ્રાકટ્ય વ્રજમાં જ થયું.' એમ ટિપ્પણીમાં કહેલ છે, છતાં નિબંધમાં એમ જણાવેલ છે કે વાસુદેવે વ્યાપિવૈકુંઠમાંથી વસુદેવના હૃદયમાં પધારી દેવકીનું મૃત્યુ અટકાવવાનું પોતાનું કાર્ય (મથુરામાં) કર્યું. તેથી વાસુદેવનું વસુદેવના હૃદયની અંદર કાર્યથી (કાર્ય કરવા) પ્રાકટ્ય થયું, અને સ્વરૂપથી બહારથી વ્રજમાં જ પ્રાકટ્ય થયું એમ જાણવું. કેવલ પુરુષોત્તમનું પ્રાકટ્ય વ્રજમાં જ થયું એવો (ટિપ્પણીનો) અર્થ છે.

પ્રાકટ્ય બે પ્રકારથી થાય છે. (૧) કાર્યથી અને (૨) સ્વરૂપથી. કાર્યથી પ્રાકટ્ય જોઈએ તો ચારે વ્યૂહનું મથુરામાં પ્રાકટ્ય થયું છે અને પુરુષોત્તમનું વ્રજમાં પ્રાકટ્ય થયું છે; કારણ કે એમનાં પ્રથમનાં કાર્યો તે તે સ્થલમાં જ થએલાં છે. સ્વરૂપથી પ્રાકટ્ય જોઈએ તો ત્રણ વ્યૂહવાળા પુરુષોત્તમનું પ્રાકટ્ય મથુરામાં થયું છે અને વાસુદેવવ્યૂહવાળા પુરુષોત્તમનું પ્રાકટ્ય વ્રજમાં થયું છે. વાસુદેવનું બહારથી (સ્વરૂપથી) પ્રથમ વ્રજમાં જ પ્રાકટ્ય થએલું છતાં કાર્યથી મથુરામાં પ્રાકટ્ય થએલું, એમ ઉપર નિબંધનું વાક્ય કહ્યું તેથી સિદ્ધ થાય છે. સાધનરહિત જીવોનો ઉદ્ધાર કરવાનું પુરુષોત્તમનું કાર્ય તો પહેલું વ્રજમાં જ થયું છે. (લે)

તે સંકર્ષણને બીજાથી જૂદા (બીજાઓમાં તથા તેમનામાં ભેદ) જાણી શકાય તે માટે તેમને 'વાસુદેવ(ની કલાવાળા)' વિશેષણથી ઓળખાવે છે. પ્રથમ તો તે વાસુદેવની કલા છે. (આ) ધર્મરૂપ (આ તેમનો ધર્મ અથવા ગુણ કહેલો) છે. (તેથી તે વાસુદેવની કલાવાળા છે; અથવા તેમનામાં વાસુદેવની કલા છે.) તે[૧૭] પણ શય્યારૂપ હોવાથી અનંત[૧૮](અંત વિનાના) કાલરૂપ છે, કારણ કે તે[૧૯] (વાસુદેવ) પોતાના જ આશ્રયવાળા રહી શયન કરે છે. તેમનામાં આધિદૈવિક રૂપ રહેલું છે, એમ જણાવવા 'સહસ્ર મુખવાળા' વિશેષણ યોજેલ છે; કારણ કે સંકર્ષણ વેદાત્મા[૨૦] સહસ્ર મુખવાળા છે. 'માત્ર શેષ' પણ સહસ્ર મુખવાળો છે, તેથી આ તે(શેષ) નથી, એમ જણાવવા 'સ્વરાટ્'[૨૧] શબ્દ યોજેલ છે. જે સ્વર્ગમાં[૨૧] પણ પ્રકાશે છે, જે સંકર્ષણરૂપ શ્વેત અને કૃષ્ણ કેશવાળા છે તે પહેલાં જન્મ લેશે.

'તેમનાથીજ કાર્ય થતું હોય તો ભગવાનના અવતારનું શું પ્રયોજન?' તેવી શંકા થાય તેથી 'દેવ' શબ્દ યોજેલો છે. તે માત્ર દેવરૂપથી[૨૨] જ અવતાર લેશે, તેથી (તે) વધારે (કાંઈ) કાર્ય કરશે નહિ, 'ત્યારે તેમના (સંકર્ષણના) અવતારનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી 'હરિનું પ્રિય કરવાની ઈચ્છાથી' શબ્દો યોજેલા છે; કારણ કે તે ભગવાન્ સર્વનું[૨૩] દુઃખ હરનારા (હરિ) છે. દૈત્યોને સુખ

---

૧૭. 'તે પણ' એટલે 'અંશરૂપ પણ'. (લે)

૧૮. આ 'અનંત' વિશેષણ છે. (લે)

૧૯. અહિં 'વાસુદેવની કલાવાળા' એ વિશેષણ પહેલું કહ્યું તેનું કારણ જણાવેલું છે; કારણ કે તે ભગવાન્ (વાસુદેવ) પોતાના જ આશ્રયવાળા રહી શયન કરે છે, તેથી તેમની શય્યા તેમની કલા છે એમ જ કહેવું જોઈએ, એવો અર્થ છે. (લે)

૨૦. 'વેદાત્મા' એટલે 'સહસ્રશીર્ષા...' વિગેરે વેદમંત્રના આત્મા; એ વેદમંત્રોમાં વર્ણન કરેલા, એવો અર્થ છે. (લે)

૨૧-૨૧. 'સ્વેન રાજતે ઈતિ સ્વરાટ્' પોતાની મેળે પ્રકાશે તે સ્વરાટ્, શેષ પોતાના માથા ઉપર રહેલ મણિથી પ્રકાશે છે એમ પાંચમા સ્કંધમાં કહેલું છે. 'આ (સંકર્ષણ) પોતાની મેળે પ્રકાશે છે' એમ કહેલ હોવાથી સ્વર્ગ વિગેરે લોકોમાં પણ પ્રકાશે છે, અને શેષની પેઠે માત્ર પાતાલમાં જ પ્રકાશતા નથી, એવા આશયથી 'સ્વર્ગમાં પણ પ્રકાશે છે' એમ કહેલ છે. તેથી 'પોતાની મેળે પ્રકાશે છે' એમ કહેલ હોવાથી આ માત્ર શેષ નથી એવો ભાવ છે. (લે)

૨૨. 'દેવરૂપથી જ' એટલે 'સાક્ષીરૂપથી જ', તેથી જ લીલામાં સાક્ષી પેઠે (સંકર્ષણ) રહે છે એમ કહેશે. તે લીલા કરે ત્યારે ભગવાનના આવેશને લીધે કરે છે (એમ જાણવું). (લે)

૨૩. 'સર્વનું' એટલે 'દૈત્યોનું તથા ભૂમિનું.' પ્રલંબ વિગેરેને મોક્ષ આપવામાં તેમનો વધ કરી ભગવાનને મદદ કરી. ભૂમિનો ભાર હરવામાં, જરાસંધ (યવન) વિગેરે સાથે યુદ્ધ કરી ભગવાનને મદદ કરી એમ જાણવું. (લે)

આપવામાં[૨૪] અને ભૂમિનો ભાર હરવામાં (સંકર્ષણ ભગવાનને) મદદ કરનારા હોવાથી (તે) ભગવાનનું પ્રિય કરશે એવો (એ શબ્દોનો અર્થ છે). ૨૪.

'એ પ્રમાણે (ભગવાન્ પોતાની) સામગ્રી સાથે (ભૂમિ પર) પધારશે તો બધાની મુક્તિ થઈ જશે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**વિષ્ણોર્માયા ભગવતી યયા સમ્મોહિતં જગત્ ।।**
**આદિષ્ટા પ્રભુણાંશેન કાર્યાર્થે સા ભવિષ્યતિ ।।૨૫।।**

વિષ્ણુની ભગવતી માયા જેણે જગતને સારી રીતે મોહ કરેલો છે, તે પ્રભુથી આજ્ઞા પામી અંશથી કાર્ય (કરવા) માટે અવતરશે. ૨૫.

જે વિષ્ણુ માયાને ઉપાડી લઈને અવતાર લેશે તેમનો અંશ થએલી[૧] તે માયા કાર્ય (કરવા) માટે અવતરશે. તે (માયા) પણ ભગવાનની કૃપાથી 'ભગવતી' એટલે (ભગવાનના) છ ગુણોના ઐશ્વર્ય (વૈભવ, સત્તા)વાળી છે. તેથી તે (ભૂમિ ઉપર) જાય તો પણ પોતાનું સ્થાન તજવાથી (તજવાનો) દોષ[૨] થશે નહિ, કારણ કે તે અહિં પણ રહેશે અને કાર્ય પણ કરશે. તેના લીધે જ સર્વની મુક્તિ (થતી) પણ અટકશે, એમ 'જેણે જગતને સારી રીતે મોહ કરેલો છે' શબ્દોથી કહેલ છે. 'પ્રભુથી આજ્ઞા પામી' શબ્દોથી કદાચ તે (માયા) (ભૂમિ ઉપર) નહિ આવે એવી શંકા દૂર કરે છે. આથી એમ પણ જણાવેલું છે કે જ્યારે સર્વને ઘણો મોહ કરનારી (માયા) પણ ભગવાનની આજ્ઞાથી અવતાર લેવાની છે ત્યારે તમે (દેવો) તો કોણ માત્ર ? તેથી (તમારે) અહંકાર કરવો યોગ્ય નથી. (માયાએ કરવાનું) કાર્ય યશોદામાં ધાવણ (ઉત્પન્ન કરવું), (દેવકીના ગર્ભને) ખેંચવું, કંસ વિગેરેને ઘણો મોહ કરવો, વસુદેવ વિગેરેને છોડાવવા વિગેરે છે. ૨૫.

---

૨૪. દૈત્યો કાલ પ્રાપ્ત કરીને (મૃત્યુ થયા પછી) ભગવાનને પ્રાપ્ત કરે છે. તેથી (તેમને મારવાથી તેમને મોક્ષ આપવામાં મદદ થાય છે). આ ૩।૨।૨૪માં સમજાવેલ છે. (પ્ર)

૧. માયાને ઉપાડી લેવાથી, જેટલી માયા ઉપાડી લીધી હોય તેના બનેલ પિંડારૂપ અંશ થએલી. આ શ્લોકમાં 'અંશેન' 'અંશથી' શબ્દ છે તેનું વિવરણ છે. (પ્ર)

ભગવાન્ મનુષ્યના આકારનું સ્વરૂપ પ્રકટ કરવાના છે, તે માટે તેવા આકારનો તેટલો (માયાનો) અંશ ઉપાડી લેવામાં આવે, તેથી તે એવા આકારની અને એટલા કદની હોય તેને અંશ કહેલી છે એવો અર્થ છે. (લે)

૨. પુરુષોત્તમ ભગવાન્ હોવાથી તેમનામાં બધા પ્રકારનું સામર્થ્ય છે, તેમ માયા પણ ભગવતી હોઈ તેનામાં પણ સર્વ પ્રકારનું સામર્થ્ય છે. તેથી તે અહિં એટલે વ્યાપિવૈકુંઠમાં પણ રહેશે અને ભૂમિ ઉપર પણ યશોદામાં ધાવણ ઉત્પન્ન કરવાનું વિગેરે કાર્યો કરશે. તેથી તે અવતાર લેવા માટે ભૂમિ ઉપર જાય તો પણ જ્યાં તેનું સ્વરૂપ પ્રકટ છે તેવા વ્યાપિવૈકુંઠ ધામનો ત્યાગ કરવાનો દોષ થતો નથી, કારણ કે તે હદવાળી નથી. (લે)

એ પ્રમાણે સર્વને જણાવીને બ્રહ્મા ત્યાંથી ગયા, એમ કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**ઈત્યાદિશ્યામરગણાન્ પ્રજાપતિપતિર્વિભુઃ ॥**
**આશ્વાસ્ય ચ મહીં ગીર્ભિઃ સ્વધામ પરમં યયૌ ॥૨૬॥**

એવી રીતે અમરગણોને કહીને અને ભૂમિને વાણીઓથી આશ્વાસન આપીને પ્રજાપતિઓના પતિ વિભુ પોતાના પરમ ધામમાં ગયા. ૨૬.

દેવો અનેક પ્રકારના છે, અને તેઓ પોતપોતાના મુખીની આજ્ઞા પ્રમાણે ચાલે છે. તેથી જ (બ્રહ્માએ) બધાએ ગણપતિ (દેવોના સમૂહોના મુખીઓ)ને આજ્ઞા કરી, એમ કહેવા 'અમરગણોને' શબ્દ યોજેલ છે.

'ત્યારે બ્રહ્માનો અવતાર કેમ નહિ થાય ?' એવી શંકા થાય, તેથી 'પ્રજાપતિઓના પતિ' શબ્દ યોજેલ છે. તે (બ્રહ્મા) પ્રજાપતિઓને નિયમમાં (કાબુમાં) રાખનાર[૧] છે. તેમ ન હોય (પ્રજાપતિઓને નિયમમાં રાખનાર ન હોય) તો સૃષ્ટિ થાય નહિ, એવો અર્થ છે.

'સાક્ષાત્ ભગવાને કહ્યું (આજ્ઞા કરી) નથી, તેથી દેવો (તે પ્રમાણે) કરશે નહિ' એવી શંકા થાય, તેથી 'વિભુ' શબ્દ યોજેલ છે. બ્રહ્મા પોતે જ દેવાને આજ્ઞા કરવા શક્તિમાન છે. આ વૃત્તાંતથી જ (બ્રહ્માએ દેવોને ઉપર જણાવ્યા પ્રમાણે કહ્યું તેથી જ) ભૂમિ કૃતાર્થ થઈ, છતાં વાણીઓથી પણ તેને આશ્વાસન આપીને (બ્રહ્મા) સત્યલોક નામના ધામે ગયા. 'વાણીઓથી'[૨] શબ્દથી એમ જણાય છે કે (બ્રહ્માએ) ભૂમિની પ્રશંસાના ઘણાં વાક્યો કહેલાં. ભૂમિ ઉપર ભગવાન્ પધારે એવું પહેલાં સંભવતું ન હતું[૩], અને હવે તેવું થયું (ભગવાન્ પધારશે એવી ખાત્રી

---

૧. 'બધા દેવો ભગવાનના સેવકો છે અને ભગવાનની આજ્ઞાથી અવતાર લેવાના છે. બ્રહ્મા પણ ભગવાનના સેવક છે છતાં તે કેમ અવતાર નહિ લે ?' એવી શંકા દૂર કરવા આ કહેલ છે. સર્વ પ્રજાપતિઓને નિયમમાં રાખી તેમની મારફત સૃષ્ટિ કરાવવા માટે બ્રહ્મા (પોતાના અધિકાર ઉપર જ રહે અને) અવતાર લે નહિ, તે યોગ્ય હોવાથી, ભગવાને તેમને અવતાર લેવરાવ્યો નથી એમ જાણવું. તેમ ન હોત (અને ભગવાને બ્રહ્માને અવતાર લેવાની આજ્ઞા કરી હોત) તો બ્રહ્મા પણ અવતાર લેત, કારણ કે ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન થઈ શકતું નથી. પણ તેમ થાય તો પ્રજા સ્વચ્છંદ થઈ જવાથી સૃષ્ટિનું કાર્ય આગળ ચાલે નહિ, (તેથી બ્રહ્માને અવતાર લેવાની આજ્ઞા કરી ન હતી). (યો)

૨. 'વાણીઓથી' શબ્દ બહુવચનમાં યોજેલ હોવાથી, બ્રહ્માએ પ્રશંસાનાં ઘણાં વાક્યો કહેલાં, એવો અર્થ છે.

૩. પહેલાં તો અંશ અને કલાના જ અવતારો થએલા, (તેથી ભગવાન્ (પોતે) અવતાર લે, તેવું સંભવતું ન હતું). (લે)

થઈ). તેથી તેના ભાગ્યની (બ્રહ્મા) પ્રશંસા કરે તે યોગ્ય છે, તેથી (તેમણે પ્રશંસાના ઘણાં વાકયો કહેલાં). ૨૬.

એ પ્રમાણે ભૂમિનું સાંત્વન કહી, દેવકીનું સાંત્વન કહેવા માટે, પ્રથમ તેને દુઃખ[1] પ્રાપ્ત કરાવવાનો ઉપાય નીચેના શ્લોકથી દશ શ્લોકોથી કહે છે :

**શૂરસેનો યદુપતિર્મથુરામાવસન્ પુરીમ્ ।।**
**માથુરાન્ શૂરસેનાંશ્ચ વિષયાન્ બુભુજે પુરા ।।૨૭।।**

પહેલાંના સમયમાં યદુઓનો પતિ શૂરસેન મથુરા નગરીમાં રહેતાં (રહીને) માથુર અને શૂરસેન દેશોને ભોગવતો હતો. ૨૭.

સહસ્રાર્જુનના પુત્રોમાંથી (પરશુરામ સાથેના યુદ્ધ પછી) જે પાંચ પુત્રો બાકી રહેલા, તેઓમાંનો બીજો શૂરસેન હતો. (જૂઓ ૯।૨૩।૨૭). યાદવોએ રાજ્ય લેવું (કરવું) નહિ એમ યયાતિએ ઠરાવેલું (જૂઓ ૧૦।૪૨।૧૩). ત્યારથી તેઓમાં બલથી જ રાજ્ય પ્રાપ્ત થતું, કારણ કે ભગવાનના અંશરૂપ બલવાન થાય તે રાજા થતો. તે પૈકી ભગવાનના અંશરૂપ સહસ્રાર્જુન બલથી રાજા થયો. તેણે પોતાના જીવતાં જ માથુર અને શૂરસેન નામનાં બે મંડલો શૂરસેનને આપ્યાં. સર્વથી મોટો તો માહિષ્મતીમાં જ (રહેતો હતો).

**સર્વોત્કર્ષે તુ યદ્દુઃખં તદ્દુઃખં સ્વલ્પકે સ્મૃતમ્ ।। કા.૪૫।। ।।**

સર્વ (પ્રકારની) મોટાઈ[2] હોય ત્યારે જે દુઃખ થાય તે દુઃખ સ્વલ્પ[3]

---

૧. 'આ અધ્યાયનો અર્થ દુઃખ છે. તેથી સાંત્વન દુઃખનું અંગ છે એમ કહેવું યોગ્ય છે, પણ દુઃખ સાંત્વનનું અંગ છે એમ કહેવું યોગ્ય નથી; છતાં અહિં દુઃખને સાંત્વનનું અંગ કેમ કહેલ છે ?' એવી શંકા થાય તો જાણવું કે અધ્યાયના અર્થરૂપ દુઃખ આ અધ્યાયના ૬૬મા શ્લોકમાં કહેલ છે. તે દુઃખ પ્રાપ્ત કરાવવાનો ઉપાય અહિં કહેલ છે. તેથી દુઃખ સાંત્વનનું અંગ નથી, પણ આ ઉપાય જ સાંત્વનનું અંગ છે. સાંત્વન કહેવામાં આવે તે માટે આ ઉપાય કહેવામાં આવે છે. આ સાંત્વન થયા પછી અવતારના કારણરૂપ અધ્યાયના અર્થરૂપ મોટું દુઃખ કહેવામાં આવશે. તે દુઃખ અવતારનું અંગ છે અને અવતાર નિરોધનું અંગ છે; અને નિરોધ આનંદરૂપ હરિની લીલા છે. તેથી દુઃખ પ્રાપ્ત કરાવવાનો ઉપાય આકાશવાણી છે. તે નજીવી છે એમ જણાવવા પહેલાં સાત શ્લોકો કહેવામાં આવે છે. (આઠમામાં આકાશવાણી કહેવામાં આવશે). નવમામાં આકાશવાણીનું કાર્ય કહેવામાં આવશે, અને દશમામાં સાંત્વનનો આરંભ કહેવાશે. (લે)

૨. ''અહિં દેવકીજીને દુઃખ પ્રાપ્ત કરાવવાનો ઉપાય જ કહેવાનો છે. 'વિવાહ કરીને ઘેર જતી વખતે એવી આકાશવાણી થઈ' એટલું જ કહેવાથી તે ઉપાય કહેવાઈ જાય. તેથી દેશ, કાલ વિગેરેથી (દેવકીની) મોટાઈ નકામી વર્ણવેલી છે'' એવી શંકા થાય, તેથી તેનું (મોટાઈ વર્ણવવાનું) તાત્પર્ય અહિં કહેલ છે. દેવકીજી ભગવાનના આવિર્ભાવનું સ્થાન છે. તેથી જેમ વસુદેવના જન્મ સમયે નગારાં અને દુંદુભિ વાગ્યાં અને તેમની મોટાઈ લોકમાં બધે

(કારણ)થી થએલું જણાવેલ છે.

અથવા

સર્વ (પ્રકારની) મોટાઈ હોય ત્યારે નજીવા કારણથી જે દુઃખ થાય તે પણ (ઘણું) દુઃખ થઈ પડે છે. કા.૪૫।।.

**દેશતઃ કાલતશ્ચૈવ અવસ્થાતઃ સ્વતોઽન્યતઃ ।।કા.૪૬।।**
**દ્રવ્યતો માનતશ્ચેતિ સપ્તૈવ સુખદાઃ સ્મૃતાઃ।।**

દેશથી[૪] અને કાલથી, અવસ્થાથી, પોતાથી અને બીજાથી, દ્રવ્યથી અને માનથી, એવી રીતે સાત સુખ આપનાર ગણાએલાં છે[૫]. કા.૪૬।।.

**તથાભૂતા શબ્દવશાત્ પ્રાપ્તા દુઃખં તદા પતિઃ ।।કા.૪૭।।**
**પ્રતિક્રિયાં સમારેભે નવભિશ્ચ પ્રતિક્રિયા ।।**

તેવી (મોટાઈ પામેલી દેવકી) શબ્દ (આકાશવાણી)ને લીધે દુઃખ પામી ત્યારે પતિએ (વસુદેવે) ઉપાય કરવા માંડયો, અને નવ (શ્લોકો ૩૭ થી ૪૫)થી

---

જણાઈ, તેમ સ્ત્રીને પતિના ઘેર જ પુત્રની પ્રાપ્તિ થાય છે અને તેવું (પતિના ઘેર જવાનું) નિમિત્ત વિવાહ છે તેથી વિવાહ કરી, પતિના ઘેર જતી વખતે માતા દેવકીને સર્વ પ્રકારની મોટાઈ ભગવાન્ પ્રાપ્ત કરાવે છે. તે સમયે તેમને જે દુઃખ થયું તે ભગવાન્ (જરા પણ) પ્રયાસ વિના દૂર કરી શકે તેવા નજીવા નિમિત્તથી થયું એમ શાસ્ત્રમાં- ભગવન્માર્ગમાં જણાવેલું છે, તેથી (એવા નિમિત્તથી થતા દુઃખની) અહિં કાંઈ પણ ચિંતા કરવા જેવું નથી એમ જણાવવા તે (મોટાઈ) વર્ણવેલી છે એવો અર્થ છે. (ટિ)

૩. 'સ્વલ્પ' એટલે 'સારી રીતે અલ્પ, ઘણું નાનું, જાણી ન શકાય તેવું' એવો અર્થ છે. તેવું કારણ થતાં દુઃખ થાય છે એવો અર્થ છે. ભક્તને દુઃખ થયા વિના ભગવાનનો આવિર્ભાવ થતો નથી. તેથી ભગવાનના આવિર્ભાવ માટે દુઃખ કહેલું છે એવું તાત્પર્ય જાણવું. (ટિ)

અથવા સર્વ રીતે મોટાઈ પામેલને જરા પણ અપમાન થતાં ઘણું દુઃખ થાય છે, તેથી દેવકીને ઘણું દુઃખ થયું એમ કહેવા તેમની સર્વ પ્રકારથી મોટાઈનું વર્ણન કરેલું છે. ઉપર નોટ ત્રીજીમાં ટિપ્પણીમાં 'ભક્તને દુઃખ થયા વિના ભગવાનનો આવિર્ભાવ થતો નથી તેથી તે માટે તે કહેલું છે' વાક્યથી આ જ અર્થ કહેલ છે. (કા)

૪. '' 'સાત જ સુખ આપનાર છે.' એમ કહેવાથી એક અથવા બે પણ સુખ આપનાર થાય છે. તેથી (સુખ આપનાર સાત હોવાં જોઈએ) એવો નિયમ નથી'' એવી શંકા થાય તેથી સુખ આપનાર નિમિત્તો તેટલાં હતાં એમ જણાવવા તેમને અહિં ગણાવેલાં છે. અથવા '' 'તસ્' પ્રત્યય સર્વ વિભક્તિમાં યોજાય છે, એમ કેટલાક કહે છે'' એ વાક્ય પ્રમાણે અહિં પહેલી વિભક્તિમાં તે યોજાએલ ગણવો. (તેથી દેશ કાલ વિગેરે સાત સુખ આપનાર છે એવો અર્થ થાય છે. તેઓ માત્ર સુખનાં નિમિત્ત નથી, પણ સુખ આપનાર જ છે એવો અર્થ થાય). (ટિ)

૫. આ શ્લોકમાં દેશથી ઉત્કર્ષ કહેલ છે, ૨૮મા શ્લોકમાં કાલથી, ૨૯માના પૂર્વાર્ધથી અવસ્થાથી અને ઉત્તરાર્ધથી પોતાથી, ૩૦મામાં બીજાથી, ૩૧ અને ૩૨મામાં દ્રવ્યથી, અને ૩૩મા શ્લોકમાં માનથી મોટાઈ કહેલી છે. (લે+કા)

ઉપાય (કહેલો છે.) કા.૪૭॥.

તે પૈકી પ્રથમ આ શ્લોકમાં દેશથી થતી મોટાઈ કહેવામાં આવે છે. શત્રુઘ્ને વસાવેલી મથુરાનગરીમાં ત્યાંના આનંદનો અનુભવ કરીને પહેલાં શૂરસેને રહેઠાણ કરેલું. તે યદુઓનો પતિ એટલે યાદવોનો રાજા હતો. તેના (શૂરસેનના) નામથી પ્રસિદ્ધ થએલ શૂરસેન દેશને પણ તજીને, મથુરામાં જ રહેતાં (રહીને), (તે) બંને દેશોને ભોગવતો હતો. આથી એમ કહેલું છે કે મથુરા યાદવોનો સ્વદેશ હતો. (કારણ કે મથુરા યાદવોનો સ્વદેશ ન હોત તો શૂરસેન પોતાના નામથી પ્રસિદ્ધ થએલ શૂરસેન દેશને તજી મથુરામાં રહેતો ન હોત). ૨૭.

કાલના ભેદથી (સમય જતાં) પણ તે (મથુરા) મોટી નગરી થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**રાજધાની તતઃ સાભૂત્ સર્વયાદવભૂભુજામ્ ॥**
**મથુરા ભગવાન્ યત્ર નિત્યં સન્નિહિતો હરિઃ ॥૨૮॥**

ત્યારથી મથુરા જ્યાં ભગવાન્ હરિ નિત્ય વિરાજે છે તે સર્વ યાદવ રાજાઓની રાજધાની થઈ. ૨૮.

ત્યારથી (શૂરસેન ત્યાં રહેવા લાગ્યો ત્યારથી) કંસ સુધીના પોતાના બલથી ખંડીઆ પ્રાંતોના અધિપતિ જેટલા રાજાઓ થયા તે બધાને ત્યાં અત્યંત સુખનો અનુભવ થવાથી, મથુરા જ રાજધાની થઈ. ત્યારથી એટલે શૂરસેનથી આરંભી, સર્વે અને તે યાદવ રાજાઓ એટલે સર્વ યાદવ રાજાઓ (હતા). રાજા 'ધીયતે' એટલે પ્રસન્ન થાય છે જ્યાં તે રાજધાની, અથવા રાજાને 'નિધીયતે' પટ્ટાભિષેક કરવામાં આવે છે જ્યાં તે રાજધાની. આથી એમ કહેલું છે કે રાજલક્ષ્મીનું ત્યાં નિત્ય (સદાનું) સ્થાન હતું. ત્યાં રહેનારાઓને આનંદ થતો તેનું કારણ 'જ્યાં ભગવાન્ નિત્ય વિરાજે છે.' શબ્દોથી કહેલું છે.

**સર્વતત્ત્વેષુ યો વિષ્ટઃ સ ભૂમાવપિ સઙ્ગતઃ ॥કા.૪૮॥**
**સ નિત્યં ક્વચિદેવાસ્તિ તત્સ્થાનં મથુરા સ્મૃતા॥**

જેમણે સર્વ તત્ત્વોમાં પ્રવેશ કરેલો છે તે ભૂમિમાં પણ પધારેલા છે. તે કોઈક જ સ્થલે સદા હોય છે. તે સ્થાન મથુરા કહેવાય છે.[૧] કા.૪૮॥.

૧. 'તેવીસ તત્ત્વોનાં સમૂહમાં એક સાથે પ્રવેશ કર્યો' વાક્ય પ્રમાણે ભગવાને બીજાં તત્ત્વો સાથે ભૂમિમાં પણ પ્રવેશ કરેલ. તે (ભૂમિ ઉપર) કોઈક જ સ્થલે સદા રહે છે, અને તે સ્થાન મથુરા છે. જેમ જીવ દેહમાં પ્રવેશ કરે છે પણ હૃદયમાં જ રહે છે, તેમ ભગવાને ભૂમિમાં પ્રવેશ કર્યો પણ સદા મથુરામાં રહે છે. એટલે કારણરૂપે ભૂમિ ઉપર બધે છે, પરંતુ પ્રવેશ કરીને માત્ર મથુરામાં જ રહે છે એવો અર્થ છે. (કા)

**તત્ર સ્થિત્વા દ્વયં ચક્રે સર્વેષાં સકલં હિતમ્ ।।કા.૪૯।।**
**સર્વદુઃખનિવૃત્તિં ચ તત્ર ચેદ્દુઃખસમ્ભવઃ।।**
**પ્રતીકારાઃ સર્વ એવ મર્યાદામાર્ગસમ્ભવાઃ।।કા.૫૦।।**
**વ્યર્થા જાતાઃ સર્વથેતિજ્ઞાપનાર્થં નિરૂપિતમ્ ।।**

ત્યાં રહીને તેમણે બે કાર્યો કર્યાં. (૧) સર્વનું સઘળું હિત[2] અને (૨) સર્વ દુઃખને મટાડાવું[3] તે. ત્યાં જો દુઃખ ઉત્પન્ન થાય[4] તો મર્યાદામાર્ગથી ઉત્પન્ન થતા બધાએ ઉપાયો સર્વ રીતે નકામા થાય છે, એમ જણાવવા (ભગવાનની સન્નિધિનું) નિરૂપણ કરેલું છે. કા.૫૦।।.

શ્રીરંગ[5] વિગેરેમાં પણ બ્રહ્માંડ જેમનો વિગ્રહ છે[6] તેવા નારાયણ રહે છે.

**દેશકાલાદિમધ્યસ્થઃ ષડઙ્ગત્વં ય આગતઃ ।।કા.૫૧।।**
**સોઽન્યત્ર સર્વદેશેષુ શાલગ્રામાદિષુ સ્થિતઃ ।।**

જે દેશ[7] કાલ વિગેરેની અંદર રહેલા છના[7] અંગરૂપ થાય છે તે બીજે સર્વ દેશોમાં શાલગ્રામ વિગેરેમાં રહે છે. કા.૫૧।।. ૨૮.

નીચેના શ્લોકમાં તેની (દેવકીજીની) અવસ્થાથી મોટાઈ કહે છેઃ

---

જેમ અંતર્યામી દેહમાં પ્રવેશ કરી પછી અંતઃકરણમાં જ રહે છે તેમ ભગવાન્ ભૂમિ ઉપર સર્વત્ર અંતર્યામિરૂપે રહેલ હોવા છતાં મથુરામાં જ પ્રકટ રહે છે એવો ભાવ છે. (યો)

૨. આ 'ભગવાન્' શબ્દનો અર્થ છે. (લે+કા)    ૩. આ 'હરિ' શબ્દનો અર્થ છે. (લે+કા)

૪. 'દુઃખસંભવઃ' એટલે દુઃખનો સંભવ (ઉત્પત્તિ) છે જેમાંથી તેવો ભગવાનનો તિરોભાવ એવા સ્થલમાં પણ થાય છે. (લે)

૫. 'શ્રીરંગ વિગેરે દેશોમાં પણ ભગવાનની સન્નિધિ હોય છે. તેથી મથુરામાં શું વિશેષ છે ?' એવી શંકા થાય, તેથી અહિં છેલ્લી કારિકા કહેલી છે. શ્રીરંગ વિગેરેમાં દેશ, કાલ વિગેરે છ ધર્મોનાં સાધન છે તેમના અંગભૂત રહે છે. અહિં પ્રધાનતાથી ભગવાન્ રહે છે. પ્રધાનતાથી રહેતા ભગવાનથી પણ સુખ ન થાય તો અંગભૂતથી સુખ કેમ થઈ શકે ? એમ જણાવવા આ કહેલ છે. (પ્ર)

૬. 'બ્રહ્માંડ વિગ્રહ છે જેમનો તેવા' એટલે 'પ્રથમ અચેતન બ્રહ્માંડમાં આવેશ કરેલા' એવો અર્થ છે. (લે)

૭....૭. ''ત્યારે 'મથુરા' સિવાયના દેશોમાં (ભગવાન્ રહેતા નહિ હોવાથી ત્યાં) ભગવાનની પૂજા વિગેરે થતાં નહિ હોય' એવી શંકા થવાથી, ત્યાં કેવી રીતે તે થાય છે તે આ છેલ્લી કારિકામાં જણાવે છે. દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ, એ ધર્મનાં છ અંગરૂપ જે ભગવાન્ છે તે શાલગ્રામ વિગેરેમાં રહે છે. શ્રીરંગ વિગેરે દેશ, એકાદશી વિગેરે કાલ, તુલસી વિગેરે દ્રવ્ય, શમ વિગેરે ગુણોવાળા કર્તા, ગોપાલમંત્ર વિગેરે મંત્રો, અને પૂજા વિગેરે કર્મોમાં તે તે રૂપ થઈ ભગવાન્ રહે છે એમ કહેલ છે. (લે)

**તસ્યાં તુ કર્હિચિચ્છૌરિર્વસુદેવઃ કૃતોદ્વહઃ ।।**
**દેવક્યા સૂર્યયા સાર્ધં પ્રયાણે રથમારુહત્ ।।૨૯।।**

તેમાં કોઈક સમયે લગ્ન કરેલા શૌરિ વસુદેવ તરતનાં પરણેલાં દેવકીજીની સાથે પ્રયાણ કરવા (પોતાના ઘેર પત્ની સહિત જવા) રથમાં બેઠા. ૨૯.

ભગવાને મથુરામાં કરેલું સુખ દૂર થાય છે અને તે દુઃખમાં પરિણમે છે, એમ જણાવવા 'તુ' 'તો' શબ્દ યોજેલો છે; અથવા પોતાનો અવતાર કરવા માટે ભગવાને સર્વ અંશોને સર્વ સ્થલેથી ખેંચી લીધા[1] એમ જણાવવા 'તુ' 'તો' શબ્દ યોજેલો છે. 'કર્હિચિત્' એટલે કોઈક સમયે અથવા પહેલાં કહેલા[2] સમયે. સારું મુહૂર્ત વિગેરે તે સમયે ન હતાં, એમ જણાવવા 'કોઈક સમયે' કહેલું છે. શૌરિ એટલે વસુદેવ, શૂરના પુત્ર. બીજા પણ વસુદેવો હતા, તેથી પિતા શૂરના નામથી (શૌરિ કહી) તેઓનો નિષેધ કરેલો છે. (તેઓની વાત કરતા નથી એમ જણાવેલ છે). વસુદેવને પણ ઘણાં ભાઈઓ હતા(તે બધા શૂરના પુત્ર હોઈ 'શૌરિ' કહેવાય) તેથી 'વસુદેવ' શબ્દ યોજેલો છે. કરેલું છે 'ઉદ્વહઃ' એટલે ઉદ્વાહ(લગ્ન) જેણે તેવા વસુદેવ તરતનાં પરણેલાં દેવકીજીની સાથે પોતાને ઘેર જવાને માટે સસરાએ આપેલા રથમાં બેઠા. લગ્નના ઉત્સવનો સમય, અને પતિની સન્નિધિ (હાજરી) એ સ્ત્રીની ઉત્તમ અવસ્થા છે. 'તરતનાં પરણેલાં દેવકીજી' શબ્દોથી તેમની પોતાથી મોટાઈ કહેલી છે. પતિનું પ્રધાનપણું[3] પણ પતિવ્રતાની મોટાઈનું કારણ છે. ૨૯.

જો કે દેવક સર્વથી મોટો હતો (જુઓ ૯।૨૪।૨૧) તો પણ મર્યાદાથી રાજ્ય (પ્રાપ્ત) થતું ન હતું[4] તેથી ઉગ્રસેન જ રાજા હતો, અથવા કંસ જ (રાજા

---

૧. પહેલાં (ભગવાન્ મથુરામાં રહેતા તે) પ્રમાણે ભગવાનની સન્નિધિ હોય તો ભક્તને દુઃખ થાય નહિ અને તેથી ભગવાનનો અવતાર થાય નહિ. તેથી પોતાનો અવતાર થાય તે માટે ભગવાને પોતાની સન્નિધિ મટાડી દીધી. હવે પછી ત્યાં પોતાની સન્નિધિ રાખવાનું પ્રયોજન નહિ હોવાથી ભગવાને તે પોતામાં લીન કરી એવો અર્થ છે. (ટિ)

૨. 'પહેલાં કહેલા સમયે' એટલે 'જે સમયે ભગવાને પોતાનો અવતાર કરવા સર્વે અંશોને ખેંચી લીધા તે સમયે' એવો અર્થ છે. (પ્ર) 'કોઈક સમયે'નો બીજો અર્થ કરવામાં આવે ત્યારે 'તુ' 'તો' શબ્દનો અન્વય તેની (કોઈક સમયેની)સાથે લેવાનો છે, એમ જણાવવા આ કહેલ છે. (લે)

૩. 'વસુદેવ દેવકીજી સાથે રથમાં બેઠા' વાક્યમાં 'વસુદેવ' કર્તા હોવાથી પ્રધાન છે. તેથી પ્રધાનપણું દેવકીજીમાં નથી પરંતુ વસુદેવમાં છે. પણ પતિનું પ્રધાનપણું એ જ પતિવ્રતાની મોટાઈ છે, તેથી પ્રધાનપણું વસુદેવનું કહેલ હોવા છતાં તેથી દેવકીજીની જ મોટાઈ કહેવાઈ છે એવો ભાવ છે.

૪. જે મોટો પુત્ર હોય તે રાજા થાય એ મર્યાદા. યયાતિએ યદુને રાજ્ય ન આપ્યું. અને નાના

હતો). લોકમાં મુખ્ય તરીકે પ્રસિદ્ધ હોય તે જ વ્યવહારમાં સંબંધનું કારણ (સંબંધ એટલે લગ્ન કરાવનાર) થાય છે. તેથી કંસ ઉગ્રસેનનો પુત્ર હોવા છતાં (તે રાજા એટલે મુખ્ય હોઈ) તેણે દેવકની પુત્રી દેવકીજીના ભાઈનું કાર્ય કર્યું એમ કહે છેઃ

**ઉગ્રસેનસુતઃ કંસઃ સ્વસુઃ પ્રિયચિકીર્ષયા ।।**
**રશ્મીન્ હયાનાં જગ્રાહ રૌક્મૈ રથશતૈર્વૃતઃ ।।૩૦।।**

સોનાના સેંકડો રથોથી વીંટાએલા ઉગ્રસેનના પુત્ર કંસે બેનનું પ્રિય કરવાની ઈચ્છાથી અશ્વોની લગામ પકડી. ૩૦.

બેન દેવકીનું સન્માનરૂપ પ્રિય કરવાની ઈચ્છાથી કંસે પોતે અશ્વોની રશ્મિ એટલે લગામ પકડી; (એટલે તે) સારથિ થયો એવો અર્થ છે. કંસ કેવલ (એકલો) તેમ કરે તેથી પ્રતિષ્ઠા(સન્માન) થાય નહિ, તેથી તેનું વિશેષણ 'સોનાના એટલે સોનાના પરિકર(સામાન)વાળા સેંકડો રથોથી એટલે રથના ઘણા સેંકડાઓથી વીંટાએલો' એમ કહેલું છે. આથી એમ કહેલું છે કે કંસે વસુદેવને જ મુખ્ય રાજા બનાવ્યો, અને પોતે(કંસે) પણ તેના દાસની સ્થિતિ લીધી. એવું ( તેમનું) ઘણું સન્માન કર્યું. આ બીજાથી થએલ મોટાઈ (કહી છે). ૩૦.

પિતાએ દ્રવ્યથી કરેલી તેમની (દેવકીજીની) મોટાઈ બે શ્લાકોથી કહે છે :

**ચતુઃશતં પારિબર્હં ગજાનાં હેમમાલિનામ્ ।।**
**અશ્વાનામયુતં સાર્ધં રથાનાં ચ ત્રિષટ્શતમ્ ।।૩૧।।**
**દાસીનાં સુકુમારીણાં દ્વે શતે સમલંકૃતે ।।**
**દુહિત્રે દેવકઃ પ્રાદાત્ યાનૈર્દુહિતૃવત્સલઃ ।।૩૨।।**

સોનાની માલાવાળા ચારસો હાથીઓ, પંદર હજાર અશ્વો, એક હજાર અને આઠસો રથો, અને પાલખીઓ સહિત સુકુમાર સારી રીતે શણગારેલી બસો દાસીઓ પુત્રી પર પ્રેમ રાખનાર દેવકે પુત્રીને દાયજા (તરીકે) આપ્યાં. ૩૧-૩૨.

વહૂવરને સંતોષ થાય તે માટે વિવાહ સમયે ક્ષત્રિયો ચાર અંગવાળી સેના[1] દાયજા તરીકે આપે છે. તે પૈકી પાયદળને ઠેકાણે (બદલે) કન્યાને આનંદ થાય તે માટે (દેવકે) દાસીઓ આપી. સોનાની માલાઓ જેમને છે તેવા (ચારસો) હાથીઓ, પંદર હજાર અશ્વો, ત્રણવાર છસો એટલે અઢારસો રથો (દેવકે આપ્યા). ૩૧.

દાસીઓ સખીઓ હતી એમ જણાવવા (તેમને) સુકુમાર અને સારી રીતે

---

પૂરુને આપ્યું ત્યારથી એ મર્યાદા યાદવોમાં ન રહી. જે બલવાન હોય તે રાજા થવા મંડ્યો. જૂઓ પાછલ શ્લોક ૨૭નાં સુબોધિનીજી.

૧. 'ચાર અંગવાળી સેના' એટલે (૧) હાથી, (૨) અશ્વો, (૩) રથો અને (૪) પાયદળ.

શણગારેલી કહેલી છે. દાસીઓ માત્ર કન્યા (દેવકીજી)ને આપેલી, તેમના પતિને આપી ન હતી, તેથી તે (પતિ, વસુદેવ) તેઓનો પોતાની ઈચ્છા પ્રમાણે ઉપયોગ કરી શકે તેમ ન હતું.

'દેવકીના જ વિવાહ સમયે એટલું (બધું) કેમ આપ્યું?' તેવી શંકા થાય, તેથી 'દેવક' શબ્દ યોજેલ છે. આ સંપૂર્ણ દેવ, (એટલે) ભગવાન્ આ (દેવકીજી)માં અવતાર લેશે એવા જ્ઞાનવાળો (હતો). તે દાસીઓ પણ વાહનો એટલે પાલખીઓ સહિત (આપી). તેમને (દાસીઓને) પણ તેવી (પાલખીમાં બેસાડેલી) કરવાનું કારણ 'પુત્રી પર પ્રેમ રાખનાર' શબ્દથી કહેલું છે. (તેણે તેમ કર્યું) કારણ કે તે પુત્રીઓ ઉપર પ્રેમવાળો હતો; (તેથી) તેઓ પણ કન્યાઓ (પુત્રીઓ જેવી) હોવાથી, અથવા દેવકીના વચન (કહેવા)થી તેણે તેમ કર્યું (તેમને પાલખીઓ સાથે, પાલખીઓમાં બેસાડીને આપી) એવો અર્થ છે. ૩૨.

સન્માન (માનથી મોટાઈ) થયું, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**શઙ્ખતૂર્યમૃદઙ્ગાનિ નેદુર્દુન્દુભયઃ સમમ્ ।।**
**પ્રયાણપ્રક્રમે તાવદ્વરવધ્વોઃ સુમઙ્ગલમ્ ।।૩૩।।**

વર અને વહૂને (ઘેર) જવા (નીકળવા)નો આરંભ થયો ત્યારે સારી રીતે મંગલ થાય તેમ શંખ, તૂરી, મૃદંગ અને દુન્દુભિઓ એક સાથે વાગ્યાં. ૩૩.

શંખ મુખવાદ્ય (મુખથી વગાડવાનું વાજીંત્ર) છે. તૂરી અને મૃદંગો હાથનાં વાજીંત્રો છે. દુંદુભિઓ દંડના (દંડથી વગાડવાનાં) વાજીંત્ર છે. (તે બધાં) સાથે એટલે એક સમયે (વાગ્યાં). આ (વાજીંત્રોનું વાગવું) નિમિત્તને લીધે થએલ એમ 'જવાનો આરંભ' શબ્દથી જણાવેલ છે. વર અને વહૂને જે પ્રકારે સારી રીતે મંગલ થાય તેમ વાગ્યાં. પરિણામ ઉત્તમ હોવાથી, આથી (વાજીંત્રો મંગલ થાય તેમ વાગવાથી) શકુન પણ કહેલું છે. ૩૩.

અહિં[૧] કાલ વિઘ્ન કરનાર થયો એમ કહેવાને માટે, તેનો[૨] આધિભૌતિક કાલનેમિ કંસમાં પ્રવેશ કરીને રહેતો હોવાથી, તેનો પ્રાદુર્ભાવ થાય તે માટે તેની સરસાઈ સહન નહિ કરનાર તેને અનુકૂલ દેવતાની એકાએક

૧. 'અહિં', 'તેને', 'તેની' શબ્દો કંસ માટે યોજાએલા છે. જૂઓ પાછલ કારિકા ૪૦ ઉપરનાં ટિપ્પણી નોટ ૨૨.

૨. 'તેનો' એટલે 'કાલનો'. કાલ સર્વનો સંબંધી હોવાથી, તેને (સર્વના) ગુણ તથા દોષનો સંબંધ થાય છે, એટલે તે ગુણવાળો અથવા દોષવાળો થાય છે. તેમાં દુષ્ટ કાલનો આધિભૌતિક કાલનેમિ છે. 'કાલનેમિ' નામ જ કાલનેમિ કાલનું આધિભૌતિકરૂપ છે એમ જણાવે છે. (યો)

વાણી થઈ[3] એમ નીચેના શ્લોકમાં કહે છે :

**પથિ પ્રગ્રહિણં કંસમાભાષ્યાહાશરીરવાક્ ।।**
**અસ્યાસ્ત્વામષ્ટમો ગર્ભો હન્તા યાં નયસેઽબુધ ।।૩૪।।**

(લગામ) પકડનાર કંસને સંબોધીને રસ્તામાં આકાશવાણીએ કહ્યું :- 'હે મૂર્ખ ! જેને તું લઈ જાય છે, તે આ (દેવકીજી)નો આઠમો ગર્ભ તને હણશે !'.૩૪.

રસ્તામાં ઘણી જ શોભા થઈ તેથી (આકાશવાણીએ) રસ્તામાં[4] જ કહ્યું, પરંતુ ઘેર[5] અથવા પહોંચ્યા પછી[6] પણ કહ્યું નહિ. આથી એમ જણાવેલું છે કે આ માર્ગમાં[7] આધિભૌતિક કાલ[8] વિઘ્ન કરનારો છે, (અને) તેનો ઉપાય કરવો જોઈએ. સર્વ પ્રકારે પકડનાર એટલે લગામ પકડનારને[9], સંબોધીને એટલે 'અરે કંસ ! અરે કંસ !' એમ (તે) સાવધાન થાય ત્યાં સુધી કહીને, 'અશરીરવાક્' એટલે આકાશવાણીએ (ઉત્તરાર્ધમાં જણાવેલ વાક્ય કહ્યું). શરીરમાંથી એટલે તાળવું તથા હોઠોના અથડાવાથી નીકળેલી (વાણી) તે ન હતી.[10] તેનું (તેણે કહ્યું તે) વાક્ય ઉત્તરાર્ધમાં કહેલું છે. 'આઠમો ગર્ભ' કહ્યો એટલે સંખ્યા (આઠમા)માં સંદેહ

---

૩. અશરીરવાણી હોવાથી, તેની મેળે વાણી થઈ, એમ કહેલ છે. (લે)

૪. 'રસ્તામાં જ' એટલે નીકળ્યા પહેલાં કંસને ઘેર, અથવા પહોંચ્યા પછી વસુદેવને ઘેર નહિ, એવો ભાવ છે. (લે)

૫. 'ઘેર' એટલે 'કંસને ઘેર' (વરઘોડો નીકળ્યા પહેલાં). (લે)

૬. 'પહોંચ્યા પછી' એટલે 'વસુદેવને ઘેર.' (લે)

૭. 'આ માર્ગમાં' એટલે 'ભગવાનની પ્રાપ્તિ કરાવનાર માર્ગમાં' એવો અર્થ છે.(ટિ)

૮. કાલના આધિભૌતિક દૈત્યો, હાલના યવનો છે. તેઓ આ માર્ગમાં વિઘ્ન કરે છે. એ વિઘ્નનો ઉપાય કરવો, પરંતુ તે વિઘ્ન દૂર કરવા ભગવાનની પ્રાર્થના કરવી નહિ, કારણ કે વસુદેવે ઉપાયથી જ વિઘ્ન દૂર કર્યું હતું, એવો ભાવ છે. (લે)

ભગવાનના પ્રાદુર્ભાવનું કારણ અને ભક્તિમાર્ગીય વિવાહ એ બંનેમાં સમાનપણું હોવાથી, તેના સંબંધવાળા માર્ગમાં કાલે વિઘ્ન કર્યું એમ કહેલ હોવાથી, ભક્તિમાર્ગમાં પણ કાલ વિઘ્ન કરે છે એમ જણાવેલું છે, એવા આશયથી આ કહેલું છે. (ટિ)

૯. પહેલાં શ્લોક ૩૦નાં સુબોધિનીજીમાં કહેલું છે કે કંસે પોતે દાસપણાનો સ્વીકાર કર્યો. તેથી અહિં તેને 'પ્રગ્રહી' કહેલ છે. ('પ્રગ્રહિન્' શબ્દનું પ્રથમાનું એકવચન પ્રગ્રહી છે. 'પ્રગ્રહ=લગામને 'ઈન્' પ્રત્યય લગાડી 'પ્રગ્રહિન્' શબ્દ થાય છે.) નિત્ય (કાયમનો) સંબંધ હોય ત્યાં 'ઈન્' પ્રત્યય છે. તેથી કંસે પોતે સારથિપણું (લગામ કાયમ માટે પકડનાર થઈ) સ્વીકાર્યું એવો અર્થ છે. (લે)

૧૦. તાળવું વિગેરેના અથડાવાથી શરીરમાંથી નીકળેલી વાણી ન હતી; પરંતુ તેમના અથડાયા વિના જ (દેવતાના) મુખના પોલાણમાંથી નીકળેલી વાણી હતી, એવો અર્થ છે. તેથી

નથી. (પણ) કન્યા કે પુત્ર એ ભેદ કહેલો નથી. (કારણ કે) ભગવાને વચમાં તેને (આકાશવાણીને) એવી પ્રેરણા કરેલી. તે (આઠમો ગર્ભ) બાલક[11] જ (બાલક હોય ત્યારે જ) તને હણશે. દાસીઓમાં અથવા (વરઘોડો) જોનારીઓમાંની (કોઈમાં ઉત્પન્ન થએલ ગર્ભ) એવી શંકા ન થાય તે માટે 'જેને તું લઈ જાય છે' એ શબ્દો યોજેલા છે.

'આ તો મારી બેન છે, તે એમ કરવા(મને હણવા) દેશે નહિ.' એમ કહીશ (માનીશ) નહિ, કારણ કે તું મૂર્ખ છે, એટલે કોઈનું પણ તત્ત્વ (વાસ્તવિક સ્થિતિ) જાણતો નથી, એવો અર્થ છે. કહેનાર (આકાશવાણી) હિત કરનારી છે, એમ જણાવવા 'હે મૂર્ખ !' એવું સંબોધન કરેલું છે.૩૪.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈત્યુક્તઃ સખલઃ પાપઃ ભોજાનાં કુલપાંસનઃ ||**
**ભગિનીં હન્તુમારબ્ધઃ ખડ્‌ગપાણિઃ કચેડગ્રહીત્ ||૩૫||**

એમ કહેવાએલા સખલ ભોજના કુલના કલંકરૂપ પ્રસિદ્ધ દુરાત્મા પાપીએ હાથમાં તલવાર લઈ બેનને હણવાનો પ્રારંભ કરી ચોટલાથી પકડી. ૩૫.

આકાશવાણીનો અભિપ્રાય તો 'તેને (દેવકીજીને) પોતાના (કંસના) ઘેર જ રાખવી અથવા કોઈ બીજા સમયે કોઈ ઉપાય કરવો' એવો હતો. કંસ તો એમ કહેવાએલો[1] તરત જ સખલ એટલે કાલનેમિ સહિત (કાલનેમિના આવેશવાળો) થયો. 'સ' એટલે તે પ્રસિદ્ધ દિગ્વિજય કરનારો પ્રકૃતિથી 'ખલઃ' દુરાત્મા હતો. તેણે બેનને હણવાને માટે હાથમાં તલવાર લઈ, કેશથી એટલે ચોટલાથી તેને પકડી.

'(તે એવું) મોટું પાપ કેમ કરશે ?' એવી શંકા થાય, તેથી 'પાપી' શબ્દ યોજેલ છે. સદા પાપ કરીને તે પાપાત્મા જ (પાપરૂપ જ) થયો હતો, તેથી તેને શાસ્ત્ર (એવું કામ કરવામાં) નડે તેમ ન હતું.[2] દુરાત્મા હોવાથી, લોક પણ નડે તેમ

---

શરીરમાંથી જે વાણી નીકળે છે તેથી જૂદી એટલે જૂદા પ્રકારની એ વાણી હતી એવો અર્થ છે. (લે)

૧૧. ગર્ભમાં રહેલ કોઈ હણી શકે નહિ, તેથી 'બાલક જ' કહેલ છે. (લે+યો).

૧. 'ત્યાર પછી' એટલું જ કહ્યું હોય તો પણ ચાલે તેમ હોવા છતાં, 'એમ કહેવાએલો' કહી પહેલાનું અનુસંધાન કરેલું છે, તેનું તાત્પર્ય ઉપર આકાશવાણીનો અભિપ્રાય જણાવી કહેલું છે. એટલે આકાશવાણી થઈ કે તરત જ તેણે હાથમાં તલવાર લઈ બેનને ચોટલાથી પકડી એમ જણાવવા, એવું અનુસંધાન કરેલું છે એવો ભાવ છે. (લે)

૨. સદા પાપ કરવાથી તેનું અંતઃકરણ દુષ્ટ થઈ ગયું હતું, તેથી શાસ્ત્ર તેને એવું કામ કરતાં રોકી

ન હતા. વંશજો (વંશમાં ઉત્પન્ન થએલા વડવાઓ) પણ તેને નડે તેમ ન હતા, એમ 'ભોજના કુલના કલંકરૂપ' શબ્દથી કહેલ છે. ભોજના વંશમાં જેઓ ઉત્પન્ન થએલા, તેમના કુલમાં મલરૂપ એટલે કલંકરૂપ તે હતો, એવો (અર્થ છે). કુલમાં કલંક ઉત્પન્ન કરવું (એ) તેનું સ્વરૂપ (હતું), તેથી કુલના વિચારથી પણ (તે બેનને હણવામાં) અટકતો ન હતો એવો ભાવ છે. કેશોને કાંઈ કરવાનું ન હતું[3] તેથી (તે શબ્દ) સાતમી (વિભક્તિમાં યોજેલો છે). તે (કંસ) તો બેનને જ હણવા કાલથી પ્રેરાયો, અથવા (તેણે તો બેનને જ હણવાનો) પ્રારંભ કર્યો. (તે) નાશી ન જાય તે માટે તેને પકડી. ૩૫.

વસુદેવ શૂરવીર હોવા છતાં (કોઈ તેમને મદદ કરનાર ન હતું) અને કંસનું બલ તે જાણતા હતા તેથી, અને તેનો (કંસનો) પોતાથી દોષ નથી એવો નિશ્ચય કરીને (થવાથી), (કંસને) શાંત કરવા તત્પર થયા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તં જુગુપ્સિતકર્માણં નૃશંસં નિરપત્રપમ્ ।।**
**વસુદેવો મહાભાગ ઉવાચ પરિસાન્ત્વયન્ ।।૩૬।।**

નિંદ્ય કર્મ કરનારા નિર્દય નિર્લજ્જ તેને સર્વ તરફથી શાંત કરતાં મહાભાગ્યવાળા વસુદેવે (નીચે પ્રમાણે) કહ્યું. ૩૬.

આ (વસુદેવ) સ્ત્રીના લોભથી તેમ (કંસને શાંત કરવાનો પ્રયાસ) કરતા ન હતા, પરંતુ (આ કાર્ય) અયોગ્ય છે (એમ જાણી) દયા આવવાથી (તેમ કરતા હતા[1]). '(તેમણે) તેને શાંત કરતાં કહ્યું' એવો (વાક્યનો) સંબંધ છે.

'લોકની લાજથી (કંસ) પોતે જ (બેનનો વધ) કરશે નહિ, એમ જાણી (વસુદેવ) શાંત કેમ ન રહ્યા ?' એવી શંકા થાય, તેથી કહે છે કે (તે કંસ) સદા નિંદ્ય જ કર્મ કરતો હતો તેથી તેમ (શાંત ન રહ્યા). 'પોતાની દયાથી (દેવકીજીને) મૂકી દેશે' એમ પણ (બને તેમ) ન હતું, કારણ કે (તે કંસ) 'નૃશંસ' એટલે નિર્દય હતો.

---

શકે તેમ ન હતું, એવો અર્થ છે. (લે)

૩. કંસે ચોટલો પકડ્યો, એટલે પકડવાની ક્રિયાનું કર્મ કેશો છે, છતાં કર્તા (કંસનું) તેમને પકડવાથી ઈચ્છેલું કાર્ય પતતું નથી, એમ જણાવવા 'કેશ' શબ્દને બીજી વિભક્તિમાં નહિ મૂકતાં સાતમી વિભક્તિમાં મુકેલ છે, એવો અર્થ છે. (ટિ)

૧. 'એ પ્રમાણે ઉલ્લંઘન કરનારને જ્ઞાન હિત કરનારું હોવાથી જ્ઞાનનો ઉપદેશ કરવો યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. વસુદેવને દેવકીજી તથા કંસ પ્રત્યે સરખી દષ્ટિ હતી. તેથી તે કંસનું અહિત કરવા એ પ્રમાણે કહેશે નહિ, પરંતુ (સ્ત્રીવધ) અયોગ્ય હોવાથી, વધ અટકાવવાના હેતુથી કહેશે. આ બંને (કંસનું હિત અને વધનું અટકવું) જ્ઞાનથી થાય તેમ હોવાથી, ઉપાય તરીકે જ્ઞાન(નો બોધ) કહેશે. (લે)

'દૈત્યોમાં પણ (તે) અધમ હોવાથી લાજથી પણ (બેનનો વધ, નહિ કરે' એમ પણ) ન હતું, કારણ કે જતી રહી છે લાજ જેની તેવો તે હતો. તે લાજ બીજાથી અપત્રપા[2] (કહેવાય છે).

(તે) વસુદેવ હોવાથી (સ્ત્રીના વધમાં) બેદરકાર રહી શકે તેમ ન હતા[3] (કારણ કે) સર્વ પ્રકારથી[4] (તેમને) છૂટાં કરાવવા શક્તિમાન હતા. વળી (તે) મહાભાગ્યવાળા હતા. તેમના જન્મ સમયે નગારાં અને દુંદુભિઓ વાગ્યાં હતા, તેથી તે મહાભાગ્યવાળા હતા. આકાશવાણી સાંભળીને અને આ (દેવકીજી) મરણ પામશે નહિ એવો નિશ્ચય કરીને, હરકોઈ રીતે (દેવકીજીને બચાવવાનો) ઉપાય કરવો જોઈએ; તેથી (કંસ) સામે યુદ્ધ વિગેરે ન કરતાં, કંસને સર્વ તરફથી શાંત કરતાં (એટલે), 'ઉભો રહે, ઉભો રહે, મારી વિજ્ઞપ્તિ સાંભળ' એમ કહેતાં, આકાશવાણીનું સમાધાન થાય (આકાશવાણીએ કહેલ કંસના મૃત્યુ સંબંધી શંકા તેને ન રહે) તે માટે, તેમણે (વસુદેવે) નીચે કહેવામાં આવશે તે પ્રમાણે કહ્યું. ૩૬.

આકાશવાણીએ જે કહ્યું તે મિથ્યા થાય નહિ, અને આ (કંસ) તેના (તેને મિથ્યા કરવાના) ઉપાય[1] માટે પ્રયત્ન કરે છે. તે વિષયમાં ક્રિયાથી (બેનને હણવાથી) ઉપાય થતો નથી. (પણ) જ્ઞાનથી જ ઉપાય થાય છે. તેથી પ્રાણો જેટલા[2] (નીચેના શ્લોકથી આરંભી) નવ શ્લોકોથી (વસુદેવ) તેને સર્વ તત્ત્વનો[3] ઉપદેશ કરે છેઃ

વસુદેવ કહે છે :

**શ્લાઘનીયગુણઃ શૂરૈર્ભવાન્ ભોજયશસ્કરઃ ।।**
**સ કથં ભગિનીં હન્યાત્ સ્ત્રિયમુદ્વાહપર્વણિ ।।૩૭।।**

આપ શૂરોએ પ્રશંસા કરવા યોગ્ય ગુણોવાળા અને ભોજોને યશ (પ્રાપ્ત) કરાવનાર છો. તે બેન સ્ત્રીને વિવાહના પ્રસંગે કેમ હણો ? ૩૭.

જો આ (કંસ) મૃત્યુના સંબંધમાં અભિમાન વિનાનો રહે તો ક્લેશ વિના કર્મ કરનારા ભગવાન્ તેને હણે નહિ. તેથી આ જેનો (નીચે) ઉપદેશ કરવામાં આવે

---

૨. 'લોકો મને જોશે' એવા વિચારથી લાજ થાય છે, અને 'લોકો મને જોઈને દુષ્ટ કહેશે' એવા વિચારથી અપત્રપા=લજ્જા થાય છે. એવો એ બેમાં ભેદ છે. (લે)

૩. 'ન યુક્તં યોગઃ યસ્ય સોઽયુક્તઃ' જેને યોગ એટલે સંબંધ નથી તે અયુક્ત. બેદરકારીમાં ('ઉપેક્ષાયામ્') સંબંધ વિનાના (વસુદેવ હતા); કારણ કે તે વિવેકવાળા હોવાથી, ગરીબડા માટે બેદરકારી રાખવી તે તેમને યોગ્ય ન હતું. તેથી હરકોઈ ઉપાયે દેવકીજીનું રક્ષણ કરવા પ્રયાસ કરે છે એવો ભાવ છે. (યો)

છે તે દેવને[૪] ગુહ્ય (છૂપું રાખવા યોગ્ય) હોવાથી, (તેમાં) નડતર તરીકે પરિણમ્યું[૫]. વસુદેવને પણ ભગવાને (એવી) પ્રેરણા કરેલી[૬] તેથી (તે) અધિકાર વિનાના (કંસ)ને કઅવસરે બોધ કરવા મંડ્યા; કારણ કે તે (કંસ) આકાશવાણીના પ્રમાણપણાને લીધે (દેવકીજીને) હણવા તત્પર થયો. જો તે (દેવકીજી) હણાઈ જાય તો આકાશવાણી અપ્રમાણ જ થાય[૭]. તેથી તેણે (કંસે) પણ (દેવકીજીને હણવા સિવાયનો) બીજો જ (પોતાનું મરણ અટકાવવાનો) ઉપાય વિચારવો જોઈએ. તેથી કઅવસરે પણ દયાથી વસુદેવે તેનું (કંસનું) હિત જ કહ્યું.

નવ પ્રકારે આ (દેવકીજીને હણવાનું) કરવા યોગ્ય (ન હતું). ૧.મોટા પુરુષે નિંદાએલ કર્મ કરવું યોગ્ય નથી. ૨.આ (કંસનું) મરણ અટકાવવાનો ઉપાય પણ નથી. ૩.વળી પહેલાંનો (મૃત્યુ પહેલાંનો) દેહ મલરૂપ હોવાથી ઉપાય કરવા

---

૪. 'સર્વ પ્રકારથી' એટલે 'શુદ્ધ સત્ત્વનું સ્વરૂપ હોવાથી જ્ઞાનના પ્રકારથી (જ્ઞાન આપીને) પણ' એવો અર્થ છે. (લે).

૧. 'ઉપાય' એટલે આકાશવાણીએ કંસનો વધ કહ્યો તે અટકાવવાનો ઉપાય. કંસ જે ઉપાય કરે છે તે (સાચો) ઉપાય નથી, પણ વસુદેવ કહે છે (તે સાચો ઉપાય છે). જો કંસ વસુદેવના કહેવા પ્રમાણે કરે તો તેનું મૃત્યુ અટકે જ એવો ભાવ છે. (લે)

૨. 'પ્રાણો જેટલા' એટલે 'પુરુષમાં નવ પ્રાણો છે' શ્રુતિ પ્રમાણે નવ. 'પ્રાણોથી મન અને મનથી જ્ઞાન' શ્રુતિ પ્રમાણે પ્રાણ જ્ઞાન ઉત્પન્ન કરનાર હોવાથી, જ્ઞાન ઉત્પન્ન કરે તેટલા શ્લોકોથી, એવો અર્થ છે. (લે)

૩. 'સર્વ તત્ત્વ' એટલે પારમાર્થિક અને લૌકિક સિદ્ધાંત. (લે)

૪. 'દેવને' એટલે 'ભગવાનને'. (લે)

૫. આ પેરામાં અહિં સુધીના ભાગથી કંસને વસુદેવે તત્ત્વનો ઉપદેશ કર્યો છતાં તેનું મરણ કેમ અટક્યું નહિ, તેનું કારણ કહેલું છે. વસુદેવે કંસની પ્રશંસા કરી તેથી તેને અભિમાન જ ઉત્પન્ન થયું અને તેથી તેણે જ્ઞાનરૂપ ઉપાય સ્વીકાર્યો નહિ. તેથી આ ઉપદેશથી અભિમાન ઉત્પન્ન થએલ હોવાથી, મરણ મટાડવા વસુદેવે જે ઉપદેશ કરેલો તે તેનું મરણ દૂર કરવામાં ઉલટો વિઘ્નરૂપ થયો. તેથી (નવ) શ્લોકો પ્રાણરૂપ હોવા છતાં કંસ જ્ઞાનનો અધિકારી નહિ હોવાથી, ભગવાને તેનામાં અભિમાન ઉત્પન્ન કર્યું અને તેથી તેનું મરણ થયું એમ સૂચવેલું છે. (લે)

૬. 'કંસ અધિકારી ન હતો તો વસુદેવે તેને બોધ કેમ કર્યો ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. (લે)

૭. કંસે વિચારવું જોઈતું હતું કે જો આકાશવાણી સાચી જ હોય તો દેવકીને હણવું નિરર્થક છે, કારણ કે તેને હણવાથી જ એ વાણી ખોટી પડે છે, સાચી રહેતી નથી. જો તે સાચી ન હોય તો દેવકીને હણવાનું પ્રયોજન નથી. તેથી દેવકીને હણવા સિવાય પોતાનું મૃત્યુ અટકાવવા બીજો ઉપાય તેણે પણ વિચારવો જોઈતો હતો, એવો ભાવાર્થ છે.

યોગ્ય પણ (ન હતો). ૪.નવો દેહ પ્રાપ્ત કરવો દુર્લભ પણ નથી. ૫.પહેલાંના દેહનો ત્યાગ કરવામાં કાંઈ પ્રયાસ પણ થતો નથી. ૬.વળી વાસ્તવિક રીતે દેહના અધ્યાસ વિના દેહી (જીવ)નો પોતાથી (પોતાની મેળે) જન્મ થતો નથી. ૭.દેહનો અધ્યાસ અજ્ઞાનને લીધે થતો હોવાથી, તે જ્ઞાનથી દૂર થાય છે. ૮. વળી જ્યાં સુધી તે (કંસ) બીજાનો દ્રોહ કરે નહિ ત્યાં સુધી તેને ભય થવાનો નથી, પણ જો (તું કંસ દેવકીજીનો) દ્રોહ કરીશ તો આકાશવાણી મિથ્યા થઈ ગએલી હોવાથી મારાથી[૮] અથવા મારી અંદર રહેલા ભગવાનથી[૯] તારું મરણ નક્કી થશે. ૯.વળી આ (દેવકીજીને હણવાનો) ઉપાય લોકના સ્વભાવથી વિરુદ્ધ છે. તે (આ નવ પ્રકારો) પૈકી પહેલો અને છેલ્લા બે લૌકિક છે અને વચલા છ પારમાર્થિક છે.

તે પૈકી પ્રથમ નિંદિત (કર્મ કરવું) તારે યોગ્ય નથી, એમ (આ શ્લોકમાં) કહે છે. જરાસંધ વિગેરે શૂરોએ પ્રશંસા કરવા યોગ્ય ગુણો છે જેના (તેવા આપ છો). શૂરાઓ યુદ્ધ જ ઈચ્છે છે, બીકણો જ મૃત્યુનો વિચાર કરે છે. તેથી આનો પુત્ર (મને) હણશે એવું સાંભળતાં શૂરોને ઉત્સાહ થવો જ યોગ્ય છે, પરંતુ પોતાના શૌર્યને નાશ કરનાર તેનો (જેનો પુત્ર મારનાર છે તેનો) ઘાત કરવો યોગ્ય નથી, કારણ કે 'દુઃખથી પ્રાપ્ત થાય તેવાં બે પ્રકારનાં મૃત્યુ અહિં ઈષ્ટ છે' એવું (શાસ્ત્રનું) વચન છે. આપ તો ક્ષત્રિયના ધર્મમાં પ્રવીણ હોવાથી સર્વ (આપની) પ્રશંસા કરે છે.

વળી 'ભોજોના વંશમાં આવો શૂરવીર થયો નથી' એમ આપ ભોજોને યશ (પ્રાપ્ત) કરાવનારા છો. તેથી આકાશવાણીનું વચન આપનાં ધર્મ અને કીર્તિને ઉત્પન્ન કરનાર (ઉત્તેજન આપનાર) હોવાથી, તે સાંભળીને (દેવકીજીનો) વધ કરવો યોગ્ય નથી.

વળી આપ (ઉપર બે વિશેષણોથી જણાવેલા) યશ અને ધર્મવાળો (પુરુષ) દયાપાત્ર બેન, જેને માટે લોકો પોતે મરણ પામે છે તેને કેમ હણે ? વળી

---

૮. '' 'આનો પુત્ર તને મારશે' એમ આકાશવાણીએ કહેલ છે. તેથી હું દેવકીનો દ્રોહ કરી તેને હણું તો પછી તેના પુત્ર સિવાય બીજો કોઈ મને કેમ હણી શકે ?'' એવી શંકા થાય તેથી કહે છે કે દેવકીને તું હણ તેથી જ આકાશવાણી તો મિથ્યા થઈ ગઈ. (લે) (છતાં આકાશવાણી પ્રમાણ માની, બીજો કોઈ મને હણી શકે નહિ એમ તું કેમ માને છે ?) 'આકાશવાણ્યા મિથ્યાત્વાત્' પાઠ વૃંદાવન પ્રેસવાળા ગ્રંથમાં છે. લેખકારને પણ તે સંમત છે, તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

૯. 'મારા અંદર રહેલા ભગવાનથી' એટલે 'મારા હૃદયમાં રહેલા વાસુદેવથી' એવો અર્થ છે. (લે)

તે સ્ત્રી છે. શૂરોએ સ્ત્રીનો વધ કરવો યોગ્ય નથી. બેન પણ ક્ષત્રિયવંશમાં ઉત્પન્ન થએલી હોવાથી કોઈવાર શૌર્ય ધારણ કરે, (પણ) આ તેવી પણ નથી. તે (શૌર્ય ધારણ કરનારી) પુરુષ પ્રકૃતિવાળી હોય છે, આ તો સ્ત્રી (સ્ત્રી પ્રકૃતિવાળી) જ છે. તેથી ('સ્ત્રી' કહેવામાં) પુનરુક્તિ[10] દોષ નથી. વળી[11] વધ કરવો જ હોય તો પણ બીજા સમયે કરવો જોઈએ પરંતુ વિવાહના ઉત્સવમાં કરવો યોગ્ય નથી. લૌકિક રાજાઓ જે હણવા યોગ્ય હોય તેને વિષ વિગેરેથી પણ હણાવે છે. તેથી શૌર્ય વિગેરે ગુણોવાળા આપને આ[12] ઉચિત નથી. ૩૭.

વળી આ (દેવકીજી)ને (કંસ) જે હણે છે તે પોતાના મૃત્યુનો (મૃત્યુને અટકાવવાનો) ઉપાય કરવા હણે છે, પરંતુ વેરભાવથી હણતો નથી, પણ આને હણવાથી મૃત્યુ સહજ (સાથે જ જન્મેલું, કુદરતી) હોવાથી, તેનો ઉપાય થતો નથી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**મૃત્યુર્જન્મવતાં વીર દેહેન સહ જાયતે ।।**
**અદ્ય વાબ્દશતાન્તે વા મૃત્યુર્વૈ પ્રાણિનાં ધ્રુવઃ ।।૩૮।।**

હે વીર ! જન્મવાળાઓનું મૃત્યુ દેહની સાથે ઉત્પન્ન થાય છે. આજ અથવા સો વર્ષ પછી પ્રાણીઓનું મૃત્યુ જરુર નિશ્ચિત (છે). ૩૮.

(વળી કંસ દેવકીજીને મારે છે તે પોતાનું મૃત્યુ થવામાં) વિલંબ થાય તે માટે પણ મારતો નથી, કારણ કે (આકાશ)વાણીના વચનથી જ આ (દેવકીજી) (તેને) હણતી નથી, અને હણવાની પણ નથી. આનો પણ આઠમો ગર્ભ તરત જ[1]

---

૧૦. તેની તે જ વાત ફરી કહેવી તે પુનરુક્તિ દોષ કહેવાય છે. 'બેન' કહી એટલે 'સ્ત્રી' કહેવાઈ ગઈ, છતાં ફરી સ્ત્રી કહી તેથી પુનરુક્તિ દોષ થાય; પરંતુ અહિં તેવો દોષ થતો નથી, કારણ કે બેન પુરુષપ્રકૃતિવાળી પણ હોય, અને આ તો સ્ત્રીપ્રકૃતિવાળી છે, એમ કહેવા 'સ્ત્રી' શબ્દ યોજેલ છે.

૧૧. ઉપર દેવકીજીને નહિ હણવાનાં કારણો કહ્યાં તે કંસ પોતે હણે તે યોગ્ય નથી એમ જણાવે છે. તેથી બીજા પ્રકારથી (બીજાની પાસે) તેની હત્યા કરાવે તે વાંધા જેવું નથી, તેથી (તારે હણવી જ હોય તો વિવાહ ઉત્સવ પછી બીજા કોઈ દ્વારા લૌકિક રાજા પેઠે હત્યા કરાવી શકીશ) એવા હેતુથી આ કહેલું છે. (લે)

૧૨. 'આ' એટલે 'તારે પોતે (દેવકીજીને) હણવી તે.' (લે).

૧. આકાશવાણીએ 'ગર્ભ' શબ્દથી એમ સૂચવેલું કે તે બાલક હશે ત્યારે જ કંસને હણશે. તેથી અહિં (ગર્ભ પછી) 'તરત જ' પદ યોજેલ છે. તેથી 'ગર્ભ' શબ્દ મૂકી આ શબ્દથી તેનું વિવરણ કરેલું છે એમ જાણવું. છાંદોગ્યમાં પંચાગ્નિવિદ્યામાં 'ગર્ભ' શબ્દ 'બાલક' માટે યોજાએલો છે, અને બ્રહ્મસૂત્ર ૩।૧।૨૭માં ભાષ્યમાં (યોનિમાંથી બહાર નીકળેલ શરીર ગર્ભ કહેવાય છે, પણ તેની અંદર રહેલ શરીર ગર્ભ કહેવાતું નથી એમ) સિદ્ધ કરેલું છે. (લે)

હણશે, એવું આકાશવાણીનું વચન છે. 'કોઈ સમયે તે હણશે' એવી શંકા રહેતી હોય તો પણ, જેનું મૃત્યુ નિત્ય છે તે આનાથી (આઠમા ગર્ભથી) અથવા બીજાથી હણાશે એ ચોક્કસ છે, તેથી આ મૃત્યુ અટકાવવાનો ઉપાય નથી. 'જન્મવાળા ઓનું એટલે જેઓ ઉત્પન્ન થએલા છે તેઓનું મૃત્યુ દેહથી સાથે જ ઉત્પન્ન થાય છે' શબ્દોથી આ ઉપર જણાવેલ અર્થ કહેલો છે. 'મૃત્યુથી જ આ ઘેરાએલું હતું' એ ઉપાખ્યાનમાં એમ કહેલું છે કે ભગવાને મૃત્યુ પાસેથી પ્રાણીઓને[2] બહાર કાઢી, તેમની અંદર મૃત્યુને નાંખ્યું. તેથી 'ભૂખ મૃત્યુ જ છે' શ્રુતિ પ્રમાણે ભૂખરૂપ મૃત્યુ દેહની સાથે જ ઉત્પન્ન થાય છે. તેથી દરરોજ અનુભવાતું મૃત્યુ નિત્ય હોવાથી આજ અથવા સો વર્ષ પછી પ્રાણીઓનું મૃત્યુ થવાનું જ છે. આમ કહેવાથી કંસને ભય ન થાય તે માટે તેનું 'હે વીર !' એવું સંબોધન કરેલું છે. સો વર્ષ પછી મૃત્યુ થાય તે સર્વને ઈષ્ટ છે. તેથી તે જ સમયે[3] કદાચ આકાશવાણી સત્ય થાય; તેથી દેવકીજીને હણવી યોગ્ય નથી એવો ભાવ છે. ૩૮

'દેહનો ત્યાગ કરવામાં દુઃખ થાય. તેથી દુઃખ ન થાય તે માટે ઓસડ પીવામાં આવે છે, તેમ આ (દેવકીજી)ને મારવી યોગ્ય છે' એવું પણ નથી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દેહે પઞ્ચત્વમાપન્ને દેહી કર્માનુગોઽવશઃ ।।**
**દેહાન્તરમનુપ્રાપ્ય પ્રાક્તનં ત્યજતે વપુઃ ।।૩૯।।**

દેહ પંચત્વ પામે ત્યારે કર્મની પાછલ જનાર પરવશ દેહી તે જ સમયે બીજા દેહને પ્રાપ્ત કરી પહેલાંના દેહને તજે છે. ૩૯.

'દેહ પંચત્વ પામે' એટલે (જૂદા જૂદા) અંશથી પાંચ મહાભૂતોમાં મળી જાય, ત્યારે દેહના અભિમાનવાળો આ જીવ બીજો નવો વધારે સુંદર દેહ પ્રાપ્ત કરીને પહેલાંના મલથી ભરેલા શરીરને તજે છે. (નવા દેહને) ગ્રહણ કરવામાં અથવા (જૂનાને) તજવામાં આ (જીવ)ને શ્રમ થતો નથી, કારણ કે તે કર્મની પાછલ જનાર છે (એટલે) કર્મ જ તેમ (તેને) કરાવે છે. વળી આ (જીવ)ના પ્રયત્નની પણ જરૂર (રહેતી) નથી, કારણ કે તે પરવશ છે. 'તે જ સમયે પ્રાપ્ત કરી' શબ્દથી (બીજો દેહ પ્રાપ્ત કરવામાં) સમયનો વિલંબ પણ થતો નથી (એમ કહેલું છે). તેથી (જીવને બીજો દેહ ગ્રહણ કરવામાં પ્રયાસ પણ કરવો પડતો નહિ

---

૨. પ્રાણી ન હોય તેવા (જડ પદાર્થો)ને ભૂખરૂપ (શરીરની) અંદર રહેલું મૃત્યુ હોતું નથી, પરંતુ બહારના ધર્મોથી જ તેઓનો નાશ થાય છે એવો ભાવ છે. (લે)

૩. 'તે જ સમયે' એટલે 'સો વર્ષ પૂરાં થવા આવે ત્યારે'. (લે).

હોવાથી) ઓસડ (પીવા)ની પેઠે પણ આને હણવી યોગ્ય નથી. ૩૯.

વળી, 'બીજો દેહ પ્રાપ્ત કરવામાં વિલંબ થશે' એવી શંકા કરવી નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**વ્રજંસ્તિષ્ઠન્ પદૈકેન યથૈવૈકેન ગચ્છતિ ।।**
**યથા તૃણજલૌકૈવં દેહી કર્મગતિં ગતઃ ।।૪૦।।**

જેમ ચાલતો (પુરુષ) એક પગથી ઉભો રહી, એક (બીજા)થી જાય છે, જેમ ખડમાકડી (એક તૃણ ઉપર રહી બીજા ઉપર જાય છે) તેવી જ રીતે દેહી કર્મનાં ફલને પ્રાપ્ત કરે છે. ૪૦.

જેમ ચાલતો પુરુષ એક પગથી ઉભો રહી, એકથી (બીજાથી) જાય છે, (એટલે) પ્રથમ સ્થિતિ કરે છે (ઉભો રહે છે) (અને) પછી ગતિ (કરે છે), તેમ (જીવ) પ્રથમ બીજા દેહને ગ્રહણ કરે છે અને પછી આ (જૂના દેહ)નો ત્યાગ કરે છે. ચાલવામાં સ્થાનનો ભેદ સહેલાઈથી જાણી શકાય તેમ નહિ હોવાથી, 'જેમ ખડમાકડી' શબ્દોથી બીજું દૃષ્ટાંત કહે છે. (ખડમાકડી) બીજા તૃણ ઉપર સ્થિતિ કરી, (પછી) પહેલાંના તૃણનો ત્યાગ કરે છે એ પ્રત્યક્ષસિદ્ધ છે. જેમ અહિં (ચાલવામાં) બુદ્ધિ અને પ્રયત્ન છે તેમ બીજા દેહ (નું ગ્રહણ કરવા)માં કર્મનાં ફલ છે, એમ 'કર્મના ફલને પ્રાપ્ત કરે છે' શબ્દોથી કહેલું છે. 'કર્મનું ફલ[1]' એટલે દેવ, હલકાં પ્રાણી વિગેરેનો દેહ. ૪૦.

'વધારે પ્રયાસ થતો ન હોય, તો પણ (ગયા શ્લોકમાં જણાવ્યું તે) દૃષ્ટાંત પ્રમાણે થોડો પ્રયાસ થશે. તે પણ તરતમાં ન થાય તે માટે (દેવકીજીને) હણવાં જોઈએ;' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**સ્વપ્ને યથા પશ્યતિ દેહમીદૃશં મનોરથેનાભિનિવિષ્ટચેતનઃ ।।**
**દૃષ્ટશ્રુતાભ્યાં મનસાનુચિન્તયન્ પ્રપદ્યતે તત્ કિમપિ હ્યપસ્મૃતિઃ ।।૪૧।।**

સ્વપ્નમાં જેમ આવો દેહ જૂએ છે, પ્રત્યક્ષ અને શાસ્ત્ર પ્રમાણે (જેમ) મનોરથથી જેની બુદ્ધિ સ્થિર થએલી છે તે મનથી ચિંતન કરતો (પહેલાંના દેહના) વિસ્મરણવાળો થઈ તે જ કાંઈક પ્રાપ્ત કરે છે (તેમ દેહી પહેલાંના દેહનો ત્યાગ કરી બીજો દેહ પ્રાપ્ત કરે છે).[1] ૪૧.

સ્વપ્નમાં (પ્રાપ્ત થતો) દેહ ગ્રહણ કરવામાં અથવા (તેનો) ત્યાગ કરવામાં જરા પણ પ્રયાસ થતો નથી. (તે દેહમાં અને આ દેહમાં) ભેદ પણ કોઈક વાર જ દેખાય છે સદા જણાતો નથી, એમ 'આવો' શબ્દથી કહેલ છે.

---

૧. 'કર્મગતિઃ' એટલે 'કર્મથી ગતિ એટલે પ્રાપ્તિ થાય છે જેની તેવો દેહ' એવો અર્થ છે. (લે)

'સ્વપ્નમાં (પ્રાપ્ત) થતો દેહ કર્મથી પ્રાપ્ત થતો નથી, તેથી તે (પ્રાપ્ત કરવા)માં પ્રયાસ થતો નથી' એવી શંકા થાય, તેથી 'મનોરથથી જેની બુદ્ધિ સ્થિર થએલી છે' શબ્દો યોજેલ છે. 'મનોરથથી' એટલે તે તે વસ્તુની ભાવનાથી (અથવા) કર્મથી ઉત્પન્ન થએલી મનની ગતિથી[૨] તેવા દેહમાં અથવા તે (દેહ)થી જેનો ઉપભોગ થવાનો છે તે પદાર્થમાં સ્થિર થએલી છે ચેતના એટલે બુદ્ધિ જેની (તેવો પુરુષ તે જ દેહ પ્રાપ્ત કરે છે), સ્વપ્ન પણ મનોરથથી દેખાય (થાય) છે, અને જેમ બીજા લોક (દેહ)ની પ્રાપ્તિ થતાં 'વિદ્યા અને કર્મ તથા પહેલાંની બુદ્ધિ[૩] તેનો પ્રારંભ કરે છે' તેમ તેમાં (સ્વપ્નમાં) જ્ઞાન અને કર્મ હોય છે. તેથી સ્વપ્નમાં (પ્રાપ્ત) થતો દેહ અને બીજા લોકમાં (પ્રાપ્ત) થતો દેહ સમાન હોવાથી, (જેમ સ્વપ્નમાં દેહનું ગ્રહણ કરવામાં કે ત્યાગ કરવામાં પ્રયાસ થતો નથી તેમ બીજા લોકમાં પ્રાપ્ત થતા દેહનું) ગ્રહણ કરવામાં કે ત્યાગ કરવામાં પ્રયાસ થતો નથી.

'તેમાં (સ્વપ્નમાં ગ્રહણ થતા દેહમાં) મનોરથ કારણ નથી' એમ પણ કહેવાય નહિ, કારણ કે 'દૃષ્ટ' પ્રત્યક્ષ અને 'શ્રુત' શાસ્ત્રપ્રમાણો પ્રમાણે, મનથી રાજા વિગેરેના અથવા ઈન્દ્ર વિગેરેના દેહનું ચિંતન કરતાં (પુરુષ) સ્વપ્નમાં તે જ[૪] (દેહ) પ્રાપ્ત કરે છે અને 'હું રાજા છું, હું ઈન્દ્ર છું' એમ (માને છે), (તે સમયે તેને) પહેલાંના દેહનું તો સ્મરણ પણ હોતું નથી, તો પછી (દેહ) ગ્રહણ કરવાના અને ત્યાગ કરવાના પ્રયાસની સંભાવના જ ક્યાંથી હોય ? 'જતી રહી છે સ્મૃતિ એટલે પહેલાંના દેહનું સ્મરણ જેનું' શબ્દોથી તે (ઉપર જણાવેલ) અર્થ કહેલ છે. ('તે જ પ્રાપ્ત કરેલ છે' માં આવેલ) 'તે' એટલે પહેલાં જેનો અનુભવ થએલ તેવો, 'કાંઈક' એટલે જેનું વર્ણન થઈ ન શકે તેવો (દેહ), કારણ કે સ્વપ્નમાં (પ્રાપ્ત) થતો (દેહ) માયિક છે. 'જે જેની પછી (થાય છે) તે તે કહેવાય છે' ન્યાય પ્રમાણે (મનોરથ પછી સ્વપ્ન થતું હોવાથી) મનોરથ સ્વપ્નનું કારણ છે. ૪૧.

વળી ઉત્પત્તિ અને મરણ દેહનાં થાય છે આત્માનાં થતાં નથી. આત્મા તો તેના (દેહના) અધ્યાસથી જન્મે છે અથવા મરણ પામે છે, એમ કહે છેઃ

**યતો યતો ધાવતિ દૈવનોદિતં મનો વિકારાત્મકમાપ પઞ્ચસુ ।।**

---

૧. આ શ્લોકનો શ્લોક ૩૯ના ઉત્તરાર્ધ સાથે સંબંધ છે. (લે)

૨. સ્વપ્નનું કારણ મનોરથ છે અને મનોરથ કર્મથી થાય છે, એવો અર્થ છે. (લે)

૩. બીજા લોકમાં પ્રાપ્ત થતાં દેહમાં જેમ પહેલાંની બુદ્ધિ હોય છે, તેમ સ્વપ્નથી પ્રાપ્ત થતા દેહમાં મનોરથ હોય છે. (લે)

૪. વૃંદાવન પ્રેસવાળા ગ્રંથમાં 'તદેવ' પાઠ છે તે લીધો છે. શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલા ગ્રંથમાં 'તત્ર' પાઠ છે.

**ગુણેષુ માયારચિતેષુ દેહ્યસૌ પ્રપદ્યમાનઃ સહ તેન જાયતે ।।૪૨।।**

દૈવે પ્રેરેલું વિકારરૂપ મન માયાએ રચેલા પાંચ ગુણો[1] પૈકી જ્યાંથી જ્યાંથી દોડે છે (જાય છે) અને (જેને) પ્રાપ્ત કરે છે તેને પ્રાપ્ત કરતો તે દેહી તેની સાથે જન્મે છે. ૪૨.

આ સિદ્ધાંત પ્રમાણે દેહનું ગ્રહણ અને ત્યાગ કરવામાં મન જ કારણ છે, અને તે મન વિકારરૂપ એટલે સંકલ્પ તથા વિકલ્પરૂપ જૂદા જૂદા વિકારો આત્મા છે જેનો, (તેવું છે). તેને પ્રેરનાર કાલ, કર્મ અથવા ભગવદિચ્છામાંનું એક (હોય છે, તે) 'દૈવ' શબ્દથી ઓળખાય છે. તે દૈવે પ્રેરેલું મન માયાએ રચેલા પદાર્થો જેને તે મોહને લીધે ઉત્તમ માને છે તેઓમાંથી જેમાંથી એટલે જે પદાર્થને તજીને (જાય છે અને) જે જે (પદાર્થ)માં[2] ચોંટે છે તે (તે પદાર્થ)માં જ તે દેહી (તે પદાર્થ)ને જ પ્રાપ્ત કરતો, એટલે 'આ (પદાર્થ) હું છું' એમ માનતો તેની સાથે જન્મે છે, પરંતુ પોતાની મેળે (જન્મતો) નથી. જ્યારે મન જેની ભાવના કરશે (ત્યારે) તેવો દેહ થશે, અને જેનો ત્યાગ કરશે તે (દેહ) જશે. વિષયો (પદાર્થો) તો (તેના) તે જ છે. આમ હોવા છતાં જે પદાર્થને મન ઉત્તમ માનશે તે (પદાર્થ) જ આનાથી (અત્યારે જે દેહ છે તેથી) ઉત્તમ થશે તેથી, (અત્યારે) ઉત્તમ (મનાતા) દેહનું રક્ષણ કરવા આને હણવી યોગ્ય નથી એવો અર્થ છે. ૪૨.

એ પ્રમાણે મન અનુસરે છે તેથી પ્રતિબિંબન્યાય પ્રમાણે દેહ પણ મોહથી જ અનુસરે છે. પરંતુ આત્માને તેવું નથી (આત્મા તે પ્રમાણે અનુસરતો નથી) એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**જ્યોતિર્યથૈવોદકપાર્થિવેષ્વદઃ સમીરવેગાનુગતં વિભાવ્યતે ।।**
**એવં સ્વમાયારચિતેષ્વસૌ પુમાન્ ગુણેષુ રાગાનુગતો વિમુહ્યતિ ।।૪૩।।**

જેમ જલવાળાં પૃથ્વીનાં પાત્રોમાં આ તેજ પવનના વેગને અનુસરેલું (અનુસરીને) પ્રકાશે છે તેમજ પોતાના મોહે રચેલા ગુણોમાં તે પુરુષ રાગને અનુસરેલો વિશેષ મોહ પામે છે. ૪૩.

જલવાળા પૃથ્વી (માટી)નાં કુંડા વિગેરેમાં તે પ્રમાણે (પ્રતિબિંબ હોય છે). જલને સ્થાને અંતઃકરણ છે, પૃથ્વીનાં પાત્રોને સ્થાને દેહ છે. (માટીના પાત્રમાં જેમ જલ છે, તેમ દેહમાં અંતઃકરણ છે.) જલવાળાં માટીનાં પાત્રોમાં

---

૧. અહિં 'ગુણ' શબ્દથી ગુણોના કાર્ય (દેહ) કહેલ છે. શ્રોતા (કંસ) અસુર હોવાથી અહિં આસુરસિદ્ધાંત કહેલો છે એમ જાણવું. (લે)

૨. મૂલ શ્લોકમાં 'આપ' 'પ્રાપ્ત કરે છે' શબ્દ છે તેનું આ વ્યાખ્યાન જાણવું. (પ્ર)

રહેલા જલમાં, અથવા કાચના દર્પણમાં પવનના ચંચલતા મલિનતા વિગેરે વેગો (હોય) તેમને અનુસરેલું સૂર્ય વિગેરેનું તેજ પ્રકાશે છે (જલમાં અથવા દર્પણમાં સૂર્ય વિગેરે પવનના વેગથી હાલતા અસ્પષ્ટ દેખાય છે). સૂર્ય વિગેરેના પ્રતિબિંબને જ તેમનો (જલ અથવા દર્પણનો) સંબંધ હોય છે, પરંતુ આકાશમાં રહેલા સૂર્યને હોતો નથી. 'આ' શબ્દથી આકાશમાં રહેલા સૂર્યને સંબંધ નથી (એમ જણાવવા) (તે) દેખાડેલ છે. એવી જ રીતે પોતાના મોહથી રચેલા એટલે ઉત્તમ તરીકે માનેલા દેહ ઈન્દ્રિયો વિગેરેમાં તે (એટલે) જીવ, પુરુષ (એટલે) ભગવાન જ રાગને અનુસરીને તેની (દેહ, ઈન્દ્રિય વિગેરેની) સાથે એકતાને પામેલો, તેની અંદર પ્રતિબિંબન્યાયથી (પ્રતિબિંબની પેઠે) પ્રવેશ કરેલો વિશેષ મોહ પામે છે. તેથી દેહનો સંબંધ ભ્રમથી (થાય છે). તેથી દેહને માટે આત્માનો અપકાર કરવો જોઈએ નહિ. ૪૩.

એ પ્રમાણે સિદ્ધાંતનું[1] નિરૂપણ કરી દેહના પ્રેમને લીધે આત્માનો અપકાર કરવો જોઈએ નહિ[2] એમ જે કહ્યું, તે લોકમાં પણ સમાન (તેવું) જ છે એમ કહેતાં, હણવામાં ભેદરૂપ ભય (થાય છે, એમ) નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**તસ્માન્ન કસ્યચિદ્ દ્રોહમાચરેત્ સ તથાવિધઃ ।।**
**આત્મનઃ ક્ષેમમન્વિચ્છન્ દ્રોગ્ધુર્વૈ પરતો ભયમ્ ।।૪૪।।**

તેથી આત્માનું કુશળ ઈચ્છનારે કોઈનો પણ દ્રોહ કરવો જોઈએ નહિ, કારણ કે તે તેવો (પોતાના જેવો) છે. દ્રોહ કરનારને બીજાથી ભય થાય છે જ. ૪૪

દેહ આત્મા નથી, તેથી દેહને માટે કોઈનો પણ દ્રોહ કરવો જોઈએ નહિ; કારણ કે તે (દ્રોહ કરનાર) તેવો એટલે જેને (તે) હણે છે તેના જેવો છે. આથી એમ જણાવેલ છે કે (જેને હણવામાં આવે છે તે) પોતાની સમાન હોવાથી દયા (રાખવી). (આ) ઉપદેશનું ફલ એવું (છે કે) જેમ પોતાના રક્ષણનો વિચાર કરવામાં આવે છે તેમ બીજાના રક્ષણનો પણ વિચાર રાખવો જોઈએ. જો (બીજાના રક્ષણનો) વિચાર ન રાખવામાં આવે તો દુઃખદાયક (શું થાય છે તે) 'આત્માનું કુશળ ઈચ્છનારે (વિગેરે ઉત્તરાર્ધથી)' કહેલ છે. જો વિચાર રાખે છે તો પોતાનું પણ કુશળ થાય છે, કારણ કે તે (બીજો) પણ એવો વિચાર રાખે છે. જો વિચાર રાખતો નથી તો દ્રોહ કરનાર એટલે હણનારને બીજાથી એટલે જેને તે હણે

---

૧. 'સિદ્ધાંતનું' એટલે 'પારમાર્થિક સિદ્ધાંતનું'. આગળ લૌકિક સિદ્ધાંત કહેવાનો છે એવો ભાવ છે. (લે)

૨. (દેવકીજીને) હણવાથી (કંસનો) પોતાના દેહ ઉપર પ્રેમ છે એમ સિદ્ધ થાય છે, તો પણ આત્માનો અપકાર થાય છે એવો અર્થ છે. (લે)

છે તેનાથી ભય થાય છે, (એટલે) મારાથી[3] જ તને ભય થશે એવો અર્થ છે. ૪૪.

લૌકિક વ્યવહારથી પણ (દેવકીજીને) હણવા યોગ્ય નથી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એષા તવાનુજા બાલા કૃપણા પુત્રિકોપમા ।।**
**હન્તું નાર્હસિ કલ્યાણીમિમાં ત્વં દીનવત્સલઃ ।।૪૫।।**

આ તારી નાની બેન બાલા ગરીબડી પુતળી જેવી છે. ગરીબડા ઉપર પ્રેમ રાખનાર તું આ કલ્યાણીને હણવા યોગ્ય નથી. ૪૫.

લોકમાં સર્વથી નાની બેન સ્નેહને યોગ્ય હોય છે. તેમાં પણ 'બાલા' એટલે આઠ વર્ષની લાડ લડાવવા યોગ્ય હોય છે. તેમાં પણ આ (દેવકીજી) 'ગરીબડી' એટલે ભયથી દુઃખી થએલી અને ચતુરાઈ ન જાણનારી છે. 'પુત્રિકા જેવી' એટલે પુતળી જેવી છે. તેથી બહુ બહુ તો આને (તારે) લઈ જ જવી જોઈએ, પરંતુ હણવી યોગ્ય નથી એમ 'હણવા યોગ્ય નથી' શબ્દોથી કહે છે. 'કલ્યાણી' એટલે વિવાહના અલંકારોવાળી. 'આ' શબ્દથી તેને દેખાડીને (તેના ઉપર) દયા ઉત્પન્ન કરાવે છે. વળી 'તું (કંસ) ગરીબડા ઉપર પ્રેમ રાખનાર' છે; કારણ કે જ્યારે તેનામાં (કાલનેમિનો) આવેશ ન હોય ત્યારે (કંસ) તેવો હતો, અને તે (વસુદેવ) તેને કંસને આવેશ વિનાનો જ માનતા હતા. ૪૫.

એ પ્રમાણે શાસ્ત્રનો અર્થ જણાવીને દયા, ભય વિગેરે ઉત્પન્ન કરાવવા છતાં, (કંસ) વધથી (વધ કરતાં) અટક્યો નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**એવં સ સામભિર્ભેદૈર્બોધ્યમાનોઽપિ દારુણઃ ।।**
**ન ન્યવર્તત કૌરવ્ય પુરુષાદાનનુવ્રતઃ ।।૪૬।।**

હે કૌરવ્ય ! એ પ્રમાણે તે ઘાતકીને સામ અને ભેદથી સમજાવવા છતાં, રાક્ષસોને અનુસરેલો તે અટક્યો નહિ. ૪૬.

(૧) આત્મા અને અનાત્માનો વિવેક, પારમાર્થિક ભય અને લૌકિકભયરૂપ ભેદો. (૨) જ્ઞાન, (પ્રાણીઓની) સમાનતા, અને દયા (એ) સામ. એવી રીતે (ભેદ, સામ વિગેરે) અનેક પ્રકારથી સમજાવવા છતાં તે ઘાતકી એટલે દૈત્યરૂપ (કંસ) અટક્યો નહિ, એટલે તે (દેવકીજીના) વધથી અટક્યો નહિ. તેનું

૩. દેવકીજીને હણવાથી તેમનાથી ભય થાય તે ન સંભવે, પરંતુ હું વસુદેવ તેમનો પતિ હોવાથી, તેમનું અર્ધ હોવાથી પછી મને પણ હણવો જોઈશે એવો અર્થ છે. (લે)

દેવકીને હણવાથી તેમનાથી ભય રહે નહિ, પણ હું વસુદેવ તેમનો પતિ હોવાથી, પતિ અને પત્ની એક જ હોવાથી, મારાથી તને (કંસને) ભય થશે, તે દેવકીજીથી જ ભય થયો ગણાય, એવો અર્થ જણાય છે.

કારણ (એ હતું કે તે) 'પુરુષાદાન્' એટલે રાક્ષસોને અનુસરેલો હતો, અથવા રાક્ષસોની 'અનુ' સાથે હત્યા કરવારૂપ 'વ્રતમ્' વ્રત જેનું હતું તેવો તે હતો, કારણ કે જ્યારે તેનામાં (કાલનેમિનો) આવેશ હોય ત્યારે તે તેવો જ હતો. ૪૬.

એવી રીતે ઉપદેશ (આપવા) રૂપ પહેલાંનો પ્રયાસ નિષ્ફલ થયો, ત્યારે ભગવાનની ઈચ્છાથી સમાધાન (આકાશવાણીથી થએલ કંસની શંકા દૂર કરવા) માટે (વસુદેવે) યત્ન કર્યો, એમ નીચેના શ્લોકથી આરંભી આઠ શ્લોકોથી કહે છે.

આ લૌકિક (કંસ) અલૌકિક પારમાર્થિક સિદ્ધાંતથી, (દેવકીજીનો વધ કરતાં) અટકતો નથી, તેથી આને લૌકિક યુક્તિ જ કહેવી જોઈએ. તેથી (૧) પ્રથમ લૌકિક યુક્તિ વસુદેવને સ્ફુરી એમ કહે છે. (૨) તે (લૌકિક યુક્તિ) પુત્રને સોંપવારૂપ છે, તે અયોગ્ય છે એમ વિચારી, તે યોગ્ય છે એમ યુક્તિ (તર્ક)થી તેનું સમર્થન કરે છે. (૩) પછી (વસુદેવના) હૃદયમાં સ્ફુરેલો ઉપાય (તેની) યોગ્યતા સહિત કહે છે. (૪) તે (ઉપાય)થી જ વિરુદ્ધ તર્કને હઠાવીને તે (ઉપાય)નું સમર્થન કરે છે. (૫) (તે ઉપાયથી પણ દેવકીજીનું રક્ષણ કરવામાં) અશક્ત રહે તો (વસુદેવ) અદષ્ટને શરણ થાય છે. (૬) તે ઉપાય ગ્રહણ કરવા (યોજવા)ને માટે પણ સાધન આચરે છે. (૭) પછી (ઉપાય યોજવાનો) ઉદ્યોગ કરે છે અને (૮) ઉપાય કહે છે (કંસને જણાવે છે).[1] (કંસને) અલૌકિક અર્થ સ્ફુરવાથી તે એ ઉપાય સ્વીકારે છે. તેથી આ ઉપાય તરત સફલ થાય છે. ૪૬.

પહેલાંનો ઉપાય વ્યર્થ થયો, એમ નીચેના શ્લોકમાં ફરી કહે છેઃ

**નિર્બન્ધં તસ્યં તં જ્ઞાત્વા વિચિન્ત્યાનકદુન્દુભિઃ ।।**
**પ્રાપ્તં કાલં પ્રતિવ્યોઢુમિદં તત્રાન્વપદ્યત ।।૪૭।।**

તે તેનો દુરાગ્રહ જાણીને, વિચાર કરીને, આવેલા કાલને ટાળવાને માટે, આનકદુંદુભિએ તે સમયે આ પ્રાપ્ત કર્યું (વિચાર્યું). ૪૭.

તે કંસનો વધ (કરવા)રૂપ તે દુરાગ્રહ જાણીને, એટલે તેની ચેષ્ટાથી અવશ્ય (કરવાની) ક્રિયાના સાધન માટેનો (તેનો) પ્રયત્ન જાણીને, હવે પછી શું કરવું જોઈએ તેનો વિચાર કરીને, (વસુદેવે) 'આ' એટલે આગળ (શ્લોક ૪૮ થી ૫૧ સુધીમાં) કહેવાશે તે પ્રાપ્ત કર્યું (વિચાર્યું), એવો (વાક્યનો) સંબંધ છે. આ

---

૧. આ શ્લોકથી આરંભી આઠ શ્લોકોના અર્થ અહિં કરેલા છે. ૧ થી ૮ સુધીના અંકોથી અનુક્રમે ૪૭ થી ૫૪ સુધીના શ્લોકોના અર્થ કહેલા છે. આ ચિહ્ન પછીના વાક્યમાં ૫૫માં શ્લોકનો અર્થ કહેલો છે.

(કંસ)ની સાથે દૃષ્ટ પ્રકારથી[1] (દેખીતી રીતે) તથા અલૌકિક પ્રકારથી વિરોધ (કરવો) તો અશક્ય જ (હતો). બીજા ઉપાયો નિષ્ફલ થયા. હવે માત્ર બે (કાર્યો) બાકી રહ્યાં -(૧) કાં તો આ (દેવકીજી)ને આપી દેવાં અથવા (૨) આના પુત્રોને (આપી દેવા). (૧) આને આપવામાં આવશે તો આને (કંસ) હણશે જ. 'મારા સંબંધથી થએલ પુત્રો (પૈકી આઠમો પુત્ર)' એવું આકાશવાણીથી સાંભળેલ નહિ હોવાથી, દેવ દ્વારા પણ તેમ (પુત્રો ઉત્પન્ન) થાય તેવી શંકાથી (કંસને) હણવાની જરૂર (જણાશે). અત્યારે તો (કંસ) પોતાની મેળે હણે છે, પણ (તેને મેં આપી દીધા) પછી હણશે તો મને પણ દોષ[2] લાગશે. (૨) પુત્રો આપવા પણ અયોગ્ય છે, કારણ કે તે (એક પ્રસિદ્ધ) પુત્ર ભગવદ્રૂપ થશે, એમ 'આનકદુંદુભિ' શબ્દથી જણાવેલ છે. તેના (વસુદેવના) જન્મ સમયે નગારાં અને દુંદુભિઓ વાગ્યાં હતાં, તેથી તેનામાં (તેનાથી) ભગવાનની ઉત્પત્તિ જરુર થવાની. આકાશવાણી પ્રમાણ હોવાથી તે (ભગવાનની ઉત્પત્તિ) પણ બીજી પત્નીમાં થશે નહિ. એવી રીતે સંકટમાં પડેલાં આનકદુંદુભિએ પોતાની અંદર (પોતાથી) ભગવાનની ઉત્પત્તિ થશે એવો, અને તે પણ આ (દેવકીજી)માં જ થશે એવો પણ નિશ્ચય કરીને, પુત્રોને આપવા એવું જ (પોતાનું) કર્તવ્ય જાણ્યું. તે (પુત્ર આપવા તે) પણ સર્વ સમયે (આપવા) નહિ, કારણ કે (ભગવાન્ પુત્ર આપવાથી) ભગવાનથી વિમુખ થવાનો પ્રસંગ થતાં ભગવાનનો અવતાર જ ન થાય. તે (ઉપર કહેલ અર્થ) 'આવેલા કાલને ટાળવા માટે' શબ્દોથી કહેલ છે. આ સમયે તે (દેવકીજી)નું મૃત્યુ આવેલું છે તેને અયોગ્ય (અસત્ય) વચન કહીને પણ દૂર કરવું જોઈએ, એવા હેતુથી 'આ' એટલે પુત્રોને આપવારૂપ વિચાર તે સમયે તેમને (વસુદેવને) પ્રાપ્ત થયો, એટલે તેમના હૃદયમાં અકસ્માત્ આવ્યો, એવો અર્થ છે. ૪૭.

'' '(કાદવમાં પડીને) કાદવ ધોવો તે કરતાં (કાદવને દૂરથી તજવો એ વધારે સારું)' વિગેરે ન્યાય પ્રમાણે હમણાં જ (વસુદેવે) શાંત કેમ ન રહેવું ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**મૃત્યુર્બુદ્ધિમતાપોહ્યો યાવદ્બુદ્ધિબલોદયમ્ ।।**
**યદ્યસૌ ન નિવર્તેત નાપરાધોઽસ્તિ દેહિનઃ ।।૪૮।।**

બુદ્ધિવાળાએ જ્યાં સુધી બુદ્ધિ અને બલની વૃદ્ધિ થતી હોય ત્યાં સુધી

૧. 'દૃષ્ટ પ્રકારથી' એટલે 'શસ્ત્રો તથા અસ્ત્રોથી' એવો અર્થ છે. ( લે )

૨. દેવકીજીને વસુદેવ કંસને આપી દે અને પછી કંસ હણે તો તેમને વસુદેવે કંસને આપી દીધેલાં હોવાથી, વસુદેવને પણ દોષ લાગે.

મૃત્યુને હઠાવવું જોઈએ. છતાં જો તે ન હઠે તો દેહીને અપરાધ થતો (લાગતો) નથી. ૪૮.

જો તેમ ન હોય (બુદ્ધિવાળાની મૃત્યુ હઠાવવાની ફરજ ન હોય) તો ભગવાને પશુ વિગેરેથી આપણને (બુદ્ધિવાળા મનુષ્યોને) ઉત્તમ શા માટે બનાવ્યા ? તેથી બુદ્ધિવાળાએ પોતાના અથવા બીજાના મૃત્યુને હઠાવવું જોઈએ.

'એકવાર (મૃત્યુ હઠાવવા) ઉદ્યમ કર્યો. (હવે શી જરુર)' ? એવી શંકા થાય તેથી 'જ્યાં સુધી બુદ્ધિ અને બલની વૃદ્ધિ થતી હોય' શબ્દો યોજેલ છે. બુદ્ધિ અને બલનો જ્યાં સુધી અભ્યુદય એટલે ઉત્તરોત્તર વૃદ્ધિ થતી હોય, પરંતુ સમાનતા અથવા ઓછાપણું થતાં ન હોય, ત્યાં સુધી વિવેકવાળાએ (સારા અને માઠાનો ભેદ સમજનારે) બુદ્ધિથી અથવા ક્રિયાથી (મૃત્યુ ટાળવાનો) પ્રયત્ન કરવો જોઈએ.

'જેમ પહેલાં ઉદ્યમ નિષ્ફલ ગયો તેમ ભવિષ્યમાં પણ નિષ્ફલ થશે. તો પછી ઉદ્યમની શી જરુર ?' એવી શંકા થાય તેથી કહે છે કે (ઉદ્યમ કરવા છતાં) જો તે મૃત્યુ ન હઠે તો પછી દેહના અભિમાનવાળાને ઉપેક્ષા (કરવા)રૂપ અપરાધ થતો (લાગતો) નથી. દેહના અભિમાનવાળો કાલ વિગેરેથી દંડને પાત્ર છે. તેથી (તેણે) અપરાધ કરવો જોઈએ નહિ. (કારણ કે અપરાધ કરે તો દંડાય). વળી 'જે કરી શકાય તે કરવું' એમ શાસ્ત્ર (કહે છે). ફલ તો દૈવને અધીન છે. તેથી આ ઉપાય કરવો જોઈએ. એવો નિશ્ચય (થાય છે).૪૮.

નીચેના શ્લોકમાં તે ઉપાય કહે છેઃ

**પ્રત્યર્પ્ય મૃત્યવે પુત્રાન્ મોચયે કૃપણામિમામ્ ।।**
**સુતા મે યદિ જાયેરન્ મૃત્યુર્વા ન મ્રિયેત ચેત્ ।।૪૯।।**

મૃત્યુને પુત્રો પાછા આપીને બાપડીને મુકત કરાવું. જો મારા સુતો ઉત્પન્ન થશે તો, અને મૃત્યુ ત્યાં સુધીમાં નહિ મરે તો (પુત્રો મૃત્યુને આપવાના છે). ૪૯.

આ[૧] મૃત્યુ કંસમાં રહેલું જણાય છે. તે (મૃત્યુ) સર્વનો ભક્ષ કરનારું છે અને તેનો ઉપાય કરી શકાય તેવું નથી. તે તો કદાચ પુત્રોનું ભક્ષણ કરશે જ. તે જો હમણાં મને (વસુદેવને) આ (દેવકીજી) આપે છે, તો પુત્રો પણ તેણે જ આપ્યા (કહેવાય), તેથી જ (પુત્રો) આપેલ છે તે પાછા આપવામાં કાંઈ પણ દોષ નથી[૧].

---

૧ – ૧. વસુદેવ મૃત્યુને પુત્રો પાછા આપવાનું કેવી રીતે વિચારે છે, તે આ ભાગથી જણાવેલ છે. (લે)

તેમ કરવામાં જે લાભ છે તે 'આ બાપડીને મુકત કરાવું' શબ્દથી કહેલ છે. હમણાં આ (દેવકીજી) મુક્ત થાય, એ આ પક્ષમાં અધિક લાભ છે. આ (દેવકીજી)નું રક્ષણ કરવામાં ન આવે તો, પુત્રો અથવા આ (કોઈ) (બચશે) નહિ.

'આ પણ અયોગ્ય છે. આ એક છે, પુત્રો ઘણા છે. તેઓ બાલકો છે અને પોતાના અંતરંગ (ઘણા વહાલા) છે અને (તેમને આપવાથી) અધિક દોષ (થાય). (મૃત્યુ અત્યારે વસુદેવને પુત્રો) આપે તે સંભવતું નથી, કારણ કે અત્યારે પુત્રો નથી. જે (દેવકીજી) છે અને જે (પુત્રો) નથી તે બધાં હોય તેમ ગણી વિષયનો વિભાગ કરવો તે પણ યોગ્ય નથી. તેથી (પુત્રો આપવાથી) ધર્મની હાનિ થવાનો પ્રસંગ આવતો હોવાથી અને લોકમાં અપકીર્તિ થતી હોવાથી આ (પુત્રો આપવા તે) પણ ઉપાય નથી' એવી શંકા થાય, તેથી 'મારા સુતો ઉત્પન્ન થશે તો' શબ્દો યોજેલ છે. તેઓ (બાલપણમાં જ મરનારા હોવાથી) નરકમાંથી રક્ષણ કરનારા નહિ હોવાથી 'પુત્રો' નથી; (પણ) પ્રસવ થવાથી જન્મવાના એટલે 'સુતો' તો છે જ. પુત્ર[2] ઉત્પન્ન કરવા (કે નહિ તે) તો પોતાને અધીન છે. તેથી (પુત્ર ઉત્પન્ન ન થાય તે માટે) આ (દેવકીજી)ને જૂદા જ રાખવાં. એમ થવાથી (પુત્ર ઉત્પન્ન ન થવાથી પુત્રો આપવાના નહિ રહેવાથી) કોઈ પણ દોષ થશે નહિ, કારણ કે ઋતુકાલમાં ગમન[3] કરવા કરતાં પ્રાણોની રક્ષા વધારે ફલ આપનારી છે.

'' 'કામથી અથવા પ્રેરણાથી' વાક્ય પ્રમાણે આ (ઋતુકાલમાં ગમન ન કરવું તે) પણ અશક્ય છે'' એમ (માનવામાં આવે) તો એક પુત્ર ભલે થાય.

'એક પુત્ર પુત્ર ન ગણાય' એમ (માનવામાં આવે) તો બે (પુત્રો) થશે. બે પુત્રો થાય પછી ગમન ન કરવામાં પણ દોષ નથી. આટલી (પુત્રો આપવા સંબંધી ઉપાયમાં) લૌકિક ઉપપત્તિ (કહી)[2].

હવે અલૌકિક (ઉપપત્તિ કહે છે). ભગવાનની ઈચ્છાથી અથવા આકાશવાણી પ્રમાણ હોવાથી જો મારે ઘણા સૂતો થશે તો તેઓ પણ ઘણા સમયે ઉત્પન્ન કરવાના છે. જો ભગવાનની ઈચ્છા (એવી) હશે તો પુત્રોનું રક્ષણ થાય તે માટે (તે) સમયની અંદર મૃત્યુ[4] જ મરી જાય એમ પણ બને. 'અહિં મૃત્યુ ઉત્પન્ન

---

૨-૨. 'જો મારા સુતો ઉત્પન્ન થશે તો' માંહેના 'જો' શબ્દનું વ્યાખ્યાન આ ભાગથી કરેલું છે. (લે)

૩. ઋતુકાલમાં સ્ત્રીગમન કરવાની ધર્મશાસ્ત્રની આજ્ઞા છે. (મનુસ્મૃતિ.૩।૪૫)

૪. 'મૃત્યુ' એટલે 'આ દેવકીજીનું મૃત્યુ' મરી જાય. આ દેવકીજી જો મરણ પામે તો થોડા થોડા સમયમાં ઉત્પન્ન થએલ તેમના ઘણા પુત્રોનું સંરક્ષણ થઈ શકે નહિ, એવો ભાવ છે. (લે)

થાય છે' શ્રુતિ પ્રમાણે દરેક પ્રાણીનાં નિરંતર જૂદા જૂદા સ્થાનમાં એકસો મૃત્યુઓ ઉત્પન્ન થાય છે. 'જ્યારે જ્યારે મૃત્યુ ઉત્પન્ન થાય છે ત્યારે જ તેને દૂર કરે છે' શ્રુતિ પ્રમાણે (મૃત્યુ ઉત્પન્ન થાય) ત્યારે જ તેનો ઉપાય કરવો જોઈએ; તેથી જે ઉત્પન્ન થાય છે તેનું મરણ પણ થાય છે જ. તેથી હમણાં ઉત્પન્ન થએલ મૃત્યુ તેનો ઉપાય કરવાથી મરણ પણ પામે. બીજાં[૫] મૃત્યુના (તે આવે ત્યારે) બીજા ઉપાય કરવા જોઈએ.

'મૃત્યુ એક[૬] છે' એવો પણ પક્ષ છે. તે પક્ષ પ્રમાણે પણ તે (મૃત્યુ) મુકરર કરેલા[૭] સમયે આવે છે. તે જો હમણાં ટળી જાય તો ફરીથી તેનો સમય નહિ આવવાથી તેના (જેનું તે મૃત્યુ હતું તેના) સંબંધમાં તે (મૃત્યુ) મરી જ જાય. તેથી જેમ 'શબ્દ' નિત્ય છે[૮] (છતાં તેના સમય પછી સંભળાતો નથી અને) જતો રહે છે તેમ આ (દેવકીજી)નું મૃત્યુ જતું જ રહે.

''મૃત્યુ એક છે, એ પક્ષમાં 'લોકે લોકમાંથી મૃત્યુને દૂર કરે છે. લોકે લોકે મૃત્યુ તેને પ્રાપ્ત કરતું નથી' શ્રુતિ પ્રમાણે મૃત્યુનું મરણ થતું નથી[૯]'' એમ માનવામાં આવે તો (મૃત્યુ) નિયત (ચોક્કસ) હોવાથી[૧૦] હું પુત્રોને આપીશ.

'(આ શ્લોકમાં) કંસ(ને) મૃત્યુ (કહેલો) છે' એવું વ્યાખ્યાન[૧૧] ખોટું છે, કારણ કે 'અહિં અહિં મૃત્યુ ઉત્પન્ન થાય છે' એ શ્રુતિથી તે વિરુદ્ધ છે. તે (કંસ) મૃત્યુનું સ્થાન (રહેઠાણ, જેમાં મૃત્યુ રહેલ છે તે) જ છે. 'લક્ષણાથી (મૃત્યુ) શબ્દ તેને (કંસને) માટે યોજાએલ છે' એમ કહો, તો (તે) મૃત્યુ હોવાથી જ તેનું મરણ

૫. 'બીજાં મૃત્યુનો' એટલે 'સુતોનાં મૃત્યુનો' એવો અર્થ છે. (લે)

૬. 'સર્વનો સંહાર કરનાર મૃત્યુ એક છે' એવો અર્થ છે. (લે)

૭. તે એક મૃત્યુનો (દરેકના પ્રસંગમાં) અમુક સમય હોય ત્યારે જ તે આવે છે. ત્યારે જો તે ટળી જાય, તો પછી તેનો સમય નહિ હોવાથી ફરી આવતું નથી, એવો અર્થ છે. (લે)

૮. શબ્દ નિત્ય છે. તેને ખુલ્લો પાડનાર (સંભળાવનાર) અમુક વાયુ છે. તે વાયુનો નાશ થાય ત્યારે શબ્દ સંભળાતો નથી એટલે જતો રહ્યો હોય તેવો જણાય છે. તેવી જ રીતે મૃત્યુને જણાવનાર તેની ઉપાધિ નિયત સમય છે, તે સમય જતો રહે એટલે મૃત્યુ પણ જાય જ એવો અર્થ છે. (પ્ર)

૯. આ શંકા પ્રમાણે આ દેવકીજીનું મૃત્યુ મરણ પામતું નથી પરંતુ બીજા સમયે તેમની જ પાસે આવવાનું, પરંતુ તેમના પુત્રો પાસે નહિ, એવો અર્થ છે. (લે)

૧૦. આ (દેવકીજીનું) મૃત્યુ સુતોને હણશે નહિ. તેથી સુતોને આપવામાં કાંઈ નડતર નથી એવો અર્થ છે. (લે)

૧૧. શ્રીધરનું આવું વ્યાખ્યાન ખોટું છે એમ દર્શાવે છે. (પ્ર)

થશે નહિ એમ નક્કી થએલ હોવાથી, ('મૃત્યુ નહિ મરે તો' એમ તે) ફરીથી કહેવું તે વ્યર્થ થાય. અથવા ભલે તેમ (કંસ મૃત્યુ) હો[12]. તે[13] (કંસ) પણ આકાશવાણી પ્રમાણ હોવાથી (સુતો થાય ત્યાં સુધી) મરવાનો નથી જ. તો પણ (પુત્રો) આપીશ એવો સંબંધ છે. ૪૯.

'એવું અયોગ્ય (કાર્ય) કેમ કરી શકાય ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**વિપર્યયો વા કિં ન સ્યાદ્ગતિર્ધાતુર્દુરત્યયા ।।**
**ઉપસ્થિતો નિવર્તેત નિવૃત્તઃ પુનરાપતેત્ ।।૫૦।।**

અથવા ઉલટું કેમ ન થાય ? ધાતાની ગતિ દુરત્યય છે. આવેલો (કાલ) હઠી જાય, હઠી ગએલો પાછો આવે. ૫૦.

(આકાશ)વાણી પ્રમાણ હોવાથી, તે (કંસ)નું મરણ (આઠમો ગર્ભ થતાં સુધી) ન થાય, તો પછી તેનાથી જ[1] ઉલટું એટલે મારા પુત્રથી જ આ (કંસ)નું મરણ કેમ ન થાય ?

'તારો (વસુદેવનો) પુત્ર બાલક હોવાથી, આ (પુત્રથી કંસનું મરણ યુક્તિથી વિરુદ્ધ છે' એવી શંકા થાય, તેથી 'ધાતાની ગતિ દુરત્યય છે' એમ કહે છે. 'ધાતા' એટલે ભગવાનની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય (કરવા)રૂપ ગતિ, 'દુરત્યય' એટલે મહાકષ્ટથી પણ ઉલ્લંઘન કરવી (અશક્ય[2] છે), કારણ કે તે જાણી શકાય તેવી નથી. કારણ કે 'જે અલૌકિક ભાવો છે તેમને તર્ક સાથે યોજવા નહિ (તેમના સંબંધી તર્કથી અનુમાન કરવાં નહિ)' વાક્ય પ્રમાણે લૌકિક યુક્તિથી ભગવાને કરેલા વધ્ય ઘાતકભાવ (આ વધ કરવા યોગ્ય છે અને આ તેનો વધ કરનાર છે એવા બે વચ્ચેના સંબંધ)નો નિર્ણય કરી શકાતો નથી. તેથી હમણાં પુત્રો આપવાનું કહીને આ (દેવકીજી)નું રક્ષણ કરવું, અને પછી આના પુત્રોથી આ (કંસ)નો વધ થશે. તેથી આ (પુત્રો આપવાનું કહેવું તે) જ યોગ્ય છે. તે (ઉપર

---

૧૨. શ્રીધરનું વ્યાખ્યાન ખોટું ઠરાવવા ખાસ પ્રયોજન નહિ હોવાથી, તે વ્યાખ્યાન પ્રમાણે પણ અર્થ સમજાવેલ છે. (પ્ર)

૧૩. 'તે' એટલે 'બાલક'. (પ્ર) 'તે' એટલે 'કંસ'. કંસ આઠમો ગર્ભ થાય ત્યાં સુધી આકાશવાણી પ્રમાણે મરવાનો નથી. (લે) લેખનો અર્થ યોગ્ય જણાય છે. આગળ 'તથાપિ' 'તોપણ' શબ્દ હોવાથી 'તે' બાલકને માટે યોજાએલ હોય એમ લાગતું નથી.

૧. 'તેનાથી જ' એટલે 'આકાશવાણી પ્રમાણ હોવાને લીધે જ'. (લે)

૨. 'શક્ય છે' શબ્દ અધ્યાહાર છે. (પ્ર) 'અશક્ય છે' અધ્યાહાર જોઈએ. પ્રકાશ પ્રસિદ્ધ કરવામાં 'શક્યા' પહેલાં 'અ' છાપવો રહી ગએલ જણાય છે.

જણાવેલ અર્થ) 'આ (દેવકીજી)નું આવેલું મૃત્યુ આમ કરવાથી હઠી જશે' શબ્દોથી કહેલ છે. (આ દેવકીજી)ને હણવાથી હઠી જનારું આકાશવાણીએ કહેલું (કંસનું) મૃત્યુ આનું રક્ષણ કરવાથી પાછું આવશે. તેથી કંસનો વધ થાય તે માટે આવી મંત્રણા કરીને, (દેવકીજીનું) રક્ષણ કરવું યોગ્ય છે, એવો અર્થ છે.

કેટલાક[3] એમ કહે છે કે[4] (ઉત્તરાર્ધથી) ધાતાની ગતિનું જ વિવેચન કરેલું છે. અથવા આ (ઉપાય)નો પણ જો (કંસ) અંગીકાર ન કરે તો ક્ષણના વિલંબથી હમણાં હઠી ગએલો (કાલ) (ક્ષણ પછી) પાછો આવે, તો (તેમાં) 'દેહીનો અપરાધ નથી' એવા પાછલ (શ્લોક ૪૮)ના વાક્ય સાથે સંબંધ લેવો[4]. ૫૦.

'આ (પુત્રો આપવાનું કહી દેવકીનું રક્ષણ કરવું તે) ઉત્તમ સિદ્ધાંત છે, છતાં પણ પુત્રો આપવા તે અયોગ્ય હોવાથી લોકવિરુદ્ધ (આચરણ) કરવું જોઈએ નહિ' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહે છેઃ

**અગ્નેર્યથા દારુવિયોગયોગયોરદૃષ્ટતોऽન્યન્ન નિમિત્તમસ્તિ ।।**
**એવં હિ જન્તોરપિ દુર્વિભાવ્યઃ શરીરસંયોગવિયોગહેતુઃ ।।૫૧।।**

જેમ અગ્નિનો કાષ્ઠથી વિયોગ અથવા સંયોગ થવામાં અદષ્ટથી બીજું કારણ નથી, તેવી રીતે જંતુનો પણ શરીર સાથે સંયોગ અથવા વિયોગ થવાનું કારણ જાણી શકાય તેવું નથી. ૫૧.

હું (પુત્રને) આપી દઉં તેથી જ તે મરવાનો નથી, પરંતુ જો (તેનું) તેવું અદષ્ટ હશે તો જ (તેનું) મરણ થશે. તે વિષયની યોગ્યતા (દષ્ટાંતથી જણાવે છે). દાવાનલથી વન સળગતું હોય ત્યારે કોઈ (અગ્નિની) નજીક રહેલ હોય તે બળતો નથી અને (કોઈ) દૂર રહેલ હોય તે બળી જાય છે. તેથી આમાં (બળવામાં અથવા નહિ બળવામાં) કારણ અદષ્ટ છે. પુત્ર વિગેરેનો પણ દેહથી વિયોગ અથવા સંયોગ થવામાં કારણ અદષ્ટ જ છે. આ અર્થ યોગ્ય જ છે, અને ભરત વિગેરેમાં જોવામાં આવેલ છે કે તે (ભરત) હરિક્ષેત્રમાં હરણ જોતાં મરણ પામ્યો, (અને) કાલંજરમાં હરણ જન્મ્યો[1]. આ હરણના શરીરનું ગ્રહણ કરવામાં અને તે પણ કાલંજરમાં (ગ્રહણ કરવામાં) શું દષ્ટ (દેખાય અથવા જણાય તેવું) કારણ સંભવે છે ? વળી જંતુ એટલે સર્વ (હરકોઈ) સ્થલે જન્મે તેવો જીવ. તેમાં (અમુક

૩. શ્રીધર એમ કહે છે. (પ્ર)

૪ – ૪. ઉપર શ્રીસુબોધિનીમાં જણાવેલ અર્થ પ્રમાણે 'વસુદેવના વિચારનું તાત્પર્ય કંસને હણવાનું હોવાથી, વસુદેવનો ઈરાદો પણ દુષ્ટ હતો' એવી શંકા થાય, તેથી આ ભાગથી બીજી રીતે અર્થ કરેલ છે. (પ્ર)

૧. જૂઓ (૫।૮।૨૭) અને (૫।૮।૩૦).

સ્થલે જન્મવામાં) દૃષ્ટ (કારણ) સંભવતું નહિ હોવાથી, (જંતુના) શરીર સાથે સંયોગ અથવા વિયોગનું કારણ જાણી શકાય તેવું નથી. ૫૧.

તેથી અદૃષ્ટને લીધે પાછળથી (ભવિષ્યમાં) ગમે તે થાઓ. હમણાં તો આ (દેવકીજી)ને મુક્ત કરાવવાં એવો (વસુદેવે) નિર્ણય કર્યો. એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં વિમૃશ્ય તં પાપં યાવદાત્મનિદર્શનમ્ ।।**
**પૂજયામાસ વૈ શૌરિર્બહુમાનપુરસ્સરમ્ ।।૫૨।।**

એ પ્રમાણે વિચાર કરીને પોતાને જ્ઞાન થાય ત્યાં સુધી (ઉપાય કરવો યોગ્ય હોવાથી) શૌરિએ તે પાપીની ઘણા માન પૂર્વક નિશ્ચય પૂજા કરી. ૫૨.

પોતાનું કર્તવ્ય શું છે તે સંબંધી આ (શ્લોક ૪૮ થી ૫૧ સુધીમાં જણાવેલ) વિચાર કર્યો. જો કંસ તે (વિચારેલા ઉપાય)નો સ્વીકાર કરે તો (કાર્ય) સિદ્ધ થાય. તે (કાર્ય) સિદ્ધ થવું કઠણ (હતું). તેનાં (કંસનાં) દૂષણો કહેતાં, (વસુદેવે) અધિક પ્રયત્ન કર્યો એમ 'તે' પ્રસિદ્ધ દિગ્વિજય કરનાર 'પાપીની' એટલે આવા કર્મ કરનારની 'પૂજા કરી' શબ્દોથી કહે છે. જેની પૂજા કરવામાં આવે તેમાં પોતાની અંદર રહેલ ભાવ વિગેરે રાખવાથી કાર્યની સિદ્ધિ થાય, એવા હેતુથી પૂજામાં તે પ્રમાણે કરવામાં આવે છે. આ અલૌકિક ઉપાય છે.

'(વસુદેવે) એટલું (બધું) શા માટે કર્યું ?' એવી શંકા થાય, તેથી 'પોતાને જ્ઞાન થાય ત્યાં સુધી' શબ્દ યોજેલ છે. પોતાને નિદર્શન એટલે જ્ઞાન દૃષ્ટ અથવા અદૃષ્ટના ભેદથી (દૃષ્ટ રીતે અથવા અદૃષ્ટ રીતે) જ્યાં સુધી થાય ત્યાં સુધી ઉપાય કરવા યોગ્ય છે, તેથી (વસુદેવે એટલું બધું કર્યું).

પહેલાં (વસુદેવે) અદૃષ્ટ ઉપાય કર્યો, એમ 'પૂજા કરી' શબ્દથી કહેલ છે. 'વૈ' એટલે નિશ્ચય. પૂજા કરવાથી કાર્યની સિદ્ધિ નિશ્ચય થશે એમ માનીને તેમાં (કંસમાં) પોતાના દેવતાનું સ્થાપન કર્યું, તેથી બહુ માનપૂર્વક પૂજા (કરી). આ પૂજા સ્તોત્ર, નમસ્કાર દીનતા (દર્શાવવા)રૂપ છે. (વસુદેવને) એવું કરવાનું જ્ઞાન પ્રાપ્ત થવાનું કારણ 'શૌરિ' શબ્દથી કહેલ છે. શૂર વસુદેવનો પિતા (હતો). ૫૨.

પૂજા કર્યા પછી, વિજ્ઞપ્તિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પ્રસાર્ય વદનામ્ભોજં નૃશંસં નિરપત્રપમ્ ।।**
**મનસા દૂયમાનેન પ્રહસન્નિદમબ્રવીત્ ।।૫૩।।**

(વસુદેવે) વદનકમળ પ્રસારીને, દુઃખી થતા મનથી હસતાં ઘાતકી નિર્લજ્જ (કંસ)ને આ (નીચે પ્રમાણે) કહ્યું. ૫૩.

પોતાનું વદનકમળ પ્રસારીને એટલે વિકસેલું કરીને પોતે ઠગ નથી અને (કંસનું) હિત (કરનાર છે) એમ જણાવીને, અધિષ્ઠાન (કંસ) દુષ્ટ હોવાથી તેમાં સ્થાપન કરેલ દેવતા રહેશે કે નહિ એવા સંદેહને લીધે દુઃખી થતા મનથી એટલે જેમાં દુઃખ પ્રવેશેલું છે તેવા અંતઃકરણવાળા થઈને, તેવા (દુઃખી અંતઃકરણવાળા) હોવા છતાં તેવાપણું છૂપાવવા માટે હસતાં, 'આટલા (પોતાનું મૃત્યુ ન થાય તે જોવાના) પ્રયોજન માટે આટલું (દેવકીજીને હણવાનું) શા માટે કરો છો ?' એમ કહેતાં ક્હેતાં જ, 'આ' એટલે (નીચેના શ્લોકમાં) કહેવામાં આવશે તે (વસુદેવે કંસને) કહ્યું. અધિષ્ઠાન (કંસ)માં બે દોષો હતા, જેને લીધે દેવતા તેમાં રહે નહિ. (૧) ક્રોધ જેનું કારણ[1] છે તેવી ક્રૂરતા અને (૨) કામ જેનું કારણ[1] છે તેવો લજ્જાનો અભાવ. 'ઘાતકી નિર્લજ્જ' શબ્દોથી તે બે (દોષો) (જણાવેલા છે). 'જેમણે લજ્જા અને ભયને પાછલ રાખેલા છે...' વાક્ય પ્રમાણે કામના સેવકો જ લજ્જા વિનાના હોય છે. 'ઘાતકી' એટલે ક્રૂર અંતઃકરણવાળો, તામસ, ક્રોધવાળો. ૫૩.

(વસુદેવ કંસને) સગા તરીકે સ્વીકારીને, (તેનુ) હિતકારિ જેવું (વચન) નીચેના શ્લોકમાં કહે છેઃ

શ્રીવસુદેવ કહે છે :

**ન ચાસ્યાસ્તે ભયં સૌમ્ય યદ્વૈ ત્વાહાશરીરવાક્ ।।**
**પુત્રાન્ સમર્પયિષ્યેઽસ્યા યતસ્તે ભયમુત્થિતમ્ ।।૫૪।।**

હે ભલા પુરુષ ! આકાશવાણીએ જે તને કહ્યું તે તારું ભય આનાથી નથી. જેનાથી તારું ભય ઉત્પન્ન થએલ છે તે આના પુત્રો હું (તને) સમર્પણ કરીશ. ૫૪.

તને (કંસને) આ (દેવકીજી)થી ભય નથી. (શ્લોકમાં) 'ચ' શબ્દ (છે, તે)થી એમ કહેલું છે કે મારાથી (પણ ભય નથી), તેમજ (આનાથી અથવા મારાથી ભય) થવાનું (પણ નથી). આકાશવાણી પ્રમાણ હોવાથી જ (ઉપર પ્રમાણે આનાથી અથવા મારાથી ભય નથી અને થવાનું પણ નથી). તેથી નિરપરાધીનો વધ કરવો જોઈએ નહિ. 'હે ભલા પુરુષ !' એ સંબોધન એમ જણાવવા કરેલું છે કે તું ભલો થા, અને હું વિજ્ઞપ્તિ કરું છું તેમ કર. આ બાબતનું પ્રમાણ '(આકાશવાણીએ) જે તને કહ્યું' શબ્દોથી કહેલ છે. આ વાક્ય બંને

૧...૧. વૃંદાવન પ્રેસવાળા ગ્રંથમાં 'નિદાન' ને બદલે 'નિધાન' પાઠ છે. એ પાઠ પ્રમાણે 'કારણ' ને બદલે 'ધામ' વાંચવું.

વિષયમાં પ્રમાણ છે. તેથી આના પુત્રો હું તને સમર્પણ કરીશ; કારણ કે (આકાશવાણીના) વાક્યથી (વાક્ય પ્રમાણે) પુત્રથી તને ભય ઉત્પન્ન થએલ છે. (પુત્રો) નિવેદન કરવામાં આવશે એટલે તારા તને હણશે નહિ. કપટની (વસુદેવ કપટ કરે છે એવી) શંકા ન રહે તે માટે ('પુત્રો' શબ્દ) બહુ- વચનમાં યોજેલ છે. (બધા પુત્રો સમર્પણ કરવાનું કહેલ છે.) ૫૪.

એ પ્રમાણે (વસુદેવે) દષ્ટ અને અદષ્ટ ઉપાયો કર્યા તેથી (કંસે તેમના વાક્યને) સ્વીકાર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

શ્રીશુક કહે છે :

**સુહૃદ્વધાન્નિવવૃતે કંસસ્તદ્વાક્યસારવિત્ ।।**
**વસુદેવોઽપિ તં પ્રીતઃ પ્રશસ્ય પ્રાવિશદ્ ગૃહમ્ ।।૫૫।।**

તેમના વાક્યનું સત્યપણું જાણનાર કંસ સુહૃદના વધથી અટક્યો. વસુદેવે પણ પ્રસન્ન થઈ, તેની પ્રશંસા કરી ઘરમાં પ્રવેશ કર્યો. ૫૫.

(કંસમાં) વિવેક ઉત્પન્ન થતાં, (તેનું) ચિત્ત વિચારમાં પરોવાયું. તેથી 'આ (દેવકીજી) સુહૃદ્-બેન છે, તેમને આમ શા માટે હણવાં ?' એવા વિચારથી સુહૃદના વધથી તે અટક્યો. 'વસુદેવ ઠગે છે' એવી તો (તેને) શંકા પણ ન હતી, કારણ કે આ (કંસ) તેમના (વસુદેવના) વાક્યનો સાર એટલે સત્યપણું (જાણે છે), એટલે વસુદેવ કોઈપણ સમયે અસત્ય બોલતા નથી એમ જાણે છે. તેથી જ (વસુદેવને ત્યાં) ભગવાનનો અવતાર (થયો). (કંસ વધ કરતાં) અટક્યો. (પછી) રથ હાંકી (તેમને) ઘરે લઈ ગયો, એમ (અર્થથી) સમજાય છે. તેથી જ વસુદેવે પણ તેના (કંસના) મનમાં રહેલ મેલ નીકળી જવાથી પ્રસન્ન થઈ તેની ફરીથી સ્તુતિ કરી, (અને) માર્ગ પૂરો થઈ ગએલ હોવાથી ઘરમાં પ્રવેશ કર્યો. એ પ્રમાણે અનર્થનું સમાધાન (વસુદેવે) ઘણા પ્રયાસથી કર્યું. ૫૫.

આ (અનર્થનું સમાધાન) ભગવાને[૧] જ કર્યું હતું એમ કહેવા, ત્યારપછીનું કાર્ય ઉત્તમ જ થયું. એમ નીચેના શ્લોકથી આરંભી છ[૧] શ્લોકોથી કહે છેઃ

**અથ કાલ ઉપાવૃત્તે દેવકી સર્વદેવતા ।।**
**પુત્રાન્ પ્રસુષુવે ચાષ્ટૌ કન્યાં ચૈવાનુવત્સરમ્ ।।૫૬।।**

પછી સમય થતાં સર્વ દેવતાઓ જેમનામાં રહેલા છે તેવાં દેવકીજીને આઠ પુત્રો અને કન્યાનો વર્ષે વર્ષે (એક પ્રમાણે) પ્રસવ થયો. ૫૬.

---

૧....૧. છ શ્લોકોથી એ અર્થ કહેવાનું તાત્પર્ય કહેલું છે. 'ભગવાને' એટલે 'વસુદેવમાં રહેલા વાસુદેવે' (એ કાર્ય કરેલ. તેથી ભગવાન્ છ ગુણોવાળા હોવાથી છ શ્લોકોથી કહે છે). (લે)

'પછી' એટલે ત્યારપછી જ, ત્યારપછી તરત જ, 'કાલ' એટલે ઋતુસમય થતાં, આઠ વર્ષમાં (દેવકીજીને) બધાએ પુત્રોનો પ્રસવ થયો. કન્યામાં તેમની આસક્તિ થઈ તેથી કન્યાનો પણ (પ્રસવ થયો), 'વર્ષે વર્ષે' એટલે દરવર્ષે એક એક પુત્રનો જન્મ થયો. તેઓ પૂર્ણગર્ભ (ગર્ભમાં પૂરો સમય રહેલા) હતા. એવી રીતે (કોઈ પ્રકારના) ઉપદ્રવ વિના પ્રસવ થવાનું કારણ 'સર્વદેવતા' શબ્દથી કહેલું છે. 'સર્વે દેવતાઓ રક્ષણ માટે જેમની અંદર રહેલા હતા' તેવાં (દેવકીજી હતાં). નવમી કન્યા (પ્રસવી). શ્લોકમાં 'ચ' શબ્દ છે તે એમ જણાવે છે. પ્રસવ વિના કોઈ પણ વર્ષ ગયું નહિ, એમ જણાવવા 'પ્રસુષુવે' ક્રિયાપદમાં (પ્ર) ઉપસર્ગ યોજેલ છે. ૫૬.

જેમ[1] આ (દેવકીજી)ને પુત્રોનો પ્રસવ થયો તેમ વસુદેવે પણ પોતાનું વચન પાળ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**કીર્તિમન્તં પ્રથમજં કંસાયાનકદુન્દુભિઃ ।।**
**અર્પયામાસ કૃચ્છ્રેણ સોનૃતાદતિવિહ્વલઃ ।।૫૭।।**

આનકદુંદુભિએ પ્રથમ ઉત્પન્ન થએલ (પુત્ર) કીર્તિમાનને ઘણા કષ્ટથી કંસને આપ્યો, (કારણ કે) તે અસત્યથી ઘણો ભય પામનાર હતા. ૫૭.

સર્વેનો (કોઈનો પણ) સર્વથી મોટો પુત્ર (બીજાને) આપવા યોગ્ય હોતો (ગણાતો) નથી, તેમાં પણ આ (જ્યેષ્ઠ પુત્ર) મહાન્[2] (ઉમદા સ્વભાવવાળો) હતો. તેવા (મહાન્ જ્યેષ્ઠ પુત્ર)ને પણ આપી દીધો, એવી પોતાની (વસુદેવની) ધર્મપરાયણતા જણાવવા માટે 'પ્રથમ ઉત્પન્ન થએલ કીર્તિમાનને' શબ્દો યોજેલા છે. 'કંસ' એવા નામથી (તેની) ક્રૂરતા જણાવેલી છે. 'આનકદુંદુભિ' શબ્દથી (વસુદેવ પોતાનું) વચન રાખે છે તેનું કારણ કહેલું છે. (વસુદેવે) પોતે જ લઈને, ઘણા કષ્ટથી (તેમ કરવામાં થતાં) શોકને રોકી રાખી, (કંસને) આપ્યો.

'અસત્ય બોલવું તે અધર્મ છે, તેમજ પુત્ર આપવો તે પણ અધર્મ છે. તેમાં જ્યારે પ્રાણનું સંકટ (આવી પડે) ત્યારે અસત્ય બોલવું તે નિંદાને પાત્ર નથી, તેથી પુત્રને જ (વસુદેવે) કેમ ન રાખ્યો ?' એવી શંકા થાય, તેથી, 'તે અસત્યથી ઘણો ભય પામનાર હતા' એમ કહેલ છે; કારણ કે આ (વસુદેવ) આનકદુંદુભિ હતા. આમને (માટે) પુત્ર કરતાં પણ ભગવાનને પ્રાપ્ત કરાવનારું

---

૧. રક્ષા કરવા માટે દેવકીજીમાં ભગવાને સર્વ દેવતાઓને રાખેલ હોવાથી તેમણે પુત્રોનો પ્રસવ કર્યો, તેવી જ રીતે વસુદેવે પણ પુત્ર કંસને સમર્પ્યો. તેથી જ ૫૯મા શ્લોકના આભાસમાં '(આ સમર્પણનું કાર્ય) ભગવાને કરેલ હોવાથી' એમ કહેશે. (લે)

૨. આ પુત્ર કીર્તિમાન (કીર્તિવાળો) હોવાથી મહાન્ હતો. (લે)

સત્ય જ સાચવવા યોગ્ય હતું. પુત્રો તો દેહના સંબંધવાળા છે, (પણ) સત્ય તો ભગવાનના સંબંધવાળું છે. તેમ હોવાથી જો (વસુદેવ) અસત્ય આચરે તો ભગવાનનું સાંનિધ્ય (પ્રાકટ્ય) ન થાય, તેથી તે (એમ કરતાં) ઘણો ભય પામતા. ૫૭.

'પુત્ર આપવો એ દૃષ્ટ છે, સત્ય અદૃષ્ટ છે. દૃષ્ટ અને અદૃષ્ટમાં બાધ્યબાધકભાવ કેવી રીતે થયો ? (અદૃષ્ટે દૃષ્ટનો બાધ કેવી રીતે કર્યો ? અદૃષ્ટથી દૃષ્ટ કેમ દબાઈ ગયું ?)' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**કિં દુઃસહં તુ[1] સાધૂનાં વિદુષાં કિમપેક્ષિતમ્ ।।**
**કિમકાર્યં કદર્યાણાં દુસ્ત્યજં કિં ધૃતાત્મનામ્ ।।૫૮।।**

સાધુઓ શું ન સહન કરી શકે ? વિદ્વાનોને શેની જરૂર હોય ? કદર્યો શું ન કરે ? આત્માને ધારણ કરનારાઓ શું ન તજે ? ૫૮.

પુત્ર ન આપવાનું કારણ શું ૧.લૌકિક મોહ છે ? અથવા ૨. શાસ્ત્ર છે ?

(૧) પહેલું (લૌકિક મોહ) (કારણ) ન હતું, કારણ કે 'સાધુઓ' એટલે શત્રુઓ મિત્રો તથા તટસ્થો પ્રતિ એક સરખો સ્વભાવ રાખનારાઓ શું ન સહન કરી શકે ? મોહને લીધે જ પુત્ર વિગેરેનો વિયોગ સહન ન થઈ શકે તેવો હોય છે, (પણ) જો તે (મોહ) ન હોય તો જેવો પુત્ર તેવો કંસ; અને તેથી કંસને હણનાર પુત્રનું રક્ષણ ન કરવું જોઈએ એવા હેતુથી (તેને) આપી દેવો એ યોગ્ય જ છે.

(૨) '' 'પુત્રથી લોકો જીતે છે, પુત્રથી ધન પ્રાપ્ત કરે છે.' 'પુમ્ નામના નરકમાંથી રક્ષણ કરે (તે પુત્ર)'. 'તું (પુત્ર યજ્ઞ) છે.' વિગેરે (શાસ્ત્રનાં) વાક્યો પ્રમાણે પુત્રથી કરવામાં આવતા ઉપકારોની જરૂર છે'' એવી શંકા થાય, તેથી કહે છે કે 'વિદ્વાનોને એટલે જ્ઞાનવાળાઓને (પોતાની) બહાર રહેલા કયા પદાર્થની જરૂર હોય ?' (તેમને) સાધનની તેમજ ફલની પણ (જરુર હોતી) નથી.

'એમ હોય તો પણ અજ્ઞાન બાલકને પોતાની મેળે વધ કરવા વસુદેવ આપી દે છે તે અયોગ્ય છે' એવી શંકા થાય, તેથી 'કદર્યો શું ન કરે ?' એમ કહે છે. જો પુત્રને ન આપે તો કરેલ કરારનું બંધન જતું રહેવાથી વસુદેવને અસત્ય બોલનાર જાણી, કંસ બધાએ પુત્રો, બધીએ પત્નીઓ અને મને (વસુદેવને) મારી નાખે. તેથી 'કુલને માટે એકનો ત્યાગ કરવો' એ ન્યાય પ્રમાણે પુત્ર આપવો એ જ યોગ્ય છે. વળી 'કંસ એમ (બધાની હત્યા) નહિ કરે' એવી શંકા ન રાખવી; કારણ કે કંસ વિગેરે કદર્યો શું ન કરે ? સર્વનું ઉલ્લંઘન કરી લોભ રાખે તે કદર્યો. 'કુત્સિત'

૧. પાઠભેદ 'નુ'

દુષ્ટ હૃદયરૂપ 'દરી' ગુફામાં જેઓનો સંભવ[2] અથવા સ્થિતિ[3] હોય (તે કદર્યો).

'એમ હોય તો પણ નાસી જવું જ યોગ્ય હતું, પરંતુ નિરપરાધી અજ્ઞાન બાલકની હત્યા યોગ્ય ન હતી' એવી શંકા થાય, તેથી 'આત્માને ધારણ કરનારાઓ શું ન તજે ?' એમ કહેલ છે. 'ધૃતઃ' ધારણ કરેલા છે 'આત્મા' વાસુદેવ જેમણે[4], એટલે 'સર્વ ભલે જાઓ, હરિ રહો' એવી જેઓની બુદ્ધિ છે, તેઓએ ભગવાનથી વિરુદ્ધ બીજા સર્વનો ત્યાગ કરવો જોઈએ. (પુત્ર) ન આપવાથી સર્વનો નાશ થતો હોવાથી, તે (પુત્ર ન આપવો તે) ભગવાનથી વિરુદ્ધ છે, અને તજવા યોગ્ય વસ્તુઓમાં ભગવદીઓને ગુણ અથવા દોષનો કોઈ પણ વિચાર હોતો નથી. તેથી પહેલાં જે આપવાની પ્રતિજ્ઞા કરેલી તે આપવું યોગ્ય જ હતું. ૫૮.

(કંસને પુત્ર આપવાનું કાર્ય) ભગવાને કરેલું હોવાથી (કાંઈ) અનિષ્ટ થયું નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દૃષ્ટ્વા સમત્વં તચ્છૌરેઃ સત્યે ચૈવ વ્યવસ્થિતિમ્ ।।**
**કંસસ્તુષ્ટમના રાજન્ પ્રહસન્નિદમબ્રવીત્ ।।૫૯।।**

---

૨. 'હૃદયમાંથી ઉત્પન્ન થાય છે' શ્રુતિ પ્રમાણે પ્રાણીઓ પિતાના હૃદયમાંથી ઉત્પન્ન થાય છે. જો પિતાનું હૃદય દુષ્ટ હોય તો તેમાંથી ઉત્પન્ન થએલ (પુત્ર) પણ દુષ્ટ જ હોય. કંસ ઉગ્રસેનના વીર્યથી ઉત્પન્ન થએલ ન હતો, પરંતુ દૈત્યના વીર્યથી ઉત્પન્ન થયો હતો, એમ હરિવંશમાં પ્રસિદ્ધ છે. આમ હોવાથી દુષ્ટ વીર્યથી ઉત્પન્ન થએલ શું ન કરે ? બધુંએ કરે. શાસ્ત્રમાં જે કરવાની મના કરેલી હોય તે પણ કરે જ એવો અર્થ છે. (યો)

૩. કોઈવાર (દુષ્ટ) વીર્યથી ઉત્પન્ન થએલ પણ સારા ધર્મોનું આચરણ કરે એમ દેખાય છે, તેથી ગુણ અને દોષ સંગથી થાય છે એમ માનવામાં આવે તેથી આ બીજો પક્ષ કહેલ છે. 'કુત્સિતા દરી' એટલે દુષ્ટ હૃદયમાં, મિત્ર તરીકે અથવા સ્વામી તરીકે સ્થિતિ છે જેમની તે કદર્યો; કંસ જરાસંઘ વિગેરે દુષ્ટોનો મિત્ર હતો, પ્રલંબ વિગેરે દુષ્ટોનો સ્વામી હતો. તેથી મિત્ર અથવા સ્વામી તરીકે દુષ્ટોના હૃદયમાં તેની સ્થિતિ હતી. તેના મિત્રો દુષ્ટ હતા. તેથી દુષ્ટ મિત્રોથી પ્રેરાઈ તે શું ન કરે ? આ બંને રીતે 'કદર્ય' શબ્દની વ્યુત્પત્તિ નિરુક્તની મર્યાદા પ્રમાણે અક્ષરોની સમાનતાથી જ કરેલી છે, તેવી જ રીતે પાછળ 'વૃષાકપિ' શબ્દની અને આગળ 'પૂતના'ની વ્યુત્પત્તિઓ કરેલી છે. (યો)

૪. 'તેથી જ્ઞાની મને સર્વથી પ્રિય છે.' 'તે મને જ્ઞાનથી ધારણ કરે છે.' એ શ્રીમદ્ભાગવત અગીઆરમા સ્કંધના વાક્યો પ્રમાણે જ્ઞાનીભક્તો જ ભગવાનને ધારણ કરે છે. તેથી 'ધૃતાત્મનામ્' શબ્દ જ્ઞાનીભક્તો માટે યોજાએલ છે. (શ્રીમદ્ભગવદ્ગીતા.૭।૧૬.૧૭) પ્રમાણે જ્ઞાનીભકત જ ભગવાનને પ્રિય છે. તેથી ભગવાન્ સિવાયના પદાર્થોમાં તેને વૈરાગ્ય ઉત્પન્ન થએલ હોવાથી તે શું ન તજે ? સર્વને સહેલાઈથી તજે, એવો અર્થ છે. આવા ભક્ત વાસુદેવને ધારણ કરે છે, એમ (ગીતા.૭।૧૯) પરથી જણાય છે. તેમને ધર્મ, અર્થ અથવા કામની અપેક્ષા નથી, તેથી માત્ર મોક્ષની અપેક્ષા હોવાથી મોક્ષ આપનાર વાસુદેવને તેઓ ધારણ કરે તે યોગ્ય જ છે. (યો)

હે રાજા ! શૌરિની તે સમતા અને સત્યમાં સ્થિરતા જોઈને કંસે પ્રસન્ન ચિત્તવાળા થઈ ઘણું હસતાં આ (નીચેના શ્લોકમાં કહેવામાં આવશે તે) કહ્યું. ૫૯.

(કંસે) 'શૌરિ' એટલે વસુદેવની (તેમના) પુત્રમાં અને પોતામાં (કંસમાં) સમતા જોઈ. તે બંને (વસુદેવનો પુત્ર અને કંસ) એક બીજાની હત્યા કરનારા છે, એમ જાણીને પોતે ઉદાસીનતાથી રહેવું તે સમતા. (કંસે વસુદેવની આવી) સમતા અને સત્યમાં તથા પોતાના વચનમાં સ્થિરતા એટલે અચલાયમાનપણું (જોયાં). તે બંનેથી તે ઘણો પ્રસન્ન થયો. રાજાનો ધર્મ તેવો જ છે, એમ જણાવવા 'હે રાજા !' એવું સંબોધન કરેલ છે. આ (વસુદેવ) મુગ્ધ(મૂર્ખ) છે, એમ જણાવવા કંસ ઘણું હસ્યો. પછી તેણે આ (આવતા શ્લોકમાં કહેવામાં આવશે તે) કહ્યું. ૫૯.

**પ્રતિયાતુ કુમારોઽયં ન હ્યસ્માદસ્તિ મે ભયમ્ ।।**
**અષ્ટમાદ્યુવયોર્ગર્ભાન્મૃત્યુર્મે વિહિતઃ કિલ ।।૬૦।।**

આ કુમાર પાછો જાઓ; કારણ કે આનાથી મને ભય નથી. ખરેખર, તમારા આઠમા ગર્ભથી મારું મૃત્યુ કહેલું છે. ૬૦.

આથી એમ જણાય છે કે કીર્તિમાન પાંચ વર્ષનો હતો ત્યારે તેને વસુદેવ કંસને આપવા લઈ ગએલા[૧], અને તે સમયે છઠ્ઠો પુત્ર દેવકીજીના ઉદરમાં હતો. 'પાછો જાઓ' એવા (કંસના) વાક્યથી (એમ જણાય છે). તેમ ન હોત (કીર્તિમાનને લઈ ગયા ત્યારે તે તદ્દન નાનો હોત) તો 'લઈ જાઓ' એમ જ (કંસ) કહેત. '(હું આના) પુત્રો (સમર્પણ કરીશ)' એમ પાછલ ૫૭મા શ્લોકમાં 'પુત્રો' બહુવચનમાં યોજેલ હોવાથી, તે વચન પ્રમાણે ત્યાં સુધી (વસુદેવે કીર્તિમાનને પોતાના ઘેર) રાખેલ. 'પાછો જાઓ' એટલે 'પાછો ફરી ઘેર જાઓ'. આ તમારો (વસુદેવનો) કુમાર છે, પરંતુ મને હણનાર નથી. (તે) નહિ હણે તેનું કારણ

૧. અહિં નીચે પ્રમાણે ભાવ છે. આગળ ૬૬મા શ્લોકમાં દેવકીજી તથા વસુદેવને સાંકળોથી બાંધ્યા પછી જ તેમનાથી જન્મેલા પુત્રોને માર્યા એમ કહેવાનું છે. વસુદેવે પુત્રને આપ્યા પછી તેમનું મરણ થાય તો બંધન યોગ્ય નથી એમ માનીને, નારદે આગળ શ્લોક ૬૨।૬૩માં જે કહેલ છે તે કહ્યું. તેથી આ પુત્ર વસુદેવે કંસને આપ્યો અને કંસે પાછો આપ્યો ત્યાર પછી તરત જ નારદે કંસને એમ કહેલ છે એમ જણાય છે. વસુદેવ અને દેવકીજીને બાંધવામાં આવ્યા પછી ગર્ભ રહેવાનો સંભવ જ નથી. તેથી જ શ્લોક ૬૬માં 'જાતં જાતં' શબ્દ 'જૂદા જૂદા સમયે માર્યા' એમ જણાવતો નથી, એમ આગળ શ્રીસુબોધિનીમાં કહેશે. (ત્યાર પછી ગર્ભ રહે તેમ નહિ હોવાથી તે સમયે પાંચ પુત્રો થયા હતા અને છઠ્ઠો ઉદરમાં હતો એમ માનવું જોઈએ. તેથી કીર્તિમાન પાંચ વર્ષનો થયા પછી વસુદેવ તેને કંસને આપવા લઈ ગયા હતા. પછી ગર્ભ રહી શકે તેમ ન હતું) ભગવાન્ તો અલૌકિક રીતે ગર્ભમાં પધાર્યા હતા. (ટિ)

'આનાથી મને ભય નથી' શબ્દોથી કહેલું છે.

'ત્યારે (પુત્ર આપવાના) કરારનું બંધન મટી જાય છે' એવી શંકા કરવી નહિ. કારણ કે 'તમારા આઠમા ગર્ભથી મારું મૃત્યુ કહેલું છે.' (તેથી) તે (આઠમા ગર્ભ)ને લાવીને (મને) આપવો, એવો (કંસનો) અભિપ્રાય છે. તેથી જ નારદ વિગેરેને આ ગમ્યું નહિ, કારણ કે ભગવાનના ભક્તો (ભગવાન્ સિવાય) બીજામાં[2] પણ નિષ્ઠા (પ્રેમ, શ્રદ્ધા) રાખે તે યોગ્ય નથી. તેથી ઉલટું કરવું[3] (કીર્તિમાન વિગેરેને હણાવવા) પણ યોગ્ય હતું. 'ખરેખર !' શબ્દ આકાશવાણીનો સંબંધ કરાવે છે. (આકાશવાણીએ એવું કહેલ એમ જણાવે છે.) ૬૦.

તે (કંસ) પ્રસન્ન થાય તે માટે જ (કીર્તિમાનને વસુદેવ) લઈ ગયા હતા, તેથી કંસ બીજી રીતે પણ પ્રસન્ન થતાં પુત્રનો ત્યાગ કરવો યોગ્ય નહિ હોવાથી, તેના (કંસના) વાક્યને સ્વીકારી, (વસુદેવ પુત્રને) પાછો લઈ ગયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તથેતિ સુતમાદાય યયાવાનકદુન્દુભિઃ ।।**
**નાભ્યનન્દત તદ્વાક્યમસતોવિજિતાત્મનઃ ।।૬૧।।**

'બરાબર' એમ કહી, પુત્રને લઈને આનકદુંદુભિ ગયા. દુષ્ટ અને વશ નહિ કરેલ અંતઃકરણવાળાનું તેનું વાક્ય તેમણે સાચું માન્યું નહિ. ૬૧.

(વસુદેવ) પોતે જ પુત્રને લઈને ગયા. (તેમણે કંસનો) વિશ્વાસ નહિ રાખવાનું કારણ 'આનકદુંદુભિ' શબ્દથી કહેલ છે. ઘણું દુઃખ પડે ત્યારે જ ભગવાન્ પધારે છે, સુખમાં પધારતા નથી. ભગવાન્ પધારે તે માટે નગારાં અને દુંદુભિઓ વાગ્યાં હતાં. તે બંનેનો વિરોધ થાય છે. (દુઃખને બદલે સુખ થાય છે, અને આનક તથા દુંદુભિ વાગવાનું પ્રયોજન નિષ્ફલ થાય છે.) તેથી દેવે કરેલ સત્ય હોવાથી, કંસે કરેલ જ અસત્ય છે એમ માની, 'આને (કીર્તિમાનને) નહિ મારું' એવા અભિપ્રાયવાળું 'તેનું' એટલે કંસનું વાક્ય તેમણે સાચું ન માન્યું. 'દુષ્ટ' અને 'વશ નહિ કરેલ અંતઃકરણવાળા' શબ્દોથી તેના (કંસનું વાક્ય સાચું નહિ માનવાના) બે કારણો કહેલાં છે. દુષ્ટ સદા એક પ્રકારનો (એકરંગી) હોતો નથી. (તે) અસ્થિર વચનવાળો, ઘાતકી અને પોતાથી વિચારની દઢતા વિનાનો હોય છે.

૨. 'બીજામાં' એટલે 'સત્યમાં'. (પ્ર) ભગવદ્રૂપ આઠમા પુત્રને આપવાનું કબુલ કરી, 'બીજામાં' એટલે બીજા પુત્રોમાં નિષ્ઠા રાખવી યોગ્ય ન હતી. (લે) આ અર્થ વધારે યોગ્ય જણાય છે.

૩. નારદ વિગેરેએ તેથી ઉલટું કરવું યોગ્ય હતું. (લે) તેથી જ નારદે શ્લોક ૬૨।૬૩માં કહેલ વૃત્તાંત કંસને જણાવી, તેથી ઉલટું કરાવ્યું.

તેથી કોઈક એમ જણાવે કે 'પહેલો (પુત્ર) જ આઠમો છે' એટલે (તે) હણશે જ. તેથી દુષ્ટનો વિશ્વાસ ન કરવો. વળી તેને બીજાનાં વાક્ય (કહેવા)ની પણ જરૂર રહેતી નથી. જ્યારે રાક્ષસો ભક્ષણ કરવા માટે પુરુષો માગશે ત્યારે જ આ બધા (પુત્રો)ની હત્યા કરાવશે. ક્રોધ ઉત્પન્ન થવાનાં કારણો ઘણાં હોવાથી, (કંસે) અંતઃકરણને વશ કરેલ નહિ હોવાથી, જ્યારે ક્રોધ ઉત્પન્ન થશે ત્યારે (હણવામાં તે) વિલંબ કરશે નહિ. ૬૧.

મહાપુરુષોનું અંતઃકરણ પ્રમાણ છે. તેથી (વસુદેવે વિચાર્યું હતું) તેમજ થયું, એમ નીચેના શ્લોકથી આરંભી આઠ શ્લોકોથી કહે છેઃ

**નન્દાદ્યા યે વ્રજે ગોપા યાશ્ચામીષાં ચ યોષિતઃ ।।**
**વૃષ્ણયો વસુદેવાદ્યા દેવક્યાદ્યા યદુસ્ત્રિયઃ ।।૬૨।।**

વ્રજમાં નંદ વિગેરે જે ગોપો છે, અને જે તેમની તથા (બીજી) સ્ત્રીઓ છે, વસુદેવ વિગેરે વૃષ્ણિઓ અને દેવકી વિગેરે યાદવોની સ્ત્રીઓ.... ૬૨.

કંસે વસુદેવ પ્રતિ જે (કીર્તિમાનને પાછો આપવાનું) કર્યું તે દેવોને હિત કરનારું ન હતું, તેથી દેવોનું છૂપું કાર્ય કરનાર નારદે પરિણામે અનિષ્ટ કરનાર વસુદેવને દુઃખ ઉત્પન્ન કરવા, દૈત્યરૂપ કંસને ગભરાટ ઉત્પન્ન કરવા અને ભગવાન્ તરત જ પધારે તે માટે સાધારણ (ભક્તો)ને પણ દુઃખ ઉત્પન્ન કરવા ત્રણ વાક્યો[1] કહ્યાં, તે (હવે) કહે છે. યમુનાજીના સામા કિનારે વ્રજમાં નંદ વિગેરે જે ગોપો છે, અને યશોદા વિગેરે તેમની જે સ્ત્રીઓ છે, અને શ્લોકમાં 'ચ' 'તથા' શબ્દથી (જણાવેલી) બીજી જે કુમારિકાઓ છે (તે બધાં); અને (યમુનાજીના) આ કિનારે પણ વસુદેવ વિગેરે જેઓ વૃષ્ણિવંશમાં જન્મેલા છે (તેઓ), અને યદુનાં વંશમાં જેઓ જન્મેલા છે તેમની દેવકીજી વિગેરે જે સ્ત્રીઓ છે (તે)...૬૨.

એ પ્રમાણે એક શ્લોકથી સર્વને જણાવીને, (તેઓ) દેવ છે એમ નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**સર્વે વૈ દેવતાપ્રાયા ઉભયોરપિ ભારત ।।**
**જ્ઞાતયો બન્ધુસુહૃદો યે ચ કંસમનુવ્રતાઃ ।।૬૩।।**

હે ભારત (યમુનાજીના) બંને (કિનારાઓ) ઉપર (રહેલા તેઓ) (તેમજ) (કંસના) પિતરાઈઓ, સંબંધીઓ અને મિત્રો અને જેઓ કંસને અનુસરેલા છે તે બધાએ દેવતા જેવા છે. ૬૩.

---

૧. 'ત્રણ વાક્યો' એટલે ત્રણ શ્લોકો(૬૨થી ૬૪ સુધીના). તેથી જ (ત્રણ શ્લોકો પછી) ઉપસંહાર કરતાં (શ્લોક ૬૫ના આભાસમાં ત્રણ શ્લોકો કહીને) એમ કહેશે. (લે)

(તે) સ્ત્રીઓ અને પુરુષો બધાએ 'દેવતા જેવા' એટલે દેવતાથી સહેજ ઓછા છે, કારણ કે મનુષ્યનો ભાવ પણ તેમનામાં છે. તેથી દેવો પ્રતિ જે કરવું યોગ્ય હોય તે તેઓ પ્રતિ જ કરવું, એમ જણાવેલું છે. 'બંને' એટલે યમુનાજીના બંને કિનારાઓ ઉપર, પશુઓ વિગેરે જે કોઈ રહે છે તેઓ પણ દેવના અંશો છે. 'હે ભારત !' એ સંબોધનનો સંબંધ (શ્લોક ૬૪માં) 'આ કહ્યું' એમ કહેશે, તે સાથે છે. નારદનું એવું વચન ન માનનાર કંસનો તેમાં વિશ્વાસ ઉત્પન્ન કરનારું દેવોનું છૂપું કાર્ય આવું જ હોય છે, એમ જણાવવા એ સંબોધન કરેલું છે. વળી એ પ્રમાણે માત્ર ઉદાસીન (જણાય છે તે)જ દેવો છે એમ નથી, પરંતુ અક્રૂર વિગેરે કંસની સમીપ રહેનારા જે કંસના પિતરાઈઓ છે, જેઓ તેના બંધુ અથવા સંબંધીઓ છે, જેઓ તેના મિત્રો છે, અને જેઓ કંસના સેવકો છે તેઓ અને શ્લોકમાં 'ચ' 'અને' શબ્દથી જણાવેલ (કંસના) પિતા વિગેરે પણ સર્વે દેવો જેવા છે. ૬૩.

એમ કંસને નારદે કહ્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એતત્ કંસાય ભગવાન્ શશંસાભ્યેત્ય નારદઃ ।।**
**ભૂમેર્ભારાયમાણાનાં દૈત્યાનાં ચ વધોદ્યમમ્ ।।૬૪।।**

ભગવાન્ નારદે આવીને કંસને આ અને ભૂમિના ભારરૂપ થએલ દૈત્યોના વધ માટેનો (દેવોનો) ઉદ્યમ કહ્યાં. ૬૪.

નારદ દુષ્ટ ન હતા, એમ જણાવવા 'ભગવાન્' શબ્દ યોજેલો છે. 'કહ્યું' એટલે યુક્તિ સહિત, ઉપાખ્યાનો કહીને એકાંતમાં સમજાવ્યું. તે (એકાંતની વાતચીત)માં ઉપાખ્યાનમાં જે વાક્યોનો સાર નીકળ્યો તે અહિં જણાવેલ છે. આટલાથી જ કાર્ય પતતું હોવાથી, (એકાંતની વાતચીતમાં થએલ) અનુક્રમ ન કહેવાથી કાંઈ દોષ થતો નથી.

'દેવો (ભૂમિ પર) આવે તેથી શું થાય ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. 'ભૂમિના ભારરૂપ કંસ વિગેરે દૈત્યો જન્મેલા છે, તેઓને (આપણે) હણવા' એવી દેવોની મંત્રણા સર્વથી ઉપરના સ્વર્ગમાં થઈ. તે (દૈત્યો)ને હણવા માટે જ, (દૈત્યોના) વધના ઉદ્યમરૂપ દેવોનું (અહિં) આવવું થએલ છે. જેમ (દૈત્યોના) વધ માટે ઉદ્યમ થાય તેવી રીતે આ (બધા) દેવતા જેવા છે, એવું (એક) વાક્ય થાય છે. ૬૪.

એ પ્રમાણે ત્રણ શ્લોકો કહીને ઋષિ ગયા, ત્યારે કંસે જે કર્યું તે નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી કહે છે :

**ઋષેર્વિનિર્ગમે કંસો યદૂન્ મત્વા સુરાનિતિ ।।**
**દેવક્યા ગર્ભસમ્ભૂતિં વિષ્ણું ચ સ્વવધં પ્રતિ ।।૬૫।।**

દેવકીં વસુદેવં ચ નિગૃહ્ય નિગડૈર્ગૃહે ।।
જાતઞ્જાતમહન્ પુત્રં તયોરજનશઙ્કયા ।।૬૬।।

ઋષિ ગયા ત્યારે યદુઓને સુરો માનીને અને દેવકીના ગર્ભમાંથી જેમની ઉત્પત્તિ છે તેમને પોતાના વધ માટે અવતરેલ વિષ્ણુ માનીને, દેવકીજી અને વસુદેવને ઘરમાં સાંકળોથી બાંધી તેમનાથી જન્મેલા દરેક પુત્રને અજનની શંકાથી હણ્યા. ૬૫-૬૬.

અનુવાદમાં પણ જે વિગતો કહેવામાં આવે છે તે પહેલાં નારદે કંસને કહેલી એમ જાણવું. ઋષિએ (નારદે) જ કંસને (પોતાની હાજરીમાં કાંઈપણ કરતાં) અટકાવેલ હોવાથી, તેણે ઋષિની હાજરીમાં કાંઈપણ ન કર્યું. તેણે બે (વાત) જાણી, અને ચાર (કાર્યો) કર્યાં. તેણે જે બે (વાત) જાણી તે (આ શ્લોકમાં) કહે છે. (૧) યદુઓને સુરો એટલે દેવો માન્યા અને (૨) દેવકીના આઠમા ગર્ભમાં ઉત્પત્તિ જેની છે તેવા વિષ્ણુને પોતાના એટલે કંસના વધના સંબંધમાં જ (વધ માટે જ) દેવકીના ગર્ભમાં ઉત્પન્ન થનાર જાણ્યા. ૬૫.

અને પહેલાં વસુદેવને અને દેવકીને અને શ્લોકમાં 'ચ' 'અને' શબ્દ છે, તેથી જણાવેલ બીજા તેમની અંદર સમાવેશ થાય(તેમના સંબંધી ગણાય) તેવાઓને પોતાના ઘરમાં જ સાંકળોથી બાંધીને, 'જાતં જાતં' 'જન્મેલા જન્મેલા' એટલે એક પછી એક જન્મેલા તેમના છ પુત્રોને હણ્યા. 'આઠમો' એ સંખ્યા અપેક્ષાબુદ્ધિથી[1] થતી હોવાથી, અને ક્યાંથી ગણત્રી કરવી તે સંબંધી કાંઈ નિયમ ન હોય તેવું પણ સંભવતું હોવાથી, "(આ) 'અજન' એટલે વિષ્ણુ હશે" એવી શંકાથી (છ પુત્રોને હણ્યા). 'જન્મેલા જન્મેલા' શબ્દ કાલનો ભેદ જણાવનાર નથી, પરંતુ દેવકીથી ઉત્પત્તિ એ જ હણવાનું કારણ છે એમ જણાવવા (યોજેલો છે). એમ ન હોય (જૂદા સમયે દરેક પુત્રનો જન્મ થયો ત્યારે દરેકને હણ્યા હોય) તો ક્ષત્રિયોમાં તેરમા દિવસે જ નામ પાડવાનું સંભવતું હોવાથી, તરતમાં જન્મેલાને જ હણવાથી 'કીર્તિમાન, સુષેણ[2]....' એમ જે (પુત્રોનાં નામો)

૧. સંખ્યામાં (ગણવામાં) અપેક્ષાબુદ્ધિ રહે છે. બે ગણવા હોય તો પ્રથમ એક અને પછી બે ગણાય. બે ગણવામાં એકની જરૂર અથવા અપેક્ષા રહી. તે પ્રમાણે હરકોઈ સંખ્યા જાણવામાં તે પહેલાંની બધી સંખ્યાની અપેક્ષા રહે છે. તેથી સંખ્યા અપેક્ષાબુદ્ધિથી જાણી શકાય છે. પહેલો પુત્ર કોને ગણવો, ક્યાંથી ગણત્રીનો આરંભ કરવો તે સંબંધી કાંઈ નિયમ કદાચ ન હોય, તો આઠમો હરકોઈ આવી જાય. એમ માની બધા (તે સમયે જન્મેલા છ એ) પુત્રોને કંસે એક સાથે તે જ વખતે હણ્યા - પરંતુ જૂદા જૂદા સમયે (દરેકનો જન્મ થતી વખતે) હણેલા નથી.　　　૨. જૂઓ ૯।૨૪।૫૩.

પહેલાના સ્કંધમાં કહેલ છે તે અયોગ્ય (અસંભવિત) થાય. ૬૬.

'એ પ્રમાણે ઘણું જ દુષ્ટ કર્મ કંસે કેમ કર્યું ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**માતરં પિતરં ભ્રાતૄન્ સર્વાંશ્ચ સુહૃદઃ સખીન્ ।।**
**ઘ્નન્તિ હ્યસુતૃપો લુબ્ધા રાજાનઃ પ્રાયશો ભુવિ ।।૬૭।।**

પ્રાણને પોષનારા લોભી રાજાઓ ભૂતલ ઉપર ઘણું કરી માતા, પિતા, ભાઈઓ, સર્વ મિત્રો અને સખાઓને હણે છે. ૬૭.

આ (કંસ) તો દૈત્ય જ હતો. પણ બીજા જે રાજાઓ હોય છે તેઓ પણ માત્ર (પોતાના) પ્રાણને પોષનારા હોય છે, અને તેમાં પણ લોભી હોય છે. લોભ સર્વ ગુણોનો નાશ કરનાર છે, તેથી તેઓ (રાજાઓ)માં ગુણો હોતા નથી, એમ જણાવવા એમ (તેઓને લોભી) કહેલ છે.

'ઘણું કરી' અને 'લોભી' એ બે પદોથી એમ જણાવેલું છે કે અંબરીષ વિગેરે જેવા કેટલાક ધર્માત્મા (રાજાઓ) હોય છે તેઓ લોભી હોતા નથી. ભૂતલ ઉપર આવી જ (ઘણું કરી રાજાઓ પ્રાણને પોષનારા અને લોભી હોય તેવી જ) વ્યવસ્થા છે. તેથી યુધિષ્ઠિર વિગેરેએ પણ પિતામહ (ભીષ્મ) વિગેરેને હણ્યા. જેનાથી પોતાને મરણનો સંદેહ રહે તે (શ્લોકમાં જણાવેલ) પાંચ પ્રકારનાં માતા વિગેરે ઘણું માન આપવા યોગ્ય હોય તો પણ (રાજાઓ) તેમને હણે જ છે. ૬૭.

''આ કંસે 'હું પણ દેવ છું' એવી ભાવનાથી તેઓનું (દેવોનું) હિત જ કેમ ન કર્યું ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**આત્માનમિહ સઞ્જાતં જાનન્ પ્રાગ્વિષ્ણુના હતમ્ ।।**
**મહાસુરં કાલનેમિં યદુભિઃ સ વ્યરુધ્યત ।।૬૮।।**

પહેલાં વિષ્ણુએ હણેલ કાલનેમિ (નામનો) મોટો અસુર પોતે અહિં જન્મેલ છે, (એવું) જાણીને તેણે યદુઓ સાથે વિગ્રહ કર્યો. ૬૮.

પહેલાં (સમુદ્રમાંથી) અમૃતનું મંથન કર્યું ત્યારે ભગવાને દેવોના સૈન્યના પાછલા ભાગના સેનાપતિ[1] કાલનેમિ નામના મોટા અસુરને હણેલો. તે

---

૧. 'હે રાજન્ ! ત્રણ લોકના નાથ ચક્ર ધારણ કરનાર જનાર્દને જેમને જેમને હણ્યા તેઓ તેમના ભક્ત થઈ વિષ્ણુગતિને પામ્યા, કારણ કે દેવનો ક્રોધ વરદાન બરાબર છે' એમ પાંડવગીતામાં કહેલ છે, તેનો વિરોધ મટાડવા આ કહેલ છે. (આ વાક્ય પ્રમાણે કંસ વિષ્ણુગતિને પામી દેવ થયો હોવો જોઈએ. તેથી આ શ્લોકના આભાસમાં કહી તેવી શંકા થાય.)

વાસ્તવિક રીતે તો ભગવાન્ કર્મના ફલ દેવામાં જીવે જે પ્રયાસ કર્યો હોય તેની અપેક્ષા રાખે છે, જૂઓ બ્રહ્મસૂત્ર.૨।૩।૪૨. તેથી ઉપર ઉપરથી મર્યાદાનો ભંગ થતો

(કાલનેમિ) જ આ (હું) કંસ છું એમ પોતાને જાણીને, (વળી ભગવાન્) દેવોની પ્રેરણાથી જ ફરી (મને) હણવા આવે છે એમ જાણીને, યદુઓ દેવ હોવાથી તે બધાઓની સાથે (કંસે) વિરોધ, (વૈર, વિગ્રહ) કર્યો. ૬૮.

બીજું પણ ઘણું જ અયોગ્ય (કાર્ય કંસે) કર્યું, એમ નીચે કહે છેઃ

**ઉગ્રસેનં ચ પિતરં યદુભોજાન્ધકાધિપમ્ ।।**
**સ્વયં નિગૃહ્ય બુભુજે શૂરસેનાન્ મહાબલઃ ।।૬૯।।**

(તે) ઘણાં બલવાળો યદુ ભોજ (અને) અંધકના પતિ (પોતાના) પિતા ઉગ્રસેનને પોતે જ બાંધી શૂરસેન (દેશ) ભોગવવા લાગ્યો. ૬૯.

('ઉગ્રસેન' નામથી જ તેની) મોટાઈ જણાવેલી છે. યદુ, ભોજ અને અંધકના પતિ એટલે જેને (એ) સર્વ સાહાય્ય કરનારાઓ હતા, તેવા પોતાના પિતાને (બાંધ્યા). (યદુ, ભોજ અને અંધક) આ (પણ) છએ પ્રકારના યાદવોનું ઉપલક્ષણ (છએ પ્રકારના યાદવો માટે કહેલ, છએને જણાવનાર ચિહ્ન) છે. તેની (ઉગ્રસેનની) આજ્ઞાથી તેઓ બધા વિપરીત કરે (કંસને બાંધે) એવી માન્યતાથી તેને (ઉગ્રસેનને) સારી રીતે બાંધ્યો. બાંધનાર પણ પોતે (જાતે) જ થયો, એમ 'પોતે જ બાંધી' શબ્દોથી કહેલ છે. શૂરસેન દેશ તેના (ઉગ્રસેનના) ભોગ માટે રાખેલ, તેથી 'શૂરસેન ભોગવવા લાગ્યો' એમ તે ફરીથી કહેલ છે. આ બધું કરવાનું (કંસનું) સામર્થ્ય 'ઘણા બલવાળો' શબ્દથી જણાવેલ છે.

એ પ્રમાણે દેવના અંશવાળાઓ અને ભક્તો સર્વેને થએલ ભગવાનના અવતારના કારણરૂપ ભારે દુઃખનું નિરૂપણ કર્યું. ૬૯.

**ઈતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીના દશમસ્કંધનાં વિવરણમાં જન્મપ્રકરણનો પહેલો અધ્યાય સંપૂર્ણ.**

---

જણાય તેથી દોષ થતો નથી. વળી 'ભક્ત' શબ્દ પાંડવગીતાના વાક્યમાં છે. તેથી જેઓ ભગવાનમાં એકતાન થયા હોય તેમને ભગવાન્ મોક્ષ આપે છે, બધાને મોક્ષ આપતા નથી. વળી 'ક્રોધ વરદાન બરાબર છે' એમ પણ ત્યાં છે. તેથી ભગવાન્ વરદાન અથવા લૌકિક ભોગ આપે તો પણ ચાલે, તેથી તે વાક્યનો વિરોધ થતો નથી. (પ્ર)

# ।। અધ્યાય બીજો ।।

**એવં હેતું નિરૂપ્યાય કૃષ્ણોદ્યમ ઉદીર્યતે ।।**
**મહત્ત્વજ્ઞાપનાર્થાય દ્વિતીયે સવિશેષણઃ ।।કા.૧।।**

એવી રીતે (ભગવાનના અવતારના) કારણનું નિરૂપણ કરીને, હવે બીજા (અધ્યાય)માં મહત્ત્વ (મોટાઈ)[1] જણાવવા માટે વિશેષણ[1] સહિત શ્રીકૃષ્ણનો ઉદ્યમ કહેવામાં આવે છે. કા.૧.

**દુઃખં હેતુરિહાગન્તુમિતિબોધાય તત્કથા ।।**

---

૧-૧. આ શબ્દોથી ભગવાને ઉદ્યમ કર્યો તેનું પ્રયોજન કહેલું છે, એટલે અહિં 'હેતોઃ' 'પ્રયોજનથી' શબ્દ અધ્યાહાર છે. (ક) તેથી જ એટલો પણ વિલંબ સહન નહિ કરતાં (ભગવાને માયાને) ગર્ભને ખેંચી લઈ જવાની આજ્ઞા કરી. બીજા કોઈ અવતારમાં આવું થએલ નથી. (ખ) અથવા બીજા અવતારો કરતાં આ અવતાર મહાન્ છે, એમ જણાવવા ભગવાને માયાને આજ્ઞા કરી, વસુદેવના મનમાં પ્રવેશ કર્યો વિગેરેરૂપ મોટાઈ દર્શાવવા તે (હેતુ અથવા પ્રયોજન) કહેલ છે એવો સંબંધ છે. (ગ) અથવા 'મહત્ત્વ' એટલે પુરુષોત્તમપણું, એ પુરુષોત્તમપણું જણાવવા વિશેષણ સહિત શ્રીકૃષ્ણનો ઉદ્યમ કહેલો છે, એવો વાક્યનો સંબંધ છે; કારણ કે બીજાઓથી આનો ભેદ જણાવનાર આનો અસાધારણ (બીજા કોઈમાં ન હોય તેવો) ગુણ 'વિશેષણ' કહેવાય છે. તેવું અહિં (૧) માયાને આજ્ઞા કરવી તે છે; કારણ કે બ્રહ્મા વિગેરેને પણ મોહ કરનારી માયાને પુરુષોત્તમ વિના બીજો કોઈ આજ્ઞા કરી શકે નહિ, તેમજ તે માયા પણ પુરુષોત્તમ વિના બીજા કોઈને અધીન થાય નહિ. (૨) ભગવાને વસુદેવમાં પ્રવેશ કર્યો કે તરત વસુદેવ કોઈ તેમની પાસે જઈ ન શકે તેવા થયા (એ તેવો બીજો ગુણ છે). (૩) દેવકીજીમાં મને હણનાર છે એવું કંસને જ્ઞાન કરાવવા છતાં, તેના આસુરભાવનો ભગવાને ત્યાગ કરાવ્યો (તે એવો ત્રીજો ગુણ). (૪) બ્રહ્મા વિગેરેએ ભગવાનની સ્તુતિ કરી (એ તેવો ચોથો ગુણ). (ટિ)

ભગવાનને અવતાર લેવાના પ્રયોજનનું મહત્ત્વ જણાવવા ભગવાને ઉદ્યમ કર્યો. (૧) ભગવાન્ ભક્ત ઉપર પ્રેમ રાખનારા છે, એવો ભગવાનનો સ્વભાવ જણાવવો એ પ્રયોજન છે. તેનું મહત્ત્વ જણાવવા ભગવાને ઉદ્યમ કર્યો. (૨) આવો ભગવાનનો સ્વભાવ તો પ્રહ્લાદના સંબંધમાં (હિરણ્યકશિપુના અવતારમાં) પણ જણાએલ છે, પણ પ્રહ્લાદનું રક્ષણ તો ભગવાને જ્ઞાનવાળી મર્યાદાભક્તિથી કરેલ, અહિં આ અવતારમાં જ્ઞાનવાળી મર્યાદાભક્તિથી રક્ષણ કરતા નથી. તેથી ઉદ્યમનું બીજું પ્રયોજન (ટિપ્પણીમાં) કહેલ છે, કે આ અવતાર બીજા અવતારોથી મહાન્ છે એમ જણાવવું એ પ્રયોજન છે. (૩) આટલાથી પણ (આ બીજા) અધ્યાયનું તાત્પર્ય સંપૂર્ણ રીતે જણાતું નથી, તેથી ત્રીજું પ્રયોજન (ટિપ્પણીમાં) કહેલ છે, કે આ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે, એમ જણાવવું એ પ્રયોજન છે. આ ત્રણે અર્થ 'મહત્ત્વજ્ઞાપનાય' શબ્દના લેવાના છે, વિકલ્પે એક એક અર્થ લેવાનો નથી. (પ્ર)

**પુનર્નિરૂપ્યતે સ્પષ્ટા શીઘ્રાગમનહેતુકા ।।કા.૨।।**

(ભગવાનને) અહિં પધારવાનું પ્રયોજન[2] (ભક્તોનું) દુઃખ છે, એવો બોધ કરવા (ભગવાનના અહિં) તરત પધારવાના કારણરૂપ તે (દુઃખ)ની કથાનું સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવે છે[3]. કા.૨.

**સર્વેષાં જ્ઞાપનાર્થાય કંસવાક્યં તથા સ્તુતિઃ ।।**
**અન્યથા ભગવાનેવ પ્રાદુર્ભૂતઃ કથં ભવેત્ ।।કા.૩।।**

સર્વને[4] (શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે, એમ) જણાવવા માટે કંસનું વાક્ય[5] અને (બ્રહ્મા વિગેરેની) સ્તુતિ[6] (કહેલાં છે). તેમ (કંસનું વાક્ય અને સ્તુતિ) ન હોય તો ભગવાન્ (પુરુષોત્તમ)નો જ પ્રાદુર્ભાવ થયો છે. એમ કેમ થાય (જણાય) ? કા.૩.

પહેલાં (પહેલા અધ્યાયમાં) સામાન્ય રીતે (યદુઓ સાથે કંસનો) વિરોધ કહી, ભગવાન્ તરત જ પધારે તે માટે લોકમાં કંસે કરેલ અતિશય ઉપદ્રવ નીચેના શ્લોકથી આરંભી સાડાત્રણ શ્લોકોથી કહે છે :

।। શ્રીશુક ઉવાચ ।।

**પ્રલમ્બબકચાણૂરતૃણાવર્તમહાશનૈઃ ।।**

---

૨. અહિં હેતુ ('દુઃખં હેતુઃ' માં 'હેતુ' શબ્દ છે તે) શબ્દ પ્રયોજનના અર્થમાં યોજાએલ છે. (કા)

૩. પહેલી કારિકામાં 'મહત્ત્વ જણાવવા માટે' એમ જે પ્રયોજન કહ્યું, તેના (ટિપ્પણીમાં ત્રણ અર્થો કરેલ છે તે પૈકી) પહેલા અર્થનું સ્પષ્ટ નિરૂપણ આ કારિકાથી થાય છે. (પ્ર)

૪. 'સર્વને' એટલે સર્વ દૈત્યોને ભગવાનનો અવતાર થયો છે, એમ જણાવવા કંસ શ્લોક ૨૦માં કહેલ વાક્ય કહે છે. આ ટિપ્પણીજીમાં 'મહત્ત્વ જણાવવા માટે' પ્રયોજનનો જે બીજો અર્થ કહ્યો છે તે સ્પષ્ટ કરે છે, કારણ કે આ વાક્યથી એવો બોધ થાય છે, કે બીજા બધા અવતારો કરતાં આ અવતાર અધિક છે. (પ્ર) 'સર્વ'નો અર્થ 'સર્વ દૈત્યો' કરવા કરતાં 'સર્વ ભક્તો' વધારે યોગ્ય જણાય છે.

૫. 'મહત્ત્વ જણાવવા માટે' પ્રયોજનનો ટિપ્પણીમાં જે ત્રીજો અર્થ કર્યો તે અર્થ લેતાં, ભગવાનનો અવતાર લેવાનો વિશેષણ સહિત ઉદ્યમ કહેલ છે. તેમાં જણાવેલ વિશેષણોનું આ કારિકામાં વિવરણ કરેલું છે. કંસનું શ્લોક ૨૦માંનું વાક્ય, અને બ્રહ્મા વિગેરેની સ્તુતિ સર્વ ભક્તોને 'શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે' એમ જણાવવા કહેલાં છે. ભગવાનની માત્ર સન્નિધિથી દૈત્ય કંસને પણ શ્લોક ૨૧ તથા ૨૨માં જણાવ્યું તેવું જ્ઞાન ઉત્પન્ન થાય છે (૨૨મા શ્લોક પરનાં શ્રીસુબોધિની જોવાં) (તેથી શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એમ જણાય છે). વળી (તત્ત્વદીપનિબંધ ૩।૩।૧૫૯)માં જણાવ્યા પ્રમાણે બ્રહ્મા મુખ્ય રીતે પૂર્ણ શ્રીકૃષ્ણની જ સ્તુતિ કરે છે, તેથી આ બ્રહ્મા વિગેરેની સ્તુતિ પણ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ હોય તો જ સંભવે તેવી હોવાથી, (શ્રીકૃષ્ણ પુરુષોત્તમ જ છે એમ જણાવે છે.) (લે+કા)

૬. 'મહત્ત્વ જણાવવા માટે' પ્રયોજનનો ટિપ્પણીમાં ત્રીજો અર્થ કહ્યો તે આ બ્રહ્મા વિગેરેએ કરેલી સ્તુતિથી સ્પષ્ટ થાય છે. (પ્ર)

**મુષ્ટિકારિષ્ટદ્વિવિદપૂતનાકેશિધેનુકૈઃ ।।૧।।**
**અન્યૈશ્ચાસુરભૂપાલૈર્બાણભૌમાદિભિર્યુતઃ ।।**
**યદૂનાં કદનં ચક્રે બલી માગધસંશ્રયઃ ।।૨।।**

ઘણા આહારવાળા પ્રલંબ, બક, ચાણૂર અને તૃણાવર્ત સાથે, મુષ્ટિક, અરિષ્ટ, દ્વિવિદ, પૂતના, કેશી અને ધેનુક સાથે અને બાણ, ભૌમ વિગેરે બીજા આસુર રાજાઓ સાથે મળીને, માગધના આધારવાળા બલવાને (કંસે) યદુઓનો અન્યાયથી નાશ કર્યો. ૧-૨.

પ્રલંબ દૈત્ય હતો (અને) દૈત્યના રૂપમાં જ રહેતો. બક પક્ષીના રૂપમાં (રહેનાર) દૈત્ય હતો. ચાણૂર મનુષ્યના રૂપમાં (રહેનાર) દૈત્ય હતો. તૃણાવર્ત વંટોળીઆના રૂપમાં (રહેનાર) રાક્ષસ હતો. આ (ચાર) જ બહુ આહારવાળા એટલે ઘણું ખાનારા હતા. આ (વિશેષણ)થી એમ જણાવેલું છે કે 'યદુઓનો અન્યાયથી નાશ કર્યો' એમ કહેલ હોવાથી (આ ચારે) યદુઓનું ભક્ષણ કરેલું. કેટલાક બહુ આહારવાળો અઘ હતો એમ કહે છે. ત્યાં (એવો અર્થ લેવામાં) નામોની અંદર વ્યુત્પત્તિથી થતો અર્થ લેવો એ વિચાર કરવા જેવું છે (યોગ્ય નથી). મુષ્ટિક ચાણૂર જેવો[૭] હતો. જેમ બલભદ્રે હણેલા પ્રલંબને (શ્લોકના પૂર્વાર્ધમાં) પહેલો ગણાવેલો છે, તેમ (બલભદ્રે હણેલા) મુષ્ટિકને પણ (ઉત્તરાર્ધમાં પહેલો ગણાવેલો છે). અરિષ્ટ બળદના રૂપમાં હતો, (તેને) બકની પેઠે (ભગવાને હણેલો). દ્વિવિદ વાંદરો હતો. પૂતના રાક્ષસી હતી. કેશી અશ્વના રૂપમાં હતો. ધેનુક ગધેડાના રૂપમાં હતો. ૧.

બીજા પણ જેઓ અસુરો હોઈ રાજાઓ (થએલા) તેવા પ્રકારના સેંકડો હતા. બાણ બલિનો પુત્ર હતો. નરક એટલે ભૌમાસુર. 'વિગેરે' શબ્દથી જરાસંધ વિગેરેને કહેલા છે. પ્રલંબ વિગેરે છૂપા રહેલા યદુઓને પીડતા, (અને) બાણ વિગેરે પ્રકટ (પ્રસિદ્ધ રીતે રહેતા) (યદુઓને પીડતા). એવી રીતે આ બધાઓથી (કંસે) યદુઓનું 'કદનમ્' એટલે અન્યાયથી નાશ કર્યો. આ (બધા) (કંસની) આજ્ઞા પ્રમાણે વર્તતા હતા, તેનું કારણ 'બલવાન' શબ્દથી કહેલ છે. માગધ એટલે (કંસનો) સસરો જરાસંધ (તેને) સાહાય્ય કરનાર હતો. તેણે પણ દિગ્વિજયમાં (કંસથી) પરાજય પામી, (પોતાની) બે દિકરીઓ (તેને) આપેલી. આ બધામાંથી કોઈ પણ (કંસની) આજ્ઞાનું ઉલ્લંઘન કરતો ત્યારે જરાસંધ (તેને) હરાવી વશ કરતો, તેથી (જરાસંધને) આધાર કહેલ છે. ૨.

૭. 'ચાણૂર જેવો' એટલે 'મનુષ્યના રૂપમાં રહેનાર દૈત્ય' (લે)

પીડાયેલા (યદુ)ઓએ જે કર્યું તે નીચેના (દોઢ) શ્લોકથી કહે છેઃ

**તે પીડિતા નિવિવિશુઃ કુરુપાઞ્ચાલકૈકયાન્ ।।**

**શાલ્વાન્ વિદર્ભાન્ નિષધાન્ વિદેહાન્ કોશલાનપિ ।।૩।।**

પીડાએલા તેઓ કુરુ, પાંચાલ, કૈકય, શાલ્વ, વિદર્ભ, નિષધ, વિદેહ અને કોશલ દેશોમાં જઈ વસ્યા. ૩.

પહેલાં (પહેલા દોઢ શ્લોકમાં) કહેલાઓથી પીડાએલા કુરુદેશ એટલે હસ્તિનાપુર દેશમાં જઈ વસ્યા. તેવી જ રીતે બીજાઓ 'પાંચાલ' એટલે કંપિલા વિગેરે દેશમાં, 'કૈકય' એટલે ચિત્રકુટ વિગેરે દેશમાં, 'શાલ્વ' એટલે પશ્ચિમ દેશમાં, 'નિષધ' એટલે ઉત્તર દેશમાં, 'વિદર્ભ' એટલે દક્ષિણ દેશમાં, 'વિદેહ' એટલે તે (રાક્ષસો)થી નહિ ભોગવાતા દેશમાં, (અને) 'કોશલ' એટલે અયોધ્યા દેશમાં જઈ વસ્યા એટલે (ત્યાં) છૂપી રીતે રહ્યા. આ રાજાઓ ધર્માત્મા હતા. તેથી પોતાના દેશનો ત્યાગ કરી (તેઓ) કુટુંબ સહિત ત્યાં જ રહ્યા એવો અર્થ છે. ૩.

વળી જેઓ બહાર નીકળી શક્યા નહિ, તેઓ કંસના જ સેવક થઈ રહ્યા, એમ નીચેના (અર્ધા) શ્લોકથી કહે છે :

**એકે તમનુરુન્ધાના જ્ઞાતયઃ પર્યુપાસતે ।।૩ા ।।**

કેટલાક જ્ઞાતિઓ તેને અનુસરીને તેની સેવા કરવા લાગ્યા. ૩ા.

અક્રૂર વિગેરે કેટલાક જ્ઞાતિઓ એટલે સગોત્રીઓ તેને અનુસરીને એટલે તેને વીંટાઈને તેના સેવક તરીકે રહીને, સર્વ તરફથી તેની સેવા કરવા લાગ્યા. એ પ્રમાણે (ભગવાન્ અવતાર લેવાનો) ઉદ્યમ કરે તે માટે (તેના) કારણ તરીકે બધાને ઘણું દુઃખ થયું એમ જણાવેલ છે. ૩ા.

ભગવાનનો અવતાર લેવાનો ઉદ્યમ કહેવા માટે, દેવકીજીનું બંધન જેની પહેલાં થએલું તે[1] (બંધન થયું તે પછીનું) ચરિત્ર નીચેના દોઢ શ્લોકથી કહે છેઃ

---

૧. અહિં ભાવાર્થ નીચે પ્રમાણે છે :– પહેલા અધ્યાયના શ્લોક ૬૨ થી ૬૪ સુધીમાં નારદે કંસને કહેલી વાત કહી. તે વાત જ્યારે કંસને નારદે કહી ત્યારે કંસે દેવકીજીના છ પુત્રોને હણ્યા, અને દેવકીજીને બાંધ્યાં. અહિં ચોથા શ્લોકના ઉત્તરાર્ધથી તે કહી, પાંચમા શ્લોકના ઉત્તરાર્ધથી સાતમો ગર્ભ દેવકીજીના હર્ષ અને શોકને વધારનાર થયો એમ કહી, ભગવાને તરત અવતાર લેવાનું કારણ જણાવેલું છે. (સાતમો ગર્ભ બંધન પહેલાં દેવકીજીને રહેલ, પરંતુ) પહેલાં તે શોક વધારનાર ન હતો; પણ જ્યારે છ પુત્રોને કંસે હણ્યા ત્યારે 'આ સાતમાને પણ તે હણશે' એવા વિચારથી તે દેવકીજીના શોકને વધારનાર થયો. આ સર્વ (છ પુત્રોની હત્યા તથા સાતમા ગર્ભથી દેવકીજીના શોકની વૃદ્ધિ) (દેવકીજી તથા વસુદેવના) બંધન પછી થયું, તેથી બંધન જ જેની પહેલાંની અવધિ છે, (એટલે બંધન જેની પહેલાં

**હતેષુ ષટ્સુ બાલેષુ દેવક્યા ઔગ્રસેનિના ।।૪।।**
**સપ્તમો વૈષ્ણવં ધામ યમનન્તં પ્રચક્ષતે ।।**
**ગર્ભો બભૂવ દેવક્યા હર્ષશોકવિવર્ધનઃ ।।૫।।**

ઔગ્રસેનિએ દેવકીજીના છ બાલકોને હણ્યા ત્યારે (દેવકીજીનો) સાતમો ગર્ભ (જે) વિષ્ણુનું ધામ છે અને જેને અનંત કહે છે તે દેવકીજીના હર્ષ અને શોકને વધારનાર થયો. ૫.

દેવકીજીના છ બાલકોને ઔગ્રસેનિએ હણ્યા. (કંસે પોતાના) ભાણેજોને હણ્યા. તેથી (તેને) પિતા (ઉગ્રસેન)ના નામથી (ઔગ્રસેનિ કહી) ઓળખાવેલ છે. (ભાણેજોને હણ્યા એમ કહ્યું તેથી) બીજાઓને[૨] હણ્યા એ સમજાઈ જ ગયું; કારણ કે લોકમાં ભાણેજ બહુ માન આપવા યોગ્ય છે. ૪.

'તેણે (કંસે) છ ગુણોને 'આ ભગવાન્ છે' એવી બુદ્ધિથી[૩] હણ્યા, તેથી ધર્મોનું સ્થાન થએલ[૪] અક્ષરરૂપ (ગર્ભમાં) આવ્યા. તેને પણ કંસ મારશે' એવી શંકા થાય, તે 'વિષ્ણુનું ધામ' શબ્દથી દૂર કરે છે. આ ('વિષ્ણુ' શબ્દ) થી એમ જણાવ્યું છે કે 'વિષ્ણુ' એટલે સર્વ સ્થલે રહેનાર, સર્વની રક્ષા કરનાર, પોતાની રક્ષા કરે તેમાં સંદેહ નથી. 'સાતમો' એ છેલ્લી હદ[૫] છે. છ ધર્મો (છે) અને તેઓનો

---

થએલું) તેવું ચરિત્ર અહિં કહે છે એવો અર્થ છે. તેથી જ આગળ (અઢારમા શ્લોકના આભાસમાં) 'છ પુત્રો હણાયા તે પહેલાં જ સંકર્ષણ ગર્ભમાં (આવેલ)' એમ કહેશે. છ પુત્રો જેમનામાં આસુરભાવ હતો તેમને હણ્યા, અને સંકર્ષણગર્ભના સંબંધમાં (દેવકીજીને) દુઃખ થયું એ ભગવાનનું જ ચરિત્ર છે. (ટિ) એ છ પુત્રો હિરણ્યકશિપુના પુત્રો હોવાથી તેમનામાં આસુરભાવ હતો. (પ્ર) જૂઓ. ૧૦।૮૨।૪૭ થી ૪૮.

૨. 'બીજાઓને' એટલે 'યદુઓને' એવો અર્થ છે. (લે)

૩. 'બુદ્ધિથી' એટલે 'આ ભગવાન્ છે એવી બુદ્ધિથી'. ગયા અધ્યાયના ૬૬મા શ્લોકમાં તેમને 'અજન' હોવાથી શંકાથી હણ્યા એમ કહેલ છે. તેથી ધર્મી જાણી તેમને હણેલ હોવાથી, ધર્મી ગર્ભમાં આવ્યા એવો અર્થ છે. (લે)

૪. 'ધર્મોનું સ્થાન' શબ્દથી છ પુત્રો હણાયા તે આ અક્ષરના ધર્મરૂપ હતા એમ જણાવેલ છે. પુરુષોત્તમના ધર્મનું તો કોઈથી નિવારણ થઈ શકે જ નહિ. આથી ૧૦।૮૨।૪૭ થી ૪૮નો વિરોધ થતો નથી; કારણ કે 'તે જ બ્રહ્મ કાર્યના આકારથી (આકારવાળું) પણ થાય છે' એવો સિદ્ધાંત હોવાથી 'ક્ષર' એ અક્ષરનો ધર્મ છે, અને તેથી તે અક્ષરરૂપ ગણાય તેમાં દોષ નથી. (પ્ર)

૫. 'છેલ્લી હદ' એટલે 'આનંદમીમાંસા વિગેરેમાં કહેલી મોટાઈની છેલ્લી હદ' એવો અર્થ છે. આગળ (તે કેવી રીતે છેલ્લી હદ ગણાય) તેનું વિવરણ કરેલું છે. આ મહત્ત્વ જણાવનાર પરિકર છે. (પ્ર)

આધાર થએલ સાતમો ધર્મી છે. પુરુષોત્તમ તો તે (સાતમા ધર્મી)થી પણ અધિક છે. તેથી આ (સાતમો ગર્ભ) પુરુષોત્તમ નથી, એમ જણાવવા 'ધામ' શબ્દ યોજેલ છે; કારણ કે જેને લોકો 'અનંત' એટલે કાલરૂપ કહે છે, તે અનંત સાતમા ફેરામાં ગર્ભ (તરીકે) પ્રકટ થયા. તેમનામાં અર્ધ આનંદ[૬] પ્રકટ થએલ હોય છે, તેથી તે દેવકીજીના હર્ષ તથા શોકને વધારનાર થયા. (તે) મોટા (હતા) તેથી (દેવકીજીને) હર્ષ થયો. (તેમનો) પ્રભાવ (દેવકીજીએ) જોએલ નહિ હોવાથી, તેવા પણ હણાવાના છે એમ (જાણી તેમને) શોક થયો. ૫.

આમ થતાં ભક્તો પર દયા (ભગવાને) રાખેલી[૧] હોવાથી દયાથી પરિપૂર્ણ થએલા ભગવાને તરત જ ઉપાય કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ભગવાનપિ વિશ્વાત્મા વિદિત્વા કંસજં ભયમ્ ।।**
**યદૂનાં નિજનાથાનાં યોગમાયાં સમાદિશત્ ।।૬।।**

વિશ્વાત્મા ભગવાને પણ પોતે જેમના નાથ છે તેવા યદુઓને કંસથી થએલ ભય જાણીને યોગમાયાને (નીચે પ્રમાણે) આજ્ઞા કરી. ૬.

પહેલાં (કંસે) કરેલ અપરાધનો ઉપાય કરવા[૨], અને જો (કંસ) સાતમા ગર્ભનો સ્પર્શ કરે તો તે (સાતમા ગર્ભ)થી જ તે (કંસ) હણાઈ જાય તેવો સંભવ હોવાથી (પહેલાં કરેલ અપરાધનો) ઉપાય થઈ શકે નહિ[૩], તેથી તરત જ પોતે (ભૂતલ ઉપર) પધારવા, છ ગુણોના ઐશ્વર્યવાળા ભગવાને તે ગર્ભને બીજે લઈ જવા યોગમાયાને આજ્ઞા કરી. ભગવાનની જે શક્તિ જગતનું કારણ થએલી છે તે યોગમાયા (કહેવાય છે). (ભગવાન્) લોકોનું દુઃખ જાણતા હતા, એમ જણાવવા

---

૬. 'ત્યારે સાતમા ગર્ભથી દેવકીજીના હર્ષનો વધારો થયાનું કહ્યું તે ઘટતું નથી' એવી શંકા થાય, તેથી 'તેમનામાં અર્ધ આનંદ પ્રકટ થએલ હોય છે' એમ કહેલ છે. પૂર્ણ આનંદ તો પુરુષોત્તમમાં જ હોય છે, તેથી દેવકીજીના મનમાં પુરુષોત્તમ પધાર્યા ત્યારે તેમનામાં આનંદનો જ આવિર્ભાવ થયો; પરંતુ તેમને કારાગૃહમાં રાખેલ હોવાથી, બીજાઓને તે (દેવકીજી) તે સમયે તેવાં (પૂર્ણ આનંદવાળાં) દેખાતાં ન હતાં. એમ સરસ્વતીના દૃષ્ટાંતથી આગળ શ્લોક ૧૯માં કહેશે. આ (અનંત) આનંદમય હોવા છતાં, (તેમને) પ્રભુનો સંગમ થાય ત્યારે જ તે પૂર્ણ આનંદ પ્રકટ કરે છે. તેથી (ગર્ભમાં આવ્યા ત્યારે) તેમનામાં અર્ધ આનંદ જ પ્રકટ હતો. (ટિ)

૧. આ ૩।૨૧।૩૮માં જણાવેલ છે. (પ્ર)

૨. કીર્તિમાન વિગેરે પુત્રોને હણી અપરાધ કરેલ તેનો ઉપાય કરવા, એટલે કંસને હણી ૧૦।૪૨।૨થી ૯ સુધીનાં વચનો માતાપિતાને કહી ૧૦।૪૨।૧૦માં જણાવ્યા પ્રમાણે તેમને આનંદ કરાવવા. (લે)

૩. કારણ કે પરમાનંદ પ્રકટ થાય નહિ ત્યાં સુધી બધું દુઃખ મટે નહિ. (પ્ર)

'વિશ્વાત્મા' શબ્દ યોજેલ છે. (ભગવાને) યદુઓને કંસથી થએલ ભય જાણ્યું. (ભગવાન્) બધાઓનું સ્વરૂપ જાણે છે જ તો પછી યાદવોનું જાણે તેમાં શું આશ્ચર્ય ? તેઓ (યાદવો)ને જ દુઃખ થયું ત્યારે ઉપાય કરવાનું કારણ 'પોતે જેમના નાથ છે તેવા' વિશેષણથી કહેલું છે. 'નિજઃ' પોતે જ 'નાથઃ' નાથ છે જેમના, તેવા (યાદવો હતા). માત્ર ઈચ્છાથી જ સર્વ થતું નથી, એમ (દર્શાવવા)[૪] (ગર્ભને એક સ્થલેથી બીજે સ્થલે પહોંચાડવામાં) દષ્ટ (દેખીતું) કારણ જણાય તે માટે યોગમાયાને (ભગવાને) આજ્ઞા કરી. ૬.

નીચેના શ્લોકથી આરંભી નવ શ્લોકોથી[૧] ભગવાનની આજ્ઞા[૨] જ કહે છેઃ

**ગચ્છ દેવિ વ્રજં ભદ્રે ગોપગોભિરલંકૃતમ્ ।।**
**રોહિણી વસુદેવસ્ય ભાર્યાસ્તે નન્દગોકુલે ।।**
**અન્યાશ્ચ કંસસંવિગ્ના વિવરેષુ વસન્તિ હિ ।।૭।।**

હે દેવી ! હે ભદ્રે ! ગોપ ગોપી અને ગાયોથી શોભતા વ્રજમાં જા. નંદના ગોકુલમાં વસુદેવની પત્ની રોહિણી છે. કંસથી દુઃખ પામેલી બીજી (સ્ત્રી)ઓ પણ ગુફાઓમાં રહે છે. ૭.

આરંભમાં તું વ્રજમાં જા; કારણ કે ત્યાં જવાથી તને સુખ થશે. મથુરામાં દૈત્યોનો આવેશ હોવાથી, અને તેઓ (દૈત્યો)ના ભગવાન્ માયારૂપ હોવાથી આ (યોગમાયા) પણ જો ત્યાં જાય તો તેઓ (દૈત્યો)નું જ કાર્ય કરે, તેથી માત્ર દેવોએ જ જેનો આશ્રય કરેલ છે તેવા ગોકુલમાં જા, એવી (ભગવાનની) આજ્ઞા (થઈ), કારણ કે તું (યોગમાયા) દેવતારૂપ છે, દૈત્યનું હિત કરનારી નથી. તેથી (દેવતારૂપ હોવાથી) ('હે દેવી !') એવું સંબોધન કરેલું છે. 'વ્રજ'[૩] શબ્દથી જંગમપણું કહેલું છે, તેથી સ્થાવર નગરથી[૪] (તે) ઉત્તમ છે.

---

૪. 'તેમણે રમણ કર્યું નહિ જ' વિગેરે શ્રુતિમાં 'તેમણે તપ કર્યું' વિગેરે બીજાં સાધનો કહેલાં છે. તેથી ભગવાન્ પોતાની ઈચ્છાથી જ સર્વ કરવા સમર્થ હોવા છતાં, તે કાર્ય થવાનું બીજું કોઈ દૃષ્ટ દ્વાર દર્શાવે છે એવો નિશ્ચય થાય છે. તે પ્રમાણે અહિં ભગવાને યોગમાયાને આજ્ઞા કરી. (પ્ર)

૧. આ નવ શ્લોકો પૈકી પ્રથમ શ્લોક (આ શ્લોક) છ ચરણનો જાણવો. (પ્ર)

૨. 'શુક' અધ્યાહાર છે. (શુક ભગવાનની આજ્ઞા કહે છે) (લે)

૩. 'વ્રજ્' એટલે જવું. તેથી 'વ્રજઃ' શબ્દ જંગમપણું દર્શાવે છે.

૪. 'ન ગૃણાતિ ઈતિ નગરમ્' 'બોલતું નથી તે નગર'. તેથી તે (બોલતું નહિ હોવાથી) સ્થાવર બરાબર છે, અભિમાનથી તે અક્કડ જ રહે છે તેથી તે (બોલતું નથી અને સ્થાવર તુલ્ય છે.) (ટિ)

'ત્યાં (વ્રજમાં) રહેલાં દેવોને માયાના (ત્યાં) જવાથી ઘણો મોહ થાય તેવો સંભવ હોવાથી, (તેના ત્યાં જવાથી) ઊંધું (ખરાબ) પરિણામ આવશે' એવી શંકાનું 'હે ભદ્રે !' શબ્દથી નિરાકરણ કરેલું છે. તું (યોગમાયા) કલ્યાણરૂપ છે. દેવોને જે કલ્યાણરૂપ દેવતા આ લોકમાં સુખ આપનારી છે તે (તું છે). તે (દેવતા)નું ભોળા પુરુષો ઘણું સન્માન કરે છે. તેથી તેનું માન થશે એમ જણાવવા[૫] 'ગોપ ગોપી અને ગાયોથી શોભતા' વિશેષણ યોજેલ છે. 'ગોપાશ્ચ' ગોપો 'ગોપ્યશ્ચ' અને ગોપીઓ તે 'ગોપાઃ ગોપાશ્ચ' ગોપ તથા ગોપીઓ 'ગાવશ્ચ' અને ગાયો[૬]. તે બેઉ તે સ્થાનની શોભારૂપ થએલાં છે. તેમનાથી જ ત્યાંની (તે સ્થાનની) શોભા છે. જે બીજો ત્યાં રહે છે તે તો તેમને અનુકૂલ જ હોય છે, એટલે તેમને (ગોપ ગોપીઓ તથા ગાયોને) કાંઈ નડતર (વિઘ્ન કરનાર) નથી, એમ જણાવેલ છે. તેથી દર્શનથી જ ત્યાં (વ્રજમાં) સુખ થશે એમ કહેલ છે.

ત્યાં જઈને મારે શું કામ (કરવાનું) ? એમ જાણવાની ઈચ્છા થાય, તેથી બીજું ચરણ કહેલ છે. વસુદેવની પત્ની રોહિણી ત્યાં છે.

ત્યાં રહેવામાં તેમને શું સંબંધ છે? એવી શંકા થાય તેથી 'નંદના ગોકુલમાં' શબ્દ યોજેલ છે. નંદનાં સંબંધવાળા ગોકુલમાં રહે છે. આથી નંદ અને વસુદેવ ભાઈઓ છે એમ જણાવેલું છે. 'તે ત્યાં એ પ્રમાણે કેમ રહે છે' એવી [૭]શંકા દૂર

---

૫. 'ગોપાશ્ચ ગોપ્યશ્ચ ગોપાઃ' એ એકશેષ દ્વન્દ્વ સમાસ થયો, ગોપો, ગોપીઓ અને ગાયો એ ત્રણેથી વ્રજની શોભા છે. તેમાં ગોપો અને ગાયો પોતાના વ્યવહારથી સ્પષ્ટ રીતે વ્રજને શોભાવે છે. ગોપીઓ તો સાક્ષાત્ શ્રુતિઓ છે. ભગવાને તેમને વરદાન આપેલું અને તેથી રાસોત્સવમાં ભગવાનનો સંગમ થશે એવી આશાથી ત્યાં રહીને પરસ્પર ભગવાનના ગુણો ગાઈ ફરતાં વ્રજને શોભાવે છે. તેઓ મુખ્ય રીતે વ્રજનું ભૂષણ છે. તેઓ ગુપ્ત રીતે જ વ્રજનું ભૂષણ છે, કારણ કે ભગવાન્ તેઓની સાથે ગુપ્ત રીતે જ લીલા કરવાની ઈચ્છા રાખતા હતા. તેથી જ 'ગોપીઓ' આ સમાસમાં ગુપ્ત રીતે શુકે કહેલી છે. માયાને આજ્ઞા કરતાં, ભગવાન્ તે પ્રકાર દર્શાવે છે અને કહે છે કે 'જેઓ વ્રજને જે રીતે શોભાવે છે તેઓને ત્યાં અનુકૂલ થઈ વ્રજને વધારે શોભાવ.' આમ હોવાથી ગોપીઓ ગુપ્ત રીતે વ્રજને શોભાવે છે તેમ તું પણ તેમને અનુકૂલ થઈ ગુપ્ત રીતે વ્રજને વધારે શોભાવ. તેથી મધ્યસ્થ દૂતિની પેઠે ગુપ્ત રીતે ગોપીઓને અનુકૂલ થઈ તારે રહેવું, એવો ભગવાનનો ગૂઢ આશય છે. આ અર્થ શ્રીસુબોધિનીમાં 'જે બીજો ત્યાં રહે છે.....' વાક્યથી સૂચવ્યો છે. (યો)

૬. ઉપર 'ત્યાં જવાથી તને સુખ થશે' એમ સામાન્ય રીતે કહેલું છે, તે અર્થ અહિં સ્પષ્ટ કરે છે. આવી આ લોકમાં સુખ આપનારી દેવીનું ભોળા લોકો જ સન્માન કરે છે. તેથી તેનું સન્માન થાય તે માટે તે વ્રજમાં ગોપ ગોપીઓ રહે છે એમ કહે છે, એવો અર્થ છે. (લે)

૭. 'આકાંક્ષાર્થમ્' એટલે આકાંક્ષા (શંકા) દૂર કરવા માટે 'મશકાર્થો ધૂમઃ' 'મચ્છરો ઉડાડવા

કરવા અહિં બે પાદ અધિક[૮] કહેલાં છે. બીજી વસુદેવની અને બીજાની સ્ત્રીઓ પણ, જેઓ કંસથી દુઃખ પામેલી છે તેઓ ગુફાઓમાં એટલે ગુપ્ત સ્થાનોમાં રહે છે. ભયની દશામાં એવી જ રીતે રહેવું યોગ્ય છે, એમ જણાવવા 'હ' શબ્દ યોજેલ છે. ૭.

'(રોહિણી નંદનાં ગોકુલમાં રહે છે) તેથી શું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**દેવક્યા જઠરે ગર્ભં શેષાખ્યં ધામ મામકમ્ ।।**
**તત્ સન્નિકૃષ્ય રોહિણ્યા ઉદરે સન્નિવેશય ।।૮।।**

મારું 'શેષ' નામનું ધામ દેવકીજીના જઠરમાં ગર્ભ (થએલ) છે. તેને ખેંચીને રોહિણીના ઉદરમાં સારી રીતે મૂક. ૮.

બીજા ગર્ભોથી (આ ગર્ભ) જૂદા પ્રકારનો છે, એમ જણાવવા 'જઠર'[1] શબ્દ યોજેલ છે. 'તેને' એટલે (તે) પ્રસિદ્ધ[2] (ગર્ભ)ને ત્યાંથી ખેંચીને રોહિણીના ઉદરમાં સારી રીતે મૂક.

'તે ગર્ભનું રક્ષણ કરવાનું શું પ્રયોજન ?' એમ જાણવાની ઈચ્છા થાય તેથી 'શેષ નામનું' શબ્દ યોજેલ છે. 'શેષ' એવું નામ છે જેનું (તેવો તે છે). તેથી તેનો જો નાશ થાય તો ભૂમિ જ (સમુદ્રમાં) ડૂબી જાય[3].

'તેને ખેંચવાથી તેનો (ગર્ભનો) નાશ થવાનો ભય રહેશે' એવી શંકા થાય, તેથી 'મારું ધામ' શબ્દો યોજેલ છે. (તે) ભગવાનના તેજરૂપ અથવા ભગવાનનું

---

કરેલ ધુમાડો'માં જેમ 'અર્થ' શબ્દ યોજાએલ છે તેમ અહિં પણ યોજાએલ છે. (પ્ર)

૮. 'અધિક' એટલે 'નવ શ્લોકોથી અધિક'. આ શ્લોકમાં બે પાદ એક ચરણ અધિક કહેલ છે. (લે) નવ શ્લોકોથી ભગવાનની આજ્ઞા શુક કહે છે. તેથી સાતમા શ્લોકથી પંદરમા શ્લોક સુધી આજ્ઞા કહેલી છે. ચૌદમા શ્લોકમાં 'ભગવાને જે કહ્યું તે યોગમાયાએ કર્યું' એમ કહેલું હોવાથી તે શ્લોકથી પણ આજ્ઞા જ કહી એમ જાણવું. પંદરમા શ્લોકમાં લોકોએ આક્રંદ કર્યું એમ કહેલ છે, તે આક્રંદ પણ ૯મા શ્લોકમાં 'અથ' શબ્દ છે તેનું વિવરણ છે એમ સોળમા શ્લોક ઉપરનાં ટિપ્પણીજીમાં દર્શાવેલ છે. તેથી આજ્ઞા માંહેના ૯મા શ્લોકનું વિવરણ પંદરમાં શ્લોકમાં હોવાથી, તે પણ આજ્ઞા જ કહે છે. (લે)

૧. બીજા ગર્ભો જરાયુ (ઓર)માં રહે છે, જ્યારે આ ગર્ભ જઠરમાં રહેલ આકાશમાં નિર્લેપ રહે છે, એવો આ ગર્ભનો બીજા ગર્ભોથી ભેદ જણાવવા 'જઠર' શબ્દ યોજેલ છે એવો અર્થ છે. (લે)

૨. 'પ્રસિદ્ધ' એટલે 'ભગવાનના ધામ તરીકે પ્રસિદ્ધ.' (લે)

૩. સમુદ્રપર શેષ રહે છે અને તેની ફણા ઉપર ભૂમિ રહેલી છે. તેથી શેષનો નાશ થાય તો ભૂમિ તેની ફણા ઉપરથી જલમાં પડી ડૂબી જ જાય.

પણ સ્થાન (રહેઠાણ) થએલ છે, તેથી તેનો નાશ થશે નહિ. ૮.

'ત્યારે ગર્ભ દેવકીજીના જઠરમાં રહે તો પણ કંસથી ભય થવાનો નથી. તો પછી ત્યાં રહે તેમાં શું દોષ (વાંધો) ?' એવી શંકા થાય, તેથી કહે છે :

**અથાહમંશભાગેન દેવક્યાઃ પુત્રતાં શુભે ।।**
**પ્રાપ્સ્યામિ ત્વં યશોદાયાં નન્દપત્ન્યાં ભવિષ્યસિ ।।૯।।**

હે સુંદરિ ! પછી હું અંશોના ભાગથી દેવકીજીના પુત્રપણાને પામીશ, (અને) તું નંદની પત્ની યશોદામાં (ઉત્પન્ન) થઈશ. ૯.

આ પુરુષોત્તમ યોગમાયાને આજ્ઞા કરે છે, કારણ કે ભક્તિમાર્ગમાં તે (પુરુષોત્તમ) જ સેવા કરવા યોગ્ય છે. આરંભમાં (શ્લોક ૬માં) 'પોતે જેમના નાથ છે તેવા યદુઓને' એમ કહેલ હોવાથી, તે (પુરુષોત્તમ) અહિં ચાર પ્રકારે પધારશે. તે માટે (ચાર પ્રકારે ભૂતલ પર પધારવા માટે) કહે છે કે 'પછી' એટલે (તું ગર્ભને રોહિણીના ઉદરમાં મૂકીશ) ત્યાર પછી તરત જ, હું પુરુષોત્તમ ચાર પ્રકારે કાર્ય કરવાનું હોવાથી વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ, (એ ચાર) અંશોના ભાગ એટલે વિભાગથી[૧] દેવકીજીના પુત્રપણાને પામીશ. પ્રદ્યુમ્ન અંશથી જ પુત્રપણું થવાનું છે, એમ જણાવવા 'ભાગથી' એમ એકવચન[૨] યોજેલું છે. 'પછી હું' એવી વાક્યરચનાથી એમ જણાવેલું છે, કે 'જેમ તું એક સ્થલે ઉત્પન્ન થએલી બીજે સ્થલે જઈશ તેમ હું પણ (કરીશ).' 'પુત્રપણાને' શબ્દથી એમ જણાવેલું છે કે લોકની દૃષ્ટિથી પુત્રધર્મવાળો (હું) હોઈશ, પરંતુ હું પુત્ર થઈશ નહિ, આગળ (માયાને જન્મ લેવાની) આજ્ઞા કરવાનું કારણ કહેવા માટે 'હે સુંદરિ !' એ

૧. 'વિભાગથી' એટલે 'ચાર પ્રકારનાં કાર્ય કરવા માટે જે સ્વરૂપના વ્યૂહથી વિભાગ કર્યો તેથી.' (પ્ર)

૨. ૧૦।૩।૩૩માં જણાવ્યા પ્રમાણે પૃશ્નિ અને સુતપાએ ભગવાનને પ્રજાની સંતતિ કરાવે તેવા પુત્ર માટે પ્રાર્થના કરેલી; અને તે માટે પ્રજા સંતતિ કરનાર પ્રદ્યુમ્ન જ પુત્રપણાને પામે તે યોગ્ય હોવાથી પ્રદ્યુમ્નવ્યૂહ જ પુત્ર થયા. વળી ભૂમિએ પોતાનો ભાર હરવા ભગવાનને પ્રાર્થના કરેલી. વળી ભગવદ્ગીતા ૪।૭ પ્રમાણે ધર્મની રક્ષા કરવા પણ ભગવાનનો અવતાર થવાની જરુર હતી, તેમજ જ્ઞાનનો ઉપદેશ કરવા તથા મોક્ષ પ્રાપ્ત કરાવવા પણ ભગવાનના અવતારની જરુર હતી. તેથી સંકર્ષણ, અનિરુદ્ધ અને વાસુદેવ વ્યૂહોથી પણ અવતાર થએલ; પરંતુ આ ત્રણ વ્યૂહોમાં પુત્રપણું ન હતું તેમજ પુરુષોત્તમમાં પણ ન હતું. છતાં એ બધા એક જ છે એવો લોકોને ભ્રમ થવાથી, તેઓ આ વ્યૂહો તથા પુરુષોત્તમ પુત્ર થયા એમ ભ્રમથી માનશે. જેમ પરશુરામમાં બ્રાહ્મણપણું અને ક્ષત્રિયપણું બંને હતાં, છતાં તે ભાર્ગવ હોવાથી બ્રાહ્મણ તરીકે જ તેમનામાં પુત્રપણું હતું અને ક્ષત્રિયપણું તો યુદ્ધ થાય ત્યારે જ જણાતું, તેમ અહિં પણ જાણવું. (પ્ર)

સંબોધનથી એમ જણાવેલ છે, કે તારા (ભૂતલ પર) જવાથી મારું રમણ (કરવાનું) સ્થાન શોભાવાળું થશે. (માત્ર) ભગવાનને જ શરણ રહેનારી તે (યોગમાયા) એકલી (ભગવાન્ વિના) વૈકુંઠમાં રહે તે યોગ્ય નથી. તેથી તેને પણ 'તું નંદની પત્ની યશોદામાં (ઉત્પન્ન) થઈશ' એમ જન્મ લેવા આજ્ઞા કરે છે. ૯.

(યશોદામાં) ધાવણ ઉત્પન્ન કરવા માટે, (કારાગૃહના દ્વારપાલોને) મોહ ઉત્પન્ન કરવા, અને મારણ (કરવા કંસ આવે તે) માટે તેને (યોગમાયાને) જન્મ લેવરાવવામાં આવે છે, તો પણ તે તેને અનિષ્ટ (અણગમતું) છે, તેથી તે નહિ કહેતાં, તેને (પ્રાપ્ત થવાનું) બીજું ફલ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અર્ચિષ્યન્તિ મનુષ્યાસ્ત્વાં સર્વકામવરેશ્વરીમ્ ।।**
**ધૂપોપહારબલિભિઃ સર્વકામવરપ્રદામ્ ।।૧૦।।**

સર્વ કામનાઓ અને વરદાનના અધિકારવાળી, સર્વ કામનાઓ અને વરદાન આપનારી તને મનુષ્યો ધૂપ ઉપહાર અને બલિથી પૂજશે. ૧૦.

'મનુષ્યો (પૂજશે)' એમ કહ્યું, તેથી દેવનો અંશ જેમનામાં હશે અને દૈત્યનો અંશ જેમનામાં હશે તેઓ પૂજશે નહિ (એમ જણાવ્યું છે). દેવનો અંશ જેમનામાં હોય તેઓ તો ભગવાનના જ સેવકો હોય છે. દૈત્યનો અંશ જેમનામાં હોય તેઓ તો કોઈને ભજતા જ નથી. પૂજવાનું પ્રયોજન ફલ (પ્રાપ્તિ) છે. (તું) સર્વ કામનાઓ અને વરદાનોના અધિકારવાળી છે, એટલે ઉપાયોથી પ્રાપ્ત થાય તેવા કામનાના પદાર્થો અને ઉપાય વિના આપવામાં આવે તેવાં વરદાનો (પર અધિકારવાળી છે).

તે સ્ત્રી[1] (હોવાથી) તેની સાક્ષાત્ સેવા કરવામાં આવે તે તેને પણ વિઘ્નરૂપ હોવાથી, તેવી સેવા કરવામાં નહિ આવે એમ જણાવવા 'ધૂપ ઉપહાર અને બલિથી' (પૂજશે), એમ પૂજાનાં ત્રણ સાધનો કહેલાં છે. ધૂપ અને ઉપહાર દૂરથી જ થાય છે. (યોગમાયા)[2] પોતાની મેળે જ પ્રકાશતી હોવાથી દીપક તો તેને ઉપયોગી નથી, તેથી તે કહેલ નથી, 'બલિ' એટલે પશુઓનું સમર્પણ. પહેલાં

૧. યોગમાયા જે આગળ કહેવામાં આવશે તે મંત્રોથી પ્રકટ થનારી સ્ત્રી હોવાથી, તેને સ્નાન કરાવવાની વિગેરે સેવા તેને અને સેવા કરનાર પુરુષ બંનેને વિઘ્ન કરનારી થાય, કારણ કે તેવી સેવાથી વામમાર્ગની પેઠે વિકાર થવાનો સંભવ રહે અને તેથી સેવ્ય અને સેવકના ભાવનો નાશ થાય. આવાં વિઘ્નો ન આવે તે માટે દૂરથી સેવા થઈ શકે તેવાં સેવાનાં ત્રણ સાધનો જણાવ્યાં છે એવો અર્થ છે. (લે)

૨. આ યોગમાયા પોતાની મેળે પ્રકાશતી હોવાથી સાક્ષાત્ સ્વરૂપથી પ્રકટ થનારી છે. દીપકની જરુર તો પ્રતિમાને હોય એવો ભાવ છે. (લે)

કામનાઓ વિગેરે ઉપર (યોગમાયાનો) અધિકાર કહ્યો, છતાં જો તે કામનાઓ વિગેરે આપે નહિ તો તેનું કોઈ ભજન કરે નહિ, તેથી 'સર્વ કામનાઓ અને વરદાન આપનારી' એટલે સર્વ કામનાઓ અને વરદાન છૂટથી આપનારી કહી, ભગવાન્ તેને (યોગમાયાને) તે (કામનાઓ અને વરદાન) આપનારી પણ બનાવે છે. ૧૦.

તેના[1] સાન્નિધ્ય માટે મંત્રરૂપ નામો[2] અને સ્થાનો નીચેના (બે) શ્લોકોથી કહે છે :

**નામધેયાનિ કુર્વન્તિ સ્થાનાનિ ચ નરા ભુવિ ।।**
**દુર્ગેતિ ભદ્રકાલીતિ વિજયા વૈષ્ણવીતિ ચ ।।૧૧।।**
**કુમુદા ચણ્ડિકા કૃષ્ણા માધવી કન્યકેતિ ચ ।।**
**માયા નારાયણીશાની શારદેત્યમ્બિકેતિ ચ ।।૧૨।।**

'દુર્ગા' એવું, 'ભદ્રકાલી' એવું, 'વિજયા' અને 'વૈષ્ણવી' એવું, 'કુમુદા', 'ચંડિકા', 'કૃષ્ણા', 'માધવી' અને 'કન્યકા' એવું, 'માયા', 'નારાયણી', 'ઈશાની', 'શારદા' એવું અને 'અંબિકા' એવાં (તારાં) નામો અને સ્થાનો નરો ભૂમિ ઉપર કરે છે. (કરશે) ૧૧-૧૨.

વર્તમાન (કાલ)ની નજીકમાં (થોડા જ વખત પછી) (નામો તથા સ્થાનો નરો કરવાના હોવાથી) 'કરે છે' એમ વર્તમાન કાલનો પ્રયોગ કરેલો છે. નામોમાં જ સ્થાનો અને 'ચ' 'અને' શબ્દ હોવાથી અધિષ્ઠાનો (વિરાજવાની જગ્યાઓ) પ્રસિદ્ધ થશે. 'નરો' પહેલાંની પેઠે (શ્લોક ૧૦માં 'મનુષ્યો' છે તેવા અર્થમાં) યોજેલ છે. (પ્રતિમાની) સ્થાપના કરવા માટે 'ભૂમિ ઉપર' એમ કહેલ છે. '' 'દુર્ગા' એવું'' વિગેરેથી નામો કહે છે. જૂદા જૂદા મંત્રોથી જૂદા જૂદા દેશમાં પ્રસિદ્ધિ થશે એમ જણાવવા, બધે 'એવું' શબ્દ યોજેલ છે. દુર્ગા કાશીમાં પ્રસિદ્ધ છે, ભદ્રકાલી અવંતી (ઉજ્જયિની)માં પ્રસિદ્ધ છે. વિજયા ઉત્કલ (ઓરીસ્સા)માં પ્રસિદ્ધ છે. વૈષ્ણવી એટલે મહાલક્ષ્મી કુલ્હાપુરમાં પ્રસિદ્ધ છે. ચંડિકા કામરૂપ દેશ (આસામ)માં પ્રસિદ્ધ છે. માયા અને શારદા ઉત્તરદેશમાં પ્રસિદ્ધ છે. અંબિકા અંબિકાવનમાં પ્રસિદ્ધ છે. કન્યકા કન્યાકુમારીમાં (પ્રસિદ્ધ) છે. બીજાં પણ પ્રસિદ્ધ સ્થાનો અને મંત્રો જાણવા. ૧૧-૧૨.

એ પ્રમાણે તે (યોગમાયા)નાં નામો કહી, નીચેના શ્લોકમાં શેષનાં પણ નામો કહે છે:

૧. 'તેના' એટલે 'સાક્ષાત્ સ્વરૂપાત્મક દેવીના.' (લે)
૨. આગળ શ્લોક પરના વિવરણમાં 'સ્થાપના કરવા માટે' એમ કહેલ હોવાથી આ નામો કહેલાં છે તે પ્રતિમાઓનાં કહેલાં છે એમ જાણવું), 'પ્રતિમાનાં' શબ્દ અધ્યાહાર જાણવો. (લે)

**ગર્ભસંકર્ષણાત્ તં વૈ પ્રાહુઃ સંકર્ષણં ભુવિ ।।**
**રામેતિ લોકરમણાદ્ બલભદ્રં બલોચ્છ્રયાત્ ।।૧૩।।**

ગર્ભનું સંકર્ષણ (ખેંચાવું) થવાથી, ભૂતલ ઉપર તેમને સંકર્ષણ કહેશે, લોકને રમણ (કરાવનાર) હોવાથી 'રામ' એમ કહેશે અને અતિશય બલને લીધે બલભદ્ર કહેશે. ૧૩.

ગર્ભરૂપ તેમનું સંકર્ષણ (ખેંચાવું) થવાથી, 'સમ્યક્' સારી રીતે 'કર્ષણં' ખેંચાવું થએલ છે જેમનું તેવા 'સંકર્ષણ' તેમને કહેશે. 'કહેશે' શબ્દ પ્રમાણ જણાવે છે. અવતાર દશામાં જ (તે તેવા કહેવાશે એમ જણાવવા) 'ભૂતલ ઉપર' શબ્દ યોજેલ છે. વાસ્તવિક રીતે તો સંકર્ષણ ચારમૂર્તિવાળા ભગવાનના બીજા (વ્યૂહ) છે. તેમનો[1] (બીજા વ્યૂહનો) પણ[1] આમનામાં[1] આવેશ છે, છતાં ગર્ભનું સંકર્ષણ થવાથી જ લોકો (આમને) સંકર્ષણ કહે છે. લોકનું રમણ જેમનાથી થાય છે તેવા 'રામ' એમ બીજું નામ કહે છે. રમણ કરાવે તે 'રામ'. 'રામઃ' એમ કહેવાને બદલે 'રામ' એમ વિભક્તિ વિના નામ કહેલ છે, તે (તેમાં) પોતાની સંમતિ નથી[2] એમ જણાવવા કહેલ છે; અથવા વ્યવહાર માટે એ નામ છે એમ જણાવવા સંબોધનરૂપથી (સંબોધન વિભક્તિથી) એ નામ કહેલ છે. બલથી ભદ્ર (મુખ્ય) હોવાથી 'બલભદ્ર' નામ પણ કહે છે. તે નામ (તે) બલનું કાર્ય (પરિણામ) હોવાથી કહેલું નથી, પરંતુ બલના અધિકપણાને લીધે કહેલું છે. ૧૩.

ઈશ્વરનું વાક્ય (આજ્ઞા) હોવાથી, આજ્ઞા (થયા) પછી તરત જ (યોગમાયાએ) તે પ્રમાણે કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સન્દિષ્ટૈવં ભગવતા તથેત્યોમિતિ તદ્વચઃ ।।**
**પ્રતિગૃહ્ય પરિક્રમ્ય ગાં ગતા તત્તથાકરોત્ ।।૧૪।।**

ભગવાને એ પ્રમાણે આજ્ઞા કરેલી (યોગમાયાએ) 'ભલે !' 'જેવી

---

૧-૧-૧. 'આમનામાં' એટલે આ શેષમાં, 'તેમનો' એટલે બીજા વ્યૂહ સંકર્ષણનો આવેશ છે. 'પણ' શબ્દથી તેમાં વાસુદેવનો પણ આવેશ છે. એવો અર્થ છે. દેવકીજીમાં સંકર્ષણગર્ભ હતો ત્યાં સુધી તેમનામાં વાસુદેવનો આવેશ ન હતો, છતાં લોકમાં વ્યવહાર થતી વખતે તેમનામાં વાસુદેવનો અંશ પણ હતો જ. (લે)

૨. 'રામ' શબ્દનો અર્થ 'ભગવાનનું રમણ કરાવનાર' આગળ કરવાનો છે, તે અર્થ ભગવાનને ઈષ્ટ છે; પરંતુ આ અર્થ ઈષ્ટ નથી. તેથી આ અર્થવાળો તે શબ્દ નહિ હોવાથી વિભક્તિ વિનાનો યોજેલ છે. પણ લોકની સંમતિ પ્રમાણે એ નામનો આ અર્થ થતો હોવાથી, તેની વિભક્તિ થવી જોઈએ એવા અભિપ્રાયથી, તે સંબોધન વિભક્તિવાળો છે એમ કહેલ છે. ('રામઃ ઈતિ' પહેલી વિભક્તિ, 'રામેતિ' સંબોધન વિભક્તિ, અથવા વિભક્તિ વિના 'રામ+ઈતિ'). (લે)

આજ્ઞા' એમ (કહી). તેમના વચનને ગ્રહણ કરી, પરિક્રમા કરી, ભૂતલ પર જઈ, તે તેમ કર્યું. ૧૪.

(આજ્ઞાનું) ઉલ્લંઘન થઈ શકે તેમ ન હતું એમ જણાવવા 'ભગવાને' શબ્દ યોજેલ છે. (હું) તે પ્રમાણે કરીશ અને જન્મ લઈશ એમ જણાવવા, (યોગમાયાએ) 'ભલે' એમ (કહેલ) છે. પૂજા વિગેરે થાય, તે માટે (તેણે) 'જેવી આજ્ઞા' એમ (કહેલ છે). 'તેમના' એટલે ભગવાનના વચન (આજ્ઞા)ને ગ્રહણ કરી, (ભગવાનની) પરિક્રમા કરી, ભૂતલ પર જઈ, (ભગવાને આજ્ઞા કરેલી) તેમજ (યોગમાયાએ) કર્યું. 'તે' એટલે ભગવાને જેની આજ્ઞા કરેલી તે સર્વ કાર્ય (કર્યું). ૧૪.

તે કાર્ય લોકમાં પ્રસિદ્ધ થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગર્ભે પ્રણીતે દેવક્યા રોહિણીં યોગનિદ્રયા ।।**

**અહો વિસ્રંસિતો ગર્ભ ઈતિ પૌરા વિચુક્રુશુઃ ।।૧૫।।**

દેવકીજીના ગર્ભને યોગનિદ્રા વડે રોહિણીમાં લઈ જવાતાં, 'અહો ! ગર્ભ પાડવામાં આવ્યો' એમ શહેરીઓએ નિંદા કરી. ૧૫.

ગર્ભને સારી રીતે લઈ જવામાં આવ્યો એટલે રોહિણીના ઉદરમાં પહોંચાડવામાં આવ્યો. 'યોગનિદ્રા વડે' શબ્દથી એમ જણાવ્યું છે, કે (શહેરીઓને તેના) ખેંચાવાનું અથવા પહોંચાડવામાં આવ્યાનું જ્ઞાન ન હતું. 'અહો !' શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજાએલ છે. 'સ્રંસ્' અને 'ધ્વંસ્' ધાતુઓનો નીચે પડવું એવો અર્થ થતો હોવાથી, 'વિસ્રંસિતઃ' એટલે પાડવામાં આવ્યો, તે શબ્દથી એમ જણાવ્યું છે કે પાંચમો અથવા છઠ્ઠો મહિનો જતો હતો. 'પૌરાઃ' એટલે શહેરમાં વસનારા(શહેરીઓ). આ શબ્દથી એમ કહેલું છે કે સર્વને ખબર પડી. કંસે મોકલેલા રાક્ષસોથી ગર્ભ પાડવામાં આવ્યો, એમ શહેરીઓએ ઘણી નિંદા કરી. ૧૫

'પછી' એટલે ગર્ભ પાડ્યાનું (લોકોને) જ્ઞાન થયા પછી (કંસની એ પ્રમાણે થએલ) નિંદા પછી[1] તરત જ વસુદેવ દ્વારા ભગવાન્ દેવકીજીમાં

---

૧. 'મૂલ (શ્લોક)માં 'પછી' અર્થવાળો કોઈ શબ્દ નથી, તેથી (ટીકાકાર) પોતે એ શબ્દ કહે તે યોગ્ય જણાતું નથી' એવી શંકા થાય, તો તે મૂલ (ગ્રંથ)નો ભાવ ન જાણવાથી થએલી જાણવી; કારણ કે અહિં ભગવાન્ પાતે તરત (ભૂતલ ઉપર) પધારવા માટે જ (માયાને) ગર્ભને ખેંચી જવાની આજ્ઞા કરે છે. તે કાર્ય (માયાએ) કર્યું, એમ (શ્લોક ૧૪માં) 'ભૂતલ ઉપર જઈ તેમ કર્યું ' એટલા (વાક્ય)થી જ કહ્યું. (કંસની) નિંદા થઈ તેને આ પ્રસંગ સાથે સંબંધ નથી. આમ હોવા છતાં (શ્લોક ૧૫માં) 'ગર્ભ લઈ જવાતાં' એમ જે કહ્યું, તે (શ્લોક ૯માં) ભગવાનના વાક્યમાં જે 'અથ' 'પછી' શબ્દ છે તેનું તાત્પર્ય કહેવા કહેલું છે એમ

પધાર્યા[2] એમ નીચેના શ્લોકથી આરંભી અઢી શ્લોકોથી કહે છેઃ

**ભગવાનપિ વિશ્વાત્મા ભક્તાનામભયંકરઃ ।।**
**આવિવેશાંશભાગેન મન આનકદુન્દુભેઃ ।।૧૬।।**

ભક્તોનું અભય કરનાર વિશ્વના આત્મા ભગવાને પણ અંશોના વિભાગથી આનકદુંદુભિનાં મનમાં પ્રવેશ કર્યો. ૧૬.

નિષેક વિના પણ પહેલાં વસુદેવમાં (અને) પછી તેમના દ્વારા દેવકીજીમાં (પ્રભુને) પધારવાનો ભાવ નીચે પ્રમાણે છે. અહિં (આ અવતારમાં) નૃસિંહ, હંસ વિગેરે અવતારો પેઠે પ્રભુનું પ્રાકટ્ય નથી, પરંતુ યદુવંશના સંબંધી તરીકે, શૂરના પૌત્ર તરીકે, વસુદેવના પુત્ર તરીકે પ્રાકટ્ય છે. જીવ શરીરને લીધે જ વંશનો સંબંધી થાય છે, અને તે શરીર નિષેકથી ઉત્પન્ન થાય છે, તેથી તેવી રીતે (વંશના સંબંધી તરીકે) તેની ઉત્પત્તિ કહેવાય છે. ઈશ્વરના સંબંધમાં 'ઉત્પત્તિ' શબ્દનો અર્થ પ્રાકટ્ય જ હોય છે, તેથી નીચે જણાવવામાં આવશે તેવી રીતે ભગવાનનો વસુદેવ દ્વારા દેવકીજીમાં આવિર્ભાવ કહેવામાં આવે છે. તેમ ન હોત (વસુદેવ દ્વારા દેવકીજીમાં ભગવાનનો આવિર્ભાવ કહ્યો ન હોત) તો દેવકીજીમાં જ તેમ (ભગવાનનો આવિર્ભાવ થયો) કહેવાય. તેથી વંશનો સંબંધ જણાય તે માટે જેમ લોઢાના ગોળામાં અગ્નિ પ્રવેશ કરે તેમ ભગવાને આનકદુંદુભિના મનમાં પ્રવેશ કર્યો. તેમ કર્યું ન હોય તો વસુદેવનું આનકદુંદુભિપણું વ્યર્થ થાય.

---

જણાય છે. તેમ ન હોય તો, 'તેને ખેંચી રોહિણીના ઉદરમાં મૂક' એવી આજ્ઞા થતાં, તે(વી આજ્ઞા)નું પ્રયોજન જાણવાની ઈચ્છા થતાં, 'હું દેવકીજીના પુત્રપણાને પામીશ' એટલું જ કહેવાથી કાર્ય સરતું હોવાથી, 'અથ' 'પછી' શબ્દ કહેત નહિ. આમ હોવાથી પ્રભુની બુદ્ધિમાં જેની પછી (પોતે દેવકીજીના પુત્રપણાને પામવાનું છે) તે પદાર્થ (વૃત્તાંત)નું શ્રીશુકે 'ગર્ભ ખેંચાતા' એમ શ્લોક ૧૫માં વિવરણ કરેલ છે. શ્રીમદાચાર્યચરણે પણ તે જ (શ્લોક ૯માં કહેલ) 'અથ' 'પછી' શબ્દને શ્લોક ૧૬નાં પહેલા શબ્દ તરીકે લઈ, શ્લોક ૧૫નું તાત્પર્ય 'નિંદા (થયા) પછી' વિગેરે શબ્દોથી ફરી કહેલ છે. આ અર્થ ભગવાનને ઘણો છૂપો રાખવાનો હોવાથી, એમ લોકોને ઉલટું (કંસે રાક્ષસોથી ગર્ભ પડાવ્યો એવું) જ્ઞાન થયું એમ કહી લોકોનું તે અર્થનું અજ્ઞાન જણાવી, તે અર્થ લોકોથી છૂપો રહેલ છે એમ જણાવેલ છે, તેથી કાંઈ દોષ નથી. (ટિ)

૨. આગળ શ્લોક ૧૮માં દેવકીજીએ ભગવાનને ધારણ કર્યા એમ કહેલ છે, છતાં તે બધું અલ્પજ્ઞાનવાળા જીવોના જાણવામાં (ભગવાનનું પ્રાકટ્ય) આવે તે માટે કહેલું છે. વાસ્તવિક રીતે તો ભગવાન્ પોતે જ દેવકીજીમાં પધાર્યા છે, એમ એ શ્લોકના 'આત્મભૂતમ્' પદના વ્યાખ્યાનમાં જણાવશે. તેથી દેવકીજીમાં પધારવાનું કાર્ય ભગવાને કરેલ તે જ મુખ્ય હોવાથી, અહિં આ પ્રમાણે કહેલ છે. (લે)

અંશોના[૩] 'ભાગ' એટલે વિભાગથી (ભગવાને આનકદુંદુભિના મનમાં પ્રવેશ કર્યો). કેટલાક[૪] એમ કહે છે કે 'અંશ' એટલે નારાયણરૂપ સાથે અને 'ભાગ' એટલે કેશરૂપ સાથે પ્રદ્યુમ્ને પોતે (આનકદુંદુભિના મનમાં) પ્રવેશ કર્યો[૪].

[૫]પુરુષોત્તમ[૬] તો[૭] નંદના ગૃહમાં જ[૮] માયા સાથે ઉત્પન્ન થયા. તેમ ન

---

૩. આગળ જે વ્યવસ્થા કહેવામાં આવશે તે પ્રમાણે 'અંશોના' એટલે 'ત્રણ અંશો (પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને અનિરુદ્ધ)ના, એવો અર્થ છે. (લે)

૪-૪. 'આ ભાગમાં જે બીજાનો મત કહેલ છે તે જ કેમ ગ્રહણ કરતા નથી ?' એવી શંકા થાય, તેનો નિરાસ તો ભગવાનના વાક્યમાં (શ્લોક ૯માં) સાધન થએલ 'અંશભાગેન' પદ યોજી (પોતાની અંદર) ભગવાનનો આવેશ જણાવી શુકે જ કરેલ છે. તેથી 'પુરુષોત્તમનું પ્રાકટ્ય ભૂમિ ઉપર ચાર વ્યૂહોના રૂપથી જ થયું, પરંતુ મૂલરૂપથી થયું નથી' એવી શંકા થાય, તે દૂર કરવા આગળ 'પુરુષોત્તમ તો...' કહેલ છે. (પ્ર)

૫-૫. અહિં નીચે પ્રમાણે ભાવ છે :

પૂર્વપક્ષ: [૧]'પુરુષોત્તમ તો નંદના ગૃહમાં જ માયા સાથે ઉત્પન્ન થયા' એમ કહ્યું, તેથી નંદના ગૃહમાં પુરુષોત્તમનો આવિર્ભાવ થયો એમ તમારે અવશ્ય સ્વીકારવું જ પડશે. આમ હોવાથી (૧૦।૩।૫૧)માં '(વસુદેવ) પુત્રને યશોદાના શયનમાં પધરાવી તેમની પુત્રીને લઈ પાછા ઘેર ગયા' એમ કહેલ છે તે અસંભવિત થાય છે, કારણ કે એમ હોય તો ત્યાં (એક પુરુષોત્તમ નંદના ઘેર પ્રકટ્યા તે અને બીજા વસુદેવના પુત્ર વસુદેવે પધરાવ્યા તે, એમ) બે સ્વરૂપનાં દર્શન થવાં જોઈએ. 'જે સ્વરૂપ પધાર્યું તે તિરોહિત થઈ ગયું' એમ પણ કહી શકાય નહિ, કારણ કે એમ હોય તો એ સ્વરૂપનું પધારવું વ્યર્થ થઈ જાય. વળી ગર્ગાચાર્ય (૧૦।૮।૧૫)માં નંદને કહે છે કે 'પહેલાં[૨] તમારા આ પુત્ર વસુદેવથી ઉત્પન્ન થએલા.' તે ગર્ગાચાર્યનું વચન પણ ખોટું ઠરે. તેથી (પુરુષોત્તમનું નંદના ગૃહમાં પ્રાકટ્ય માનવાથી) બંને તરફથી બંધન થાય છે.

સિદ્ધાંત: અહિં કહીએ છીએ કે નંદજીના ઘેર પ્રાદુર્ભાવ જે પુરુષોત્તમનો થએલો તે, 'સર્વ તરફ પાણિ અને પાદના અંતવાળા હોવાથી' તેમનું તે સમયે (વસુદેવના ઘરમાં) કાર્ય[૩]

---

૧. હવે એક શંકા રહે છે કે (નંદના ઘરમાં પ્રાકટ્ય થયું, અને વસુદેવના ગૃહમાં પ્રકટ થએલ સ્વરૂપ ત્યાં પધાર્યું તેથી નંદના ઘરમાં) બે સ્વરૂપનાં દર્શન થવાં જોઈએ. તે શંકા અહિં પૂર્વપક્ષથી કહી પછી તેનો નિરાસ કરે છે. (પ્ર).

૨. 'નંદના ઘેર જે સ્વરૂપ પ્રકટ થયું તેનો જ તિરોભાવ થવાથી (બે સ્વરૂપનાં દર્શન ન થયાં)' એવી શંકા થાય, તેથી આ ગર્ગાચાર્યનું વચન કહેલ છે. (આ વચન પ્રમાણે શ્રીકૃષ્ણ નંદના પુત્ર છે તેથી નંદના ઘેર પ્રકટ થએલ સ્વરૂપનું પણ તિરોધાન થયું નથી.) (પ્ર)

૩. 'કાર્ય' એટલે 'અવિહિત (સ્વતંત્ર) ભક્તિના રસનો અનુભવ કરાવવો તે' અને 'નાટ્ય (માનુષરૂપ દેખાડવું તે)'. (પ્ર) 'કાર્ય' એટલે '૧૦।૩।૯ થી ૧૦માં વર્ણવેલ રૂપનું પોતાની અંદર સ્થાપન કરવું તે' આ (ભગવાન્ અને દેવકી વસુદેવના) સંવાદ પછી ૧. નંદના ગૃહમાં પુરુષોત્તમનો આવિર્ભાવ થયો, ૨. (નંદના ગૃહમાં આવિર્ભાવ જેનો થયો) તે જ સ્વરૂપનું 'પ્રાકૃત બાલક થયા' એમ દર્શન

હોત[૯] (પુરુષોત્તમ નંદના ગૃહમાં ઉત્પન્ન થયા ન હોત) તો 'દેવકીજીની જઠરમાં ઉત્પન્ન થએલા (૧૦।૩૨।૨૩)' ની પેઠે 'તારો પુત્ર (૧૦।૩૨।૧૪)[૧૦]' એમ

હોવાથી, વસુદેવના ઘરમાં પણ તેમનો જ પ્રાદુર્ભાવ[૪] થયો, એમ જણાય છે. ૧૦।૩।૪૬ માં 'પ્રાકૃત બાલક થયા' એમ તે ( પ્રાદુર્ભાવ )[૪] જ કહેલ છે. પહેલાના (ચાર ભુજાઓવાળા) રૂપનો તે સમયે તિરોભાવ થયો, છતાં પ્રાકૃત બાલકરૂપે ભવિષ્યમાં તે (ચાર ભુજાઓવાળા રૂપ)નું પ્રયોજન હોવાથી તેને પણ પોતાની અંદર જ રાખ્યું[૫]; જેનાથી(જે ચાર ભુજાઓવાળા રૂપથી) વાસુદેવ વિગેરે મૂર્તિઓ(વ્યૂહો) જેનાં ચોક્કસ કારણ છે (જે ચોક્કસ કરે છે), તેવાં મુક્તિનું દાન, ભૂમિના ભારનું હરણ, વંશના સંબંધી તરીકે આવિર્ભાવ, પિતા વિગેરેને સુખનું દાન, વેદમાર્ગની રક્ષા, નારદના શાપથી છોડાવવું તે, દ્વિજોનું સન્માન વિગેરે કાર્યો ભવિષ્યમાં સ્પષ્ટ કરવામાં આવશે. 'આમ હોવાથી બધાંએ ચરિત્રોની સંગતિ થાય છે' એ વાક્યથી આ જ અર્થ કહેલ છે. અહિં 'શાસ્ત્રમાં કહેલ અર્થ બંધ બેસે' એ જ પ્રમાણ છે, તેથી કાંઈ અયોગ્યતા નથી. (ટિ)

૬. 'પુરુષોત્તમ' એટલે 'માત્ર વાસુદેવ વ્યૂહવાળા પુરુષોત્તમ' એવો અર્થ છે. (લે)

૭. 'તો' શબ્દ (પહેલાં) કહેલ ત્રણ અંશ (પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને અનિરુદ્ધ વ્યૂહ) તેમનામાં નથી, એમ જણાવવા યોજેલ છે. (લે)

૮. 'એવ' 'જ' શબ્દ એમ જણાવવા યોજેલ છે કે વાસુદેવ (વ્યૂહ)વાળું પુરુષોત્તમનું રૂપ વસુદેવના ઘરમાં ન હતું. (લે)

૯. પ્રમાણ જાણવાની ઈચ્છા થતાં, આ વિષયમાં 'શાસ્ત્રનો અર્થ બંધ બેસે' એ જ પ્રમાણ છે, એમ આ વાક્યથી કહે છે. (પ્ર)

૧૦. વ્રજમાં શ્રીકૃષ્ણ દેવકીજીના પુત્ર હતા એ પ્રસિદ્ધ ન હતું, છતાં તેમને ૧૦।૩૨।૨૩માં

થયું અને ૩. તે જ સમયે માયાનો આવિર્ભાવ થયો. જેમ એક સોયાથી સો પાંદડા એક સાથે વીંધવામાં આવે તેમાં દરેક પાંદડું એક પછી એક વીંધાવાના સમયમાં ભેદ જાણી શકાતો નથી તેમ આ ત્રણે કાર્યના સમયનો ભેદ જાણી શકાય તેમ નહિ હોવાથી ત્રણે એક સાથે થયાં એમ જાણવું. (લે)

૪. આ (નંદના ગૃહમાં પ્રકટ થએલ સ્વરૂપ)નો જ વસુદેવના ગૃહમાં પ્રાદુર્ભાવ થયો એટલે (પ્રાકૃત બાલક થયા) એવું રૂપ દેખાડવું તે. (લે)

'પ્રાદુર્ભાવ' એટલે કાર્ય માટે થએલ પ્રાદુર્ભાવ. એક જ સમયે (નંદના અને વસુદેવના ઘેર, એમ) બંને સ્થલે પ્રાદુર્ભાવ થયો. જેમ (રાસ) પંચાધ્યાયીમાં પ્રાદુર્ભાવ એક જ સ્વરૂપનો જૂદાં-જૂદાં રૂપથી થયો તેમ પ્રાદુર્ભાવ એ જ સ્વરૂપનો બંને સ્થલે થયો એમ જણાવ્યું. ભગવાનનું દર્શન બીજાને થવું કે ન થવું તે ભગવાનની ઈચ્છાને અધીન હોવાથી જ, જેમ ઈચ્છાથી ભગવાન્ હદવાળા(પ્રાકૃત બાલક) જણાયા તેમ ઈચ્છાથી એક રૂપનું દર્શન ન થયું એમ માનવાથી એ શંકા રહેતી નથી. (પ્ર)

૫. 'આ જેમનું બીજા(માનુષ) રૂપથી દર્શન થયું તે પુરુષોત્તમ હોવાથી ભૂમિના ભારનું હરણ વિગેરે વ્યૂહનાં કાર્ય તે કરે એવો સંભવ નથી' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલ છે. આથી જ શ્રીસુબોધિનીમાં જે બીજાનો મત કહેલ છે તે ખોટો છે, એમ માનવાનું કારણ પણ જણાય છે. (પ્ર)

(ગોપિકાઓ) કેમ કહેત ? અને 'તેમની બે માતાઓ (૧૦।૮।૨૪)' એ શુકનું વચન ખોટું ઠરે. માયાથી જ[૧૧] ભગવાનનું બીજું રૂપ[૧૨] થએલ હોવાથી ચોથા અધ્યાયમાં માયાનું નિરૂપણ કરવાથી જ તેમની(પુરુષોત્તમની) ઉત્પત્તિ

---

ગોપીઓએ 'દેવકીજીની જઠરમાં ઉત્પન્ન થએલા' કહ્યા, તેથી તેમને યથાર્થ(સત્ય) જ્ઞાન હતું, એવો નિશ્ચય થાય છે. તેવી (યથાર્થ જ્ઞાનવાળી) ગોપીઓ જ ૧૦।૩૨।૧૪માં યશોદાજીને શ્રીકૃષ્ણ 'તારા પુત્ર' છે એમ કહે છે. તેથી વસુદેવ અને નંદ બંનેને ઘેર પ્રાકટ્ય થયું હતું એમ માનવું જોઈએ, એવો ભાવ છે. (લે)

૧૧. 'ઉપર ૧૦।૩૨।૨૩; અને ૧૦।૩૨।૧૪ શ્લોકો જણાવ્યા તેમાં ભગવાનના પ્રાદુર્ભાવની વાત કરેલી નથી, પરંતુ યશોદા વિગેરે તેમને કેવાં જાણતાં હતાં તે જ કહેલ છે. તેથી ત્યાં જે કહેલ છે તે પ્રમાણ ગણાય નહિ' એવી શંકા થાય, તેથી આ વાક્ય (તે શંકા દૂર કરવા) યોજેલ છે. ત્રીજા અધ્યાયમાં ભગવાને બીજું રૂપ ધારણ કર્યું એમ કહેલ છે, તે રૂપ માયાએ કરેલ છે. તે રૂપ કરાવનારી માયાને ૧૦।૪।૯માં વિષ્ણુ (ભગવાન)ની 'અનુજા' નાની બેન કહેલી છે. એ 'અનુજા' શબ્દ એક માતાના ઉદરમાંથી ઉત્પન્ન થએલ માટે યોજાય છે, તેથી ભગવાન્ તેના મોટા ભાઈ હતા એમ દેખાડે છે. તે શબ્દથી જ એમ સિદ્ધ થાય છે કે ઉપરનાં વાક્યોમાં જણાવ્યા પ્રમાણે (માયા યશોદાજીથી ઉત્પન્ન થએલ હોવાથી) ભગવાન્ પણ યશોદાથી ઉત્પન્ન થયા હતા. (ઉપરનાં વાક્યો યશોદા વિગેરે ભગવાનને કેવા જાણતાં હતાં તે જણાવવા યોજેલ હોવાનું કહો છો; પરંતુ) માયા ભગવાનની 'અનુજા' હતી એ ભગવાનના અવતાર સમયે કોઈ જાણતું ન હતું, તેથી ત્યાં કોઈ ભગવાનને અથવા માયાને કેવા માનતું તે કહ્યું છે, એમ કહી શકાય તેમ નથી. તેથી શુકે જે માયાને 'અનુજા' કહી છે તે એમ જણાવવા જ કહેલ છે કે નંદના ઘરમાં માયાને આજ્ઞા કરનાર ભગવાનનો પોતાની શક્તિ સાથે પ્રાદુર્ભાવ થયો છે. આમ હોવાથી અને ત્યાં (નંદના ગૃહમાં પ્રાકટ્યના સંબંધમાં) 'અંશોના ભાગથી' એમ કહેલ નહિ હોવાથી, નંદના ઘરમાં કેવલ (વ્યૂહ રહિત) ભગવાનનો જ પ્રાદુર્ભાવ થયો છે એવો અર્થ સિદ્ધ થાય છે, અને આ વાક્યથી શ્રીસુબોધિનીમાં તે જ અર્થ કહેલ છે. (પ્ર)

૧૨. 'બીજું રૂપ' એટલે 'બીજા રૂપ તરીકે ભાન'[૬] એવો અર્થ છે. તે (બીજું રૂપ) મનુષ્યનું છે. વળી આગળ શુદ્ધ પુરુષોત્તમનું જ તેવું (મનુષ્યરૂપથી) ભાન થાય છે એમ કહેવામાં આવશે. તેથી માયાનું નિરૂપણ કરવાથી માયાના ચોક્કસ કાર્યના વિષયની[૭] પુરુષોત્તમનું મનુષ્ય

---

૬. 'બીજું રૂપ માયાએ કરેલું છે, તેથી 'પ્રાકૃત બાલક થયા' એમ જે બીજું રૂપ કહ્યું તે પુરુષોત્તમ છે, એમ માનવામાં શું પ્રમાણ છે ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. એટલે ૧૦।૩।૪૬માં જે 'પ્રાકૃત' શબ્દ છે તેનો આ જ ભાવાર્થ છે. 'વળી આગળ શુદ્ધ પુરુષોત્તમનું જ મનુષ્યરૂપથી ભાન થાય છે' વિગેરેથી ટિપ્પણીમાં આનું જ વિવરણ કરેલું છે. (પ્ર)

૭. 'તેના ચોક્કસ કાર્યના વિષયની' એટલે 'જેનું બીજી રીતે ભાન થાય છે તે વિષયની' એટલે 'મનુષ્યપણાની' એવો અર્થ છે. અહિં નીચે પ્રમાણે અર્થ સિદ્ધ થાય છે. દેવકીજીની પ્રાર્થનાથી ભગવાને ચાર વ્યૂહવાળાં રૂપનું તિરોધાન કર્યું અને પુરુષોત્તમરૂપથી પ્રકટ થયા; ત્યારે તેમણે

તરીકે ભાનની) પણ ઉત્પત્તિ જણાવાઈ, એવો અર્થ છે'. (ટિ)

પોતાનું મનુષ્ય તરીકે પ્રાકૃત હોય તેવું ભાન કરાવ્યું. તેથી જેમ છીપમાં જણાતા રૂપાની ઉત્પત્તિ દેખાય તેમ પોતાની અંદર પ્રાકૃત મનુષ્યપણાની ઉત્પત્તિ પણ જણાવી એવું તાત્પર્ય છે. (પ્ર)

(૮). ''વસુદેવના મનમાં ભગવાનનો આવેશ થયો, એમ આ શ્લોકમાં કહ્યું, ત્યાર પછી શ્લોક ૧૮માં 'દેવકીજીએ ભગવાનને ધારણ કર્યા' એમ કહ્યું, અને આગળ ત્રીજા અધ્યાયના આરંભમાં ભગવાનના આવિર્ભાવનું નિરૂપણ કર્યું. તેથી ભગવાનની શૂરના પૌત્ર અને વસુદેવના પુત્ર તરીકે જે પુરાણ વિગેરેમાં પ્રસિદ્ધિ છે તે યોગ્ય જ છે. નંદના મનમાં તો ભગવાનનો એ પ્રમાણે આવેશ થયાનું ક્યાંય કહેલ નહિ હોવાથી, નંદના ઘરમાં ભગવાનનું પ્રાકટ્ય થયું એમ વૈષ્ણવો કેમ કહે છે ?'' એવી શંકા થાય, તેથી 'પુરુષોત્તમ તો નંદના ગૃહમાં જ માયા સાથે ઉત્પન્ન થયા...' વિગેરેથી શ્રીસુબોધિનીમાં 'નંદના ગૃહમાં પુરુષોત્તમનું સ્વતંત્ર રીતે પ્રાકટ્ય થયું' એમ સિદ્ધ કરે છે. આનો અર્થ નીચે પ્રમાણે છે :

મથુરામાં વંશસંબંધી લીલા કરવાની ઈચ્છાથી વસુદેવના મનમાં પ્રદ્યુમ્નરૂપથી પ્રવેશ કરી, વૈધદીક્ષાના પ્રકાર પ્રમાણે વસુદેવના મનમાંથી ભગવાન્ દેવકીજીમાં પધાર્યા. પછી વ્યૂહવાળા સાક્ષાત્ પુરુષોત્તમનો અકસ્માત્ અલૌકિક રીતે વસુદેવ અને દેવકીજી સમક્ષ ૧૦।૩।૮,૮।। પ્રમાણે પ્રાદુર્ભાવ થયો. નંદના ગૃહમાં તો વંશસંબંધી લીલા કરવાની ભગવાનની ઈચ્છા નહિ હોવાથી, નંદના મનમાં પ્રદ્યુમ્નરૂપથી તેમણે પ્રવેશ કર્યો નથી, તેમ જ વસુદેવના મનમાંથી દેવકીજીમાં પધાર્યા હતા તે પ્રમાણે નંદના મનમાંથી યશોદામાં પધાર્યા પણ નથી. તેથી વસુદેવના ઘરમાં પ્રદ્યુમ્ન વિગેરે વ્યૂહો પણ પ્રકટ થએલ, પણ નંદના ઘરમાં તે વ્યૂહો પણ પ્રકટ થયા નથી. આટલાથી જ એમ ન કહી શકાય કે નંદના ઘરમાં પુરુષોત્તમનો આવિર્ભાવ થયો નથી. પુરુષોત્તમનું પ્રાકટ્ય તો બંને સ્થલે થએલું છે. તેથી અહિં શ્રીસુબોધિનીમાં એમ સિદ્ધ કરે છે કે નંદના ઘરમાં ભગવાનનો પ્રાદુર્ભાવ થયો હતો. 'તુ' 'તો' શબ્દથી એમ જણાવે છે કે શ્લોકમાં જણાવેલ 'અંશોના ભાગથી પ્રવેશ' નંદના મનમાં થયો ન હતો, તેથી જેમ વસુદેવના ઘેર વ્યૂહ પ્રકટ થએલ, તેમ નંદના ઘેર થયું ન હતું; પરંતુ પુરુષોત્તમ તો નંદના ઘેર માયા સાથે ઉત્પન્ન થયા જ હતા, એવો અર્થ છે. અહિં 'એવ' 'જ' શબ્દ કહેલ છે, તે એવા અર્થમાં યોજ્યો છે કે નંદના ઘેર પુરુષોત્તમનું પ્રાકટ્ય થયું ન હતું એમ નથી, પરંતુ તેનો એવો અર્થ નથી થતો કે બીજે કોઈ સ્થલે પુરુષોત્તમનું પ્રાકટ્ય થયું ન હતું. તેથી જ ત્યાર પછીનાં વાક્યોમાં દર્શાવેલા તર્ક (વિચાર)માં નંદના ઘેર પ્રાકટ્ય નથી થયું, એમ માનવાથી કેટલાંક વાક્યો બંધ બેસતા નથી એમ જણાવી, ૧૦।૩૨।૨૩ તથા ૧૦।૩૨।૧૪ના શ્લોકોથી નંદના ઘેર ભગવાનનો પ્રાદુર્ભાવ થયો છે એમ સિદ્ધ કર્યું છે. ભગવાન્ વ્રજમાં નંદના પુત્ર તરીકે પ્રસિદ્ધ હોવાથી, ૧૦।૩૨।૧૪માં તેમને યશોદાના પુત્ર કહ્યા છે એમ નથી, કારણ કે એમ હોય તો તે વ્રજમાં દેવકીજીના પુત્ર તરીકે પ્રસિદ્ધ ન હતા, છતાં તેમને ૧૦।૩૨।૨૩માં દેવકીજીના જઠરમાં ઉત્પન્ન થએલ કહેલા છે તે અયોગ્ય ગણાય. તેથી વ્રજસુંદરીઓને આર્ષ (ઋષિઓનું, ઋષિઓ પેઠે સત્ય સ્થિતિનું) જ્ઞાન હતું એમ સ્વીકારવું જોઈએ. તેમને આર્ષજ્ઞાન હતું એમ સિદ્ધ થયું એટલે ૧૦।૨૩।૧૪માં તેઓ ભગવાનને યશોદાના પુત્ર કહે છે, તે વચન પણ તેમના આર્ષજ્ઞાનથી કહેતાં હોવાથી ભગવાનને નંદના પુત્ર પણ માનવા જ જોઈએ. ૧૦।૮।૨૪ શ્લોકથી તેમ માનવાનું બીજું કારણ પણ કહેલ છે.

'નંદના ઘેર સ્વતંત્ર રીતે જો પુરુષોત્તમનું પ્રાકટ્ય થયું હોય તો જન્મપ્રકરણમાં નંદના ઘરના સ્વરૂપની ઉત્પત્તિ કેમ કહેલી નથી ?' એવી શંકા થાય, તેનો નિરાસ 'માયાથી જ બીજું રૂપ હોવાથી ચોથા અધ્યાયમાં માયાનું નિરૂપણ (કરવા)થી જ તેમની ઉત્પત્તિ જણાવાઈ' એ વાક્યથી

કરેલો છે. માયાથી જ બીજું રૂપ એટલે બીજા રૂપ તરીકે (ભગવાનનું) ભાન થએલ છે. ચાર ભુજાવાળા રૂપથી બીજું રૂપ એટલે બે ભુજાવાળું રૂપ (માયાથી થએલ છે). તે બે રૂપોમાં પરસ્પર ભેદ નહિ હોવા છતાં, તે રૂપનાં જે બીજા રૂપ તરીકે દર્શન થયાં તે દર્શન માયાથી થયાં. વાસ્તવિક રીતે તો 'શ્રીકૃષ્ણ પોતે વૈકુંઠમાં અને ગોકુલમાં સર્વથી પરિપૂર્ણ છે, પરંતુ વૈકુંઠમાં ચાર ભુજાવાળા છે અને ગોકુલમાં બે ભુજાવાળા છે' એ બ્રહ્મવૈવર્ત પુરાણના વાક્ય પ્રમાણે બે ભુજાવાળા અને ચાર ભુજાવાળા પુરુષોત્તમ એક જ છે; પરંતુ તેમનામાં જે ભેદ દેખાય છે તે માયાથી દેખાય છે, એવો અર્થ છે.

૧૦।૪।૧૨માં માયા કંસને 'તારો સંહાર કરનાર પહેલાનો શત્રુ ક્યાંક જન્મ્યો છે' એમ કહે છે, તેમાં પણ 'ક્યાંક' શબ્દથી ભગવાનના પ્રાદુર્ભાવનું પ્રસિદ્ધ સ્થલ મથુરાથી જૂદું છે એમ જણાય છે. તે સ્થલ ગોકુલ જ સિદ્ધ થાય છે. 'જન્મ્યો' શબ્દથી તેમનો જૂદો જન્મ જ કહેલ છે. એમ ન હોત તો 'તારો સંહાર કરનાર બીજે ક્યાંક ગયો' એમ જ કહેત. તેથી નંદના ઘેર ભગવાનનું જૂદું પ્રાકટ્ય થએલ એમ માનવું જોઈએ. તેથી જ 'હે માખણ ચોરનાર નંદના પુત્ર ! તમને નમસ્કાર છે' વિગેરે ધ્યાનનાં વાક્યો બંધ બેસતા થાય છે. તેમ ન હોય તો, તે નંદના પુત્ર નહિ હોવાથી તેમનું નંદના પુત્ર તરીકે ચિંતન કરવાથી, 'જે એક પ્રકારના આત્માને બીજા પ્રકારનો માને છે તે આત્માનું હરણ કરનાર ચોરે શું પાપ નથી કર્યું ?' વાક્યને લીધે દોષ થાય. એ પ્રમાણે નંદના ઘેર તેમજ વસુદેવના ઘેર પુરુષોત્તમનો પ્રાદુર્ભાવ થયો હતો એ સિદ્ધાંત છે. તેથી જ 'વસુદેવના ઘેર સાક્ષાત્ પર પુરુષ ભગવાન્ જન્મ લેશે' (૧૦।૧।૨૩), તથા 'વિચિત્ર વેષ ધારણ કરેલ નંદના નંદન' (૧૦।૧૮।૧૧) વિગેરે વાક્યોની સંગતિ થાય છે.

વળી વરુણલોકમાં ભગવાન્ નંદને છોડાવવા પધાર્યા ત્યાં ૧૦।૨૫।૯માં નંદને તેમના પિતા કહેલા છે. તેથી શુકે નંદના ઘેર જૂદો આવિર્ભાવ થએલો એમ સ્વીકાર્યું છે, કારણ કે નંદના ઘેર આવિર્ભાવ ન થયો હોય તો તે પિતા ન કહેવાય. વળી શ્રીશુકે ૧૦।૯।૨૧ વિગેરે અનેક વાક્યોમાં ભગવાનને ગોપિકા (યશોદા)ના પુત્ર કહેલા છે, અને ૧૦।૩।૮,૮ા વિગેરે અનેક વાક્યોમાં દેવકીજીના પુત્ર પણ કહેલા છે. તેથી મથુરામાં અને ગોકુલમાં પુરુષોત્તમનો આવિર્ભાવ થયો એમ સ્વીકારવું જોઈએ. 'પુરુષોત્તમ તો નંદના ગૃહમાં જ માયા સાથે ઉત્પન્ન થયા' એ (શ્રીસુબોધિનીના) વાક્યમાં 'જ' શબ્દનો અર્થ એવો કરવામાં આવે કે તેમનું પ્રાકટ્ય બીજે કોઈ સ્થલે થયું ન હતું, તો તે અર્થ શ્રુતિ અને પુરાણોનાં ઘણાં વાક્યોથી વિરુદ્ધ થાય. અને ૧૦।૧।૨૩; ૧૦।૩।૯ વિગેરે વાક્યોનાં સુબોધિનીથી પણ વિરુદ્ધ થાય. આ 'જ' શબ્દનો અર્થ એવો કરવામાં આવે કે વાસુદેવ વ્યૂહવાળા પુરુષોત્તમનો બીજે કોઈ સ્થલે પ્રાદુર્ભાવ થયો ન હતો, તો પણ અહિં શ્રીસુબોધિનીમાં ૧૦।૩૨।૨૩ અને ૧૦।૩૨।૧૪ના શ્લોકોથી જે અન્યથાનુપપત્તિ દેખાડી તે તો દૂર થતી નથી જ. તેથી તે 'જ'નો અર્થ 'નંદના ઘેર પ્રાકટ્ય થયું ન હતું એમ નથી' એવો ઉપર કરેલ છે તે જ યોગ્ય છે એમ જાણવું.

વળી 'પુરુષોત્તમ તો નંદના ગૃહમાં જ માયા સાથે ઉત્પન્ન થયા' એ વાક્યમાં, 'ઉત્પન્ન થયા' શબ્દનો અર્થ 'અવતાર લીધો' એવો છે. પણ 'વ્યવહારનો વિષય થયા' એવો અર્થ નથી; કારણ કે તે માયા સાથે ઉત્પન્ન થએલા હોવાથી માતા (યશોદા)ને પણ (તેમની ઉત્પત્તિનું) જ્ઞાન થયું ન હતું. ૧. અવતાર લેવાથી અથવા ૨. વ્યવહારના વિષય થવાથી, એમ બે પ્રકારે પ્રાકટ્યનું ભાન થાય છે એમ કહેવામાં આવશે. તેથી મધ્યરાત્રે નંદના ઘેર અવતાર લેવારૂપ જ પ્રાદુર્ભાવ થયો હતો, અને નવમીના દિવસે પુરુષોત્તમ વ્યવહારના વિષય થયા હતા એમ માનવું જોઈએ. (યો)

જણાવાઈ. ઉત્પત્તિ પછી[13] તરત જ 'આત્મજ(પુત્ર) ઉત્પન્ન થતાં નંદે...' એમ (ઉત્સવનો) કોલાહલ વર્ણવેલ છે. આમ હોવાથી ભગવાનનાં બધાંએ ચરિત્રોની સંગતિ થાય છે[પ]. ઉત્પત્તિ મનમાંથી થઈ તેથી મનમાં પ્રવેશ[14] કર્યો એમ કહેલ છે.૧૬.[15]

---

૧૩. ઉપર (પાના.સં. ૧૩૪; નોટ ૧૧માં) શુકનો જે અભિપ્રાય કહ્યો તે જ દૃઢ કરવા આ વાક્ય યોજેલું છે. નહિ તો રાજાને (પરીક્ષિતે) ઉત્સવ (નંદમહોત્સવ) જોએલ (પૂછેલ) નહિ હોવાથી, ચોથા અધ્યાય પછી, 'વ્રજમાં વસતાં શું કર્યું ?' એ ૧૦।૧।૧૦માં રાજાએ પૂછેલ પ્રશ્નના ઉત્તર તરીકે પૂતનાનો મોક્ષ વિગેરે જ શુક કહેત, પરંતુ નંદજીનો ઉત્સવનો કોલાહલ કહેત નહિ. (પ્ર)

ત્રીજા અધ્યાય સુધી મનુષ્યના રૂપનો સ્વીકાર ન હતો, પરંતુ વ્રજ પધાર્યા પછી માયા ભેગી થઈ એટલે માયાના કાર્ય મનુષ્યરૂપનો સ્વીકાર થયો એવા આશયથી આ વાક્ય કહેલું છે, કારણ કે માયા પોતાનું કાર્ય (ભગવાનનું મનુષ્યરૂપ કરાવવાનું) પાર પાડી મથુરામાં આવી. (લે) લેખનો આ અર્થ બરાબર જણાતો નથી, કારણ કે ત્રીજા અધ્યાયમાં ૧૦।૩।૪૬માં પ્રાકૃત રૂપનો સ્વીકાર થએલ છે.

૧૪. દેહ ઇન્દ્રિય વિગેરેનો ત્યાગ કરી, મનમાં પ્રવેશ કરવાનું કારણ આ વાક્યમાં કહેલ છે. કામ મનમાંથી ઉત્પન્ન થાય છે એટલે મન જ પોતાથી ઉત્પન્ન થતા (કામ) દ્વારા સર્વની ઉત્પત્તિ કરે છે, તેથી ઉત્પન્ન કરવું એ મનનો ધર્મ (ગુણ) છે. તેથી ઉત્પત્તિનો પ્રકાર સિદ્ધ થાય તે માટે અહિં (ભગવાને) પણ મનમાં પ્રવેશ કરેલ છે; પરંતુ બીજા (જીવો)ના સંબંધમાં મન કામ દ્વારા પરંપરાથી ઉત્પત્તિ કરાવે છે જ્યારે અહિં તો મનથી જ સાક્ષાત્ સ્વરૂપ (વસુદેવ) દેવકીજીમાં સ્થાપન કરવાના છે એવો ભેદ છે. (લે)

૧૫. શ્રીપુરુષોત્તમનું પ્રાકટ્ય ક્યાં થયું હતું એ વિષય ઘણો ચર્ચવામાં આવ્યો છે. મતભેદ પણ છે. તેથી ટિપ્પણી-લેખ-પ્રકાશ-યોજનાનું સંપૂર્ણ ભાષાંતર સમજી શકાય તેવા રૂપમાં આપવા પ્રયાસ કર્યો છે.

યોજનામાં, 'એવ' 'જ' નો જે અર્થ કરેલો છે તે વિચિત્ર છે એ સ્પષ્ટ જ છે. 'પુરુષોત્તમ તો નંદના ગૃહમાં જ ઉત્પન્ન થયા' એમ શ્રીસુબોધિનીમાં છે. તેથી નંદના ઘર સિવાય બીજા કોઈ સ્થલે પુરુષોત્તમની ઉત્પત્તિ થઈ નથી, એવો જ શ્રીમદાચાર્યચરણનો આશય જણાય છે. વળી ૧૦।૫।૧નાં શ્રીસુબોધિનીમાં પણ 'વાસુદેવ અહિં જ આવિર્ભાવ પામેલા એવો સિદ્ધાંત છે' એમ કહેલ છે. તેથી પણ તેમનો આવિર્ભાવ વસુદેવને ઘેર થયો નથી, એમ જણાય છે. યોજનાનો મત યોગ્ય જણાતો નથી.

પ્રકાશના મત પ્રમાણે વસુદેવના ઘેર અંશોના ભાગથી પ્રાકટ્ય કહેલું છે તેવું નંદના ઘેર કહેલ નથી. તેથી નંદના ઘેર કેવલ પુરુષોત્તમનું પ્રાકટ્ય થયું છે. વળી રાસપંચાધ્યાયીમાં ભગવાનનાં એક સાથે અનેક રૂપો પ્રકટ થએલાં તેવી રીતે નંદના ઘેર અને વસુદેવના ઘેર એક સાથે પ્રાકટ્ય થએલું એમ પણ પ્રકાશકાર કહે છે. લેખ પ્રમાણે વાસુદેવ વ્યૂહવાળા પુરુષોત્તમનું નંદના ઘેર જ પ્રાકટ્ય થયું છે અને પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને અનિરુદ્ધ વ્યૂહવાળા

(વસુદેવમાં) ભગવાનનો આવેશ થતાં, તે જેવા થયા તેવા તેમનું નીચેના શ્લોકમાં વર્ણન કરે છેઃ

---

પુરુષોત્તમનું વસુદેવને ઘેર પ્રાગટ્ય થયું છે.

ટિપ્પણીમાં શ્રીમત્પ્રભુચરણ જણાવે છે કે:''નંદજીને ઘેર પ્રાદુર્ભાવ જે પુરુષોત્તમનો થએલો તે 'સર્વ તરફ પાણિ અને પાદના અંતવાળા હોવાથી,' તેમનું તે સમયે વસુદેવના ઘરમાં કાર્ય હોવાથી, વસુદેવના ઘરમાં પણ તેમનો જ પ્રાદુર્ભાવ થયો એમ જણાય છે.''

આ ઉપરથી એમ જણાય છે કે પુરુષોત્તમનું પ્રાકટ્ય નંદના ઘેર જ થયું, પરંતુ તે સમયે વસુદેવના ઘેર તેમનું કાર્ય (વસુદેવના ઘેર પ્રકટ થએલ સ્વરૂપને પોતાની અંદર સ્થાપન કરવાનું કાર્ય) હોવાથી, તે ત્યાં પણ પ્રકટ થયા. પુરુષોત્તમ પછી તરત જ માયાની ઉત્પત્તિ નંદને ઘેર થઈ અને માયાથી પુરુષોત્તમ 'પ્રાકૃત બાલક' વસુદેવને ઘેર થયા. જેમ વીજળીનો દીપક એક ઠેકાણે કરવામાં આવે એટલે બીજે જ્યાં વીજળીનો સંબંધ હોય ત્યાં પણ તરત જ દીપક થાય, તેમ પુરુષોત્તમનું પ્રાકટ્ય નંદના ઘેર થયું કે તરત જ વસુદેવના ઘેર પણ થયું અને તરત જ માયા ઉત્પન્ન થતાં તે 'પ્રાકૃત બાલક' થયા. લેખમાં સોયાથી એક સાથે એકસો પાંદડાં વીંધવાનું જે દૃષ્ટાંત આપેલ છે તે પ્રમાણે આ એક સાથે થયાં, પરંતુ પ્રથમ પુરુષોત્તમનો આવિર્ભાવ થયો, પછી માયાની ઉત્પત્તિ થઈ અને માયાથી વસુદેવને ઘેર પ્રકટ થએલ સ્વરૂપ 'પ્રાકૃત બાલક' થયું, અથવા પુરુષોત્તમે પોતાની અંદર તે સ્વરૂપનું સ્થાપન કર્યું. નંદજીને ઘેર પુરુષોત્તમનું પ્રાકટ્ય પ્રથમ થએલ હોવાથી, એ પ્રાકટ્ય ત્યાં જ થયું કહેવાય. પ્રાકટ્ય પછી પુરુષોત્તમ હરકોઈ સ્થલે પધારે ત્યાં તેમનું પ્રાકટ્ય થયું ન ગણાય. તેથી વસુદેવને ઘેર તેમનું પ્રાકટ્ય થયું ન ગણાય. તેથી જ આ શ્લોકનાં અને ૧૦।૫।૧નાં શ્રીસુબોધિનીમાં 'એવ' 'જ' શબ્દ શ્રીમદાચાર્યચરણે યોજેલ છે. આમ હોવાથી પુરુષોત્તમ યશોદા અને નંદના પુત્ર ગણાય, તેવી જ રીતે વસુદેવના ઘેર પ્રકટ થએલ સ્વરૂપને તેમણે પોતામાં સ્થાપેલ હોવાથી તે વસુદેવ અને દેવકીજીના પણ પુત્ર ગણાય. આ પ્રમાણે બધાં વાક્યોની સંગતિ પણ થાય છે. ૧૦।૧।૨૩માં ''સાક્ષાત્ ભગવાન્ પર પુરુષ વસુદેવના ઘરમાં 'જનિષ્યતે' જન્મ લેશે'' એમ કહેલ છે, ત્યાં 'જનિષ્યતે' પદ 'થશે' 'પધારશે'ના અર્થમાં યોજેલ જણાય છે. વસુદેવના ઘરમાં જન્મ લેનાર તો પ્રદ્યુમ્નવ્યૂહ જ છે. 'હોવું', 'થવું' એવો 'જન્' ધાતુનો અર્થ છે જેમકે મનુસ્મૃતિ.૧।૯૯. 'બ્રાહ્મણો જાયમાનો હિ પૃથિવ્યામધિ જાયતે' જન્મ થતાં બ્રાહ્મણ પૃથ્વી ઉપર શ્રેષ્ઠ થાય છે. અહિં 'જાયતે' નો અર્થ 'થાય છે' છે. તેવી જ રીતે યાજ્ઞવલ્ક્યસ્મૃતિ.૩।૨૨૬. 'વ્યવહાર્યસ્તુ વચનાદિહ જાયતે' 'અહિં (આ જગતમાં) (પ્રાયશ્ચિત્ત મુકરર કરનાર) વચનના બલથી વ્યવહાર કરવા યોગ્ય થાય છે.' તેવી જ રીતે ૧૦।૧।૨૩માં 'જનિષ્યતે' શબ્દ 'થશે' એટલે 'પધારશે'ના અર્થમાં યોજાએલ છે. એ પ્રમાણે હોવાથી પુરુષોત્તમનો આવિર્ભાવ નંદના જ ઘેર થયો હતો એમ માનવું જ યોગ્ય જણાય છે.

**સ બિભ્રત્પૌરુષં ધામ ભ્રાજમાનો યથા રવિઃ ।।**
**દુરાસદોઽતિદુર્ધર્ષો ભૂતાનાં સમ્બભૂવ હ ।।૧૭।।**

પુરુષનું તેજ ધારણ કરતાં વસુદેવ સૂર્યની પેઠે પ્રકાશતા, અને ભૂતો જેની પાસે આવી શકે નહિ તથા આક્રમણ કરી શકે નહિ તેવા સારી રીતે થયા. ૧૭.

(વસુદેવ) પુરુષનું એટલે ભગવાનનું તેજ પોતાની અંદર ધારણ કરનાર થયા એટલે (તેમની) પોતાની કાંતિના સામર્થ્ય કરતાં, (તેમના) પોતાથી જ (તેમનો) અધિક પ્રભાવ થયો[1] એમ જણાવેલ છે. તે સમયે તે પ્રકાશતા થયા. 'સૂર્યની પેઠે' (એ દષ્ટાંત), સર્વને તેવા દેખાયા[2] જ, એમ જણાવવા કહેલ છે; અથવા સૂર્યના (દરેક રાશિમાં પ્રવેશ કરનાર સૂર્યનું બિંબ જૂદું હોવાથી) બાર જ બિંબો છે, (તે પૈકી) જે બિંબોમાં જ્યારે તે પ્રવેશ કરે છે ત્યારે તે (બિંબ) પ્રકાશે છે તે પ્રમાણે (વસુદેવ) (ભગવાને પ્રવેશ કરવાથી પ્રકાશતા થયા ત્યારે) તેમનો કંસ વિગેરેનો ભય જતો રહ્યો એમ જણાવવા 'જેની પાસે આવી શકે નહિ તેવા' વિશેષણ યોજેલ છે. કોઈપણ (તેમની) સમીપ જવા તેમજ (તેમનું) આક્રમણ કરવા શક્તિમાન ન હતું. તેથી (તેમનું) દુઃખ દૂર (ભાગી ગયું) એમ જણાવ્યું છે. 'ભૂતો' એટલે બધાંએ (પ્રાણીઓ) અથવા રાક્ષસ વિગેરે દુષ્ટ (પ્રાણીઓ). (તેઓ જેની પાસે આવી શકે નહિ તથા આક્રમણ કરી શકે નહિ તેવા) સારી રીતે થયા, એટલે કોઈપણ (તેમની) પરીક્ષા કરવા માટે પણ, અથવા બલ (જબરજસ્તી)થી પણ (તેમની પાસે) આવવા શક્તિમાન ન હતું, એમ કહેલ છે. જો કે ભગવાન્ સર્વમાં (રહેલા) છે, તો પણ આવું (વસુદેવ જેવું) તેજ બીજા કોઈમાં હોતું નથી, એમ આશ્ચર્ય દર્શાવવા 'હ' શબ્દ યોજેલ છે. ૧૭.

કંસે છ પુત્રોનો વધ કર્યો તે પહેલાં જ સંકર્ષણ ગર્ભ(થએલ), અને ત્યાર પછી વસુદેવ સાંકળથી બંધાએલ જ હતા. તેથી તેમણે પોતાની અંદર રહેલ ભગવાનને જૂદા પ્રકારથી દેવકીજીમાં પધરાવ્યા[1] એમ નીચેના શ્લોકમાં કહે છે :

---

૧. પોતાની અંદર રહેલી જે ભગવાનની કાંતિ, તેના સામર્થ્યને લીધે, વસુદેવ પોતાની મેળે પણ ભગવાનની કાંતિને લીધે, અધિક પ્રભાવવાળા થયા. (લે) 'સ્વકાન્તિસામર્થ્યાત્'નો અર્થ 'પોતાની અંદર રહેલી ભગવાનની કાંતિના સામર્થ્યને લીધે' લેખમાં કરેલ છે. 'સ્વ-કાન્તિ'નો અર્થ 'પોતાની (એટલે વસુદેવની) કાંતિ કરી, પોતાની કાંતિ કરતાં, પોતાની મેળે ભગવાને પ્રવેશ કરેલો હોવાથી અધિક પ્રભાવવાળા થયા, એવો અર્થ અનુવાદમાં કરેલ છે.

૨. આ દષ્ટાંત (સર્વની) પ્રતીતિ કેવી હતી તે જણાવવા જ કહેલ છે, પણ પ્રિયવ્રતની પેઠે વસુદેવે રાત્રિને દિવસ બનાવ્યો ન હતો એમ જણાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલ છે.(લે)

૧. વસુદેવે ભગવાનને દેવકીજીમાં પધરાવ્યા એ વાક્યનો ગૌણ અર્થ છે. અહિં તેમ પધરાવવાનું

**તતો જગન્મઙ્ગલમચ્યુતાંશં સમાહિતં શૂરસુતેન દેવી ।।**
**દધાર સર્વાત્મકમાત્મભૂતં કાષ્ઠા યથાનન્દકરં મનસ્તઃ ।।૧૮।।**

પછી જેમ દિશા ચંદ્રને ધારણ કરે તેમ શૂરસુતે સારી રીતે પધરાવેલા અચ્યુત અંશ, સર્વના આત્મરૂપ અને પોતારૂપ થએલ જગતોના મંગલને દેવીએ ધારણ કર્યું. ૧૮.

જોકે ભગવાનનું પોતાની અંદર જ સ્થાપન કરવું યોગ્ય છે તો પણ સર્વ લોકની રક્ષા થાય તેવા હેતુથી વસુદેવે તેમનું દેવકીજીમાં સ્થાપન કર્યું, એમ જણાવવા 'જગતોનું મંગલ' શબ્દ યોજેલ છે. ('જગતોનું મંગલ' એટલે) જગતોનાં જ કલ્યાણરૂપ.

'એવી રીતે આવવું[૨], આવેશ[૩], પ્રવેશ[૪], નીકળવું[૫] થતાં (ભગવાનનું સ્વરૂપ) બદલાઈ જાય, અથવા તેમાં વધારો ઘટાડો થાય' એવી શંકા થાય, તેથી 'અચ્યુત અંશ' વિશેષણ યોજેલ છે. અચ્યુત છે જે અંશ (તે અચ્યુત અંશ). છઠ્ઠી (તત્પુરુષ)નો અર્થ (અચ્યુતનો અંશ તે અચ્યુત અંશ) લેતાં પણ તેવાં જ પ્રયોજનથી એ વિશેષણ યોજેલ જણાય છે. 'સારી રીતે' એટલે વૈધદીક્ષાના[૬] પ્રકારથી વસુદેવે પધરાવેલું. વાસ્તવિક રીતે તો વસુદેવે સમાધિમાં દેવકીજીની ભાવના કરી અને મનથી જ તેમનામાં સાક્ષાત્ તેજ પધરાવ્યું.[૭] (વસુદેવના એવા) વિવેકને લીધે, 'શૂરસુતે' એમ પિતાના નામથી (તેમને) જણાવેલ છે. 'દેવી' પદથી એમ જણાવેલું છે કે તે (દેવકીજી) અંદર પ્રવેશ કરી, સમાધિમાં પણ તે તેજ ગ્રહણ કરવા શક્તિવાળાં હતાં, કારણ કે આ(દેવકીજી) દેવતારૂપ હતાં અને દેવતામાં તેવું સામર્થ્ય હોય છે જ. તેથી જ[૮] તેમણે તે તેજ ધારણ કર્યું.

---

પ્રયોજન કહેલું છે. તેથી આ પ્રયોજન જણાવવા જ વાક્યનો ગૌણ અર્થ અહિં કહેલ છે એમ જાણવું. (લે)

૨. 'આવવું' એટલે 'વૈકુંઠમાંથી અહિં અવતરવું' (લે) ૩. 'આવેશ' એટલે 'વસુદેવના મનમાં પ્રવેશ કરવો'. (લે) ૪. 'પ્રવેશ' એટલે 'દેવકીજીમાં સ્થિતિ કરવી'. (લે)

૫. 'નીકળવું' એટલે 'દેવકીજીમાંથી નીકળવું.' (લે)

૬. 'વૈધદીક્ષાના પ્રકારથી' 'એટલે વિધિ(વેદવાક્ય)માં જણાવેલ મંત્રનો ઉપદેશ કરતાં, ગુરુ દેવતાનું પોતામાં આવાહન કરે છે અને પછી શિષ્યમાં સ્થાપન કરે છે તે પ્રકારથી.' આ વાક્યથી ('સમાહિતમ્' શબ્દમાં) 'સમ્' ઉપસર્ગ છે તેનો અર્થ કહેલ છે. (લે)

૭. આ વાક્યથી 'સમાહિત' શબ્દનો બીજો અર્થ કહેલ છે. આ અર્થ પ્રમાણે 'સમાહિત' એટલે 'સમાધિના પ્રકારથી પધરાવેલા' એવો અર્થ છે. (લે)

૮. 'તેથી જ' એટલે 'સામર્થ્યને લીધે જ', ધારણ કર્યું, પરંતુ લૌકિક સંબંધની રીતે ધારણ કર્યું

'(બ્રહ્મને) બીજું કોઈ ધારણ કરે તો બ્રહ્મપણાનો નાશ થાય' એવી શંકા થાય, તેથી 'સર્વના આત્મરૂપ' વિશેષણ યોજેલ છે. તે (ભગવાન્) સર્વના આત્મા થએલ છે. બધાએ તેમને ધારણ કરે છે, તેથી ધારણ (થવા)થી દોષ થતો નથી.

'તેમ હોય તો પણ આ પ્રસંગે તો (તે) ચૈતન્ય[૯] અથવા માનસ બીજને[૧૦] પ્રાપ્ત કરી રહે છે તેથી દોષ થાય જ', એવી શંકા થાય, તેથી 'પોતારૂપ થએલ' વિશેષણ યોજેલ છે. દેવકીજીમાં પોતાના (દેવકીજીના) રૂપથી જ (ભગવાને) પ્રવેશ કરેલો, પરંતુ બીજમાં અથવા ચૈતન્યમાં પ્રવેશ કરીને તેમનામાં[૧૧] પ્રવેશ કર્યો ન હતો. જેમ 'આ હું મારા (પોતાના) આધારવાળો છું' એમ (કોઈ) જ્ઞાનથી પોતાને ધારણ કરે તેમજ (દેવકીજીએ) પોતારૂપ થએલ ભગવાનને ધારણ કર્યા, એવો અર્થ છે. આથી એમ કહેલું છે કે શુદ્ધ જ સ્વરૂપ વસુદેવમાંથી પધાર્યું. ચૈતન્ય[૧૨], બીજ[૧૨] અને મંત્રના[૧૨] પક્ષો થોડું જાણનારા (ઓછી બુદ્ધિવાળા)ઓને ભાન થાય તે માટે કહેલા છે. ક્રમથી માયાને હઠાડવાથી આકાશની[૧૩] પેઠે (ગર્ભની)

---

નહિ એમ જણાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલ છે. વસુદેવે લૌકિક પ્રકારે પધરાવ્યા નથી એમ 'સમાહિત' શબ્દથી કહ્યું, અને દેવકીજીએ લૌકિક પ્રકારે ધારણ કરેલ નથી એમ 'દેવી' પદથી કહ્યું, આ બે પદનો એવો અર્થ કરવામાં પ્રમાણ અર્થાપત્તિ (અર્થ બંધ બેસવો તે) છે એમ આભાસમાં કહેલ છે. (લે)

૯. 'ચૈતન્ય' એટલે 'જીવ'. (લે)

૧૦. અહિં વીર્યરૂપ બીજ હોવાનો સંભવ નથી, તેથી સનક વિગેરેની (ઉત્પત્તિમાં હતું તેવું) માનસ બીજ કહેલ છે, એવો અર્થ છે. (લે)

૧૧. દેવકીજીના જીવમાં પ્રવેશ કરી, પછી તેમના ઉદરમાં પ્રવેશ કર્યો ન હતો, એવો અર્થ છે. (લે)

૧૨-૧૨-૧૨. 'શુદ્ધ જ સ્વરૂપ પધાર્યું' એમ ઉપર કહ્યું. ત્યાં 'એવ' 'જ' શબ્દથી શું ન હતું એમ જણાવેલ છે તે અહિં કહે છે. 'દેવકીજીએ ધારણ કર્યું,' એમ કહેવામાં ચૈતન્યપક્ષ થાય છે. બીજ અથવા મંત્રના પક્ષમાં વસુદેવનું જ મુખ્યપણું રહે છે, અને દેવકીજીના પ્રયત્નની જરૂર નથી, એવો ભાવ છે. 'સમાહિત' પદના બે અર્થ કર્યા છે. તેમાં (નોટ ૮માં જણાવેલ) બીજો અર્થ બીજપક્ષ પ્રમાણે થાય છે અને (નોટ ૭માં જણાવેલો) પહેલો અર્થ મંત્રપક્ષ પ્રમાણે થાય છે, એમ જાણવું. તેથી સંઘાત (શરીર)ના આત્મરૂપ થએલ (ભગવાન્)ને જ ધારણ કર્યા. પરંતુ (સંઘાતમાં) પ્રવેશ કરેલા (બીજા કોઈને) ધારણ કર્યા ન હતા, એવો અર્થ છે. આવાનું ધારણ કેવી રીતે થઈ શકે તે ઉપર 'આ હું મારા આધારવાળો છું' એમ જ્ઞાનથી ધારણ કરવાનો પ્રકાર કહેલ છે. (લે)

૧૩-૧૩. જેમ જેમ ભીંત વિગેરે આવરણ દૂર કરવામાં આવે છે તેમ તેમ આકાશ પ્રકટ થાય છે તેવી રીતે જેટલું માયાનું રૂપ જે પ્રકારથી દૂર કરવામાં આવે, તેટલું ભગવાનનું સ્વરૂપ તે

વૃદ્ધિ (થાય છે). તેમ થતાં માયાના અને ભગવાનના સંબંધમાં બંનેની બુદ્ધિ વિકારરહિત રહે છે.[૧૩]

તે(શુદ્ધ સ્વરૂપ)ને પણ ધારણ (કરવા)રૂપ પોતાના પ્રયત્નથી ભગવાનને પોતાની અંદર લાવીને, દેવકીજીએ ધારણ કરેલ નથી, પરંતુ જેમ પોતાની મેળે આવેલા આનંદ આપનાર ચંદ્રને 'દિશા' એટલે પૂર્વ દિશા ધારણ કરે છે તેમ ધારણ કરેલ છે. ધારણ પણ મનથી જ કરેલ. વિકારરહિત મનથી ધારણ કરેલ એમ જણાવવા 'તસ્'('તઃ') પ્રત્યય લગાડેલ છે. વસુદેવને સારી રીતે પધરાવવામાં અને દેવકીજીને ધારણ કરવામાં મન જ સાધન છે. ૧૮.

જેમ ભગવાનનો (પોતામાં) આવેશ થતાં, વસુદેવ પ્રકાશમાન થયા તેમ દેવકીજી (પ્રકાશમાન) થયાં નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સા દેવકી સર્વજગન્નિવાસનિવાસભૂતા નિતરાં ન રેજે ।।**
**ભોજેન્દ્રગેહેઽગ્નિશિખેવ રુદ્ધા સરસ્વતી જ્ઞાનખલે યથા સતી ।।૧૯।।**

જેમ જ્ઞાનખલમાં રહેલી સતી સરસ્વતી શોભે નહિ તેમ ભોજેન્દ્રના ઘરમાં અગ્નિની શિખા પેઠે રુંધાએલાં, તે દેવકીજી સર્વ જગતો જેમનામાં રહેલ છે તેમનું રહેઠાણ થવા છતાં બહુ શોભતાં ન હતાં. ૧૯.

પુરુષનું તેજ સ્વતંત્ર હોય છે તેથી, અને વિવેક વિગેરેના સહભાવવાળું હોવાથી, ચિંતાથી (તે) ઝાંખું પડતું નથી; પરંતુ સ્ત્રીનું તેજ પરતંત્ર અને વિવેક વિગેરે વિનાનું હોવાથી, ચિંતાથી ઝાંખું પડી જવાથી શોભતું નથી. જો કે તે દેવકીજી દેવતારૂપ હતાં, અને સર્વ જગતો જેમનામાં રહેલ છે તેવા ભગવાનનું રહેઠાણ અથવા રહેવાનું ધામ થએલ હતાં, છતાં બહુ શોભતાં ન હતાં. પોતાની

---

પ્રકારથી પ્રકટ થાય, એવા ક્રમથી જ ગર્ભનાં લક્ષણોનો આવિર્ભાવ થતો હતો. તેથી દેવકીજીને પણ ભગવાનના ગર્ભના સંબંધમાં બીજા ગર્ભોથી કાંઈ ભેદ જણાયો નહિ. તેવી જ રીતે જેટલા અંશથી માયાને દૂર કરવામાં આવી તેટલા અંશથી માયાનો યશોદાના ગર્ભમાં પ્રાદુર્ભાવ થયો તેથી યશોદાની પણ તે ગર્ભસંબંધી બુદ્ધિ વિકારરહિત (બીજા ગર્ભોના સંબંધમાં હોય તેવી જ) રહી એવો અર્થ છે. તેમ ન હોય તો અલૌકિક રીત થતાં પહેલાં ગર્ભના લક્ષણ ન હોય અને પછી પ્રાકટ્ય થાય એટલે યશોદા અને દેવકીજી બંનેની બુદ્ધિ વિકારવાળી (બીજા ગર્ભથી આ પ્રાકટ્ય જૂદા પ્રકારનું છે એવી) થાય; અને એમ થાય તો લીલા થઈ શકે નહિ, તેથી ઉપર જણાવ્યા પ્રમાણે જ થયું એમ માનવું. આકારવાળાં અને સર્વ સ્થલે રહેલ બ્રહ્મનું બાલકના આકાર જેટલું જ આવરણ દૂર કરવામાં આવે ત્યારે દૂર કરાએલ આવરણ પણ તેવા જ આકારનું હોય એ લોકન્યાય પ્રમાણે પણ સિદ્ધ જ છે. અહિં આવરણ (માયા) સર્વ સ્થલે રહેલ હોવાથી તેવું જ (બ્રહ્મ જેવું જ) હોવાથી યશોદાના ગર્ભના સ્થલમાં તે પ્રકટ થાય તેમાં કાંઈ અયોગ્યતા નથી. (ટિ)

અંદર રહેલ રુંવાડાઓનો કોઈને ભય હોતો નથી, તે પ્રમાણે ભગવાનમાં સર્વ હોવાથી, ભગવાનને કોઈનો ભય હોય નહિ. પોતાને (દેવકીજીને) તો જગતનો ભગવાનનો અને ભગવાનના નિમિત્ત (કારણ)ને લીધે કોઈનો જરાએ ભય ન જ હોય. દેવકીજી આવાં હોવા છતાં બહુ શોભતાં ન હતાં, કારણ કે ભગવાનની(કંસ ભગવાનને શું કરશે એવી) ચિંતાથી પોતાના અને બધાના શોકનું કારણ થયાં હતાં, અને બહારથી અને અંતઃકરણમાં પણ ચિંતાને લીધે પીડાતાં હતાં.

ચિંતાનું બીજું કારણ પણ કહે છે કે 'ભોજેન્દ્રના' એટલે કંસના ઘરમાં 'રુંધાએલા' એટલે સાંકળોથી બંધાએલાં હતાં, તેથી બહાર આવી સર્વને સુખ આપી શકતાં ન હતાં. જેમ અગ્નિ કુંડમાં પ્રકાશતો હોવા છતાં રાખથી રુંધાએલો હોવાથી અંદર જ જ્વાલાવાળો હોય છે તેમ આ(દેવકીજી) પણ ચિંતા વિગેરેથી ભરપૂર(રુંધાએલાં) હોવાથી સારી રીતે પ્રકાશવાળાં થતાં ન હતાં. આ (અગ્નિનું) દૃષ્ટાંત પોતાના ધર્મોથી ન પ્રકાશવામાં જ આપેલું છે. 'જેમ જ્ઞાનખલમાં રહેલી સતી સરસ્વતી શોભે નહિ' શબ્દોથી, બીજાના અટકાવવાથી નહિ શોભવામાં બીજું દૃષ્ટાંત કહેલું છે. જેમ સન્માર્ગમાં પ્રવૃત્તિવાળી ભાગવત વિગેરેરૂપ સરસ્વતી 'જ્ઞાનખલ' એટલે જ્ઞાનના ઠગમાં રહેલી, અંદરથી પોતાને જ સંતોષ ઉત્પન્ન કરે છે, પરંતુ બહાર પ્રકાશી સર્વને સંતોષ કરતી નથી, તેવી રીતે કંસથી રુંધાએલાં દેવકીજી ઘરમાં જ પ્રકાશતાં થયાં, પરંતુ બહાર પ્રકાશ્યાં નહિ. અસતી તો પોતાની અંદર પણ પ્રકાશતી નથી. જે પોતે પરોપકાર ઉત્પન્ન કરનારી(કરાવનારી) સદ્વિદ્યાને જાણે છે, પરંતુ બીજો કોઈ અધિકારી હોય તેને પણ આપતો નથી તે જ્ઞાનખલ છે. તે દૃષ્ટાંતથી એમ સૂચવ્યું છે કે પોતાની અંદર જે ભગવાનનો આવિર્ભાવ થયો તે દેવકીજીએ પોતાના ઘણા પ્રિય(સ્નેહીઓ)થી પણ છૂપો રાખ્યો. ૧૯.

તે (દેવકીજી) જેને લીધે સર્વને સુખ આપનારાં ન થયાં, તેને[૧] પણ સુખ આપનારાં ન થયાં, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તાં વીક્ષ્ય કંસઃ પ્રભયાજિતાન્તરાં વિરોચયન્તીં ભવનં શુચિસ્મિતામ્ ।।**
**[૨]આહૈષ મે પ્રાણહરો હરિર્ગુહાં ધ્રુવં શ્રિતો યન્ન પુરેયમીદૃશી ।।૨૦।।**

ભવનને શોભાવતાં શુચિ સ્મિતવાળાં, અને પ્રભાને લીધે જેમની અંદર અજીત છે તેવાં જણાએલાં તેમને જોઈને કંસે કહ્યું કે મારા પ્રાણને હરનાર આ હરિ

૧. સરસ્વતી તો તેને રુંધી રાખનાર જ્ઞાનખલને સંતોષ ઉત્પન્ન કરે છે, એમ દૃષ્ટાંતના વ્યાખ્યાનમાં કહેલ છે; પરંતુ તે દેવકીજી તેમને રુંધી રાખનાર કંસને પણ સુખ આપનારાં થયાં નહિ, એવો અર્થ છે. (લે)
૨. પાઠભેદ 'પ્રાહ'.

જરુર ગુહામાં રહેલાં છે, કારણ કે પહેલાં આ આવી ન હતી. ૨૦.

પ્રભાને લીધે જણાએલાં તે (દેવકીજી)ને જોઈને કંસે કહ્યું. જણાવનારી પ્રભાને લીધે જ, અજીત છે અંદર જેમની, એટલે ભગવાન્ આ (દેવકીજી)ની અંદર છે એમ જાણીને, અને પ્રભાથી જ ભવનને શોભાવતાં (દેવકીજીને જોઈને કંસે કહ્યું). (ભગવાનનું) અજીતપણું પણ (દેવકીજીનાં) દર્શન થતાં જણાયું, કારણ કે પરમાનંદ હૃદયમાં પ્રવેશ કરે ત્યારે પ્રાણીનાં સર્વ દુઃખો દૂર થાય છે, એવા નિશ્ચયને લીધે તે અતિક્રમણ થઈ શકે તેવાં નથી એમ જણાયું. આ (દેવકીજી)નું પ્રસન્નતાવાળું મુખ જોઈને પણ, (તેમનામાં) ભગવાન્ છે એવો તેણે નિશ્ચય કર્યો, એમ 'શુચિ સ્મિતવાળાં' શબ્દથી કહે છે. 'શુચિ' એટલે ઘણું શુદ્ધ, બહારનો વિકાર ઉત્પન્ન ન કરે અને અંદર આનંદથી ઉભરાએલું સ્મિત છે જેમનું (તેવાં શુચિ સ્મિતવાળાં હતાં). બહાર નીકળેલી ભગવાનની કાંતિ અંદરથી અને બહારથી તેમને (દેવકીજીને) અને ઘરને પ્રકાશતી હતી. તેથી (તેમનામાં) ભગવાન્ છે એવો નિશ્ચય કરીને, અને તેમને (ભગવાનને) (દેવકીજીમાં પ્રવેશ કરવાનું) બીજું કાંઈ પ્રયોજન નથી એમ પ્રકરણથી જાણીને; (કંસે) કહ્યું કે 'આના ઉદરમાં મારા પ્રાણને હરનાર આ હરિ જ પ્રકાશે છે.' 'ધ્રુવમ્' એટલે જરુર (હરિ જ છે); કારણ કે આ રૂપથી તથા સંતોષ વિગેરેથી પહેલાંના જેવી નથી.

'અહિં જો ભગવાન્ હોય તો બધાંને કેમ (તેમનાં) દર્શન થતાં નથી?' એવી શંકા થાય, તેથી 'ગુહામાં રહેલા' શબ્દો યોજેલાં છે. તે (ભગવાન્) ઉદરમાં રહે તે સંભવતું નથી, કારણ કે તે જીવ નથી. તેથી 'બે આત્મા (જીવ અને ભગવાન્) ગુહા (હૃદયાકાશ)માં પ્રવેશેલા છે', એ ન્યાય (બ્રહ્મસુત્ર ૧।૨।૧૧) પ્રમાણે આ (દેવકીજીનું) ઉદર ગુહા જ છે. તેથી (તે) હરિ જ છે, (અને) હરિ હોવાથી જ મારા પ્રાણને હરનાર છે. ૨૦.

'તેથી શું ?' એવી જિજ્ઞાસા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**કિમદ્ય તસ્મિન્ કરણીયમાશુ મે યદર્થતન્ત્રો ન વિહન્તિ વિક્રમમ્ ।।**
**સ્ત્રિયાઃ સ્વસુર્ગુરુમત્યા વધોયં યશઃ શ્રિયં હન્ત્યનુકાલમાયુઃ ।।૨૧।।**

તેમના (તે) વિષે મારે હમણાં તરત શું કરવું જોઈએ ? કારણ કે અર્થને અધીન (હોય તે) (પોતાના) વિક્રમનો નાશ કરતો નથી. સ્ત્રી, બેન અને ગર્ભિણીનો આ વધ યશ, લક્ષ્મી અને આયુષ્યનો તરત જ નાશ કરે છે. ૨૧.

'તે' એટલે ભગવાન્ પધારતાં, અથવા 'તે' એટલે પ્રાણનો નાશ થાય તેવો પ્રસંગ આવી પડતાં, પહેલાંના ઉપાયો વ્યર્થ થવાથી હવે મારે શું કરવું જોઈએ એવો (કંસ) વિચાર (કરે છે). જો હું શાંત રહીશ તો (હરિ) (મારા) પ્રાણ હરશે જ,

તેથી મારે તરત શું કરવું જોઈએ ?

'આ (દેવકીજી)ને મારી નાખવી જોઈએ' એમ કહેવામાં આવે, તેથી કહે છે કે 'અર્થને અધીન હોય (તે) વિક્રમનો નાશ કરતો નથી.' 'યદ્' જો કે મારા જેવો માણસ અર્થને એટલે પોતાના કાર્યને અધીન હોઈ કાર્યને વશ રહેનાર છે, (છતાં તે) તેવી રીતે (પોતાના) પરાક્રમનો નાશ કરતો નથી, (કારણ કે) સ્ત્રીનો વધ કરવાથી (પોતાના) પરાક્રમની હાનિ (થાય) જ. અથવા 'યદ્' જે કારણથી આ (દેવકીજીના) ઉદરમાં રહેલ ભગવાન્ અર્થને અધીન એટલે કાર્ય માટે જ (અહિં) પધારેલ છે તેથી (તે) પોતાના પરાક્રમને હણશે નહિ, પરાક્રમનો નાશ થવા દેશે નહિ, એટલે શાંત રહેશે નહિ એવો અર્થ છે.

'તારા જીવનનું (તું જીવતો રહે તેવું) અદષ્ટ હશે તો આ (ભગવાન્) તને હણશે નહિ, અને જો તે (તેવું અદષ્ટ) નહિ હોય તો (તને) બીજો કોઈ પણ મારશે જ; તેથી જો કે આમનો દ્રોહ કરવો યોગ્ય નથી; તો પણ જીવનનું કારણ હોવા છતાં, આગંતુક (આવી ચડેલ) નાશના કારણથી તે (નાશ)નો સંભવ હોવાથી, તેનો (નાશના કારણનો) ઉપાય કરવાથી પ્રદીપની પેઠે જીવતા રહેવાનું સંભવે છે; તેથી આ (દેવકીજી)ને હણવી યોગ્ય છે' એવી શંકા થાય તેથી ઉત્તરાર્ધ કહે છે. (જીવવાનું) અદષ્ટ હોય તો પણ ઘણું દારુણ દુષ્કર્મ કરવાથી આયુષ્યનો ક્ષય જ થાય. તેથી આયુષ્ય હોવા છતાં, (આવું દુષ્કર્મ કરવાથી) મરણ સંભવતું હોવાથી, આવું કર્મ કરવું જોઈએ નહિ. સ્ત્રીનો વધ યશનો નાશ કરે છે. સ્ત્રીની રક્ષા માટે શૂરવીરો પોતાના પ્રાણનો ત્યાગ કરે છે તેથી તેમને યશ પ્રાપ્ત થાય છે. બેનનો વધ લક્ષ્મીનો નાશ કરે છે, કારણ કે સર્વ પુરુષ ચંદ્રરૂપ[1] છે અને લક્ષ્મી[1] બેન છે. તેથી બેનનો વધ ધન વિગેરે સર્વ સંપત્તિનો નાશ કરનાર છે. 'ગુરુમતી' એટલે ગર્ભિણી. તે પ્રાણીઓનાં આયુષ્યનું પોષણ કરનારી છે. તેનો વધ આયુષ્યનો નાશ કરે છે. તેથી દેવકીજીના વધથી, અનુક્રમે સ્ત્રી, બેન અને ગર્ભિણીનો વધ થવાથી, યશ, લક્ષ્મી અને આયુષ્યનો 'અનુકાલમ્' એટલે તે ક્ષણે જ નાશ થશે. ૨૧.

'અથવા જીવનનું (હું જીવું તેવું) અદષ્ટ ઘણું બલવાન ભલે હો ! છતાં તેને હણવી નહિ,' એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ એષ જીવન્ ખલુ સમ્પરેતો વર્તેત યોઽત્યન્તનૃશંસિતેન ।।**
**દેહેમૃતે તં મનુજાઃ શપન્તિ ગન્તા તમોન્ધં તનુમાનિનો ધ્રુવમ્ ।।૨૨।।**

જે ઘણાં જ ક્રૂર કર્મથી જીવે તે આ ખરેખર જીવતો જ મરેલો છે. દેહ

૧-૧. ચંદ્ર અને લક્ષ્મી બંને અમૃત માટે સમુદ્ર મથતાં તેમાંથી ઉત્પન્ન થએલ હોવાથી ભાઈબેન છે.

ગયો ન હોય (અથવા ગયો હોય) ત્યારે મનુષ્યો તેને શાપ આપે છે, (અને તે) નક્કી દેહાભિમાનીના અંધંતમઃમાં જાય છે. ૨૨.

(જે ઘણાં જ ક્રૂર કર્મથી રહે એટલે જીવે), 'સઃ' 'તે' પ્રસિદ્ધ હોવા છતાં, 'એષઃ' શૌર્ય અને રાજ્યલક્ષ્મીવાળો મારા જેવો માણસ હોવા છતાં પણ, જીવતો જ મરેલો છે. યશ અને લક્ષ્મી જતાં, માત્ર જીવતા રહેવું તે મરણની સમાન જ છે તેથી તે જીવતો જ મરેલો છે. 'ખરેખર !' શબ્દ (તે વિષયનો) નિશ્ચય દર્શાવવા યોજેલ છે. જે ઘણાં જ ક્રૂર કર્મથી રહે એટલે જીવે તે જીવતું મડદું છે એ સત્ય છે; કારણ કે દેહ ગયો (નાશ પામ્યો) ન હોય ત્યારે જ 'આ દુરાત્મા મરો !' એમ મનુષ્યો તેને શાપ આપે છે; અથવા (તેનો દેહ) નાશ પામે ત્યારે 'આ દુરાત્મા મૂઓ તે સારું થયું' એમ (મનુષ્યો તેને શાપ આપે છે). એવી રીતે લોકના ધિક્કારથી સારી રીતે બળેલો આ પરલોકમાં અંધંતમઃમાં જાય છે. 'દેહાભિમાનીના' એટલે સંબંધવાળા દેહમાં અભિમાન રાખનારાઓ અંધંતમઃ સુધીનાં જે નરકોમાં જાય છે, તેમાં આ અવશ્ય જવાનો, એવો અર્થ છે.

ભગવાનની[૧] સન્નિધિને લીધે, ભગવાનની ઈચ્છાથી તે (કંસ)ને (ઉપર જણાવ્યું) તેવું જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી ભગવાનની ઈચ્છાથી સર્વને જ્ઞાન થાય છે અને અમુક પ્રકારનું જ્ઞાન થાય છે. પ્રથમ (નારદના) ઉપદેશથી 'દેવકીજીના પુત્રોને હણવા જોઈએ' એવું જ્ઞાન કંસને થએલ. વસુદેવની પણ તેવી (પુત્રોને હણવા આપી દેવકીજીનું રક્ષણ કરવાની) બુદ્ધિ થએલી. તેથી બધાયનું સર્વ પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન કરનાર ભગવાનજ છે; તેથી આ પ્રકારનાં વાક્યોથી શ્રીકૃષ્ણ ભગવાન જ છે, એવો નિશ્ચય થાય છે.[૧] તે (એવો નિશ્ચય થાય તે) માટે જ આ વાક્યો (શુકે કહેલાં) છે. ૨૨.

એ પ્રમાણે વિચાર કરતાં જે થયું (પરિણામ આવ્યું) તે નીચેના કહે છે :

**ઈતિ ઘોરતમાદ્ ભાવાત્ સન્નિવૃત્તઃ સ્વયં પ્રભુઃ ।।**
**આસ્તે પ્રતીક્ષંસ્તજ્જન્મ હરેર્વૈરાનુબન્ધકૃત્ ।।૨૩।।**

એ પ્રમાણે સર્વથી ઘોર વિચારથી પોતે પ્રભુ હોવાથી અટક્યો. હરિના વૈરને ચાલુ રાખનાર કર્મ કરનારો (તે કંસ) તેમના જન્મની રાહ જોતો રહ્યો. ૨૩.

અયોગ્ય વધ જ ઘોર છે. તેમાં પણ બેનનો (વધ) વધારે ઘોર છે, અને ગર્ભિણી (બેન)નો વધ સર્વથી ઘોર છે. તેથી (કંસ તેવાં સર્વથી ઘોર કૃત્યથી) સારી રીતે અટક્યો.

---

૧-૧. આ ભાગથી આ અધ્યાયની ત્રીજી કારિકામાં કહેલો અર્થ સ્પષ્ટ કરે છે. (લે)

'બીજાની પ્રેરણાથી તેણે (દેવકીજીને) કેમ ન હણ્યાં ?' એવી શંકા થાય, તેથી 'પોતે પ્રભુ' શબ્દો યોજેલા છે. તે પોતે જ પ્રભુ હોવાથી, બીજો કોઈ તેની પ્રવૃત્તિ કરાવનાર ન હતો, એવો અર્થ છે. 'જન્મ થયા પછી (હરિ સાથે) યુદ્ધ કરીશ' એવા વિચારથી તેમના જન્મની રાહ જોતો રહ્યો.

'ત્યારે (તો) ભક્ત હશે ?' એવી શંકા થાય, તેથી 'હરિના વૈરને ચાલુ રાખનાર (કર્મ) કરનારો' શબ્દો યોજેલા છે. સર્વના દુઃખ હરનાર હરિનું પણ, પૂર્વજન્મમાં કરેલ તેની હત્યારૂપ વૈરને ચાલુ રાખનારું કારણ[1], એટલે તેમના (હરિના) સંબંધીઓનો વધ વિગેરેરૂપ (કર્મ) તે કરતો હતો, તેથી (તે) તેવો (હરિના વૈરને ચાલુ રાખનાર (કર્મ) કરનારો) હતો. ૨૩.

એ પ્રમાણે વૈર ચાલુ રાખવાથી પણ ભગવાનનું ચિંતન થતાં, પ્રમાણબલ ન હોવા છતાં પણ પ્રમેયબલથી જ કંસને જ્ઞાન થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**આસીનઃ સંવિશંસ્તિષ્ઠન્ ભુઞ્જાનઃ પર્યટન્ પિબન્ ।।**
**ચિન્તયાનો હૃષીકેશમપશ્યત્ તન્મયં જગત્ ।।૨૪।।**

બેઠેલો, સૂતેલો તથા ઉભો રહેલ, ખાતાં, ફરતાં તથા પીતાં હૃષીકેશનું ચિંતન કરતો (હોવાથી), તેણે (કંસે) જગતને તન્મય (પ્રભુમય) જોયું. ૨૪.

'બેઠેલો, સૂતેલો તથા ઉભો રહેલ,' એ શબ્દોથી અવસ્થાઓ કહેલી છે. 'ખાતાં, ફરતાં અને પીતાં' એ શબ્દોથી ક્રિયાઓ કહેલી છે. એ પ્રમાણે (કંસ) સર્વ અવસ્થાઓમાં અને સર્વ ક્રિયાઓમાં (ગમે તે અવસ્થામાં હોય અને ગમે તે ક્રિયા કરતો હોય ત્યારે) હૃષીકેશનું ચિંતન કરતો હતો. (હૃષીકેશ એટલે) સર્વ ઈન્દ્રિયોના સ્વામીએ પોતાનું દર્શન (કંસને) થાય તે માટે જ (તેને) તેવી પ્રેરણા કરેલી. તેથી તેણે જગતને કૃષ્ણમય જ જોયું.૨૪.

એવી રીતે પહેલાંના (પહેલા) અધ્યાયમાં અર્થથી એમ કહ્યું છે કે ઘણું દુઃખ હોય ત્યારે ભગવાનનું ચિંતન થાય છે. કંસ વિગેરેનું (ભગવાનનું ચિંતન) અહિં કહ્યું. બ્રહ્મા વિગેરેનું (ભગવાનનું ચિંતન) કહેવા નીચેના શ્લોકથી સ્તુતિરૂપ આખ્યાન કહે છેઃ

**બ્રહ્મા ભવશ્ચ તત્રૈત્ય મુનિભિર્નારદાદિભિઃ ।।**
**દેવૈઃ સાનુચરૈઃ સાકં ગીર્ભિર્વૃષણમીડતુઃ ।।૨૫।।**

બ્રહ્મા અને ભવે મુનિઓ, નારદ વિગેરે, અને અનુચરો સહિત દેવો સાથે

---

૧. 'અનુબધ્યતે' ચાલુ રખાય છે 'અનેન' આનાથી તે અનુબંધ. જેનાથી વૈર ચાલુ રહે એટલે દઢ થાય તેવું નિમિત્ત એટલે કારણ કરનાર તે હતો એવો અર્થ છે. હરિના સંબંધીઓના વધથી વૈર દઢ થાય એવો ભાવ છે. (લે)

ત્યાં આવી વાણીઓથી વૃષણની સ્તુતિ કરી. ૨૫.

આથી (સર્વેએ ભગવાનનું ચિંતન કર્યું એમ કહેવાથી) સામાન્ય રીતે સર્વનો નિરોધ પણ કહેવાયો. ભગવાનની (દેવકીજીમાં) પધરામણીની બધાઓને જાણ થઈ હતી, એમ કહેવા અને કંસ વિગેરેની (કોઈને) દરકાર ન હતી (એમ જણાવવા), દેવકીજીના ઘરમાં (બધાનું) આગમન કહેવામાં આવે છે. બ્રહ્મા અને 'ભવ' એટલે મહાદેવ, 'ચ' 'અને' શબ્દથી જણાવેલા બીજા પણ ગુણના અભિમાનવાળા દેવો, અને કેટલાક્ના મત પ્રમાણે વામન વિગેરે અવતારો, સનક વિગેરે મુનિઓ, નારદ વિગેરે ભક્તો, ઈન્દ્ર વિગેરે દેવો, ગંધર્વો વિગેરે (દેવોના) અનુચરો, એ બધાની સાથે (ત્યાં આવ્યા), (અને) 'વાણીઓથી' એટલે પોતાને અનુકૂળ વાણીથી, 'વૃષણ*' એટલે કામનાઓની વૃષ્ટિ કરનાર અથવા 'વૃષ' એટલે ધર્મનો નિર્ણય કરનાર (ભગવાન)ની 'સ્તુતિ કરી.' બ્રહ્મા અને ભવ જ મુખ્ય હોવાથી 'ઈડતુઃ' 'સ્તુતિ કરી' ક્રિયાપદ દ્વિવચનમાં યોજેલું છે. 'ઐડયન્' એવો (બહુવચનનો) પાઠ લેવામાં આવે ત્યારે (તેમની) સાથે આવેલાઓ પણ સ્તુતિ કરતા હતા, (એવો અર્થ થાય છે). ૨૫.

**કાલાત્મા ભગવાગ્જાત ઈતિ જ્ઞાપયિતું તથા ।।**
**કલાભિઃ પઞ્ચદશભિઃ સ્વપક્ષખ્યાપકૈઃ સ્તુતિઃ ।।કા.૪।।**

કાલાત્મા[1] ભગવાન્ ઉત્પન્ન થએલા છે એમ જણાવવા તે પ્રમાણે[1] કલાઓથી[1] સ્તુતિ કરે છે. પોતાનો પક્ષ[2] જણાવનાર પંદર શ્લોકોથી સ્તુતિ કરે છે.

---

*. 'વૃષણમ્' શબ્દના અહિં બે અર્થ કરેલા છે. પહેલા અર્થ પ્રમાણે 'વૃષણ્' શબ્દ છે, અને બીજા અર્થ પ્રમાણે 'વૃષણ' શબ્દ છે, (બંને શબ્દની બીજીનું એકવચન 'વૃષણમ્' થાય છે.) (લે)

૧-૧-૧.સ્તુતિના શ્લોકો (૧૬)ની સંખ્યાનું તાત્પર્ય કહેતાં, દૈત્યોના વધ માટે અવતાર લીધેલ હોવાનું સ્પષ્ટ હોવાથી, બીજા અધ્યાયનો અર્થ સંકર્ષણની ઉત્પત્તિ છે એમ (નિબંધ ૩।૧૦।૨૬માં) કહેલ હોવાથી, 'અને તે વિષયનું કંસને પણ જ્ઞાન હતું' એમ ૧૦।૨।૨૦માં કહેલ હોવાથી, તે વિષય વધારે સ્પષ્ટ થાય તેવી રીતે દેવોને પણ ભગવાન્ પોતાનું રક્ષણ કરનાર હતા એવું જ્ઞાન હતું એમ જણાવવા આ કારિકા કહેલી છે. 'ભગવાન્ પુરુષોત્તમ સોળ કળાવાળા છે' એમ પ્રશ્ન ઉપનિષદ્‌માં જણાવેલું હોવાથી, સોળ કળાથી કાલાત્મા ભગવાન્ ઉત્પન્ન થયા એમ જણાવવા, તે પ્રમાણે એટલે સોળ શ્લોકોથી દેવો આ સ્તુતિ કરે છે. (પ્ર) 'કાલઃ' સંકર્ષણ 'આત્મનિ' જેમનામાં છે તેવા કાલાત્મા ઉત્પન્ન થયા છે, એટલે ભગવાન્ સંકર્ષણને લઈને પ્રકટ થયા છે એવો અર્થ છે. (લે).

૨. કાલાત્માની ઉત્પત્તિનો પ્રકાર કહે છે. પોતાનો પક્ષ જણાવનાર પંદર શ્લોકોથી દેવોનું હિત કરનારી પક્ષપાતવાળી સ્તુતિ છે.(પ્ર)

**પક્ષપાતસ્તુતિર્હ્યેષા દેવાનાં હિતકારિણી ।।**
**ધ્રુવા તુ ષોડશી પ્રોક્તા વૃદ્ધૌ વા તાદૃશો ભવેત્ ।।કા.૫।।**

કારણ કે આ (પંદર શ્લોકોથી કરેલી) દેવોનું હિત કરનારી[૩] પક્ષપાતવાળી સ્તુતિ છે. સોળમી સો નિશ્ચલ[૪] ગણાએલી છે, અથવા વૃદ્ધિમાં[૫] તેવો[૫] થાય છે. કા.૫.

અહિં (દેવોની સ્તુતિમાં) પંદર (શ્લોકો)થી (દેવો) ભગવાનની સ્તુતિ

---

૩. ભગવાન્ કાલાત્મા ઉત્પન્ન થયા કારણ કે ભગવદ્ગીતા.૧૧।૩૨ પ્રમાણે ભૂમિનો ભાર હરવા તેવું પ્રાકટ્ય થાય એ જ યોગ્ય છે. જો કે અહિં (આ કાલાત્મા ભગવાનમાં) પુરુષોત્તમનો પ્રાદુર્ભાવ પણ થવાનો છે, છતાં પણ પુરુષોત્તમ સર્વના આત્મા હોવાથી સર્વનું હિત કરનારા છે અને તેથી તે દૈત્યોનો નાશ ન કરે. તેથી કાલરૂપ સંકર્ષણે જ અમારું હિત કરવા અવતાર લીધેલો છે, એવી જ બ્રહ્મા વિગેરેની બુદ્ધિ થઈ. વળી કાલરૂપ ભગવાન્ સત્વ વિગેરે ગુણોને અનુકૂલ થતા હોવાથી અનુક્રમે સાત્ત્વિક વિગેરે ગુણોવાળાનો પક્ષપાત કરતાં, તે ગુણના વિરોધી ગુણોવાળાનો નાશ પણ કરે છે. તેથી જ 'કાલ જ્યારે અનુકૂલ થશે ત્યારે આપણે જીતશું'(૧૦।૫૧।૧૬) એમ જરાસંધ વિગેરે રાજાઓએ કહેલ છે. કાલરૂપ ભગવાન્ સાત્ત્વિકોનું હિત ઈચ્છનાર છે તેથી દૈત્યોનો નાશ કરશે એવા હેતુથી બ્રહ્મા વિગેરે એ પ્રમાણે સ્તુતિ કરે છે. તેમાં કાલનું ભૌતિક રૂપ વર્ણવવું જોઈએ, કારણ કે તેવા રૂપનું વર્ણન કરવામાં આવે ત્યારે આધિદૈવિક રૂપ પ્રકટ થાય. તે કાલનો આધિભૌતિક પંદર કલાવાળો ચંદ્ર છે, તેથી તેની પંદર કલાઓનું નિરૂપણ કરે છે.(યો)

૪. સોળમી કલા ભક્તોનું હિત કરનારી હોવાથી સ્વાભાવિક હોવાથી નિશ્ચલ છે. (પ્ર)

સોળમી કલા વૃદ્ધિ અથવા ક્ષય વિનાની છે, અને તે પખવાડિયાનો અવયવ જણાવનારી નથી. તેથી જ પંદર જ કલાઓ વૃદ્ધિ અથવા ક્ષયથી અજવાળીઆનું અથવા અંધારીઆનું પખવાડિયું કરનારી છે. એક કાલ શુદ તથા વદના પખવાડિયાથી ત્રીસ (તિથિ)નો થાય છે. તેમાં જેઓ પક્ષપાતવાળી સ્તુતિ કરવા ઈચ્છતા હોય તે એક પખવાડિયાનો ત્યાગ કરતાં પંદર (તિથિ)રૂપ કાલ લે છે. એ પ્રમાણે દેવોનો પક્ષપાત સૂચવનારો કાલ પંદર (તિથિ) વાળો છે, એમ સૂચવવા પંદર શ્લોકોથી સ્તુતિ કરે છે, એવું સ્તુતિમાં રહેલા શ્લોકોની સંખ્યાનું તાત્પર્ય છે. નિશ્ચલ કલા સૂચવનાર સોળમો શ્લોક છે. જેમ નિશ્ચલા કલા બીજી બધી કલાઓથી જૂદી છે તેમ અહિં પણ સોળમા શ્લોકમાં સ્તુતિથી જૂદી પ્રાર્થના કરે છે એમ જાણવું. એવી રીતે સોળ શ્લોકોથી કાલના આધિભૌતિકરૂપ ચંદ્રને સૂચવ્યો છે. તેથી એમ જણાવેલું છે કે દેવોના પક્ષમાં રહેલ આધિદૈવિક કાલરૂપ સંકર્ષણે દૈત્યનો નાશ કરવા અવતાર લીધેલો છે. (યો)

૫. ...૫.'સોળમી કલા ભલે નિશ્ચલ હોય, પરંતુ સોળ (કલા) હોવાથી તે કાલ છે એમ કેમ જણાય ?' એવી શંકા થાય, તેથી 'વૃદ્ધિમાં તેવો થાય છે' એમ કહેલ છે. તિથિની વૃદ્ધિ થતાં સોળ દિવસનું પખવાડિયું થતું હોવાથી તે કાલ છે એમ જણાય છે, એવો અર્થ છે. (પ્ર)

(કરે છે), અને એક શ્લોકથી દેવકીજીનું સાંત્વન કરે છે. કાલ પંદર તિથિઓ નો બનેલો હોય છે. તે જ[૬] અવતરેલ છે એમ દેવોએ જાણ્યું. તે (કાલ) બે પ્રકારનો હોય છે. દૈત્યોનું હિત કરનારો પણ પંદર (તિથિનો), અને દેવોનું (હિત કરનારો) પણ (પંદર તિથિનો હોય છે). સાધારણ (દેવો અને દૈત્યોને સરખો કાલ) તો ત્રીશ (તિથિઓ)નો બનેલો હોય છે; તેથી પોતાના પક્ષમાં રહેલ ભગવાનનું જ અર્ધથી (૩૦/૨=૧૫ શ્લોકોથી, દેવો) નિરૂપણ કરે છે. વળી તે કાલે કરેલ પક્ષપાત[૭] ચાર પ્રકારનો હોય છે – (૧) લોકે કરેલ. (૨) સ્મૃતિએ કરેલ, કારણ કે સ્મૃતિ લોક અને વેદની બનેલી હોય છે. (૩) વેદે કરેલો ત્રીજો (પ્રકાર). (૪) ભગવન્માર્ગે કરેલો ચોથો (પ્રકાર). (એ) ચારે પ્રકારનો (પક્ષપાત) પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલથી ચાર પ્રકારનો થાય છે. દૈત્યો[૮] પ્રતિ કરેલા (ઉપકાર) કરતાં તે (દેવોનું હિત કરનાર કાલ) ઉત્તમ છે એમ કહેવા, તેવો (સોળ પ્રકારનો) કહેલો છે.

તેમાં પહેલાં ચાર (૨૬ થી ૨૯) શ્લોકોથી પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ (અનુક્રમે) કહેવામાં આવે છે. તે પૈકી લોકમાં પ્રસિદ્ધ અને દેવનો પક્ષપાત જણાવનારાં (પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ)નું નિરૂપણ કરવામાં આવે છે. લોકમાં સત્ય જ પ્રમાણ છે. ચારે તરફ દેખાતું જગત જ પ્રમેય છે. ગુણના અભિમાનવાળા દેવો જ સાધન છે. કુશલપણું જ ફલ છે. તેમાં પણ (તે) દૈત્યના પક્ષના કરતાં જૂદા છે એમ દેખાડવાનું છે.

તેમાં પણ પ્રથમ દેવોનું પ્રમાણ સત્ય, અને દૈત્યોનું (પ્રમાણ) અસત્ય (છે). તેથી સત્યરૂપ ભગવાને અવતાર લીધો છે, એમ (નીચેના શ્લોકમાં) નિરૂપણ કરવામાં આવે છેઃ

દેવો કહે છે :

---

૬. ભૂમિનો ભાર હરવા ભગવાનની દેવોએ પ્રાર્થના કરેલી, તેથી સંકર્ષણે જ અવતાર લીધો છે, એમ તેઓ જાણતા હતા. 'એવ' 'જ' શબ્દ સંકર્ષણ સિવાય બીજો વ્યૂહ નથી અવતરેલ, એમ જણાવવા યોજેલ છે. (લે)

૭. દ્વાપર વિગેરે આધ્યાત્મિક કાલ પ્રતિકૂલ થાય ત્યારે તેવા પ્રતિકૂલ કાલનું કાર્ય થઈ શકે નહિ તે માટે ભગવાન્ કૃપાથી આધિદૈવિક કાલરૂપ થાય છે, અને તેના અંશો લોક વિગેરેથી તથા તે અંશોના વિભાગ કરનાર પ્રમાણ વિગેરે ઉપાધિથી પક્ષપાતવાળા થાય છે. એ પ્રમાણે સોળ વિભાગ થાય છે. (પ્ર)

૮. 'દૈત્યકૃતાત્' એટલે દૈત્યો પ્રતિ કરેલા ઉપકાર કરતાં. (પ્ર+લે) આ ઉપકાર અસત્ય વિગેરેરૂપ છે (લે). દૈત્યોનું હિત કરનાર કાલ કરતાં દેવોનું હિત કરનાર કાલ ઉત્તમ છે એમ કહેવા, દેવોનું હિત કરનારને સોળ પ્રકારનો કહેલ છે, એવો અર્થ જણાય છે.

**સત્યવ્રતં સત્યપરં ત્રિસત્યં સત્યસ્ય યોનિં નિહિતં ચ સત્યે ।।**
**સત્યસ્ય સત્યમૃતસત્યનેત્રં સત્યાત્મકં ત્વાં શરણં પ્રપન્નાઃ ।।૨૬।।**

(૧) સત્યવ્રતવાળા, (૨) સત્યને પરાયણ, (૩) જેમનાં ત્રણે સત્ય છે તેવા, (૪) સત્યનું કારણ, (૫) સત્યનું સારી રીતે રક્ષણ કરનાર, (૬) સત્યના સત્ય (લયસ્થાન), (૭) ઋત અને સત્ય બે નેત્રો છે જેમનાં તેવા, (૮) સત્યરૂપ આપને (અમે) શરણે આવ્યા છીએ. ૨૬.

દેવોનું હિત કરનારું સત્ય પણ આઠ પ્રકારનું છે[૯], અને વિભાગથી સોળ પ્રકારનું છે. વેદમાં 'સત્ય પર(છે)...' શ્રુતિમાં અને 'પ્રજાપતિના પુત્ર આરુણિ...' શ્રુતિમાં પણ સત્ય પાંચ પ્રકારનું જણાવેલું છે. (૧) જે સત્ય (છે) તે 'પર' એટલે સર્વથી ઉત્તમ છે. (૨) જે સર્વથી ઉત્તમ જ[૧૦] છે તે સત્ય છે. એવી રીતે સત્યનું અને સર્વથી ઉત્તમપણાનું ઐક્ય (એકતા) દર્શાવવાનું[૧૧] છે. તેથી જ[૧૨] (૩) સત્યને લીધે સ્વર્ગલોકમાંથી કદાપિ પડાતું નથી, એમ પરલોકના ફલનું ઉત્તમપણું કહેલું છે. (૪) આ લોકના ફલમાં પણ સત્પુરુષોનું સત્ય જ મૂલ[૧૩] હોવાથી ફલ છે. (૫) તેથી સત્ય પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલરૂપ હોવાથી જેઓ દેવોના પક્ષમાં રહેલા છે તેઓ સત્યમાં જ રમણ કરે છે. 'સત્ય પર છે; પર સત્ય છે; સત્યને લીધે સુવર્ગ (સ્વર્ગ)લોકમાંથી કદાપિ પડતા નથી; કારણ કે સત્પુરુષોનું સત્ય ફલ છે ; તેથી સત્યમાં રમણ કરે છે.' શ્રુતિ પણ એમજ કહે છે. તેનું જ[૧૪] અહિં (આ શ્લોકમાં) નિરૂપણ કરવામાં આવે છે.

---

૯. આઠ પ્રકાર નીચે સ્પષ્ટ થશે. 'સત્ય પર (છે)...' વિગેરે શ્રુતિ કહેલી છે, તેના અર્થનું નિરૂપણ કરતાં તે સ્પષ્ટ થશે. (ટિ) (આ શ્લોકના પહેલાં ત્રણ વિશેષણથી આઠ પ્રકાર જણાવાશે).

૧૦. અહિં વાક્યાલંકારમાં 'વા' શબ્દ 'એવ' 'જ' ના અર્થમાં યોજાએલ છે. (ટિ)

૧૧. જેમ 'સત્ય પર (છે)...' (નારાયણોપનિષદ્. ૭૮) શ્રુતિમાં સત્ય અને સર્વથી ઉત્તમનું એકપણું જણાવેલું છે, તેમ આ સ્તુતિમાં પણ તેઓનું એકપણું જણાવેલ છે એમ કહે છે. (ટિ)

૧૨. 'તેથી જ' એટલે 'સત્ય અને સર્વથી ઉત્તમ (પર) એ બે એક હોવાથી જ.' (પ્ર)

૧૩. 'મૂલ' એટલે 'સત્યપણાનું ઉત્પાદક.' આ જ લોકનું ફલ છે એવો અર્થ છે. પહેલાંના વાક્યમાં પરલોકનું ફલ કહેલ હોવાથી આ વાક્યમાં આ લોકનું ફલ કહેલું છે એમ અર્થ કરવો એ જ યોગ્ય છે. (પ્ર)

૧૪. 'તેનું જ' એટલે 'શ્રુતિમાં કહેલ પાંચ પ્રકારના સત્યનું જ' આ સ્તુતિમાં પણ નિરૂપણ કરવામાં આવે છે, એવો અર્થ છે. (પ્ર)

(૧) લોકમાં વ્રત સર્વથી ઉત્તમ છે. જે[૧૫] કોઈ હરકોઈ વ્રત આચરે છે તે 'ઉત્તમ' એમ કહેવાય છે. જે કોઈ સત્ય આચરે છે તે પણ 'ઉત્તમ' એમ કહેવાય છે. ભગવાનનાં તો બંને (સત્ય અને વ્રત) સત્ય[૧૬] છે. સત્ય જ વ્રત છે જેમનું તેવા આપને (અમે) શરણે આવ્યા છીએ[૧૭], એવો (વાક્યનો) સંબંધ છે. એવી રીતે વ્રત અને સત્ય બંને ઉત્તમ હોવાથી[૧૮], તેમનું ઐક્ય (એક હોવાપણું) કહ્યું.

(૨) હવે[૧૯] 'પર'(નો અર્થ કહીએ છીએ). જે લોકમાં પર છે અને 'સત્ય,

---

૧૫. પાછલ 'લોકમાં વ્રત સર્વથી ઉત્તમ છે' એમ કહ્યું. તેની ઉત્પત્તિ (યોગ્યતા) અહિંથી જણાવે છે. તેથી લોકમાં સત્ય અને વ્રત એ પ્રકારનું સત્ય જણાવાયું. (ટિ)

૧૬. ભગવાનનાં સત્ય અને વ્રત એ બંને 'સત્ય' એટલે યથાર્થ છે, પરંતુ જે દંભ વિગેરેથી અયથાર્થ કરવામાં આવે છે તે ભગવાનનાં નથી. તે યથાર્થ હોવાથી જ, ઉત્તમપણાને લીધે 'પર' ગણાય છે, તેથી અહિં પણ સત્યના ઉદ્દેશથી જ પર ગણાતાં હોવાથી, શ્રુતિના જેવો જ અહિં અર્થ થાય છે. (પ્ર)

૧૭. 'તેથી સત્યમાં રમણ કરે છે' શ્રુતિનું તાત્પર્ય જણાવવા આ વાક્ય કહેલ છે. તેથી સત્યમાં રમણ કરનારા અમે આપને શરણે આવીએ છીએ, પણ ભય વિગેરેને લીધે શરણે આવતા નથી, એવો અર્થ છે. (પ્ર)

૧૮. શ્લોકમાં (આ વિશેષણમાં) 'વ્રત' પદ છે, તેથી સત્ય અને વ્રત બંને કહેલ છે એવો અર્થ કરવાનું કારણ અહિં કહે છે. આ વિશેષણથી 'સત્ય પર છે' શ્રુતિમાં આવેલ 'પર' શબ્દનો અર્થ કહેવાયો. તેથી લોકમાં (૧) સત્ય અને (૨) વ્રત એવા બે પ્રકાર કહેવાયા. (ટિ)

આ પ્રમાણે વ્યાખ્યાન કરતાં 'સત્ય પર (છે)' શ્રુતિમાં સત્ય વિષય કહેલ છે, અને પર વિધેય (વિષયના સંબંધમાં જે કહેવાનું હોય તે) જણાવેલ છે. આ એક કોટિ થઈ. (પ્ર)

૧૯. અહિંથી 'પર સત્ય છે' એ શ્રુતિમાં જણાવેલ 'સત્યને પરાયણ' પદ (બીજા વિશેષણ)નું વ્યાખ્યાન કરે છે. અહિં પણ (૧) લોકમાં લૌકિક નિયામક (નિયમમાં રાખનાર) અને (૨) વેદમાં સત્ય, તપ વિગેરે બાર પ્રકારનું નિયામક છે, એમ બે પ્રકાર થયા. વળી (૧) ભગવાનનું વ્રત અને (૨) લોકને અનુસરીને દેવોનું હિત કરનારનું નિયામક એવા બે પ્રકાર થયા. (તેથી આ વિશેષણથી ચાર પ્રકાર કહેવાયા.) (ટિ)

(૧) લોકનું નિયામક શાસ્ત્ર પ્રમાણે દંડનીતિ વિગેરેરૂપ છે. (જૂઓ ગીતા ૧૦-૩૮) (૨) વેદનું બાર પ્રકારનું નિયામક શ્રુતિમાં જણાવેલ છે. ત્યાં 'ભગવાનનું શું પરમ કહેવાય છે ?' એવો પ્રશ્ન કરે છે અને પછી તેનો ઉત્તર આપે છે, તે શ્રુતિનું અનુસંધાન કરવા શ્રીસુબોધિનીમાં જણાવ્યું છે. આ શ્રુતિ કહે છે કે 'સત્યથી વાયુ વાય છે, સત્યથી સૂર્ય આકાશમાં પ્રકાશે છે, સત્ય વાણીની પ્રતિષ્ઠા છે, સત્યમાં સર્વની પ્રતિષ્ઠા છે, તેથી સત્યને પરમ કહે છે. (નારાયણોપનિષદ્. ૭૯). એવી જ રીતે તપ વિગેરે બીજાં નિયામકો માટે કહેલ છે. આનો અર્થ એવો છે કે 'સત્યથી' એટલે પૂર્વ જન્મમાં કરેલ સત્ય ભાષણથી મનુષ્યપણામાંથી દેવતાનું રૂપ પ્રાપ્ત કરી, લોકો પર ઉપકાર કરવા વાયુ થઈ વાય છે, તેવી

તપ, દમ, શમ, દાન, ધર્મ, પ્રજનન, અગ્નિઓ, અગ્નિહોત્ર, યજ્ઞ, મૌન અને સંન્યાસ' એમ જે બાર પ્રકારનું પર વેદમાં કહેલ છે તે ભગવાનનાં સર્વ સત્ય જ છે, એટલે યથાર્થ જ છે; પરંતુ દૈત્યોનું તે બાર પ્રકારનું 'પર' જેવું અયથાર્થ છે તેવું (ભગવાનનું) નથી. અહિં પહેલાં કહેલી શ્રુતિનું અનુસંધાન કરવું. 'કૌન્તેય, જાહેર કર (કે મારા ભક્તનો નાશ થતો નથી)' (ભગવદ્ગીતા.૯।૩૧). 'બે વાર (રામ) બાણ સાંધતા નથી.' 'ભોગ કર્યા વિના બીજો જોયા કરે છે'. 'સાધુઓ મારું હૃદય છે' (૯।૪।૬૮) વિગેરે વાક્યોમાં ભગવાનનાં વ્રતો જણાવેલાં છે. લોકને અનુસરીને દેવોનું હિત કરનાર (ભગવાન)ને નિયમમાં રાખનાર સત્ય જ છે. તેમ ન હોય તો ઈશ્વર કોનાથી નિયમમાં રહે ? જેમ આ પ્રસંગમાં પોતાના સત્ય વાક્યને લીધે જ (ભગવાને) અવતાર લીધો (તેમ સત્યથી જ નિયમમાં રહે).

(૩) લોકમાં ભૂઃ વિગેરે ત્રણ લોકો છે, અને કાયા વિગેરે ત્રણ આત્માઓ[૨૦] છે. આ બંને લોકો અને આત્માઓ ('ત્રિસત્યમ્' પદમાંના) 'ત્રિ'

---

જ રીતે સૂર્ય પણ આકાશમાં પ્રકાશે છે એટલે પ્રકાશ (લોકો પર ઉપકાર કરવા) કરે છે. સત્ય જ વાણી એટલે વાક્ ઈન્દ્રિયનું સ્થિર સ્થાન છે, પણ અસત્ય તેવું સ્થાન નથી. 'સત્ય' એટલે યથાર્થ ભાષણમાં જ સર્વની એટલે વ્યવહાર માત્રની પ્રતિષ્ઠા છે, તે કારણથી સત્યને પરમ એટલે ઉત્તમ સાધન કહે છે.

(૩) ભગવાનનાં વ્રતો તો અસાધારણ (બીજાં કોઈનાં ન હોઈ શકે તેવાં) હોવાથી જ પર (નિયામક) છે.

(૪) બીજું ભગવાનનું નિયામક લોકને અનુસરીને દેવોનું હિત કરનારનું નિયામક સત્ય જ છે, એમ શ્રીસુબોધિનીમાં જ કહેલ છે. તેથી અહિં 'પર' શબ્દથી ચાર પ્રકારનાં નિયામકો કહેલાં છે. (પ્ર)

૨૦-૨૦. 'ત્રિસત્યમ્' એ ત્રીજા વિશેષણનો અર્થ કરતાં ભૂઃ, ભૂવઃ, સ્વઃ એ ત્રણ લોક અને કાયા, જીવ અને પરમાત્મા એ ત્રણ આત્મા ગણતાં બે પ્રકાર થયા. એ પ્રમાણે બધું મળી આઠ પ્રકારનું સત્ય થયું (પહેલા, બીજા તથા આ ત્રીજા એમ ત્રણ વિશેષણોથી અનુક્રમે બે, ચાર અને બે પ્રકાર થતાં આઠ પ્રકાર થયા.) જો કાલરૂપ ભગવાન્ સત્યરૂપ ન હોય તો લોકમાં (૧) વ્રત અને (૨) સત્ય; (૩) લૌકિક નિયામક અને (૪) બાર પ્રકારનું વૈદિક નિયામક; (૫) ભગવાનનાં વ્રતો અને (૬) લોકને અનુસરીને દેવોનું હિત કરનાર ભગવાનનું નિયામક સત્ય; (૭) ત્રણ લોકો અને (૮) ત્રણ આત્માઓ હોય (રહે) નહિ, તેથી આ આઠ પ્રકારનું ઉપપત્તિરૂપ (સત્ય) કહ્યું.

(૧) દિવસ અને રાતથી સિદ્ધ થતાં ઉપોષણ વિગેરેરૂપ વ્રત હોય છે. (૨) તપાવેલ તેલમાં પણ ન દાઝવું, ઘણું જ પાપ કરેલ હોય છતાં થોડા જ સમયમાં દુઃખથી તેનું નિવારણ થવું, સાધારણ વધારે પાપ કર્યું હોય તો તરત જ તેનું નિવારણ થવું વિગેરેરૂપ સત્ય છે. તેથી સત્ય અને વ્રત જૂદાં જૂદાં છે. (૩) લૌકિક નિયામક કહેલ છે. (૪) બાર

'ત્રણ' શબ્દથી કહેલા છે. ત્રણે પણ જેમનાં સત્ય છે તેવા ભગવાન્ છે. આ પદથી સાધન અને ફલને ભેગાં કરીને વર્ણવેલા છે. એવી રીતે ચાર પ્રકારે આઠ[20] પ્રકારના ઉપપત્તિરૂપનું નિરૂપણ કર્યું.

(૪) 'સત્યનું કારણ' વિગેરે વિશેષણોથી આઠ પ્રકારનાં ઉત્પત્તિરૂપનું નિરૂપણ કરવામાં આવે છે. જે પહેલાં આઠ પ્રકારનું સત્ય કહ્યું તે સર્વની યોનિ એટલે કારણ કાલરૂપ ભગવાન જ છે; કારણ કે 'કાલે આપીશ' એમ કહેવામાં આવે ત્યાં જો કાલ[21] (બીજો દિવસ) જ ન થાય તો વાણી અસત્ય જ થાય. એ પ્રમાણે બધે જાણવું[22].

(૫) (ભગવાન્) માત્ર સત્યને ઉત્પન્ન કરનાર જ નહિ, પરંતુ સત્યનું રક્ષણ કરનારા પણ (છે તેમને અમે શરણે આવ્યા છીએ). 'સત્યનું સારી રીતે રક્ષણ કરનાર' વિશેષણથી તે (અર્થ) કહેલ છે. (ભગવાન્) સત્યમાં સારી રીતે રહેલા રક્ષક છે. ભગવાન્ પોતે તેમાં(સત્યમાં) રહીને જ તેનું રક્ષણ કરે છે, એવો 'નિહિત' શબ્દના પદોનો એકત્ર અર્થ પણ (થાય) છે. સત્યની ઉત્પત્તિનો વિચાર

---

પ્રકારનું વૈદિક નિયામકપણું કહેલ છે, એમ આ બે પ્રકાર થયા. (૫) ભગવાનનાં વ્રત અને (૬) દેવોનું હિત કરનારનું નિયામક, એમ બે પ્રકાર થયા. આ (૩થી૬) ચાર પ્રકારનું સત્ય પ્રમાણરૂપ જાણવું; કારણ કે, વેદનાં, સ્મૃતિનાં અને ભગવાનનાં વાક્યોથી તે જણાય છે. આ છ પ્રકારથી શ્રુતિમાં જણાવેલી બે કોટિ (૧) સત્ય પર (છે), (અને) (૨) પર સત્ય (છે) જણાવી. (૭) ત્રણ લોકો ફલરૂપ છે, કારણ કે પુરુષાર્થથી તેમની પ્રાપ્તિ થાય છે. (૮) ત્રણ આત્માઓ સાધન છે, કારણ કે સાધન કરતાં ઉપયોગી થાય છે. આ બે પ્રકાર થયા. એ પ્રમાણે કહેલા ભેદોથી આઠ પ્રકારનું સત્ય થયું; એટલે સત્યના સોળ પ્રકાર ગણવામાં આવે તેવી ગણત્રીમાં આઠ પ્રકાર થયા.

શ્રુતિમાં કહેલ પાંચ પ્રકારનાં સત્ય પૈકી આ ત્રણ વિશેષણોથી ચાર પ્રકારનું સત્ય કહેવાયું. પહેલાં બે વિશેષણોમાં વિધેય (વિષયનાં સંબંધમાં જે કહેવાનું હોય તે)ના ભેદથી બે પ્રકાર થયા; એટલે પ્રમેય અને પ્રમાણના ભેદથી બે પ્રકાર થયા. ત્રીજા વિશેષણમાં ત્રણને બે પ્રકારનાં કહ્યાં તેથી બે પ્રકાર થયા. આ ફલ અને સાધનના ભેદથી બે પ્રકાર થયા. એવી રીતે પહેલાં ત્રણ વિશેષણોથી શ્રુતિમાં જણાવેલ સત્યના પહેલા ચાર પ્રકાર થયા. (સત્યના આઠ પ્રકાર ગણવામાં આવે તેમાં ચાર પ્રકાર થયા). (ટિ)

૨૧. 'જો કાલ ન થાય' એટલે 'જો બીજા દિવસરૂપ કાલ ભગવાન્ ઉત્પન્ન જ ન કરે.' એટલે આ આઠ પ્રકારનું સત્ય ભગવાનથી જ થતું હોવાથી સત્ય તરીકે ગણાય છે એવો અર્થ છે. (પ્ર)

૨૨. આ પછીના 'સત્યનું સારી રીતે રક્ષણ કરનાર' વિગેરે વિશેષણોમાં પણ, આ આઠ પ્રકારનું સત્ય તેમાં જણાવેલ જૂદા જૂદા ધર્મોથી તે તે કાર્ય કરનારું છે એમ જાણવું એવો અર્થ છે. (પ્ર)

કરતાં આ (વિશેષણ)થી[૨૩] પ્રમેય અને સાધન કહેલાં છે. બીજાં બે[૨૪] પહેલાનાં[૨૫] અને છેવટનાં[૨૫] (પછીનાં) (વિશેષણો)થી કહેલાં છે. (આ વિશેષણમાં) 'ચ'[૨૬] શબ્દ છે તે આ જ અર્થ કહે છે.

(૬) 'સત્યના સત્ય (લયસ્થાન)' વિશેષણથી સત્યનો પ્રલય પણ આ (ભગવાન)માં જ થાય છે એમ કહે છે. જેમ 'પૂર્ણમાંથી પૂર્ણ લેતાં (પૂર્ણ જ બાકી રહે છે)' તેમ સત્યનો પોતાના આધિદૈવિક સત્યમાં જ લય થાય છે. સત્ય ફલની (આધિદૈવિક) સત્યમાં જ પ્રતિષ્ઠા થાય છે અને તે આધિદૈવિક સત્ય ભગવાન જ છે. આથી એમ કહેલું છે કે જેની ભગવાનમાં પ્રતિષ્ઠા થાય છે તે સત્ય છે, અને જેની સત્યમાં પ્રતિષ્ઠા છે તેની સત્ય દ્વારા ભગવાનમાં પ્રતિષ્ઠા થશે. એવી રીતે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના પ્રસંગમાં (ચોથા, પાંચમા અને છઠ્ઠા વિશેષણોથી) પાંચ પ્રકારનું[૨૭] સત્ય કહેલું છે. આટલાથી(શ્લોકના આટલા ભાગથી)

---

૨૩. 'આ વિશેષણથી' એટલે 'સત્યનું સારી રીતે રક્ષણ કરનાર' વિશેષણથી આઠ પ્રકારના સત્યની ઉત્પત્તિનાં પ્રયોજનનો વિચાર કરતાં, આઠ પ્રકારનું સત્ય ભગવાનથી રક્ષણ કરાએલ હોવાથી પ્રમેય છે, અને ભગવાન્ તેમાં રહેલ હોવાથી તેને પોતપોતાના કાર્યનું સાધન કહેલ છે. જેનું (ભગવાન્) રક્ષણ કરતા ન હોય તેનું જ્ઞાન થઈ શકે નહિ (તે પ્રમેય હોઈ શકે નહિ) અને જેમાં ભગવાન્ રહેલ ન હોય તે પોતાનું કાર્ય કરી શકે નહિ, કારણ કે ગીતા ૧૫।૧૩ તથા બ્રહ્મસૂત્ર ૨।૩।૧૩ પ્રમાણે ભગવાન્ જેમાં રહેલ હોય તે જ પોતાનું કાર્ય કરી શકે છે.(પ્ર)

૨૪. 'બીજાં બે' એટલે 'પ્રમાણ અને ફલરૂપ બે' એવો અર્થ છે. (ટિ)

૨૫-૨૫. 'સત્યરૂપ' એ છેલ્લા વિશેષણથી ફલ કહેલું છે અને તેની પહેલાંના 'ઋત અને સત્ય બે નેત્રો છે જેમનાં' વિશેષણથી પ્રમાણ કહેલું છે એવો અર્થ છે. ભગવાનનું સ્વરૂપ ફલ છે અને (ભગવાનની) જ્ઞાનશક્તિ પ્રમાણ છે એ પ્રસિદ્ધ જ છે, અથવા (બીજો પક્ષ) 'સત્યનું કારણ' વિશેષણથી પ્રમાણ કહેલું છે અને 'સત્યના સત્ય (લયસ્થાન)' વિશેષણથી ફલ કહેલું છે. 'પ્રમેયની સિદ્ધિ પ્રમાણને અધીન છે' એ ન્યાયે કારણની અંદર પ્રમાણનો સમાવેશ થાય છે, તેથી 'સત્યનું કારણ' વિશેષણને પ્રમાણ કહેલું છે; કારણ કે પહેલાં જે અજ્ઞાની હોય તેને (કારણનું) જ્ઞાન થાય ત્યારે જ વિષયનું સ્વરૂપ પણ તેને જણાય છે. એ પ્રમાણે છઠ્ઠા વિશેષણ 'સત્યના સત્ય (લયસ્થાન)' પરનાં શ્રીસુબોધિનીમાં 'સત્ય ફલની (આધિદૈવિક) સત્યમાં જ પ્રતિષ્ઠા થાય છે' વિગેરે કહ્યું છે તેથી ત્યાં 'ફલ' કહેલ છે એ સ્પષ્ટ જ છે. (ટિ+પ્ર)

૨૬. 'નિહિતં ચ સત્યે' એમ આ પાંચમું વિશેષણ છે તેમાં 'ચ' શબ્દ છે, તે પ્રમાણ અને ફલ, જે (આ વિશેષણમાં) કહ્યાં નથી તેનો સમાવેશ કરવા મૂકેલ છે. એમ ન હોય તો એ શબ્દ નિરર્થક થાય. તેથી પ્રમાણ અને ફલ ઉપર નોટ ૨૫માં જણાવેલ વિશેષણોથી કહેલ છે એવો આ 'ચ' નો અર્થ છે. (પ્ર)

(ભગવાનની) તેર પ્રકારની[૨૭] ક્રિયાશક્તિનું સત્ય તરીકે નિરૂપણ કર્યું.

(૭) 'ૠત અને સત્ય બે નેત્રો છે જેમનાં' વિશેષણથી જ્ઞાનશક્તિનું સત્ય તરીકે નિરૂપણ કરે છે. (૧) પ્રમાણબલથી અને (૨) પ્રમેયબલથી (થએલી), એવા બે પ્રકારની જ્ઞાનશક્તિ છે. વેદ પ્રમાણ છે. ભગવાનનાં ધર્મો પ્રમેય છે. 'ૠત' એટલે સત્ય અને પ્રિય વાણી. વેદ સત્ય જણાવનાર છે. તેથી સત્યનું નિરૂપણ કરવાના પ્રસંગમાં પણ ૠતનું નિરૂપણ કરે છે. ૠત અને સત્ય બે નેત્રો એટલે પ્રાપ્તિ કરાવનારાં છે જેમની (તેવા ભગવાન્ છે). એવી રીતે ભગવાનની પ્રાપ્તિ બે પ્રકારથી થાય છે એમ કહ્યું.

(૮) એ પ્રમાણે બે શક્તિઓનું સત્ય તરીકે નિરૂપણ કરી, 'સત્યરૂપ' વિશેષણથી ધર્મીનું સત્ય તરીકે નિરૂપણ કરે છે. સત્ય જ આત્મા એટલે સ્વરૂપ છે જેમનું તેવા ભગવાન્ છે, જે બધાએ ધર્મોમાં વ્યાપીને રહે તે 'આત્મા'. તે (આત્મા) જેનો કોઈ સમયે નિરાસ થાય નહિ તેવું, ભગવાનના 'સત્' ધર્મ રૂપ છે. ('સત્યાત્મકમ્' પદમાં) 'ક' પ્રત્યય (શબ્દના) પોતાના જ અર્થમાં યોજાએલ છે. અથવા 'ક' એટલે ફલ. 'સત્યમ્' ('સત્') 'આત્મા' ('ચિત્=ચિદ્') 'કમ્' એટલે સુખ('આનંદ') છે જેમનાં તેવા 'સત્યાત્મક' સચ્ચિદાનંદરૂપ ભગવાન્. ચિદ્ અને આનંદ પણ સત્યરૂપ છે, તેથી એ પ્રમાણે (સત્યાત્મક) કહેલ છે. તેવા ભગવાન્ પ્રતિ તો જીવોનું કર્તવ્ય શરણે જવાનું જ છે. બધાએ દેવોનું સત્યપણાથી ભગવાન્ સંરક્ષણ કરે તે માટે 'શરણે આવ્યા છીએ' એમ બહુવચન યોજેલું છે[૨૮]. ૨૬.

---

૨૭-૨૭. પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલરૂપ ચાર પ્રકારનું, અને ભગવાનમાં પ્રતિષ્ઠાવાળું એમ પાંચ પ્રકારનું કહેલ છે (ચોથા વિશેષણથી પ્રમાણ (નોટ ૨૫માં બીજો પક્ષ), પાંચમાથી પ્રમેય અને સાધન, છઠ્ઠાથી ફલ (નોટ ૨૫માં બીજો પક્ષ) અને ભગવાનમાં પ્રતિષ્ઠાવાળું હોવાપણું એમ ત્રણ વિશેષણોથી પાંચ પ્રકાર થયા). પહેલાં (પહેલાં ત્રણ વિશેષણોથી) આઠ પ્રકારનું ઉપપત્તિરૂપ સત્ય જણાવેલ તે આઠ, અને આ પાંચ મળી તેર પ્રકાર થયા. આગળ સાતમા વિશેષણથી બે જ્ઞાનશક્તિના બે પ્રકાર અને આઠમા વિશેષણથી ધર્મી (એક પ્રકાર) મળી સોળ પ્રકાર થશે. (ટિ)

ટિપ્પણીમાં નોટ ૨૫માં જણાવેલ પહેલા પક્ષ પ્રમાણે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય અને પ્રમેય તથા સાધન મળી પાંચ પ્રકાર (ચોથા, પાંચમા અને છઠ્ઠા વિશેષણથી) થાય છે. (તેમાં ચોથા વિશેષણથી ઉત્પત્તિ, પાંચમાથી સ્થિતિ, પ્રમેય અને સાધન અને છઠ્ઠાથી પ્રલય એમ પાંચ પ્રકાર થાય છે.) (લે)

૨૮. અહિં શ્રીસુબોધિનીમાં સત્ય (૧) સોળ પ્રકારનું, (૨) તે સોળ પ્રકારની અંદર રહેલ આઠ પ્રકારનું અને (૩) વેદમાં કહેલ પાંચ પ્રકારનું, એમ ત્રણ રીતે જણાવેલું છે. તે પૈકી વેદમાં કહેલ પાંચ પ્રકારનું નીચે પ્રમાણે થાય છે :

'સત્ય પર (છે); પર સત્ય (છે); સત્યને લીધે સ્વર્ગલોકમાંથી કદાપિ પડતા નથી, કારણ સત્પુરુષોનું સત્ય (ફલ છે); તેથી સત્યમાં રમણ કરે છે' એ શ્રુતિમાં (૧) 'સત્ય પર છે,' પદથી પ્રમાણરૂપ સત્ય કહેલ છે, તે આ શ્લોકમાં 'સત્યવ્રતવાળા' એ પહેલા વિશેષણથી કહેલ છે. (૨) 'પર સત્ય છે' પદથી પ્રમેયરૂપ સત્ય કહ્યું તે આ શ્લોકમાં 'સત્યને પરાયણ' એ બીજા વિશેષણથી કહેલ છે. (૩) 'સત્યને લીધે સ્વર્ગલોકમાંથી કદાપિ પડતા નથી' ભાગથી કહેલું ત્રીજું અને (૪) 'કારણ કે સત્પુરુષોનું સત્ય (ફલ છે)' ભાગથી કહેલું ચોથું એ બે સત્ય આ શ્લોકમાં 'જેમનાં ત્રણે સત્ય છે' એ ત્રીજા વિશેષણથી, ભૂઃ વિગેરે ત્રણ લોકરૂપ ફલ અને કાયા વિગેરે ત્રણ આત્મારૂપ સાધન ભેગાં કરીને કહેલ છે. આ જ અર્થ શ્રીસુબોધિનીમાં 'એવી રીતે ચાર પ્રકારે આઠ પ્રકારના ઉપપત્તિરૂપનું નિરૂપણ કર્યું ' એ સ્થલે, 'ચાર પ્રકારે' શબ્દથી કહેલ છે. એ પ્રમાણે વેદમાં કહેલ સત્યો પૈકી ચાર પ્રકારના સત્યનું નિરૂપણ કર્યું. પાંચમું 'તેથી સત્યમાં રમણ કરે છે' ભાગથી કહેલ રમણના સ્થાનભૂત સત્ય બાકી રહ્યું, એનું શ્લોકમાં 'સત્યરૂપ આપને અમે શરણે આવ્યા છીએ' ભાગથી નિરૂપણ કરેલ છે, એમ શ્રીપુરુષોત્તમજી પ્રકાશમાં કહે છે.

હવે સોળ પ્રકારનું સત્ય નીચે પ્રમાણે થાય છે. પહેલા વિશેષણથી (૧) ઉપોષણ વિગેરે વ્રત અને (૨) તપેલા તેલમાં પણ નહિ દાઝવારૂપ સત્ય, એમ બે પ્રકારનું સત્ય કહ્યું. આ વિશેષણ શ્રુતિના 'સત્ય પર (છે)' ભાગના અર્થવાળું છે. શ્રુતિમાં 'સર્વથી ઉત્તમ' એવા અર્થમાં જે 'પર' શબ્દ કહ્યો તેની બરાબર અહિં શ્લોકમાં 'વ્રત' શબ્દનો અર્થ છે. અને 'વ્રત' અને 'સત્ય' બંને સર્વથી ઉત્તમ હોવાથી બંનેનો આ વિશેષણમાં સમાવેશ થાય છે.

હવે બીજા 'સત્યને પરાયણ' વિશેષણથી (૩) 'દંડ કરનારાઓનો હું દંડ છું' ગીતા ૧૦।૩૮ વિગેરે વાક્યમાં જણાવેલ લોકમાં (રહેલ) દંડ વિગેરે લૌકિક નિયામક, (૪) બાર પ્રકારનું વૈદિક નિયામક, (૫) ભગવાનનાં વ્રત અને (૬) (લોકને અનુસરીને દેવોનું હિત કરનાર) ભગવાનનું નિયામક, એમ ચાર પ્રકારનાં સત્ય કહ્યાં. અહિં 'પર' શબ્દનો અર્થ 'ઉત્તમ' છે, તેથી ભગવાનનાં વ્રતો ઉત્તમ હોવાથી તેમનો પણ સમાવેશ આમાં થયો.

ત્રીજા વિશેષણથી (૭) ભૂઃ વિગેરે ત્રણ લોક અને (૮) કાયા વિગેરે ત્રણ આત્માઓ, એવા બે પ્રકાર થયા. એવી રીતે આ પહેલાં ત્રણ વિશેષણોથી ઉપપત્તિરૂપ આઠ પ્રકારના સત્યનું નિરૂપણ કર્યું.

હવે ઉત્પત્તિરૂપ આઠ પ્રકારનું નિરૂપણ કરવામાં આવે છે. તેમાં ચોથા, પાંચમા અને છઠ્ઠા વિશેષણોથી પાંચ પ્રકારનું સત્ય કહ્યું. શ્રીસુબોધિનીમાં 'ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના પ્રસંગમાં પાંચ પ્રકારનું સત્ય કહેલું છે' એમ (છઠ્ઠા વિશેષણના વિવરણમાં) કહેલું છે. આ પ્રસંગમાં પાંચ પ્રકાર કેવી રીતે થાય છે તે ટિપ્પણીમાં કહેલ નથી, પરંતુ લેખથી સ્પષ્ટ થાય છે, (૯) ચોથા વિશેષણથી ઉત્પત્તિરૂપ એક પ્રકારનું સત્ય કહ્યું. પાંચમા વિશેષણથી (૧૦) સ્થિતિરૂપ, (૧૧) પ્રમેયરૂપ અને (૧૨) સાધનરૂપ, એમ ત્રણ પ્રકારનું સત્ય કહ્યું અને છઠ્ઠા વિશેષણથી (૧૩) પ્રલયરૂપ એક પ્રકારનું સત્ય કહ્યું. એ પ્રમાણે આ ત્રણ વિશેષણોથી પાંચ પ્રકાર થયા. (૧૪) 'ઋત અને (૧૫) સત્ય બે નેત્ર છે જેમનાં' એ પ્રમાણનું નિરૂપણ કરનાર સાતમા વિશેષણથી બે પ્રકાર કહ્યા, અને (૧૬) ફલનું નિરૂપણ

એ પ્રમાણે પ્રમાણરૂપ (ભગવાન્) કહી, નીચેના શ્લોકમાં પ્રમેયરૂપ (ભગવાનનું) નિરૂપણ કરે છે :

**એકાયનોસૌ દ્વિફલસ્ત્રિમૂલશ્ચતૂરસઃ પઞ્ચવિધઃ ષડાત્મા ।।**
**સપ્તત્વગષ્ટવિટપો નવાક્ષો દશચ્છદી દ્વિખગો હ્યાદિવૃક્ષઃ ।।૨૭।।**

આ આદિવૃક્ષ એક આશ્રયસ્થાનવાળું, બે ફલવાળું, ત્રણ મૂલવાળું, ચાર રસવાળું, પાંચ પ્રકારવાળું, છ આત્માવાળું, સાત છાલવાળું, આઠ શાખાવાળું, નવ અક્ષવાળું, દશ પત્રવાળું (અને) બે પક્ષીઓવાળું છે. ૨૭.

બ્રહ્માંડરૂપ આ જગતનું વૃક્ષ તરીકે નિરૂપણ કરવામાં આવે છે. 'વૃક્ષના જેવો સ્તબ્ધ (સ્થિર) એક આકાશમાં રહે છે, તે પુરુષથી આ સર્વ પૂરાએલું (ભરેલું) છે' શ્રુતિ પ્રમાણે ભગવાન્ વૃક્ષરૂપ છે[૧]. (તેથી) તેમનામાંથી ઉત્પન્ન થતું જગત્ પણ વૃક્ષરૂપ જ છે. આથી ભગવાનની મોટાઈ જણાવેલી છે. જેમ પીપળો વિગેરે એક વૃક્ષમાં કરોડો ફલો થાય છે, અને તેમાં એક ફલમાં અસંખ્ય બીજો હોય

---

કરનાર આઠમા વિશેષણથી ધર્મીરૂપ એક પ્રકારનું સત્ય કહ્યું. એ પ્રમાણે સોળ પ્રકાર થયા.

ટિપ્પણીમાં કહેલ બીજા પક્ષ પ્રમાણે પહેલા વિશેષણથી બે પ્રકાર કહ્યા, બીજાથી ચાર પ્રકાર કહ્યા, અને ત્રીજાથી બે પ્રકાર કહ્યા. એ પ્રમાણે પહેલાં ત્રણ વિશેષણોથી આઠ પ્રકાર થયા. ચોથા વિશેષણથી પ્રમાણરૂપ એક પ્રકાર, પાંચમાથી પ્રમેયરૂપ અને સાધનરૂપ બે પ્રકાર અને છઠ્ઠાથી ફલરૂપ અને ભગવાનમાં પ્રતિષ્ઠાવાળા હોવારૂપ બે પ્રકારો કહ્યા. આ ચોથા પાંચમા અને છઠ્ઠા વિશેષણથી પાંચ પ્રકાર કહ્યા, તે વેદમાં કહેલા નથી પરંતુ ભાગવતમાં જ કહેલા છે. એ પ્રમાણે પહેલાં છ વિશેષણોથી તેર પ્રકારની ક્રિયાશક્તિનું નિરૂપણ કર્યું. સાતમા વિશેષણથી ઋત અને સત્યરૂપ બે જ્ઞાનશક્તિના પ્રકારથી બે પ્રકાર, અને આઠમા વિશેષણથી ધર્મીરૂપ એક પ્રકાર કહ્યો. એવી રીતે સોળ પ્રકાર થયા. (કા)

આઠ પ્રકાર કેવી રીતે થાય છે તે કોઈ ટીકામાં સ્પષ્ટ કહેલ નથી, પરંતુ આ શ્લોકમાં આઠ વિશેષણો છે, તે દરેકથી એક એક પ્રકાર કહેલો છે, એમ ગણવાથી આઠ પ્રકાર થાય એ સ્પષ્ટ છે.

૧. 'અહિં બ્રહ્માંડ વૃક્ષરૂપ છે, એવું નિરૂપણ કરવામાં આવે છે. તેથી આ શ્લોકથી પ્રમેયરૂપ ભગવાન્ કહેલા છે એમ કેમ જણાય ?' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલ છે. આ વાક્યમાં જણાવેલી શ્રુતિમાં 'વૃક્ષના જેવો' એમ વૃક્ષને દૃષ્ટાંત તરીકે કહેલું છે, તેથી આ વૃક્ષનું નિરૂપણ કરનાર શ્લોકથી પ્રમેયરૂપ ભગવાનનું જ્ઞાન થાય નહિ એવી શંકા ન કરવી, કારણ કે 'ઊંચે જેનાં મૂલ છે અને નીચે જેની શાખાઓ છે તેવા વૃક્ષને જે કોઈ જાણે તેણે એમ ન માનવું કે મૃત્યુ મને મરાવે' એવી બીજી શ્રુતિમાં એવા વૃક્ષને જાણનારને મૃત્યુ મારે નહિ એવું ફલ કહેલ હોવાથી તે વૃક્ષ ભગવદ્રૂપ જ છે, અને કાર્ય (પ્રપંચ)રૂપ વૃક્ષના નિરૂપણથી પણ કારણરૂપ (ભગવદ્રૂપ) વૃક્ષનું અનુમાન(થી જ્ઞાન) થતું હોવાથી, આ શ્લોકથી પ્રમેયરૂપ ભગવાનનું જ્ઞાન થાય છે. (પ્ર)

છે (અને) એક બીજનું આ બ્રહ્માંડરૂપ (મોટું) વૃક્ષ થાય છે; (તેમ) તે (ભગવાન્) પણ તેવું જ (વૃક્ષ) છે. એવી રીતે ભગવાન્ આરંભ વિનાનું અને અંતવગરનું વૃક્ષ છે. તેથી જ કોઈવાર બ્રહ્માંડનું નિર્માણ (બનાવટ) ભગવાનમાંથી જ થાય છે, (અને) કોઈવાર તત્ત્વો દ્વારા થાય છે. અહિં (આ વૃક્ષમાં) અક્ષર ફલ છે, તત્ત્વો તેના (તે ફલના) અંશો છે, (અને) બ્રહ્માંડ બીજ છે. (બીજનું) પક્ષી ભક્ષણ કરે (અને) તેમાંથી તે (બહાર) નીકળે છે ત્યારે જ (તે) ફલતું હોવાથી, તત્ત્વો ચેતનરૂપ છે એમ જણાવેલું છે[૨]. તેમાં દૈત્યોના આદિકલ્પમાં[૩] ઘણાં બીજોવાળા ફલમાંથી પણ એક વૃક્ષ ઉત્પન્ન થાય છે. તેથી જ બાહ્ય[૪] વિગેરેનાં શાસ્ત્રોમાં ઘણાં પરમાણુઓમાંથી એક જ કાર્યની ઉત્પત્તિ જણાવેલી છે. કાગડાની વિષ્ટામાંથી નીકળેલાં (બીજ)માંથી ઉત્પન્ન થએલાં પીપળો વિગેરે વૃક્ષો(ના સંબંધમાં) પણ, ઘણાં (બીજો)માંથી એક (વૃક્ષ) થાય છે એવો નિર્ણય થાય છે, તેવું (આ વૃક્ષમાં) નથી એમ જણાવવા, એક જ આશ્રયસ્થાન છે જેનું તેવું (આ વૃક્ષને) કહેલ છે. (આ આશ્રયસ્થાન) અંડ, પ્રકૃતિ અથવા અક્ષર (છે). કેટલાક કાલ (આ આશ્રયસ્થાન છે એમ) કહે છે. આથી એમ કહેલ છે કે આ આંબા વિગેરેરૂપ સારું વૃક્ષ છે. તેથી ‘આ’ એમ આસપાસ દેખાતો પ્રપંચ (જણાવેલો છે).

(તે) બે ફલો છે જેનાં તેવું ‘બે ફલવાળું’ છે. સુખ અને દુઃખ (એ બે) આનાં ફલો છે. દૈત્યોના (પ્રપંચમાં) તો દુઃખ જ ફલ (હોય છે). તે (આ વૃક્ષનાં) બે ફલો નરક અને સ્વર્ગ કહેવાય છે. ‘નરાણામ્’ નરોનું ‘કમ્’ વિષયરૂપ સુખ (તે નરક). ‘સ્વસ્વરૂપમ્’ પોતાના સ્વરૂપને ‘ગચ્છતિ’ (જાય) પામે તે ‘સ્વર્ગ’. બીજી સૃષ્ટિમાં બધાંએ વિષયી (નરકમાં જનારા) હોય છે, પરંતુ અહિં તો બેઉ પ્રકારના (નરકમાં તથા સ્વર્ગમાં જનારા) હોય છે.

સત્ત્વ વિગેરે ત્રણ ગુણો નીચે ઉગનારાં મૂલો છે જેનાં (તેવું ‘ત્રણમૂલવાળું’ આ વૃક્ષ છે). અહિં (આ સૃષ્ટિમાં) ત્રણે પ્રકારનાં કર્મો થાય છે. બીજી સૃષ્ટિમાં તામસ (કર્મો) જ થાય છે, અથવા કોઈવાર રાજસ (કર્મો) (થાય છે), પરંતુ સાત્ત્વિક (કર્મો) તો થતાં નથી જ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ (એ) ચાર રસો છે જેનાં (તેવું ‘ચાર રસવાળું’ આ વૃક્ષ છે). બીજે (બીજી સૃષ્ટિમાં) અર્થ અને કામ જ હોય છે. પાંચ કર્મો ‘વિધાઃ’ એટલે પ્રકારો છે જેના (તેવું ‘પાંચ

---

૨. શ્રીમદ્ભાગવત. ૩।૫।૭ (તથા તે પરનાં શ્રીસુબોધિની)માં જણાવેલું છે. (પ્ર)

૩. ‘આદિકલ્પ’ એટલે ‘મુખ્ય સિદ્ધાંત.’ (લે)

૪. ‘બાહ્ય’ એટલે વેદને નહિ માનનારાઓ.

પ્રકારવાળું' આ વૃક્ષ છે). તે કર્મો પાંચ ઇન્દ્રિયોથી ઉત્પન્ન થનારાં હોવા છતાં (૧) ઊંચે ફેંકવું (૨) નીચે ફેંકવું (૩) પ્રસારવું (૪) સંકોચવું (૫) ગમન (જવું તે, ગતિ કરવી)રૂપ હોય છે. બીજે (બીજી સૃષ્ટિમાં) ઊંચે ફેંકવાનું હોતું નથી[૫]. અથવા અન્નમય[૬] વિગેરે પાંચ પ્રકારો છે. 'તે આ પુરુષ પાંચ પ્રકારનો પાંચ આત્માવાળો છે' શ્રુતિ પ્રમાણે બ્રહ્માંડ દેહવાળા ભગવાન્ પણ તેવા (અન્નમય વિગેરે પાંચ પ્રકારના) હોય છે. બીજે (બીજી સૃષ્ટિમાં) આનંદ હોતો નથી. છ આત્માઓ છે જેના (તેવું 'છ આત્માવાળું' આ વૃક્ષ છે). 'આ આત્મા વિજ્ઞાનવાળો છે' શ્રુતિ પ્રમાણે ઇન્દ્રિયોને આત્મા કહેલી છે. જ્ઞાન ઉત્પત્તિથી જૂદું (જૂદું) છ પ્રકારનું છે. સાત ત્વક્ (ચામડી) વિગેરે એટલે છાલ વિગેરે જેનાં છે (તેવું 'સાત છાલવાળું' આ વૃક્ષ છે). આઠ પ્રકૃતિઓ 'વિટપો' એટલે શાખાઓ છે જેની તેવું 'આઠ શાખાવાળું' આ વૃક્ષ છે. '(૧) ભૂમિ, (૨) જલ, (૩) અગ્નિ, (૪) વાયુ, (૫) આકાશ, (૬) મન અને (૭) બુદ્ધિ તથા (૮) અહંકાર, એમ આ મારી પ્રકૃતિ આઠ પ્રકારના ભેદવાળી છે' (ગીતા.૭|૪ પ્રમાણે આઠ પ્રકારની પ્રકૃતિ છે). દેહનાં નવ છિદ્રો એ નવ અક્ષ છે જેનાં (તેવું 'નવ અક્ષવાળું' આ વૃક્ષ છે). દશ પ્રાણો પત્રો (પાંદડાં) છે જેનાં (તેવું 'દશ પત્રવાળું' આ વૃક્ષ છે). બે (૧) જીવ અને (૨) અંતર્યામી પક્ષીઓ છે જેના ઉપર, તેવું 'બે પક્ષીઓવાળું' આ વૃક્ષ છે. શ્લોકમાંના 'હિ' શબ્દથી એમ જણાવ્યું છે કે સર્વ વિશેષણોને (યોગ્ય ઠરાવનારી) યુક્તિઓ છે. 'આદિવૃક્ષ' શબ્દથી (તે) સમષ્ટિરૂપ[૭] છે એમ કહેલ છે. એવી રીતે ભગવદ્રૂપ પ્રમેયનું નિરૂપણ કર્યું. ૨૭.

આ વિષયની યોગ્યતા જણાવતાં નીચેના શ્લોકમાં સાધનરૂપ ભગવાનનું નિરૂપણ કરે છેઃ

**ત્વમેક એવાસ્ય સતઃ પ્રસૂતિસ્ત્વં સન્નિધાનં ત્વમનુગ્રહશ્ચ ||**
**ત્વન્માયયા સંવૃતચેતસસ્ત્વાં પશ્યન્તિ નાના ન વિપશ્ચિતો યે ||૨૮||**

આપ એક જ આ સદ્રૂપ(જગત)ના ઉત્પત્તિસ્થાન છો, આપ લયસ્થાન છો, અને પાલક છો. આપની માયાથી જેઓની મતિ સંકુચિત થએલી છે તેઓ આપને જૂદા-જૂદા જૂએ છે. જેઓ વિદ્વાન છે તેઓ આપને જૂદા-જૂદા જોતા નથી. ૨૮.

---

૫. 'ઊંચે ફેંકવાનું હોતું નથી' એટલે ઊંચી ગતિ થતી નથી, એવા અર્થમાં યોજાએલ જણાય છે.

૬. (૧) અન્નમય, (૨) પ્રાણમય, (૩) મનોમય, (૪) વિજ્ઞાનમય અને (૫) આનંદમય. (નારાયણોપનિષદ્. ૭૯)

૭. સમષ્ટિરૂપ એટલે એકત્ર થએલ સમૂહરૂપ.

આ જગત્ જે સત્ એટલે સદ્રૂપ છે (તેના આપ ઉત્પત્તિ સ્થાન છો). આથી (જગતને સદ્રૂપ ક્હેવાથી) માયાવાદ વિગેરે વાદો જૂઠા ઠરે છે; કારણ કે 'તેઓ જગતને અસત્ય, પ્રતિષ્ઠા વિનાનું અને ઈશ્વર વિનાનું કહે છે' એ (ગીતા.૧૬।૮) વાક્ય પ્રમાણે તેઓ વૈનાશિક છે. તેઓના જ મત પ્રમાણે આ જગત્ અસત્ય છે. નહિ તો (જગત્ વાસ્તવિક રીતે અસત્ય હોય તો) અજ્ઞાનના કાર્યરૂપ અસત્ જગતના કર્તા ભગવાન્ અથવા (બીજો) કોણ હોય[1]? (કોઈ ન હોય). તે બધાએ સદ્રૂપ જગતની પ્રસૂતિ એટલે ઉત્પત્તિસ્થાન આપ જ છો. 'પ્ર' સારી રીતે 'સૂતિઃ' ઉત્પત્તિ છે જેમાંથી તેવા 'પ્રસૂતિ' પદથી, (આપ) માતા તથા પિતાની પેઠે જગતને ઉત્પન્ન કરનાર છો એમ સૂચવેલું છે. 'સમ્' સારી રીતે 'નિધીયતે' મૂકવામાં આવે છે જેમાં તે 'સન્નિધાન' એટલે જગતના લયસ્થાન પણ આપ જ છો. 'અનુગૃહ્યતે' પાલન થાય છે 'અનેન' આમનાથી તે 'અનુગ્રહઃ' એટલે જગતના પાલક પણ આપ જ છો. તેથી (જગતનાં) ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારા આપ જ છો. (ઉત્પત્તિ કરનાર, સ્થિતિ કરનાર અને લયસ્થાન એમ અનુક્રમે નહિ કહેતાં, ઉત્પત્તિસ્થાન, લયસ્થાન અને પાલક કહ્યા) તેવા ઉલટાવેલા ક્રમથી એમ સૂચવેલ છે કે ભગવાન્ જેનું રક્ષણ કરે છે તેનો નાશ થતો નથી.

'ગુણના અભિમાનવાળા આ બ્રહ્મા વિગેરે (દેવો) જ (જગતની) ઉત્પત્તિ વિગેરે (કરવા)ના અધિકારીઓ છે, હું (ભગવાન્) (તે કરતો) નથી' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. આપની માયાથી 'સંવૃતં' સંકુચિત થએલી છે 'ચેતઃ' મતિ જેઓની તેઓ આપને જૂદા જૂદા (સ્વરૂપથી) જૂએ છે, પરંતુ વિદ્વાનો (તેમ જોતા) નથી. જેઓ ભગવાનની જ માયાથી સંકુચિત મતિવાળા (થએલા) હોય છે તેઓ જ ભગવાનને હદવાળા જાણે છે, કારણ કે અલ્પ ગ્રહણ કરનાર હોય તે અલ્પનું જ ગ્રહણ કરે છે. ભગવાને ચિત્તને સર્વ વસ્તુઓનું ગ્રહણ કરવા માટે સમર્થ[2] જ બનાવેલું છે, (તે) માયાથી જો તેનો સંકોચ થએલ ન હોય તો હદવાળું (થોડું) કેમ ગ્રહણ કરે ? તેથી જ (માયાથી ચિત્તનો સંકોચ થએલ હોવાથી

---

૧. જગત્ સત્ય ન હોય તો જગતના કર્તા તરીકે કહેવાતા ભગવાન્ અથવા 'કઃ' બ્રહ્મા, અસત્ પદાર્થના કર્તા થાય. તેથી ભગવાન્ અથવા બ્રહ્મા અજ્ઞાનનાં કાર્ય(રૂપ જગત)ના કર્તા હોવાથી અજ્ઞાનરૂપ થાય એવો ભાવ છે. (લે) લેખકાર પ્રમાણે અહિં પ્રશ્નાર્થ ચિહ્ન નથી. 'કઃ' નો અર્થ લેખમાં બ્રહ્મા કરેલ છે તે તો અહિં સ્તુતિ કરનાર છે. તેથી 'કઃ' નો અર્થ 'કોણ' કરી પ્રશ્નાર્થ ચિહ્ન ગણી અર્થ કરેલ છે.

૨. 'ચિત્તં' ચિત્ત અણું હોય છે. ભગવાને ચિત્તને અણુ બનાવેલ હોવા છતાં 'પુષ્કલમ્' એટલે સર્વ પદાર્થોને ગ્રહણ કરવા શક્તિવાળું બનાવેલું છે. (લે)

જ) આપને જૂદા જૂદા જૂએ છે. હદવાળી દૃષ્ટિથી દેખાતો પ્રદેશ જૂદો ગણવામાં આવે છે[3], એ માયાથી (થએલ) મોહ છે. તેથી જ જેઓ વિદ્વાન છે તેઓ બ્રહ્મા વિગેરે (દેવો)ને એકબીજાથી જૂદા જોતા હોવા છતાં, તેમનાં જૂદાં જૂદાં કાર્ય પ્રમાણે તેવા પ્રકારના (તે તે દેવરૂપ) આપને જ માને છે, પરંતુ (તેમને) જૂદા જોતા (જાણતા) નથી. 'યે' 'જેઓ' શબ્દ તેઓનું માહાત્મ્ય જણાવવા માટે (શ્લોકના) અંતે મૂકેલો છે. ગુણોથી જૂદા (જૂદા પ્રકારના) સૃષ્ટિમાં રહેલા (જીવો)એ પોતાનું કાર્ય સિદ્ધ થાય તે માટે પોતાની રુચિ પ્રમાણે ભગવદ્રૂપ આ (દેવો)ની જ સેવા કરવી[4], એમ આ (શ્લોક)થી સાધન કહેલું છે. ૨૮.

(ત્રણ શ્લોકોથી અનુક્રમે પ્રમાણ, પ્રમેય અને સાધન કહ્યાં.) નીચેના શ્લોકમાં ફલ કહે છેઃ

**વિભર્ષિ રૂપાણ્યવબોધ આત્મન્ ક્ષેમાય લોકસ્ય ચરાચરસ્ય ।।**
**સત્ત્વોપપન્નાનિ સુખાવહાનિ સતામભદ્રાણિ મુહુઃ ખલનામ્ ।।૨૯।।**

ચર અને અચર લોકના કલ્યાણ માટે આપ જ્ઞાનરૂપ આત્મામાં સત્ત્વ (ગુણ)વાળાં, સત્પુરુષોને સુખ આપનારાં અને ખલોને વારંવાર દુઃખ કરનારાં રૂપો ધારણ કરો છો. ૨૯.

આપ જ્ઞાનરૂપ આત્મામાં રૂપો ધારણ કરો છો. જેઓ આપની પાછળ કહેલા પ્રકાર પ્રમાણે સેવા કરે છે, તેઓનાં રૂપો (આપ) જ્ઞાનરૂપ આત્મામાં ધારણ કરો છો (એટલે) તેઓને સાયુજ્ય આપો છો. અથવા જ્ઞાનરૂપ આત્મામાં એટલે (લોકોને) શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય તે માટે (આપ) 'રૂપો' એટલે અવતારનાં રૂપો ધારણ કરો છો, જે (રૂપો)માં ભક્તોને ચિદ્રૂપ આત્માની પ્રાપ્તિ થાય છે. 'ચર અને અચર લોકના કલ્યાણ માટે' શબ્દોથી (ભગવાનને) રૂપો ગ્રહણ કરવાનું બીજું પણ કારણ કહેલું છે. ન્યાય જાણનારાઓ 'ચર અને અચર'[1] શબ્દથી બ્રાહ્મણો

---

૩. આપણી દૃષ્ટિ હદવાળી હોવાથી થોડો જ પ્રદેશ જોઈ શકે છે. ચારે તરફ પૃથ્વીને આકાશ મળતાં દેખાય તેટલો પ્રદેશ જ જોઈ શકાય છે. તે પ્રદેશ જૂદો, વળી ત્યાંથી દૂર જઈ તેટલો પ્રદેશ દેખાય તે જૂદો માનીએ; પરંતુ બધો પ્રદેશ પૃથ્વીનો જ ભાગ છે અને વાસ્તવિક રીતે એક જ છે. આપણને મોહ છે, તેથી એવા પ્રદેશને જૂદા જૂદા જોઈએ છીએ.

૪. દૈત્યો દુર્ગા ભૈરવ વિગેરેને સેવ્ય ગણે છે, તેથી (તેમના સાધનથી) જૂદાં સાધન કહેલાં છે. (લે)

૧. 'બ્રહ્મ અને ક્ષત્ર બંને જેના ખોરાક થાય છે' એ શ્રુતિનો નિર્ણય કરતાં, ૧।૨।૯ બ્રહ્મસૂત્રમાં વ્યાસે 'ચરાચર' શબ્દથી બ્રહ્મ અને ક્ષત્રને કહેલાં છે; તેથી 'ચરાચર'નો 'અર્થ બ્રહ્મ અને ક્ષત્ર કરવો' એમ ન્યાયવાળાનો મત છે એમ જાણવું. (ટિ)

અને ક્ષત્રિયો કહેલા છે એમ માને છે. 'ચર' એટલે પ્રાણીઓ, (અને) 'અચર' એટલે ભૂમિ વિગેરે (સ્થાવર પદાર્થો). (તે) બંનેના કલ્યાણ માટે[2] (આપ રૂપો ધારણ કરો છો). આથી એમ (કહેલું) છે કે આ લોકનું ફલ આપવા માટે પણ ભગવાનનો અવતાર થાય છે.

'બ્રહ્મા વિગેરે પણ ગુણોને લીધે (ગુણના અભિમાનવાળા)ભગવાન્ (ભગવાનનાં રૂપ) હોવાથી, રજોગુણ તથા તમોગુણથી પણ અવતાર થતો હશે' એવી શંકા થાય, તે દૂર કરવા 'સત્ત્વવાળાં' શબ્દ યોજેલ છે. મત્સ્ય વિગેરે અવતારો લોકને અનુસરનારા(લોકમાં દેખાય છે તેવા) છે. આધિદૈવિક[3] (રજોગુણ અને તમોગુણ) સાથે મળેલા બ્રહ્મા અને મહાદેવના અવતારો પણ સત્ત્વવાળાં રૂપ જ છે. તેનું દૃષ્ટાંત 'સુખ આપનારાં' શબ્દથી કહેલ છે. જે (સત્ત્વરૂપવાળા અવતારો) સર્વ પ્રાણીઓને સુખ આપનારા હોય છે. (તે રૂપો) 'દૈત્યોને પણ સુખ આપનારાં હશે' એવી શંકા થાય તેથી (આ) પક્ષપાતવાળી સ્તુતિ હોવાથી 'સત્પુરુષોને જ સુખ આપનારાં' એમ કહેલ છે[4], ખલોને તો (તે રૂપો) દુઃખ કરનારાં છે. 'ખલો' શબ્દથી લક્ષણ જણાવીને 'દૈત્યો' કહેલા છે, ખલો, જે બીજાઓને દુઃખ દેનારા હોય છે તે સર્વ દોષોનું ધામ છે. (આ રૂપો) બધા ખલોને વારંવાર (દુઃખ કરે છે એમ જણાવવા) 'વારંવાર' શબ્દ યોજેલો છે. ૨૯.

એ પ્રમાણે લૌકિક પ્રકારથી (પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એ) ચારનું નિરૂપણ કરી, ફરી સ્મૃતિના પ્રકારથી (એ) ચારનું નિરૂપણ નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી કરે છે. સ્મૃતિઓમાં યોગ ધર્મ છે, અને તે યોગ બહુ

---

ઉપર જણાવેલ બ્રહ્મસૂત્રમાં 'ચરાચર' શબ્દ પૈકી 'અચર' શબ્દનો જ અર્થ બ્રહ્મ અને ક્ષત્ર થાય છે, કારણ કે ત્યાં 'ચર' શબ્દનો અર્થ 'સર્વ સ્થલે ભ્રમણ કરનારું મૃત્યુ' કરેલો છે. તેથી ઉપર જણાવેલ ટિપ્પણીની નોટમાં પણ એવો અર્થ કરવો. (લે)

૨. (સત્પુરુષોના) કલ્યાણ માટે અવતારો કહ્યા, તેથી દેવો તરફ પક્ષપાત જણાવ્યો જાણવો. (પ્ર)

૩. ચિદ્ (ચેતન)નો ધર્મ રજોગુણ છે. આનંદનો ધર્મ તમોગુણ છે. આ ઉભયરૂપવાળા (રજોગુણવાળા) બ્રહ્મા અને (તમોગુણવાળા) મહાદેવ, (આધિદૈવિક રજોગુણ તથા તમોગુણ સાથે મળેલા હોય ત્યારે) સત્ત્વગુણવાળા ભગવાનના અવતારો જ છે. જ્યાં ભગવાનના અવતારમાં સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણનો ભેદ કહેવામાં આવે ત્યાં આધિદૈવિક રજોગુણ અને તમોગુણ જાણવા, આધિભૌતિક રજોગુણનો અવતાર ચંદ્ર છે, આધિભૌતિક તમોગુણનો અવતાર દુર્વાસા છે. (પ્ર)

૪. દૈત્યોને આ (કલ્યાણરૂપ) ફલ મળતું નથી, પરંતુ અંધંતમઃ જ ફલ પ્રાપ્ત થાય છે. એવી રીતે દૈત્યપક્ષથી જૂદાઈ જણાવી. (લે)

પ્રકારનો હોવાથી, જે (યોગ) દેવોનું હિત કરનારો ધર્મરૂપ છે તેનું નિરૂપણ નીચેના શ્લોકમાં કરે છે :

**ત્વય્યમ્બુજાક્ષાખિલસત્ત્વધામ્નિ સમાધિનાવેશિતચેતસૈકે ।।**
**ત્વત્પાદપોતેન મહત્કૃતેન કુર્વન્તિ ગોવત્સપદં ભવાબ્ધિમ્ ।।૩૦।।**

હે કમલનેત્ર ! કેટલાક અખિલ સત્ત્વના ધામરૂપ આપની અંદર પરોવેલા ચિત્તવાળી સમાધિ વડે મોટા (પુરુષો)એ કરેલા આપના ચરણારવિંદરૂપ નાવથી સંસારસાગરને વાછરડાનું પગલું બનાવે છે. ૩૦.

હે કમલના જેવા નેત્રવાળા ! અખિલ સત્ત્વના ધામરૂપ આપની અંદર પરોવેલા ચિત્તવાળી સમાધિરૂપ સાધનથી, આપના ચરણારવિંદરૂપ નાવથી સંસારસાગરને વાછરડાનું પગલું બનાવે છે. યોગમાં (યોગ આચરવાથી) ભગવાન્ પ્રત્યક્ષ (થાય છે અને) સંસારમાંથી તારે છે એ પ્રસિદ્ધ છે. 'કમલનેત્ર!' શબ્દથી (આપ) દર્શનથી જ પાપનો નાશ કરો છો એમ કહેલું છે. જે યોગનું ત્રીજા સ્કંધમાં નિરૂપણ કરવામાં આવેલું છે તે ભગવાનના સંબંધવાળો સર્વાત્મક[૧] છે, એમ 'અખિલ સત્ત્વના ધામરૂપ' શબ્દથી કહેલ છે. અખિલ (બધાંએ) સત્ત્વ એટલે પ્રાણીઓના ધામ એટલે સ્થાનરૂપ અથવા સત્ત્વગુણના ભંડારરૂપ (આપ છો). તેવા ભગવાનમાં 'આ' ચારે તરફથી 'વેશિતં' પરોવેલું 'ચિત્તમ્' ચિત્ત છે જેમાં[૨], તેવી સમાધિરૂપ સાધનને લીધે આપનું ચરણારવિંદ નાવ થાય છે. નાવ સમુદ્રને તરવાનું સાધન છે. (ભગવાનનું) પૃથ્વીરૂપ અથવા આકાશરૂપ અથવા અક્ષરરૂપ ચરણારવિંદ નાવ છે. (ચરણારવિંદ) ભૂમિ[૩] હોય તો તે (નાવ તરીકે) પ્રસિદ્ધ છે, આકાશ[૪] પણ (નાવ તરીકે પ્રસિદ્ધ છે).

---

૧. 'સર્વઃ' બધા 'આત્મા' આત્મા છે જેમાં તે સર્વાત્મક. બધોએ પ્રપંચ જેમાં આત્મા તરીકે જણાય તે સર્વાત્મક, એવો અર્થ છે. (લે)

૨. ચિત્ત ભગવાનમાં પરોવેલું કહ્યું, તેથી ચિત્તની વૃત્તિ ભગવાનમાં યોજેલી કહી, એવો અર્થ છે. (લે)

૩. ભૂમિ જલ ઉપર રહેલી છે, તેથી (નાવની પેઠે જલ ઉપર રહેલી હોવાથી) તે નાવ છે એમ પ્રસિદ્ધ છે. (પ્ર)

૪. આકાશ વિષ્ણુના ચરણ તરીકે પ્રસિદ્ધ છે. 'ત્યાં જે તરે છે તે તારાઓનું તારાપણું છે' શ્રુતિ પ્રમાણે ત્યાં રહેલ જલમાં તારાઓ આકાશથી જ તરે છે, તેથી આકાશ પણ નાવરૂપ છે એ પ્રસિદ્ધ છે. ભૂમિ ઉપર રહીને કર્મ વિગેરે સાધનો કરાય છે. 'સ્વર્ગમાં રહેલાઓ પણ આની ઈચ્છા કરે છે' વાક્ય પ્રમાણે ભૂમિ જ આવાં સાધનો કરાવનારી હોવાથી નાવરૂપ છે. હૃદયમાં ભગવાનનું ધ્યાન ધરાવનાર આકાશ હોવાથી તે પણ નાવરૂપ છે.(પ્ર)

'ભગવાનની[૫] જેમાં ભાવના કરવામાં આવે છે[૬] તેવી સમાધિમાં ભગવાન્ (પોતે) હોવાથી, ચરણારવિંદ નાવ થઈ શકે નહિ, અને સમાધિમાં કલ્પેલા[૭] (પોતે) જ સંસારની અંદર પડેલા હોવાથી નાવ કેમ થઈ શકે ?' એવી શંકા થાય, તેથી 'મોટાએ કરેલા' શબ્દ યોજેલ છે. મોટાઓએ (આપના ચરણારવિંદને નાવ) કરેલ છે, કારણ કે મોટાઓ બધાએ પદાર્થના સાધ્યસાધનભાવને[૮] જાણે છે. તેથી સમાધિમાં જ ભગવાનની સ્ફૂર્તિ થતાં, તે (ભગવાનનું) ચરણકમલ સંસારમાંથી તારનાર થાય છે એટલે (ચરણકમલના) અલૌકિક સામર્થ્યને લીધે તર્કથી થતાં વિરોધની શંકા રાખવી નહિ.

''જેમ યજ્ઞ વિગેરે અદૃષ્ટ દ્વારા સ્વર્ગનું સાધન થાય છે તેમ 'યોગથી જે આત્માનું દર્શન થાય તે આ પરમ ધર્મ છે' સ્મૃતિને લીધે આ (ચરણારવિંદ) પણ અદૃષ્ટ દ્વારા (નાવ) થતું હશે'' એવી શંકા થાય, તે દૂર કરવા માટે પણ 'મહત્કૃતેન'[૯] એમ કહેલું છે. ચરણારવિંદરૂપ નાવ મોટું બનાવેલ છે. (તે) જેવી રીતે હૃદયથી સંસારના છેડા સુધી લંબાઈને રહે તેટલું મોટું બનાવેલું છે, એવો અર્થ છે. (તેને નાવ કરવાનું) સાધન સમાધિ જ છે, જેટલો સંસાર તરાયો તેટલો રહેવા દઈને (સંસાર સમુદ્રને) વાછરડાનું પગલું કરે છે. આથી (એમ કહેલ છે કે) સંસારમાં રહેલા હોય ત્યારે જ સંસારને તુચ્છ માને છે. તે (તેઓને) બહુ ઊંડો જણાતો નથી, એમ જણાવવા 'વાછરડાનું પગલું' કહેલ છે. સમાધિમાં રહેલ

---

૫. ચરણારવિંદ અક્ષર હોય તો તે નાવ કેવી રીતે હોઈ શકે ? એવી શંકા (અયોગ્યતા) આ વાક્યથી દર્શાવે છે. (પ્ર)

૬. ચરણારવિંદ અક્ષર લઈએ તો તે નાવ હોઈ શકે નહિ એવી અયોગ્યતા અહિં કહે છે. ભગવાનનો પુરુષરૂપથી આવિર્ભાવ થાય ત્યારે અક્ષર ચરણારવિંદ હોય છે. તેવા પ્રસંગે ભગવાનથી જ તરવાનો સંભવ હોવાથી, માત્ર ચરણને નાવ કહેવું યોગ્ય નથી એમ કહે છે. (ટિ)

૭. વળી તે સમાધિમાં 'કલ્પેલા પુરુષરૂપ (ભગવાન)થી પણ તરવાનો સંભવ નથી,' એમ શંકા કરે છે. (ટિ)

૮. જે ફલ પ્રાપ્ત કરવાનું હોય તે 'સાધ્ય', જે કરવાથી તે ફલ પ્રાપ્ત થાય તે 'સાધન'. મોટાઓ શું (સાધન) કરવાથી કયું ફલ પ્રાપ્ત થાય તે સર્વ જાણે છે. તેઓ કયા સાધનથી શું ફલ પ્રાપ્ત થાય તેવા સાધ્યસાધનભાવને જાણે છે.

૯. 'મહત્કૃતઃ' એટલે 'મહાન્ કૃતઃ' મોટો કરેલો છે. સમાધિ કરનારના હૃદયથી આરંભી સંસારના પાર સુધીનો મોટો (લાંબો) કરેલ છે. તેથી અદૃષ્ટથી સંસાર તરવાનું ફલ મળતું નથી, પણ ચરણારવિંદ એવું દૃષ્ટ સાધન થાય છે, એવો ભાવ છે.

સમાધિ નભાવનાર સંસારને ઘણો તુચ્છ માને છે. સિદ્ધ થએલ યોગ પોતે જ બધાએ સંસારને સૂકવી નાખી પોતાને (યોગને) નભાવનાર (સંસાર)ને જ રહેવા દે છે. વળી તે મહાપુરુષો, (સંસાર) વાછરડાનાં પગલાં જેટલો જ થાય ત્યારે પણ, બીજાનો ઉદ્ધાર કર્યા વિના, પોતે જ તરતા નથી. તેથી (સંસારને) વાછરડાનું પગલું જ બનાવીને, જ્યાં સુધી બીજાઓનો ઉદ્ધાર થાય ત્યાં સુધી તેઓ (તે મહાપુરુષો) શાંત રહે છે. તેથી 'વાછરડાનું પગલું બનાવે છે' એમ કહેલું છે. એ પ્રમાણે (સ્મૃતિના પ્રકારથી થએલ) પ્રમાણ સમાપ્ત થયું[10]. ૩૦.

તેવા પ્રમાણથી જે પ્રમેય સિદ્ધ થાય છે તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ્વયં સમુત્તીર્ય સુદુસ્તરં દ્યુમન્ ભવાર્ણવં ભીમમદભ્રસૌહૃદાઃ ।।**
**ભવત્પદામ્ભોરુહનાવમત્ર તે નિધાય યાતાઃ સદનુગ્રહો ભવાન્ ।।૩૧।।**

હે તેજસ્વિન્ ! સફલ મૈત્રીવાળા તેઓ ઘણાં દુઃખથી તરી શકાય તેવા ભયંકર સંસારસાગરને પોતે સારી રીતે તરીને આપના ચરણારવિંદરૂપ નાવને અહિં રાખીને ગયા. આપ સત્પુરુષો પર કૃપાવાળા છો. ૩૧.

તરેલા (સંસાર સાગરને) રહેવા દઈને જ (તેને) વાછરડાનું પગલું કરેલ હોવાથી, સંપૂર્ણ અનુવાદ કરતાં 'ઘણાં દુઃખથી તરી શકાય તેવો, ભયંકર સંસારસાગર' એમ કહેલ છે. સર્વ શાસ્ત્રો મોક્ષનું નિરૂપણ કરનારાં હોવાથી, મોક્ષ અને સંપ્રદાય[1] પ્રમેય છે. 'પોતે સારી રીતે તરીને, આપના ચરણારવિંદરૂપ નાવને' અહિં જ રાખીને તેઓ ગયા. (તરવું) ઘણું કઠણ હોય તો 'સારી રીતે તર્યા' એમ કહેવું યોગ્ય છે, તેથી તે (તરવાનું) ઘણું કઠણ છે, એમ કહે છે. સમુદ્ર પોતે દુઃખથી તરી શકાય તેવો હોય છે, તેમાં પણ મઘર વિગેરેને લીધે (તે) ઘણાં જ દુઃખથી તરી શકાય તેવો થાય છે. (સંસારરૂપી સમુદ્ર), વ્યસન (અડચણો), મૃત્યુ, વૃદ્ધાવસ્થા વિગેરેને લીધે અલૌકિક સાધન[2] (કરવાના) સામર્થ્યનો નાશ કરનારો છે, અને પોતે

---

૧૦. (યોગથી) ભગવાનનું દર્શન થાય છે, તેથી તે પ્રમાણમાં પરિણમે છે એવો અર્થ છે. (પ્ર)

અહિં યોગથી ભગવાનનું જ્ઞાન થતું હોવાથી તે પ્રમાણ છે. સંસારને વાછરડાનું પગલું કરવામાં તેની સમાપ્તિ થાય છે. સંસારને તરવાનું કાર્ય તો ભગવાનની કૃપાથી જ થાય તેવું છે. તેથી જ તેનું વર્ણન આવતા પ્રમેયનું નિરૂપણ કરનારા શ્લોકમાં કરશે, એવો ભાવ છે. દૈત્યો ઉલટા માર્ગથી નિરીશ્વરયોગ આચરનારા છે. એવી તેમના પક્ષની જૂદાઈ છે. (લે)

૧. 'યોગરૂપ પ્રમાણથી જેનું જ્ઞાન થાય તે પ્રમેય કયું ?' એવી જીજ્ઞાસા થાય તેથી તે પ્રમેય અહિં કહેલ છે. તેવું ફલરૂપ પ્રમેય મોક્ષ છે અને સાધનરૂપ પ્રમેય સંપ્રદાય છે.

૨. આ અલૌકિક સાધન ગયા શ્લોકમાં કહેલ 'સમાધિ' છે. (પ્ર)

જ્ઞાન વિગેરે અલૌકિક સાધનનોનું કરણ એટલે મોક્ષ પ્રાપ્ત કરાવવાનું જે સામર્થ્ય છે,

પણ 'ભીમઃ' એટલે ભયંકર છે.

'હે તેજસ્વિન્!' એવું સંબોધન એમ જણાવે છે કે ભગવાનનું ચરણારવિંદ ત્રણ પ્રકારના[3] દોષોને મટાડવા શક્તિવાળું છે. જેમ સૂર્ય (૧)અંધકારને (૨) સર્વ જગતમાં રહેલ અજ્ઞાનને અને (૩) ભયને પોતે જ દૂર કરે છે તેમ આપના ચરણકમલના પ્રસાદથી તેઓ પણ[4] સંસારને[3] તરી ગએલા છે.

'ત્યારે બીજાઓનો ઉદ્ધાર કેમ થશે ? અથવા તેઓએ બીજાનો ઉદ્ધાર કરવા શી દરકાર (કરી) ?' એવી (શંકા) દૂર કરવા 'સફલ મૈત્રીવાળા' શબ્દ યોજેલ છે. 'અદભ્રમ્' એટલે છિદ્ર વગરની[5] (અથવા) સફલ[5] મૈત્રી છે જેમની, તેવા (તેઓ હતા). આથી (એમ કહેલ છે કે) (તેઓ તરી ગયા) પહેલાં જ કરેલી મૈત્રી સફલ જ હતી, તેથી તેઓએ (બીજાનો ઉદ્ધાર કરવાનો) ઉપાય અવશ્ય કરેલો છે. 'આપના ચરણારવિંદરૂપ નાવને (અહિં રાખીને)' શબ્દથી તે ઉપાય કહેલો છે. તેઓ (સંસારને) તરી ગયા પછી, તેઓને અનુસરવાથી જ ઘણોખરો સંસાર જતો રહેલ (રહેતો) હોવાથી, સુખ આપનારું અને સર્વ (તરવાના સાધન) દર્શાવનારું હોડકાંરૂપ ચરણકમલ પણ તેઓ ઉપરની (આપની) કૃપાથી બહુ ગંભીર (ઊંડુ, ન સમજાય તેવું) ન હોય તેવું, અને કમલની નૌકારૂપ થાય છે, અને (સંસારરૂપી) સમુદ્ર નદીરૂપ થાય છે. આ અર્થ 'આપના ચરણારવિંદરૂપ નાવને (અહિં રાખીને ગયા)' શબ્દથી કહેલ છે. (એવા નાવને) અહિં જ રાખીને (તેઓ) ગએલા છે.

'તેઓ ઘણી મહેનતથી ભગવાનની આરાધના કરી (તેમને) વશ કરી, ચરણારવિંદનો આશ્રય કરી, સર્વ ચરણારવિંદમાં ધરી ગએલા છે. તેમણે જેઓને ઉપદેશ કરેલો છે તેઓ તો તેવા (તેમના જેવા) પ્રકારના નથી; તેથી તેઓ (જેમણે ઉપદેશ લીધેલ છે તેઓ) કેવી રીતે તરશે ?' એવી શંકા થાય, તેથી 'આપ સત્પુરુષો

---

તેનો ચિત્ત વિગેરેને મલીન કરીને નાશ કરનારો છે. સંસારમાં આસક્તિ હોય ત્યાં સુધી જ્ઞાન કાર્ય (મોક્ષ પ્રાપ્તિ) કરી શકતું નથી, તેથી જ જ્ઞાનીઓ ભય પામીને સંસારથી વિરક્ત થાય છે, એવો ભાવ છે. (લે)

૩. સંસારમાં ત્રણ દોષો જણાવ્યા તે (૧) ઘણા દુઃખથી તરી શકાય તેવા હોવાપણું, (૨) ભયંકર હોવાપણું અને (૩) સાગર હોવાપણું. સંસારના આ ત્રણે દોષો ચરણારવિંદ દૂર કરી શકે છે.

૪. ગયા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે સંસારસાગરને વાછરડાનું પગલું કરીને પણ તેઓ (ભગવાનની) કૃપાથી જ તેને સંપૂર્ણ રીતે તરી ગયા, પરંતુ યોગના બલથી તરી શક્યા નહિ, એમ જણાવવા 'અપિ' 'પણ' પદ યોજેલ છે. (લે)

૫. મૈત્રી છિદ્ર વગરની હોવાથી, તેઓ બીજાનો ઉદ્ધાર કરે છે, અને સફલ હોવાથી બીજાનો ઉદ્ધાર કરવાની દરકાર કરે છે. (લે)

ઉપર કૃપાવાળા છો' એમ કહેલ છે[6]. સત્પુરુષો ઉપર કૃપા છે જેની તેવા આપ છો. 'આપ' શબ્દથી આ અર્થમાં (ભગવાનની) સંમતિ કહેલી (જણાવેલી) છે[7]. ૩૧.

મોટા પુરુષોએ કરેલા ઉપદેશનો પ્રકાર સાધન છે, અને તે વસ્તુતઃ ગયા શ્લોકમાં કહેવાઈ ગયો. તેથી નીચેના શ્લોકમાં સાધનનું નિરૂપણ કરતાં, તે સિવાયનાં બીજાં સાધનોનો નિરાસ કરે છે[1]. (તે સિવાય બીજું સાધન નથી એમ જણાવે છે) :

**યેઽન્યેઽરવિન્દાક્ષ વિમુક્તમાનિનસ્ત્વય્યસ્તભાવાદવિશુદ્ધબુદ્ધયઃ ।।**
**આરુહ્ય કૃચ્છ્રેણ પરં પદં તતઃ પતન્ત્યધોઽનાદતયુષ્મદઙ્ઘ્રયઃ ।।૩૨।।**

હે કમલનયન ! બીજાઓ જેઓ (પોતાને) મુક્ત માનનારા અને આપના વિષેનો ભાવ જતો રહેવાથી મલિન બુદ્ધિવાળા છે, તેઓ દુઃખથી પરમ પદ પ્રાપ્ત કરીને આપના ચરણારવિંદનો અનાદર કરનારા ત્યાંથી નીચે પછડાય છે. ૩૨.

'બીજાઓ' એટલે નિરીશ્વર સાંખ્ય (મત)ના અનુવર્તીઓ. તેઓ (તેમનાં) પહેલાનાં જ્ઞાનને અનુસરી ભગવાનની ઉપાસના કરે છે. એ પ્રમાણે ઘણા જન્મોથી વૃદ્ધિ પામેલું જ્ઞાન નિંદિત કર્મો[2] સાથે ભળતાં, જે ભગવાનનો અંશ (તેઓને) આત્મા તરીકે સ્ફુરેલો તેનો ત્યાગ કરાવે છે, (એટલે તેઓ) નિરીશ્વર (ઈશ્વર વિનાના), (ઈશ્વરને નહિ માનનારા) સાંખ્ય (મત)નો આશ્રય કરે છે. તેઓ જો પહેલાંની પેઠે પણ રહે[3], તો એમ રહેવાથી કદાચ કૃતાર્થ થાય, (પણ તેઓની) તેવા પ્રકારની બુદ્ધિ[4] નિંદિતકર્મરૂપ ફલવાળી થાય છે. પહેલાંના જ્ઞાનથી

---

૬. તેથી હાલના ભકતો તેમના જેવા નહિ હોવા છતાં, આપની તેઓના મૂલભૂત આચાર્ય ઉપર કૃપા હોવાથી, આપ તેઓના સેવકોને પણ તારો છો, એવો અર્થ છે. (પ્ર)

૭. દૈત્યો સંસારને તરતા નથી, એવી તેમની જૂદાઈ છે. (લે)

૧. 'આ શ્લોકમાં બહિર્મુખોની નિંદા જ દેખાય છે, પરંતુ કાંઈ સાધન જોવામાં આવતું નથી, તેથી આ શ્લોકમાં સાધનનું નિરૂપણ કરેલ છે એમ કેમ કહેવાય ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. આ સિવાય બીજું સાધન નથી, એમ જણાવવામાં આવે ત્યારે આ સાધનમાં દૃઢ વિશ્વાસ થાય. તેથી અહિં સાધન જ કહેલ છે એવો ભાવ છે. (પ્ર)

૨. નાડી શુદ્ધ થતાં વાયુનો સારી રીતે સંચાર થાય એવા હેતુથી વાયુનો સંચાર થાય તે માટે, ન પીવા યોગ્ય પદાર્થોનું પાન વિગેરે જે કર્મો તે નિંદિત કર્મો છે એમ જાણવું. (ટિ)

૩. 'પહેલાંની પેઠે રહે' એટલે 'દુષ્ટ કર્મો ન કરે' એવો અર્થ છે. (લે)

૪. 'તેવા પ્રકારની બુદ્ધિ' એટલે 'ઈશ્વર નથી' એવી બુદ્ધિ. (પ્ર) 'ઘણા જન્મોથી વૃદ્ધિ પામેલું જ્ઞાન' એવો અર્થ છે. આવી બુદ્ધિ ઘણા કષ્ટ પછી 'નિંદિત કર્મ જેનું ફલ છે' તેવી થાય છે. એટલે નિંદિત કર્મ કરાવનારી થાય છે, અને તેવાં કર્મથી 'અમે મુક્ત છીએ' એમ માનનારા

તેઓના દેહ, ઈન્દ્રિયો, પ્રાણ તથા અંતઃકરણના અધ્યાસ જતા રહેલા. ઘણા દુઃખથી (પોતાનું) સર્વસ્વ દક્ષિણામાં આપીને, સર્વ બંધુઓનો સર્વથા ત્યાગ કરીને, સર્વ સુખ તજી તપ અને શ્રદ્ધાથી તેઓએ 'બ્રહ્મ આત્મા જ છે' એવી ભાવના પ્રાપ્ત કરેલી. તે (તેવી ભાવના) જ[૫] તેઓનું પરમ પદ છે. 'જેઓ' શબ્દથી (આવું પરમ પદ પ્રાપ્ત કરનારા આ) પ્રસિદ્ધ છે એમ કહેલ છે. 'હે કમલનયન!' એવા સંબોધનથી એમ સુચવેલું છે કે તેઓનો અસુરના પક્ષમાં સમાવેશ[૬] થતો હોવાથી તેઓને આપનાં દર્શન થતાં નથી; કારણ કે રાત્રિમાં કમલનો વિકાસ થતો નથી જેથી રાત્રિમાં રહેલ લોક તેની સુગંધ અનુભવે. તેથી તેઓ 'બીજા' જ છે. પહેલાંની વાસનાથી તેઓ પોતાને મુક્ત જ માને છે તેથી તેઓ પોતાને 'મુક્ત માનનારા' જ છે, પરંતુ મુક્ત નથી. શાસ્ત્રથી ઉત્પન્ન થએલું જ્ઞાન[૭] આત્માને વિષય તરીકે જ ગ્રહણ કરે છે, તેથી તે(વા જ્ઞાન) થી ફલ (મળતું) નથી; કારણ કે બીજા વિષયની પેઠે તે પણ અભિમાન ઉત્પન્ન કરે છે. તેથી જ આપના વિષે પહેલાં રહેલો ભાવ, જેને તેઓએ સાધન તરીકે ગ્રહણ કરેલો હોવાથી જે ભાવ જતો રહેલો છે, તે (ભાવ જતો રહેવાના) કારણથી વિશુદ્ધ રહી નથી (મલિન થઈ છે) બુદ્ધિ જેઓની (તેવા તેઓ છે.) તેમ ન હોય તો, અહંકાર વિગેરે સર્વ દોષોના સંબંધવાળું પોતાનું અંતઃકરણ દુષ્ટ થતાં, તે મહાત્માઓ, 'અમે દુષ્ટ છીએ' એમ કેમ ન જાણે ? (એમ જાણે) ત્યારે (તો) તે માર્ગને તજી દઈ, (સારા માર્ગે જવાનો) પ્રયત્ન પણ કરે. તેથી (તેઓ) 'મલિન બુદ્ધિવાળા' જ થએલા છે. ઘણી શુદ્ધિથી પોતાના દોષો સ્ફુરે છે (પોતાને જણાય છે). પોતાના દોષો સ્ફુરવા એ જ્ઞાનની પૂર્વ (આરંભની) અવસ્થા છે. તેથી દુઃખથી પણ 'પરમ પદ' (એટલે) બ્રહ્મભાવ પ્રાપ્ત કરી, 'આપના ચરણારવિંદનો અનાદર કરનારા પછડાય છે' જ. જીવ પ્રકૃતિથી પણ પર(બ્રહ્મ)ની પ્રાપ્તિ કરે એટલે (જીવની) ઉચ્ચ ગતિ થાય, ત્યારે આધાર વિનાના માર્ગમાં ભગવાનના ચરણારવિંદ સિવાયનો (કોઈ) આધાર સંભવતો નથી; કારણ કે આકાશ વિષ્ણુનું ચરણ જ છે.

---

તેઓ થાય છે. 'જીવો જ બ્રહ્મ છે, મુક્તિ પોતામાં જ રહેલી છે' એવા માયાવાદ વિગેરે મતનો તેઓ આધાર લે છે, એવો અર્થ છે. (પ્ર)

૫. પરમ પદ પ્રાપ્ત થયા પછી, પછડાવાનો સંભવ નથી તેથી આ કહે છે. આત્માની બ્રહ્મ તરીકે ભાવના કરવી, એ જ તેમનું પરમ પદ છે, પરંતુ ભગવાનનો આવિર્ભાવ તેમને થતો નથી, એમ જણાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલ છે. (પ્ર)

૬. તેઓને 'બીજા' કહ્યા, તેથી (ભક્ત સિવાયના) તેઓ આસુર છે. (લે)

૭. 'બ્રહ્મની આત્મા તરીકે ભાવનારૂપ જ્ઞાન' જે 'તે તું છે' વિગેરે વાક્યોથી થાય તે. (પ્ર)

ભગવાનના ચરણારવિંદનો આશ્રય રાખવાથી જ પુરુષ ઊંચે જઈ શકે છે. શૃંખલદ્વીપમાં શ્રીપાદે ચઢવામાં સાંકળ મૂકી દેવાથી[૮] (પછડાવાય જ). આ (ભગવાનના) ચરણારવિંદને પકડી રાખવા વિગેરેનો શ્રમ[૯] તથા ત્યાગ કરવાનું નથી, એમ જણાવવા 'આપના ચરણારવિંદનો અનાદર કરનારા' શબ્દ યોજેલ છે. (ચરણારવિંદનો) માત્ર આદર કરવાથી જ પછડાતા નથી, અથવા ચરણારવિંદમાં રહેવાનું કારણ માત્ર (ચરણારવિંદનો) આદર જ છે[૧૦]. ૩૨.

'એમ હોય તો ભક્તિમાર્ગ પ્રમાણે ભજન કરવામાં પણ (ભવિષ્યમાં) કોઈ સમયે વળી નિંદિત કર્મ[૧] વિગેરેને લીધે બુદ્ધિનો નાશ થવાનો પ્રસંગ આવે, કારણ કે ભક્તિમાર્ગને પણ સાધન તરીકે જ[૨] સ્વીકારેલો છે; તેથી (એ દૂષણ ભક્તિમાર્ગમાં પણ) સમાન[૩] હોવાથી બીજા માર્ગને દૂષણ દેવાથી શું લાભ?' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં સ્માર્ત[૪] ભગવાનના માર્ગનું પણ ફલ કહે છે[૫] :

**તથા ન તે માધવ તાવકાઃ ક્વચિદ્ ભ્રશ્યન્તિ માર્ગાત્ત્વયિ બદ્ધસૌહૃદાઃ ।।**

---

૮. (સાંકળ પકડીને ઉપર ચઢવામાં આવે તેમાં સાંકળ પકડી રાખવાનો શ્રમ છે. મૂકી દેવાય તો પછાડ ખવાય જ). તેવા પ્રસંગે સાંકળ મૂકી દેવાથી જેમ પછાડ ખવાય છે તેમ આવા લોકો પછાડ ખાય છે એવો મૂળ વ્યાખ્યાન (સુબોધિની)નો અન્વય છે. (પ્ર)

શૃંખલદ્વીપમાં આવી રીતે સાંકળ પકડી ચઢવાનું બીજા પુરાણમાં પ્રસિદ્ધ છે. (લે)

૯. (૧) સાંકળ પકડી રાખવા વિગેરેનો શ્રમ, અને (૨) સાંકળ મૂકી દેવા જેવો (ભગવાને કરેલ) ત્યાગ એ બંને ભગવાનના ચરણારવિંદના આશ્રયમાં નથી એમ જણાવવા. (પ્ર)

૧૦. નિંદિત કર્મ કરનારા જ્ઞાનીઓને આ શ્લોકમાં દૈત્યો કહેલા છે. આ (દૈત્યોનો) પક્ષ પોતે (ભક્તો) સ્વીકારતા નથી એટલે તેમના પક્ષની જૂદાઈ કહેવાઈ. (પ્ર)

૧. 'લોકમાં જે કોઈ વૈષ્ણવ મિથ્યા આચારવાળો અને આશ્રમવિનાનો છે' વિગેરે વાક્યોમાં વૈષ્ણવો પણ નિંદિત કર્મવાળા હોય છે એમ કહેલ હોવાને લીધે. (પ્ર)

૨. ભક્તિમાર્ગને પણ આપના હોવાપણું (આપનું દાસત્વ) પ્રાપ્ત કરવાના સાધન તરીકે જ સ્વીકારેલો છે. (પ્ર)

૩. માર્ગને સાધન તરીકે સ્વીકારવો, એ દૂષણ બંનેમાં સરખું હોવાથી. (પ્ર)

૪. 'સ્માર્ત' એટલે 'મોક્ષના અંગભૂત થએલા.' (પ્ર)

૫. તેવા વિકર્મ કરનારા ભક્તો હોય તો પણ તેઓ પડતા નથી, એમ આ શ્લોકમાં જણાવવાનું હોવાથી આવો આભાસ કહેલ છે. આ વિષયમાં પ્રહ્લાદ અને ભરત (જડભરત)નાં દૃષ્ટાંત કહેશે. પ્રહ્લાદ પહેલાંના જન્મમાં સનક હતો. ભગવાનના દ્વાર પર તેણે ક્રોધ કરેલ એ નિંદિત કર્મથી તેનો દૈત્યોમાં જન્મ થયો, પરંતુ ત્યાં પણ તેણે (ભગવાનનું) ભજન જ કર્યું, પરંતુ તેનો પાત થયો નહિ. જડભરતે પણ મૃગના સંગરૂપ નિંદિત કર્મ કરવાથી, તેનો બીજો જન્મ થયો, પરંતુ પછી દ્વિજપણું પ્રાપ્ત કરી, તેણે મુક્તિ જ પ્રાપ્ત કરી, પરંતુ તેનો પાત થયો નહિ. આથી તત્ત્વદીપનિબંધ ૨.૨૧૩।૨૧૪ માં કહેલ સિદ્ધાંતનું સમર્થન જ થાય છે. (લે)

**ત્વયાભિગુપ્તા વિચરન્તિ નિર્ભયા વિનાયકાનીકપમૂર્ધસુ પ્રભો ।।૩૩।।**

હે માધવ ! તેવી રીતે (પ્રવૃત્ત થએલા) જેઓ આપના થઈ આપ સાથે સ્નેહથી બંધાએલા છે તેઓ કોઈવાર માર્ગથી ભ્રષ્ટ થતા નથી, પરંતુ હે પ્રભો ! તેઓ આપથી રક્ષાએલા નિર્ભય થઈ વિઘ્ન કરનારાઓની સેનાના રક્ષકોનાં માથાં ઉપર ફરે છે. ૩૩.

હે માધવ ! જેઓ પહેલાં પ્રવૃત્તિવાળા હોવા છતાં આપના થાય છે તેઓ ઉપર ચઢવાની સ્થિતિમાં કોઈવાર પણ ભ્રષ્ટ થતા(પડતા) નથી જ. તેઓનો પગ પણ બેદરકારીથી પણ નીચે પડતો નથી. જે માર્ગ ઉપર તેઓ ચઢતા હોય તે પોતાના માર્ગથી પડતા નથી જ, કારણ કે તે માર્ગ જ તેવો છે. જેમ વસ્તુઓ સાચવનારાઓ પૈકી, જે સુગંધવાળા પદાર્થો સાચવતો હોય તેને સુગંધ મળે છે જ, અને જે લસણ વિગેરે સાચવતો હોય તેને તેથી ઉલટું (દુર્ગંધ) મળે છે જ, (તેમ આપના સેવકો પડતા નથી, અને બીજા નિંદિત કર્મવાળા પડે છે જ). જો કે (આપના થએલાએ) સ્વતંત્ર રીતે ભગવાનની સેવા કરી નથી, છતાં ભગવાનની સેવા કરેલી હોવાથી, તે પડતો નથી જ. રાત્રિમાં પણ ત્યાં (ભક્તિમાર્ગમાં) રહેલાઓને વિલાસથી આપ દર્શન આપો છો, એમ જણાવવા 'હે માધવ' એવું સંબોધન કરેલું છે. તેથી નિંદિત કર્મ સર્વમાં સમાન હોવા છતાં[૬] ભક્તિમાર્ગ-વાળાઓ સેવામાં પરાયણ રહેવાથી તેમને ભગવાનનું દર્શન થાય છે, બીજાઓને થતું નથી, એમ કહેલું છે. તેથી જ તેઓ (ભક્તિમાર્ગવાળાઓ) 'આપના' છે.

તેઓ પડતા નથી તેનું કારણ 'આપ સાથે સ્નેહથી બંધાએલા' શબ્દથી કહેલું છે. 'સૌહૃદમ્' એટલે સ્નેહ દોરડાંને સ્થાને છે, તે જીવને પોતાને ભગવાનના ચરણારવિંદે બાંધે છે, તેથી તેઓ ન પડે તે યોગ્ય જ છે.

'કાલ વિગેરે બીજાઓ તેઓને કેમ પાડતા નથી, અથવા (તેઓની) ભક્તિનો કેમ નાશ કરતા નથી ?' એવી શંકા થાય, તેથી 'આપથી રક્ષાએલા' શબ્દ યોજેલ છે. આપથી 'અભિતઃ' ચારે તરફથી એટલે બહારના અને અંદરના સર્વ ભાવોથી રક્ષાતા (હોવાથી), (તેઓની) બુદ્ધિ વિગેરેનો નાશ થવાનો સંભવ રહેતો નહિ હોવાથી, તેમજ બીજા કોઈનો (તેમનામાં) પ્રવેશ થવાનો સંભવ રહેતો નહિ હોવાથી, તેઓ પડતા નથી, એ યોગ્ય જ છે. તેથી જ તેઓ ફરે છે, એટલે ખાસ નિંદા ન થાય તેમ સર્વ લોકોમાં ફરે છે. (તેઓ) કાલ વિગેરેના ભય વિનાના હોવાથી

---

૬. વિષયમાં આસક્તિ હોવાથી, ભક્ત પણ બીજા માર્ગવાળાના જેવો હોવા છતાં, ભગવદ્ગીતા ૯।૩૦,૩૧માં જણાવ્યું તે પ્રમાણે (ભેદ છે). (પ્ર)

'નિર્ભય' છે. જે બીજાઓએ તજવા યોગ્ય સ્થલ છે અથવા બીજાઓના ભયનું સ્થલ છે, તે જ તેઓનું ફરવાનું સ્થલ છે એમ 'વિઘ્ન કરનારાઓની સેનાના રક્ષકોનાં માથાં ઉપર' શબ્દથી કહે છે. 'વિનાયકાઃ' એટલે વિઘ્ન કરનારાઓ. 'વિ' શબ્દથી વિઘ્નો કહેલાં છે. તેઓના નાયકો તેમને (વિઘ્નોને) ઉત્પન્ન કરનારા જ હોય છે. તેઓની 'અનીકમ્' એટલે સેના. એક વિઘ્ન કરવા પ્રવૃત્ત થાય (પણ) વિઘ્ન કરી શકે નહિ, ત્યારે તેને સાહાય્ય કરવા ઘણાઓ આવે (સેના થઈ). 'તે બધાએ સ્વતંત્ર હોવાથી, (તેમને) નિયમમાં રાખનાર (કોઈ) નહિ હોવાથી કાર્ય (વિઘ્ન) કરી શકશે નહિ' એવી શંકા કરીને તેઓના રક્ષકો પણ આવે છે. તે (રક્ષકો) 'અનીકપાઃ' સેનાના રક્ષકો છે. તેઓ (રક્ષકો) પણ (ભક્તને) ભ્રષ્ટ કરવા ઘણા આવે છે, પરંતુ આપના સુદર્શન વિગેરેના ભયથી સ્પર્શ કર્યા વિના જ, જેમ પ્રહ્લાદના પ્રસંગમાં બન્યું હતું તેમ પાસે ઉભા રહે છે. ભગવાનના ભક્તો ઉપર ચઢવા માટે તેઓના ઉપર જ પગ મૂકે છે. (વિઘ્ન કરનારાઓમાં) તેઓને (ભક્તોને) નીચે પાડવાનું સામર્થ્ય નહિ હોવાથી, જેમ જડભરત(ના પ્રસંગ)માં (તેને) હણવા તત્પર થએલા (તેની) પ્રતિષ્ઠાનાં કારણ (પ્રતિષ્ઠા વધારનારા) જ થયા, તેમ (તેઓ) (ભક્તોની) પ્રતિષ્ઠાનાં કારણ જ થાય છે. તેઓનાં (વિઘ્ન કરનારાઓનાં) માથાંઓ એટલે ઉત્તર સ્થિતિએ પહોંચેલા તેઓનાં બધાંએ સામર્થ્યનાં સ્થાનો[૭]. એ પ્રમાણે (એવાં સ્થાનોમાં) તેઓએ (ભક્તોએ) ફરવાનું કારણ 'પ્રભો !' શબ્દથી કહેલ છે. આ સામર્થ્ય આપનું (ભગવાનનું) જ છે. તેથી તેઓ શક્તિવાળા હોવા છતાં (ભક્તોનો) દ્વેષ કરતા નથી. તેથી ભક્તિમાર્ગ કરતાં બીજો (કોઈ) માર્ગ સાધનમાં અથવા ફલમાં સારો નથી[૮], એમ કહેલું છે. ૩૩.

એવી રીતે સ્મૃતિના માર્ગ પ્રમાણે ભગવાનનો દેવો પ્રતિ પક્ષપાત કહી, પહેલાંની પેઠે[૧] વૈદિકમાર્ગ પ્રમાણેનો પક્ષપાત ચાર શ્લોકોથી કહે છેઃ

---

૭. જે સ્થલે વિઘ્ન કરનારાઓનાં વિઘ્નનું પરમ સામર્થ્ય હોય તેવા નિષિદ્ધ દેશોરૂપ સ્થાનો. ભક્તો આવા સ્થાનમાં જાય તો પણ ભય રહિત હોય છે. દૈત્યો ભગવદીય નહિ હોવાથી પછડાય છે એવો ભેદ છે. (લે)

૮. અહિં ભક્તિમાર્ગની સ્તુતિ કરી, તેથી તેના ફલનું નિરૂપણ કરેલું છે એમ જાણવું. લૌકિક પ્રકારમાં પ્રમાણ વિગેરે ચારે જૂદાં જૂદાં છે. સ્માર્ત પ્રકારનું નિરૂપણ કરતાં, પ્રમેયનું નિરૂપણ કરતાં, તેમાં સાધન અને ફલનો પણ સમાવેશ કરેલો છે, એવો (એ બેમાં) ભેદ છે. આ (સ્માર્ત પ્રકારનું નિરૂપણ કરનાર) ચારે શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરી છે એ સ્પષ્ટ જ છે. કાલની સ્તુતિ તો અવતારની સ્તુતિ હોવાથી કરેલી છે એમ જાણવું. (પ્ર)

૧. 'પહેલાંની પેઠે' એટલે 'પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલના ભેદથી.' (પ્ર)

**સત્ત્વં વિશુદ્ધં શ્રયતે ભવાન્ સ્થિતૌ શરીરિણાં શ્રેય ઉપાયનં વપુઃ ।।**
**વેદક્રિયાયોગતપઃસમાધિભિસ્તવાર્હણં યેન જનઃ સમીહતે ।।૩૪।।**

આપ શરીરવાળાઓને શ્રેય પ્રાપ્ત કરાવનાર વિશુદ્ધ સત્ત્વરૂપ શરીર સ્થિતિ માટે ધારણ કરો છો; જેને લીધે વેદ, ક્રિયાયોગ, તપ અને સમાધિથી માણસ આપની સેવા કરે છે. ૩૪.

વેદ[૨] બે પ્રકારનો છે, (૧) પ્રવૃત્તિમાર્ગ દર્શાવનાર અને (૨) નિવૃત્તિમાર્ગ દર્શાવનાર. તેવો (બે પ્રકારનો) એ દરેક પાછો બે પ્રકારના[૩] અધિકારીઓને લીધે બે પ્રકારનો છે. તેમાં (૧) પ્રવૃત્તિ (માર્ગમાં) (ક) અર્થ જાણવો, પાઠ કરવો અને (ખ) (ધર્મનું) આચરણ, એ (ક) બ્રહ્મચારી અને (ખ) ગૃહસ્થના અધિકાર પ્રમાણે પ્રસિદ્ધ છે, અને (૨) નિવૃત્તિ (માર્ગ)માં બે ઉત્તમ આશ્રમવાળાઓના (અધિકાર પ્રમાણે) (ક) તપ અને (ખ) આત્મામાં સ્થિતિ અનુક્રમે પ્રસિદ્ધ છે. વેદ પ્રમાણે ચાર આશ્રમમાં આ ધર્મનું આચરણ જેઓમાં દૈત્યોનો અંશ છે તેઓમાં પણ સમાન છે, તેથી સત્ત્વમૂર્તિવાળા ભગવાન્ પોતાનું સત્ત્વ પ્રકટ કરી, સાત્ત્વિક જીવોને જ તે તે ધર્મોમાં પ્રેરે છે અને તે વિરોધીઓને તે ધર્મો આચરતાં અટકાવે છે. એમ ન હોય તો આશ્રમમાં રહેનારાઓ પૈકી જ કેટલાક શાસ્ત્ર પ્રમાણે અધ્યયન (પાઠ) વિગેરે કરે છે, અને કેટલાક કરતા નથી, એવી વ્યવસ્થા હોઈ શકે નહિ[૨]. બધાએ વૈદિક ધર્મો (તેમનું) રક્ષણ કરવામાં આવે તો જ જગતમાં પ્રવર્તે છે.

તેથી 'સ્થિતૌ' એટલે સ્થિતિ[૪] માટે જ્યારે આપ વિશુદ્ધ 'સત્ત્વં' એટલે સત્ત્વગુણ ધારણ કરો છો ત્યારે જ લોકમાં પ્રસરેલા તે સત્ત્વગુણથી ભરપૂર થએલા આશ્રમમાં રહેલાઓ અનુક્રમે, (૧) વેદનું અધ્યયન, (૨) 'ક્રિયાયોગ' એટલે કર્મોનું આચરણ, (૩) 'વનવાસ' વિગેરે તપ અને (૪) 'સમાધિ' એટલે આત્મામાં સ્થિતિ, એ ચાર પ્રકારનાં ધર્મોનું સારી રીતે આચરણ કરે છે. પછી પણ ધર્મથી શુદ્ધ[૫] થએલ અંતઃકરણવાળા થઈ આપની સેવા કરે છે; કારણ કે શુદ્ધ હોય તેઓ જ ભગવાનની સેવા કરી શકે છે.

---

૨-૨. આ ભાગથી દેવોનો પક્ષપાત દર્શાવે છે. (પ્ર)

૩. પહેલા બે આશ્રમો (બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમ) એક કોટિમાં છે, અને પછીના બે આશ્રમો (વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસ) બીજી કોટિમાં છે, એ પ્રમાણે બે ભેદો છે. (પ્ર)

૪. 'સ્થિતિ' એટલે 'વૈદિક ધર્મની સ્થિતિ.' (પ્ર)

૫. 'શુદ્ધ' એટલે 'ભગવાનના સત્ત્વને લીધે ચાર પ્રકારના ધર્મનું તથા ભગવાનની સેવાનું જ્ઞાન થવાથી શુદ્ધ.' (પ્ર)

'વેદથી જ કાર્ય[6] સિદ્ધ થાય છે તો પછી સત્ત્વગુણની શી જરુર છે ?' એવી શંકા થાય, તેથી 'શરીરવાળાઓને (શ્રેય પ્રાપ્ત કરાવનાર શરીર)' શબ્દ યોજેલ છે. જો કોઈ[7] ફલ આપનાર ન હોય તો જે પ્રથમ ( ધર્મ આચરવામાં) પ્રવૃત્ત થએલ હોય તેને (ફલ પ્રાપ્ત ન થતાં) નિરાશ થએલ જોઈ, કોઈ પણ (ધર્મ આચરવા) પ્રવૃત્ત થાય નહિ.

'અદૃષ્ટ દ્વારા[8] અથવા ભૂતો (શરીરમાં રહેલાં પંચભૂત)ના સંસ્કાર દ્વારા[8] કાર્ય (ફલ પ્રાપ્તિ) થતું હોવાથી, સત્ત્વમૂર્તિ(વાળા ભગવાન)ની શી જરુર છે ?' એવી શંકા થાય, તેથી 'શરીરવાળાઓને (શ્રેય પ્રાપ્ત કરાવનાર શરીર)' શબ્દ યોજેલ છે, કારણ કે તેઓ શરીરના અભિમાનવાળા[9] છે અને તેઓને શરીર પણ છે. જો 'આત્મા શરીરથી જૂદો છે' એમ તેઓ પહેલાં જાણતા હોત તો કર્તાની સાથે રહેલું[10] (કર્મનું) અદૃષ્ટ ઉત્પન્ન થાત જ; અથવા જો બીજા દેહમાં (બીજો દેહ પ્રાપ્ત કર્યા પછી) ફલ પ્રાપ્ત થવાનું હોય તો ભૂતોનો સંસ્કાર થાત. (તે) બંને (અદૃષ્ટ તથા ભૂતોનો સંસ્કાર) નહિ હોવાથી, ફલનું દાન કરનાર ભગવાનની જ જરૂર[11] રહે છે. તે અર્થ 'શ્રેય પ્રાપ્ત કરાવનાર (શરીર)' શબ્દોથી કહેલ છે. 'ઉપ' નજીક 'આનીય' લાવીને 'સમર્પણમ્' આપવાનું (થાય છે) જેમાંથી (જેનાથી) તે 'ઉપાયનમ્. દૈવની ગતિથી (અકસ્માત રીતે) ફલ પ્રાપ્ત થયું, એવું જ્ઞાન ન થાય તે

---

૬. 'કાર્ય' એટલે 'ધર્મનું જ્ઞાન વિગેરે.' (પ્ર)

૭. 'કોઈ' એટલે 'વેદથી જૂદો, નિયમમાં રાખનાર ચેતન.' કેટલાક વેદમાર્ગમાં પ્રવર્તે છે, કેટલાક પ્રવર્તતા નથી, એમ જોવામાં આવે છે; તેથી વેદથી કાર્ય સિદ્ધ થતું નથી, પરંતુ વૈદિક પદના અર્થ તથા ક્રિયાનું જ્ઞાન કરાવનાર 'સત્ત્વ' ઉપાધિની આવશ્યકતા છે, એવો અર્થ છે. (પ્ર)

૮-૮.ધૂમમાર્ગ પ્રમાણે અદૃષ્ટ દ્વારા, અને અર્ચિષ્માર્ગ પ્રમાણે ભૂતોના સંસ્કાર દ્વારા ફલની સિદ્ધિ થાય છે. (લે) આ બે માર્ગોના સંબંધમાં જૂઓ ભગવદ્ગીતા.૮।૨૪ અને ૨૫.

૯. વૈદિક કર્મ વેદમાં કહેલા વિધિ પ્રમાણે કરવામાં આવે તો જ અદૃષ્ટ ઉત્પન્ન કરે છે. 'જે એમ જાણે છે' વિગેરે વાક્યો પ્રમાણે જ્ઞાન પણ એવા કર્મનું અંગ છે. દેહાભિમાનીઓને વેદાંતમાં કહેલ કર્તાના સ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી, તેઓ વિધિમાં જણાવ્યા પ્રમાણે કર્મ કરી શકતા નહિ હોવાથી, તેમણે કરેલ કર્મથી અદૃષ્ટ ઉત્પન્ન થતું નથી. વળી તેઓને કર્મના પ્રકારનું જ્ઞાન નહિ હોવાથી, તેઓના ભૂતોનો સંસ્કાર પણ થતો નથી. તેઓને શરીરનું અભિમાન હોવાથી, તેઓ જડ છે, તેથી ચેતનનો ધર્મ અદૃષ્ટ તેમનામાં ઉત્પન્ન થતો નથી. (ટિ+પ્ર)

૧૦. ફલદાન કરનાર અદૃષ્ટ છે, તે કર્મના કર્તામાં રહેલું છે. (લે)

૧૧. (જેમને અદૃષ્ટ અથવા ભૂતોનો સંસ્કાર થતો નથી.) તેવાઓને ફલનું દાન કરવા ભગવાનની જરુર છે. (પ્ર)

માટે 'શરીર' શબ્દ યોજેલ છે.

અથવા ફલસિદ્ધિ (હરકોઈ રીતે) ભલે થાય. (છતાં) જો તે (આચરેલો વૈદિક) ધર્મ ભગવાનનું ભજન કરવામાં સાધન અથવા સાહાય્ય કરનાર ન થાય તો તેનું ફલ નાશ પામનારું જ થવાથી, પહેલાંનો (પહેલાં કહેલ) દોષ મટતો નથી. તેથી વૈદિક માર્ગમાં સર્વ ધર્મોમાં પ્રવૃત્તિ કરાવનાર ભગવાન્ હોવાથી, તે દેવોના પક્ષના રક્ષક છે. 'માણસ' શબ્દ જાતિના અભિપ્રાયથી એકવચનમાં, (તેવા માણસનું) દુર્લભપણું જણાવવા યોજેલ છે. ૩૪.

'બ્રહ્મચારી તથા ગૃહસ્થને શ્રેયનું દાન થાય તે માટે જરુરી આત્માનો વિવેક ઉત્પન્ન થએલ નહિ હોવાથી, તેઓ ભલે સત્ત્વ (ભગવાનના સત્ત્વરૂપ શરીર)નો આશ્રય કરે, પરંતુ જ્ઞાન તો સિદ્ધફલ[૧] આપનારું છે, અને જેમાં ફલ સિદ્ધ થયું નથી તેવા તપમાં પણ સાક્ષાત્[૨] ફલ ઉત્પન્ન થાય તેવો સંભવ હોવાથી, તે (વેદ)નું જ્ઞાન હોય ત્યારે અથવા તે (જ્ઞાન)નું સાધન તપ હોય ત્યારે ભગવાનના સત્ત્વરૂપ શરીરની જરુર નથી' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**સત્ત્વં ન ચેદ્ ધાતરિદં નિજં ભવેદ્ વિજ્ઞાનમજ્ઞાનભિદાપમાર્જનમ્ ।।**
**ગુણપ્રકાશૈરનુમીયતે ભવાન્ પ્રકાશતે યસ્ય ચ યેન વા ગુણઃ ।।૩૫।।**

હે ધાતા ! આપનું આ સત્ત્વ ન હોત તો અજ્ઞાનને મટાડનાર અને ભેદને મટાડનાર વિજ્ઞાન ન જ હોત. જેનો (જેના સંબંધવાળો હોવાથી) અથવા જેના લીધે ગુણ પ્રકાશે છે તેવા આપનું ગુણોના પ્રકાશથી અનુમાન થાય છે. ૩૫.

સર્વનું રક્ષણ કરનાર અને સર્વ કર્મના ફલને આપનાર આ શુદ્ધ સત્ત્વ જો ન હોત તો વિજ્ઞાન પણ ન હોત. 'સત્ત્વમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે' એ વાક્ય પ્રમાણે જો સત્ત્વ ન હોય તો જ્ઞાન ન હોય. વળી શાસ્ત્રથી[૩] પ્રાપ્ત થતા સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન કરી શકાય નહિ, કારણ કે (તે સત્ત્વ) પારકું (છે); તે સત્ત્વ શાસ્ત્રનો ધર્મ હોવાથી, જે ક્ષણે શાસ્ત્રનું અનુસંધાન હોય અથવા તેના અર્થનું આચરણ થતું હોય ત્યારે જ તે (સત્ત્વ)નો આવિર્ભાવ થાય છે[૩]. આ (સત્ત્વ) તો આપનું (છે). 'હે ધાતા !' (સંબોધન) એમ જણાવે છે કે તે (શાસ્ત્રો) પણ પોતાનું મૂલ[૪] કારણ

---

૧. 'સિદ્ધફલ' એટલે પરમાનંદરૂપ મોક્ષ નામનું ફલ. (પ્ર)

૨. 'સાક્ષાત્' એટલે 'બીજા કોઈની દ્વારા વિના જ.' (પ્ર)

૩-૩. 'માત્ર સત્ત્વની જ જરુર હોય તો શાસ્ત્રીય સત્ત્વથી ચાલશે, ભગવાનના અધિષ્ઠાનરૂપ સત્ત્વની જરુર નથી' એવી શંકા થાય, તેથી આ ભાગ કહેલ છે. (પ્ર)

૪. જ્યારે શુદ્ધસત્ત્વ ઉભરાય ત્યારે ઋષિઓ શાસ્ત્ર પ્રકટ કરે છે તેથી શાસ્ત્રોનું મૂલ સત્ત્વ છે. (લે)

થએલ (ભગવાનનાં) સત્ત્વને[૫] ઉત્પન્ન કરી શકે નહિ, કારણ કે તેઓ કર્તા નથી. 'વિજ્ઞાન' એટલે અનુભવ[૬], તે કેવલ સત્ત્વરૂપ અંતઃકરણમાં થાય છે. 'જેમ જેમ વિશુદ્ધ થાય છે તેમ તેમ કામથી હણાએલ ન હોય તેવો થાય છે.' તેથી શુદ્ધ સત્ત્વનો આવિર્ભાવ થાય ત્યારે જ વિજ્ઞાન (થાય એ) યોગ્ય (છે). જેમ જગતમાં અન્ન ઉત્પન્ન થએલ હોય ત્યારે ભૂખ લાગે તો અન્ન પ્રાપ્ત કરવું સહેલું છે, પરંતુ (અન્ન ઉત્પન્ન થએલ ન હોય ત્યારે) ભૂખ લાગ્યા પછી તે પ્રાપ્ત કરી શકાતું નથી. તેથી ભગવાને સત્ત્વનો આવિર્ભાવ કરેલ હોય ત્યારે તેમની કૃપાથી ભગવાન્ સાથે સત્ત્વ પણ હૃદયમાં આવે, પરંતુ તેમ ન હોય તો ન (આવે).

''('વિજ્ઞાન પણ ન જ હોત' એમ જે) ન હોવાનું કહ્યું તે શાસ્ત્રીય (શાસ્ત્રના જ્ઞાનથી ઉત્પન્ન થતું સત્ત્વ) હશે''એવી શંકા થાય, તેથી 'અજ્ઞાન મટાડનાર અને ભેદને મટાડનાર' એવું (તેનું) વિશેષણ કહે છે. અજ્ઞાનનો નાશ કરનાર વિજ્ઞાન એટલે આત્માનો અનુભવ[૭]. ભેદનો નાશ કરનાર (વિજ્ઞાન) તો ભગવાનનું વિજ્ઞાન. (તે) બંને (આત્મા અને ભગવાન)નો સાક્ષાત્કાર થાય ત્યારે દેહનો અધ્યાસ દૂર થાય છે અને શુદ્ધ અદ્વૈત સ્ફુરે છે[૮]. તે જ્ઞાન વિષય અને વિષયીના ભાવથી (થતું) નથી. તેવા (જ્ઞાન)થી પુરુષાર્થ સિદ્ધ થતો નથી એમ પહેલાં[૯] કહેલું છે. ભગવાનનો અથવા સ્વરૂપ (આત્મા)નો આવિર્ભાવ તો શુદ્ધ સત્ત્વ વિના સંભવતો નથી. જો (જ્યારે) જ્ઞાનને સત્ત્વની જરૂર છે તો (ત્યારે) તપને તેની વધારે જરુર હોય જ; તેથી તે (તપ)ને જૂદું કહેલું નથી.

'ન ચેદ્ ભવેત્' શબ્દો પૈકી 'ઈત્' પદ સિવાયનું (બીજું) સર્વ ફરીથી લેવાનું છે[૧૦]; (કારણ કે) શબ્દોની વ્યવસ્થા અર્થને વશ છે, 'અજ્ઞાનભિદ્ વિજ્ઞાનં

---

૫. શાસ્ત્રોના મૂલ કારણ થએલ ભગવાનના શરીરરૂપ સત્ત્વને ઉપાસકોના હૃદયમાં શાસ્ત્રો ઉત્પન્ન કરી શકે નહિ. (લે)

૬. 'આ હું છું' એવો અભેદથી અનુભવ. (પ્ર)

૭. આવિર્ભાવ પામેલ ભગવાન્ અથવા જીવનો આત્મા તરીકે અનુભવ તે વિજ્ઞાન, એવો ભાવ છે. (લે)

૮. અધ્યાસ દૂર થવો તે આત્માના સાક્ષાત્કારનું ફલ છે. અદ્વૈતની સ્ફૂર્તિ થવી તે 'બીજા' એટલે ભગવાનના સાક્ષાત્કારનું ફલ છે, કારણ કે 'તે આટલા હતા' શ્રુતિ પ્રમાણે વૈદિક માર્ગમાં પ્રમેય બ્રહ્મ છે; એટલે તે (બ્રહ્મ) તરીકે સ્ફૂર્તિ થવી તે ફલ છે. એવો ભાવ છે. (ટિ)

૯. 'પહેલાં' એટલે પાછલ ૩૨મા શ્લોકના વ્યાખ્યાનમાં. (પ્ર) ત્યાં કહેલું છે કે 'શાસ્ત્રથી ઉત્પન્ન થએલું જ્ઞાન આત્માને વિષય તરીકે જ ગ્રહણ કરે છે, તેથી તેવા જ્ઞાનથી ફલ મળતું નથી.'

૧૦. 'ન ચેદ્ ('ભવેત્')' શબ્દોમાં 'ઈત્' સિવાયનું પદ એટલે 'ન ચ ('ભવેત્')' શબ્દો ફરી

માર્જનમાપ' એવું વ્યાખ્યાન (યોગ્ય) નથી[૧૧].

'આ સત્ત્વ પોતે[૧૨] જ્ઞાનરૂપ નહિ હોવાથી (તેનો) સાધનમાં[૧૩] ઉપયોગ (થાય). જો ભગવાનનો અથવા આત્માનો આવિર્ભાવ બીજી રીતે (સત્ત્વ વિના) જ થાય તો સત્ત્વનું શું પ્રયોજન ? તેમાં (તે સંબંધમાં) લોક જેનો અનુભવ કરે છે તે ઈન્દ્રિયોનો પ્રકાશ પોતાના કારણના[૧૪] પ્રકાશને સૂચવે છે. ત્યાં[૧૫] (ઈન્દ્રિયોની) પ્રવૃત્તિ કરાવનાર ભગવાન્ અથવા (ઈન્દ્રિયોના) અભિમાનવાળા જીવનો પ્રકાશ અવશ્ય છે. તેથી તેનાં અનુસંધાનથી જ તેને ઢાંકી રાખનાર મલ દૂર થતાં તે બંનેનો પ્રકાશ થશે; એટલે સત્ત્વ નકામું છે' એવી શંકા થાય, તેથી 'આપનું ગુણોના પ્રકાશથી અનુમાન થાય છે' શબ્દો યોજેલા છે. 'ગુણોના' એટલે ઈન્દ્રિયો અને વિષયોના[૧૬], 'પ્રકાશ' એટલે જ્ઞાનથી, (ગુણોને) પ્રેરણા કરનાર (ભગવાન્), અને (ગુણોના) અભિમાનવાળા (જીવ)નું, '(આ) છે' એવું અનુમાન થાય છે[૧૭];

---

લેવાના છે. (ટિ)

૧૧. ક્રિયાપદોનો અન્વય સમાન કાલવાળા પ્રયોગથી જ થાય છે એવો નિયમ છે. આ નિયમ પ્રમાણે 'સત્ત્વં ચેદ્ ન ભવેત્' વાક્યમાં 'ભવેત્' ક્રિયાપદ વિધ્યર્થમાં હોવાથી, 'અજ્ઞાનભિદ્ વિજ્ઞાનં માર્જનમ્ આપ' એ ભાગમાં ક્રિયાપદનું રૂપ 'આપ્નુયાત્' હોવું જોઈએ, 'આપ' હોઈ શકે નહિ તેથી શ્રીધર એ પ્રમાણે વ્યાખ્યાન કરે છે તે યોગ્ય નથી. વળી શ્રીધર ત્યાં 'મોક્ષ તો માત્ર જ્ઞાનથી જ પ્રાપ્ત થાય તેવો છે, તેથી ભક્તિનું શું પ્રયોજન ?' એવી શંકા કરે છે. જો તે એવું વ્યાખ્યાન કરતો હોય કે મોક્ષ માત્ર જ્ઞાનથી, અથવા માત્ર ભક્તિથી જ પ્રાપ્ત થાય તેવો છે તો એવી શંકા તે વ્યાખ્યાનથી દૂર થઈ શકે, પરંતુ તેવું તે વ્યાખ્યાન પણ કરતો નથી; તેથી તેના એ વ્યાખ્યાનથી તેણે દર્શાવેલી શંકા દૂર થતી નથી. વળી અહિં તે એવો શાસ્ત્રાર્થ હોવાનું કહે છે કે માત્ર ભક્તોને જ મોક્ષ પ્રાપ્ત થાય છે. ઉપર પ્રમાણે વ્યાખ્યાન તેણે કરેલ છે તે પ્રમાણે તેવો અર્થ પણ નીકળતો નથી, તેથી તેનું વ્યાખ્યાન બરાબર નથી. (ટિ+પ્ર)

૧૨. આ સત્ત્વ પ્રાકૃત ગુણ હોવાથી જ્ઞાનરૂપ નથી. (પ્ર)

૧૩. 'સાધનમાં' એટલે વિજ્ઞાનના કારણરૂપ આવિર્ભાવ થવામાં સાધન થવા માટે. (લે)

૧૪. 'કારણ' એટલે પ્રવૃત્તિ કરાવનાર. તે પોતે જો પ્રકાશવાળો ન હોય તો તેવા અર્થમાં ઈન્દ્રિય ને પ્રેરે નહિ. તે ઈન્દ્રિયોને પ્રેરે છે તેથી તે પ્રકાશવાળો છે એવું અનુમાન કરાવે છે. (પ્ર)

૧૫. 'ત્યાં' એટલે 'એવા અનુમાનમાં.' (પ્ર)

૧૬. 'ગુણ' શબ્દનો અર્થ શ્રીસુબોધિનીમાં 'ઈન્દ્રિયો અને વિષયો' કરેલો છે. તે પૈકી ઈન્દ્રિયો રંગ (આકાર) વિગેરેનું જ્ઞાન કરાવે છે, અને જેના વિષે તેવું જ્ઞાન થાય છે તે 'વિષય' છે. 'વિષય' એટલે પદાર્થનું જ્ઞાન ઈન્દ્રિયોથી થાય છે. (લે)

૧૭. 'ઈન્દ્રિયોને પ્રેરનાર અને તેના અભિમાનવાળો તે તે પદાર્થોના પ્રકાશવાળો છે, કારણ કે તે તે પદાર્થોમાં ઈન્દ્રિયોને પ્રેરે છે. જે તેમ પ્રેરતા નથી, તે તેવા પ્રકાશવાળા નથી' એવા

કારણ કે તે (પ્રેરણા કરનાર અથવા અભિમાની) આવિર્ભાવ પામ્યા વિના જ તેમ કરે છે[18]; (તેમનો) આવિર્ભાવ તો કોનાથી થાય[19] ? વળી સ્વરૂપનું હોવાપણું અથવા કાર્યનું કારણ આ વિષયમાં (ભગવાન્ અથવા આત્માનો પ્રકાશ કરવામાં) કારણ છે, એમ કહી શકાય નહિ, આવિર્ભાવ તો સત્ત્વને અધીન છે (સત્ત્વથી થાય છે,) એમ અમે પહેલાં[20] કહેલું છે.

કાર્ય[21] વિના પ્રકાશ પણ સંભવતો નથી; એમ ન હોય તો ગુણનો પ્રકાશ ન થાય[22] એમ પણ ન કહેવાય; (કારણ કે) જેના સંબંધવાળો હોવાથી, અથવા જેના લીધે ગુણ પ્રકાશે છે; પરંતુ સંબંધીના અથવા કરણના પ્રકાશની અપેક્ષા

---

અનુમાનથી ઇન્દ્રિયોની પ્રવૃત્તિ કરાવનારનો પ્રકાશ છે એવું અનુમાન થાય, છતાં તે અનુમાનથી તેમની સત્તા (અસ્તિત્વ)નું જ અનુમાન થાય છે, પરંતુ તેમનું સ્વરૂપ પ્રકાશતું નથી. જો સ્વરૂપ પ્રકાશે તો જ 'આ ભગવાન્ છે, આ હું છું' એવું જ્ઞાન થાય; પરંતુ તેવું જ્ઞાન થતું નથી. તેનું કારણ આ પછીના વાક્યથી કહેલ છે. (પ્ર)

૧૮. 'તેમ કરે છે' એટલે ઇન્દ્રિયોને વિષયો (પદાર્થો)નું ગ્રહણ કરાવે છે. (લે)

૧૯. કોઈથી થઈ શકે નહિ, એવો અર્થ છે. (લે)

૨૦. 'પહેલાં' એટલે આ શ્લોકના પૂર્વાર્ધનું વ્યાખ્યાન કરતાં. (પ્ર)

૨૧. 'કાર્ય' એટલે ગુણનો પ્રકાશ. (ઇન્દ્રિયો અને વિષયોનો પ્રકાશ) 'ગુણના પ્રકાશ વિના' એટલે ગુણનો પ્રકાશ તજીને. (પ્ર)

ગંધ વિગેરે કારણ છે, અને પૃથ્વી વિગેરે કાર્ય છે. પૃથ્વી વિગેરે (કાર્ય) વિના, માત્ર ગંધ વિગેરે કારણનો પ્રકાશ (સંભવતો નથી). 'અપિ' 'પણ' શબ્દથી તેમની સ્થિતિ પણ સંભવતી નથી, એમ કહેલ છે. તેથી પૃથ્વી વિગેરેનો પ્રકાશ છે એમ માનવું જોઈએ એવો ભાવ છે. (આ પૂર્વપક્ષનું વાક્ય છે). (લે)

૨૨. પ્રકાશવાળો સૂર્ય જ પદાર્થોનો પ્રકાશ કરવાનું કાર્ય કરે છે, પરંતુ માત્ર સૂર્યનું અસ્તિત્વ તેવું કાર્ય કરતું નથી, કારણ કે સૂર્યનું ખગ્રાસ ગ્રહણ હોય ત્યારે સૂર્ય હોવા છતાં પદાર્થોનો પ્રકાશ થતો નથી; તે પ્રમાણે અહિં પણ ગુણોના પ્રકાશથી પ્રેરક અને અભિમાની (ભગવાન્ અને જીવ) પ્રકાશવાળા જ હોવાનું જ સિદ્ધ થતું નથી. તેથી 'જીવાત્માનો અને ભગવાનનો પ્રકાશ તેઓ ઇન્દ્રિયોને પ્રેરે છે ત્યારે પણ છે, કારણ કે તે પ્રકાશ છે; સૂર્ય વિગેરેના પ્રકાશની પેઠે' એમ અનુમાન થાય છે. તેથી (આ અનુમાનથી જ તેઓનો પ્રકાશ સિદ્ધ થતો હોવાથી) તેઓનો પ્રકાશ કરવા માટે (ભગવાનના) સત્ત્વરૂપ શરીરની જરુર નથી. એવો પૂર્વપક્ષવાળાનો ભાવ છે. (પ્ર)

કરણ વિના ગુણનો પ્રકાશ ન થાય; એવો અર્થ છે. તેથી કરણનો પ્રકાશ પણ છે એમ માનવું જોઈએ. જે બીજાનો પ્રકાશ કરે છે તેમનો પ્રકાશ જરુર હોવો જોઈએ. તેથી પ્રેરક અથવા અભિમાનવાળાનો પ્રકાશ પણ માનવો જોઈએ. (આ પણ પૂર્વપક્ષનું વાક્ય છે). આ નોટ ૨૧માં તથા ૨૨માં કહેલ બંને વાત માનવા જોઈએ નહિ એવો સિદ્ધાંત પછી કહે છે. (લે)

(દરકાર) રાખતો નથી[૨૩]. તેથી પ્રકાશ માટે અવશ્ય સત્ત્વગુણની જરુર છે[૨૪]. એ પ્રમાણે વેદના પ્રકારથી ભગવદ્રૂપ પ્રમાણ અને પ્રમેયનો[૨૫] વિચાર કર્યો. ૩૫.

નીચેના શ્લોકમાં (વૈદિક પ્રકારથી) સાધનનો વિચાર કરે છેઃ

**ન નામરૂપે ગુણકર્મજન્મભિર્નિરૂપિતવ્યે તવ તસ્ય સાક્ષિણઃ ।।**
**મનોવચોભ્યામનુમેયવર્ત્મનો દેવ ક્રિયાયાં પ્રતિયન્ત્યથાપિ હિ ।।૩૬।।**

મન અને વાણીથી જેમના માર્ગનું અનુમાન થાય છે તેવા આપ પ્રસિદ્ધ સાક્ષીનાં નામો અને રૂપોનું ગુણ કર્મ અને જન્મથી નિરૂપણ કરવું ન જોઈએ. હે

૨૩. એ પ્રમાણે અનુમાન કરવાથી પણ પ્રેરક અથવા અભિમાનીના ગુણરૂપ પ્રકાશ છે, એટલું જ સિદ્ધ થાય; પરંતુ તેમનું સ્વરૂપ જણાય નહિ, કારણ કે તેમનો પ્રકાશ કરનાર કોઈ નથી; એવો ભાવ છે. (પ્ર)

રૂપ વિગેરે ગુણ, પૃથ્વી વિગેરે જે પદાર્થના સંબંધથી પ્રકાશે છે, તે સંબંધવાળા પૃથ્વી વિગેરે પદાર્થના પ્રકાશની પોતાનો પ્રકાશ કરવા માટે તેને જરુર નથી. તેમજ સંબંધવાળો પૃથ્વી વિગેરે પદાર્થ, ચક્ષુ વિગેરે જે કરણથી પ્રકાશે છે તે ચક્ષુ વિગેરે કરણના પ્રકાશની પણ રૂપ વિગેરે ગુણને પોતાનો પ્રકાશ કરવા માટે જરુર નથી. આ પ્રમાણે જ્યારે પોતાના સંબંધવાળી પૃથ્વી તથા કરણ ચક્ષુના પ્રકાશની પણ, રૂપને પોતાનો પ્રકાશ કરવામાં જરુર નથી, તો પછી ભગવાનના પ્રકાશની તેને શી જરુર હોય ? અને ભગવાનનો પ્રકાશ તેનાથી કેવી રીતે સિદ્ધ થાય? ઈન્દ્રિયો વિષયનું ગ્રહણ કરનારી હોવાથી તેઓ રૂપ વિગેરેનું જ ગ્રહણ કરે છે. રૂપનું ગ્રહણ થાય એટલે તેના આશ્રય (તે જેનું રૂપ હોય તે પદાર્થ)નું ગ્રહણ થાય છે જ. આશ્રયનું રૂપથી જૂદું ગ્રહણ થતું નથી. તેથી તેમનામાં કાર્યકારણભાવ નથી એવો ભાવાર્થ છે. જે ગુણના પ્રકાશથી ભગવાનનું અનુમાન થાય છે તે ગુણ જેના સંબંધવાળો (જે પદાર્થમાં રહેલ) છે, અને જે કરણથી તેવો પ્રકાશ થાય છે, તે સંબંધવાળા પદાર્થનાં અને કરણનાં પણ માત્ર અસ્તિત્વનું જ તેનાથી અનુમાન થાય છે. પરંતુ તેમના પ્રકાશનું અનુમાન થતું નથી; એવો શ્લોકનો અન્વય છે. (લે)

૨૪. ગુણ (પદાર્થો)નો પ્રકાશ કરવારૂપ કાર્યથી પ્રકાશવાળા (સૂર્ય)ની સત્તાનું જ અનુમાન થાય છે, પરંતુ તેના સ્વરૂપનો અનુભવરૂપ પ્રકાશ થતો નથી. તેથી ભગવાન્ અથવા જીવના સ્વરૂપનો પ્રકાશ (અનુભવ) થાય તે માટે ભગવાનના શરીરરૂપ સત્ત્વગુણની અવશ્ય જરુર છે. તે ભગવાનના શરીરરૂપ સત્ત્વ વિના વાનપ્રસ્થ અને સંન્યાસ આશ્રમવાળાઓના હૃદયમાં પણ સ્વરૂપનો પ્રકાશ થાય નહિ. તેથી ચારે આશ્રમમાં પણ ભગવાનના સ્વરૂપાત્મક સત્ત્વગુણની જરુર છે એવો અર્થ છે. (પ્ર)

૨૫. સ્મૃતિમાં (જ્ઞાન કરાવનાર) યોગ પ્રમાણ છે, તેમ વેદમાં સત્ત્વ જ્ઞાન કરાવનાર હોવાથી તે પ્રમાણ છે. 'ઈન્દ્રિયોનું પ્રમાણપણું સત્ત્વના યોગથી છે, બીજી રીતે નથી' એ વાક્યમાં તેવો નિર્ણય કરેલો છે. તે સત્ત્વનું ગયા (૩૪મા) શ્લોકમાં નિરૂપણ કર્યું, તેથી સિદ્ધ થતો જેનું તેનાથી જ્ઞાન થાય છે તેવો આવિર્ભાવ (પ્રમાણ) આ શ્લોકમાં કહ્યો. એ પ્રમાણે પ્રમાણ અને પ્રમેય કહ્યાં એવો અર્થ છે. (લે)

દેવ ! છતાં પણ ક્રિયામાં જણાય છે. ૩૬.

વૈદિક માર્ગ પ્રમાણે સર્વ પુરુષાર્થો(ની પ્રાપ્તિ)માં ભગવાન્ સાધન છે. વેદમાં ગુણો નહિ હોવાથી[1] તે (ભગવાન્) ગુણાતીત જ (સાધન) છે. પરંતુ 'ફલ આપવા માટે અને દેવોના પક્ષપાત માટે ભગવાને તેમ (સત્ત્વગુણનો આશ્રય) કરેલ[2] છે, તેથી ગુણવાળા ભગવાન્ સાધન છે' એવા પક્ષનો આ શ્લોકમાં નિષેધ કરવામાં આવે છે.

આપનાં નામ અને રૂપોનું ગુણ-કર્મ અને જન્મથી નિરૂપણ કરવું ન જોઈએ. સર્વ કર્મોના ફલનું દાન કરનાર, કર્મના અધ્યક્ષ[3] ભગવાન્ સાક્ષી[3] છે. તે જ ફલ પ્રાપ્તિમાં સાધન છે. ગુણોને લીધે જે કર્મો અને જન્મો થાય છે તે આપ (ભગવાન્)નાં નથી જ. ક્રિયાશક્તિથી જ સદ્રૂપ ધર્મથી પ્રકટ થએલ આપનો આવિર્ભાવ કર્મો છે, અને આનંદરૂપ (ધર્મથી પ્રકટ થએલ આપનો આવિર્ભાવ) જન્મો[4] છે; અને તેમના કર્મ અને જન્મથી જ નામો અને રૂપો થાય છે. તેમ ન હોય તો નામો અને રૂપો પ્રાકૃત થવાથી, તેમનાથી કોઈ પણ પુરુષાર્થ પ્રાપ્ત થાય નહિ.

અથવા બીજા (કોઈ) કલ્પમાં ભગવાનનાં તેવાં (સાધન) થએલાં (નામ અને રૂપ) ભલે હોય, પરંતુ શાસ્ત્રમાં તેમનું સાધન તરીકે નિરૂપણ કરવું યોગ્ય નથી. તેમ હોય તો (ભગવાનનાં નામ અને રૂપ સાધન તરીકે જણાવેલ હોય તો) તે (ભગવાન્) ફલનું દાન કરનાર ન હોય; કારણ કે (તે) કર્મના અધ્યક્ષ રહેતા નથી. વળી સગુણ (ભગવાન્ સાધન) હોય તો મન અને વાણી (તેમને) પહોંચી શકે. તેથી તે માનસિક અથવા વાચનિક ફલ જ આપે, પરંતુ આત્મરૂપ અથવા ભગવદ્રૂપ

---

૧. વેદમાં જ્યાં સૃષ્ટિનું નિરૂપણ કરવામાં આવ્યું છે ત્યાં ગુણોને અનાદિ કહેલા નથી; તેથી વેદમાં તે નથી એમ કહેલ છે. કોઈ ગુણોને ઉત્પન્ન થએલા કહેલા છે, છતાં તેમની ઉત્પત્તિ પહેલાં ભગવાન્ નિર્ગુણ હતા. (તેથી વેદમાં ગુણો નથી એમ કહેલ છે.) (પ્ર)

૨. આ અર્થ ૨।૧૦।૩૬માં કહેલ છે. ત્યાં શ્રીસુબોધિનીમાં કહેલ છે કે 'ભગવાન્ વાસ્તવિક રીતે 'અકર્મક' એટલે સર્વકર્મરહિત છે, અને સર્વને નિયમમાં રાખનાર છે. આવા હોવા છતાં, સર્વને ઉત્પન્ન કરવા તે ત્રણ ગુણોવાળું અવ્યક્ત (ન જાણી શકાય તેવું) રૂપ ધારણ કરે છે.' (પ્ર)

૩-૩. નામ અને રૂપનું નિરૂપણ નહિ કરવાનું કારણ અહિં કહેલ છે. 'કર્મના અધ્યક્ષ, સર્વ પ્રાણીઓનું રહેઠાણ, અને સાક્ષી હોવાથી કેવલ અને નિર્ગુણ (ભગવાન્ છે)' એ શ્રુતિ પ્રમાણે ભગવાન્ કર્મના અધ્યક્ષ છે. (પ્ર)

૪. બ્રહ્માંડપુરાણમાં પણ આ જ અર્થ કહેલ છે. (પ્ર)

આત્મા અથવા ભગવાનના સાક્ષાત્કારરૂપ (ફલ ન આપે). 'જ્યાંથી વાણી મન સહિત પહોંચ્યા વિના જ પાછી ફરે છે.' 'બ્રહ્માએ ઈન્દ્રિયો વિરોધવાળી (ભગવાનનું ગ્રહણ કરી શકે નહિ તેવી) આપી છે.' એ શ્રુતિનાં વાક્યો પ્રમાણે મન અને વાણીથી જેનું અનુમાન જ થાય એટલે જે સંબંધી માત્ર તર્ક જ કરી શકાય તેવો માર્ગ છે જેમનો, તેવા ભગવાન્ છે; પરંતુ પ્રત્યક્ષના વિષય નથી (પ્રત્યક્ષ જણાતા નથી).

'ત્યારે તો (ભગવાનનાં) નામો અને રૂપો છે જ નહિ' એવી શંકા થાય, તેથી 'હે દેવ ! છતાં પણ ક્રિયામાં જણાય છે' શબ્દો યોજેલા છે. 'હે દેવ !' એટલે સર્વેએ પૂજવા યોગ્ય ! 'વિષ્ણુના ( વીર્યો કહું)' 'તે આપને પ્રિય (છે)' 'વિષ્ણુએ આ...' 'વિષ્ણુએ તે...' છ અક્ષરોવાળા વિગેરે મંત્રો અને રામ વિગેરેના મંત્રો, અને 'જે દેવતાને માટે હવિ લીધેલું હોય તે દેવતાનું, હોમ કરતી વખતે મનથી ધ્યાન ધરવું' એ શ્રુતિમાં ધ્યાન વિગેરે કરવાનાં કહેલાં હોવાથી શ્રૌત અને તાંત્રિક ક્રિયામાં આપનાં નામો અને રૂપો જણાય છે. નામ અને રૂપ ન હોય તો ધ્યાન અને મંત્ર પણ ન હોય. શ્લોકમાંનો 'હિ' શબ્દ આ જ તર્ક કહે છે. તેથી તે (મંત્ર અને ધ્યાન) બીજી રીતે (નામ અને રૂપ વિના ) થઈ શકતાં નહિ હોવાથી નામ અને રૂપ જણાય છે. તે જણાય છે તેથી જ તે પ્રાકૃત નહિ હોવાથી, દિવ્ય અને આનંદમય જ છે એવો નિર્ણય થાય છે. એવી રીતે ભગવાનનાં બધાંએ રૂપો અને નામો આનંદમય છે, તેથી તેઓને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારાં વર્ણવેલાં છે.૩૬.

તે (સાધનો)થી (પ્રાપ્ત થતું) ફલ નીચેના શ્લોકમાં કહે છેઃ

**શ્રૃણ્વન્ ગૃણન્ સંસ્મરયંશ્ચ ચિન્તયન્નામાનિ રૂપાણિ ચ મંગલાનિ તે ।।**
**ક્રિયાસુ યુષ્મચ્ચરણારવિન્દયોરાવિષ્ટચિત્તો ન ભવાય કલ્પતે ।।૩૭।।**

આપનાં મંગલ નામો અને રૂપોનું શ્રવણ કરતાં, ઉચ્ચાર કરતાં, સંસ્મરણ કરતાં અને ચિંતન કરતાં, ક્રિયાઓમાં આપના ચરણારવિંદમાં જેનું ચિત્ત પરોવાએલું હોય છે તેને જન્મ થતો નથી. ૩૭.

અંગો સહિત કરેલાં વૈદિક કર્મો અવશ્ય ફલ આપે છે. 'જેમના સ્મરણથી તથા નામનો ઉચ્ચાર કરવાથી, તપ યજ્ઞ અને ક્રિયાઓમાં ન્યૂન હોય તે સંપૂર્ણ થાય છે તેવા અચ્યુતને હું ત્વરાથી નમસ્કાર કરું છું' સ્મૃતિ પ્રમાણે જો વૈદિક કર્મ સંપૂર્ણ થાય તો ફલ ઉત્પન્ન કરે જ; અને તે ફલ મોક્ષ જ છે, એમ નિબંધમાં 'સ્વર્ગ' પદનો વિચાર કરતાં જણાવેલું છે. તે જ (અર્થ) અહિં (આ શ્લોકમાં) પણ કહે છે.

આપનાં નામોનું શ્રવણ કરતાં, એટલે બીજાએ ઉચ્ચાર કરેલાં નામો અને

(બીજાએ) કીર્તન કરેલાં રૂપોનું જેઓ શ્રવણ કરે છે, અને પછી (તેમનો) ઉચ્ચાર કરે છે એટલે શ્રોતા હોય ત્યારે (નામ અને રૂપ) બંને પ્રકારનો (ઉચ્ચાર કરે છે), અને બીજા સમયે (શ્રોતા ન હોય ત્યારે) સ્મરણ કરે છે (તેમને જન્મ થતો નથી). તે સ્મરણ પણ ધ્યાનરૂપ (કરવાનું) છે, તેથી (તેને) 'સંસ્મરણ' કહેલું છે. (શ્લોકમાં) 'ચ' 'અને' (શબ્દ છે તેથી એમ કહેલું છે કે) જે (બીજાઓને નામો તથા રૂપોનું) સ્મરણ કરાવે છે, એટલે ઉપદેશ વિગેરે આપીને શ્રવણ કરાવે છે, અને ઉચ્ચાર પણ કરાવે છે; (જે) યોગના અંગભૂત ધ્યાન તરીકે (રૂપોનું) ચિંતન કરે છે, તેવી જ રીતે[1] ચિત્તનો નિરોધ કરીને નામની વારંવાર આવૃત્તિ કરવી તે (પણ) ધ્યાન છે. પ્રયત્ન વિનાની ચિત્તની ક્રિયા સ્મરણ (છે), અને પ્રયત્નવાળી ચિત્તની ક્રિયા ચિંતન છે, એવો (એ બેમાં) ભેદ છે. રૂપની કલ્પના કરતી વખતે તે (ચિંતન) જ 'ધ્યાન' કહેવાય છે. (શ્લોકમાં બીજો) 'ચ' (શબ્દ છે તે)થી એમ કહેલું છે કે ભગવાનના બીજા સંબંધીઓનું પણ શ્રવણ વિગેરે, ફલ પ્રાપ્ત કરાવનાર છે. 'મંગલ' શબ્દથી તેમાં (શ્રવણ વિગેરે કરવામાં) વિઘ્નનો અભાવ કહેલો છે. તેમ ન હોય (નામો અને રૂપો મંગલ ન હોય) તો તે (શ્રવણ વિગેરે) પણ થઈ શકે નહિ, એટલે (શ્રવણ વિગેરે કરવાની) ઈચ્છા હોય તો પણ કાર્ય થાય નહિ, અને તે માટે (વિઘ્ન દૂર કરવા) બીજું કાર્ય કરવું પડે. 'આપના' એટલે મંગલરૂપ આપના; અથવા ('આપના' શબ્દનો) પછીના (વાક્ય) સાથે સંબંધ (લેવો), (એટલે આપની ક્રિયાઓમાં જેનું ચિત્ત પરોવાએલું રહે છે, એવો સંબંધ લેવો). 'ક્રિયાઓમાં' એટલે યજ્ઞ વિગેરે ભગવાનની સેવારૂપ ક્રિયાઓમાં અથવા લૌકિક[2] ક્રિયાઓમાં જેનું ચિત્ત આપના ચરણારવિંદમાં પરોવાએલું હોય છે તેને કોઈ પ્રકારે 'ભવ' એટલે જન્મ થતો નથી, એટલે તે જન્મ માટે યોગ્ય (રહેતો) નથી.

**સ્મરણેન ક્રિયાઃ પૂર્ણાશ્ચિત્તાવેશશ્ચ તત્ર હિ ॥**
**જ્ઞાનક્રિયે યદા વિષ્ણુસ્તદા મોક્ષો ન સંશયઃ ॥કા.૬॥**

સ્મરણથી[3] ક્રિયાઓ પૂર્ણ થાય છે, અને તેમાં[4] ચિત્તનો આવેશ થાય છે.

---

૧. 'તેવી જ રીતે' એટલે 'રૂપનું ધ્યાન કરવાના પ્રકારથી જ', એવો અર્થ છે. (લે)

૨. અહિં 'અલૌકિક' પણ વાંચી શકાય તેમ છે.

૩. 'સ્મરણ' પદ શ્રવણ, ઉચ્ચાર કરવો, સ્મરણ અને ચિંતન, ચારે ક્રિયાઓ સૂચવવા યોજેલું છે. આ શ્રવણ વિગેરે ચારે ક્રિયાઓથી 'જેમના સ્મરણથી...' સ્મૃતિ શ્રીસુબોધિનીમાં કહી તે પ્રમાણે ક્રિયાઓ પૂર્ણ થાય છે, એટલે ક્રિયારૂપ ભગવાનનો આવિર્ભાવ થાય છે. (લે+કા)

૪. ક્રિયાઓ પૂર્ણ થતાં ભગવાનમાં ચિત્તનો આવેશ થાય છે. ક્રિયાઓથી ચિત્તની શુદ્ધિ થતાં

જ્યારે જ્ઞાન અને ક્રિયા વિષ્ણુ (રૂપ) થાય છે ત્યારે મોક્ષ થાય છે,(તેમાં) સંશય નથી[૫]. કા. ૬.

કારણકે દોષવાળો જ સંસાર માટે યોગ્ય રહે છે. આમ કરવામાં આવે ત્યારે સર્વ દોષો દૂર થતાં, સંસાર માટે અયોગ્યતા થાય તે યોગ્ય જ છે.૩૭.

એ પ્રમાણે વૈદિક પ્રકારથી (પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એ) ચાર કહી, પોતાના (ભગવન્માર્ગના) સિદ્ધાંત પ્રમાણે (એ) ચાર નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી કહે છેઃ

**દિષ્ટ્યા હરેઽસ્યા ભવતઃ પદો ભુવો ભારોપનીતસ્તવ જન્મનેશિતુઃ ।।**
**દિષ્ટ્યાંકિતૈસ્ત્વત્પદકૈઃ સુશોભનૈર્દ્રક્ષ્યામ ગાં દ્યાં ચ તવાનુકંપિતામ્ ।।૩૮।।**

હે હરિ ! આપના ચરણરૂપ આ ભૂમિનો ભાર આપ ઈશ્વરના જન્મથી દૂર થયો એ મોટું ભાગ્ય ! આપનાં ઘણાં શોભિતાં ચિહ્નોવાળાં પગલાંઓથી આપથી કૃપા કરાએલી ભૂમિને અને સ્વર્ગને અમે જોઈશું તે પણ મોટું ભાગ્ય ! ૩૮.

ભગવાનના (ભગવન્માર્ગના) શાસ્ત્ર પ્રમાણે ભગવાનજ પ્રમાણ વિગેરે ચારે છે. ભગવાનનો સાક્ષાત્કાર[૧], અથવા સાક્ષાત્ કરેલા ભગવાન્[૧] પ્રમાણ છે. ભૂમિના પ્રસંગને લીધે અમે કૃતાર્થ થયા છીએ કહેતાં, (દેવો) એમ કહે છે કે બધાંએ જગતને ભગવાને કૃતાર્થ કરેલું છે. હે હરિ ! આપના ચરણ ભૂમિ એટલે (આપના) ચરણરૂપ ભૂમિનો ભાર આપના જન્મથી દૂર થયો છે, કારણ કે મર્દન (પીડાવા)થી થતું દુઃખ[૨] તો પરમાનંદ પ્રકટ થવાથી જ જતું રહે છે. ભાર દૂર થવામાં જન્મ જ સાધન છે, પણ તે વિષયમાં બીજું કાંઈ કરવાપણું રહેતું નથી, તેનું કારણ 'ઈશ્વર'

---

ભગવાનમાં ચિત્ત પરોવાય તે યોગ્ય જ છે, એમ દર્શાવવા 'હિ' શબ્દ યોજેલ છે. ચિત્ત ભગવાનના ચરણારવિંદમાં પરોવાય એટલે જ્ઞાનશક્તિરૂપ ભગવાનનો આવિર્ભાવ થાય છે; એવો અર્થ છે. (લે+કા)

૫. ભગવદ્રૂપ કર્મ મોક્ષ પ્રાપ્ત કરાવે છે, એમ નિબંધમાં 'સ્વર્ગ' પદનો વિચાર કરતાં સ્પષ્ટ કરેલ છે. (લે)

૧. ભગવાન્ પ્રમાણ કેવી રીતે થાય ? એ જણાવવા આ કહેલ છે. 'તે પરાવર (ભગવાન્)નું દર્શન થતાં હૃદયની ગંથિ ભેદાય છે, સર્વ સંશયો દૂર થાય છે અને આ (જીવના) કર્મોનો ક્ષય થાય છે' એ શ્રુતિ પ્રમાણે ભગવાનનાં દર્શન થતાં સર્વ સંશયો દૂર થાય છે એવું ફલ કહેલ છે, તેથી ભગવાનનો સાક્ષાત્કાર પ્રમાણ છે. આ ફલ એ શ્રુતિ પ્રમાણે ભગવાનનો સાક્ષાત્કાર થાય ત્યારે જ થાય છે. અથવા 'શ્વાસ લેતાં જ પ્રાણ થાય છે' માં જણાવ્યું તે પ્રમાણે આવરણોને દૂર કરી પ્રમાણનું કાર્ય કરનાર 'સાક્ષાત્ કરેલ ભગવાન જ પ્રમાણ છે' એમ કહેલ છે. (પ્ર)

૨. શ્લોકમાં 'ભાર' શબ્દથી મર્દનથી થતું દુઃખ કહેલ છે એમ જાણવું. (લે)

શબ્દથી કહેલું છે. ઈશ્વરનું પ્રાકટ્ય જ સર્વ અનર્થોને દૂર કરનારું છે. વળી ભૂમિનો ભાર દૂર કરવો તે આપનું આવશ્યક (કાર્ય) છે, અને અમારું હિત કરનારું છે; કારણ કે ભૂમિ આપના ચરણરૂપ છે. બધાંએ પોતાના ચરણનો ભાર દૂર કરે છે, અને જે ઉપાસના કરવા યોગ્ય છે તેમનું દોષ વિનાના હોવું તે સર્વને હિત કરનાર છે. આ (ભૂમિના ભારનું હરણ) કરવું તે આપનું આવશ્યક (કાર્ય) છે, કારણ કે આપ 'હરિ' છો. ભગવાનનો જન્મ અલૌકિક, અને નિશ્ચિત સાધન વિનાનો છે, અને ભગવાન્ સર્વરૂપ હોવાથી (તેમનો જન્મ) સંભવતો નથી, તેથી 'મોટું ભાગ્ય' એમ કહેલ છે.

કેટલાક તો એમ કહે છે કે 'આ (દેવકીજીના) ઉદરમાં (આપ) પધાર્યા તે જ ભૂમિનો ભાર દૂર થવું છે, પરંતુ આપનો જન્મ નથી.' તેથી[3] ભૂમિ ઉપર આનંદ જ માત્ર પ્રકટ થયો છે[4]. (એવો અર્થ થાય છે.)

બીજું પણ થયું, એમ ઉત્તરાર્ધમાં કહે છે. દેવો પણ ભૂમિનો સ્પર્શ કરતા નથી, તો પછી ભગવાન્ તો કેમ જ કરે ? તેથી (ભૂમિનો ભગવાન્ સ્પર્શ કરે એ) અસંભવિત (કાર્ય) પણ જે થશે તે મોટું ભાગ્ય.

'ભગવાન્ સર્વરૂપ હોવાથી, મનુષ્ય વિગેરેના રૂપથી ભૂમિનો સ્પર્શ કરે છે જ, એમાં આશ્ચર્ય શું છે ?' એવી શંકા થાય, તેથી 'ચિહ્નોવાળાં' શબ્દ યોજેલ છે. ધજા, વજ, અંકુશ વિગેરે ચિહ્નોથી ચિહ્નવાળાં (પગલાંઓથી કૃપા કરાએલી ભૂમિને અમે જોઈશું). 'અંકિતામ્' એવો પાઠ (લેવામાં આવે ત્યારે) શંકા[5] દૂર કરવા માટે ઘણા શોભિતા સર્વ લક્ષણોવાળા ચરણોથી અંકિત થએલી એટલે ચિહ્નોવાળી થએલી ભૂમિને અમે જોઈશું એ અમારું મોટું ભાગ્ય (એવો અન્વય કરવો).

ભૂમિ પગલાં ગ્રહણ કરે છે તે પણ ભાગ્ય છે[6], ચરણ પગલાં પણ પાડે છે એ પણ (ભાગ્ય છે)[6]. પુરુષના ચરણરૂપ અને ઉદ્ધાર કરેલી ભૂમિ બ્રહ્માની

---

૩. 'તેથી' એટલે 'ભગવાનનો જન્મ નહિ હોવાથી, ભગવાન્ અપ્રાકૃત છે એમ સૂચવ્યું તેથી.' (લે)

૪. આ પ્રમાણે વ્યાખ્યાન કરેલ હોય ત્યાં 'તવ જન્મના ઈશિતુઃ' એમ નહિ, પરંતુ 'તવ જન્મ ન ઈશિતુઃ' એવો પદચ્છેદ કરવાનો છે. ભગવાન્ દેવકીજીના ઉદરમાં પધાર્યા, તે ભૂમિનો ભાર દૂર થવાનું કારણ છે, પરંતુ તે 'ભૂમિના ભારનું દૂર થવું' નથી. તેથી આ વ્યાખ્યાન શ્રીમદાચાર્યચરણને પસંદ નથી. (લે)

૫. આ ભગવાનનાં પગલાં નહિ, પણ બીજા કોઈનાં પગલાં હશે એવી શંકા. (પ્ર)

૬-૬. દેવોના પગ ભૂમિનો સ્પર્શ કરતા નથી, તેમજ પગલાં પાડતા નથી. તેવું કાર્ય અહિં દેવોના દેવે કર્યું, તેથી વિસ્મયથી દેવો પોતાનું ભાગ્ય જણાવે છે. (પ્ર)

દીકરી[૭] છે. તેથી ભગવાનમાં અનુરાગવાળી તે (દીકરી)નું દર્શન થશે તે પણ ભાગ્ય. અહિં 'તામ્' 'તેને' એમ નહિ કહેતાં 'ગામ્' 'ગાય, અથવા પૃથ્વી' એમ જે કહ્યું તેથી એમ સૂચવેલું છે, કે (ભૂમિ) (ભગવાનના) ચરણારવિંદનાં ચિહ્નોવાળી થઈ સર્વને સર્વ કામનાઓ આપનારી થશે. બીજું પણ 'ગો' શબ્દથી એમ જણાવેલું છે કે આ (ભૂમિ) જેને પહેલાં 'ગાયના રૂપવાળી', 'મુખમાં આંસુઓવાળી' વિગેરે (ગુણો)વાળી જોએલી, તે જ પરમાનંદરૂપ ચરણારવિંદના ચિહ્નોવાળી જોવામાં આવશે, એ પણ અમારું (દેવોનું) મોટું ભાગ્ય છે. વળી (આપના) ચરણોથી જ અથવા આપથી, કૃપા કરાએલા સ્વર્ગને પણ અમે જોઈશું. દેવો ઉપર સર્વ (પ્રકારના) ઉપકારો કરવાથી, તથા અદિતિના કુંડલ (લાવી) આપીને (ભગવાન્) સ્વર્ગ ઉપર ઉપકાર કરશે. તેથી (ભૂમિ તથા સ્વર્ગ) બંનેને (કૃપા કરાએલાં) જોઈશું એ અમારું જ ભાગ્ય છે. (ભગવાનનું) દર્શન પ્રમાણ છે. ૩૮.

(ભગવાનનો) આવિર્ભાવ પ્રમેય છે, તેથી નીચેના શ્લોકમાં આવિર્ભાવ કહે છેઃ

**ન તેઽભવસ્યેશ ભવસ્ય કારણં વિના વિનોદં બત તર્કયામહે ।।**
**ભવો નિરોધઃ સ્થિતિરપ્યવિદ્યયા કૃતા યતસ્ત્વય્યભવાશ્રયાત્મનિ ।।૩૯।।**

હે ઈશ ! ભવરહિત આપના ભવનું કારણ વિનોદ વિના (બીજું કાંઈ) અમે ધારતા નથી; કારણ કે ભવરહિત આશ્રય અને આત્મા એવા આપનાં જન્મ લય અને સ્થિતિ પણ અવિદ્યાથી કરાએલાં છે. ૩૯.

'ભવરહિત' એટલે જન્મરહિત (એવા) આપના ભવ એટલે જન્મનું કારણ વિનોદ વિના (બીજું કાંઈ) અમે ધારતા નથી. (૧) વિનોદ એટલે લીલા; અથવા (૨) 'વિ' એટલે કાલનું 'નોદઃ' એટલે પ્રેરણ (પ્રેરવું તે); કારણ કે કાલ સ્થિર (છે અને) મર્યાદાથી સર્વને આનંદ થાય તેમ કરે છે. તે (કાલ) (ભગવાનના)

---

'અંકિત' પદથી ભૂમિ અને ભગવાનનો પ્રેમ જણાવેલ છે. ભૂમિને ઘણો પ્રેમ થતાં સાત્ત્વિકભાવથી પરસેવો થતાં તેમાં ચરણનાં ચિહ્નો પડે છે, એ ભૂમિનો પ્રેમ જણાવ્યો. ભગવાન્ પ્રેમથી ચરણ સારી રીતે ધારણ કરે છે એટલે ચરણથી પગલું પડે છે એટલે સારી રીતે ચરણ ધારણ કરવાથી ભગવાનનો પ્રેમ જણાવેલો છે. (લે)

૭. ત્રિલોકીની કલ્પના કરતાં ભૂમિ ભગવાનનું ચરણ છે. બીજા કલ્પમાં બ્રહ્માએ ત્રિલોકી બનાવી તેથી બ્રહ્માથી ઉત્પન્ન થએલી હોવાથી ભૂમિ તેમની દીકરી છે. (પ્ર)

'ચરણોમાંથી ભૂઃ લોકની કલ્પના કરી' એ વાક્ય પ્રમાણે બ્રહ્માએ ધ્યાનથી ભૂમિને તેવી બનાવેલી હોવાથી તે તેમની દિકરી છે. વળી બ્રહ્માએ વરાહનો આવિર્ભાવ કરાવી પૃથ્વીનો ઉદ્ધાર કરાવ્યો તેથી પણ તે તેમની દિકરી છે. બંને રીતે ભૂમિ બ્રહ્માની દિકરી છે. (લે)

જન્મથી પ્રેરાય છે એટલે તેનું ઉલ્લંઘન થાય છે[1].

અથવા (૩) 'વિ[2]' સંસારરૂપ 'નાવિ' નૌકામાં ('નોદઃ' પ્રેરણ. 'વિનાવિનોદઃ' સંસારરૂપ નૌકાનું પ્રેરણ ભવરહિત આપના ભવનું કારણ અમે ધારીએ છીએ), તેમ ન હોય (આપ સંસારરૂપ નૌકાને પ્રેરતા ન હો[3]) તો સંસારરૂપ નૌકા પાર ન પહોંચે. આવો અર્થ કરવામાં આવે ત્યારે 'નતે' નમ્ર થએલા, શરણે આવેલા પુરુષનો ભવ મટાડનાર આપનો જે 'ભવઃ' જન્મ (થાય છે), તેનું કારણ 'વિનાવિનોદમ્' સંસારરૂપ નૌકાનું પ્રેરણ અમે ધારીએ છીએ, એવો (વાક્યનો) સંબંધ જાણવો.

અથવા (૪) 'નતઃ' નમ્ર થએલો, શરણે આવેલો જે 'ઈભઃ' હાથી એટલે ગજેંદ્ર, તેનું 'વમ્' એટલે અમૃત અથવા મોક્ષ જેમાંથી (થાય છે) તેવા આપના, (જન્મનું કારણ અમે સંસારરૂપ નૌકાનું પ્રેરણ ધારીએ છીએ) એમ આગળ પહેલાંની પેઠે (૩જા અર્થ પેઠે સંબંધ જાણવો); એટલે કે માત્ર નમન કરવાથી જ પશુજાતવાળાનો પણ ભવ મટાડનાર (એવા) આપનો ભવ અસંભવિત છે, તેથી તેનું (આપના ભવનું) કારણ તે (સંસારરૂપી નૌકાનું પ્રેરણ) અમે ધારીએ છીએ, એવો ભાવ છે.

અથવા (૫) નૌકા વિનાના સંસારમાં ('વિ'=વગરનો 'નૌઃ' નૌકા, 'નાવિ' નૌકામાં, ('નૌ' નું સપ્તમીનું એકવચન)) એટલે તે (એવો સંસાર) હોય ત્યારે સર્વને 'નોદઃ' પ્રેરણ કરવું[4] તે આપના ભવનું કારણ હોવાનું અમે ધારીએ છીએ.

જો કે યથાર્થ જોનાર સત્યવક્તા કોઈ નહિ હોવાથી, આ વિષયમાં કાંઈ

---

૧. ભગવાનનું પ્રાકટ્ય થયા પછી, કાલ (ફલપ્રાપ્તિમાં) સાધનરૂપ અથવા નડતરરૂપ થતો નથી એવો ભાવ છે. (લે)

૨. 'વિ' શબ્દ 'વિશેષઃ' શબ્દનો ભાગ હોવાથી, 'વિશેષઃ'ના અર્થમાં યોજાએલો છે. 'વિશેષઃ' શબ્દ જડભરતે ૫।૧૨।૯માં 'દેહ'ના અર્થમાં યોજેલ છે, તેથી તેનો અર્થ 'દેહ' થાય છે. ભાવવિકારનો વિચાર કરતાં, 'દેહ' શબ્દ 'સંસાર' ના અર્થમાં પરિણમે છે, કારણ કે ભાવવિકાર વિનાનો પ્રપંચ બ્રહ્મરૂપ છે. સંસાર નાવ છે એમ ૧૧।૨૦।૧૭ થી જાણવું આથી જ તેને પ્રેરણ કરવું એ ભગવાનના આવિર્ભાવનું પ્રયોજન છે એમ જાણવું. (પ્ર) ૧૧।૨૦।૧૭માં મનુષ્યદેહને નાવ અને સંસારને સમુદ્ર કહેલ છે.

૩. ભક્તોના પતિ, પુત્ર વિગેરે અભિમાનવાળા સંબંધીઓના રૂપથી ભગવાન્ આવિર્ભાવ પામતા ન હોય તો, એવો અર્થ છે. (પ્ર)

૪. 'સર્વને પ્રેરણ કરવું' એટલે અવતાર સમયના બધા જીવોને કામ, ભય વિગેરેથી પોતાનો સંબંધ કરાવવો. (પ્ર)

પ્રમાણ નથી; તેથી અમે પોતે જ (એ પ્રમાણે) તર્ક કરીએ છીએ. વાસ્તવિક રીતે તો (આ આપની) લીલા પણ છે કે નહિ એ વિષયમાં સંદેહ જ રહે છે.

'જેમ મારા અંશ જીવમાત્રનો ભવ થાય છે તેમ મારો પણ થાય છે તેથી (મને) ભવરહિત કેમ કહો છો ?' એવી શંકા થાય તેથી ઉત્તરાર્ધ કહેલ છે. પ્રાણિમાત્રનાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય અવિદ્યાથી એટલે દેહ વિગેરેના અધ્યાસથી થાય છે, કારણ કે જીવોનો પોતાનો જન્મ હોતો નથી. આ (અવિદ્યાથી થતા ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય) પણ આપ હો ત્યારે (આપના હોવાથી) થાય છે, નહિ તો (આપ ન હો તો) આધાર વિનાનું હોવાને લીધે, જગતની ઉત્પત્તિ વિગેરે થાય નહિ. તેમાં પણ આપ ઉદાસીન[૫] હો તો (જગતની ઉત્પત્તિ વિગેરે) ન થાય, (આપ) અનિત્ય[૬] હો, તો ન થાય. (આપ) સમવાયિ (કારણ) ન હો, તો ન થાય; કારણ કે આધાર અને સમવાયની[૭] અવશ્ય જરુર રહે છે. જો આપની ઉત્પત્તિ (થતી) હોય, તો જગતનું અનાદિપણું રહે નહિ, અને (જગત્) મિથ્યા થાય. જેમ આપનો ભવ આકસ્મિક (અકસ્માતથી થતો) હોય, એવી જ રીતે જગતનો પણ (ભવ આકસ્મિક) થાય. તેથી ભવરહિત આશ્રયરૂપ અને આત્મરૂપ (આપ) હોવાથી જ જીવોની ઉત્પત્તિ વિગેરે થાય છે. એવી રીતે ભગવાનનો લીલાથી પ્રાદુર્ભાવ થાય છે; અથવા (દેવોને ભગવાનના) સ્વરૂપના (પ્રાકટ્યના) કારણનું[૮] જ્ઞાન નથી. તેમ ન હોય[૮] તો બધુંએ જગત્ ન હોય. એ પ્રમાણે આનંદરૂપ જેમનો આવિર્ભાવ[૯] છે તેવા ભગવાનનું નિરૂપણ કર્યું.[૧૦] ૩૯.

---

૫. 'ઉદાસીન હો' એટલે 'જગતના આત્મરૂપ ન હો.'

૬. 'અનિત્ય હો' એટલે 'ભવવિનાના ન હો.'

૭. સમવાય એક પ્રકારનો સંબંધ છે. વસ્ત્ર તંતુઓ (તાણાંવાણાં)નું બને છે. તંતુઓ વસ્ત્રમાં સમવાય સંબંધથી રહેલાં છે, અને વસ્ત્રનું સમવાયિ કારણ તંતુઓ છે. સમવાય એટલે નિત્યસંબંધ. છૂટાં પાડી ન શકાય તેવો સંબંધ.

૮. ભગવાનના સ્વરૂપના પ્રાકટ્યનું કારણ લીલા છે, અથવા કાલ, સંસારનૌકા, વિગેરેનું પ્રેરણ છે તેનું દેવોને જ્ઞાન નથી. જ્ઞાન નથી તેથી જ તેમણે જૂદા જૂદા તર્કો કરેલા છે, એવો ભાવ છે. લીલા જ પ્રાકટ્યનું પ્રયોજન હોય તો તેનું જ્ઞાન થયું છે. બીજું કાંઈ પ્રયોજન હોય તો તે પ્રયોજન કયું તેનું જ્ઞાન થયું નથી, એવું તર્કનું સ્વરૂપ જણાવેલ છે. ('તેમ ન હોય તો' એટલે) ભગવાનનો ભવ થતો હોય તો. (લે)

૯. જેમનો આવિર્ભાવ આનંદરૂપ જ છે, પણ ભવરૂપ નથી તેવા ભગવાનનું નિરૂપણ કર્યું, એવો અર્થ છે. (લે)

૧૦. શ્લોકમાં 'બત' શબ્દ હર્ષ જણાવનારો છે. 'કારણ' શબ્દનો અર્થ પ્રયોજન છે. (પ્ર)

તે (ભગવાન) જ સાધન છે, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**મત્સ્યાશ્વકચ્છપનૃસિંહવરાહહંસરાજન્યવિપ્રવિબુધેષુ કૃતાવતારઃ ।।**
**ત્વં પાસિ નસ્ત્રિભુવનં ચ તથાઽધુનેશ ભારં ભુવો હર યદૂત્તમ વન્દનં તે ।।૪૦।।**

હે ઈશ ! મત્સ્ય, અશ્વ, કચ્છપ, નૃસિંહ, વરાહ, હંસ, રાજન્ય, વિપ્ર અને દેવમાં અવતાર કરી (લઈ), આપ અમારું અને ત્રિભુવનનું રક્ષણ કરો છો તેમ હમણાં (કરો). હે યદુઓમાં ઉત્તમ ! ભૂમિનો ભાર હરો. આપને નમસ્કાર છે. ૪૦.

જેમ પહેલાં (ભગવાનના) નવ અવતારો થયા છે તેમ આ પણ દશમો (અવતાર છે). (તે નવ અવતારો પૈકી) ત્રણ જલમાં થએલા, ત્રણ વનમાં થએલા અને ત્રણ લોકમાં થએલા. (૧) મત્સ્ય અશ્વ અને કચ્છપ (કૂર્મ); (૨) નૃસિંહ, વરાહ અને હંસ; (અને) (૩) રાજન્ય, વિપ્ર અને દેવ (અનુક્રમે) તમોગુણવાળાના સરખી, રજોગુણવાળાના સરખી અને સત્ત્વગુણવાળાના સરખી, આકૃતિવાળા (હતા). 'અશ્વ' એટલે હયગ્રીવ. 'આપ (જલ)માં ઉત્પત્તિસ્થાનવાળો અશ્વ (છે)' શ્રુતિ પ્રમાણે અશ્વ પણ જલમાં થએલ, અને હયગ્રીવ પણ જલમાં થએલ[1]. નૃસિંહ કાષ્ઠ(સ્તંભ)માંથી ઉત્પન્ન થએલ હોવાથી વનમાં થએલ છે. વરાહ અરણ્યમાં રહેનારના જેવા સ્વભાવવાળા હોવાથી (વનમાં થએલ છે). અક્ષજ[2] પણ બહિર્વાયુમાં સ્થાનવાળો[3] હોવાથી વનમાં થએલ છે. 'રાજન્ય' એટલે રઘુનાથ. 'વિપ્ર' એટલે પરશુરામ. 'દેવ' એટલે વામન.

---

૧. આ બીજા કલ્પના અભિપ્રાયથી કહેલ છે. કારણ કે બીજા સ્કંધમાં બ્રહ્માના યજ્ઞમાં હયગ્રીવનો પ્રાદુર્ભાવ થયો એમ કહેલ છે. (જૂઓ ૨।૭।૧૧) અથવા પાંચમા સ્કંધમાં એમ કહેલ છે કે હયગ્રીવ બીજા કોઈ યુગમાં રસાતલમાંથી વેદ લઈ આવ્યા. જલમાં જ આવિર્ભાવ કરી તે રહેતા હોય તો એ પ્રમાણે રસાતલમાંથી વેદ લાવી શકે, તેથી તેમને જલમાં થએલા કહેલા છે. (પ્ર)

હયગ્રીવ અસુર પણ જલમાં ઉત્પન્ન થએલો એવો અર્થ છે. તેથી (વિષ્ણુના અવતાર) અશ્વ પણ જલમાં થએલ હોવાનું સંભવે છે એવો ભાવ છે. (લે)

૨. 'અક્ષ' એટલે ઈન્દ્રિય. મનરૂપ ઈન્દ્રિય. મનમાંથી હંસ પ્રકટ થએલ તેથી તે 'અક્ષજ' છે. બ્રહ્મા ધ્યાન કરતા હતા ત્યારે તે પ્રકટ થએલ, અને ધ્યાન મનનો ધર્મ હોવાથી તે 'અક્ષજ' કહેવાય છે. (પ્ર)

૩. જ્યાં બહિર્વાયુ એટલે આકાશ છે તે જ ઉડવાનું સ્થાન છે જેનું, તેવો હંસ છે. વળી જે અવતાર લઈ (ઉપદેશ આપી) બીજાને વનમાં પ્રવેશ કરાવે તેમને વનમાં થએલ કહેવા યોગ્ય જ છે. હંસ જલમાં વસનાર હોવાથી, તે જલપ્રકૃતિવાળા ન હતા, એમ જણાવવા આ પ્રમાણે વ્યાખ્યાન કરેલ છે એમ જાણવું. (પ્ર) ગામથી બહારના વાયુનું સ્થાન અરણ્ય છે (તેથી તે વનમાં થએલ છે) એવો ભાવ છે. (લે)

ઉત્તમપણાના ભેદને લીધે દરેક સ્થલમાં ત્રણ અવતાર કહેલા છે. (૧) મત્સ્ય કરતાં અશ્વ ઉત્તમ છે, (અને) કૂર્મ જલમાં વાસ કરનાર[૪] હોવાથી અશ્વથી પણ (ઉત્તમ છે). (૨) વરાહ ભૂમિનો ઉદ્ધાર કરનાર[૫] અને હિરણ્યાક્ષનો સંહાર કરનાર હોવાથી નૃસિંહથી (ઉત્તમ છે), અને તેમનાથી (વરાહથી) પણ જ્ઞાન આપનાર હંસ ઉત્તમ છે. (૩) ક્ષત્રિય (રઘુનાથ), બ્રાહ્મણ (પરશુરામ) અને દેવ (વામન)માં પહેલાનાં કરતાં પછીનો વધારે ઉત્તમ છે એ સ્પષ્ટ છે. નવ પ્રકારના આ (અવતારો)થી આપે નવ પ્રકારના (જીવો)નું રક્ષણ કરેલું છે. હવે એક (આ અવતાર)થી જ નવ પ્રકારના (જીવો)નું રક્ષણ કરવાનું છે. આ જ ભગવાન્ જૂદી જૂદી જાતિને અનુકૂલ આકાર તથા રૂપવાળાઓમાં અવતાર લઈ રક્ષણ કરે છે. હમણાં તેથી પણ વધારે (કાર્ય કરવા માટે દેવો) પ્રાર્થના કરે છે. પહેલાં આપે આ (નવ)માં અવતાર લઈ અમારું (દેવોનું) અને ત્રિભુવનનું, તથા 'ચ' 'અને' શબ્દથી (જણાવેલ) ધર્મ વિગેરેનું રક્ષણ કરેલું છે તે પ્રમાણે, હમણાં (કરો). હે ઈશ્વર ! સર્વ સામર્થ્યવાળાના રૂપથી (આપે) અવતાર લીધેલ હોવાથી (આપ) તેવા (ઈશ્વર છો). (પહેલાં આપે રક્ષણ કર્યું છે તે પ્રમાણે) ઉપર જણાવેલાં ત્રણ કાર્ય, દેવોની રક્ષા, ત્રૈલોક્યની રક્ષા અને ધર્મની રક્ષા (કરો), અને વધારામાં[૬] ભૂમિનો ભાર દૂર કરો. 'હે યદુઓમાં ઉત્તમ !' સંબોધનથી આ (અવતાર)નો પણ લોકમાં વ્યવહાર (જણાવેલ છે). (આપના) ઉપકારના બદલામાં (અમે) નમસ્કાર (કરીએ છીએ). ઉપકારનો બદલો નમસ્કાર જ (હોઈ શકે) એવો અર્થ છે.

ભગવાનનાં આ જ દશ રૂપો સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારાં છે[૭]. અહિં મત્સ્ય વિગેરે (અવતારો) દૃષ્ટાંત તરીકે કહેલા છે તેનો ભાવ નીચે પ્રમાણે છે :

૪. 'વાસ્તવ્યત્વાત્' એટલે 'સદા જલમાં વસનાર હોવાથી.' તૈત્તિરીયબ્રાહ્મણમાં પ્રજાપતિ અને કૂર્મના સંવાદમાં આ કહેલ છે. (પ્ર) વાસ્તવ (વાસ્તવિક) રૂપને યોગ્ય હોય તે 'વાસ્તવ્યઃ' કૂર્મ સદા પૃથ્વીને ધારણ કરે છે, બીજાઓ તો માત્ર અવતાર દશામાં જ કાર્ય કરે છે. (તેથી કૂર્મ 'વાસ્તવ્યઃ' છે). (લે)

૫. નૃસિંહે પ્રહ્લાદ જેવો હતો તેવાનું રક્ષણ જ કર્યું હતું, પરંતુ વરાહે નષ્ટ થએલ ભૂમિનો ઉદ્ધાર કર્યો તેવું કર્યું ન હતું. (લે)

૬. રામાવતારમાં રાવણનો વધ કરવા પ્રાર્થના થએલ હોવાથી તેમણે તેટલું જ કાર્ય કર્યું, અને ધર્મની રક્ષા કરવાના પ્રસંગમાં બીજું પણ (અસુર હણવાનું કાર્ય) કર્યું; પરંતુ મુખ્ય રીતે ભૂમિનો બધો ભાર દૂર થયો ન હતો, એવો ભાવ છે. (લે)

૭. 'નવ અવતારનાં કાર્યો કરવાની પ્રાર્થના કરી, અને વધારામાં ભૂમિનો ભાર હરવાની પ્રાર્થના કરી, પણ બીજા (બાકીના) અવતારોનું કાર્ય કરવાની પ્રાર્થના કેમ ન કરી ?' એવી શંકા થાય

“(ભગવાનનો) અવતાર ભૂમિને ભારરૂપ થએલ અસુરોરૂપી રાજાઓને હણવા માટે (થાય છે.) આમ હોવાથી તેઓ (અસુરરૂપી રાજાઓ) સાથે યુદ્ધ (કરવાનું) સંભવે, અને (ભગવાન યુદ્ધ કરે) તે (તેમનામાં) ઘણો સ્નેહ હોવાથી ભક્તો સહન કરી શકે નહિ. તેથી ‘આ પૌરુષરૂપ (ચર્મચક્ષુવાળાઓને ન દેખાડો)’ ૧૦।૩।૨૮, ‘તે (પાપી) આપનો મારામાં જન્મ ન જાણો’ ૧૦।૩।૨૯માં જેવી દેવકીજીએ (પ્રાર્થના કરી) તેવા જ પ્રકારની પ્રાર્થના બ્રહ્મા વિગેરે (દેવો) (ભગવાનનું) માહાત્મ્ય જાણતા હોવા છતાં (તેમના) ભક્ત હોવાથી ભૂમિનો ભાર દૂર કરવાના વિષયમાં કરે છે, કે જ્યાં સુધી પોતાનું ઐશ્વર્ય વિગેરે પ્રકટ કર્યા વિના ઘણા છૂપા રહીને, અથવા બીજાની મારફત શત્રુને હણવાનું બને ત્યાં સુધી (આપે) પોતે યુદ્ધ કરવું નહિ.”

“(૧) પ્રલય કરનાર સમુદ્ર થયો ત્યારે ત્યાં સત્યવ્રત વિગેરે ભક્તોની રક્ષા કરવાની હતી. આમ હોવાથી પુરુષ વિગેરે રૂપથી ભક્તોની રક્ષા કરવામાં આવે તો મઘર વિગેરેથી ભય થવાના સંભવથી ભક્તોને ભગવાન્ ઉપરના સ્નેહને લીધે લોકરીત પ્રમાણે દુઃખ થાય, તેથી તે (તેવું દુઃખ) ન થાય તે માટે જે રૂપથી જલમાં સંચાર કરવાથી સુખ થાય તેવું મત્સ્યનું રૂપ, જગતમાં હલકી જાતનું ગણાતું હોવા છતાં અંગીકાર કરી ભગવાને સત્યવ્રત વિગેરેની રક્ષા કરી; તે પ્રમાણે હમણાં પણ ઉપર જણાવ્યું તેવી રીતે રક્ષા કરો એવી પ્રાર્થના છે. તેથી જ ભિક્ષુકપણું પોતાના ઐશ્વર્ય વિગેરે ગુણોથી વિરુદ્ધ હોવા છતાં તેનો અંગીકાર કરી શ્રીકૃષ્ણે ભીમ પાસે જરાસંધનો વધ કરાવ્યો, પરંતુ પોતે કર્યો નહિ.”

“(૨) હયગ્રીવે બ્રહ્માના યજ્ઞમાં પ્રકટ થઈ અસુરોને હણવાનું અને વેદનું રક્ષણ કરવાનાં (કાર્યો) કર્યાં. અહિં (શ્રીકૃષ્ણે) પણ (યુધિષ્ઠિરના) રાજસૂયયજ્ઞમાં પ્રકટ રહી બ્રાહ્મણોના સન્માનથી મર્યાદા રાખી, વેદની વિરુદ્ધ બોલનાર ચૈદ્ય (શિશુપાલ)ને પ્રયાસ વિના હણ્યો.”

“(૩) ‘અંગને ખણવાનું જ (માન્યું)’ ૮।૭।૧૦ વિગેરે વાક્યો પ્રમાણે કૂર્મે તો સુખના સાધન તરીકે જ મંદરને ધારણ કર્યો. તેવી જ રીતે અહિં (શ્રીકૃષ્ણે) પણ વીર્ય અને બલ ઘણાં હોવાને લીધે થએલી બાહુની ચળ શાંત થાય તે માટે જ યુદ્ધ કરવું, પરંતુ સામે યુદ્ધ કરનાર આવી મળે તે માટે જ યુદ્ધ કરવું નહિ, (પરંતુ) તેવા સમયે બીજાને જ (યુદ્ધ કરવા) પ્રેરણા કરવી એવી (દેવોની) પ્રાર્થના (છે). તેથી જ જ્યાં (શ્રીકૃષ્ણે) યુદ્ધ કરેલું છે ત્યાં તેવી જ રીતે (બાહુની ચળ શાંત કરવા)

---

તેથી આ વાક્ય કહેલ છે. આથી જ બધું કાર્ય સિદ્ધ થાય છે (તેથી વધારે કાર્યની પ્રાર્થના કરી નથી) એવો અર્થ છે. (લે)

જ રમત માટે મૃગયા કરે તેમ કરેલું છે એમ જાણવું. તેથી જ 'પરંતુ તે માત્ર જગતના બે ઈશ્વરો (શ્રીકૃષ્ણ અને બલભદ્ર)ની ક્રીડા જ હતી' ૧૦।૪૭।૨૯, એવું વચન (છે). જેમ (કૂર્મે) અમૃત આપવા માટે જ મંદરને ધારણ કર્યો હતો તેમ અહિં પણ (શ્રીકૃષ્ણે) પોતાના સ્વરૂપરૂપી અમૃતનું દાન કરવા માટે જ ગોવર્ધનને ઉપાડ્યો હતો અને તેનાથી (વ્રજભક્તોની) રક્ષા કરી હતી.''

''(૪) નૃસિંહે તો ભક્ત(પ્રહ્લાદ)ની રક્ષા કરવા માટે ભક્તના પિતાને, તે પહેલાં ભક્ત હોવા છતાં, અકસ્માત્ પ્રકટ થઈ મારી નાખ્યો હતો, અને એમ પણ જણાવ્યું હતું કે લક્ષ્મી વિગેરે પણ તેમની પાસે જઈ શકે તેમ નથી, (પણ) માત્ર ભક્ત જ (પોતે) દૈત્ય હોવા છતાં તેમની પાસે જઈ શકે છે. અહિં પણ (શ્રીકૃષ્ણે) પાંડવોની રક્ષા કરવા માટે, ભક્તો હોવા છતાં આસુર આવેશવાળા તેમના પિતામહ (ભીષ્મ) વિગેરેને મારી નાખ્યા હતા, અને તેવી જ રીતે કંસ વિગેરેને પણ મારી નાખ્યા હતા, અને (પાંડવોના) વનવાસ દરમ્યાન પૃથાના પુત્રોની રક્ષા કરવા અકસ્માત્ પ્રકટ થઈ, બાકી રહેલ શાક તથા અન્નનું ભક્ષણ કરી સર્વ બરાબર કર્યું હતું (પાંડવોની આફત ટાળી હતી).''

''(૫) વરાહ તો જેનો ઉદ્ધાર કરવા માટે પ્રકટ થએલ તે (પૃથ્વી)ના તરફ એટલા બધા પક્ષપાતવાળા હતા કે તે (પક્ષપાત)ને લીધે માત્ર તેના જ ખાસ ગુણ ગંધને ગ્રહણ કરનાર ઈન્દ્રિય(નાક)ના જ સ્થાનમાં પ્રકટ થયા, પરંતુ નૃસિંહ વિગેરેની પેઠે (બીજે) પ્રકટ થયા નહિ. અહિં (શ્રીકૃષ્ણ) પણ પાંડવોની રક્ષા માટે આવતાં, તેમના જ ગુણોનું ગ્રહણ કરનાર વિદુરના ઘેર જ રહ્યા, પરંતુ બીજે રહ્યા નહિ. તેવી જ રીતે વ્રજમાં રહેનાર (ભક્તો)નો ઉદ્ધાર કરવા, તેઓના જ સંબંધવાળા સ્થલ(શ્રીગોકુલ)માં પોતે પ્રકટ થઈ તેમ (તેઓનો ઉદ્ધાર) કર્યું, પરંતુ બીજે રહીને તેમ ન કર્યું. એ જ પ્રમાણે વૈદર્ભી (રુક્મિણી)નો ઉદ્ધાર કરતાં, (તેમને) રોકી રાખનાર રુક્મિને (પૃથ્વીનો રોધ કરનાર) હિરણ્યાક્ષની પેઠે માર્ગમાં જ (વરાહ પેઠે) ભેગા થઈ, પોતાનું કાર્ય કર્યું, પરંતુ (રુક્મિને) તે જ સમયે હણ્યો નહિ, અને પછી તેમ કર્યું (તેને હણ્યો, બલભદ્ર દ્વારા).''

''(૬) હંસે તો તત્ત્વનો ઉપદેશ કરી, બ્રહ્મા વિગેરેના શોકનો નાશ કર્યો, અહિં પણ (શ્રીકૃષ્ણે) વેદની મર્યાદાથી વિરુદ્ધ ગુરુનો વધ વિગેરે (કાર્યો)થી દૂર રહેનાર(અર્જુન)ની તે વિષયની ચિંતા તથા શોકને તત્ત્વના ઉપદેશથી હરી લીધાં. તેમ કર્યું ન હોત તો ભૂમિનો ભાર દૂર ન થાત.''

''(૭) રઘુનાથે તો ડૂબાડનાર સાધન(પર્વત)ને તારનાર (દરીઆની પાર

ઉતારનાર) બનાવી, એક ભક્તને માટે અનેક દૈત્યોનો વધ કર્યો. તેવી જ રીતે અહિં પણ (શ્રીકૃષ્ણ) ભૂમિના નિમિત્તથી અનેકને હણવાના હતા. 'એક ભૂમિને માટે અનેકનો વધ કેમ કરું ?' એવી શંકા પણ આથી દૂર થાય છે. (દૈત્યોના ડૂબાડનાર) દ્વેષ વિગેરે ભાવને પણ તારનાર (મોક્ષ અપાવનાર) (કર્યા એ) સ્પષ્ટ (છે).''

''(૮) પરશુરામે તો બ્રાહ્મણની વૃત્તિવાળા હોવા છતાં ક્ષત્રિયના ઘોર ધર્મને સ્વીકારી અસુરના રૂપમાં રહેલા રાજાઓને હણ્યા. અહિં પણ શ્રીકૃષ્ણ બ્રહ્મ હોવાથી સર્વને સમાન હોવા છતાં, (તેમણે) દૈત્યોનો વધ કરવાનો જ હતો.''

''(૯) વામને તો માતાની પ્રાર્થનાથી પ્રકટ થઈ, બ્રહ્મા વિગેરેથી ન થઈ શકે તેવું, ત્રિભુવન (દેવો માટે) પાછું લાવવાનું (કાર્ય) માત્ર વાણીથી કર્યું. એવું જ (કાર્ય) અહિં (શ્રીકૃષ્ણે) વૃકાસુરના વધ(ના પ્રસંગ)માં કર્યું (એ) સ્પષ્ટ (છે). દેવકીજીની પ્રાર્થનાથી પ્રકટ થઈ બ્રહ્મા વિગેરેને પણ પ્રાપ્ત થઈ શકે નહિ તેવો પોતાનો આનંદ (પરમાનંદ) યદુઓને આપ્યો, રાજ્ય પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનાર કંસને મારી નાખી ઉગ્રસેનને રાજ્ય આપ્યું, પરંતુ પોતે લીધું નહિ.''

એ પ્રમાણે નમસ્કાર કર્યા ત્યાં સુધી દેવોએ ભગવાનની સ્તુતિ કરી. કંસ વિગેરેનો વધ તો બહુ પ્રયોજનવાળો નથી. તેથી તેની આ સ્તુતિમાં વિશેષ રીતે (ખાસ જૂદી) નોંધ લીધી નથી. ૪૦.

તે (ભગવાનનું) ચરિત્ર ફલરૂપ[૧] છે એવું જણાવતાં, પ્રસંગને લીધે દેવકીજીનું સાંત્વન પણ નીચેના શ્લોકમાં કરે છે :

**દિષ્ટ્યામ્બ તે કુક્ષિગતઃ પરઃ પુમાનંશેન સાક્ષાદ્ ભગવાન્ ભવાય નઃ ।।**
**મા ભૂદ્ ભયં ભોજપતેર્મુમૂર્ષોર્ગોપ્તા યદૂનાં ભવિતા તવાત્મજઃ ।।૪૧।।**

હે માતા ! પર પુરુષ સાક્ષાત્ ભગવાન્ અમારા કલ્યાણ માટે અંશથી આપના ઉદરમાં પધાર્યા છે. મરવાના થએલા ભોજપતિથી (તમને) ભય થશે નહિ. આપનો પુત્ર યદુઓનું રક્ષણ કરનાર થશે. ૪૧.

હે 'અમ્બ' એટલે હે માતા ! સર્વરૂપ ભગવાનનાં માતા (સર્વનાં માતા

---

૧. પાછલ ૩૮મા શ્લોકમાં ભગવચ્છાસ્ત્રમાં ભગવાન્ જ પ્રમાણ વિગેરે ચારે છે એમ જણાવેલ છે. ધર્મરૂપથી ભગવાન્ પ્રકટ થાય તેમનો આવિર્ભાવ કર્મો છે, અને આનંદરૂપથી પ્રકટ થાય તેમનો આવિર્ભાવ જન્મ છે એવો વૈદિક સિદ્ધાંત પણ કહેલો છે. ભગવચ્છાસ્ત્ર અને વૈદિક સિદ્ધાંત (આ વિષયમાં) એક સરખા હોવાથી આ ભગવાનના ચરિત્રને અહિં ફલ કહેલ છે. (પ્ર)

અહિં ભગવાનને 'પર પુરુષ' કહેલ છે, તેથી તેમનું ચરિત્ર ફલરૂપ છે એમ જણાવેલ છે. (લે)

હોવાથી દેવોનાં પણ) માતા જ છે. નૃસિંહની પેઠે (શ્રીકૃષ્ણનો) અકસ્માતથી જ આવિર્ભાવ થાય તે યોગ્ય નથી (તેથી માતાની જરુર છે). (ભગવાન્) આપના ઉદરમાં પધાર્યા તે મોટું ભાગ્ય. (આ વાક્યમાં) કહેલ અર્થ યોગ્ય છે, એમ જણાવવા 'પર પુરુષ' શબ્દો યોજેલ છે. (તેનો) અર્થ પુરુષોત્તમ એવો છે. (પુરુષોત્તમ ઉદરમાં પધાર્યા એને મોટું ભાગ્ય કહેવું યોગ્ય જ છે). 'અંશથી' એટલે આપના ઉદરના એક ભાગથી (ભાગમાં) (પધાર્યા છે), અથવા પ્રદ્યુમ્ન અંશથી પુત્ર (થઈ) (પધાર્યા છે). 'જ્ઞાનનાં અંશથી અથવા ક્રિયાના અંશથી (ભગવાન્) ઉદરમાં પધાર્યા હશે' એવી શંકા દૂર કરવા 'સાક્ષાત્ ભગવાન્' શબ્દો યોજેલા છે. આપના ઉદરમાં આપને માટે (તે) પધાર્યા નથી, પરંતુ 'ભવાય નઃ' એટલે અમારા જ કલ્યાણ માટે આપના ઉદરમાં પધાર્યા છે.

'ત્યારે મારી (દેવકીજીની) શી ગતિ ?' એવી શંકા થાય, તેથી તેમને 'ભયં માઽભૂત્' 'ભય થશે નહિ' એમ કહે છે. ત્રીજા પુરુષમાં ઈચ્છા દર્શાવવી હોય ત્યારે વેદમાં 'લુઙ્' અદ્યતનભૂતકાલ 'લઙ્' હ્યસ્તનભૂતકાલ અથવા 'લિટ્' પરોક્ષ ભૂતકાલ વપરાય છે એ સૂત્ર પ્રમાણે, અહિં 'લટ્' વર્તમાનકાલના અર્થમાં 'લુઙ્' અદ્યતનભૂતકાલ ('અભૂત્') વપરાએલ છે. અથવા 'માઙિ લુઙિ' ૩।૩।૧૭૫ ('મા' શબ્દ ધાતુની પૂર્વે આવેલ હોય ત્યારે ધાતુનું અદ્યતન ભૂતકાલનું રૂપ યોજાય છે), એ સૂત્ર પ્રમાણે ('અભૂત્') પણ તે પ્રમાણે (અદ્યતનભૂતકાલ વપરાએલ છે). 'ભોજપતિ' એટલે કંસથી (તેમને ભય થશે નહિ;) કારણ કે તે વચનથી જ ભય પમાડે છે, પરંતુ કાંઈ ક્રિયા કરવા શક્તિવાળો નથી; અને તેના વચનની દરકાર કરવી નહિ; કારણ કે આ (તે) મરવાનો થયો છે. મરવાનો થએલ હોય તેની વાણી ઢંગધડા વગરની હોય છે.

'તમારા માત્ર વચનથી મારો ભય કેમ દૂર થાય ?' એવી શંકા થાય, તેથી 'આપનો પુત્ર યદુઓનું રક્ષણ કરનાર થશે' એમ કહેલ છે. આપની રક્ષા (થશે તે)માં શું સંદેહ છે ? આપનો પુત્ર બધાએ યદુઓનું રક્ષણ કરનાર થશે. આથી (ભગવાનનું) સ્વરૂપ[૨], કાર્ય[૨] અને ગૌણ કાર્ય[૨] કહેલ છે. ૪૧.

નીચેના શ્લોકમાં (શ્રીશુક) ઉપસંહાર કરે છે :

શ્રીશુક કહે છેઃ

**ઈત્યભિષ્ટૂય પુરુષં યદ્રૂપમનિદં યથા ।।**

---

૨-૨-૨. 'પર પુરુષ' શબ્દથી (ભગવાનનું) સ્વરૂપ કહેલ છે. 'દેવોના કલ્યાણ માટે' શબ્દોથી ભગવાનનું કાર્ય કહેલ છે, અને 'તમને ભય થશે નહિ' શબ્દોથી ગૌણ કાર્ય કહેલ છે. (લે)

**બ્રહ્મેશાનૌ પુરોધાય દેવાઃ પ્રતિયયુર્દિવમ્ ॥૪૨॥**

એ પ્રમાણે જેવાં રૂપવાળા છે, અને જેવા પ્રકારનું આ નથી તેવી રીતે પુરુષની સ્તુતિ કરી, બ્રહ્મા અને શંકરને આગળ કરી દેવો સ્વર્ગમાં ગયા. ૪૨.

'પુરુષ' શબ્દથી (ભગવાન્) સ્વતંત્ર રીતે સર્વ કાર્યો કરનારા છે એમ કહેલ છે. 'જેવાં રૂપવાળા' એટલે ઉપર સ્તુતિમાં જેવું રૂપ જણાવ્યું (તેવાં રૂપવાળા). 'જેવા પ્રકારનું આ નથી તેવી રીતે[1]' શબ્દથી (એમ જણાવેલ છે કે) આ જેમ (સ્તુતિમાં) કહ્યું તેવા (ભગવાન્) નથી પણ; કારણ કે (ભગવાન્) દૈત્યોને પણ મુક્તિ આપી તેઓનું પણ હિત કરનારા છે. (તેથી) આ (સ્તુતિમાં કરેલ વર્ણન) એવું (સ્તુતિમાં વર્ણવ્યું તેવું), હોવા છતાં તેવું નથી પણ; પ્રકારના ભેદથી બધુંએ (સ્તુતિમાં કહેલ) સત્ય છે, અને બધું અસત્ય છે, એવો અર્થ છે.

'બ્રહ્મા અને શંકર હરકોઈ પ્રકારે અહિં જ રહેશે' એવી શંકાથી તે બેને આગળ કરી, દેવો સ્વર્ગમાં ગયા; અથવા ('પ્રતિદિવમ્') જૂદા જૂદા સ્વર્ગમાં ગયા. એકવીસ સ્વર્ગો છે, અને સો સ્વર્ગો છે એવા મતભેદ પ્રમાણે જૂદા જૂદા દેવ પોતપોતાના સ્વર્ગે ગયા એવો અર્થ છે. 'યયુઃ' 'ગયા' શબ્દથી (એમ જણાવેલ છે કે) રસ્તામાં દૈત્યોએ કરેલ કાંઈ વિઘ્ન (તેમને) થયું (નડ્યું) નહિ, એવું 'યા પ્રાપણે' 'યા ધાતુ પહોંચાડવાના અર્થમાં (યોજાય છે)' એ ધાતુથી સૂચવેલું છે. ૪૨.

**ઈતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીના દશમસ્કંધના જન્મપ્રકરણના વિવરણમાં બીજો અધ્યાય સમાપ્ત.**

---

૧. 'અનિદંયથા' એક શબ્દ છે. 'ઈદં ચ તદ્ યથા ચ=ઈદંયથા.' આ અને જેવું છે તે 'ઈદંયથા. ન ઈદંયથા=અનિદંયથા.' એટલે આ જેવું નથી તેવું. અથવા આ જેવા પ્રકારનું નથી તેમ. આ પ્રમાણે સમાસ છૂટો કરવો. (પ્ર)

# ।। અધ્યાય ત્રીજો ।।

**જનનં વર્ણનં સ્તોત્રે સાન્ત્વનં ગમનં તથા ।।**
**ષડ્વિધો ભગવાનત્ર તૃતીયે વિનિરૂપ્યતે ।।કા.૧।।**

૧.જન્મ[1] ૨.વર્ણન ૩-૪.બે સ્તુતિઓ ૫.સાંત્વન અને ૬.ગમન એવા છ પ્રકારના[2] ભગવાનનું અહિં[3] નિરૂપણ કરવામાં આવે છે. કા.૧.

**રૂપાન્તરસ્વીકરણમધ્યાયાર્થ ઈહોદિતઃ ।।**
**પ્રતીયમાનો ભગવાનિતિ ષડ્વિધ ઉચ્યતે ।।કા.૨।।**

બીજા રૂપનો સ્વીકાર એ અહિં અધ્યાયનો અર્થ કહેલો છે. (અહિં જે) જણાય છે[4] તે ભગવાન્ છે તેવા હેતુથી તેમને છ પ્રકારના[4] કહેલ છે. કા.૨.

**અષ્ટભિશ્ચ ચતુર્ભિર્વૈ દશભિશ્ચાષ્ટભિસ્તથા ।।**
**ચતુર્દશભિરષ્ટાભિઃ ષડર્થાઃ ક્રમતોઽત્ર હિ ।।કા.૩।।**

અહિં છ અર્થો અનુક્રમે ૧.આઠ શ્લોકોથી ૨.ચારથી ૩.દશથી અને ૪. આઠથી ૫.ચૌદથી અને ૬.આઠથી કહેલા છે[5]. કા.૩.

**ઐશ્વર્યમષ્ટધા યસ્માદર્ધમાત્રા હરૌ પરા ।।**

---

૧. ૧૦।૨।૩૮માં 'ભગવાનનો ધર્મરૂપથી આવિર્ભાવ થાય તે કર્મ અને આનંદરૂપથી આવિર્ભાવ થાય તે જન્મ' એમ કહેલ છે. (તેથી અહિં 'ભગવાનનો જન્મ' એટલે ભગવાનનો આનંદરૂપથી આવિર્ભાવ જાણવો.) (પ્ર)

૨. 'છ પ્રકારના ભગવાન્' એટલે જનન વિગેરે છ પ્રકરણોના અર્થરૂપ ભગવાન્. (કા)

૩. 'અહિં' એટલે 'આ (ત્રીજા) અધ્યાયમાં.' (કા)

૪. ભગવાનના અનંતગુણો હોવા છતાં ૨।૧।૫માં છ જ ગુણો શ્રવણ કરવાના કહેલા છે. તેથી ભાગવતમાં જણાતા ભગવાન જ છે, એમ જણાવવાના હેતુથી છ પ્રકારના કહેલ છે. (લે)

'દેહનું ગ્રહણ કરનાર જીવ દેખાતો નથી, પરંતુ દેહ જ દેખાય છે. એવી રીતે અહિં (ભગવાનના સંબંધમાં) પણ દેહ જ દેખાય છે અને તેની અંદર રહેલ ભગવાન્ બીજા જ હશે' એવી કોઈને શંકા થાય તે દૂર કરવા કહે છે, કે ભગવાનમાં દેહ અને દેહીનો ભાવ નહિ હોવાથી જે દેખાય છે તે જ ભગવાન્ છે; એમ સૂચવવા છ પ્રકારથી ભગવાનનું આ અધ્યાયમાં નિરૂપણ કરવામાં આવે છે. (યો)

અહિં જે દેખાય છે તે ભગવાનજ છે તેવા હેતુથી (તેમ જણાવવા) પહેલી કારિકામાં કહેલ 'જન્મ' વિગેરે છ પ્રકારથી છ પ્રકારના ભગવાન્ કહેલ છે, એવો અર્થ છે. (કા)

૫. (૧) આઠ શ્લોકોથી જન્મ, (૨) ચાર શ્લોકોથી વર્ણન, (૩) દશ શ્લોકોથી વસુદેવે કરેલી સ્તુતિ, (૪) આઠ શ્લોકોથી દેવકીજીએ કરેલી સ્તુતિ, (૫) બત્રીસમા શ્લોકથી આરંભી ચૌદ શ્લોકોથી સાંત્વન અને (૬) આઠ શ્લોકોથી ભગવાનનું શ્રીગોકુલ પધારવું કહેલાં છે.

**સાર્ધાષ્ટભિરતઃ પ્રોક્તમૈશ્વર્યં સર્વમંગલમ્ ।।કા.૪।।**

કારણ કે ઐશ્વર્ય આઠ પ્રકારનું છે અને અર્ધમાત્રા હરિ (સર્વથી) ઉત્તમ છે (એમ દર્શાવનારી છે)[૬], તેથી સાડા આઠ (શ્લોકો)થી સર્વનાં શુભપણાવાળું ઐશ્વર્ય (કહેલું) છે[૬]. કા.૪.

**અધિકારિણિ કાલે વૈ અનન્તા ભગવદ્ગુણાઃ ।।**

**ખણ્ડશસ્તેઽવયવશઃ સર્વેષાં ફલબોધકાઃ ।।કા.૫।।**

(ભગવાનના) અધિકારી કાલમાં ભગવાનના અનંત ગુણો છે. તેઓ અવયવોથી (અને) વિભાગથી બધાનું ફલ જણાવનારા હોય છે[૭]. કા.૫.

---

(કા) જન્મનો અર્ધ તથા માત્ર સંકલના જણાવનાર ૨૩મો શ્લોક ગણેલ નથી તે ગણતાં કુલ ૫૩ા શ્લોક થાય છે.

૬. જન્મ સાડાઆઠ શ્લોકોથી કહેવાનું કારણ અહિં જણાવેલ છે. ઐશ્વર્ય આઠ પ્રકારનું હોવાથી આઠ શ્લોકો ઐશ્વર્ય સૂચવનારા છે અને અર્ધા શ્લોકથી પ્રણવ(ૐ)માં રહેલી અર્ધીમાત્રા સૂચવેલી છે. તેથી જે આઠ પ્રકારના ઐશ્વર્યવાળા છે અને પ્રણવની અર્ધીમાત્રાથી જેમનું નિરૂપણ થાય છે તે ભગવાન્ અવતર્યા છે, એમ જણાવવા સાડાઆઠ શ્લોકોથી જન્મનું વર્ણન કરેલ છે. (યો+કા)

'અર્ધમાત્રારૂપ શ્રીકૃષ્ણ છે' એવી તાપનીય શ્રુતિ, અને 'અર્ધી ચોથી માત્રાવાળા ૐ એ એક જ અક્ષરથી પર પુરુષનું ધ્યાન કરવું' એ શ્રુતિ પ્રમાણે પ્રણવની ચોથી અર્ધીમાત્રા છે તે પ્રકટ થએલ હરિ ઉત્તમ છે એમ દર્શાવનારી છે. અહિં ગર્ભની વૃદ્ધિ વિગેરે બીજાના જેવાં જ હોવા છતાં પણ પ્રાદુર્ભાવના પ્રકારથી લોકથી જૂદા સ્વરૂપથી ભગવાનનું પ્રાકટ્ય થયું છે, એમ દર્શાવવા અર્ધીમાત્રા સૂચવનાર અર્ધો શ્લોક છે. (પ્ર)

૭. 'તેઓ' એટલે કાલમાં રહેલા ભગવાનના અનંત ગુણો. 'વિભાગથી' એટલે ગુણના વિભાગથી અને 'અવયવોથી' એટલે કાલના અવયવોને લીધે. 'બધાનું' એટલે ગ્રહો, નક્ષત્રો અને તારાઓનું જે ફલ તેને જણાવનારા છે. (પ્ર)

અધિકારી કાલમાં શુભ ફલ સૂચવનારા ઉત્તરાયણ વિગેરે ભગવાનના અનંતગુણો છે, પરંતુ ભગવાન્ સિવાય બીજા બધાનાં તેઓ 'અવયવોથી' એટલે ઉત્તરાયણ વિગેરેથી કેટલેક અંશે ફલ જણાવે છે અને તે પણ વિભાગથી ફલ જણાવે છે. તેથી કાલ કોઈક ગુણ પ્રકટ કરે છે એટલું અધ્યાહાર જાણવું. ફલ તો ભગવાન જ આપે છે, પરંતુ કાલમાં રહેલા ભગવાનના ગુણો આપતા નથી. (ભગવાન્) કાલમાં ઉત્તરાયણપણું વિગેરે પોતાના ધર્મોનો પ્રવેશ કરાવી, તેઓનું ઉત્તરાયણ વિગેરે નામ કરાવી તેમનાથી ફલ જણાવે છે, તેથી તેઓ માત્ર ફલ જણાવનારા છે, પણ ફલ આપનારા નથી. (લે+કા)

કાલ 'વિભાગથી' એટલે પુરુષના ભેદથી (અમુક પુરુષને) ઉત્તમ ફલ આપે છે, અને તે 'અવયવોથી' એટલે અવયવરૂપ સૂર્ય વિગેરે(ગ્રહો)થી ફલ આપે છે જેમકે નવમા સ્થાનમાં ગુરુ હોય તો ઈચ્છેલું ફલ પ્રાપ્ત થાય, પરંતુ સર્વને નવમા સ્થાનમાં ગુરુ હોતો નથી.

**મૂલે સમાગતે કાલઃ સ્વકીયાન્ સકલાન્ ગુણાન્ ।।**
**હરૌ પ્રદર્શનાર્થાય પ્રકટીકૃતવાન્ યથા ।।કા.૬।।**

મૂલ (સ્વરૂપ) પધારતાં[૮] કાલે હરિને દર્શાવવા માટે પોતાના સર્વે ગુણો

---

તેથી દેવદત્ત, યજ્ઞદત્ત વિગેરે જૂદા જૂદા પુરુષને ફલ આપે તે વિભાગથી અને સૂર્ય ચંદ્ર વિગેરે કોઈથી શુભ ફલ આપે તે અવયવોથી ફલ આપ્યું એવી લોકમાં વ્યવસ્થા છે. તેથી જીવના જન્મ સમયે કાલ હરકોઈ એક, બે કે ત્રણ ગુણો પ્રકટ કરે છે, પરંતુ ભગવાનના પ્રાકટ્ય સમયે તો આધિદૈવિક કાલે સર્વ શુભ ગુણો પ્રકટ કર્યા. તેથી શ્રીશુકે તેને સર્વગુણોવાળો કાલ કહ્યો. (યો)

૮. '(ભગવાનનો જન્મ) દક્ષિણાયન, કૃષ્ણપક્ષ, મધ્યરાત્રિ વિગેરે દોષવાળા અને સર્વ કર્મો માટે નિંદાએલા (કાલમાં થયો), તેને ૧૦।૩।૧માં સર્વ ગુણોવાળો કહ્યો તે યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી તે કાલને સર્વગુણવાળો કહેવાનું તાત્પર્ય પાંચમી તથા આ છઠ્ઠી કારિકાઓથી જણાવેલું છે. અધિકારી કાલમાં ભગવાનના અનંત ગુણો છે.

'કાલમાં ગુણો ભલે હોય, તો પણ દક્ષિણાયન વિગેરે દોષો તો એવા ને એવા રહે છે જ' એવી શંકા થાય, તો જાણવું કે અહિં પહેલાં કહેલા આધિભૌતિક કાલમાં ભગવાનનો પ્રાદુર્ભાવ થયાનું કહેલ નથી, પરંતુ હમણાં (જન્મ સમયે) જ ભગવાનની લીલાના આવિર્ભાવનો આરંભ થતો હોવાથી, જેને આગળ ભગવદ્રૂપ કાલ કહેવામાં આવશે તે લીલાના કાલનો આવિર્ભાવ થયો છે. એવી જ રીતે દેશો વિગેરે પણ (લીલાના જ પ્રકટ થયા). તેથી જ ૧૦।૩।૧માં 'અથ' શબ્દ જૂદો આરંભ દર્શાવવા યોજેલો છે; કારણ કે આધિભૌતિક કાલ વિગેરેમાં ભગવાનનો જન્મ થયો ન હતો. જે આધિદૈવિક કાલમાં પ્રાકટ્ય થયું તે આધિદૈવિક કાલનું આધિભૌતિક કાલ અધિષ્ઠાન (રહેઠાણ) હતું, છતાં જેમ રમણ કરવાની રાત્રિઓને ભગવાને ગોપીઓને દિવસે જ દેખાડેલી (જૂઓ ૧૦।૧૯।૨૭) તેથી તે રાત્રિઓને દિવસ કહી શકાય નહિ, તેમ આધિદૈવિક કાલનું અધિષ્ઠાન આધિભૌતિક કાલ હતો તેથી આધિદૈવિક કાલને આધિભૌતિક કહેવો યોગ્ય નથી. તેથી જ શ્રીશુકે પ્રાકટ્યના કાલને 'સર્વગુણવાળો' કહેલો છે. તેમ ન હોત તો તમે જણાવેલ દક્ષિણાયન વિગેરે દોષો પ્રકટ હોવાથી શ્રીશુક તેને 'સર્વગુણવાળો' ન કહેત. જો કે ઉત્તરાયણપણું વિગેરે ગુણોવાળા આધિભૌતિક કાલમાં પણ ભગવાનનું પ્રાકટ્ય થઈ શકત, છતાં આવા દક્ષિણાયન વિગેરે દોષોવાળા કાલમાં ભગવાને પોતાનું પ્રાકટ્ય કર્યું તે લોકોને એમ જણાવવા કર્યું કે પુષ્ટિમાર્ગ મર્યાદામાર્ગથી ઘણો જૂદા પ્રકારનો અને સર્વથી બલવાન છે, એમ અમે ધારીએ છીએ. તેથી જ 'સર્વ દેવતાઓ (સ્તુતિ કરવા આવેલ તેમ)ની હાજરીને લીધે કાલ સર્વગુણવાળો થયો હશે,' એવી શંકા ન રહે તે માટે, તે બધા ગયા પછી, જૂદા આરંભથી 'કાલ સર્વગુણવાળો થયો' એમ કહેલ છે. ૧૦।૩।૧માં 'સર્વગુણવાળો' કાલને કહેલ છે, તેમાં સર્વ શબ્દનો સંકોચ વિના અર્થ કરતાં, તે શબ્દથી ઐશ્વર્ય વિગેરે ગુણો કહેલા છે એવો અર્થ થાય છે. તેથી તેવા ગુણોવાળો કાલ ભગવદ્રૂપ છે એટલે તે લીલાનો કાલ છે એવો અર્થ થાય છે. (ટિ+પ્ર)

બરાબર[૯] પ્રકટ કર્યા[૧૦]. કા.૬.

**દેશોઽપિ ત્રિવિધશ્ચૈવ ભૂતાન્યપિ તથૈવ ચ ।।**
**તત્રત્યા યે વિદુસ્તેઽપિ જ્ઞાપનાર્થં ગુણાન્ સ્વકાન્ ।।કા.૭।।**
**પ્રકટીકૃતવન્તો વૈ દોષનાશપુરઃસરમ્ ।।**

ત્રણ પ્રકારના દેશે[૧૧] અને[૧૨] તેવી જ[૧૩] રીતે ભૂતોએ અને ત્યાં રહેલા[૧૪] જેઓ જાણતા હતા[૧૫] તેઓએ પણ દોષોના નાશપૂર્વક પોતાના ગુણોને જણાવવા[૧૬] પ્રકટ કર્યા. કા.૭ાા.

એવી[૧૭] રીતે ગયા (બીજા) અધ્યાયમાં ભગવાનનો ઉદ્યમ કહી, બધાનું

---

૯. 'યથા' એટલે બરાબર; અથવા 'યથા'નો આવતી કારિકા સાથે સંબંધ લેવો. (કા)

૧૦. ભગવાન્ પધારતાં કાલે પોતાની અંદર રહેલા શુભફલ સૂચવનારા સર્વ ગુણો પ્રકટ કર્યા. તેથી તે દેખિતી રીતે દક્ષિણાયન હોવા છતાં, શુભફલ સૂચવનાર ઉત્તરાયણ વિગેરેના ધર્મવાળો હોવાથી, ઉત્તરાયણ વિગેરેરૂપ જ હતો એવો ભાવ છે. જો કે કાલ પોતાના ઉત્તમ ગુણો પ્રકટ કરે તેનું ભગવાનને કાંઈ પણ પ્રયોજન ન હતું, છતાં જેમ રાજા સેવકને ઘેર જાય ત્યારે સેવક પોતાના આભરણ વિગેરે તેની સમીપ ધરે છે, તેમ કાલે પોતાના ગુણો પ્રકટ કર્યા એમ સૂચવવા, કારિકામાં 'દર્શાવવા માટે' શબ્દ યોજેલ છે. દક્ષિણાયન વિગેરે કાલમાં ભગવાને પોતાનું પ્રાકટ્ય કર્યું, તે કાલની પોતાને દરકાર નથી એમ જણાવવા કર્યું, પરંતુ ભગવાનનું પ્રાકટ્ય જાણીને કાલે જ ભગવાનને દર્શાવવા પોતાની અંદર રહેલા ગુણોને પ્રકટ કર્યા એવો ભાવ છે.

'કાલમાં ગુણો ભલે હોય તો પણ દક્ષિણાયન વિગેરે દોષો તો એવા ને એવા રહે છે જ' એમ ટિપ્પણીજીમાં દોષ અને ગુણો બંને કાલમાં હતા એમ કહેલું છે, તે એવા હેતુથી કહેલ છે કે કોઈને એવી શંકા રહે, તો શ્રીમદાચાર્યચરણે જે ભાવ ગુપ્ત રાખવા કહેલો નથી તે અમે (શ્રીમત્પ્રભુચરણ) અહિં (ટિપ્પણીજીમાં) કહીએ છીએ. (તેથી ત્યાં આવિર્ભાવના કાલમાં દોષો હતા એમ કહેલ નથી.) (લે)

૧૧. 'ત્રણ પ્રકારના દેશ' એટલે 'ઉપરનો, નીચેનો અને આસપાસનો (દેશ)'. (પ્ર) ૧૦।૨।૩માં જણાવેલ દેશ. (કા)

૧૨. 'અને' શબ્દ સર્વ ગુણોનું પ્રાકટ્ય જણાવવા યોજેલ છે. (પ્ર)

૧૩. 'એવ' 'જ' શબ્દ તે (દેશ) પણ આધિદૈવિક હતો એમ જણાવવા યોજેલ છે. (પ્ર)

૧૪. 'ત્યાં રહેલા' એટલે 'ત્રણે પ્રકારના દેશમાં ઉત્પન્ન થએલા.' (પ્ર) 'મુનિઓ અને દેવો.' (લે+કા)

૧૫. 'જાણતા હતા' એટલે 'ભગવાનનું પ્રાકટ્ય (થયું એમ) જાણતા હતા.' (પ્ર+લે+કા)

૧૬. 'જણાવવા' એટલે 'જેમનો અવતાર થાય છે તે મૂલરૂપ છે એમ જણાવવા.' (પ્ર) '(ભગવાનને) પોતાની સેવા જણાવવા.' (કા)

૧૭-૧૭. આ ભાગથી (અધ્યાયની) સંગતિ જણાવવા, આ અધ્યાયનો અર્થ કહેલો છે. (પ્ર)

ત્રણ પ્રકારનું[૧૮] દુઃખ દૂર કરવા (ભગવાને) બીજા રૂપનો અંગીકાર કર્યો એ (આ અધ્યાયમાં) કહે છે[૧૭]. તેથી પ્રથમ મૂલ રૂપ કહેવું જોઈએ, કારણ કે તેમ ન હોય તો બીજું રૂપ થઈ શકે નહિ. તે મૂલરૂપનાં પ્રાકટ્યમાં અધિકારીઓએ (તે) નિમિત્તથી (કરેલું) ગુણોનું પ્રાકટ્ય બધું કહેવામાં ન આવે, તો પ્રાકટ્ય પણ જેનું બીજું નામ જન્મ હોય તેવું જ થાય; કારણ કે મોટા પુરુષોના અથવા બીજા કોઈના[૧૯] એકના જન્મ સમયે બધા ગુણો પ્રકટ થતા નથી. જો પિતા અને માતાની સ્તુતિ કહેવામાં ન આવે તો 'તેવાને જ જન્મ આપ્યો છે, એવી તેઓની બુદ્ધિ હતી એમ થાય[૨૦]. (મૂલ)રૂપ માત્ર દેખાડવાના પ્રયોજનથી જ ધારણ કર્યું હતું એમ ન હતું એમ જણાવવા સ્વરૂપનું વર્ણન[૨૧] પણ કહેવું જોઈએ, કારણ કે તેમ ન હોય તો કારણ નહિ જાણવાથી માત્ર આશ્ચર્યને લીધે સંદેહ જ રહે. બીજા રૂપથી કાર્ય[૨૨] સિદ્ધ થાય નહિ, તેથી શ્રીગોકુલ પધારવાનું પણ જરુરી છે. બીજું રૂપ ધારણ કરવામાં ન આવે તો બધાની મુક્તિ થાય અને લીલા રસાલ(રસવાળી) ન થાય. અલૌકિક લોકથી દુર્બલ[૨૩] છે એમ જણાવવા, અલૌકિક રૂપનાં દર્શન થએલ હોવા છતાં માતા અને પિતાના ભયનું વર્ણન કરેલું છે.

પ્રથમ ઐશ્વર્યવાળો આવિર્ભાવ નીચેના શ્લોકથી આરંભી સાડા આઠ શ્લોકોથી કહે છેઃ

શ્રીશુક કહે છે :

**અથ સર્વગુણોપેતઃ કાલઃ પરમશોભનઃ ।।**

**યર્હ્યેવાજનજન્મર્ક્ષં શાન્તર્ક્ષગ્રહતારકમ્ ।।૧।।**

પછી અજનમાંથી જેમનો જન્મ થએલ તેમનું નક્ષત્ર જેમાં નક્ષત્રો ગ્રહો

---

૧૮. 'ત્રણ પ્રકારનું દુઃખ' એટલે '૧.કંસથી ૨.કાલથી અને ૩.અજ્ઞાનથી થએલ દુઃખ.' (લે)

૧૯. 'બીજાં મોટાંઓ પૃથ્વી વિગેરે કોઈ એકના જન્મ સમયે' એવો અન્વય કરવો. (લે) 'મોટાઓના' આવી ગયું છે, તેથી 'મોટાઓ અથવા બીજા કોઈ' એવો અન્વય વધારે સારો જણાવાથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

૨૦. એવી તેઓની બુદ્ધિ હતી એવું તેઓ માનતા હતા, એમ આપણે જાણત (માનત). (લે)

૨૧. ભગવાન્ વસુદેવ તથા દેવકીજીનું સાંત્વન કરતાં (પોતાનું) સ્વરૂપ જણાવે છે તે સ્વરૂપનું વર્ણન. (પ્ર) શ્લોક ૩૨થી આરંભી ભગવાન સ્વરૂપ કહે છે તે સ્વરૂપનું વર્ણન. (લે)

૨૨. 'કાર્ય' એટલે 'ત્રણ પ્રકારનું દુઃખ દૂર કરવું તે.' (લે)

૨૩. 'અલૌકિક' એટલે ભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન, 'લોકથી' એટલે સ્નેહને લીધે, અથવા (ભગવાનનું) બાલરૂપ હોવાને લીધે, અથવા કંસથી એવો અર્થ છે. અહિં તેમની (વસુદેવ તથા દેવકીજીની) બુદ્ધિ કેવી હતી તે જણાવેલ છે. (પ્ર)

અને તારાઓ શાંત હતા તેવું થયું, પરમ (ભગવાન)ને શોભાવનારો સર્વ ગુણોવાળો કાલ થયો. ૧.

જ્યારે તેઓ (દેવો) સ્તુતિ કરીને ગયા, ('અથ') ત્યારપછી[૨૪] તરત જ ભગવાનનો આવિર્ભાવ થયો[૨૪] (શ્લોક ૮॥), એવો (વાક્યનો) સંબંધ છે. ત્યારે જ સર્વ ગુણવાળો કાલ થયો, (એટલે) જેટલા ગુણો કાલમાં રાખવામાં આવેલ તે બધા ભગવાનને[૨૫] જણાવવા માટે પ્રકટ થયા એવો અર્થ છે. તેથી જ (કાલ) પરમને શોભાવનારો થયો. 'પરમ' એટલે પૂર્ણગુણવાળા ભગવાનની પણ શોભા કરનારો થયો. કાલના અવયવોરૂપ જે નક્ષત્રો છે તેઓમાં પણ માત્ર ગુણો જ જેમાં રહેલા છે તેવી રોહિણી જ છે; કારણ કે ભગવાને પોતાના ગુણો (લોકમાં) પ્રકટ કરવા માટે જ બ્રહ્માને ઉત્પન્ન કરેલા, (અને) તેમણે તો સર્વ વિકારો(રોગો)ને દૂર કરીને ગુણોને જ પ્રકટ કરવા તે નક્ષત્ર(રોહિણી)ને લીધેલું (રોહિણીમાં પોતાનો જન્મ કરેલ). તેથી જ 'અજન' એટલે જન્મવિનાના (ભગવાન)ના પુત્ર (બ્રહ્મા) પણ જન્મવિનાના જ (હતા)[૨૬] એમ જણાવવા 'અજનમાંથી જેમનો જન્મ થએલ તેમનું નક્ષત્ર' એમ કહેલ છે. 'તેઓ ત્યાંથી બધાં ઉંચા સ્થાનોએ ચઢ્યા એ રોહિણી માટે રોહિણીપણું છે' એવી શ્રુતિ (પણ છે). જ્યારે અજનમાંથી જેમનો જન્મ થએલો છે તેમનું નક્ષત્ર થયું ત્યારે જ સર્વ ગુણોવાળો કાલ થયો, એવો (વાક્યનો) સંબંધ છે[૨૭]. આથી એમ સૂચવેલું છે કે (રોહિણી) નક્ષત્રના આરંભમાં

---

૨૪. અહિં ભગવાનનો આવિર્ભાવ થયો છે તે હેતુથી, રાજા બહાર નીકળે ત્યારે માર્ગને શણગારવામાં આવે છે તેમ દેવો સ્વર્ગમાં ગયા પછી તરત જ કાલનો તેના ઉત્તમ ગુણો સાથે સંબંધ થયો. કાલે એવા ગુણો પ્રકટ કર્યા તેનું કારણ એ છે કે ભગવાનનાં પ્રાકટ્યનું તેને જ્ઞાન હતું. અહિં 'અથ' શબ્દનો અર્થ 'પછી' કરેલો છે, અને નોટ ૮ ટિપ્પણીમાં 'જૂદા આરંભ' માટે યોજાએલ હોવાનું કહેલ છે. ટિપ્પણીમાં સ્વતંત્ર લેખ હોવાથી, તે જૂદો પક્ષ (તર્ક) છે એમ જાણવું. (લે)

૨૫. 'ભગવાનને પોતાનું (કાલનું) સ્વરૂપ જણાવવા' એવો અર્થ છે. (લે)

૨૬. ભગવાન્ નિત્ય હોવાથી તેમનો જન્મ હોતો નથી. તેથી ભગવાનનો પ્રાદુર્ભાવ થયો એમ જ કહેવાય. તે જ રીતે જન્મરહિત ભગવાનમાંથી ઉત્પન્ન થએલ ભગવાનના પુત્ર બ્રહ્માનો પણ પ્રાકૃત રીતે જન્મ થયો નથી, પણ તેમનું પણ ગુણાવતાર તરીકે પ્રાકટ્ય થયું છે તે જ અહિં કહેલ છે. (યો)

૨૭. વાસ્તવિક રીતે (ઉપર શ્રીસુબોધિનીમાં જણાવ્યા પ્રમાણે) આઠમા શ્લોક સાથે જ સંબંધ છે, છતાં 'ત્યાં સુધી' શબ્દ અધ્યાહાર રાખેલ છે એમ કહેવા કરતાં આવી રીતે અન્વય કરવાથી ટૂંકાણ થાય છે તેથી આમ કહેલ છે. (પ્ર)

(ભગવાનનો) જન્મ (થએલો). તે નક્ષત્રના સર્વ સાહાય્ય કરનારાઓ પણ અનુકૂલ થયા, એમ 'જેમાં નક્ષત્રો, ગ્રહો અને તારાઓ શાંત હતા તેવું' શબ્દથી કહેલ છે. શાંત થએલાં (હતાં) બીજાં નક્ષત્રો, ગ્રહો અને તારાઓ જેનાં (જેમાં) તેવું (રોહિણી નક્ષત્ર થયું). અશ્વિની વિગેરે નક્ષત્રો (છે), સૂર્ય વિગેરે ગ્રહો (છે), અને તારાઓ બીજાં નક્ષત્રો છે. જો કે તેઓનું (તારાઓનું) જ્યોતિઃશાસ્ત્રમાં ફલ કહેલું નથી છતાં (તેઓનું ફલ) છે, તેથી (તેઓ) શાંત (હતા) એમ કહેલું છે. આથી કાલમાં રહેલા દોષ વિનાના સ્વાભાવિક ગુણોનું અને (ભગવાનના જન્મ સાથે) સંબંધવાળા ગુણોનું વર્ણન કરેલું છે. ૧.

(૧) નીચેનો, (૨) ઉપરનો અને (૩) આસપાસનો, એમ દેશ ત્રણ પ્રકારનો છે. તે પૈકી આસપાસ દિશાઓ છે, ઉપર આકાશ છે, (અને) નીચે ભૂમિ છે. તે ત્રણેમાં દોષો ન હતા એમ કહી, (ત્રણેના) ગુણો (નીચેના શ્લોકમાં) કહે છેઃ

**દિશઃ પ્રસેદુર્ગગનં નિર્મલોડુગણોદયમ્ ।।**
**મહી મઙ્ગલભૂયિષ્ઠપુરગ્રામવ્રજાકરા ।।૨।।**

દિશાઓ પ્રસન્ન (થઈ), આકાશ નિર્મલ તારાઓના સમૂહના પ્રકાશવાળું (થયું), ભૂમિ જેમનામાં ઘણાં મંગલો છે તેવાં શહેરો, ગામો, નેસડાઓ અને ખાણોવાળી (થઈ). ૨.

તેમાં દિશાઓ દેવતારૂપ[1] અને ભૂત (મહાભૂત) રૂપ[1] હોય છે. તેમાં મેઘો વિગેરેને લીધે, દૂર દષ્ટિરૂપ પ્રસન્નતા દિશાઓની હોતી નથી[2], (અને) દેવતાની પ્રસન્નતા[3] તો સર્વ પ્રાપ્ત કરાવનારી[3] હોય છે. તેથી (સર્વને) જ્ઞાન અને સર્વ ફલ

---

૧-૧. 'દેવતારૂપ દિશાઓ' એટલે 'કાન વિગેરે દેવતારૂપ ઇન્દ્રિયો', 'ભૂતરૂપ દિશાઓ' એટલે 'પૂર્વ વિગેરે દિશાઓ' એવો અર્થ છે. (લે)

૨. 'દિશાઓ નિરાકાર છે. તેમની પ્રસન્નતા કેવી હોય ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. મધ્યરાત્રે (ચોમાસામાં) મેઘો ઘણા હોવાથી પાસેની વસ્તુ પણ દેખાતી નથી તો પછી દૂરની તો કેમ જ દેખાય ? અહિં તો ભગવાનના આવિર્ભાવના મહિમાને લીધે આધિદૈવિક દિશાઓના ઘણા આનંદથી થએલ પ્રકાશથી દૂર રહેલી બધી વસ્તુઓ પણ દેખાઈ. આ જ ભૌતિક દિશાઓની પ્રસન્નતા. (યો)

૩-૩. 'બે કાનો દિશાઓ છે' વાક્ય પ્રમાણે દિશાઓ કર્ણેન્દ્રિયરૂપ દેવતા છે. તેઓ ભગવાનના સંબંધવાળું સર્વ શ્રવણ કરશે, એ તેમની પ્રસન્નતા. (પ્ર)

'દેવતા' શબ્દ સામાન્ય રીતે સર્વ ઇન્દ્રિયરૂપ દેવતાઓ માટે યોજેલ છે. ભૂતરૂપ દિશાઓની પ્રસન્નતા એટલે માત્ર દૂર જોઈ શકાય તે; પરંતુ તેનાથી સર્વ ફલ પ્રાપ્ત થાય નહિ. દેવતાની પ્રસન્નતા સર્વ પ્રાપ્ત કરાવનારી છે એટલે ઇન્દ્રિયથી થતાં જ્ઞાન અને ક્રિયાઓ કરાવનારી છે. (લે) 'ભૂતરૂપ દિશાઓ' એટલે પૂર્વ વિગેરે દિશાઓ, તેમની

પ્રાપ્ત થાઓ એવા હેતુથી, 'દિશાઓ પ્રસન્ન (થઈ)' શબ્દોથી બંને પ્રકારની દિશાઓની પ્રસન્નતા કહેવામાં આવે છે.

આકાશ નિર્મલ તારાઓના સમૂહો જેમાં છે તેવું (થયું). વર્ષાઋતુમાં મેઘો કુદરતથી જ હોય છે અને તેઓને લીધે તારાઓના સમૂહોનો પ્રકાશ દેખાતો નથી, તેથી (તેઓની) નિર્મલતા કહેલી છે. 'ઉદય' શબ્દથી (એમ કહેલ છે કે તારાઓના) ઉદય સમયે પણ મેઘો ન હતા[૪] અથવા 'ઉદય'નો અર્થ 'દર્શન' જ કરવો[૫].

'મહી' એટલે ભૂમિ જેમાં ઘણાં મંગલો છે તેવી (થઈ), એટલે (ભૂમિ ઉપર) બધાં સ્થલોએ વિવાહ, પુત્રનો જન્મ વિગેરે ઉત્સવો[૬] તે સમયે થયા. 'પુર' એટલે શહેર, ગામો સાધારણ (બહુ નાનાં કે બહુ મોટાં નહિ તેવાં હોય છે), (વ્રજ) એટલે ગાયોનો નેસડો, અને 'ખાણો' એટલે રત્ન વિગેરેની ઉત્પત્તિનાં સ્થાનો. (તે) બધાંએ જેમનામાં ઘણાં મંગલો છે તેવાં, જેમાં હતાં તેવી (ભૂમિ થઈ). ૨.

એવી રીતે દેશ અને કાલના ગુણો કહી, જૂદાં જૂદાં ભૂતો (મહાભૂતો)ના મુખ્ય ભૌતિક[૧] (પદાર્થો)ના ગુણો કહે છે :

**નદ્યઃ પ્રસન્નસલિલા હ્રદા જલરુહશ્રિયઃ ।।**
**દ્વિજાલિકુલસન્નાદસ્તબકા વનરાજયઃ ।।૩।।**

નદીઓ સ્વચ્છ જલવાળી થઈ. ધરાઓ કમલની શોભાવાળા થયા. વનની હારો પક્ષીઓ અને ભમરાઓના કુલોના અવાજવાળા પુષ્પના ગુચ્છાઓ વાળી (થઈ). ૩.

તે પૈકી પ્રથમ આ શ્લોકના (પૂર્વાર્ધથી) જલોના ગુણો કહે છે. જો કે જલો ઘણા પ્રકારનાં છે અને તેમના એકવીસ[૨] ભેદો છે તો પણ તે (૧) સ્થિર અને

---

પ્રસન્નતા મેઘો વિગેરે જતા રહેવાથી થાય. તેનું ફલ દૂર જોઈ શકાય તે, એટલે જ્ઞાન. 'દેવતારૂપ દિશાઓ', એટલે ઈન્દ્રિયરૂપ દેવતાઓ. તેમની 'પ્રસન્નતા' એટલે કાર્ય કરવાનાં સામર્થ્યથી સર્વ ફલ થાય.

૪. આ અર્થમાં 'નિર્મલ તારાઓના સમૂહો ઉદય સમયે હતા જેમાં' એ પ્રમાણે સમાસ છોડવો. (પ્ર)

૫. આ અર્થમાં 'નિર્મલ તારાઓના સમૂહોનો ઉદય છે જેમાં' એ પ્રમાણે સમાસ છોડવો. (પ્ર)

૬. બધાં સ્થલોએ વિવાહ અને પુત્રના જન્મથી થતા ઉત્સવો એટલે આનંદો થવા મંડ્યા, એટલે વિવાહ અને પુત્રના જન્મથી જેવા આનંદો થાય તેવા આનંદો ભૂમિ ઉપર બધે થવા મંડ્યા એવું તાત્પર્ય છે. (યો)

૧. નદીનાં જલો વિગેરે ભૂતરૂપ (મહાભૂત પોતે) નથી, પરંતુ ભૌતિક છે, તે તે મહાભૂતના મુખ્ય પદાર્થો છે. (લે)

૨. તૈત્તિરીય સંહિતામાં જલના ૨૨ ભેદો કહેલા છે, તેમાં ૨૨મો 'પહેલાં કહેલ બધાં' એટલે

(૨) વહેતાં એવાં બે પ્રકારનાં જ છે. તેથી (તે) બંને પ્રકારનાં (જલોના) ગુણો કહે છે. નદીઓમાં કાલને લીધે (ચોમાસામાં) કાદવવાળું જલ હોય છે, તે (કાદવ) આધિદૈવિક કાલને લીધે અથવા કાલને નિયમમાં રાખનાર[3] ભગવાનને લીધે દૂર થાય છે, તેથી કાલને નિયમમાં રાખનાર ભગવાન્ પધારતાં નદીઓ સ્વચ્છ છે જલ જેઓનાં તેવી થઈ. (એમ) દોષ (કાદવ) દૂર થયો, એમ જણાવી સ્વાભાવિક ગુણ (સ્વચ્છતા) કહ્યો. ધરાઓનાં સ્થિર (જલો) છે. (તેઓ) જલમાં ઉગનાર કમલોની શોભા છે જેઓમાં, તેવા થયા. જલનો જે આ સારરૂપ (ઉત્તમ) અંશ છે તે કમલ વિગેરે[4] છે. તેથી આથી અસાધારણ ગુણો કહેલા છે.

ગંધ ભૂમિનો મુખ્ય ગુણ છે તેથી, અને તે પુષ્પ વિગેરેમાં પ્રસિદ્ધ છે તેથી, ભૂમિના ગુણો કહેવા માટે ગંધનું કાર્ય અને રસનું કાર્ય[5] કહીને પુષ્પ વિગેરે સંપત્તિવાળી વનરૂપ ભૂમિને ઉત્તરાર્ધથી જણાવે છે. 'દ્વિજો' એટલે પક્ષીઓ, અને 'અલિ' એટલે ભમરાઓ, (એ) બંનેના કુલો (સમૂહો), તેઓના અવાજવાળા પુષ્પોના ગુચ્છો જેમનાં થયા, તેવી વનરાજી એટલે વન (વૃક્ષો)ની હારો થઈ. ૩.

**વવૌ વાયુઃ સુખસ્પર્શઃ પુણ્યગન્ધવહઃ શુચિઃ ।।**
**અગ્નયશ્ચ દ્વિજાતીનાં શાન્તાસ્તત્ર સમિન્ધત ।।૪।।**

સુખ (ઉત્પન્ન કરનાર) સ્પર્શવાળો, પુણ્ય ગંધ ફેલાવનાર, પવિત્ર વાયુ વાવા મંડ્યો,અને તે સમયે દ્વિજાતિઓના શાંત અગ્નિઓ પ્રદીપ્ત થયા. ૪.

'વાયુ વાવા મંડ્યો' એ (શ્લોકનું વ્યાખ્યાન કરવામાં આવે છે.) સુખ (ઉત્પન્ન કરનાર) સ્પર્શ એ વાયુનો ગુણ છે, અને ભૂમિની ગંધ તે ફેલાવે છે, એ (તેનું) શુભ કાર્ય છે. પુણ્ય ગંધને ફેલાવે તે 'પુણ્યગન્ધવહઃ' પુણ્ય ગંધ ફેલાવનાર. 'પવિત્ર' એટલે ગંગા વિગેરેના જલના સંબંધવાળો, અથવા દોષ વિનાનો, અથવા જે વાયુ શુભ સૂચવનાર હોય તે પવિત્ર.

'અગ્નિઓ' એટલે લૌકિક[1] અને વૈદિક[2] અગ્નિઓ, 'દ્વિજાતિઓના'

---

પહેલાં કહેલાં ૨૧ ગણેલો હોવાથી જૂદો નથી, તેથી ૨૧ ભેદ રહે છે. (પ્ર)

૩. કાલને નિયમમાં રાખનાર સંકર્ષણ, જે ભગવાનને વશ છે તેને લીધે. (પ્ર) આ પછી તરત જ 'કાલનિયન્તરિ ભગવતિ' શબ્દો આવતા હોવાથી તે પ્રમાણે અર્થ કરવો યોગ્ય જણાતો નથી.

૪. 'વિગેરે' શબ્દથી બીજાં બધાં જલમાં ઉગનારાં (પોયણાં વિગેરે) કહેલ છે. (લે)

૫. પક્ષીઓ અને ભમરાઓનું હોવું એ અનુક્રમે આ કાર્ય છે.

૧. 'લૌકિક' એટલે 'સ્માર્ત.' (યો)

૨. 'વૈદિક' એટલે 'અગ્નિહોત્ર વિગેરે (વૈદિક ક્રિયા)ના સંબંધવાળા. (યો)

એટલે જે રાખવાની શાસ્ત્રમાં મના કરેલી હોય તે સિવાયના[3]. તેમાં (દ્વિજાતિઓના અગ્નિઓમાં) પણ અશુભ કાર્ય માટે રહેલા હોય તે (પ્રદીપ્ત થયા) ન હતા, એમ જણાવવા 'શાન્ત' (શબ્દ યોજેલ છે.) (તેવા દ્વિજાતિઓના શાંત અગ્નિઓ) તે સમયે 'સમિન્ધત' સારી રીતે પ્રદીપ્ત થયા, એટલે તે સમયે શુભ અગ્નિઓ ભારેલા હોવા છતાં જ્વાલાવાળા (પ્રદીપ્ત) થયા એવો અર્થ છે. ૪.

**મનાંસ્યાસન્ પ્રસન્નાનિ સાધૂનામસુરદ્રુહામ્ ।।**
**જાયમાનેઽજને તસ્મિન્ નેદુર્દુન્દુભયો દિવિ ।।૫।।**

અસુરો જેઓનો દ્રોહ કરે છે તેવા સત્પુરુષોનાં મનો પ્રસન્ન થયાં. જન્મરહિતનો જન્મ થતાં આકાશમાં દુંદુભિઓ વાગવા મંડ્યાં. ૫.

મન સાત્ત્વિક અહંકારનું કાર્ય[1] છે, તેથી ભૌતિક(પદાર્થો)ના ગુણોનું (વર્ણન કરવાના) સમયમાં મનના પણ ગુણો કહે છે. જ્યારે સત્ત્વ પ્રધાનપદ પ્રાપ્ત કરે છે[2] ત્યારે મનો પ્રસન્ન થાય છે. મન તો દૈત્યના સંબંધવાળું (દૈત્યનું) પણ હોય[3], તેથી તેવાં મન પ્રસન્ન થયાં ન હતાં એમ કહેવા 'સત્પુરુષોનાં' એમ કહેલું છે. આ 'સત્પુરુષ' શબ્દ દૈત્ય સિવાયના બધાને માટે યોજેલ છે એમ જણાવવા, 'અસુરો જેમનો દ્રોહ કરે છે તેવા' શબ્દો યોજેલ છે. વ્યવહારમાં સારા માર્ગે રહેતા હોય તેમને માટે 'સત્પુરુષ' પદ યોજાય છે. આ સ્થિતિ સ્થૂલ કાલમાં[4] પણ હોય

---

૩. 'જે રાખવાની મના કરેલી હોય તેવા' એટલે અસુરો વિગેરેના શાસ્ત્રમાં પ્રસિદ્ધ દુષ્ટકર્મોના સંબંધવાળા (એવાં કર્મો કરવા પ્રકટાવેલા). આવા અગ્નિઓ તે સમયે પ્રદીપ્ત થયા ન હતા, એમ જણાવવા 'દ્વિજાતિઓના' શબ્દ યોજેલ છે. (યો)

૧. તામસ અહંકારનું કાર્ય (ભૂતો મહાભૂતો) છે. તેમનું નિરૂપણ (ઉપર) કર્યું. સાત્ત્વિક-અહંકારનું કાર્ય મન છે, તેનું અહિં નિરૂપણ કરે છે. રાજસઅહંકારનું કાર્ય ઈન્દ્રિયો છે, તેમનું નિરૂપણ મનનું નિરૂપણ કરવાથી થઈ જાય છે; અને દેવતારૂપ ઈન્દ્રિયોનું નિરૂપણ બીજા શ્લોકમાં 'કાન'ના નિરૂપણથી જણાવ્યું. તેથી ત્રણે પ્રકારના અહંકારના કાર્યનું નિરૂપણ થઈ ગયું, એવો અર્થ છે. (લે)

૨. જ્યારે ભગવાન્ સત્ત્વ ઉપર આરુઢ થાય છે, એમ 'ભગવાન્' શબ્દ અધ્યાહાર છે. મનના કારણ સત્ત્વ ઉપર ભગવાન્ આરુઢ થાય ત્યારે મન પ્રસન્ન થાય જ એવો અર્થ છે. (લે)

૩. સત્ત્વરૂપવાળા શમ વિગેરે ગુણોમાં અસુરોની રુચિ હોતી નથી, તેથી સત્ત્વથી તેઓની (તેઓનાં મનોની) પ્રસન્નતા થતી નથી. (લે)

૪. 'સ્થૂલ કાલ' એટલે 'જન્મથી કાંઈક પહેલાંનો અને જન્મથી કાંઈક પછીનો માયાની ઉત્પત્તિ સુધીનો કાલ.' (લે) 'સ્થૂલ કાલ' એટલે સાધારણ કાલ, એવો અર્થ પણ લઈ શકાય. સત્પુરુષોનાં મન સાધારણ કાલમાં પણ પ્રસન્ન હોય છે.

છે, તેથી જન્મની સમીપના કાલમાં[૫] ખાસ ચિહ્ન થયું તે ઉત્તરાર્ધથી કહે છે. અજનનો જન્મ થતાં આકાશમાં દુંદુભિઓ વાગવા મંડ્યાં. 'તસ્મિન્' એટલે તે(જન્મસ્થાન)ની નજીકમાં, જેમ વસુદેવ વિગેરે સાંભળે તેમ વાગવા મંડ્યાં. નૃત્ય અને વાદિત્ર(વાજાં) આકાશના[૬] ગુણો છે. દુંદુભિ મંગલ વાદિત્ર છે. દુંદુભિઓ પોતાની મેળે જ વાગવા મંડ્યાં, પરંતુ કોઈએ વગાડ્યા ન હતાં. ૫.

**જગુઃ કિન્નરગંધર્વાસ્તુષ્ટુવુઃ સિદ્ધચારણાઃ ।।**
**વિદ્યાધરાશ્ચ નનૃતુરપ્સરોભિઃ સમં મુદા ।।૬।।**

કિંનરો અને ગંધર્વો ગાન કરવા મંડ્યા. સિદ્ધો અને ચારણો સ્તુતિ કરવા મંડ્યા; અને વિદ્યાધરો આનંદથી અપ્સરાઓ સાથે નૃત્ય કરવા મંડ્યા. ૬.

કિંનરો અને ગંધર્વો પણ ઉલ્લાસવાળા હૃદયવાળા થઈ ગાન કરવા મંડ્યા. તેઓ ભગવાનનો જન્મ થાય છે એમ જાણ્યા વિના જ[૧] ગાન કરવા મંડ્યા એમ જાણવું. એમ ન હોય (તેઓ ભગવાનનો જન્મ થાય એમ જાણીને ગાન કરવા મંડ્યા હોય) તો માહાત્મ્ય વર્ણવ્યું ન કહેવાય. સિદ્ધો અને ચારણો સ્તુતિ કરવા મંડ્યા, એટલે તે સમયે અકસ્માતથી જ (કાંઈ પણ કારણ જાણ્યા વિના જ) સ્તુતિ કરવા મંડ્યા, કારણ કે તેઓ વૈતાલિક(ભાટ) જેવા છે. 'વિદ્યાધરો' એટલે નૃત્ય કરનારા. 'ચ' 'અને' શબ્દથી વિદ્યાધરીઓ કહેલી છે. વિદ્યાધરો અને વિદ્યાધરીઓ નૃત્ય કરવા મંડ્યા. 'અપ્સરાઓ સાથે' નૃત્ય કરવા મંડ્યા તેથી આનંદના આવેશથી જ નૃત્ય કરવા મંડ્યા, પરંતુ શાસ્ત્રીય નૃત્ય કરતા ન હતા એમ કહેલું છે. 'મુદા' એટલે આનંદથી[૧] નૃત્ય કરવા મંડ્યા, પરંતુ કોઈની પ્રેરણાથી નૃત્ય કરતા ન હતા.

---

૫. 'સમીપનો કાલ' એટલે 'જન્મ સમયનો કાલ.' 'જન્મ થતાં' એમ વર્તમાનકાલનો પ્રયોગ કરેલો હોવાથી એવો અર્થ થાય છે. 'જ્યારે જન્મરહિતમાંથી જેમનો જન્મ થએલ તેમનું નક્ષત્ર થયું ત્યારે જ સર્વગુણોવાળો કાલ થયો, ત્યારે જ દિશાઓ પ્રસન્ન થઈ, ત્યારે જ સત્પુરુષોનાં મનો પ્રસન્ન થયાં,' એવો સંબંધ છે. (લે) 'સમીપનો કાલ' કહ્યો તેથી તે જન્મનો જ કાલ નહિ, પણ જન્મ થવાની તૈયારી થઈ તે સમયનો કાલ; જન્મકાલથી સહેજ પહેલાંનો કાલ હોવો જોઈએ. 'જન્મ થતાં' એમ વર્તમાનકૃદંત છે, તેનો વર્તમાનકાલની સમીપના કાલ માટે પણ ઉપયોગ ૩।૩।૧૩૧ સૂત્ર પ્રમાણે થાય છે.

૬. 'આકાશના' એટલે 'આકાશનું જેમાં પ્રાધાન્ય છે તેવા અંતરિક્ષ લોકના.' (લે)

૧-૧. આ શ્લોકમાં આનંદથી ગાન, સ્તુતિ તથા નૃત્ય કરવા મંડ્યા એમ કહેલ હોવાથી, તેઓને ઘણો આનંદ થવાથી જ તેઓ ગાન વિગેરે કરતા હતા, પરંતુ તે કરવાનું કારણ જાણતા ન હતા એમ સૂચવેલું છે. તેથી જ 'જાણ્યા વિના જ' (ગાન વિગેરે કરવા મંડ્યા) એમ કહેલ છે. (લે)

સ્ત્રીઓ અને પુરુષો તે સમયે પોતે જ પોતાની અંદર આનંદનો આવિર્ભાવ થવાથી અકસ્માત્ નૃત્ય કરવા મંડ્યા. આથી (આનો) એવો અર્થ થાય છે કે જે કોઈ જે વિદ્યામાં આનંદ પામતા તેઓ આનંદથી અકસ્માત્ તે તે કાર્ય કરવા મંડ્યા. ૬.

**મુમુચુર્મુનયો દેવાઃ સુમનાંસિ મુદાન્વિતાઃ ॥**
**મન્દં મન્દં જલધરા જગર્જુરનુસાગરમ્ ॥૭॥**

મુનિઓ અને દેવો આનંદવાળા થઈ પુષ્પોની વૃષ્ટિ કરવા મંડ્યા. વાદળાંઓ સાગરની સમીપ મંદ મંદ ગાજવા મંડ્યા. ૭.

દેવો અને મુનિઓ (ભગવાનનો જન્મ થાય છે, એમ) જાણીને[1] જ પુષ્પોની વૃષ્ટિ કરવા મંડ્યા. મુનિઓ શબ્દના બલવાળા[2] હોય છે, અને દેવો અર્થના બલવાળા[3] હોય છે. બંને પ્રામાણિક[4] (સત્યવક્તા, વિશ્વાસપાત્ર) હોય છે, અને પોતપોતાની સેવા તથા જ્ઞાન જણાવવા માટે તેમણે હર્ષવાળા થઈ શુભ સૂચવવા માટે 'સુમનાંસિ' એટલે પુષ્પોની વૃષ્ટિ કરી.

મેઘો તદ્દન ન હોય તો, વિપરીત થએલો કાલનો ધર્મ[5] અશુભ કરનારો થાય; તેથી 'વાદળાંઓ સાગરની સમીપ મંદ મંદ ગાજવા મંડ્યા' એમ તેઓનું (મેઘોનું) પણ કાર્ય કહેલ છે. ૭.

આ શ્લોકનું વ્યાખ્યાન શ્રીમત્પ્રભુચરણે નીચે પ્રમાણે કરેલું છેઃ

---

૧. આ શ્લોકમાં 'આનંદવાળા' થઈને એમ કહેલ છે, પણ આનંદથી ક્રિયા કરી એમ કહેલ નથી. તેથી દેવોએ (ભગવાનનું પ્રાકટ્ય થાય છે એમ) જાણીને જ પુષ્પવૃષ્ટિ કરી એમ કહેલ છે. રસની વૃદ્ધિ થતાં ગાન વિગેરે તો સ્વતઃ થાય, પરંતુ (વૃષ્ટિ કરવાના) કારણના જ્ઞાન વિના પુષ્પોની વૃષ્ટિ ન થાય, એવો ભાવ છે. (લે)

૨. 'શબ્દના બલવાળા' એટલે 'શબ્દથી બલ છે જેમનું તેવા.' પોતાના (વેદના) અધ્યયનના બલવાળા. (લે)

૩. મંત્રના અર્થરૂપ દેવોને જાણીને, તે મંત્રોથી હોમ કરવામાં આવે ત્યારે તેવા હોમેલા પદાર્થના ભોગથી દેવો પુષ્ટ થાય છે. તેથી 'અર્થેન' અર્થથી થતા યોગથી 'બલં' બલ છે જેમનું તેવા દેવો છે. (લે)

૪. 'પ્રમાણ' એટલે વેદ; તેના સંબંધવાળા અથવા તેનાથી જેમનો નભાવ થાય છે તે. પ્રામાણિક. આ પહેલાંના શ્લોકોમાં રૂપલીલાના સંબંધવાળા ગુણો કહેલા છે, અને આ શ્લોકના પૂર્વાર્ધમાં નામલીલાના સંબંધવાળા ગુણો કહેલા છે, અને ઉત્તરાર્ધમાં દોષોનો અભાવ જણાવેલ છે. એવી રીતે સાત શ્લોકોથી રૂપ અને નામની વ્યવસ્થા કહેલી છે એમ સૂચવ્યું છે. (લે)

૫. ચોમાસામાં મેઘો હોય એ તે કાલનો ધર્મ છે. તેથી મેઘો ન હોવા તે એ કાલનો વિપરીત ધર્મ થયો.

પછી મુનિઓએ 'સુષ્ઠુ' (પોતાનાં) સારી રીતે દોષવિનાનાં 'મનાંસિ' મનોને પુરુષોત્તમનો સંબંધ (સમાધિમાં) નહિ હોવાથી, (તેમને) સમાધિમાંથી બહાર કાઢી, તેમના (પુરુષોત્તમના) આવિર્ભાવના સ્થાને, (તેમની) વૃષ્ટિ કરી, એવો અર્થ છે; દેવોએ તો પુષ્પોની વૃષ્ટિ કરી, એવો અર્થ છે. તેથી જ 'પુષ્પ' વિગેરે શબ્દોનો પ્રયોગ ન કરતાં, 'સુમનઃ' શબ્દ (પુષ્પ અને દોષરહિત મન એ) બંને અર્થવાળો હોવાથી તે શબ્દ યોજેલ છે; અને 'સુમનસઃ' એમ નારીજાતિનું રૂપ યોજેલ નથી, કારણ કે નારી જાતિમાં તેનો અર્થ પુષ્પો જ થાય છે. આમ ન હોય તો ભૂમિ ઉપર રહેલા મુનિઓ, આકાશમાં રહેલા દેવો સાથે પુષ્પવૃષ્ટિ કરે એ કેમ સંભવે ? મન ઉજ્જ્વલ (ઉજળું) અને સંકોચ તથા વિકાસ ધર્મોવાળું હોવાથી, (તેનું) પુષ્પ તરીકે વર્ણન કરવામાં આવે તેમાં (કાંઈ) વિરોધ નથી. 'આનંદવાળા' શબ્દથી તેમાં (મનરૂપી પુષ્પમાં) આનંદના આવેશરૂપ મકરંદ(રસ)ની સંપત્તિ સૂચવેલી છે. સારાં (દોષવિનાનાં) મનોની વૃષ્ટિનો વિચાર કરતાં જલની વૃષ્ટિ નજીવી છે અને અદ્‌ભુત નથી એમ માની મેઘોએ વૃષ્ટિ કરી નહિ, પરંતુ ત્યાં ગર્જના ન હતી તેથી તેટલું કાર્ય કર્યું, એમ 'વાદળાંઓ મંદ મંદ ગાજવા મંડ્યાં' શબ્દોથી કહેલ છે. મેઘો મોટેથી ગર્જના કરે તો તે પહેલાં કહેલાં વાજીંત્રો, ગાન વિગેરેનું શ્રવણ થવામાં વિઘ્ન કરનાર થાય, તેથી તેમ ન થાય તે માટે 'મંદ મંદ (ગાજવા મંડ્યાં)' એમ કહેલ છે. તેમ ન હોય તો (મેઘો મોટેથી ગાજે તો) તે (વાજીંત્ર, ગાન વિગેરે) વ્યર્થ થાય. તેથી વાજીંત્રનું વાગવું, ગાન, ગર્જના એક સાથે થએલ હોવા છતાં, એક બીજા સાથે મિશ્ર થએલાં બધાએ સાંભળ્યા એવો ભાવ છે. વળી (મેઘો) માત્ર ગાજ્યા જ, પરંતુ વરસ્યા નહિ, કારણ કે તેઓ 'જલધરાઃ' જલને ધારણ કરનારા જ હતા, પરંતુ 'જલમુચઃ' જલ વરસનારા ન હતા. આનો આશય એવો છે કે મેઘો તો ભગવાનના પ્રાકટ્ય પહેલાં લોકમાં નીલ (શ્યામ) રંગ વખાણવા યોગ્ય (ગણાતો) નથી એમ માનીને, અને પોતે તેવા (શ્યામ રંગના) હોવાથી, (પોતે) તેવા (શ્યામ) ન રહે તે માટે જલ વરસનારા થતા હતા; હવે પોતાના જેવા રંગનો અંગીકાર કરીને ભગવાન્ પ્રકટ થશે તેથી, અને ભવિષ્યમાં કવિઓ ('ઘનશ્યામ' કહી) પોતાની ઉપમા (ભગવાનને) આપશે, અને તેને લીધે પોતાનો જન્મ સફલ થશે તેવા હેતુથી, હર્ષને લીધે પોતાને શ્યામ રંગ જ ઈષ્ટ હોવાથી અને તેનું (પોતાના શ્યામ રંગનું) કારણ જલનું ધારણ જ છે કારણ કે જલ ધારણ ન કરે તો શ્વેત રંગ થાય, તેથી 'જલધરાઃ' જલ ધારણ કરનારા થયા.

મરકત, ઈંદિવર વિગેરે (મણિઓ) પણ સમાન રંગના (શ્યામ) છે તો

પણ (મેઘો) પોતે વિજળીના સહભાવવાળા હોવાથી, કામિની(વીજળી)ના શરીરરૂપ કનકલતાથી શણગારાએલા હોવાની દશામાં, (વીજળીનું અને પોતાનું એવા) બે રૂપવાળા હોવા છતાં, (ભગવાનની) સમાન રંગવાળા રહે છે એ તેમનું આધિક્ય (ઉત્તમપણું) છે, એમ 'જલધર' શબ્દથી સુચવેલું છે, કારણ કે જલવાળા મેઘોમાં જ વીજળીનો સહભાવ જોવામાં આવે છે.

વળી પોતાના 'ગાંભીર્ય' ગુણનો ભગવાને અંગીકાર કરેલો છે એવા ગર્વથી સમુદ્ર ગાજે છે; તેનો તે ગર્વ દૂર કરવા ધર્મ (ગાંભીર્ય) કરતાં સ્વરૂપની સમાનતા (શ્યામ રંગ) જે, પોતામાં છે તે અધિક છે એમ જણાવવા, મેઘો સાગરની પેઠે ('અનુસાગરમ્') (ગાજે છે) એમ કહેલું છે. ૭.

એવી રીતે દેશના, કાલના, ત્યાં રહેલાઓના[૧] અને ઋતુના[૨] ગુણો કહી, નીચેના શ્લોકમાં રાત્રિના[૩] તથા તે (ભગવાનના પ્રાકટ્યના) મુહૂર્તના ગુણો કહે છેઃ

**નિશીથે તમઉદ્ભૂતે જાયમાને જનાર્દને ।।**
**દેવક્યાં વિષ્ણુરૂપિણ્યાં વિષ્ણુઃ સર્વગુહાશયઃ ।।૮।।**
**આવિરાસીદ્ યથા પ્રાચ્યાં દિશીન્દુરિવ પુષ્કલઃ ।।**

જેમાં જનાર્દનનો જન્મ થવાનો સમય થયો, જેમાં અંધકાર મટી ગયો તેવી મધરાત જ્યારે થઈ ત્યારે જેમ પૂર્વદિશામાં પૂર્ણચંદ્રનો આવિર્ભાવ થાય તેમ વિષ્ણુના રૂપવાળાં દેવકીજીમાં સર્વ ગુહાઓમાં શયન કરનાર વિષ્ણુનો આવિર્ભાવ થયો. ૮।।.

'નિશીથ' એટલે પીસ્તાલીસ અને છેતાલીસ (એ) બે ઘડીઓની મધરાત[૪]. 'જેમાં અંધકાર મટી ગયો છે' શબ્દથી તે કાલ દોષવિનાનો કહેલો છે.

---

૧. 'ત્યાં રહેલાઓના' એટલે 'ભૂતો મહાભૂતો અને દેવોના.' (લે)

૨. ઋતુના ગુણો સાતમા શ્લોકના ઉત્તરાર્ધથી કહેલા છે. (લે)

૩. 'નિશીથ' એટલે મધરાત. તેથી નિશીથના ગુણો (આ શ્લોકમાં) કહ્યા તેથી રાત્રિના પણ કહેવાયા. (પ્ર) (આ શ્લોકમાં) કહેલા ગુણોવાળી મધરાતવાળી રાત, એમ રાત્રિના ગુણો થયા. (લે)

૪. હાલમાં સિંહનો સૂર્ય હોય ત્યારે મધરાત ૪૬ અને ૪૭ ઘડીઓની (સૂર્યોદય પછી ૪૬ ઘડી પૂરી થયે અને ૪૭મી ઘડી બેસતાં) થાય છે. તે સમયે (શ્રીકૃષ્ણના પ્રાકટ્ય સમયે) તેમ ન હતું. તેથી પ્રાદુર્ભાવનો સમય નક્કી કરવા આ કહેલ છે. (શ્રીમદ્ભાગવતના) પાંચમા સ્કંધમાં કહેલ છે કે 'જ્યારે (સૂર્ય) મેષ અને તુલા રાશિમાં હોય છે ત્યારે રાત અને દિવસ સરખાં થાય છે.' (૫।૨૧।૪). આ વાક્ય પ્રમાણે વિષુવત્ ઉપર સૂર્ય હોય તે જ દિવસે (આમ) થાય છે, અને જ્યોતિઃશાસ્ત્ર પ્રમાણે પણ એવો નિર્ણય થાય છે. ત્યાર પછી તો

'તમઃ' અંધકાર 'ઉદ્ભૂતં' ઊંચું થએલું એટલે મટી ગએલું છે જેમાં, (એવું નિશીથ થયું); કારણ કે જે જતો રહે છે (મટી જાય છે) તે બેઠેલો રહેતો નથી.

'જેમાં જનાર્દનનો જન્મ થવાનો સમય થયો[૫]' એમ ગુણો કહેલા છે. જેટલા ગુણથી 'જન' માણસોની અવિદ્યાનો 'અર્દયતિ' નાશ કરે, એટલે સર્વની અવિદ્યાના નાશ કરનારનો પ્રાદુર્ભાવ થાય તેવા ગુણવાળો નિશીથ (થયો) એવો અર્થ છે.[૫] મૂલભૂત[૬] (ભગવાન્)ના ગુણો પ્રકટ થવામાં અને ભૌતિક[૭] (પદાર્થોના ગુણો) પ્રકટ થવામાં ભગવાનનો જન્મ કારણ હતો, એમ કહેવા 'જન્મરહિતનો જન્મ થતાં' એમ વચ્ચે (શ્લો.૫માં) કહેલું છે. (ભગવાન્) જન્મરહિત હોવાથી, કાલ (તેમના જન્મનું) કારણ નથી, પરંતુ કાલમાં એવા (ઉત્તમ) ગુણો હોવાનું

---

દરરોજ રાત અને દિવસ બબે પલ મોટાં નાના થાય છે. છતાં અહિં (સિંહના સૂર્ય સમયે પણ) એમ કહેલ છે તેનો અર્થ નીચે પ્રમાણે છેઃ

દ્વાપરયુગમાં ૧૨૫ વર્ષ બાકી રહ્યાં ત્યારે ભગવાનનો પ્રાદુર્ભાવ થયો એવો ૧૧|૬|૨૫ પરથી નિશ્ચય થાય છે. તે સમયના ગણિતનો વિચાર કરતાં; પ્રાકટ્ય સમયે સ્પષ્ટ સૂર્ય ૪|૧૯|૦|૧ હતો. તેની ગતિ ૫૮|૮ હતી. અયનાંશ ૨૪|૩૨|૨૦ હતા. મથુરાની પલભા ૮|૫ છે. ચરખંડ ૬૦|૪૮|૨૦ થાય છે. ચરપલ ૩૨, દિવસનું માન ૩૧|૪ અને રાત્રિનું માન ૨૮|૫૬ થાય છે. તેથી મધરાત રાતની ૧૪ ઘડી ૨૮ પલે થાય, એટલે સૂર્યોદય પછી ૪૫ ઘડી ૩૨ પલે થાય. આમ હોવાથી તે વર્ષમાં આષાઢ માસ અધિક હતો એમ જાણવું. એ રીતે ગણતાં સ્પષ્ટ સૂર્ય આષાઢ માસ અધિક હોય તો જ ૪|૧૯|૦|૧ થાય છે. તે સમયે આઠમ પૂરી થવાનો સમય હોવાથી, તે સમય કરતાં ૩૨ પલ પહેલાં ચંદ્રનો પ્રકાશ થાય. ચંદ્રના પ્રકાશનો ક્ષિતિજ સાથે સંબંધ થાય ત્યારે અંધકાર દૂર થાય. આ વિચારથી જ આ શ્લોકમાં 'જેમાં અંધકાર મટી ગયો' એમ કહેલ છે. ભગવાનનું પ્રાકટ્ય તો અંધકાર દૂર થયા પછી ૩૨ પલે ચંદ્રનો ઉદય થયો તે જ સમયે મધરાતનો આરંભ થયો ત્યારે જ થયો. તેવું જ 'પૂર્વદિશામાં ચંદ્રનો આવિર્ભાવ થાય તેમ' દૃષ્ટાંતથી સૂચવેલું છે. તેથી ૩૨ પલને નહિ ગણતાં ૪૫મી ઘડી પૂરી થઈ અને ૪૬મીનો આરંભ થયો ત્યારે પ્રાદુર્ભાવ થયાનું કહેલ છે, તે ચંદ્રના પ્રકાશથી દોષ દૂર થયો એમ જણાવવા કહેલું એમ જાણવું તેથી કોઈ પ્રકારનો વિરોધ થતો નથી. (પ્ર)

૫-૫. 'કાલનું પહેલા શ્લોકમાં વર્ણન કર્યું અને તે સર્વ સ્થલે (ઉત્પત્તિના) કારણ તરીકે પ્રસિદ્ધ છે તેથી ભગવાનના પ્રાકટ્યમાં પણ તે કારણ હશે' એવી શંકા થાય તે દૂર કરવા 'જન્મરહિતનો જન્મ થતાં...' વિગેરે કહેલ છે, અને ભગવાનનો પ્રાદુર્ભાવ જ (કાલ એવા ગુણવાળો થવાનું) કારણ હતો એમ જણાવવા 'જેમાં જનાર્દનનો જન્મ થવાનો સમય થયો' એમ કહેલ છે એવો ભાવ છે. (પ્ર)

૬. 'મૂલભૂતના ગુણો' એટલે 'કાલમાં રહેલા મૂલભૂત ભગવાનના ગુણો' એવો અર્થ છે. (લે)

૭. 'ભૌતિક' એટલે 'નદી વિગેરેના ગુણો.' (લે)

કારણ જન્મરહિત (ભગવાન) જ છે, એમ વચ્ચે (શ્લો.૫માં) કહ્યું; અને વળી અંતમાં 'જેમાં જનાર્દનનો જન્મ થવાનો સમય થયો' એમ સર્વની અવિદ્યાનો નાશ કરવા (ભગવાનનો) પ્રાદુર્ભાવ થતાં, સર્વમાં રહેલાં ગુણો પ્રકટ થાય છે, એમ (સર્વના ગુણો) પ્રકટ થવાનું કારણ કહેલું છે. એવી રીતે (વાક્યની) યોજના કરતાં ભગવાનનાં ત્રણે અવતાર (અહિં) કહેલા છે. (૧) સર્વના ધર્મનું રક્ષણ કરનાર[૮] અનિરુદ્ધ, (૨) અજ્ઞાન દૂર કરીને સર્વને મુક્તિ આપનાર[૯] સંકર્ષણ (અને) (૩) દેવકીજીમાં પ્રદ્યુમ્ન,[૧૦] નંદજીના ઘેર વાસુદેવ (પ્રકટ થશે) એટલે ભગવાનનો સર્વરૂપથી[૧૧] પણ આવિર્ભાવ થયો છે એમ કહેલું છે. દોષ નહિ રહેવામાં અને ગુણો

---

૮. 'જન્મરહિતનો જન્મ થતાં' એમ ગુણોનું સાત શ્લોકોથી વર્ણન કરતાં મધ્યમાં પાંચમા શ્લોકમાં કહેલ છે. તેથી સ્પષ્ટ ધર્મની રક્ષા કહેલી છે. (તે અનિરુદ્ધનું કાર્ય હોવાથી) તેનાથી અનિરુદ્ધનો અવતાર કહેવાયો. (પ્ર+લે)

૯. 'જાયમાને જનાર્દને' એમ આ શ્લોકમાં અવિદ્યારૂપ અજ્ઞાનને દૂર કરનાર સંકર્ષણનો અવતાર કહ્યો. (પ્ર+લે) સર્વને મુક્તિ આપવી એ વાસુદેવનું કાર્ય છે, પરંતુ તે સાક્ષાત્ (બારોબાર) મુક્તિ આપે છે અને અહિં અજ્ઞાન દૂર કરી પરંપરાથી મુક્તિ આપવાનું કહેલ છે (તે સંકર્ષણનું કાર્ય છે) એવો ભેદ છે. તેથી 'જનાર્દન' શબ્દથી આ સંકર્ષણનો અવતાર છે. એમ જણાવેલું છે. (લે)

૧૦. 'વિષ્ણુના રૂપવાળાં' દેવકીજીને કહેવાનાં છે તેથી, અને માતપિતાને સુખ આપનાર છે તેથી પ્રદ્યુમ્નનો અવતાર છે. (પ્ર)

૧૧. વળી જે 'પ્રાકૃત બાલક થયા' એમ આગળ ૪૬મા શ્લોકમાં કહેશે તે વાસુદેવ નંદના ઘેર પ્રકટ થયા પહેલાં અહિં (વસુદેવના ઘેર જ) પ્રકટ થયા છે એવો ૧૦।૮।૧૫ના ગર્ગના વાક્યથી નિર્ણય થાય છે, તેથી ભગવાનનો અહિં સર્વરૂપથી આવિર્ભાવ થયો છે. (પ્ર)

ઉપર ત્રણ વ્યૂહો કહ્યા. (પાંચમા, આઠમા શ્લોકની પહેલી પંક્તિમાં અને આઠમા શ્લોકની બીજી તથા ત્રીજી પંક્તિમાં), પરંતુ વાસુદેવવ્યૂહ કહેલ નથી. વાસુદેવવ્યૂહનો પ્રાદુર્ભાવ ૧૦।૫।૧માં કહેવાશે. આ શ્લોકના વ્યાખ્યાનના અંતે કારિકાથી પુરુષોત્તમનું પ્રાકટ્ય પણ કહેશે. તેથી ત્રણ વ્યૂહવાળા પુરુષોત્તમનું પ્રાકટ્ય અહિં કહેલ છે એવો અર્થ છે. સર્વરૂપથી એટલે ચાર વ્યૂહના રૂપથી ભગવાન્ પુરુષોત્તમનો આવિર્ભાવ થયો છે એમ કહ્યું. તેમાં 'આ અવતારમાં' શબ્દો અધ્યાહાર છે; (એટલે શ્રીકૃષ્ણ અવતારમાં ચારે વ્યૂહવાળા પુરુષોત્તમ પ્રકટ થયા છે) પરંતુ હમણાં જ પ્રકટ થયા એમ નથી; કારણ કે વાસુદેવનું પ્રાકટ્ય નવમીના દિવસે થયું છે એવો નિર્ણય છે. તેથી જ આગળ નવમા શ્લોકમાં 'મધુસૂદનો માધવશ્ચ' કારિકાનું વ્યાખ્યાન કરતાં (શ્રીમત્પ્રભુચરણ) 'સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રદ્યુમ્નરૂપતા કહેલી છે' એમ ત્રણ જ વ્યૂહ જણાવે છે. તે જ શ્લોકમાંના 'ચતુર્ભુજમ્' પદનું વ્યાખ્યાન કરતાં ટિપ્પણીમાં ચાર કાર્યો કહેલાં છે, પરંતુ ચારે વ્યૂહનાં કાર્ય તો પ્રથમ મથુરામાં જ પ્રકટ થયાં છે એમ પાછલ કહેલ છે. આ જ (શ્રીકૃષ્ણના)

પ્રકટ થવામાં ભગવાન જ કારણ છે, પરંતુ તેવો (તેવા ગુણવાળો) પણ કાલ કારણ ન હતો. (ભગવાનની) સાથે જન્મેલ કોઈક હોય, તેથી એક(કાલ)ને જ જો (દોષ નહિ રહેવાનું અને ગુણો પ્રકટ થવાનું) કારણ કહેવામાં આવે, તો તે સમયે ઉત્પન્ન થએલો બીજો પણ ભગવાનના જેવો હોય. તેથી ભગવાનનો પ્રાદુર્ભાવ જ ગુણો પ્રકટ થવામાં કારણ હતો, અને ભગવાનનો પ્રાદુર્ભાવ થવાનો હતો તે માટે જ ગુણો પ્રકટ થએલ એમ જણાવેલ[12] છે.

એવી રીતે સર્વ અંશોવાળા[13] ભગવાનનો પ્રાદુર્ભાવ થયો એમ 'દેવક્યામ્' (વિગેરે) શબ્દથી કહેલ છે. દેવકીજીમાં વિષ્ણુનો પ્રાદુર્ભાવ થયો. 'દેવકી' એટલે દેવોનો સમૂહ. દેવોનો સમૂહ સંપૂર્ણ[14] થાય ત્યારે પૂર્ણ (પૂરેપૂરું) સત્ત્વ થાય છે, અને જેમ અગ્નિનો આવિર્ભાવ થવામાં અરણિ આધાર છે તેમ તે (પૂરેપૂરું) સત્ત્વ ભગવાનનો આવિર્ભાવ થવામાં આધાર તરીકે[15] કારણ થાય છે. જેમાં કાંઈ પણ

---

અવતારમાં 'નારાયણ' અને 'કૃષ્ણકેશ' પણ થયા છે, છતાં નારાયણ અનિરુદ્ધના અંશ છે, અને કૃષ્ણકેશ સંકર્ષણના અંશ છે. તેથી અંશના નિરૂપણથી જ તેમનું નિરૂપણ થઈ જાય છે એવો ભાવ છે. (લે)

અનિરુદ્ધવ્યૂહ પાંચમા શ્લોકમાં કહ્યો. સંકર્ષણવ્યૂહ આઠમાની પહેલી પંક્તિમાં કહ્યો. બીજી પંક્તિમાં 'દેવક્યાં વિષ્ણુરુપિણ્યામ્' શબ્દોથી પ્રદ્યુમ્નવ્યૂહ કહ્યો, કારણ કે પ્રદ્યુમ્ને અલૌકિક પ્રકારથી વસુદેવના મનમાં પ્રવેશ કરેલ અને તેમનામાંથી દેવકીજીમાં તે આવ્યા એમ બીજા અધ્યાયમાં કહેલ છે. તે જ પંક્તિના 'વિષ્ણુઃ સર્વગુહાશયઃ' શબ્દોથી સાક્ષાત્ પુરુષોત્તમનું પ્રાકટ્ય કહેલું છે, એ પ્રમાણે વ્યૂહ સહિત પુરુષોત્તમનો આવિર્ભાવ મથુરામાં થયો એમ જાણવું. (યો)

આ નિશીથ સમયે ત્રણ વ્યૂહસહિત પુરુષોત્તમનો આવિર્ભાવ થયો એ લેખ ઉપરથી સ્પષ્ટ સમજાય છે. પ્રકાશમાં વાસુદેવવ્યૂહનો પણ આવિર્ભાવ જણાવે છે, પણ તે ૧૦।૩।૪૬ શ્લોકનું 'પ્રાકૃત બાલક થયા' વાક્યના આધારે કહે છે. તેથી નિશીથ સમયે તો ત્રણ જ વ્યૂહનો આવિર્ભાવ થયો એ સ્પષ્ટ જ છે.

૧૨. 'જાયમાને' શબ્દ પાંચમા તથા આઠમા શ્લોકમાં એમ બે વાર યોજી જણાવ્યું. (પ્ર)

૧૩. 'સર્વ અંશોવાળા' એટલે 'ત્રણ વ્યૂહવાળા ભગવાન્ પુરુષોત્તમ' એવો અર્થ છે. (લે)

૧૪. 'નંદના ઘેર જો વાસુદેવ પ્રકટ થયા હોય તો અહિં પ્રકટ થયા ન હોય. તો પછી અહિં સર્વ અંશોથી પ્રાકટ્ય કેમ કહેવાય ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. નિબંધમાં 'પ્રથમ (અધ્યાયમાં) વાસુદેવ (વ્યૂહ) છે' (૩।૧૦।૨૫) એમ કહેલ છે. તેથી વસુદેવ દ્વારા વાસુદેવ દેવકીજીમાં પધારવાથી અહિં વાસુદેવનો પણ આવિર્ભાવ થયો, તેથી સર્વ અંશોથી આવિર્ભાવ થયો. એવો અર્થ છે. (પ્ર)

૧૫. 'સત્ત્વમાં ભગવાન્ સ્થિતિ કરે તો અંશાવતાર થાય' એવી શંકા થાય તેથી આ કહે છે. ભાવ

ક્રિયા કરવામાં આવી નથી તેવી માત્ર અરણિ પણ (અગ્નિનો આવિર્ભાવ થવામાં) કારણ નથી, એટલે મથનને[૧૬] ઠેકાણે કાંઈક કહેવું જોઈએ. તે 'વિષ્ણુનાં રૂપવાળાં' શબ્દથી કહેલ છે. વિષ્ણુનું રૂપ આ (દેવકીજી)માં છે, તેથી (તે) 'વિષ્ણુનાં રૂપવાળાં' છે. તેમાં (દેવકીજીમાં) રહેલા ભગવાનના રૂપે જ ભગવાનને પ્રકટ કર્યા, પરંતુ (ભગવાનને પ્રકટ કરવામાં) કોઈ પ્રકારનો (દેવકીજીનો) પ્રયત્ન, અથવા પ્રસવનો વાત (વાયુ) વિગેરે કારણ ન હતું; તેથી તેવું (કાંઈ) કારણ ન હતું એમ કહેવા આ[૧૭] રૂપ જ (કારણ) કહેલું છે એવો સિદ્ધાંત છે.

દેવકીજીમાં રહેલ આધિદૈવિક (ભગવાનને પ્રકટ કરવામાં કારણરૂપ હતો) એમ કેટલાક કહે છે[૧૮]. તેમ હોય તો 'વિષ્ણુરૂપા'[૧૯] એવો અર્થ થાય. (એવો) બીજો પાઠ લેવામાં આવે તો પણ (દેવકીજીમાં રહેલ આધિદૈવિક) દેવ વિષ્ણુ જ છે. 'વિષ્ણુ' એટલે સર્વત્ર રહેનાર પુરુષોત્તમ જેમને વેદાંતમાં 'બ્રહ્મ' શબ્દથી ઓળખાવવામાં આવે છે.

તે (વિષ્ણુ) સ્થલે રહેનાર હોવાથી તેમનો પ્રાદુર્ભાવ ભાક્ત[૨૦] (ગૌણ)

---

એવો છે કે અંશાવતાર હોય ત્યારે વિગ્રહ (દેહ) સત્ત્વ હોય છે, અને જેમ લોઢાના ગોળામાં અગ્નિનો આવિર્ભાવ થાય તેમ તેમાં ભગવાનનો આવિર્ભાવ થાય છે. આ બ્રહ્મસૂત્રમાં સાધનાધ્યાયના ત્રીજા પાદમાં ગુણોપસંહાર અધિકરણમાં જણાવેલ છે. અહિં પ્રાકટ્ય થાય તે માટે આધાર તરીકે જ સત્ત્વની જરુર છે, અને પ્રાકટ્ય થયા પછી સત્ત્વના વ્યવધાન(ઢાંકણ)થી સ્થિતિ કરવાની નથી. તેથી જ અરણિનું દૃષ્ટાંત આપેલ છે; કારણ કે અરણિ અગ્નિ પ્રકટ થવામાં આધાર તરીકે જ નિમિત્ત છે. (લે)

૧૬. 'મથનને ઠેકાણે' એટલે '(ઘર્ષણની) ક્રિયા કરાવનાર મથનદંડને ઠેકાણે.' (લે)

૧૭. 'આ રૂપ' એટલે 'વાસુદેવ રૂપ', પુરુષોત્તમનો અક્ષરમાં જ આવિર્ભાવ થાય છે, પરંતુ ગુણોના સંસર્ગમાં આવિર્ભાવ થતો નથી. તેથી ગુણોનો સંસર્ગ ન રહે તે માટે વાસુદેવનો આવિર્ભાવ સ્વીકારવો જોઈએ એવો અર્થ છે. (પ્ર)

'આ રૂપ' એટલે 'જે રૂપનો પ્રાદુર્ભાવ થવાનો હતો તે રૂપ,' આ મુખ્ય પક્ષ છે. (લે) લેખનો અર્થ બરાબર જણાય છે.

૧૮. આ ગૌણપક્ષ કહેલ છે. (લે)

૧૯. આ વાક્યથી આ પક્ષ ગૌણ હોવાનું કારણ કહેલ છે. સત્ત્વરૂપ આધિદૈવિક દેવકીજીમાં ભગવાનનું પ્રાકટ્ય થયું, જો દેવકીજીમાં બીજું આધિદૈવિક રૂપ વિષ્ણુનું હોય તો દેવકીજી વિષ્ણુના સ્વરૂપભૂત (વિષ્ણુનું સ્વરૂપ) જ થાય, પણ વિષ્ણુના રૂપવાળાં ન થાય, અને તેથી અહિં 'વિષ્ણુ રુપિણ્યાં' 'વિષ્ણુના રૂપવાળાં' શબ્દ છે તેનો અર્થ બરાબર બંધ બેસે નહિ. (લે)

૨૦. 'ભાક્ત' એટલે 'ભાગથી અથવા અંશથી' સિદ્ધ થાય. (લે)

થાય, એવી શંકા થાય તેથી, સર્વ સ્થલે રહેનાર હોવા છતાં જે સર્વની અંદર રહેલા[૨૧] છે (અને) સર્વના અંતર્યામી છે તે અંદર રહેનાર જ બહાર પધારેલા છે એમ કહેવા, સર્વની 'ગુહા' 'ગુહા' એટલે હૃદયરૂપ આકાશ[૨૨], તેમાં 'આ' સર્વ તરફ 'શેતે' શયન કરે છે એટલે રહે છે તે '(સર્વની) ગુહામાં શયન કરનાર' એમ કહેલું છે. આથી[૨૩] એમ જણાવેલું છે કે સર્વ ભજન કરે તે માટે (ભગવાને) પોતે હૃદયમાં રહી તેમને પરાયણ રહેનારા કૃતાર્થ થશે એમ જણાવવા વેદો રચ્યા; તે (ભગવાન્) હવે અહિં જ પ્રકટ થયા છે તેથી હવે પછી પહેલાંની ગોઠવણ યોગ્ય નથી, પરંતુ આ (બહાર પ્રકટ થએલા ભગવાન)ની જ બહાર સેવા કરવી.

'પ્રાદુરાસીત્' એટલે પ્રાદુર્ભૂત થયા, અકસ્માત્ પ્રકટ થયા, અંદર જેમનો અનુભવ થતો હતો[૨૪] તેમનાં બહાર દર્શન થયાં; પરંતુ તેમાં (ભગવાનના બહાર પ્રકટ થવામાં) દેવકીજીનો કોઈપણ પ્રયાસ થયો ન હતો, (ભગવાનના બહાર પ્રકટ થવામાં) કારણરૂપ ન હોય તેવાં જ્ઞાન[૨૫] અથવા સાવધાનપણું[૨૫] પણ થયાં ન હતાં. તે બહાર પ્રકટ થએલ ભગવાન્ સંપૂર્ણ જ[૨૬] આનંદમય હતા એમ જણાવવા, 'જેમ પૂર્વદિશામાં ચંદ્ર(નો આવિર્ભાવ થાય) તેમ' શબ્દોથી આધાર[૨૭] અને જે પ્રકટ થએલ[૨૭] તે બેનું દષ્ટાંત કહે છે. સર્વ દેવતાવાળી પૂર્વદિશા સર્વેએ આદર કરવા યોગ્ય છે, તે પણ (ચંદ્ર) આવતાં માત્ર રસ્તારૂપ જ છે, પરંતુ (તેને) જન્મ આપતી નથી[૨૮]. 'ઈંદુઃ' ચંદ્ર અમૃતમય છે. 'ઈદ્' (ધાતુ) ઘણા ઐશ્વર્યના અર્થમાં

---

૨૧. 'સર્વની અંદર રહેલા' એટલે 'અન્નમય વિગેરે ચારની અંદર રહેલા અને તેમના અંતર્યામી, પુરુષવિધપણું પ્રાપ્ત કરાવનાર આનંદમય' એવો અર્થ છે. (લે)

૨૨. આ ગુહા 'પરમ વ્યોમ ગુહા' શ્રુતિમાં કહેલી છે તે છે. 'તેમાં રહેલા' એટલે વ્યાપિવૈકુંઠમાં રહેલા (ભગવાન્) અહિં પધાર્યા છે, એવો ભાવ છે. (લે)

૨૩. 'આથી' એટલે 'ગુહામાં રહેલ ભગવાન્ પ્રકટ થયા એમ કહ્યું તેથી.' (લે)

૨૪. 'સર્વ ભજન કરે તે માટે પોતે હૃદયમાં રહી' એમ ઉપર કહ્યું તે પ્રમાણે ભગવાન્ ભક્તના હૃદયમાં રહે છે. તેથી ભક્ત દેવકીજીને જે ભગવાનનો પોતાની અંદર અનુભવ થતો હતો તેમનાં તેમને બહાર દર્શન થયાં. (લે)

૨૫-૨૫. 'સાવધાનપણું' એટલે 'મન માત્ર તેમાં જ ચોંટેલ રહે તે' નિશ્ચય કરવા માટે જ્ઞાનની આવશ્યકતા હોય છે. (લે)

૨૬. 'સંપૂર્ણ' એટલે 'પ્રિય મોદ પ્રમોદ આનંદવાળા.' (લે)

૨૭-૨૭. 'જેમ પૂર્વદિશામાં' શબ્દોથી આધારનું દષ્ટાંત કહેલું છે. 'ચંદ્રની પેઠે (ચંદ્રનો આવિર્ભાવ થાય તેમ)' શબ્દોથી પ્રકટ થએલનું દષ્ટાંત કહેલ છે. (લે)

૨૮. પૂર્વદિશાના દષ્ટાંતથી એમ જણાવેલું છે કે દેવકીજી ભગવાનનો માત્ર આવિર્ભાવ

યોજાય છે તેથી ઈંદુ ઘણા ઐશ્વર્યવાળો આનંદમય છે. તે પ્રથમ[૨૯] પૂર્વદિશામાં પૂરો દેખાય છે. ખંડ (અપૂર્ણ ચંદ્ર) તો (આકાશની) મધ્યમાં અથવા અંતે (પશ્ચિમમાં) (દેખાય છે.) ખંડ પણ પૂર્વદિશામાં ઊંચે દેખાય છે[૩૦] તેથી (દષ્ટાંતમાં કહેલ ચંદ્ર) તેવો નથી, એમ જણાવવા 'પૂર્ણ' શબ્દ યોજેલ છે. 'પુષ્કલઃ' એટલે પૂર્ણ. 'પુષ્કલ' શબ્દથી પુષ્ટ પણ કહેલ છે, તેથી તેને કલંકરહિત જણાવેલ છે.

'આનકદુન્દુભિની પત્નીઓ ઘણી હતી, છતાં દેવકીજીમાં જ ભગવાનનો આવિર્ભાવ થવાનું શું કારણ ?' એવી શંકા થાય, તે દૂર કરવા 'જેમ પૂર્વદિશામાં પૂર્ણચંદ્રનો આવિર્ભાવ થાય' એવું બીજું દષ્ટાંત કહેલું છે. અહિં[૩૧] 'પૂર્વ' વિગેરે પદોની આવૃત્તિ જાણવી[૩૨]. આમ હોવાથી જેમ પૂર્ણચંદ્રના પ્રાકટ્યનું સ્થાન પૂર્વદિશા જ છે, તેવી રીતે પૂર્ણ શક્તિવાળા પુરુષોત્તમનું પ્રાક્ટ્યનું સ્થાન દેવકીજી જ છે તેથી તેમ[૩૩] છે, એવો અર્થ છે. તેથી દેવકીજી અને વસુદેવ એ બે બેઠાં હતાં ત્યારે સચ્ચિદાનંદ દેહવાળા સર્વ કલાઓથી પૂર્ણ ભગવાનનો તેમની પાસે અકસ્માત્ આવિર્ભાવ થયો. તેથી જ તેઓના આશ્ચર્ય અને વર્ણનની સંગતિ થાય છે.

**દાસીનાં સર્વરક્ષાર્થં નિમિત્તીકૃત્ય તાદશમ્ ।।કા.૮।।**
**પ્રાદુર્ભૂતો મમ સ્વામી નૈશ્ચિન્ત્યં વાચિ પૂર્વવત્ ।।**

દાસીઓના[૩૪] સર્વની[૫] રક્ષા કરવા તેવાને[૩૬] નિમિત્ત કરીને[૩૭] મારા

---

કરાવનાર હતાં, પરંતુ માતાની પેઠે જન્મ આપનાર ન હતાં. (પ્ર)

૨૯. 'પ્રથમ' એટલે 'પૂર્વદિશાના પ્રથમ ભાગમાં' (જ્યાં પૂર્વદિશા આકાશ સાથે મળતી દેખાય ત્યાં.) (લે)

૩૦. કૃષ્ણપક્ષની બીજથી પણ ચંદ્ર પૂર્વદિશામાં જ પહેલો દેખાય છે, પરંતુ તે પૂર્ણ હોતો નથી. તેથી પૂર્વમાં દેખાય એટલે પૂર્ણ જ હોય એવો નિયમ નથી, એવો ભાવ છે. (લે)

૩૧. 'અહિં' એટલે 'એવી રીતે વ્યાખ્યાન કરતાં.' (પ્ર)

૩૨. જેમ પૂર્વદિશામાં પૂર્ણચંદ્ર દેખાય તેમ દેવકીજીમાં, એ પ્રમાણે આધારનું દષ્ટાંત છે, 'પૂર્વદિશામાં પૂર્ણચંદ્ર દેખાય તેમ વિષ્ણુનો આવિર્ભાવ થયો' એવું, પ્રકટ થનારનું દષ્ટાંત છે. (લે)

૩૩. 'તેથી તેમ છે' એટલે 'એ પ્રમાણે જણાવવા બે દષ્ટાંતો કહેલાં છે.' (પ્ર) તેથી વસુદેવની ઘણી પત્નીઓ હોવા છતાં દેવકીજીમાં ભગવાનનો આવિર્ભાવ થયો છે.

૩૪. 'દાસીઓના' એટલે 'જે દાસીઓ કહેવામાં આવશે તેમના' (પ્ર) ભક્તોના. (લે+કા)

૩૫. 'સર્વની' એટલે 'સર્વ પુરુષાર્થોની'. (પ્ર) સંઘાતની (દેહની). (લે)

૩૬. 'તેવાને' એટલે 'પોતાની સમાન આકારવાળા વાસુદેવને,' અથવા 'ભક્તોના ઘણા તીવ્ર દુઃખને.' (પ્ર) 'દેવકીજીમાં રહેલા સત્ત્વને.' (લે+કા)

૩૭. 'નિમિત્ત કરીને' એટલે 'પોતાના આવિર્ભાવનું કારણ કરીને.' (પ્ર)

સ્વામી[38] પ્રકટ થયા છે. વાણીનાં સંબંધમાં પહેલાંની પેઠે નિશ્ચિંતતા છે.[39] કા.૮ાા.

---

'પોતે જ નિમિત્ત હોવા છતાં, મથનને ઠેકાણે ક્રિયાવાળાં કરી આધાર તરીકે નિમિત્ત કરીને.' (લે)

૩૮. 'મારા સ્વામી' એટલે 'પુરુષોત્તમ.' પહેલાં ત્રણ વ્યૂહોનો આવિર્ભાવ કહ્યો. તેથી આ સ્વરૂપ એટલું જ હશે એવી શંકા થાય, તેથી કારિકામાં પુરુષોત્તમનું પ્રાકટ્ય કહેલ છે. આ કારિકાના પહેલા ચરણથી 'ગુહામાં શયન કરનાર' પદનું તાત્પર્ય કહેલું છે. પહેલાં ભગવાન્ ભક્તોના દેહ ઈન્દ્રિય વિગેરેની રક્ષા અન્નમય વિગેરે રૂપથી કરતા. આનંદમય અધિકરણમાં તે દર્શાવેલ છે. હવે તો પોતે જ આનંદમય રૂપથી તે પ્રમાણે રક્ષા કરવા પ્રકટ થયા છે. એવો અર્થ છે. (લે)

૩૯. 'વાણીના સંબંધમાં' એટલે 'ઉપનિષદોરૂપ વાણીમાં' એવો અર્થ છે. 'જ્યાંથી વાણી મન સહિત પહોંચ્યા વિના જ પાછી ફરે છે' 'દર્શન ન થાય તેવું ગ્રહણ ન થાય તેવું' 'ત્યાં સૂર્ય પ્રકાશતો નથી, ચંદ્ર અને તારા પ્રકાશતા નથી, આ વિજળીઓ પ્રકાશતી નથી, (તો) આ અગ્નિ તો કેમ જ પ્રકાશે ?' 'ચક્ષુથી અથવા તો વાણીથી જણાતા નથી' વિગેરે વાક્યોનો, ભગવાનનું પ્રાકટ્ય કહેવામાં વિરોધ થાય છે, પરંતુ 'કોઈક ધીરે પ્રત્યગાત્માને જોયા' 'પછી તો નિષ્કલનું ધ્યાન કરતાં તેમનાં દર્શન કરે છે' વિગેરે વાક્યોને લીધે ભગવાન્ પોતાની ઈચ્છાથી દર્શન આપે છે, પણ ઈન્દ્રિયોના સામર્થ્યથી તેમના દર્શન થતાં નથી, એવી રીતે શ્રુતિઓના તાત્પર્યનું નિરૂપણ કરવાથી એ વિરોધ મટી જાય છે. તેથી જેમ ભગવાનના પ્રાકટ્ય પહેલાં એ પ્રમાણે ભગવાનનાં દર્શન થવામાં થતો વિરોધ દૂર કરવામાં આવતો હતો, તેમ ભગવાનના પ્રાકટ્ય પછી પણ એ વિરોધ રહેતો નથી, તેથી કોઈપણ પ્રકારની ચિંતા નથી, એવો અર્થ છે. (ટિ)

ઉપર ટિપ્પણીમાં જણાવેલ અર્થ બ્રહ્મસૂત્ર ૩।૨।૧૫માં સ્પષ્ટ છે. (પ્ર)

(૧) ભગવાનનો જન્મ મધરાતે થયો એમ પહેલા શ્લોકમાં કહેલ છે તેથી ભગવાન્ કાલને અધીન જણાય છે તે કાલાતીત કેમ ગણાય ?

(૨) પાંચમા શ્લોકમાં અસુરો જેમનો દ્રોહ કરે છે તેવા સત્પુરુષોનાં મન પ્રસન્ન થયાનું કહેલ છે. તેમનાં મન અસુરોનો નાશ થાય ત્યારે પ્રસન્ન થાય. તે માટે શ્રીકૃષ્ણનો આવિર્ભાવ હોય તો તે અવતારનું કાર્ય છે, તે માટે પૂર્ણ પુરુષોત્તમનું પ્રાકટ્ય કેમ સંભવે ?

(૩) વળી પૂર્વદિશામાં પૂર્ણચંદ્રનો આવિર્ભાવ થાય તેમ ભગવાનનો આવિર્ભાવ કહ્યો, તેથી આ પૂર્ણ પરબ્રહ્મનું સ્વરૂપ છે. તે સર્વ વ્યવહારના વિષય થાય તેવો પ્રાદુર્ભાવ તેમનો 'બ્રહ્મ નિર્ગુણ છે' એમ જણાવનારી શ્રુતિઓ પ્રમાણે સંભવતો નથી. આવી ત્રણ શંકાઓ દૂર કરવા આ કારિકા કહેલી છે.

(૧) મથુરામાં વ્યૂહસહિત ભગવાનનો આવિર્ભાવ કહ્યો છે, તેથી વ્યૂહોથી અસુરોનો નાશ થશે અને સત્પુરુષોનાં મન પ્રસન્ન થશે. ભગવાનનું પ્રાકટ્ય તો ૧।૮।૧૯ પ્રમાણે દાસીઓનું સર્વથી રક્ષણ કરવા માટે છે. 'દાસીઓ' એટલે શ્રુતિરૂપ ગોપીઓનું. 'સર્વથી'

એ પ્રમાણે ઐશ્વર્યથી ભગવાનના પ્રાદુર્ભાવનું નિરૂપણ કરી, તેમના વીર્યનું[1] નિરૂપણ કરવા નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી ભગવાનનું વર્ણન કરે છે :

શ્રીશુક કહે છેઃ

**તમદ્ભુતં બાલકમમ્બુજેક્ષણં ચતુર્ભુજં શંખગદાદ્યુદાયુધમ્ ।।**
**શ્રીવત્સલક્ષ્મં ગલશોભિકૌસ્તુભં પીતાંબરં સાન્દ્રપયોદસૌભગમ્ ।।૯।।**

તે અદ્‌ભુત, બાલક, અંબુજ(કમલ) ઈક્ષણ(નેત્ર)વાળા, ચાર ભુજા વાળા, શંખ ગદા વિગેરે ઊંચા કરેલાં આયુધોવાળા, શ્રીવત્સના ચિહ્નવાળા, કંઠમાં શોભતા કૌસ્તુભવાળા, પીત (પીળાં) અંબરવાળા, ઘાટાં વાદળાંના જેવા શોભતા... (ને વસુદેવે જોયા) (શ્લોક ૧૦). ૯.

આ પ્રસંગે સર્વ શ્રવણ કરનારા આનંદમગ્ન થઈ બહારના ભાન વગરના થયા, એમ જણાવવા ફરીથી શ્રીશુક કહે છે એમ કહેલું છે[2].

---

એટલે ભગવાન્ સિવાયના બધાથી. 'રક્ષણ કરવા' એટલે બીજાઓમાં તેમનો થતો વિનિયોગ મટાડી તેમનો નિરોધ કરવા માટે છે. ભગવાન્ વિવિધ લીલાઓથી પ્રપંચમાં પ્રાપ્ત થતા આનંદથી જૂદા પ્રકારનો નિરવધિ પરમાનંદ ભક્તોને નિત્ય આપે છે અને તેમના પ્રપંચનું વિસ્મરણ કરાવે છે. પરમાનંદ પ્રાપ્ત થતાં પ્રપંચનું તુચ્છ સુખ ભુલાય એ યોગ્ય જ છે. તેથી આ સ્કંધના અર્થ નિરોધની સંગતિ થાય છે.

(૨) ભગવાનનો જન્મ મધરાતે થયો તે કાલે કરેલ નથી, પણ ભગવાને કરેલ છે, તેથી 'તાદશં' તેવા સર્વ ગુણોવાળા મધરાતના કાલને 'નિમિત્તીકૃત્ય' નિમિત્ત કરીને ભગવાને પોતાનો આવિર્ભાવ કરેલ છે. અક્ષર પણ કાલથી નિયમ્ય નથી તો અક્ષરથી અતીત શ્રીકૃષ્ણ કેમ જ હોય ? છતાં પોતાની લીલાથી ભગવાને તેનું પ્રાકટ્યનું નિમિત્ત કર્યો છે તેથી 'નિમિત્તીકૃત્ય' એમ 'ચ્વિ' પ્રત્યયવાળા પદનો પ્રયોગ કરેલો છે. (નિમિત્ત ન હોય તેને નિમિત્ત કરીને='નિમિત્તીકૃત્ય')

(૩) ઉપનિષદોરૂપ વાણીના સંબંધમાં 'પહેલાંની' એટલે અવતાર થયો તે પહેલાંની પેઠે 'નિશ્ચિંતતા' એટલે સમાધાન થાય છે. જેમ વૈકુંઠ વિગેરેમાં ભગવાનની કૃપાથી જ તેમનાં દર્શન થાય છે તેમ અહિં પણ ચક્ષુ પોતાના સામર્થ્યથી દર્શન કરતું નથી પણ ભગવાનની ઈચ્છાથી કરે છે. આમ હોવાથી જેમનો વ્યવહાર થાય છે તે શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે. પરમકાષ્ઠાપન્ન શ્રીકૃષ્ણ જ ભજનીય છે, એમ જણાવવા તેમને શ્રીમદાચાર્યચરણે પોતાના સ્વામી કહેલા છે. (યો)

૧. 'વીર્યનું' એટલે 'સામર્થ્યનું' ઐશ્વર્ય આઠ પ્રકારનું હોવાથી ઐશ્વર્યનું નિરૂપણ કરનાર આઠ શ્લોકો (૧ થી ૮) પહેલાં કહ્યા. વીર્યનું નિરૂપણ બે શ્લોકોથી કેમ કરવામાં આવે છે, અને તે પૈકી પહેલા (આ) શ્લોકમાં દશ અને બીજામાં બે મળી બાર વિશેષણો કેમ છે, તેનું તાત્પર્ય નીચે સાડાચાર કારિકાથી કહે છે. (પ્ર)

૨. અહિં મૂલ ભાગવતમાં 'શ્રીશુક કહે છે' એવો પાઠ છે એમ જાણવું. (લે)

**દશલીલાનિરૂપ્યોઽયં પુરુષો દ્વાદશાત્મકઃ ।।કા.૯।।**
**દ્વિગુણો ભગવાનત્ર પ્રાદુર્ભૂત ઈતીર્યતે ।।**

(૧) આ બાર પ્રકારના પુરુષ દશ લીલાઓથી નિરૂપણ[3] થાય તેવા છે, (અને) અહિં બેવડા[4] ભગવાનનો પ્રાદુર્ભાવ થયો છે એમ કહેલું છે. કા.૯।।.

**સર્વેષાં પ્રાણરૂપશ્ચ ઐહિકઃ પારલૌકિકઃ ।।કા.૧૦।।**
**જ્ઞાનક્રિયોભયયુતો દશલીલાપ્રવર્તકઃ ।।**

(૨) સર્વના પ્રાણરૂપ[5] છે અને આ લોકના અને પરલોકના (ફલ આપનાર) છે. (૩) જ્ઞાન અને ક્રિયાવાળા છે અને દશ લીલાઓના પ્રવર્તક (ચલાવનાર, કરનાર) છે. કા.૧૦।।.

**સગુણાં નવધાભક્તિં નિર્ગુણાં ચ પ્રવર્તયન્ ।।કા.૧૧।।**
**કાણ્ડદ્વયાર્થં તનુતે સોઽત્ર દ્વાદશધા મતઃ ।।**

(૪) તે ભગવાન્ નવ પ્રકારની સગુણ ભક્તિ અને નિર્ગુણ ભક્તિની પ્રવૃત્તિ કરાવતાં બે કાંડોના અર્થને પૂરે છે, તેથી અહિં બાર પ્રકારના મનાએલા છે. કા.૧૧।।.

**સર્વપ્રકાશકશ્ચૈવ કાલાત્મેન્દ્રિયનાયકઃ ।।કા.૧૨।।**

(૫) સર્વને પ્રકાશનાર[6]; (૬) અને કાલરૂપ[7] (૭) તથા ઈન્દ્રિયો અને

---

૩. આ શ્લોકમાં દશ અને દશમા શ્લોકમાં બે મળી બાર વિશેષણો (ભગવાનનાં) કહેલાં છે, તેનું તાત્પર્ય આ કારિકાઓથી કહે છે. ભગવાન્ દશલીલાઓથી નિરૂપણ થાય તેવા છે તેથી આ શ્લોકમાં દશ વિશેષણો છે. બીજા શ્લોકમાં બે વિશેષણો છે કારણ કે બે સ્વરૂપવાળા ભગવાનનો પ્રાદુર્ભાવ થયો છે. તેથી ભગવાન્ બાર પ્રકારના પુરુષ હોવાથી બંને શ્લોકનાં મળી બાર વિશેષણો છે. એવી જ રીતે આ પછીની અહિં કહેલી કારિકાઓમાં જાણવું. (ટિ+પ્ર)

૪. (૧) ભૂમિનો ભાર હરવો, વેદ ધર્મ વિહિત ભક્તિ જ્ઞાન વિગેરેની પ્રવૃત્તિ કરાવવી એ કાર્ય કરનાર મર્યાદામાર્ગીય ઐશ્વર્ય વિગેરેવાળું એક રૂપ.
(૨)બ્રહ્મની મર્યાદાનું પણ ઉલ્લંઘન કરવું, દૈત્યોને પણ મુક્તિ આપવી, ન આપી શકાય તેવું સ્વરૂપામૃતનું પણ દાન કરવું વિગેરે કાર્ય કરનાર પુષ્ટિમાર્ગીય ઐશ્વર્ય વિગેરેવાળું બીજુંરૂપ.
આવાં બંને રૂપો પ્રકટ કરી ભગવાન્ અહિં પ્રકટ થયા છે; એવું બંને શ્લોકોનું તાત્પર્ય છે.(ટિ)

૫. 'સર્વના' એટલે 'ભક્તોના' દશ પ્રાણરૂપ (૧૦) આ લોકનું (૧૧) અને પરલોકનું (ફલ આપનારી) (૧૨) એ પ્રમાણે બાર પ્રકારના. (ટિ+કા)

૬. 'સર્વને પ્રકાશનાર' એટલે બાર બિંબવાળો સૂર્ય. (બાર રાશિ પૈકી દરેક રાશિમાં રહેલ સૂર્ય જૂદો ગણાય છે). ભગવાન્ સૂર્યરૂપ છે, સૂર્ય પેઠે લીલાના પદાર્થોને પ્રકાશે છે, કારણ કે લીલાના પદાર્થોનો બીજું કોઈ પ્રકાશ કરી શકતું નથી. (ટિ)

૭. લીલા કાલથી અતીત છે. તેથી તે અટકતી નથી જ. તેથી બાર મહિનારૂપ લીલાનો આધાર

તેમના નિયામક[૮] છે. કા.૧૨.

**આત્મા કાર્યં ચ ભૂતાનિ અહન્તત્ત્વમુભૌ ત્રયઃ ।।**
**અક્ષરં ભગવાંશ્ચેતિ દ્વાદશાત્મા હરિઃ સ્વયમ્ ।।૧૩।।**

(૮) (બે) આત્મા[૯], કાર્ય[૧૦], ભૂતો[૧૧], અહંતત્ત્વ[૧૨], બે[૧૩] (પ્રકૃતિ અને પુરુષ), ત્રણ[૧૪] ગુણો, અક્ષર અને ભગવાન્ એમ હરિ પોતે બારરૂપ છે[૧૫]. કા.૧૩.

તે[૧૬] પૈકી પ્રથમ દશ રીતે સ્વરૂપનાં લક્ષણોનું આ શ્લોકમાં વર્ણન કરે છે.

(૧) 'તમ્' 'તે' એટલે ''તેથી હું લોકમાં અને વેદમાં પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ છું'' (ગીતા ૧૫।૧૮) પ્રમાણે લોક અને વેદમાં પ્રસિદ્ધ[૧૭]. સર્વનાં મૂલ (રૂપ) થએલ હોવાથી સર્વના આધાર બનેલ[૧૮]. કેટલાક ('તે' એટલે)

---

થએલ જે સંવત્સરરૂપ કાલ તે પણ ભગવાનનું જ રૂપ છે. તેથી જ (ભગવાન્) 'એક વર્ષના' 'ત્રણ માસના' 'કુમાર' થયા એમ કહેવામાં વિરોધ થતો નથી. (ટિ)

૮. લીલા લૌકિક ઈન્દ્રિયોનો વિષય નથી (લૌકિક ઈન્દ્રિયોથી લીલાનું દર્શન કે જ્ઞાન થતાં નથી. તેથી લીલામાં રહેલ ભક્તોની અગીઆર ઈન્દ્રિયોરૂપ અને તે ઈન્દ્રિયોનું નિયમન કરનાર એ પ્રમાણે બાર પ્રકારના ભગવાન્ છે. (ટિ)

૯. 'આત્મા' શબ્દથી (૧) જીવાત્મા અને (૨) પરમાત્મા કહેલા છે. (ટિ)

૧૦. 'કાર્ય' એટલે 'મહત્તત્ત્વ'. (ટિ)

૧૧. 'ભૂતો' બધા એક પ્રકારના (કહેલા-ગણેલા) છે. (ટિ)

૧૨. 'અહંતત્ત્વ' એટલે 'અહંકાર'. (કા)

૧૩. 'બે' એટલે 'પ્રકૃતિ અને પુરુષ'. (ટિ)

૧૪. 'ત્રણ' એટલે 'ત્રણ ગુણો' બીજું (અક્ષર અને ભગવાન્) સ્પષ્ટ છે. (ટિ)

૧૫. ઉપર કારિકાઓમાં ભગવાન્ બાર પ્રકારના થયા એમ આઠ રીતે કહેલ છે તેથી એમ કહેલ છે કે લીલાનો સંબંધ જેમને છે તે પદાર્થોની સૃષ્ટિ ભગવાનના સ્વરૂપની જ બનેલી છે. ભગવાન્ સર્વ રૂપ થતા હોવાથી તેમનાં ઘણા અલૌકિક સામર્થ્યરૂપ વીર્ય કહેવાયું, આવું તાત્પર્ય જણાવવાનું પ્રયોજન પણ આ જ છે, કારણ કે લીલાની સૃષ્ટિ ભગવાનના સ્વરૂપની બનેલી ન હોય એટલે પ્રાકૃત પદાર્થની બનેલી હોય તે પ્રાકૃત પદાર્થનો સંબંધ થતાં બ્રહ્મપણું ન ગણાય. (ટિ+પ્ર)

૧૬. 'તે પૈકી' એટલે 'આ બાર વિશેષણો પૈકી'. (પ્ર)

૧૭. 'તે' પહેલાંના શ્લોકમાં જેમનો આવિર્ભાવ થયો તેમના સ્વરૂપને જણાવે છે તેથી તે વિશેષ્ય છે, વિશેષણ નથી એવી શંકા થાય, તેથી તેનો આ અર્થ કહે છે. 'તે' એટલે 'પ્રસિદ્ધ' આ અર્થમાં તે વિશેષણ જ છે. (લે)

ભગવદ્ગીતા ૧૫।૧૭ અને ૧૮માં કહેલ લક્ષણવાળા 'તે' શબ્દથી જણાવેલા છે. (પ્ર)

૧૮. ભગવદ્ગીતા ૮।૨૨માં કહેલ લક્ષણનો સંગ્રહ કરવા આ કહેલ છે. (પ્ર)

સૃષ્ટિરૂપ[19] એમ કહે છે.

(૨) 'અદ્‌ભુત' (શબ્દનું વ્યાખ્યાન કરીએ છીએ). અલૌકિક જ અદ્‌ભુત છે, પરંતુ લોક અને વેદમાં પ્રસિદ્ધ હોય તે (અદ્‌ભુત) નથી[20]. આ પ્રમાણથી અધિક પ્રમેયબલ છે[21], કારણ કે જેનું લૌકિક અથવા વૈદિક (પદાર્થો) ઉલ્લંઘન કરી શકે નહિ તે જ વીર્ય[22] (ગણાય) છે; (અને) આશ્ચર્ય પણ ત્યારે જ થાય. આથી[23] એમ કહેલું છે કે તે રૂપનાં દર્શન જ થઈ શકે, પરંતુ (તેનું) સ્મરણ અથવા વર્ણન થઈ શકે નહિ. એ પ્રમાણે બે પદો (વિશેષણો)થી સર્વ જેનું વર્ણન કરી શકે તેવું અને સર્વ (કોઈ) જેનું વર્ણન કરી ન શકે તેવું (રૂપ) કહેલું છે.

(૩) 'બાલક' એ (પદનું વ્યાખ્યાન કરીએ છીએ). 'બાલે બાલે' રૂંવાડે રૂંવાડે 'કઃ' બ્રહ્મા અથવા બ્રહ્માંડરૂપ વિગ્રહ[24] છે જેના (તે બાલક); વળી

---

૧૯. 'સૃષ્ટિરૂપ' એટલે સૃષ્ટિનું નિરૂપણ કરનાર (સર્ગલીલા કરનાર). સંખ્યા(દશ)ના તાત્પર્યથી ભગવાનને લીલા કરનાર ઉપર કારિકામાં જણાવ્યા છે, પરંતુ દરેક વિશેષણથી ભગવાન્ અમુક લીલા કરે છે એવું વ્યાખ્યાન થઈ શકે તેમ નથી, તેથી એવું વ્યાખ્યાન યોગ્ય નથી. (લે) આવો અર્થ કરવામાં કોઈ યુક્તિ કહેલી નથી અને ગીતાનું વચન જણાવ્યું તેથી આ અર્થ વિરુદ્ધ છે, તેથી આ અર્થ યોગ્ય નથી. (પ્ર)

૨૦. જો કે ભગવાનનું સ્વરૂપ સાકાર હોવાથી, વેદમાં (સાકારરૂપ) પ્રસિદ્ધ છે તો પણ હમણાં જેવું રૂપ (શ્રીકૃષ્ણે) પ્રકટ કરેલ છે તેવું વેદમાં પ્રસિદ્ધ નથી જ, એવા અભિપ્રાયથી આ (વાક્ય) કહેલું છે. તેથી પહેલા વિશેષણમાં લોક અને વેદમાં પ્રસિદ્ધ રૂપ કહ્યું તેનો આથી વિરોધ થતો નથી. (ટિ) 'તે જણાએલા (રૂપથી) તેમ જ નહિ જણાએલાથી પણ જૂદું છે' શ્રુતિ ભગવાનનું રૂપ જણાએલા રૂપોથી તથા નહિ જણાએલા રૂપોથી પણ જૂદું હોવાનું કહે છે. તેથી આ જ અર્થ થયો. તેથી વિરોધ નથી. (પ્ર)

૨૧. 'જ્યાંથી વાણી મન સાથે પહોંચ્યા વિના જ પાછી ફરે છે' વિગેરે શ્રુતિ ભગવાનનું જ્ઞાન થતું નથી એમ કહે છે, છતાં 'ભગવાન્ અદ્‌ભુત છે એવું જ્ઞાન કેમ થાય ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. આ ભગવાન્ અદ્‌ભુત છે, એવું જ્ઞાન પ્રમેયસ્વરૂપના બલથી થાય છે. તેથી પ્રમાણબલ કરતાં પ્રમેયબલ અધિક છે. તેથી પહેલાં 'તે' વિશેષણથી જે રૂપ કહ્યું તેનું સામાન્ય જ્ઞાન વેદોથી પણ થાય, પરંતુ તેથી જણાવેલા 'અદ્‌ભુતપણું' વિગેરે વિશેષો(ખાસ ગુણો)નું જ્ઞાન તો પ્રમાણ(વેદ)થી અધિક પ્રમેયબલથી જ થાય, એવો ભાવ છે. (લે)

૨૨. પ્રમાણબલથી અધિક બલવાળું આ રૂપ હોવાથી જ તે વીર્યવાળું છે એમ કહેલ છે. (લે)

૨૩. 'આથી' એટલે 'લોક અને વેદમાં પ્રસિદ્ધ નથી તેવું આશ્ચર્યવાળું રૂપ કહ્યું તેથી.' (લે)

૨૪. ચૌદ લોકરૂપ બ્રહ્માંડ, તે ચરણનાં તળીઆં વિગેરે અવયવોના ભેદથી વિગ્રહ છે જેમનો (તે બાલક), આવું વિરાટ્‌રૂપ આધ્યાત્મિક બ્રહ્મ છે. (લે)

અદ્‌ભુત બાલકનું[25] સ્વરૂપથી વર્ણન કરી શકાતું નથી. બાલોનું 'કં' સુખ છે જેમાંથી, અથવા 'બાલ' બાલક 'કઃ' બ્રહ્મા છે જેમનો, અથવા બલના સંબંધવાળા જે બાલો[26] (બાલકો) તેઓનો 'કઃ' એટલે મુખ્ય (તે બાલક). એવી રીતે અદ્‌ભુત પરાક્રમવાળા (વર્ણવી), (ભગવાનના) યશનું નિરૂપણ કર્યું.

(૪) 'અંબુજ ઈક્ષણવાળા' શબ્દથી અલૌકિક શોભાનું[27] નિરૂપણ કરે છેઃ અંબુજની તુલ્ય એટલે કમલનાં જેવાં 'ઈક્ષણે' એટલે બે નેત્રો છે જેમનાં, અથવા 'અંબુજા' એટલે લક્ષ્મી 'ઈક્ષણે' એટલે નેત્રમાં (દષ્ટિમાં) છે જેમના; અથવા 'અંબુજૌ' એટલે સૂર્ય અને ચંદ્ર[28], 'ઈક્ષણે' એટલે નેત્રો છે જેમનાં; અથવા 'અંબુજે' એટલે પંચવિદ્યાથી પ્રાપ્ત થતું રૂપ[29] જેણે પ્રાપ્ત કરેલું છે તેને 'ઈક્ષણં' જ્ઞાન છે જેમનું[30]; 'અંબુજા' એટલે લક્ષ્મીનો 'ઈઃ' એટલે કામ, તે જ 'ક્ષણં' સુખ છે જેમનું; અથવા 'અંબુજે' એટલે બ્રહ્માંડમાં[31] પાલન કરવા માટે ઈક્ષણ દષ્ટિ છે જેમની; અથવા 'અંબુજા' એટલે લક્ષ્મીમાં, તે ભોગનું સ્થાન હોવાથી 'ઈક્ષણ' એટલે સુખ છે જેમનું; અથવા 'અંબુજા' એટલે પૃથ્વીમાં જ 'ઈક્ષણ' એટલે દષ્ટિ છે જેમની અને બીજે ક્યાંય નથી[31] (તેવા અંબુજેક્ષણ ભગવાન્ છે). આવી રીતે અનેક પ્રકારથી ભગવાનની જ્ઞાનરૂપ શ્રીનું નિરૂપણ કરવું. જેની મધ્યમાં ભ્રમર

---

૨૬. 'બાલો' એટલે ૧૦।૮।૩૨માં જણાવેલા બાલકો, ક્રીડામાં એ બાલકોમાં ભગવાન્ મુખ્ય હતા તેથી (એમ કહેલ છે). (લે)

૨૭. 'શ્રી' ભગવાનનો ચોથો ગુણ છે તેનો અર્થ શોભા કરી તે કહે છે. 'અંબુજ' શબ્દના ઘણા અર્થો વ્યાખ્યાનમાં કરવામાં આવનાર હોવાથી તે અંબુજની સમાન શોભાને કહેલી હોવાથી તે અલૌકિક છે એમ કહેલ છે. (લે)

૨૮. 'સવારમાં જલમાંથી નીકળે છે, સાંજે (જલમાં) પ્રવેશ કરે છે' એ શ્રુતિ પ્રમાણે સૂર્ય અંબુજ (જલમાંથી ઉત્પન્ન થએલ) છે. તે જ ન્યાયથી ચંદ્ર પણ અંબુજ છે. 'ચંદ્ર ડાબું નેત્ર છે' એવો પણ પક્ષ છે. ગીતામાં પણ સ્વરૂપનું વર્ણન કરતાં 'શશી અને સૂર્ય નેત્રવાળા' એમ કહેલ છે. (૧૧।૧૮). (લે)

૨૯. 'જલ પુરુષની વાણી છે' શ્રુતિ પ્રમાણે પંચાગ્નિવિદ્યાથી પ્રાપ્ત થતું રૂપ અંબુજ છે, એમ જાણવું. (પ્ર)

૩૦. 'જેમનું' એટલે 'જેમના સંબંધી.' (લે)

૩૧-૩૧. બ્રહ્માંડમાં પૃથ્વીનો પણ સમાવેશ થઈ જાય છે, તેથી જ આગળ 'અંબુજા'નો અર્થ પૃથ્વી કરે છે, ત્યાં આ પક્ષથી ભેદ જણાવવા 'બીજે ક્યાંય નથી' એમ કહેલ છે; એટલે બીજા લોકની ચિંતા તજી માત્ર પૃથ્વીનો જ ઉદ્ધાર કરવા ભગવાને પ્રવૃત્તિ કરી છે એવો તેનો અર્થ છે. (લે)

બેઠેલ હોય તેવું જ કમલ નેત્રની બરાબર થાય છે, અને ભ્રમર સ્થિર હોવો જોઈએ. તેથી મકરંદ(રસ)નું પૂર તેમાં (છે એમ) જણાવેલું છે. અહિં (શ્રીકૃષ્ણમાં) દયામૃત[32] વિગેરે મકરંદ છે, (અને) તેમનો સંબંધ હોય તો બધાએ (હરકોઈ) મધુપ[32] થાય છે એમ જણાવવા પ્રાકૃત(કમળો)ની પણ ઉપમા અપાય છે[33]. અથવા જેમ જલમાં અદ્‌ભુતરૂપવાળું કમળ થાય છે તેમ (ભગવાનના) સંપૂર્ણ રૂપમાં પણ અદ્‌ભુતરૂપવાળાં બે નેત્રો છે. આથી (ભગવાનની) અદ્‌ભુત જ્ઞાનશક્તિનું નિરૂપણ થયું.

(૫) 'ચાર ભુજાવાળા' શબ્દથી ક્રિયાશક્તિનું નિરૂપણ કરતાં ચારે પ્રકારનું[34] જ્ઞાન પણ કહે છે. ચાર 'ભુજાઓ' એટલે ક્રિયાશક્તિઓ છે જેમની (તેવા ભગવાન્ છે), કારણ કે ચાર પ્રકારનાં કાર્યો (કરવા) માટે[35] ભગવાનનો અવતાર થયો છે, (અને) ચાર ભુજાઓવાળાં રૂપથી તે જ કાર્યો કહેલાં છે. અથવા, 'ચત્વારઃ' ચાર પુરુષાર્થો, અથવા ભૂતો[36] અથવા ધર્મ વિગેરે

---

૩૨-૩૨. 'દયામૃત' એટલે દયાથી પ્રકટ થએલું, 'અમૃત' એટલે નેત્રમાં રહેલ રસ, તે વિગેરે મકરંદ, 'અહિં' એટલે (શ્રીકૃષ્ણના) સ્વરૂપમાં છે. જેમ કમલના સંબંધથી ભ્રમર મધુપ (મધનું પાન કરનાર) થાય છે, તેમ ભગવાનનાં નેત્રનો સંબંધ થતાં સર્વે નેત્રના રસનું પાન કરે છે; એટલે ભગવાન્ જેના ઉપર દયાથી દૃષ્ટિ કરે છે તેને તે રસનો આસ્વાદ થાય છે એવો ભાવ છે. (લે)

૩૩. પોતાનો સંબંધ કરાવી, મધુનું પાન કરાવવું, એ કમલમાં અને (ભગવાનના) નેત્રમાં સાધારણ ધર્મ છે એમ કહેલ છે. (લે)

૩૪. 'ચારે પ્રકારનું' એટલે 'પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ, એવા ચારે પ્રકારનું' એવો અર્થ છે. અહિં એવો ભાવ છે કે (ભગવાનનાં) સંપૂર્ણ સ્વરૂપનું વર્ણન કરતાં જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોનું વર્ણન કરવું જોઈએ. તે પૈકી જ્ઞાનેન્દ્રિયોમાં ઈક્ષણ (ચક્ષુ) જ કહ્યું અને કર્મેન્દ્રિયોમાં ભુજાઓ જ કહી; તેથી એમ જણાય છે કે (દરેક પ્રકારની) એક જ ઈન્દ્રિયથી પૂર્ણ જ્ઞાનશક્તિ અને પૂર્ણ ક્રિયાશક્તિ કહેલાં છે. આમ હોવાથી, કર્મેન્દ્રિય (ભુજા)નું નિરૂપણ કરતાં 'ભગ' શબ્દના અર્થરૂપ જ્ઞાનનું નિરૂપણ કરે છે. તેથી એમ જણાવે છે કે 'જીવોની પેઠે ભગવાનની કર્મેન્દ્રિય જ્ઞાન ઉત્પન્ન કરનારી હોતી નથી એવું નથી, પરંતુ તે પોતે ચિદ્રૂપ (જ્ઞાનરૂપ) છે અને પૂર્ણ જ્ઞાન ઉત્પન્ન કરનારી છે.' (ટિ)

૩૫. ચાર પ્રકારની ક્રિયાશક્તિનું આ વિવરણ છે. વ્યૂહોનાં કાર્યો જ એ ચાર પ્રકારનાં કાર્યો છે, કારણ કે વ્યૂહો નિયત (મુકરર કરેલાં) કાર્યો કરનાર છે. (ટિ)

૩૬. ભગવાનની ભુજાઓ ક્રિયાશક્તિનું રૂપ હોવાથી સર્વ ક્રિયાઓનું મૂલ છે, અને પૃથ્વી વિગેરે ચાર (આકાશ વિનાનાં) ભૂતો જ ક્રિયાવાળાં છે, તેથી ભગવાનની ભુજાઓ એ પૃથ્વી વિગેરે ચાર ભૂતોના આધિદૈવિક પણ છે એવા આશયથી ભૂતો ભુજાઓ અથવા

દિક્પાલો[૩૭] જેમની ભુજાઓ છે અથવા ભુજાઓમાં છે તે (ચાર ભુજાવાળા). આથી લૌકિક[૩૮] અને અલૌકિક[૩૮] એમ (ભગવાનને) બેવડા[૩૮] પુરુષ કહ્યા.

**ઘાતકૌ રક્ષકૌ ચોક્તૌ વિરોધેઽપ્યતિસઙ્કટે ।।**
**વેદોક્તં દ્વિવિધં જ્ઞાનં ભક્તિર્ભગવતસ્તથા ।।કા.૧૪।।**

વિરોધ હોવા છતાં તેમ જ મોટું સંકટ હોય ત્યારે બે (ભુજાઓ) હણનારી[૩૯] અને બે રક્ષણ કરનારી[૩૯] કહેલી છે. બે પ્રકારનું વેદનું જ્ઞાન[૪૦] અને તેવી જ (બે પ્રકારની) ભગવાનની ભક્તિ[૪૧] કહેલાં છે. કા.૧૪.

(૬) 'શંખ ગદા વિગેરે ઊંચા કરેલા આયુધોવાળા' શબ્દથી વૈરાગ્યનું[૪૨]

---

ભુજાઓમાં છે એમ કહેલ છે. તેથી લીલામાં રહેલાં ભૂતો પ્રભુની ભુજારૂપ જ હોવાથી પ્રાકૃત નથી એવો ભાવ છે. અથવા ભૂતો એટલે (૧) ઑરમાંથી નીકળતાં, (૨) પરસેવામાંથી ઉત્પન્ન થતાં, (૩) ઈંડામાંથી ઉત્પન્ન થતાં તથા (૪) વૃક્ષો પેઠે ફણગો ફૂટી ઉત્પન્ન થતાં એવાં ચાર પ્રકારનાં પ્રાણીઓ કહેલાં છે, તેઓ ઉપર જણાવ્યા પ્રમાણે આધિદૈવિક રૂપવાળાં છે એમ જાણવું. (ટિ+પ્ર)

૩૭. દિક્પાલો ભગવાનના બાહુઓ છે, એમ ૨।૧।૨૯માં પણ કહે છે. (પ્ર)

૩૮-૩૮-૩૮. પુરુષ કુદરતી રીતે બે ભુજાઓવાળો છે, તેથી 'બેવડા પુરુષ' (૨×૨=૪ ભુજાવાળા) કહેલાં છે. 'લૌકિક અને અલૌકિક એ આનું જ (બેવડા શબ્દનું) વિવરણ છે'. યુદ્ધ વિગેરેથી જરાસંધ વિગેરેને હણવા એ લૌકિક પુરુષના કાર્ય જેવું છે. તેમ ન હોય તો તેની સેના હણવામાં ઈશ્વરને યુદ્ધ કરવાની શી જરુર હોય? અવસ્થા (વય) અને સાધનથી વિરુદ્ધ કાર્ય કરવું જેવું કે પૂતનાનો તથા શકટાસુરનો વધ વિગેરે તે અલૌકિક (પુરુષનું) કાર્ય છે. (ટિ)

૩૯-૩૯. એક સાથે એક સમયે હણવું અને રક્ષણ કરવું એ કાર્યો વિરુદ્ધ છે, છતાં ભગવાને તેવું કાર્ય પણ કરેલ છે. પરીક્ષિતમાં રહેલ લૌકિક બીજના અંશનો દાહ કર્યો અને વૈષ્ણવાંશ ગર્ભનું અને તેની માતાનું રક્ષણ કર્યું, અને તે પણ પાછું ન ફેરવી શકાય તેવા બ્રહ્માસ્ત્રથી રક્ષણ કર્યું. આ જ (બ્રહ્માસ્ત્ર) સંકટરૂપ પણ હતું. તેવી જ રીતે ઈન્દ્રે વૃષ્ટિ વિગેરે કર્યાં તે પણ સંકટરૂપ હતાં એમ જાણવું. (ટિ)

૪૦. કર્મસંબંધી જ્ઞાન અને બ્રહ્મસંબંધી જ્ઞાન એવા બે પ્રકારનું જ્ઞાન; અથવા આત્મા (જીવાત્મા)નું જ્ઞાન અને પરમાત્માનું જ્ઞાન એવા બે પ્રકારનું જ્ઞાન. (ટિ)

૪૧. સગુણભક્તિ અને નિર્ગુણભક્તિ એવા બે પ્રકારની, અથવા સાધનરૂપ અને ફલરૂપ એવા બે પ્રકારની ભક્તિ પણ (કહેલી) છે. (ટિ)

૪૨. આ વિશેષણથી વૈરાગ્યનું નિરૂપણ થાય છે, કારણ કે વૈરાગ્ય સર્વ દુઃખોને મટાડનાર છે, અને ભક્તોનું દુઃખ ભગવાનનાં આયુધોથી મટે છે. તેથી આયુધો વૈરાગ્યરૂપ છે. તેથી એમ જણાવેલું છે કે ભગવાનને ભકતો પ્રતિ જ રાગ છે, અને તેમનો દ્વેષ કરનારા ઉપર રાગ નથી. તેથી જ (ભકતોનો દ્વેષ કરતા હોવાથી જ) મામા કંસ વિગેરેને ભગવાને હણ્યા. (ટિ)

(નિરૂપણ કરે છે). શંખ અને તે આદિ છે જેનું, ગદા અને તે આદિ છે જેનું (તે શંખ ગદા વિગેરે). 'ઉત્તમ શંખ જલનું તત્ત્વ છે,' કમલ ભુવનરૂપ છે, ગદા પ્રાણરૂપ વાયુ છે, (અને) 'સુદર્શન તેજનું તત્ત્વ છે.' એવી રીતે શંખ, પદ્મ (કમલ), ગદા અને ચક્રનું અનુક્રમે નિરૂપણ કર્યું.

**મધુસૂદનો માધવશ્ચ ત્રિવૃન્નારાયણસ્તથાઃ ||કા.૧૪||.||**

મધુસૂદન[૪૩] અને માધવ[૪૪] અને નારાયણ[૪૫] એમ ત્રણ રૂપવાળા[૪૬] (ભગવાન્) થયા. કા.૧૪||.

શંખ, ગદા વિગેરે જે ઊંચા કરેલાં આયુધો છે જેમનાં[૪૭] (તેવા શ્રીકૃષ્ણ

---

૪૩. ભગવાન્ મધુસૂદન નીચે પ્રમાણે થાય છે. જમણી બે ભુજાઓમાં ઉપર શંખ અને નીચે કમલ ધારણ કરે અને ડાબી બે ભુજાઓમાં ઉપર ગદા અને નીચે ચક્ર ધારણ કરે ત્યારે મધુસૂદન થાય છે. બીજાં પુરાણોમાં મધુસૂદનનું એવું રૂપ પ્રસિદ્ધ છે અને મંદારમધુસૂદન વિગેરેમાં તેવું રૂપ જોવામાં આવે છે. (ટિ+પ્ર)

૪૪. જમણી બે ભુજાઓમાં ગદા અને ચક્ર ધારણ કરે અને ડાબી બે ભુજાઓમાં (ઉપર) કમલ અને (નીચે) શંખ ધારણ કરે ત્યારે માધવ થાય છે. એ પ્રમાણે થાય ત્યારે ગદા અને ચક્ર એક તરફ અને કમલ અને શંખ બીજી તરફ માત્ર ધારણ કરવાના સમાન ગુણથી માધવ થાય છે. બિંદુમાધવ વિગેરે સ્થલે એ પ્રમાણે જોવામાં આવે છે. (ટિ+પ્ર)

૪૫. શંખ અને કમલ બે જમણી ભુજામાં અને (ઉપર) ચક્ર અને (નીચે) ગદા બે ડાબી ભુજામાં ધારણ કરે ત્યારે નારાયણ થાય છે. તેથી શંખ અને કમલ એક તરફ અને ચક્ર અને ગદા બીજી તરફ માત્ર ધારણ કરવાના સમાન ગુણથી નારાયણ થાય છે. વેંકટેશમાં એ પ્રમાણે જોવામાં આવે છે. (ટિ+પ્ર)

૪૬. એ પ્રમાણે મધુસુદન, માધવ અને નારાયણ એવા ત્રણ રૂપવાળા ભગવાન્ થયા. અથવા સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એવા ત્રણ વ્યૂહના રૂપવાળા થયા, એમ પણ જાણવું(ટિ)

પહેલાં 'ચાર ભુજાવાળા' પદનું વિવરણ કરતાં ચાર પ્રકારનાં કાર્યો કરવા અવતાર થયો એમ કહેલ હોવાથી, ચાર વ્યૂહવાળા ભગવાન્ પ્રકટ થયા એમ સિદ્ધ થએલ હોવા છતાં અહિં (ટિપ્પણીમાં) ત્રણરૂપવાળા કહ્યા, તે અહિં આ વિશેષણથી (૧) શંખ (૨) ગદા અને (૩) 'આદિ' શબ્દથી કહેલા(આયુધ)ને 'ઉત્' ઊંચે ધારણ કરનાર જણાવેલ હોવાથી કહેલ હોય તેમ જણાય છે. ઘણા ભાગે વ્યૂહોનું કાર્ય જ ભગવાનને કરવાનું હોવાથી તેમને ત્રણ વ્યૂહવાળા અહિં કહેલા છે. વાસુદેવ(વ્યૂહ)નું કાર્ય તો ગીતામાં કરેલ ઉપદેશ, ભીષ્મની મુક્તિ વિગેરે જેવા કોઈક પ્રસંગે જ કરવાનું હોવાથી તે ગણેલ નથી એમ જણાય છે. (પ્ર)

૪૭. આ સમાસ નીચે પ્રમાણે છોડવાનો છે. ''શંખ અને ગદા જે બેના આદિ (પહેલાનાં) છે તે 'શંખગદાદિની' (શંખ, ગદા વિગેરે) એટલે કમલ અને ચક્ર, ઊંચા કરેલાં આયુધો છે જેમનાં,'' એવો તદ્ગુણસંવિજ્ઞાન (જેમાં પહેલાં કહેલ શબ્દનો અર્થ પણ રહેવાનો એવો) બહુવ્રીહિ છે. (એટલે શંખ અને કમલ, ગદા અને પદ્મ એટલાં ઊંચા કરેલાં આયુધો છે

છે). ઈન્દ્રિય, દેહ, પ્રાણ અને અંતઃકરણથી જ સર્વને હણે[૪૮] છે એમ (કહેલું છે). આકાશરૂપ શરીર છે[૪૯]. બીજાં મહાભૂતો આયુધો છે, અથવા જલરૂપ[૫૦] આયુધો છે, (કારણ કે) તેમાં જ સર્વને ડૂબાડે છે, પરંતુ મારીને પણ (તેઓનો) ત્યાગ કરતા નથી. એવી રીતે છ ગુણોવાળા ભગવાનનું (પહેલાં છ વિશેષણોથી) નિરૂપણ કર્યું.

(૭) ઐશ્વર્ય વિગેરે (ભગવાનના) વૈદિક (છ) ગુણોનું 'શ્રીવત્સના ચિહ્નવાળા' વિગેરે(વિશેષણો)થી ફરી નિરૂપણ કરવામાં આવે છે. શ્રીવત્સ લક્ષ્મ (અસાધારણ ચિહ્ન) છે જેમનું (તે શ્રીવત્સચિહ્નવાળા). શ્રીવત્સા (બાળકી) છે જેની (તે શ્રીવત્સ) જે લક્ષ્મીને ઉત્પન્ન કરનાર (શ્રીવત્સ) છે. તે ભગવાનનું અસાધારણ (બીજા કોઈમાં ન હોય તેવું) ચિહ્ન છે[૫૧]. કારણ કે તે (લક્ષ્મી)

---

જેમનાં એવો અર્થ થાય છે.) (ટિ)

૪૮. 'શંખ અને કમલથી કોઈને હણી શકાય નહિ, છતાં તે આયુધો કેમ ગણાય ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. પ્રાણોથી પોષાએલી ઈન્દ્રિયો જ કાર્ય કરી શકે છે. 'વિષ્ણુના મુખમાંથી નીકળેલા પવનથી ભરાએલા જે (શંખ)નો અવાજ દાનવોના અહંકારને હણે છે' એ વાક્ય પ્રમાણે શંખ તેવો (પ્રાણ અથવા પવનથી ભરાએલ) હોઈ ઈન્દ્રિયરૂપ છે. તેથી અંદર રહી તે હણે છે, કારણ કે તેનાથી (દાનવનો) અહંકાર જતાં, તે મરેલા જેવો થાય છે, અને અહંકાર જતાં બહારથી તેને હરાવી તરત તેનો નાશ કરાય છે. તે જ પ્રમાણે કમલ દેહ અને આયુધ છે, કારણ કે બ્રહ્માંડ નારાયણનો દેહ છે, તે બ્રહ્માંડરૂપ કમલ ધારણ કરીને જ (દાનવના) ઉપર પડવાથી તેનો નાશ થાય છે. (આખા બ્રહ્માંડનો ભાર ઉપર પડવાથી તેનો નાશ થાય જ) તેથી તે આયુધ પણ છે. ગદા આધિદૈવિક પ્રાણરૂપ છે, તેથી તે ભૌતિક અસુરોના પ્રાણોને હરે છે. અંતઃકરણ તેજરૂપ છે અને (સુદર્શન) ચક્ર પણ તેવું જ છે. જેને મુક્તિ આપવાની ઈચ્છા થાય તેને ભગવાન્ ચક્રથી હણે છે. 'જેમને ચક્ર ધારણ કરનારે હણ્યા (તેમને મુક્તિ પ્રાપ્ત થઈ)' વાક્ય પ્રમાણે ચક્રથી હણાએલા મુક્ત જ થાય છે. (એ પ્રમાણે ઈન્દ્રિય, દેહ, પ્રાણ અને અંતઃકરણરૂપ ચાર આયુધોથી હણે છે.) (ટિ+પ્ર)

૪૯. ભગવાન્ પોતે નિર્લેપ છે અને મહાભૂતોથી જ (અસુરોને) હણે છે એવું તાત્પર્ય જણાવવા આ બીજો પક્ષ કહેલ છે. (ટિ)

૫૦. 'શંખ ગદા વિગેરે આયુધોવાળા' એટલું જ કહ્યું હોત તો પણ ચાલત, છતાં 'શંખ ગદા વિગેરે ઉદાયુધવાળા' એમ 'ઉત્' પદ યોજ્યું તેનું તાત્પર્ય અહિં કહે છે. ઉદ્ એટલે ઉદક અથવા જલ. આયુધો જલરૂપ છે એવો અર્થ છે. તેમને જલરૂપ કહેવાનું તાત્પર્ય પછીના વાક્યમાં જણાવેલ છે. જલ પોતાની અંદર ભારે પદાર્થ પડે તેને ડૂબાડે છે, તેની પેઠે અહંકારને લીધે નમ્ર થયા ન હોય તેવા પાષાણ જેવા અસુરોને ભગવાન્ ફરીથી મહાભૂતોની જ પ્રાપ્તિ કરાવે છે, પરંતુ મુક્તિ આપતા નથી એવો અર્થ છે. (ટિ)

૫૧. અહિં બ્રહ્મને ભગવાનનો અસાધારણ ધર્મ કહ્યો તેથી આટલું અધિક કહેલ છે. લક્ષ્મી માત્ર પુરુષોત્તમમાં જ (સ્થિર) રહેતી હોવાથી તે પુરુષોત્તમનું અસાધારણ લક્ષણ છે, પરંતુ

બ્રહ્માનંદ[૫૨] છે, તેનું મૂલ બ્રહ્મ જ છે. જેનું બધા વેદો પ્રતિપાદન કરે છે તે ભગવાનનો અસાધારણ[૫૩] ધર્મ છે, કારણ કે જગત્[૫૪] બ્રહ્મ[૫૫] કાલ[૫૬] વિગેરે[૫૭]રૂપ ધર્મવાળા સર્વરૂપ ભગવાનનું બ્રહ્મ મુખ્ય લક્ષણ[૫૭] છે. તેથી જ સર્વ[૫૮] બ્રહ્મના

---

બીજાઓને લક્ષ્મીનાં દર્શન થતાં નથી, તેથી તેમને જ્યાં જોવામાં આવે તે પુરુષોત્તમ છે એવું જ્ઞાન કોઈને થાય નહિ તે માટે લક્ષ્મીજીના પ્રકટ થવાનું સ્થાન, જેને સર્વ જોઈ શકે તેવા શ્રીવત્સને પોતાનું અસાધારણ ચિહ્ન કરી, પુરુષોત્તમ ધારણ કરે છે; જેથી શ્રીવત્સને જોઈ ત્યાં લક્ષ્મીજી છે અને લક્ષ્મીજી જ્યાં છે તે પુરુષોત્તમ છે એવું સર્વને જ્ઞાન થાય. (ટિ+લે)

૫૨. પરબ્રહ્મ એટલે અક્ષરનો આનંદ, અક્ષરબ્રહ્મ સત્, ચિત્ અને આનંદરૂપ છે; તે પૈકી આનંદ છે તે લક્ષ્મીજી છે. આ બીજા સ્કંધના નવમા અધ્યાયનાં શ્રીસુબોધિનીમાં સ્પષ્ટ છે. (લે)

૫૩. સર્વ વેદો ભગવાનના અસાધારણ ધર્મરૂપ બ્રહ્મનું નિરૂપણ કરે છે, ભગવાનના સ્વરૂપને તો વાણી કે મન પણ પહોંચી શકતાં નથી. '(વેદમાં) પુરુષોત્તમનો આધાર અક્ષર છે એમ કહેલ છે, તેથી અક્ષરમાં પુરુષોત્તમ ભાસે; પરંતુ પુરુષોત્તમમાં અક્ષરરૂપ શ્રીવત્સ કેમ ભાસે ?' એવી શંકા કરવી નહિ; કારણ કે અહિં જે અક્ષરને આધાર કહેલ છે તે લૌકિક ઘર જેવો આધાર નથી. તેવો આધાર હોય તો પુરુષોત્તમમાં અક્ષર વ્યાપેલું હોય, અહિં તો જેમ સૂર્યમંડલ સૂર્યનો આધાર છે તેમ અક્ષરને પુરુષોત્તમનો આધાર કહેલ છે. જેમ સૂર્યમંડલને તપાવતો મંડલ બહાર પણ તપે છે, જેમ અગ્નિ લોઢાના ગોળાને તપાવતાં તેની અંદર અને બહાર પણ રહે છે અને તે ગોળાથી બહારનાને પણ દઝાડે છે, તેમ ભગવાન્ અક્ષરમાં રહેલ છે. (લે)

૫૪. ભગવદ્ગીતા ૮।૨૨ પ્રમાણે તથા 'જે પૃથ્વીમાં રહીને...' વિગેરે શ્રુતિઓ પ્રમાણે જગત્ પુરુષોત્તમનું લક્ષણ છે. (ટિ)

૫૫. ભગવદ્ગીતા ૮।૨૦-૨૧ પ્રમાણે તથા શ્રીવ્રજજનના મનોરથ પૂરવા ભગવાને તેમને સ્વધામનાં દર્શન કરાવ્યાનું ૧૦।૨૫।૧૪ અને ૧૫માં કહેલ છે તે વાક્યો પ્રમાણે અક્ષરબ્રહ્મ પુરુષોત્તમનું લક્ષણ છે. (ટિ)

૫૬. ૧૦।૩।૧ વિગેરેમાં ભગવાનની ચેષ્ટારૂપ કાલનું નિરૂપણ કરેલ છે તે આનંદમય લીલાનો કાલ પણ પુરુષોત્તમનું લક્ષણ છે. (ટિ)

૫૭-૫૭. 'વિગેરે' શબ્દથી જૂદા જૂદા પ્રકારની લીલાઓ કહેલી છે. તેથી સર્વરૂપપણું, ભગવત્પણું, જગત્, બ્રહ્મ, કાલ વિગેરે ભગવાનનાં લક્ષણોમાં બ્રહ્મ મુખ્ય લક્ષણ છે, કારણ કે બધા વેદો તેનું પ્રતિપાદન કરે છે; તે અક્ષર લક્ષણમાં સત્ ચિત્ અને આનંદનો આવિર્ભાવ થએલ છે; તે જ્ઞાનીઓની મુક્તિનું સ્થાન છે; તે પુરુષોત્તમનું ધામ (ગૃહ) છે, તે પુરુષોત્તમનું ચરણ છે. અક્ષર એ પ્રમાણે પુરુષોત્તમનું મુખ્ય લક્ષણ હોવાથી જ (અક્ષરરૂપ) શ્રીવત્સને અસાધારણ ચિહ્ન કહેલ છે. તેમ ન હોત તો આને પણ બીજા વિશેષણ જેવું જ કહેત. (ટિ)

૫૮-૫૮. 'સર્વ' શબ્દથી (બ્રાહ્મણ) જાતિ, વેદ, અક્ષરબ્રહ્મ અને તેનો આનંદ કહેલાં છે. તે સર્વનો આધાર ભૃગુનો દેહ છે. તે સર્વના આધારરૂપ ભૃગુનો દેહ હોવાથી તેની ગતિ ભગવાનમાં જ પરિણમે છે. ત્રણ દેવોમાં કોણ મોટા છે તેની તપાસ કરવા ભૃગુ જાય છે. જો ભગવાન્ પુરુષોત્તમ ન હોત તો આવા ભૃગુની ગતિ ત્યાં ન હોત. (તેના પગ ભગવાનના

આધારવાળા ભૃગુનો પગ ત્યાં મંડાયો હતો[૫૮]; અને તે (ભૃગુ) બ્રહ્મનો આધાર હોવાથી 'ભૃગુની ખ્યાતિમાં પહેલાં લક્ષ્મી (તેમાંથી) ઉત્પન્ન થઈ હતી' વાક્ય પ્રમાણે તે લક્ષ્મીનો જનક છે[૫૯]. ભગવાનને બ્રહ્મલક્ષણવાળા કહ્યા તેથી તેમના ઐશ્વર્યનું નિરૂપણ થયું[૬૦].

(૮) વીર્યનું[૬૧] નિરૂપણ કરતાં, 'કંઠમાં શોભતા કૌસ્તુભવાળા' વિશેષણ થી કોઈ એક અવસ્થામાં રહેલ બ્રહ્મ જે જીવ કહેવાય છે[૬૨], તેને બીજા લક્ષણ તરીકે કહે છે. કંઠમાં શોભાવાળો કૌસ્તુભ છે જેમની તે (કંઠમાં શોભતા કૌસ્તુભવાળા ભગવાન્ છે); કારણ કે તે (કૌસ્તુભ) 'જીવનું તત્ત્વ...' વાક્ય પ્રમાણે સર્વ જીવોના સ્વરૂપરૂપ[૬૩] છે. ક્રિયાશક્તિ કરતાં જ્ઞાનશક્તિ ઉત્તમ હોવાથી[૬૪] મુક્તજીવોને સરસ્વતીનું[૬૫] સ્થાન[૬૬] પ્રાપ્ત કરાવવા માટે (ભગવાન્) કૌસ્તુભને કંઠમાં ધારણ કરે

---

વક્ષઃસ્થલ ઉપર શ્રીવત્સ પર ન મંડાત). તેથી શ્રીવત્સ અક્ષરબ્રહ્મ હોવાથી અસાધારણ ધર્મ છે. વળી ભગવાનની ત્વક્(ત્વચા)માંથી ભૃગુની ઉત્પત્તિ થઈ છે. ત્વચા દેહની અંદર અને બહાર વ્યાપેલી હોવાથી અને સ્પર્શથી જ્ઞાન કરાવતી હોવાથી, બીજી ઈન્દ્રિયો કરતાં ઉત્તમ છે. તે સ્પર્શથી સુખ કરાવનારી હોવાથી, ભૃગુના પાદના સ્પર્શથી ભગવાનને સ્પર્શના સુખનો અનુભવ થયો હતો. (આ સંબંધમાં ૧૦।૮૬।૧થી ૧૨ જૂઓ). (ટિ+પ્ર)

૫૯. લક્ષ્મીજીનો ભૃગુમાંથી આવિર્ભાવ થયો છે. એવા આશયથી આ કહે છે. (ટિ)

૬૦. ઉપર જણાવ્યું તેમ બ્રહ્મ એટલે અક્ષર (શ્રીવત્સ) ભગવાનનું અસાધારણ ચિહ્ન છે. તેથી અક્ષર લક્ષણ હોવાથી, ભગવાન્ તેના ઉત્તેજક (પ્રેરક) થતાં, તેને પ્રેરણા કરવારૂપ ઐશ્વર્ય જણાવેલું છે. (પ્ર)

૬૧. 'વીર્ય' એટલે સ્વરૂપનું સામર્થ્ય. અહિં મુક્ત જીવોને પોતાને અધીન કરવા (રાખવા) એ વીર્ય છે. તેનું નિરૂપણ કરતાં કંઠના આભરણ તરીકે રાખેલ જીવના સ્વરૂપને (ભગવાનનું) બીજું લક્ષણ કહે છે એવો અર્થ છે. (પ્ર)

૬૨. 'અક્ષરબ્રહ્મની જ અમુક અવસ્થા જીવ છે' એવા કાશકૃત્સ્નના મતને અનુસરી આ કહેલ છે. (લે)

૬૩. 'સ્વરૂપરૂપ' એટલે 'જેમાં કોઈનો આરોપ થયો નથી તેવું રૂપ' અથવા 'અવિદ્યા વિનાનું રૂપ'. દેહ વિગેરે તો અવિદ્યાથી જેમાં બીજાનો આરોપ થયો છે તેવાં રૂપો છે એવો ભાવ છે(લે)

૬૪. કૌસ્તુભને કંઠમાં ધારણ કરવાનું કારણ અહિં કહેલ છે. હાથ વિગેરે ક્રિયાશક્તિ છે. કંઠ જ્ઞાનશક્તિ છે. (પ્ર+લે)

૬૫. સરસ્વતી જ્ઞાનશક્તિનું રૂપ હોવાથી, કૌસ્તુભને ભગવાન્ કંઠમાં ધારણ કરે છે. અહિં 'વિદ્યા' વિગેરે પદ નહિ યોજતાં, 'સરસ્વતી' પદ યોજ્યું તેનો એવો ભાવ છે કે સરસ્વતી વીણા વગાડનારી છે, અને ભગવાન્ મુક્તજીવો જેમની સમીપ જઈ શકે તેવા છે. તેથી સર્વ મુક્તજીવો સંગીતવિદ્યાથી પ્રભુને પ્રસન્ન કરે તે માટે ભગવાન્ કૌસ્તુભને કંઠમાં ધારણ કરે

છે. કેટલાક જીવો ક્રિયામાં નિષ્ઠાવાળા (માનનારા) અને કેટલાક જ્ઞાનમાં નિષ્ઠાવાળા એમ બે પ્રકારના જીવો છે, એમ જણાવવા (ભગવાન્) કૌસ્તુભને મધ્યમાં (કંઠમાં) ધારણ કરે છે. તેથી જ સર્વ અંગોનું વર્ણન કરતાં 'કૌસ્તુભમણિને અધિક શોભાવવા કંઠ છે' 'આમની કંઠમાં જીવનું તત્ત્વ શુદ્ધ મણિ છે' એમ બે સ્થલે કૌસ્તુભનું નિરૂપણ કરેલું છે[૬૭]. તેથી જ ક્રિયાથી થએલી અને જ્ઞાનથી થએલી એમ શોભા બે પ્રકારની છે. જીવ તો (જ્ઞાન અને ક્રિયા) બંને ધર્મોવાળો હોવાથી તેને શોભાવાળો કહેલ છે.

(૯) એવી રીતે ભગવાન્ સાથેના બે બ્રહ્મના[૬૮] સંબંધનું નિરૂપણ કરી, જીવોનાં તેવા થવાનું કારણ બનેલી[૬૯] (અને) ભગવાનના અમુક પ્રદેશ (સ્વરૂપના ભાગ)ને ઢાંકનારી માયાનું નિરૂપણ 'પીત અંબરવાળા' વિશેષણથી કરે છે. પીત (પીળું) છે અંબર (વસ્ત્ર) જેમનું તેવા (પીત અંબરવાળા ભગવાન્ છે). આકાશ જેમનું શરીર છે તેવા(ભગવાન્)ને વિકારવિનાનો જ (માયાનો) સંબંધ શોભા કરનારો છે[૭૦]. રાજસ[૭૧] અને તામસના સંબંધથી પીળાશ (પીળો રંગ) થએલ છે,

---

છે. આથી એમ જણાવ્યું છે કે એ પ્રકારના લીલામાં રહેલ ભક્તો પ્રાકૃત નથી, પણ કંઠના ભૂષણરૂપ છે. (ટિ)

૬૬. 'સ્થાન' એટલે 'પ્રભુના ગુણોનું ગાન'. શુક વિગેરે માત્ર મુક્તજીવોનો જ એવું ગાન કરવાનો અધિકાર છે એવો ભાવ છે. (ટિ)

૬૭. કૌસ્તુભનું બે સ્થલે નિરૂપણ કર્યું છે, તેથી જીવો બે પ્રકારના છે એવું માત્ર સંખ્યાનું તાત્પર્ય જણાવ્યું છે. (લે)

૬૮. અક્ષરબ્રહ્મના અને જીવના.

૬૯. 'તેવા થવાનું' એટલે 'તેવી અવસ્થા ઉત્પન્ન કરી, જીવ થવાનું (કારણ બનેલી.)' (લે)

૭૦. બીજા રંગો તજી, માત્ર પીત રંગનું અંબર ધારણ કરવાનું કારણ અહિં કહેલ છે. (લે)

૭૧. રજોગુણ અને તમોગુણથી ઉત્પન્ન થએલ સુવર્ણના સંબંધથી પીળો રંગ થએલ છે એવો અર્થ છે. (પ્ર) સત્ત્વ, રજઃ અને તમોગુણના રંગ અનુક્રમે શ્યામ, લાલ અને શ્વેત છે, એવો ગુણાવતારનાં વાક્યોથી નિર્ણય થાય છે. એમ નિબંધમાં કહેલ છે. તેથી રજોગુણનો લાલ અને તમોગુણનો શ્વેત રંગ છે, અને તે બેનું મિશ્રણ થતાં ભગવાનના વસ્ત્રનો રંગ પીળો થાય છે એવો અર્થ છે. પીતાંબર માયાનું રૂપ છે એમ તંત્રમાં કહેલ છે. માયાના ત્રણ ગુણોના ત્રણ રંગ છે; પરંતુ અહિં વ્યામોહ કરનારી માયામાં સત્ત્વગુણ નહિ હોવાથી બાકીના બે જ રંગો કહેલ છે. ભગવાનના સંબંધમાં ભક્તોના અનેક ભાવો ઉત્પન્ન કરવા માટે પીતાંબરમાં વિક્ષેપ કરનારો રજોગુણ છે, પરંતુ જેમને ભજનનો અધિકાર ન હોય તેમને ભગવાનના સ્વરૂપથી છૂટા રાખવા એ રજોગુણનું કાર્ય છે. ભક્તોનું મન ભગવાનના સ્વરૂપના સૌંદર્યમાં લીન થાય તે માટે પીતાંબરમાં તમોગુણ છે, પરંતુ બહિર્મુખોથી

તેમ ન હોય[૭૨] તો 'જે અગ્નિનો લાલ રંગ છે તે તેજનો રંગ છે, જે શ્વેત (રંગ) છે તે જલનો છે, જે કૃષ્ણ (રંગ) છે તે અન્નનો છે' શ્રુતિ પ્રમાણે ત્રણ પ્રકારનો જ રંગ હોવાથી, પીળો (રંગ) હોવાનું ઘટતું નથી[૭૩], પરંતુ ઘણો મોહ કરનારી[૭૪] લય અને વિક્ષેપરૂપ માયા તો તેવી (પીળી) જ છે[૭૫].

(૧૦) 'ઘાટાં વાદળાંના જેવા શોભતા' વિશેષણથી (ભગવાનની) પ્રભાનું વર્ણન કરે છે. 'સાન્દ્રઃ' ઘાટો એટલે જલવાળો શ્યામ 'પયોદઃ' એટલે મેઘ. પરમાનંદ(ભગવાન્)નો શ્યામ રંગ હોવાના ચાર પ્રકારનું પહેલાં[૭૬] આકાશ[૭૭], કાલ[૭૮], ભૂમિ[૭૯] અને વૈકુંઠ[૮૦](ના દષ્ટાંત) થી નિરૂપણ કરેલ છે, તેનાં

---

ભગવાનના સ્વરૂપને છૂપું રાખવું એ તેનું કાર્ય છે. તેથી જ 'ઘણો મોહ કરનારી લય અને વિક્ષેપરૂપ માયા તો પીળી જ છે' એમ આગળ કહેલ છે. (યો)

૭૨. 'તેમ ન હોય તો' એટલે રાજસ અને તામસના સંબંધથી પીળો રંગ થએલ ન હોય તો (લે)

૭૩. પીળો રંગ આગંતુક છે એવો અર્થ છે. (પ્ર)

૭૪. 'વૈર પાંચમું (કલિને રહેવાનું સ્થાન છે)' એ પહેલા સ્કંધના વાક્ય પ્રમાણે વૈર ઉત્પન્ન કરનારું સુવર્ણ મોહ કરનાર હોવાથી, તેનું કારણ માયા પણ લય અને વિક્ષેપરૂપ છે. (પ્ર)

પીતાંબર ભગવાનનું આવરણ કરનાર હોવાથી માયા છે એમ જાણવું. (લે)

૭૫. 'પીતાંબરવાળા' વિશેષણથી ભગવાનના યશનું નિરૂપણ કર્યું એમ જાણવું. યશની વ્યાખ્યા પ્રથમ સ્કંધ શ્રીસુબોધિનીજીમાં આપેલી છે તે અહિં કહેલ આ વિશેષણના આભાસને લાગુ પડે છે. આવી માયા પણ ભગવાનના નાભિપ્રદેશનું આવરણ જ કરે છે, પરંતુ ભગવાનને વશ કરી શકતી નથી. (પ્ર)

૭૬. 'પહેલાં' નિબંધમાં નિરૂપણ કરેલ છે એવો અર્થ છે તેનું અહિં સ્મરણ કરાવે છે.(ટિ)

નિબંધમાં આ સૂચવનાર અર્થ છૂટો છૂટો આવે છે. (પ્ર)

૭૭. ચક્ષુ રૂપ(રંગ)વાળા પદાર્થોનું ગ્રહણ કરતાં, આકાશમાં રંગ નહિ હોવાથી મેઘવિનાના આકાશમાં દૂર જતાં (નજર નાખતાં) કાળાશ જેવું જૂએ છે, તેવી જ રીતે બ્રહ્મને પણ ઘણું ગાઢ અને ઊંડાણને લીધે શ્યામ જૂએ છે એવો એક પ્રકાર. (ટિ)

૭૮. જૂદા જૂદા યુગના અધિષ્ઠાતા દેવોનું જૂદું જૂદું રૂપ હોવાથી તેઓનાં પ્રતિબિંબોનાં ચોક્કસ અનેક રૂપો થાય છે એ બીજો પ્રકાર. (ટિ)

૭૯. ભૂમિ શ્યામ રંગની હોવાથી, (ભગવાનનો) તેના પર આવિર્ભાવ થાય ત્યારે તેમાં પ્રતિબિંબ પડતાં શ્યામ દેખાય એ ત્રીજો પ્રકાર. (ટિ)

૮૦. શુદ્ધ સત્ત્વ શ્યામ રંગનું હોવાથી, વૈકુંઠમાં આવિર્ભાવ થએલ બ્રહ્મનું તેમાં પ્રતિબિંબ પડતાં તે શ્યામ દેખાય એ ચોથો પ્રકાર; અથવા ભૂમિ વૈકુંઠ એટલે શ્વેતદ્વીપ.

'આ પ્રમાણે હોય તો બ્રહ્મ રૂપ વગરનું થાય તેથી આ બરાબર જણાતું નથી' એવી શંકા થાય તો જાણવું કે આ અંશાવતાર અથવા વિભૂતિરૂપ અવતારના સંબંધમાં કહેલ છે. શ્રીપુરુષોત્તમ તો એવા જ છે કે તે શુદ્ધ બ્રહ્મ જ હોવાથી તેમનામાં ઉપાધિવાળું કાંઈ જરા

ધર્મોનું[૮૧] હવે નિરૂપણ કરવામાં આવે છે. જે[૮૨] (મેઘ) પોતાના કાલે[૮૨] સર્વને આનંદ આપનાર[૮૨], અન્ન ઉત્પન્ન કરનાર અને તાપનો નાશ કરનાર[૮૨] હોય તે ઘાટો મેઘ છે. એવી જ રીતે ભગવાન્ પણ (છે[૮૩]. તે) પૃથ્વીનાં સ્વર્ગનાં ધર્મનાં અને ભક્તોનાં સર્વ અનિષ્ટને દૂર કરીને, સર્વ ઈષ્ટને ઉત્પન્ન કરનાર (આપનાર) છે[૮૪]. 'સદા

---

પણ હોતું જ નથી; એવું પ્રમાણ પ્રકરણમાં જણાવવામાં આવશે. તેથી ઉપર જણાવ્યું તે બરાબર છે એમ જાણવું. અહિં શ્રીકૃષ્ણ વ્યૂહ સહિત પ્રકટ થએલ હોવાથી, વ્યૂહનું રૂપ જણાય તે માટે એમ કહેલ છે. (ટિ+પ્ર)

૮૧. 'તેના ધર્મોનું' એટલે 'નીલ (મેઘના) વર્ણના ધર્મોનું.' (લે)

૮૨-૮૨-૮૨-૮૨. અહિંથી પરોક્ષવાદ પણ છે એમ જાણવું. 'પોતાના કાલે' એટલે 'લીલાના કાલે.' તેથી જ 'સ્વ' 'પોતાના' પદ યોજેલ છે. લીલાના કાલે દિવસના અંતે (ભગવાન્) સર્વને આનંદ આપનાર એટલે નૂતન રસ ઉત્પન્ન કરનાર છે, અને આગળના એટલે તાપ નાશ કરનાર છે. (ટિ)

૮૩. નીલ મેઘમાં જ તેવા ધર્મો હોય છે, બીજા મેઘમાં તેવા ધર્મો હોતા નથી. ભગવાનમાં પણ સર્વને જીવિતનું દાન કરવું વિગેરે ધર્મો છે. તેથી મેઘનું દૃષ્ટાંત બંધ બેસે છે. મેઘને સાંદ્ર (ઘાટો) કહ્યો તેથી 'ઘાટા' મેઘના દૃષ્ટાંતથી (ભગવાનમાં) પણ આ ધર્મો સૂચવ્યા છે એવો ભાવ છે. મેઘની સમાનતા જણાવી;આગળ ભગવાનના અધિક ગુણ કહેલા છે.(લે)

૮૪. આ વાક્યથી આરંભી સાતમાથી દશમા સુધીનાં ચાર વિશેષણોનું તાત્પર્ય કહેલું છેઃ

(૧) શ્રીવત્સ પુરુષોત્તમનું અસાધારણ ચિહ્ન હોવાથી, તેમનું પુરુષોત્તમ તરીકે જ્ઞાન કરાવવામાં કારણભૂત છે. તે બ્રહ્મ છે એમ નિરૂપણ કર્યું; પરંતુ વાસ્તવિક રીતે તે લક્ષ્મીરૂપ જ છે; કારણ કે લક્ષ્મીજી બ્રહ્માનંદરૂપ છે. વત્સનો અર્થ વક્ષઃ (છાતી) પણ થાય છે. તેથી વત્સનું ચિહ્ન તે 'વત્સલક્ષ્મ' 'શ્રી (લક્ષ્મીજી) વત્સલક્ષ્મ છે જેમનું, તે શ્રીવત્સલક્ષ્મ (ભગવાન્)'. એમ સમાસ છોડતાં 'વક્ષઃસ્થલ ઉપર વધૂઃ રહેલાં છે જેમનાં' એ વાક્ય પ્રમાણે વક્ષઃસ્થલ ઉપર રહેલ શ્રીવત્સ લક્ષ્મીરૂપ જ છે એમ વિચાર કરતાં જણાય છે. વળી ત્યાં રહીને ભગવાન્ લીલા કરે છે તેથી લીલાનું મૂલભૂત રૂપ પણ શ્રીવત્સ હોવાથી તે બ્રહ્મ પણ છે. તેથી શ્રીવત્સ બ્રહ્મરૂપ પણ છે અને લક્ષ્મીરૂપ પણ છે.

(૨) 'જન્મરહિત (ભગવાન્) કૌસ્તુભના નામથી પોતાના તેજને ધારણ કરે છે' વાક્ય પ્રમાણે ભગવાને જેમને પોતાના તરીકે સ્વીકારેલા છે તેવા જીવોના આધિદૈવિક રૂપ (કૌસ્તુભ)ને ભગવાન્ પોતાના કંઠમાં ધારણ કરે છે, પરંતુ તેમનો ત્યાગ કરતા નથી, અને સ્વરૂપના આનંદનો તેઓને અનુભવ કરાવે છે. તેથી ભગવાન્ તેવા (આનંદ આપનાર અને અનિષ્ટ દૂર કરનાર) છે.

(૩) ભૂમિરૂપ પોતાની કટિ (કેડ)નું આવરણ પીતાંબર છે તેથી તે પણ તેવું છે.

(૪) 'વર્ષાઋતુના વાદળાના જેવા શ્યામ ભગવાનને કહ્યા' તેથી પણ તે (તેવાં વાદળાં પેઠે) સર્વ અનિષ્ટ દૂર કરી સર્વ અર્થ(પુરુષાર્થ)નું દાન કરનારા છે. (ટિ+પ્ર)

પૂર્ણગુણવાળા, અને ઘણી ઉપમા અપાય તેવા થયા' વાક્ય પ્રમાણે પ્રાકૃત ઉપમા(આપવા)થી દોષ નથી. તેમ ન હોય (પ્રાકૃત ઉપમા આપવામાં ન આવે) તો જ્ઞાન ન થાય. 'ઘાટાં વર્ષાઋતુનાં વાદળાંના જેવા શ્યામ' એવો (આ વિશેષણનો) અર્થ છે. આથી કાંતિરૂપ શ્રીનું નિરૂપણ થયું. ૯.

એ પ્રમાણે મૂલભૂત (અક્ષર) બ્રહ્મમાં પોતે રહી, પોતાના અંશરૂપ જીવોને કૃતાર્થ કરી, ભૂમિ ઉપર રહેતા જીવોને ઘણો મોહ (ઉત્પન્ન) કરી પોતાના જ્ઞાન વિનાના રાખી તેમને ચાર પ્રકારના પુરુષાર્થો (ભગવાન્) આપે છે એમ કહ્યું. ત્યાં[1] જ્ઞાનના અને ક્રિયાના પ્રકારોના ભેદો છે એમ જણાવવા, જ્ઞાન અને વૈરાગ્યના રૂપથી સર્વ શાસ્ત્રરૂપ ભગવાનના આભરણોનું નિરૂપણ નીચેના શ્લોકમાં કરવામાં આવે છેઃ

**મહાર્હવૈદૂર્યકિરીટકુણ્ડલત્વિષા પરિષ્વક્તસહસ્રકુન્તલમ્ ।।**
**ઉદ્દામકાઞ્ચ્યઙ્ગદકઙ્કણાદિભિર્વિરોચમાનં વસુદેવ ઐક્ષત ।।૧૦।।**

ઘણા કિંમતી વૈડૂર્યવાળા મુકુટ અને કુંડલોના તેજથી ભેટાએલા હજારો કેશવાળા, (અને) નિયમન વિનાના કંદોરા તથા બાજુબંધો અને કંકણો વિગેરેથી શોભતા (બાલક)ને વસુદેવે નીરખ્યા. ૧૦.

(૧૧) 'મહાન્' મોટી 'અર્હઃ' કિંમત છે જેની તેવા વૈડૂર્યવાળા મુકુટ અને બે કુંડલો, તેઓનાં તેજ એટલે કાંતિથી ભેટાએલા એટલે આલિંગન કરાએલા હજારો કેશ છે જેમના (તેવા ભગવાન્ હતા). ભગવાનના મુખારવિંદનું દર્શન કરનારા[2] શાસ્ત્રોમાં કુશલ જીવો, ભગવાનના મુખારવિંદની સુગંધનું પાન કરવામાં

---

૧. 'ત્યાં' એટલે 'ભગવાનના સ્વરૂપમાં.' (લે)

૨. અહિં નીચે પ્રમાણે ભાવ છે. 'દેવ મકરાકૃતિનાં કુંડલો સાંખ્ય અને યોગ ધારણ કરે છે' વાક્ય પ્રમાણે સાંખ્ય અને યોગ ભગવાનનાં કુંડલો છે. તેમની સાથે મુકુટ કહ્યો તેથી 'મુકુટનું સ્થાન પારમેષ્ઠ્ય છે' એ વાક્યમાં મુકુટને વેદ કહેલ છે તે પ્રમાણે અહિં પણ મુકુટરૂપ વેદ જ કહેલ છે એમ જણાય છે, કારણ કે સર્વ પ્રમાણોની ઉપર સ્થિતિ વેદની જ હોય તે યોગ્ય છે. આમ હોવાથી તે (વેદ)થી ઉત્પન્ન થતું જ્ઞાન જ તેજરૂપ છે, અને તેવા તેજને ભેટેલા કહ્યા તેથી તેઓ શાસ્ત્ર જાણનારા જ થયા. 'જીવોની ત્યાં (ભગવાનના મસ્તક ઉપર) સ્થિતિ હોઈ શકે નહિ' એવી શંકા દૂર કરવા તેમને ભગવાનના મુખારવિંદનું દર્શન કરનારા કહ્યા. વળી આવા શાસ્ત્ર જાણનાર જીવો ઘણા હોવા છતાં, 'તેજ'નો એકવચનમાં પ્રયોગ કર્યો, તેથી તેનાથી (શાસ્ત્રના જ્ઞાનથી) થએલ ભક્તિભાવ એક જ પ્રકારનો છે એમ જણાવેલું છે. તેથી એમ જણાવ્યું કે વેદ વિગેરેનું ફલ ભક્તિ જ છે. કેશ રસનું ઉદ્દીપન કરનારા હોવાથી, તેવા (કેશસ્થાનીય મુખારવિંદનું દર્શન કરનારા) જીવો ભક્તિની પ્રવૃત્તિ કરાવનારા છે એમ સૂચવ્યું છે. (ટિ)

તલ્લીન ષટ્પદો (ભમરાઓ) પેઠે, ભક્તિ (થતાં[3]) (ભગવાનના મુખારવિંદની) આસપાસ પ્રકાશે છે. વેદ, સાંખ્ય અને યોગ તેઓની શોભા કરનારા છે. વેદ, સાંખ્ય અને યોગની પ્રાપ્તિ સર્વ લોકમાં પ્રસિદ્ધ ગુરુથી જ થાય છે, તેથી ઘણાં[4] કિંમતી[4] વૈડૂર્યરૂપથી (ગુરુનું) નિરૂપણ કરેલું છે. વેદમાં બે કાંડો છે, યોગ પણ સાધનરૂપ અને ફલરૂપ (એવા) બે પ્રકારનો છે, (અને) સાંખ્ય પણ સંન્યાસ અને જ્ઞાનના ભેદથી બે પ્રકારનું છે. એવી રીતે છ શાસ્ત્રોનું નિરૂપણ થયું. તે જ (છ) પદો[5] (ભમરાના છ પગો) છે. ત્રણેના[6] ભેદો હજારો છે એમ જણાવવા કેશની સંખ્યા કહેલી છે. લૌકિક જ્ઞાનનું વિસ્મરણ રહે તે માટે આલિંગન કહેલું છે.

(૧૨) એ પ્રમાણે લોકમાં (પ્રાપ્ત થતા) જ્ઞાનનું નિરૂપણ કરી[7], 'નિયમન વિનાના કંદોરા તથા બાજુબંધો અને કંકણોથી શોભતા' વિશેષણથી ક્રિયાનું નિરૂપણ કરે છે. કર્મો અનંત જ છે, છતાં પણ કંદોરો, બાજુબંધો અને કંકણોરૂપ[8]

---

૩. 'ભક્તૌ' એટલે 'ભક્તિ થતાં' એવો અર્થ છે. (ટિ)

૪-૪. 'અર્હ' (કિંમત) એટલે પ્રાપ્તિ કરાવનાર દ્રવ્ય, એવો અર્થ હોવાથી, તેવા (ભગવાનની પ્રાપ્તિ કરાવનારા) અહિં ગુરુ જ છે, તેથી એ પદ યોજ્યું છે. તેમ ન હોત તો 'અમૂલ્ય' પદ જ યોજત, એવો ભાવ છે. આ (ભગવાનની પ્રાપ્તિ) પણ ભક્તિવાળા મહાપુરુષની કૃપાથી જ થાય એમ જણાવવા, 'અર્હ'નું 'મહત્' વિશેષણ કહેલ છે. તેથી જ ભગવદ્ગીતા ૨।૪૨થી ૪૪માં જણાવેલા લોકોને ભક્તિની પ્રાપ્તિ થતી નથી. આ જ લક્ષ્યમાં રાખી ગુરુનું 'સર્વ લોકમાં પ્રસિદ્ધ' વિશેષણ કહેલ છે. 'અર્હ' લોકમાં પ્રસિદ્ધ હોવા છતાં એવું ('મહત્') વિશેષણ કહેલ છે એમ જાણવું. (ટિ)

૫. કેશો ભમરા જેવા છે, અને ભમરાને છ પગ હોય છે, તેથી આ છ શાસ્ત્રો જ આમના (કેશસ્થાનીય જ્ઞાની ભક્તોના) છ પગોને ઠેકાણે છે એવો અર્થ છે. (ટિ)

૬. 'ત્રણેના' એટલે 'વેદ, સાંખ્ય અને યોગના.' કેશો શાસ્ત્ર જાણનારા જીવો છે એમ પહેલાં કહ્યું. તેથી તેઓ (તેવા જીવો) અનેક પ્રકારના હોવાનું કારણ શાસ્ત્રના જ્ઞાનનું અનેક પ્રકારના હોવાપણું છે એવું અનુમાન થાય છે એવો અર્થ છે. (ટિ)

૭. 'લોકમાં જ્ઞાનનું' એટલે 'શાસ્ત્રીય રૂપથી લોકમાં અનેક પ્રકારવાળાં થએલાં ભગવાન્ સંબંધી જ્ઞાનનું.' ગયા શ્લોકમાં 'ચારભુજાવાળા' વિશેષણના વ્યાખ્યાનમાં જે જ્ઞાન કહ્યું તે અલૌકિક જ્ઞાન હતું. તે જ્ઞાનથી આ જ્ઞાન જૂદું છે એમ જણાવવા અહિં 'લોકમાં' શબ્દ યોજેલ છે. (પ્ર)

'લોકમાં શાસ્ત્ર જાણનારા જીવોને એ પ્રમાણે મુકુટ અને કુંડલના તેજના ભેટવાના પ્રકારથી વેદ, સાંખ્ય અને યોગના સંબંધી જે જ્ઞાન થાય તેનું'. (લે)

૮. અહિં ('કંદોરો, બાજુબંધ અને કંકણ' એ) ત્રણ આભરણોને કર્મ કહ્યાં તેનો ભાવ એવો છે કે કર્મમાર્ગ ભૂમિ ઉપર જ છે. તેથી ભૂમિરૂપ ભગવાનની કટિમાં ભૂષણરૂપે રહેલ (કંદોરા)ને

એટલે તમઃ સત્ત્વ અને રજોરૂપ ત્રણ પ્રકારનાનું નિરૂપણ કરવામાં આવે છે. વેદ વિગેરેમાંથી ઉત્પન્ન થએલાં આ ત્રણ (કર્મો) પોતાની જાતનાં ઘણાંએ (કર્મો)ને ઉત્પન્ન કરશે (કરે છે). લોકમાં કંદોરો દોરડાં(બંધ) વાળો હોય છે, પણ આ (ભગવાનનો કંદોરો) તો દોરડાં (બંધ) વિનાનો છે. જેમાં હિંસા ઘણી હોય તેવું પણ[૯] વૈદિક કર્મ લોકને અનુસરતું હોતું નથી. ભૂમિ ઉપર માયામાં તરબોળ થએલાઓનો જ ત્યાં (કર્મ કરવામાં) અધિકાર છે, તેથી પીતાંબર ઉપર કંદોરો રહેલો છે. લૌકિક[૧૦] તે (કર્મો) (ત્યાં) નથી એમ જણાવવા લૌકિક સૂત્ર (દોરડું) નથી એમ કહેલ છે; અથવા ઉત્તમ અલૌકિક[૧૧] (કર્મો) ત્યાં સાધન કહેલાં છે. બાજુબંધો[૧૨] બાહુ ઉપર ધારણ કરવામાં આવે છે, કારણ કે સાત્ત્વિક 'અંગ' અંગનું 'દ્યતિ' ખંડન કરે તે 'અંગદ' બાજુબંધ[૧૩]. તે[૧૪] (કંકણ) રાજસ કહેલ છે; અને રાજસ જૂદા પાડનારા[૧૫] છે. 'વિગેરે' શબ્દથી વીંટીઓ, બાજુબંધની જગ્યાએ

---

કર્મ કહેવું તે યોગ્ય જ છે. બીજાં બે (બાજુબંધ અને કંકણ) ક્રિયાશક્તિરૂપ શ્રીહસ્ત ઉપર રહેલાં હોવાથી કર્મ જ છે. (ટિ)

૯. આથી આ વિશેષણ વૈરાગ્યનું નિરૂપણ કરે છે એ સ્પષ્ટ જણાય છે. ગયા શ્લોકમાં 'શંખ, ગદા વિગેરે ઊંચા કરેલાં આયુધોવાળા' વિશેષણમાં કહ્યું તેમ અહિં પણ વૈદિક કર્મથી લૌકિક દુઃખ દૂર થાય છે એમ કહેલ હોવાથી, આથી વૈરાગ્યનું નિરૂપણ થાય છે. (પ્ર)

૧૦. ભગવાનમાં લૌકિક કર્મો હોતાં નથી, પરંતુ અલૌકિક કર્મો જ હોય છે. અલૌકિક કર્મો તો નિત્ય છે તેથી તેમને સાધનની જરુર નથી એવો અર્થ છે. (લે)

૧૧. 'અલૌકિક' એટલે 'ભગવદ્રૂપ' એવો અર્થ છે. 'પ્રયાજ, કડછો વિગેરે જે સાધનો છે તે હરિ છે' એ સિદ્ધાંત પ્રમાણે (સાધનો ભગવદ્રૂપ જ છે). (લે)

૧૨. ભગવાનને ચાર ભુજાઓ છે તેથી આ શબ્દ બહુવચનમાં યોજેલ છે. (લે)
દરેક ભુજામાં બાજુબંધ હોવાથી ચાર થયાં. (પ્ર)

૧૩. બાજુબંધ સાત્ત્વિક હોવાનું કારણ અહિં કહેલ છે. તે અંગનું ખંડન કરે છે, એટલે દેહરહિત કૈવલ્ય (મુક્તિ) પ્રાપ્ત કરાવે છે. તેથી સાત્ત્વિક છે એવો અર્થ છે. (પ્ર)

૧૪. 'તે' એટલે 'કંકણ'. તે હાલતાં હોવાથી રાજસ જણાય છે. (પ્ર)

૧૫. 'એક જ ક્રિયાશક્તિ(શ્રીહસ્ત)માં રહેલાં કર્મરૂપ આભૂષણોમાં એક રાજસ અને એક સાત્ત્વિક કેમ હોય ?' એવી શંકા દૂર કરવા આ કહેલ છે. સાત્ત્વિક અને રાજસ કર્તાઓ એ કર્મને જૂદા પાડનારા છે. ભગવદ્ગીતા ૧૮।૨૨થી૨૪ સુધીમાં કર્તાના ભેદથી કર્મ જૂદા પ્રકારનાં થાય છે એમ જણાવેલ છે, તેથી એવી શંકા રહેતી નથી. (પ્ર)
રાજસ (કર્મ) રજોગુણ ઉત્પન્ન કરાવનાર હોવાથી ભગવાનથી જૂદા પાડનારું છે અને સાત્ત્વિક કર્મ પણ ભગવાનથી છૂટા પાડનારું હોવાથી તેવું જ છે. તામસ (કર્મ) તો ભગવાનમાં લય કરાવનારું હોવાથી, જૂદાપણાંને મટાડનારું છે. તેથી જ (દેહથી) છૂટા

(પહેરવાનાં) બીજાં આભરણો, નાની ઘુઘરીઓ, નૂપુરો વિગેરે કહેલાં છે. ધર્મમાર્ગમાં રહેનારા[૧૬] ભગવાનના સંબંધીઓ[૧૭] તે બધાઓથી જ ભગવાન્ શોભતા હોય છે, કારણ કે :

**વેદે રામાયણે ચૈવ પુરાણે ભારતે તથા ।।કા.૧૫।।**
**આદાવન્તે તથા મધ્યે હરિઃ સર્વત્ર ગીયતે ।।**

વેદમાં અને રામાયણમાં, પુરાણમાં તેમજ ભારતમાં આરંભમાં અંતે તેમજ મધ્યમાં સર્વત્ર હરિનું ગાન કરવામાં આવે છે[૧૮]. કા.૧૫।।.

'' 'ભગવાન્ આવા છે' એમ શા માટે કહેવામાં આવે છે ?'' એવી શંકા થાય, તેથી 'વસુદેવે નીરખ્યા' એમ કહેલ છે. તે[૧૯](શબ્દો)ની પહેલાં કહેલાં ધર્મો લૌકિક તેમજ અલૌકિક હોવાનું સંભવે છે. જો વસુદેવ (તે ધર્મો અલૌકિક છે એમ) જાણતા ન હોય તો આ ધર્મો લૌકિક જ છે એમ માને, પણ જો (હમણાં જ) જાણતા હોય તો બંને અર્થવાળા કરેલ વ્યાખ્યાન પ્રમાણે (તેમને જ્ઞાન થાય); તે માટે તેવા ધર્મવાળા (ભગવાનને વસુદેવે) નીરખ્યા[૧૯] એમ શુક કહે છે. આ (આવું)

---

પડેલા શ્રીહસ્ત ઉપર જ બાજુબંધ અને કંકણ રહે છે, પરંતુ કંદોરો તો જૂદી નહિ પડેલ અખંડ કટિ ઉપર જ રહે છે એવો અર્થ છે. (લે)

૧૬. (વેદમાં કહેલી) આજ્ઞારૂપ ધર્મ છે. તે માર્ગમાં રહેનારા, પરંતુ વેદમાં જે માર્ગ કહેલ ન હોય તે માર્ગમાં રહેલા ન હોય તેવા. (લે)

૧૭. 'ભગવાનના સંબંધીઓ' એટલે 'ભગવાનના આભરણ તરીકે જણાતા' એવો અર્થ છે. અહિં પૂર્વકાંડમાં જણાવેલ ભગવાન્ કહેલ છે. (લે)

૧૮. આ શ્લોક હરિવંશમાં પુષ્કરના પ્રાદુર્ભાવની સમાપ્તિમાં કહેલો છે. (પ્ર)

આથી ભગવાનનાં બાર વિશેષણો હોવાનું તાત્પર્ય કહેલું છે. ચાર શાસ્ત્રોમાં આરંભ, અંત અને મધ્યમાં ભગવાનનું ગાન કરેલ છે તેથી ૪×૩=૧૨ પ્રકારના થયા એવો અર્થ છે. (લે)

૧૯-૧૯. ''આગળના ૧૧મા શ્લોકમાં 'વિલોક્ય' 'જોઈને' કહેલ છે તેથી વસુદેવે ભગવાનને નીરખ્યા એવો અર્થ આવી જાય છે, છતાં આ ૯મા તથા ૧૦મા શ્લોકમાં લૌકિક અને વૈદિક ઐશ્વર્ય વિગેરે છ છ ગુણોવાળા ભગવાન્ છે એવું વર્ણન કરવાનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી 'વસુદેવે (ભગવાનને) નીરખ્યા' એમ શ્રીશુક કહે છે. એટલે વસુદેવને ભગવાન્ આ બે શ્લોકોમાં કહેલા ધર્મોવાળા છે એવું જ્ઞાન થયું એમ જણાવવા આ બે શ્લોકો કહેલા છે. વસુદેવને એવું જ્ઞાન થયું તેનું (તેમ કહેવાનું) પ્રયોજન આગળ જણાવે છે. લોકમાં પણ પ્રિયવ્રત વિગેરેમાં કામ (કરવા) માટે પ્રકટ કરવા યોગ્ય ઐશ્વર્ય વિગેરે હતાં, તે લોકમાં પ્રસિદ્ધ હોવાથી લૌકિક કહેવાય છે. લોકમાં પ્રકટ કરવા યોગ્ય ન હોય તેવાં ઉત્તમ વૈદિક ઐશ્વર્ય વિગેરે ધર્મો, જેમનું ભગવાનના સ્વરૂપની પેઠે માત્ર વેદથી જ જ્ઞાન થાય, તેમને અહિં અલૌકિક કહેલા છે. તેથી ઐશ્વર્ય વિગેરે ધર્મો બંને પ્રકારના હોવાનું

જ્ઞાન (વસુદેવે કરેલી) સ્તુતિમાં સ્પષ્ટ થશે (જણાશે). ૧૦.

એવી રીતે ભગવાનનાં દર્શન કરીને શુદ્ધસત્ત્વરૂપ વસુદેવે ક્રિયા અને જ્ઞાન પ્રકટ કર્યાં, એમ બે શ્લોકોથી કહે છે. દાન ક્રિયા (છે), (અને વસુદેવને થએલ ભગવાનના) સ્વરૂપનું જ્ઞાન જણાવનારી સ્તુતિ છે. કર્મમાં ચાર અધિકાર છે, અને શ્રદ્ધા અંગ છે. (૧) ઈચ્છાવાળો[૧], (૨) વિદ્વાન, (૩) શક્તિવાળો અને (૪) શાસ્ત્રથી જેને મના કરેલ ન હોય તેવો (અધિકારી છે). આ કર્મ નિમિત્તથી થએલ[૨] છે. તેની[૩] ઈચ્છા જણાવનાર હર્ષ છે. ભગવાનમાં નિષ્ઠા[૪] પ્રાપ્ત કરાવનાર તે (હર્ષ) અસાધારણ જ હોય. તે[૫] નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ વિસ્મયોત્ફુલ્લવિલોચનો હરિં સુતં વિલોક્યાનકદુન્દુભિસ્તદા ।।**
**કૃષ્ણાવતારોત્સવસમ્ભ્રમોસ્પૃશન્ મુદા દ્વિજેભ્યોયુતમાપ્લુતો ગવામ્ ।।૧૧।।**

હરિને પુત્ર જોઈને તે સમયે વિસ્મયથી પ્રફુલ્લ થએલા લોચનવાળા તે આનકદુંદુભિએ શ્રીકૃષ્ણના અવતારથી થએલ ઉત્સવને લીધે સંભ્રમવાળા થઈ આનંદથી સ્નાન કરી, બ્રાહ્મણોને દશ હજાર ગાયો આપવાનો સંકલ્પ કર્યો.

આ સર્વનું[૬] સારી રીતે જ્ઞાન થવાનું કારણ 'તે' એટલે પહેલાં

---

સંભવે છે. તેથી ભગવાનમાં બંને પ્રકારના ઐશ્વર્ય વિગેરે ધર્મો છે એમ જો વસુદેવ જાણે નહિ, તો ભવિષ્યમાં લીલામાં અચિંત્ય ઐશ્વર્ય વિગેરે જૂએ તો પણ પ્રિયવ્રત વિગેરેમાં હતાં તેવાં તે લૌકિક હશે એમ તે માને. તેથી પહેલેથી જ ભગવાનમાં આવાં અલૌકિક ઐશ્વર્ય વિગેરે પણ છે એવું વસુદેવને જ્ઞાન હોવાનું જણાવવું, એ આ બે શ્લોકો કહેવાનું પ્રયોજન છે. જો વસુદેવને ભગવાનના આવા ધર્મો હોવાનું હમણાં જ જ્ઞાન થાય, તો ભગવાનમાં ઉભય પ્રકારનાં ઐશ્વર્ય વિગેરે છે એવું જે વ્યાખ્યાન કરેલું છે, તેવું જ્ઞાન ભવિષ્યમાં લીલા સમયે પણ વસુદેવને થશે એવો અન્વય છે. અહિં કરેલ વ્યાખ્યાન પ્રમાણે લીલામાં ઐશ્વર્ય વિગેરેનું વસુદેવને જ્ઞાન થશે એવો અર્થ છે. તેથી તેવા ધર્મોવાળા (ભગવાનને) વસુદેવે નીરખ્યા એમ શુકે ૯મા અને ૧૦મા એ બે શ્લોકોથી કહેલ છે. (લે).

૧. 'ઈચ્છાવાળો' એટલે 'નિમિત્ત(પુત્રના જન્મ)ની ઈચ્છાવાળો.' (લે)

૨. 'કર્મના અધિકારીને ફલની ઈચ્છા હોવી જોઈએ. નિમિત્તની ઈચ્છાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. કામ્ય કર્મ કરનારને ફલની ઈચ્છા હોવી જોઈએ, પણ નિમિત્તથી થતાં કર્મ કરનારને તો પુત્રનો જન્મ વિગેરે નિમિત્તની જ ઈચ્છા હોવી જોઈએ, જેને પુત્રના જન્મની ઈચ્છા હોય તે જ ઘણું દાન વિગેરે (કર્મ) કરે છે એવો ભાવ છે. (લે)

૩. 'તેની' એટલે 'નિમિત્તની'. (લે)

૪. ભગવાનમાં નિષ્ઠા જેનાથી થાય તે ભગવાનમાં નિષ્ઠા પ્રાપ્ત કરાવનારો હર્ષ. (લે)

૫. 'તે' એટલે અસાધારણ હર્ષ થવાને લીધે દશ હજાર ગાયોનું દાન કર્યું તે. (લે)

૬. 'આ સર્વનું' એટલે 'દાન, સ્તુતિ અને પોતાના અધિકારનું.' (પ્ર)

જણાવેલ[૭] વસુદેવ છે. (૧) જે પ્રાપ્ત થઈ શકે નહિ તેવાનો લાભ થવાથી (તેને) વિસ્મય થયો. તે વિસ્મય (શરીરની) અંદર પ્રવેશ કરી, બે લોચનોને પ્રફુલ્લ કરે છે. (૨) પહેલાં 'હરિ પુત્ર થશે' એમ (વસુદેવે) સાંભળેલું, હમણાં હરિને પુત્ર (તરીકે) જોયા. આથી (વસુદેવની) વિદ્વત્તા (આ ભગવાન્ છે એવું જ્ઞાન) કહેલ છે. નિમિત્તના જ્ઞાનથી જ નિમિત્તને લીધે થતાં(કર્મ)નું જ્ઞાન થાય[૮] છે, (અને તે કર્મ) કરવાથી સ્પષ્ટ થાય છે. (૩) 'આનકદુંદુભિ' શબ્દથી વસુદેવનું સામર્થ્ય જણાવેલ છે. જો તેમનામાં સામર્થ્ય ન હોત તો તેમના જન્મ સમયે નગારાં અને દુંદુભિઓ કેમ વાગત ? (૪) શ્રીકૃષ્ણનો અવતાર થતાં જે ઉત્સવ એટલે (વસુદેવના) મનમાં ઉલ્લાસ થયો, તે (ઉલ્લાસ) થતાં સારી રીતે ભ્રમ[૯] થયો છે જેમને તેવા (વસુદેવ થયા), અને ભગવચ્છાસ્ત્ર પ્રમાણે ઉત્સવ(કરવા)માં તત્પર થયા. તેવાં કર્મ માટે શાસ્ત્રથી જેમને મના થઈ નથી તેવા થયા. પુત્ર સર્વ લક્ષણની સંપત્તિવાળા હોય તો જ શાસ્ત્રથી તેવો અધિકાર મળે છે, તેથી 'શ્રીકૃષ્ણ' શબ્દ યોજેલ છે. 'આનંદથી' શબ્દ એમ દર્શાવવા યોજેલ છે કે હર્ષ સ્નેહરૂપ[૧૦] હોઈ ભક્તિ સૂચવનાર છે. દશ હજાર ગાયો બ્રાહ્મણોને આપવાનો સંકલ્પ કર્યો એટલે બ્રાહ્મણોને ઉદ્દેશી દશ હજાર ગાયો આપી.

'સ્નાન કરીને ગાયો આપવી જોઈએ, એમ ને એમ (સ્નાન કર્યા વિના) કેમ સંકલ્પ કર્યો ?' એવી શંકા થાય, તેથી 'આનંદથી[૧૧] સ્નાન કરી' શબ્દો કહેલા છે. હર્ષના જલથી જ સ્નાન કર્યું એવો અર્થ છે. ૧૧.

'જાતક નામના કર્મથી પુત્રનો સંસ્કાર કરવો જોઈએ, તે (વસુદેવે) કેમ ન કર્યો ?' એવી શંકા થાય તેથી, પ્રાકૃત પુત્ર હોય તો જ તેનો સંસ્કાર કરવો જોઈએ

---

૭. ગયા શ્લોકમાં 'નીરખ્યા' ક્રિયાપદના કર્તા તરીકે જણાવેલ શુદ્ધ સત્ત્વરૂપ વસુદેવ. (પ્ર)

૮. 'કર્મનો અધિકાર કર્મ જાણનારને હોય, નિમિત્ત જાણનારને ન હોય' એવી શંકા થાય તેથી આ કહેલ છે. આ (નિમિત્તના જ્ઞાન)થી જ કર્મનું જ્ઞાન પણ કહેવાયું એવો અર્થ છે. (લે)

૯. જાતજાતના પદાર્થો વડે મોટો ઉત્સવ કરવો જોઈએ એવી બુદ્ધિથી ત્યાં ત્યાં (જૂદા જૂદા પદાર્થોમાં) મન દોડે એ ભ્રમ. ભગવાન્ સમીપમાં પ્રકટ થયા હોય ત્યારે આવા પદાર્થો માટે પણ મન દોડે તે યોગ્ય નથી, પરંતુ ઉત્સવનો રસ એવો જ છે (કે મન એ પ્રમાણે દોડે), તેથી તે ભક્તિમાર્ગમાં ગુણ જ છે. તેથી ભગવચ્છાસ્ત્ર પ્રમાણે એવું કાર્ય કરવાની મના થએલ નથી. (ટિ)

૧૦. સ્નેહ 'આત્મામાં' એટલે સ્વરૂપમાં છે જેના તે સ્નેહરૂપ. 'સ્નેહવાળો' એવો અર્થ છે. (લે)

૧૧. 'આનંદથી' શબ્દનો 'સંકલ્પ કર્યો' સાથે, તેમજ 'સ્નાન કરી' શબ્દ સાથે સંબંધ લેવાનો છે. (લે)

તેથી આ(પુત્ર)ને સંસ્કારની જરુર નથી, એવું તેમને (વસુદેવને) જ્ઞાન હતું, એમ જણાવતાં વસુદેવ ભગવાનની સ્તુતિ કરે છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અથૈનમસ્તૌદવધાર્ય પૂરુષં પરં નતાઙ્ગઃ કૃતધીઃ કૃતાઞ્જલિઃ ।।**
**સ્વરોચિષા ભારત સૂતિકાગૃહં વિરોચયન્તં ગતભીઃ પ્રભાવવિત્ ।।૧૨।।**

હે ભારત ! પછી પર પુરુષ જાણીને નમન કરી, નિશ્ચય કરી બે હાથ જોડી ભયરહિત થએલા પ્રભાવ જાણનારે, પોતાના તેજથી સૂતિકાગૃહને પ્રકાશિત કરનાર એમની સ્તુતિ કરી. ૧૨.

'પછી' એટલે કર્મની સમાપ્તિ કરીને, ત્યાર પછી તરત જ પુત્ર તરીકે આવિર્ભાવ પામેલા[૧] ભગવાનની (વસુદેવે) સ્તુતિ કરી.

'સ્તુતિ ઉત્તમ હોય તેની કરવી જોઈએ, છતાં પુત્રની સ્તુતિ કેમ કરી ?' એવી શંકા થાય, તેથી '(પર) પુરુષ જાણીને' શબ્દો યોજેલ છે. પહેલાં (શ્લોક ૯।૧૦માં) કહેલા વર્ણનના પ્રકારથી આ 'પર પુરુષ' એટલે પુરુષોત્તમ જ છે એમ જાણીને (સ્તુતિ કરી). સ્તુતિ અભિનંદનરૂપ પણ હોય, તેથી (આ સ્તુતિ) તેવી નથી એમ જણાવવા નમન કરીને (સ્તુતિ કરી). 'નતમ્' નમેલું છે 'અંગ' અંગ જેમનું (તેવા થઈ) એટલે નમસ્કાર કરીને (સ્તુતિ કરી) એવો અર્થ છે. જે ભગવાન્ જેવા જન્મેલા છે તેમને તેવા જ જાણીને સ્તુતિ કરવી યોગ્ય છે. એક પ્રકારના હોય તેમને બીજા પ્રકારે જાણવામાં આવે તો અયોગ્ય થાય, તેથી તેવું થાય નહિ તે માટે 'નિશ્ચય કરીને' (સ્તુતિ કરી). જો કે પુરુષોત્તમનો આવિર્ભાવ થશે એવું જ્ઞાન પહેલાં (વસુદેવને) ન હતું, છતાં પણ દર્શન કરાવેલ અવયવો વિગેરેથી ભગવાને જેમનો નિશ્ચય કરાવેલ છે તેવા (વસુદેવ થયા).

(પોતાના) બરોબરીઆને પણ તેવું સંભવે છે, તેથી (ભગવાન્) બરોબરીઆ ન હતા એમ જણાવવા 'બે હાથ જોડી' (સ્તુતિ કરી). મોટા પાસે જ બે હાથ જોડવામાં આવે છે. કાયા, વાણી અને મનથી સ્તુતિ કરવી જોઈએ. તે પૈકી 'બે હાથ જોડી' શબ્દથી સ્તુતિ કરતાં કાયાની સ્થિતિ કહેલી છે, અને સ્તુતિ વાણીથી (કરશે).

'સ્તુતિ મોટા અવાજે કરવી જોઈએ, એમ કરવામાં આવે તો પહેરાવાળાઓ જાગી જાય' એવી શંકા થાય, તેથી 'ભયરહિત થએલા' શબ્દથી કંસનો ભય તેમને (વસુદેવને) ન હતો એમ કહેલ છે. તેનું (ભય ન હોવાનું) કારણ 'પ્રભાવ જાણનાર' શબ્દથી કહેલ છે. ભગવાન્ કાલ વિગેરેનું પણ નિયમન (કરે

૧. આઠમા શ્લોકમાં પ્રદ્યુમ્નવ્યૂહનું પ્રાકટ્ય કહેલ છે તેથી પુત્ર તરીકે આવિર્ભાવ પામેલા કહેલા છે. (લે)

છે) એમ (વસુદેવ) જાણે છે, તેથી તે 'પ્રભાવ જાણનાર' છે.

'સામર્થ્ય હોવા છતાં (ભગવાન્) જો તે પ્રગટ ન કરે, અથવા શાલગ્રામ વિગેરે પેઠે પ્રમાણમાં પ્રસિદ્ધ[2] (જ) સામર્થ્ય હોય તો ઊંધું પરિણામ થાય' એવી શંકા થાય, તેથી કહે છે કે તેમનું (ભગવાનનું) સામર્થ્ય પ્રકટ થએલ તેજના સમૂહથી પ્રકટ જ હતું, 'પોતાના તેજથી' એટલે સ્વરૂપની કાંતિથી, જેમ કરોડો મણિઓના તેજથી ઘર પ્રકાશવાળું થાય તેમ સૂતિકાગૃહને પ્રકાશિત કરતા હતા. 'હે ભારત !' એવું સંબોધન (પરીક્ષિતને) વિશ્વાસ રહે તે માટે કરેલ છે.૧૨.

**દ્વાદશાત્મા હરિર્જ્ઞેયસ્ત્રિધા ચ નવધા તથા ।।કા.૧૬।।**
**નવધા વૈદિકઃ પ્રોક્તસ્ત્રિધા લૌકિક ઉચ્યતે ।।**

ત્રણ પ્રકારના[1] અને વળી નવ પ્રકારના[1], એમ બાર[1] પ્રકારના ગુણવાળા હરિને જાણવા. નવ પ્રકારના વૈદિક[2] કહેવાય છે અને ત્રણ પ્રકારના લૌકિક[2] કહેવાય છે.

**યજ્ઞસ્તુ પઞ્ચધા પ્રોક્તશ્ચતુર્ધા ભગવાનિતિ ।।કા.૧૭।।**
**પઞ્ચાત્મકશ્ચતુર્મૂર્તિસ્તન્ત્રં વેદેન સમ્મિતમ્ ।।**

યજ્ઞ પાંચ પ્રકારનો[3] કહેવાય છે અને ચાર પ્રકારના[4] (રૂપવાળા) ભગવાન્

---

૨ . 'પ્રમાણમાં પ્રસિદ્ધ' એટલે 'શાસ્ત્રમાં પ્રસિદ્ધ'. જે દ્વેષ કરતો હોય તેનું પરલોકમાં અનિષ્ટ કરનાર. (લે) આ લોકમાં તો કાંઈ કરે નહિ, તેથી પરિણામ ઊંધુ થાય.

૧-૧-૧. આ કારિકાઓમાં વસુદેવ અને દેવકીજીની સ્તુતિઓનું તાત્પર્ય જણાવેલું છે. નવમા અને દશમા શ્લોકમાં બાર પ્રકારથી ભગવાનનો પ્રાદુર્ભાવ કહ્યો. તે સ્વરૂપનું દર્શન કરનાર વસુદેવ અને દેવકીજી જો તેથી ઓછા અથવા વધારે પ્રકારથી સ્વરૂપનું નિરૂપણ કરે તો તે બેમાં વિરોધ થતાં એક અપ્રમાણ છે એવી શંકા થાય. તેથી આ સ્તુતિઓમાં બાર પ્રકારનું જ ભગવાનનું નિરૂપણ કરેલ છે એમ જણાવી તેવી શંકા દૂર કરવામાં આવે છે. આ સ્તુતિઓમાં પણ બાર પ્રકારે જ હરિનું નિરૂપણ કરેલ છે એમ જાણવું. દેવકીજીએ ત્રણ (શ્લોકોથી ત્રણ) પ્રકારે, અને વસુદેવે નવ (શ્લોકોથી નવ) પ્રકારે. (શોધપત્ર+કા).

૨-૨. સ્તુતિઓનું સ્વરૂપ કહે છે. વસુદેવે કરેલી સ્તુતિ વૈદિક છે, અને દેવકીજીએ કરેલ લૌકિક છે. (શોધપત્ર)

૩. (૧. અગ્નિહોત્ર, ૨. દર્શપૂર્ણમાસ, ૩. પશુ, ૪. ચાતુર્માસ્ય અને ૫. સોમ) એવા પાંચ પ્રકારનો યજ્ઞ છે. (શોધપત્ર+કા)

૪. વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ ચાર વ્યૂહના રૂપવાળા. ચતુમૂર્તિ ભગવાન્ છે. આવા ચાર મૂર્તિવાળા છ ગુણોના ઐશ્વર્યવાળા સાકારબ્રહ્મરૂપની ઉપાસના કરવી એમ તંત્રમાં કહેલ છે. અહિં 'તંત્ર' પદથી ભાગવતશાસ્ત્ર જાણવું. એવો અર્થ જણાવવા જ અહિં 'ભગવાન્' પદ યોજેલ છે. વેદ અને તંત્રમાં આ જ રૂપની ઉપાસના કરવાનું જણાવેલ છે.

થાય છે. (તેથી) પાંચ ગુણવાળા અને ચાર મૂર્તિવાળા (એમ નવ પ્રકારના ગુણવાળા) થાય છે. તંત્ર વેદની સમાન[5] છે. કા.૧૭।।

**લૌકિકસ્ત્રિગુણઃ પ્રોક્તઃ સ્મૃતિશ્ચૈવ હિ લૌકિકી ।।કા.૧૮।।**
**નવધા વસુદેવોઽસ્તૌત્ ત્રિધા ચૈવ હિ દેવકી ।।**

ત્રણ ગુણવાળા[6] લૌકિક કહેવાય છે, અને સ્મૃતિ લૌકિક[7] છે. નવ પ્રકારે વસુદેવે સ્તુતિ કરી અને ત્રણ પ્રકારે જ દેવકીજીએ (સ્તુતિ કરી). કા.૧૮।।.

**એકેન પ્રાર્થનં પૂર્વં દ્વાભ્યાં ચૈવ તથાપરમ્ ।।કા.૧૯।।**
**દશભિઃ પઞ્ચભિશ્ચૈવ નિરૂપ્યેતે સ્તુતી ઉભે ।।**

પહેલાંની (વસુદેવે કરેલી) પ્રાર્થના એક(શ્લોક)થી[8] (કરેલી છે), અને તેમજ પછીની બે (શ્લોકો)થી[9] કરેલી છે. બંને સ્તુતિઓનું દશ(શ્લોકો)થી[8] અને પાંચ(શ્લોકો)થી[9] નિરૂપણ કરવામાં આવે છે. કા.૧૯।।.

---

(શોધપત્ર+કા)

૫. 'વેદ સાથે તંત્રને કેમ ભેળવવામાં આવે છે ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. જેમ વેદ ભગવાનની પ્રાપ્તિ કરાવે છે, તેમ તંત્ર પણ કરાવે છે; તેથી તંત્ર વેદની સમાન છે. વેદમાં ત્રણ વર્ણવાળાનો જ અધિકાર છે. તંત્રમાં સર્વનો અધિકાર છે. વેદ મર્યાદાની અને તંત્ર પુષ્ટિની રીતે ભગવાનની પ્રાપ્તિ કરાવે છે, તેથી તંત્ર વેદની સમાન છે. (શોધપત્ર)

૬. અહિં 'ગુણ' શબ્દ પ્રકારના અર્થમાં યોજેલ છે, પણ પ્રાકૃત ગુણોના અર્થમાં યોજેલ નથી. 'તેથી લોકમાં અને વેદમાં હું પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ છું' એ ભગવાનના વાક્યથી તેમનું સ્વરૂપ પ્રસિદ્ધ છે. તે સ્માર્ત સ્વરૂપ આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક એવા ત્રણ પ્રકારનું છે. લૌકિક વસ્તુનાં જ આવાં ત્રણ રૂપ કહેવાય છે. તેથી જ ભગવાન્ આધિદૈવિક રૂપ હોવાથી જ, સ્મૃતિમાં 'પરમાત્મા' કહેવાયા છે. આ અર્થ સ્તુતિના વ્યાખ્યાનમાં સ્પષ્ટ થશે. (શોધપત્ર)

૭. લોકમાં 'ભગવાનથી જૂદા' એટલે ઋષિઓએ સ્મૃતિને રચેલી હોવાથી લૌકિક કહેલી છે. (લે+કા)

૮-૮. બાવીસમા શ્લોકમાં વસુદેવે પ્રાર્થના કરેલી છે. નવ સ્તુતિના અને એક પ્રાર્થનાનો મળી દશ શ્લોકોથી વસુદેવની સ્તુતિ થઈ. (કા)

૯-૯. અઠ્ઠાવીસ અને ઓગણત્રીસમા શ્લોકોમાં દેવકીજીએ પ્રાર્થના કરેલી છે. ત્રણ સ્તુતિના અને બે પ્રાર્થનાના મળી પાંચ શ્લોકો થયા. ત્રીસમા શ્લોકમાં પણ દેવકીજી પ્રાર્થના જ કરે છે, પણ તે પોતાના સ્વાર્થ માટે પ્રાર્થના છે, તેથી ૨૮ તથા ૨૯મા શ્લોકની જ પ્રાર્થનાઓ મુખ્ય છે. કારિકામાં 'ચ' 'અને' શબ્દથી ૩૦મા શ્લોકવાળી પ્રાર્થના પણ જણાવી છે. ત્રણ સ્તુતિના, ત્રણ પ્રાર્થનાના શ્લોકો, ૨૭મા શ્લોકમાં શરણે જવાનો હેતુ જણાવ્યો અને ૩૧મા શ્લોકમાં વિરોધ દૂર કર્યો. એ પ્રમાણે કુલ આઠ શ્લોકો દેવકીજી કહે છે. (કા)

**શાસ્ત્રતો ભગવાનેવ પ્રતીત્યાપિ દઢીકૃતઃ ।।કા.૨૦।।**
**બાધકં ત્વન્યથાજ્ઞાનમજ્ઞાનં ચાપિ હેતુતઃ ।।**

(પ્રકટ થએલ સ્વરૂપ) શાસ્ત્ર પ્રમાણે ભગવાન જ[૧૦] છે. પ્રતીતિથી પણ તે દઢ કરવામાં આવે છે[૧૧]. તેવું જ્ઞાન નહિ થવા દેનાર અન્યથાજ્ઞાન અને અજ્ઞાન પણ (અમુક) કારણથી થાય છે[૧૨]. કા.૨૦।।.

તેમાં[૧૩] પ્રથમ[૧૪] ચક્ષુથી દેખાવાપણું વિગેરે બાધ કરનાર[૧૫] ધર્મોને લીધે (પ્રકટ થએલ સ્વરૂપ) બ્રહ્મ હોવાનું ઘટતું નથી એવું, ચક્ષુથી દેખાવાપણાનું કારણ[૧૬] નહિ જાણવાથી ભગવાન્ સંબંધી અજ્ઞાન સંભવે છે, તેનો આરંભમાં નીચેના શ્લોકથી નિરાસ કરે છેઃ

---

૧૦. શ્લોક ૧૩માં 'જણાએલા' શબ્દથી 'શાસ્ત્ર પ્રમાણે ભગવાન જ છે' એમ કહેલું છે. (કા)

૧૧. શ્લોક ૧૩માં 'છો' શબ્દથી વ્યવહાર કહેલ હોવાથી પ્રતીતિથી પણ (પ્રકટ થએલ સ્વરૂપ ભગવાન જ છે) એ દઢ કરવામાં આવેલ છે. (કા)

૧૨. (પ્રકટ થએલ સ્વરૂપ) પ્રાકૃત છે એવું અન્યથાજ્ઞાન, અને (પ્રકટ થએલ સ્વરૂપ) બ્રહ્મ (ભગવાન્) નથી એવું અજ્ઞાન. પ્રકટ થએલ સ્વરૂપ ચક્ષુઓથી દેખાય તેવું છે તે વિગેરે કારણોથી તે પ્રાકૃત છે અને ભગવાન્ નથી એવાં અન્યથાજ્ઞાન તથા અજ્ઞાન થાય છે. તેનો ૧૩મા શ્લોકમાં નિરાસ કરવામાં આવે છે. 'સર્વ મારાં ભલે દર્શન કરે' એવી ભગવાનની ઈચ્છાથી જ તે ચક્ષુઓથી દેખાય છે, પરંતુ ઈન્દ્રિયના સામર્થ્યને લીધે તેમનાં દર્શન થતાં નથી. તેથી ભગવાનની ઈચ્છાથી જ તેમનાં દર્શન થતાં હોવાથી તેમનું દર્શન થવાથી તે ભગવાન્ નથી એમ કહી ન શકાય એવો અર્થ છે. (કા)

ભગવાનનો સાક્ષાત્કાર થાય ત્યારે અન્યથાજ્ઞાન અને અજ્ઞાન હઠી જાય છે. જો વસુદેવ અને દેવકીજી ભગવાનના સ્વરૂપનું બરાબર વર્ણન કરે નહિ, તો તેમને ભગવાનના સ્વરૂપનું અજ્ઞાન અથવા અન્યથાજ્ઞાન હતું એવી શંકા રહે, અને તેથી જે સ્વરૂપનાં દર્શન થયાં તે ભગવાન્ છે એમ સિદ્ધ ન થાય. (તેથી સ્તુતિઓમાં તેઓ ભગવાનના સ્વરૂપનું બરાબર વર્ણન કરે છે). (લે)

૧૩. 'તેમાં' એટલે '(પ્રકટ થએલ સ્વરૂપ) બ્રહ્મ છે એમ સિદ્ધ કરવામાં.' (લે)

૧૪. 'પ્રથમ' એટલે 'જે શંકાઓ કરવામાં આવે છે તે પૈકી પહેલી (શંકા).' (લે)

૧૫. (પ્રકટ થએલ સ્વરૂપ) બ્રહ્મ (ભગવાન્) છે તેવું જ્ઞાન નહિ થવા દેનાર (૧) અજ્ઞાન અને (૨) અન્યથાજ્ઞાન. તે બેનાં કારણરૂપ થએલ ધર્મો. (લે) (જેવા કે પ્રકટ થએલ સ્વરૂપનું ચક્ષુઓથી દેખાવું વિગેરે. બ્રહ્મ ચક્ષુઓથી દેખાતું નથી, તેથી પ્રકટ થએલ સ્વરૂપ ચક્ષુઓથી દેખાતું હોવાથી બ્રહ્મ નથી એમ જણાય. તેથી ચક્ષુઓથી દેખાવું એ એવું જ્ઞાન થવામાં બાધ કરનાર ધર્મ છે.)

૧૬. 'સર્વ ભલે મારાં દર્શન કરે' એવી ભગવાનની ઈચ્છા જ (તેમનું દર્શન થવાનું કારણ છે). તે ન જાણવાથી ભગવાન્ સંબંધી (આ ભગવાન્ નથી એવું) અજ્ઞાન થાય છે. (લે)

શ્રીવસુદેવ કહે છેઃ

**વિદિતોઽસિ ભવાન્ સાક્ષાત્ પુરુષઃ પ્રકૃતેઃ પરઃ ।।**
**કેવલાનુભવાનન્દસ્વરૂપઃ સર્વબુદ્ધિદૃક્ ।।૧૩।।**

આપ પ્રકૃતિથી પર, સાક્ષાત્ પુરુષ, કેવલ ચિત્ અને આનંદસ્વરૂપ-વાળા, સર્વની બુદ્ધિને જાણનાર જણાએલા છો. ૧૩.

જેમણે (ભગવાનનું) સ્વરૂપ જાણેલું છે તેવાં (વસુદેવ તથા દેવકીજીએ) કરેલી આ બે સ્તુતિઓ છે. આપ જણાએલા છો, એટલે આર્ષજ્ઞાનથી મેં (આપને) સારી રીતે જાણેલા છે.

(૧) " 'તે તું છે' વિગેરે વાક્યોથી ઉત્પન્ન થતાં (જ્ઞાન)થી ઘણાંએ જીવને પણ ભગવાન્ તરીકે જાણે છે" એવી શંકા થાય, તેથી 'છો' પદ યોજેલ છે. જે[૧૭] ચાર ભુજાઓવાળાનો[૧૮] 'આપ' શબ્દથી પણ વ્યવહાર થાય છે તે પણ[૧૯] આપ જણાએલા છો એવો અર્થ છે. 'આપ' શબ્દનો પ્રયોગ કરવામાં ન આવે છતાં, બીજા પુરુષનો પ્રયોગ કરવામાં આવે છે[૧૭]. તેથી શાસ્ત્રથી તથા લોકથી (આપ) જે જણાઓ છો તે મારાથી જણાએલા છો એવો અર્થ છે. આથી[૨૦] એમ

---

૧૭-૧૭ અહિં નીચે પ્રમાણે જાણવું. 'છો' એવો વ્યવહાર 'આપ' શબ્દ (આપ શબ્દથી જણાવાતા પુરુષ) નજીક હોય ત્યારે જ થાય છે એવો નિયમ હોવા છતાં, 'છો' એવો વ્યવહાર જ અહિં કહ્યો પણ 'આપ' કહેલ નથી; તે (વ્યવહાર) 'આપ' વિના બંધ બેસતો નહિ હોવાથી, 'આપ' શબ્દનું અનુમાન કરાવે છે, કારણ કે અનુમાનથી જે શબ્દના અર્થની જરૂર રહેતી હોય તે પૂરવામાં આવે છે. તેથી જ 'બંધ કર' વિગેરે કહેવામાં આવે ત્યારે 'દ્વાર' વિગેરે શબ્દના અર્થ અધ્યાહાર રહેલા છે, પરંતુ તે શબ્દો અધ્યાહાર રહેલા છે એમ ભાટ્ટો માનતા નથી, કારણ કે શબ્દનો અર્થ એકલો અધ્યાહાર માનવાથી કાર્ય સરે છે તેથી શબ્દને પણ અધ્યાહાર માનવાનું કારણ નથી, અને બંનેને અધ્યાહાર માનવા કરતાં એકલા અર્થને જ અધ્યાહાર માનવામાં લાઘવ (સરલતા) છે. અહિં તો 'આપ' શબ્દનો અર્થ (પ્રકટ થએલ સ્વરૂપ) સમીપ જ રહેલ છે, તેથી તે અધ્યાહાર રાખવાની જરુર પણ નથી. વાસ્તવિક રીતે તો 'અસિભવાન્' એવો એક જ શબ્દ છે. તેનો અર્થ 'અસિ' 'છો' શબ્દવાળા 'આપ' એટલે " 'છો' શબ્દથી જેમનો વ્યવહાર થાય તેવા આપ" એવો છે. (ટિ)

૧૮. 'ચાર ભુજાવાળા' એટલે 'દેહ ઈન્દ્રિય વિગેરેવાળા' અને નહિ કે માત્ર જીવરૂપવાળા. આ અર્થ કરીએ ત્યારે 'જણાએલા છો' એટલું વાક્ય જૂદું છે એમ જાણવું. (લે)

૧૯. 'જણાએલા' શબ્દથી શાસ્ત્રથી (ભગવાન્) જણાએલા છો એમ કહ્યું. 'છો' શબ્દથી વ્યવહાર જણાવેલ હોવાથી લોકથી પણ (ભગવાન્) જણાએલા છો એમ કહ્યું. તેથી જ 'તે પણ આપ જણાએલા છો' એમ 'પણ' શબ્દ યોજેલ છે. (લે)

૨૦. 'આથી' એટલે 'જણાએલા છો' એ બે શબ્દોથી, એવો અર્થ છે. (લે)

કહેલું છે કે પરંપરાથી જે જણાય[21] છે અથવા જે અચેતન[21] સાક્ષાત્ જોવામાં આવે છે તે બંને રૂપવાળા આપ છો.

(૨) અથવા[22] 'જણાએલા છો' એવી પ્રતિજ્ઞા કરી, ભગવાન્ (પ્રકટ થએલ સ્વરૂપ) બ્રહ્મ છે એવો ઉપસંહાર કરતાં (છેવટ જણાવતાં), જે સર્વરૂપ થએલ હોય તે બ્રહ્મ હોય તેથી, 'આપ'[23] (અને) 'પુરુષ'[23] એ બે શબ્દોથી 'બહાર

---

૨૧-૨૧. 'શાસ્ત્રથી જણાવું' એટલે પરંપરાથી જણાવું. 'છો' શબ્દથી વ્યવહાર કહેલો હોવાથી અચેતન દેહ, ઈન્દ્રિય વિગેરેરૂપ પણ (આપ) છો એમ કહેલ છે, એવા આશયથી 'અચેતન (સાક્ષાત્ જોવામાં આવે છે)' એમ કહેલ છે. 'તે બંને રૂપવાળા' એટલે પરંપરાથી જણાતા, તેમજ સાક્ષાત્ જણાતા; એવો અર્થ છે. (લે)

'પરંપરાથી જણાય છે' એટલે જે ચાર ભુજાઓવાળા દેહમાં આત્મા તરીકે જણાય છે, એવો અર્થ છે; કારણ કે લોકમાં ઈન્દ્રિયોને પ્રેરણા કરનાર તરીકે આત્મા પરંપરાથી જ જણાય છે, પણ અતીંદ્રિય હોવાથી સાક્ષાત્ જણાતો નથી. તે પ્રમાણે અહિં ચાર ભુજાવાળા દેહમાં કોઈ આત્મા હશે એમ જણાય. તેથી જે ચાર ભુજાઓના રૂપવાળો આત્મા પરંપરાથી જણાય છે, એવો અર્થ છે. 'અચેતન સાક્ષાત્ જોવામાં આવે છે' કારણ કે લોકમાં અચેતન દેહ સાક્ષાત્ જોવામાં આવે છે. તે આત્માથી જૂદો હોવાથી ચક્ષુ વિગેરેથી અચેતન તરીકે દેખાય છે. તેમ અહિં પણ ચાર ભુજાવાળો દેહ આત્માથી જૂદો હશે એવું અજ્ઞાનથી જણાય. એ પ્રમાણે બે પ્રકારથી પ્રતીતિ થઈ. તેવી પરંપરાથી અને સાક્ષાત્ જેમની પ્રતીતિ થઈ તેમનું સ્વરૂપ મેં જાણ્યું, એમ કહેવા 'આપ સાક્ષાત્ પુરુષ' એમ વસુદેવે કહેલ છે. તેનો ભાવાર્થ 'તે બંને રૂપવાળા આપ છો' શબ્દોથી સ્પષ્ટ કરેલ છે. આનો અર્થ નીચે પ્રમાણે છે :

લોકમાં દેહ અને દેહી જૂદા હોય છે તે પ્રમાણે અહિં પણ હશે એમ અજ્ઞાનીઓને જણાય. પણ મેં (વસુદેવે) તો ચાર ભુજાવાળા સ્વરૂપને જ દેહ અને દેહી તરીકે જાણેલું છે; આ યોગ્ય જ છે, કારણ કે, 'બ્રહ્મ એક જ અને અદ્વિતીય (જેના જેવું બીજું કોઈ નથી તેવું) છે' 'અહિં કાંઈ ભેદ નથી' વિગેરે શ્રુતિ પ્રમાણે બ્રહ્મમાં સજાતીય, વિજાતીય અથવા સ્વગત, ત્રણ પૈકી કોઈ પ્રકારનો ભેદ નથી. તેથી આપ એકલા જ દેહ અને દેહરૂપી પણ છો, એવો અર્થ છે. તેથી જ શ્રુતિમાં 'સચ્ચિદાનંદ દેહવાળા' કહેલા છે. તેથી આપનામાં દેહ અને આત્મા એવો ભેદ નથી. અહિં 'આપ' શબ્દથી અપ્રત્યક્ષ આત્મા કહેલ છે, 'છો' શબ્દથી 'આપ' કહેવાતો પ્રત્યક્ષ દેહ કહેલો છે. એ પ્રમાણે આત્મો અને દેહને જૂદા જૂદા જણાવી 'સાક્ષાત્ પુરુષ' શબ્દથી તેમનો અભેદ નક્કી કરી, પ્રકટ થએલ સ્વરૂપ શુદ્ધબ્રહ્મ જ છે એમ સિદ્ધ કરેલું છે એમ જાણવું. (યો)

૨૨. પહેલાં જે અર્થ કર્યો તે પ્રમાણે 'ભવાન્' 'આપ' શબ્દની સંગતિ થતી નથી. તેથી એવો અર્થ નહિ રુચતાં, અહિં બીજી રીતે અર્થ કરે છે. (ટિ)

આ પ્રમાણે અર્થ કરતાં 'આપ' શબ્દથી વ્યવહાર થાય છે. (લે)

૨૩-૨૩. 'ભવાન્' 'આપ' શબ્દની વ્યુત્પત્તિ 'ભાતિ ઈતિ ભવાન્' ભાસે છે તે 'ભવાન્' થાય, તેથી એ શબ્દથી (આપ) પ્રત્યક્ષ (છો) એવો અર્થ થયો. આવા પ્રત્યક્ષ હોવા છતાં આપ

રૂપવાળા અને અંદરના રૂપવાળા આપ જ છો' એમ કહે છે; અથવા (આપ) પ્રત્યક્ષ (દેખાતા) હોવા છતાં અપ્રત્યક્ષ છો, અથવા (મારી) સામે રહેલ[૨૪] હોવા છતાં સામે રહેલ[૨૪] નથી (એમ જણાવવા) (તે બે શબ્દો કહેલા છે).

(૩) અથવા[૨૫] (આપ) ત્રણ પુરુષરૂપ[૨૬] ભગવાન્[૨૭] (છો) એમ કહેવા, 'છો[૨૬]' 'આપ[૨૬]' (અને) 'સાક્ષાત્ પુરુષ[૨૬]' એવા ત્રણ શબ્દો યોજેલા છે. અન્નમય વિગેરે પણ પુરુષ પ્રકારના હોવાથી પુરુષ છે, તેથી તેવા પુરુષ (આપ) નથી એમ જણાવવા 'સાક્ષાત્' એમ કહેલ છે. તેઓ (અન્નમય વિગેરે)માં પુરુષનો પ્રવેશ થવાથી (તેઓ) પરંપરાથી પુરુષ થાય છે.

બ્રહ્મ જાણનારાઓને આત્માની સ્ફૂર્તિ થતાં તેઓ સાક્ષાત્ પુરુષ થાય છે, તેથી તેનાથી (સાક્ષાત્ પુરુષથી) પણ (આપ) અધિક છો એમ 'પ્રકૃતિથી પર' શબ્દોથી કહે છે, કારણ કે તે (આત્માની જેમને સ્ફૂર્તિ થઈ છે તેવા બ્રહ્મ જાણનારા) જીવો પ્રકૃતિનું નિયમન કરનારા નથી. (આપે) માયા, જીવ વિગેરે ગુપ્ત અર્થોને પ્રકટ કર્યાં[૨૮] છે, તેથી (આપ) પ્રકૃતિનું નિયમન કરનાર છો. પ્રત્યક્ષપણાનો દોષ[૨૯] તો 'છો' (અને) 'આપ' એ બે શબ્દોથી દૂર કરેલો છે, અને

('પુરિ' શરીરમાં 'શેતે' શયન કરે તે પુરુષ) 'પુરુષ છો' એટલે અપ્રત્યક્ષ છો. (લે)

૨૪. 'આપ' શબ્દથી પ્રત્યક્ષ છો એમ સૂચવ્યું. તેથી સામે રહેલ છો. (લે) તેમજ 'પુરુષ' શબ્દથી દેખાતા નથી એમ સૂચવ્યું, તેથી સામે રહેલ નથી.

૨૫. ઉપર બીજી રીતે અર્થ કરતાં 'અસિ' 'છો' પદ વ્યર્થ થાય છે, કારણ કે ક્રિયાપદનો અર્થ 'જણાએલા' શબ્દથી જ કહેવાય છે. તેથી એ અર્થ નહિ રુચતાં, ત્રીજી રીતે અર્થ કરે છે. (લે)

૨૬-૨૬-૨૬-૨૬. 'ત્રણ પુરુષ' એટલે (૧) ક્ષર, (૨) અક્ષર અને (૩) પુરુષોત્તમ. અથવા (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક અને (૩) આધિદૈવિક પુરુષ. 'છો' શબ્દથી દેહરૂપ સત્ત્વથી જણાતા કહ્યા; 'આપ' શબ્દથી તે(દેહ)ના અભિમાનવાળા કહ્યા અને પછીના (સાક્ષાત્ પુરુષ) શબ્દથી પરમાત્મા તરીકે જણાતા કહ્યા, તેથી શ્રુતિમાં કહેલ મીઠાના કટકાનું દૃષ્ટાંત અહિં લાગુ પડે છે એમ જણાવ્યું. (ટિ)

૨૭. અહિં કહેલ ત્રણ પદો (છો, આપ, અને સાક્ષાત્ પુરુષ), અને આ પછીનાં ત્રણ પદો (પ્રકૃતિથી પર, કેવલ ચિત્ અને આનંદ સ્વરૂપવાળા અને સર્વની બુદ્ધિને જાણનાર) એ છ પદોથી સંખ્યાના તાત્પર્યથી (ભગવાન્ છ ગુણવાળા હોવાથી) આપ ભગવાન્ છો એમ કહેવા પહેલાં આ ત્રણ પદો કહેલાં છે. તેથી જ આગળ 'આ છ પ્રકારના ભગવાન્ છે' એમ કહેલું છે. (લે)

૨૮. કૌસ્તુભ અને પીતાંબરથી (અનુક્રમે) જીવ અને માયાને પ્રકટ કર્યાં. (પ્ર)

૨૯. 'જણાએલા છો' બે શબ્દોથી આપ શુદ્ધ બ્રહ્મ અથવા પુરુષોત્તમ તરીકે જણાયા છો એમ કહ્યું. 'આપ છો' વ્યવહાર પ્રત્યક્ષ હોય તેનો જ થાય. આમ હોવાથી એવા વ્યવહારવાળા

જણાએલ હોવાનો દોષ[30] સર્વભાવથી પ્રાકટ્ય થવાથી (દૂર થએલો છે). વિરુદ્ધ ધર્મોનું[31] એક એક અંશથી સમાધાન થાય છે.

'ત્યારે ચાર ભુજાઓવાળા દેહમાં રહેલો હું આત્મા તેવો (પ્રકૃતિથી પર) હોઈશ' એવી શંકા થાય, તેથી 'કેવલ ચિત્ અને આનંદ સ્વરૂપવાળા' શબ્દ યોજેલ છે. 'કેવલ' એટલે દેહ, ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણવિનાના. વળી જીવની પેઠે (આપ) કેવલ ચિદ્રૂપ નથી, પરંતુ અનુભવ (ચિત્) અને આનંદરૂપ છો.

'જેમ લોઢાના ગોળામાં અગ્નિ પ્રવેશ કરે તેમ આ દેહમાં ચિત્ અને આનંદરૂપ ભગવાન્ પધારેલા હશે' એવી શંકા થાય, તેથી 'સ્વરૂપ' પદ યોજેલ છે. જે સ્વરૂપનાં દર્શન થાય છે તે (સ્વરૂપ) જ ચિદાનંદ (ચિત્ અને આનંદ) રૂપ છે, પરંતુ ચિત્ અને આનંદ જે સ્વરૂપમાં છે તેવું તે નથી. (આપ) ચિત્ અને આનંદ સ્વરૂપવાળા એટલે સચ્ચિદાનંદ દેહવાળા[32] (છો) એવો અર્થ છે. આ પ્રમાણે એમ કહેલું છે કે આપ જેમનાં દર્શન થાય છે તે પરોક્ષ, અપરોક્ષ અને અંતર્યામીરૂપ છો[33].

---

(પ્રત્યક્ષ) પ્રભુનું જ આ સ્વરૂપ છે એમ સિદ્ધ થયું. તેથી પ્રભુ પ્રત્યક્ષ થયા એ દોષ દૂર થયો એવો અર્થ છે. (ટિ)

૩૦. 'ભગવાન્ જણાયા (પ્રત્યક્ષ થયા) એ જ્ઞાન પ્રામાણિક (સત્ય) હોય તો એ પ્રમાણે દોષ દૂર થાય, પરંતુ એ દોષ હોવાથી એ જ્ઞાન સત્ય છે એમ કહી શકાય નહિ' એવી શંકા થાય તેથી આ કહેલ છે. 'આપ' અને 'પુરુષ' પદોથી (ભગવાન્) સર્વ ભાવથી પ્રકટ થયા છે એમ કહેલું છે. તેથી અલૌકિક ચક્ષુ તથા તેના સામર્થ્યને લીધે, 'હરિ પોતે જ પ્રકટ થયા છે' એવું જો પોતાને પોતાનું જ્ઞાન થાય તે ખોટું નથી, તેમ વસુદેવનું જ્ઞાન પણ ખોટું નથી એવો અર્થ છે. 'જણાએલાથી તે (બ્રહ્મ) જૂદું છે, નહિ જણાએલાથી તે જૂદું છે' શ્રુતિ જણાએલા અથવા નહિ જણાએલા લૌકિક પદાર્થોથી જ તે જૂદું છે એમ કહે છે. એવો તેનો અર્થ ન હોય તો તેમાં જ વિરોધ થાય. (ટિ)

૩૧. 'બ્રહ્મ અદશ્ય' (નિર્ધર્મક) વિગેરે છે, એમ જણાવનાર શ્રુતિ બ્રહ્મ પ્રત્યક્ષ હોવાનું કહેતી નથી, તેથી આ (જે પ્રત્યક્ષ છે તે) સ્વરૂપને બ્રહ્મ કહી શકાય નહિ' એવી શંકા થાય તેથી આ વાક્ય કહેલ છે. જે રૂપ જ્યારે દશ્ય હોય તે જ રૂપ તે જ સમયે અદશ્ય પણ હોય છે, કારણ કે ઈન્દ્રિયના સામર્થ્યથી તે અદશ્ય છે પણ પ્રભુની ઈચ્છાથી તેનાં દર્શન થાય છે. તેથી બ્રહ્મમાં (એ) બંને ધર્મો રહેલ હોવાથી, પ્રકટ થએલ સ્વરૂપ બ્રહ્મ નથી એમ કહી ન શકાય એવો અર્થ છે. (ટિ)

૩૨. અનુભવ (ચિત્) અને આનંદ સ્વરૂપ છે જેમનાં એ પ્રમાણે સમાસ છોડતાં, જે સત્ તરીકે દેખાય છે તે જ દેહ ચિત્ અને આનંદરૂપ છે એવો અર્થ થયો. તેથી એ દેહ સચ્ચિદાનંદરૂપ થયો, માત્ર સત્ રૂપ નહિ, એવો ભાવ છે. (લે)

૩૩. જેમનાં દર્શન થાય છે તે દેહ જ પરોક્ષ (ચિત્), અપરોક્ષ (સત્) અને અંતર્યામી (આનંદરૂપ છે) એવો અર્થ છે. (લે)

આત્મા[૩૪] કહેલ નથી, તેથી 'સર્વની બુદ્ધિને જાણનાર' શબ્દથી આત્મા તરીકે પણ ભગવાનને જણાવે છે. સર્વની બુદ્ધિને જૂએ છે (જાણે છે) તેવા, અથવા સર્વની બુદ્ધિમાં 'દક્' એટલે જ્ઞાન છે જેમનું[૩૫] તેવા (આપ છો).

આ પ્રમાણે આ (જેમનાં દર્શન થાય છે તે) જ છ પ્રકારના[૩૬] ભગવાન્ છે એમ કહેલું છે. પ્રત્યક્ષ (હોવાપણું), વ્યવહાર(ના વિષય હોવાપણું) વિગેરે ધર્મો અંશથી સિદ્ધ કરેલા છે. ૧૩.

નીચેના શ્લોકમાં બીજો દોષ હોવાની શંકા કરી, તેનું નિવારણ કરે છેઃ

**સ એવ સ્વપ્રકૃત્યેદં સૃષ્ટ્વાગ્રે ત્રિગુણાત્મકમ્ ।।**
**તદનુ ત્વં હ્યપ્રવિષ્ટઃ પ્રવિષ્ટ ઈવ ભાવ્યસે ।।૧૪।।**

તે જ આપ પહેલાં ત્રણ ગુણરૂપને પોતાની પ્રકૃતિથી બનાવીને, ત્યાર પછી તેમાં પ્રવેશ નહિ કરેલા, પ્રવેશ કરેલા જેવા જણાઓ છો. ૧૪.

'જો હું સર્વરૂપ ભગવાન જ હોઉં તો (હું) દેવકીજીના ઉદરમાં પ્રવેશ કરેલો કેમ હોઉં ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તેમાં પ્રવેશ નહિ કરેલા જ, ત્યાં રહેલા જ, પ્રવેશ કરેલા જેવા જણાઓ છો. જ્યાં સુધી શાસ્ત્ર પ્રમાણે (આપનું) દર્શન બંધ બેસતું થાય ત્યાં સુધી માત્ર દર્શનને લીધે જ (આપ) પ્રવેશ કરેલા છો, એવો નિર્ણય કરી શકાય નહિ, જેમ અસ્ત્રો અસ્ત્રાની પેટીમાં પેઠેલો હોય તેમ આ તે વિશ્વંભર અહિં વિશ્વંભરના સ્થાનમાં નખના આગળના ભાગ સુધી પ્રવેશ કરેલા છે; 'તે બનાવીને પછી તેમાં જ પ્રવેશ કર્યો;' 'પરમ પરાર્ધ ગુહામાં પ્રવેશેલા બે' એવી રીતે વેદમાં રહેવા માટે[૧], કાર્ય (કરવા) માટે[૧], અનેક રૂપવાળા થવા માટે[૧] અને બીજાને પ્રવેશ કરાવવા માટે[૧] પ્રવેશ(કર્યા)નું શ્રવણ થાય છે, તેવી રીતે દેવકીજીમાં

---

૩૪. દેહમાં જે આત્મા તરીકે જણાય તેનું સ્વરૂપ (કહેલ નથી) એવો અર્થ છે. (લે) આત્મા એટલે સર્વના આત્મા. (પ્ર)

૩૫. જે સર્વની બુદ્ધિ જૂએ છે તે પોતાની બુદ્ધિ જૂએ તેમાં કહેવાનું જ શું હોય ? એવો ભાવ છે. અહિં 'બુદ્ધિ'નો અર્થ 'પાંચ ઈન્દ્રિયોથી થતાં જ્ઞાનો' છે. (લે)

૩૬. ક્ષર, અક્ષર અને પુરુષોત્તમ, તથા અંતર્યામી, દેહ અને જીવ એમ છ પ્રકારના; અથવા આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક તથા સર્વના અંતર્યામી, દેહ અને જીવના રૂપથી છ પ્રકારના. (પ્ર)

૧-૧-૧-૧. આ ચાર શ્રુતિનાં વાક્યો અનુક્રમે કહેલાં છે એમ જાણવું. (લે) રહેવા માટે અસ્ત્રાનો તેની પેટીમાં પ્રવેશ. કાર્ય કરવા વિશ્વંભરનો તેમના સ્થાનમાં પ્રવેશ. 'તે બનાવીને પછી તેમાં જ પ્રવેશ કર્યો' એ અનેક રૂપવાળા થવા માટે પ્રવેશ. 'ગુહામાં પ્રવેશેલા બે'માં પ્રવેશ ક્હ્યો તે બીજાને એટલે જીવને પ્રવેશ કરાવવા માટે કરેલ પ્રવેશ છે.

પણ (કરેલા) પ્રવેશનો[2] કોઈક પ્રકાર હોવો જોઈએ.

'તો પણ[3] ઉપાધિવાળા[4]જ કાર્ય (કરવા)માં આસક્તિવાળા[5]જ પ્રવેશ કરે છે, તેથી શ્રીકૃષ્ણ મુખ્ય[6] કેમ હોય (હોઈ શકે) ?' એવી શંકા થાય, તેથી 'પ્રવેશ નહિ કરેલા જ પ્રવેશ કરેલા જેવા (જણાઓ છો)' એમ કહેલ[7] છે. ઈન્દ્રમાં પ્રવેશ કર્યો[8] તેમ યોગના બલથી (દેવકીજીમાં) પ્રવેશ (કરેલ હોવાનું) સંભવે છે; 'જે આનાથી જન્મ લેશે તે ઈન્દ્ર થશે તેથી તેમાં (દક્ષિણામાં) પ્રવેશ કર્યો, તે (દક્ષિણાથી) ઈન્દ્ર જ જન્મ્યો' શ્રુતિ પ્રમાણે જન્મ લેવા માટે જેમ દક્ષિણામાં (ઈન્દ્રે) પ્રવેશ કર્યો તેમ જન્મ લેવા માટે પ્રવેશ (કરેલ હોવાનું) સંભવે છે; અને દિતિની જઠરમાં મરુતોને કાપી નાખવા ઈન્દ્રે પ્રવેશ કરેલો (તેમ પણ પ્રવેશ કરેલ હોવાનું સંભવે છે). ભગવાને તે પ્રમાણે અહિં (દેવકીજીના ઉદરમાં) પ્રવેશ કરેલ નથી, એમ કહેવા 'પ્રવેશ નહિ કરેલા' શબ્દ યોજેલ છે. પ્રવેશનો ધર્મ[9] ભગવાનમાં છે[10], એમ જણાવવા 'પ્રવેશ કરેલા જેવા' એવી ભાવના કરેલી છે.

'ત્યારે પ્રવેશમાં કયો પ્રકાર છે ?' એ જાણવાની ઈચ્છા થાય તેથી કહે છે કે, જે પહેલાં સચ્ચિદાનંદરૂપ કહેલા છે તેમણે જ 'અગ્રે' એટલે પહેલાં જ 'પોતાની પ્રકૃતિથી' એટલે પોતાના આધિદૈવિક સ્વભાવથી[11] ભગવાનને માટે જ

---

૨. જેમ શ્રુતિમાં કહેલ પ્રકારના પ્રવેશથી ભગવાનના સર્વરૂપ થવાના ગુણની, સર્વત્ર હોવાપણાના ગુણની વિગેરે ગુણોની હાનિ થતી નથી, તેમ આ પ્રવેશથી પણ હાનિ ન થાય એવો અર્થ છે. (પ્ર)

૩. 'તો પણ' એટલે 'વૈદિક પ્રકારનો પ્રવેશ હોય તો પણ.' (પ્ર)

૪. 'તેણે કામના કરી' શ્રુતિમાં કહેલી કામનાવાળા. (લે)

૫. જગત્ ઉત્પન્ન કરવા માટે, તેમાં આસક્ત ચિત્તવાળા. (લે)

૬. 'મુખ્ય' એટલે શ્લોક ૮માં કહેલ 'અદ્ભુત' પદથી કહેલ, લોક અને વેદમાં અપ્રસિદ્ધ. (લે)

૭. પ્રવેશ માત્ર ભાવના જ (વાસ્તવિક નહિ પણ લોકોએ માનેલ જ) હોવાથી, પ્રવેશ કરેલ નથી એમ કહે છે. (પ્ર)

૮. આધિભૌતિક ઈન્દ્રમાં ભગવાનના બાહુરૂપ આધિદૈવિકે કરેલ પ્રવેશ; એવો અર્થ છે. અહિં પ્રવેશ માત્ર સામાન્ય ધર્મ જણાવ્યો છે. 'યોગબલથી' શબ્દનો ઈન્દ્ર સાથે અન્વય લેવાનો નથી. જેમ ત્યાં પ્રવેશ કર્યો તેમ અહિં દેવકીજીમાં યોગના બલથી પણ પ્રવેશ કરેલ હોવાનું સંભવે છે. એવો અર્થ છે. (લે) યોગબલથી ઈન્દ્રે પરમાત્મામાં પ્રવેશ કરેલો તેમ, એવો અર્થ છે. (પ્ર)

૯. 'પ્રવેશનો ધર્મ' એટલે પ્રવેશે કરેલ ધર્મ, બહાર નીકળવું, જન્મ લેવો તે. (લે)

૧૦. અહિં 'ન' રહી ગયો જણાય છે. ભગવાનમાં 'છે' ને બદલે ભગવાનમાં 'નથી' એમ હોવું જોઈએ.

૧૧. લીલામાં ઉપયોગી પદાર્થો અલૌકિક છે, તેથી લૌકિક પ્રકૃતિથી લીલાની સૃષ્ટિ ઉત્પન્ન થઈ

ત્રણ ગુણોવાળું જગત્ બનાવીને, તેમાં પ્રવેશ કર્યા વિના જ ભોગ (કરવા) માટે કારણ તરીકે આવિર્ભાવ પામી, બીજી સૃષ્ટિના ન્યાયથી, (તેમાં) પ્રવેશ કરેલા હોય તેવા જણાયા છે; કારણ કે બીજાને માટે જગત્ સર્જેલ હોય તો (તેમાં) પ્રવેશ કરવાની જરુર રહે[12], પરંતુ પોતાને માટે સર્જેલ હોય (ત્યારે તેમાં પ્રવેશ કરવાની જરુર રહેતી નથી[13]) અહિં પ્રવેશ (કરેલ) દેખાવાનો આ પ્રકાર કહેલો છે. પોતાને માટે સર્જેલા આપણો ભોગ કરવા, આપણામાં રહેલા જ ભગવાનનો આવિર્ભાવ થયો છે, એટલે પ્રવેશ નહિ કરેલ જ (આપ) પ્રવેશ કરેલા હો તેવા જણાઓ છો એવો અર્થ છે. જેમ બીજી સૃષ્ટિના ન્યાયથી (આપે) પ્રવેશ (કરેલો હોય) એવી ભાવના (કરવામાં આવે છે) તેમ લીલામાં રહેલ પુરુષોમાં પ્રભુના સંબંધમાં સ્નેહ તથા દ્વેષના અસાધારણ ભાવો પણ જોવામાં આવતા હોવાથી, તેમને (લીલામાં રહેલ પુરુષોને) જ બીજી સૃષ્ટિના ન્યાયથી સત્ત્વ વિગેરે રૂપવાળા (માનેલા છે) એવા આશયથી, (સૃષ્ટિને) ત્રણ ગુણરૂપ કહેલી છે એમ જાણવું. અથવા ત્રણ ગુણરૂપ નહિ[14] તેવી (સૃષ્ટિ બનાવી, એમ જાણવું).

અથવા 'અગ્રે' એટલે પહેલાં ત્રણ ગુણોવાળું જગત્ બનાવીને 'તદનુ' ત્યાર પછી કહેલા રૂપવાળી (આધિદૈવિક) પોતાની પ્રકૃતિથી 'ઇદમ્' આ લીલાનું જગત્ બનાવીને, એવો (સંબંધ લેવો અને) આગળ પહેલાંની પેઠે (અર્થ કરવો). તેમ ન હોય તો 'ક્ત્વા' (કરીને અર્થ જણાવનાર) પ્રત્યયથી જ પહેલાં બનાવ્યાનું (હોવાનું) થઈ જતું હોવાથી, (એ) અર્થથી જ પ્રવેશ (કરવાનું) પછી થાય છે એવો અર્થ થાય છે જ, તેથી 'તદનુ' 'ત્યારપછી' શબ્દ નકામો થાય.

અથવા સૃષ્ટિ (કર્યા) પછી, તેમાં જે પ્રવેશ કરવો તેનું પ્રસિદ્ધ થએલ નામ 'અનુપ્રવેશ' છે એમ જાણવું, આમ હોવાથી, (ઉપર) કહેલ દોષ (રહેતો) નથી. તેથી જ શ્રુતિ પણ 'તે બનાવીને તેમાં જ અનુપ્રવેશ કર્યો' એમ કહે છે, તેમ ન હોય તો 'અનુ' 'પછી' ઉપસર્ગ નકામો થાય. ૧૪.

---

શકે નહિ, તેથી આ પ્રમાણે કહેલ છે. આમ ન હોય તો મૂલ શ્લોકમાં 'સ્વ' 'પોતાની' પદ અર્થ વિનાનું થાય એવો ભાવ છે. (ટિ)

૧૨. બીજાના માટે સૃષ્ટિ કરી હોય ત્યારે તેમાં સાક્ષી તરીકે રહેવા, તે સૃષ્ટિનો પ્રકાશ કરવા અને તેનું નિયમન કરવા તેમાં પ્રવેશ કરવાની ભગવાનને જરુર રહે. (પ્ર)

૧૩. પરંતુ પોતાને માટે સૃષ્ટિ કરી હોય તેમાં કારણ તરીકે જે રૂપ રહેલ હોય તે જ રૂપ અંતર્યામી તથા જીવનું કાર્ય કરે છે તેથી તેમાં પ્રવેશ કરવાની ભગવાનને જરુર રહેતી નથી. (પ્ર)

૧૪. 'સૃષ્ટ્વાગ્રે ત્રિગુણાત્મકમ્' શ્લોકમાં છે, તેમાં 'સૃષ્ટ્વાગ્રેઽત્રિગુણાત્મકમ્' એમ લેતાં આવો અર્થ થાય. (પ્ર)

(ઉપર) કહેલી રીત પ્રમાણે બીજા દોષની પણ શંકા કરી, (તેનું) સમાધાન નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી કરે છે.

'પ્રાકૃતદેહોની પેઠે આ સ્વરૂપમાં પૃથિવી વિગેરે મહાભૂતો જણાય છે[1] તેથી આ આનંદમય કેમ કહેવાય ?' એવી શંકા થાય, તેથી[2] નીચેનો શ્લોક કહે છેઃ

**યથેમેઽવિકૃતા ભાવાસ્તથા તે વિકૃતૈઃ સહ ।।**
**નાનાવીર્યાઃ પૃથગ્ભૂતા વિરાજં જનયન્તિ હિ ।।૧૫।।**

જેમ આ વિકાર વિનાના જૂદી જૂદી શક્તિવાળા જૂદા જૂદા રહેલા ભાવો વિકારવાળા (ભાવો) સાથે (મળી) વિરાટ્‌ને ઉત્પન્ન કરે છે તેમ આ વિકાર વિનાના (દેખાય છે). ૧૫.

જેમ 'આ' એટલે આ સ્વરૂપમાં રહેલા, 'વિકાર વિનાના ભાવો' એટલે 'ચક્ષુનું ચક્ષુ, શ્રોત્રનું શ્રોત્ર, મનનું મન' વિગેરે શ્રુતિઓમાં વર્ણવેલાં, તે તે કાર્યો (કરવા) માટે ત્યાં ત્યાં[3] રહેલા ચોવીસ આધિદૈવિક તત્ત્વો, તેવાં જ વિકારવાળાં ચોવીસ પ્રાકૃત તત્ત્વો સાથે 'જૂદી જૂદી શક્તિવાળા' એટલે રૂપ રસ વિગેરેનું જ્ઞાન કરાવવાની શક્તિવાળા, એક બીજા સાથે નહિ મળેલા, જૂદાં જ કાર્યો કરવા માટે એક જ કાર્યમાં બધા ભેગા થઈ[4] 'વિરાટ્' એટલે બ્રહ્માંડરૂપ દેહ અથવા સ્વરાટ્‌ના દેહને[5] ઉત્પન્ન કરે છે, (તેમ આ આધિદૈવિક ભૂતો દેખાય છે). આ વૃત્તાંત યોગ્ય જ છે, કારણ કે આધિદૈવિક વિના માત્ર આધિભૌતિક ભાવ(પદાર્થ)થી કાર્ય થઈ શકતું નથી. તેમ ભગવાન્ સર્વ અંશવાળા[6] હોવાથી, આ

---

૧. શરીરના રૂપથી પૃથ્વી, મુખમાં મુખ્ય રીતે જલ, કાંતિરૂપ તેજ, સર્વ દેહમાં પ્રાણરૂપ વાયુ, અને નાસિકાના છિદ્રમાં અવકાશરૂપે આકાશ દેખાય છે. (પ્ર)

૨. તેવી શંકા થવાથી સ્વરૂપમાં જણાતાં મહાભૂતો નિત્ય અને વિકાર વિનાનાં છે એમ દૃષ્ટાંતથી કહે છે, એવો અર્થ છે. (પ્ર)

૩. 'ત્યાં ત્યાં' એટલે 'તે તે ઈન્દ્રિયોમાં હોય તેમ તે તે તત્ત્વોમાં.' (પ્ર)

૪. 'સહ' સાથે શબ્દ ન હોય તો પણ ત્રીજી વિભક્તિનો પ્રયોગ થતાં તેનો અર્થ આવે છે. અહિં 'વિકૃતૈઃ' શબ્દ ત્રીજી વિભક્તિમાં યોજેલ હોવાથી, તેનો અર્થ એ વિભક્તિથી જ આવી જાય છે, છતાં 'સહ' 'સાથે' પદ યોજ્યું છે તેથી તેઓ એકબીજા સાથે પણ મળેલાં છે એમ કહેવાનો અભિપ્રાય છે. તેથી આ પ્રમાણે અર્થ કરેલ છે. શ્લોકમાં 'સહ' પદ છે તેનો આ અર્થ છે. ઉપર 'પ્રાકૃત તત્ત્વો સાથે' કહ્યું, ત્યાં 'સાથે' ત્રીજી વિભક્તિનો અર્થ કહેલો છે. એમ જાણવું. (લે)

૫. વિરાટ્‌ની અંદર રહેલ સ્વરાટ્‌ના દેહને. (લે)

૬. ભગવાન્ સર્વ અંશવાળા હોવાથી, અંશના સંબંધથી આ ભાવો જણાય છે એવો અર્થ છે.

સ્વરૂપમાં પણ અહિં તે[૭] આધિદૈવિક (ભૂતો) દેખાય છે, તેથી (તેમના દેખાવાથી) કાંઈ[૮] દોષ (થતો) નથી[૯]. ૧૫.

'ત્વચા સ્પર્શ વિગેરે પણ (આ સ્વરૂપમાં) જણાય છે (તેમજ) રુંવાડાં, દાંત, નખો પણ (જણાય છે); તેથી (આ સ્વરૂપ) આનંદમય કેમ[૧] હોઈ શકે ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે[૨] :

**સન્નિપત્ય સમુત્પાદ્ય દૃશ્યન્તેઽનુગતા ઈવ ।।**
**પ્રાગેવ વિદ્યમાનત્વાન્ન તેષામિહ સમ્ભવઃ ।।૧૬।।**

સાથે મળી, ઉત્પન્ન કરીને જાણે કે સાથે રહેલા હોય તેવા (દેખાય છે). પહેલાં જ હોવાથી, તેઓની અહિં ઉત્પત્તિ નથી. ૧૬.

કારણમાં[૩] જેમ આધિદૈવિક રૂપ છે તેમ કાર્યમાં પણ (રહેલું)

---

અંશો સત્ત્વથી ઢંકાએલા હોય છે તેથી સત્ત્વમાં રહેલા વિરાટ્નો દેહ ઉત્પન્ન કરનારા તે દેહના કારણરૂપ ભાવો તેમાં દેખાય છે. પુરુષોત્તમ તો આનંદમય છે, તેથી તેમના શિર વિગેરે તો પ્રિય (આનંદ) વિગેરેરૂપ જ છે. તેઓ કારણરૂપ પણ નથી, કારણ કે ચિત્ અને આનંદ પોતાની મેળે કારણ થતા જ નથી એવો સિદ્ધાંત છે. તેથી ભગવાન્ સર્વ અંશોવાળા હોવાથી આમ દેખાય છે એમ કહ્યું તે યોગ્ય જ છે. અંશો પણ ભગવાનમાં છે એવા અભિપ્રાયથી આવું સમાધાન કરેલ છે. (લે)

૭. 'તે' એટલે 'વિરાટ્ ઉત્પન્ન કરનાર, વિકાર વિનાનાં તત્ત્વો.' (પ્ર)

૮. પૃથ્વી વિગેરે ભૂતોના દેખાવાથી, આ સ્વરૂપ વિકારવાળું અથવા અનિત્ય હશે એવો દોષ હોવાનું જણાય, તેવો કોઈ દોષ નથી. (પ્ર)

૯. ભગવાનના ચાર ભુજાઓવાળા દેહમાં પૃથ્વી વિગેરે તત્ત્વો દેખાય છે તે બધાં આધિદૈવિક છે. આધિદૈવિક તત્ત્વોમાંથી આનંદનો તિરોભાવ થએલ હોતો નથી, તેથી તેમનામાં વિકાર થતો નથી. તેથી શ્રીકૃષ્ણના સ્વરૂપમાં કોઈ પણ પ્રાકૃત અંશ નથી એવો ભાવ છે. 'શ્રીકૃષ્ણ તો પોતે ભગવાન્ છે' વાક્ય પ્રમાણે શ્રીકૃષ્ણ અવતારી હોવાથી, તેમનામાં સર્વ અવતારો રહેલા છે. અંશો તો ભગવાનના 'ધર્મરૂપ' વિશુદ્ધ સત્ત્વરૂપ દેહવાળા હોય છે, અને તેમનામાં આધિદૈવિક તત્ત્વો હોય છે એ પ્રમાણથી સિદ્ધ છે. તેથી અંશી શ્રીકૃષ્ણમાં (અવતારરૂપ અંશો હોવાથી) આધિદૈવિક તત્ત્વો જણાય તેથી કાંઈ પણ દોષ નથી. તેમના દેખાવાથી ભુજાવાળા શ્રીકૃષ્ણના આનંદમયપણાને કાંઈ પણ હાનિ થતી નથી. (યો)

૧. પૃથ્વી વિગેરે (ભગવાનના સ્વરૂપમાં) કારણરૂપે જણાય તેનું સમાધાન (પાછલા શ્લોકમાં થયું,) પરંતુ તેઓ કાર્યરૂપથી પણ જણાય છે તેનું કેમ ? કારણ કે કાર્ય હોય તે ઉત્પન્ન થએલ હોવું જ જોઈએ. (તેથી કાર્યરૂપ તે નિત્ય કેમ હોઈ શકે ?) (પ્ર)

૨. એવી શંકા થાય તેમાં પણ ત્વચા વિગેરે કાર્યરૂપથી જણાતાં (પૃથ્વી વિગેરે ભૂતો) નિત્ય અને વિકાર વિનાનાં છે, એમ (આ શ્લોકમાં) કહે છે એવો અર્થ છે. (પ્ર)

૩. 'કારણમાં' એટલે 'અંશાવતારમાં' એવો અર્થ છે. કારણમાં માત્ર આધિદૈવિકરૂપ જ છે,

છે[4] એમ જણાવવા, 'સાથે મળી અને સારી રીતે ઉત્પન્ન કરીને' એમ જે પહેલાં[5] કહેલ તે ફરીથી કહેલું છે[6]. 'જાણે કે સાથે રહેલા[7] હોય તેવા દેખાય છે' એટલે સમૂહરૂપ[8] કાર્યમાં ફરીથી ત્વચા સ્પર્શ વિગેરે રૂપથી પૃથ્વી (દેખાય છે), અથવા તે તે રૂપવાળાં[9] (મહાભૂતો) સર્વત્ર (દેખાય છે). (જેમકે) રુધિર વિગેરે રૂપવાળું જલ (દેખાય છે), અને બીજું[10] પણ એ પ્રમાણે (દેખાય છે).

'ત્યારે દેખાવાના પ્રમાણપણાને લીધે, જાણે કે સાથે રહેલા હોય તેવા ભલે હોય, (ગણાય)'[11] એવી શંકા થાય, તેથી કહે છે કે પહેલાં જ અહિં (તેઓ)

---

પરંતુ આધિભૌતિક રૂપ નથી. કાર્યમાં તો બંને પ્રકારનાં (આધિદૈવિક અને આધિભૌતિક) રૂપો છે. (લે)

૪. બ્રહ્મસૂત્ર ૨।૩।૧૩માં જણાવેલા ન્યાય પ્રમાણે રહેલું છે. તેમ ન હોય (કાર્યમાં આધિદૈવિક રૂપ રહેલ ન હોય) તો એક કાર્યમાંથી બીજું કાર્ય ન થાય. (પ્ર)

જેમ ગયા શ્લોકમાં ૨૪ આધિદૈવિક તત્ત્વો કારણરૂપ કહ્યાં તેવી જ રીતે ત્વચા સ્પર્શ વિગેરે કાર્યમાં પણ આધિદૈવિક રહેલ છે. તેથી ત્વચા સ્પર્શ વિગેરે આધિદૈવિક કાર્યો ચાર ભુજાવાળા સ્વરૂપ તરીકે જણાય છે. આધિદૈવિકમાં આનંદ તિરોહિત થએલ નહિ હોવાથી, તેવાં (તત્ત્વ) (ભગવાનના સ્વરૂપમાં) હોય તેથી દોષ થતો નથી. અંશી શ્રીકૃષ્ણમાં અંશો હોવાથી, અંશોમાં રહેલ આધિદૈવિક ત્વચા વિગેરે કાર્યો દેખાય, અંશી ચાર ભુજાવાળા શ્રીકૃષ્ણ તો માત્ર આનંદમય જ છે. તેમનો દેહ આધિદૈવિક તત્ત્વોનો અથવા આધિદૈવિક ત્વચા વિગેરેનો બનેલો નથી. (યો)

૫. 'પહેલાં' એટલે ગયા શ્લોકમાં 'ઉત્પન્ન કરે છે' કહેલું છે તે. (પ્ર)

૬. ગયા શ્લોકમાં કહેલ તેનો અનુવાદ કરવાથી એમ થાય છે કે તે જ ચોવીસ આધિદૈવિક તત્ત્વો ભૌતિક ચોવીસ તત્ત્વો સાથે મળી વિરાટ્‌ને ઉત્પન્ન કરી, આધિદૈવિક કાર્યમાં રહેલાં છે. તેથી આધિદૈવિક તત્ત્વો સાથે રહેલાં કાર્યો પણ આધિદૈવિક છે એવું સ્મરણ પહેલાં કહેલ અર્થના ફરી કહ્યા વિના રહે નહિ. જો તે સ્મરણ કરાવ્યું ન હોય તો ભૌતિક તત્ત્વો જ આ કાર્યોમાં રહેલાં છે એવી સંભાવના થાય. તેથી ગયા શ્લોકના અર્થનું સ્મરણ કરાવેલ છે. (યો)

૭. જેમ વસ્ત્રમાં તંતુઓ રહેલાં છે તે પ્રમાણે. (પ્ર) આગળ વ્યાખ્યાન કરવામાં આવશે તે પ્રમાણે, દેખાય છે તેથી જાણે કે સાથે રહેલાં હોય તેવાં છે. (લે)

૮. 'સમૂહરૂપ' એટલે 'બ્રહ્માંડ.' (પ્ર) 'સમૂહરૂપ' એટલે 'સંઘાતરૂપ' આપણા વિગેરેના દેહમાં. (લે)

૯. ઘટ વિગેરે કાર્યમાં તેના કારણભૂત આધિદૈવિક પૃથ્વી રહેલી છે તેવી રીતે સમૂહરૂપમાં રુધિર, સ્વેદ વિગેરે રૂપથી તથા હિમકરા વિગેરે રૂપથી જલ રહેલું છે. (લે)

૧૦. 'બીજું' એટલે 'બીજાં તત્ત્વો.' (લે) તેજ વાયુ અને આકાશ. (પ્ર)

૧૧. 'કાર્યમાં કારણના ગુણો દેખાય છે. તે દેખાવાના પ્રમાણપણાને લીધે કારણના ગુણો

કારણ તરીકે રહેલાં હોવાથી, ફરીથી તેઓની અહિં ઉત્પત્તિ સંભવતી નથી[૧૨]; કારણ કે કારણ (કાર્યથી) જૂદા પ્રકારનું હોય છે[૧૩]. (તેઓનો કારણના ધર્મોમાં) સાક્ષાત્ પ્રવેશ તો પ્રત્યક્ષથી જ ખોટો ઠરે છે[૧૪].

---

કાર્યમાં જાણે કે રહેલા હોય તેવા છે એમ કહેવામાં આવે તો, આ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં પણ કાર્યના ધર્મો (ત્વચા વિગેરે) જોવામાં આવે છે તેથી તે ધર્મો આ સ્વરૂપમાં પણ રહેલા ભલે ગણાય' એવો (પૂર્વપક્ષનો) અર્થ છે. (લે)

૧૨. એકવાર કાર્યમાં જે ઉત્પન્ન થયાં તેમની ફરીથી કારણમાં ઉત્પત્તિ થતી નથી, એવો અર્થ છે

આ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં આધિદૈવિક તત્ત્વો કારણ તરીકે પ્રકટ સચ્ચિદાનંદરૂપથી અલોકિક ભાવથી રહેલાં છે તેથી ફરીથી તેઓની ત્વચા વિગેરે રૂપથી ઉત્પત્તિ થતી નથી; પરંતુ આધિદૈવિક તત્ત્વો જ અવતારની પેઠે ત્વચા વિગેરેથી જણાવાતું બીજું રૂપ ગ્રહણ કરી રહે છે. તેથી આધિદૈવિક ત્વચા વિગેરે આધિદૈવિક તત્ત્વોના કાર્ય નથી, પરંતુ બીજું રૂપ જ છે. તેથી ત્વચા વિગેરે નિત્ય જ છે તેમનામાં કાર્યપણું ગૌણ છે, એવો ભાવ છે. તેથી જ 'જાણે કે સાથે રહેલાં હોય નહિ' એમ 'ઈવ' પદ યોજી જણાવ્યું છે, તેથી જ 'તેઓની અહિં ઉત્પત્તિ નથી' શબ્દોથી આધિદૈવિક કારણોની ત્વચા વિગેરે રૂપથી ઉત્પત્તિ નથી એમ કહેલ છે. (યો)

૧૩. 'જૂદા પ્રકારનું' એટલે 'કાર્યથી જૂદા પ્રકારનું'. કારણના ધર્મો કાર્યમાં પ્રવેશેલા હોય તેવા થાય છે. પછી કાર્યના સંબંધવાળા થઈ, ફરીથી કારણમાં રહેલા હોય નહિ તેવા થતા નથી. આ જ કાર્ય અને કારણમાં ભેદ છે એવો ભાવ છે. કારણના અસાધારણ ધર્મો, કાર્યમાં પણ જતા નથી. પરંતુ કેટલાક સાધારણ ધર્મો જ કાર્યમાં પ્રવેશે છે, તેથી 'ઈવ' પદ યોજેલું છે. કાર્યમાં સાધારણ ધર્મો કાર્યરૂપથી ઉત્પન્ન થાય છે, તેથી તે કાર્યમાં રહેલા હોય છે. કારણમાં તો તેમની ઉત્પત્તિ સંભવતી જ નથી, તેથી કાર્યના ધર્મો તેમાં જાણે કે રહેલા હોય તેવા હોતા નથી, એવો અર્થ છે. તેથી 'તેને સર્જી તેમાં પ્રવેશ કર્યો' શ્રુતિ પ્રમાણે જેમ કારણના ધર્મો કાર્યમાં રહેલા છે તેમ કાર્યના ધર્મો કારણમાં આવેલા હોતા નથી.

'કારણ' એટલે આધિદૈવિક કાર્ય ત્વચા વિગેરેના કારણ તરીકે જણાવેલાં આધિદૈવિક તત્ત્વો, ભૌતિક તત્ત્વોથી જૂદા પ્રકારનાં છે. એવો ભાવ છે કે ભૌતિક તત્ત્વો લૌકિક કાર્યોમાં પ્રવેશ કરે તે (તેમની) તે તે રૂપથી ઉત્પત્તિ થઈ. આધિદૈવિક તત્ત્વોની આધિદૈવિક કાર્ય તરીકે ઉત્પત્તિ થતી નથી. પરંતુ આધિદૈવિક કાર્યો અવતારોની પેઠે આધિદૈવિક કારણોના અંશરૂપ છે એમ જાણવું. (યો)

૧૪. ધર્મો કાર્યમાં, કાર્ય પોતાના સમૂહરૂપ વિરાટ્માં, વિરાટ્ પોતાના કારણરૂપ તત્ત્વોમાં અને તત્ત્વો ભગવાનમાં પ્રવેશ કરે છે, એવી રીતે પરંપરાથી પ્રવેશ સંભવે છે. અનુપ્રવેશરૂપ સાક્ષાત્ પ્રવેશ કાર્યના ધર્મોનો જણાઈ શકતો જ નથી, કારણ કે તેમનામાં તેવું સામર્થ્ય નથી. તેથી તે ખોટો ઠરે છે. (લે)

ત્વચા વિગેરેનો બીજ અને અંકુરના ન્યાયથી કારણમાં પ્રવેશ થતો નથી, કારણકે માતા અને પિતાના શરીરમાં તે (ત્વચા વિગેરે) ધર્મો જણાતા હોવાથી જ એવો પ્રવેશ અસંભવિત ઠરે છે. (લે)

જેમ કારણરૂપ (મહાભૂતો) આધિદૈવિક છે, તે પ્રમાણે દાંત વિગેરે પણ આધિદૈવિક છે, તેથી તેઓ અહિં જોવામાં આવે તેમાં પહેલાંની પેઠે કાંઈ પણ વિરોધ થતો નથી[૧૫]. ૧૬.

એવી રીતે (ગયા બે શ્લોકોથી) બે દૃષ્ટાંતો[૧] જણાવી, 'તે આધિદૈવિક (તત્ત્વો તથા કાર્યો) ભગવાનથી જૂદાં હશે' એવી શંકા થાય, તેથી તેનો નિરાસ કરવા[૨] જેમના સંબંધમાં દૃષ્ટાંતો કહેલાં તેમને નીચેના શ્લોકમાં તે કેટલાક અંશે લાગુ પાડે છેઃ

**એવં ભવાન્ બુદ્‌ધ્યનુમેયલક્ષણૈર્ગ્રાહ્યૈર્ગુણૈઃ સન્નપિ તદ્ગુણાગ્રહઃ ।।**
**અનાવૃતત્વાદ્ બહિરન્તરં ન તે સર્વસ્ય સર્વાત્મન આત્મવસ્તુનઃ ।।૧૭।।**

એવા (પ્રકારના) આપ (છો). બુદ્ધિથી જેમનાં લક્ષણોનું અનુમાન થાય છે તેમનાથી ગ્રહણ થતા ગુણોથી (સંબંધવાળા) હોવા છતાં આપ તેમના ગુણોથી જણાતા નથી. સર્વરૂપ, સર્વના આત્મારૂપ અને આત્માના ફલરૂપ આપ (કોઈથી) સમાવેલા નહિ હોવાથી આપ (કોઈની) અંદર અથવા બહાર નથી. ૧૭.

એવા પ્રકારના આપ જ છો, એવો અર્થ છે, કારણ કે મૂલ (કારણ) તેવું ન હોય તો કાર્ય તેવા પ્રકારનું કોઈ પણ સમયે થાય નહિ.

'બુદ્ધિથી[૩] જેમનાં લક્ષણોનું અનુમાન થાય છે...' વિગેરેથી બીજો દોષ (હોવા)ની શંકા કરી, (તેને) દૂર કરે છે.

---

૧૫. ગયા તથા આ શ્લોકના અર્થનો ઉપસંહાર કરે છે. શ્રીકૃષ્ણસ્વરૂપમાં ચક્ષુ વિગેરે જે દેખાય છે તે આધિદૈવિક છે, એવો ગયા શ્લોકનો અર્થ છે. તત્ત્વોના કાર્યરૂપ ત્વચા વિગેરે જે દેખાય છે તે આધિદૈવિક જ છે એવો આ શ્લોકનો અર્થ છે. (લે)

૧. તત્ત્વો જ વિરાટ્‌ને ઉત્પન્ન કરે એમ કહી, જેમ વિરાટ્‌માં તત્ત્વો દેખાય છે તેમ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં પણ દેખાય છે, પરંતુ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં દેખાય છે તે આધિદૈવિક તત્ત્વો છે એમ ૧૫મા શ્લોકમાં સિદ્ધ કર્યું. તત્ત્વનાં કાર્યો ત્વચા વિગેરે જેમ કાર્ય (મનુષ્યદેહ)માં દેખાય છે તેમ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં પણ દેખાય છે, પરંતુ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં દેખાય છે તે આધિદૈવિક છે એમ ૧૬મા શ્લોકમાં સિદ્ધ કર્યું. તેથી એ બે દૃષ્ટાંતો આ સ્વરૂપમાં જણાતાં તત્ત્વો તથા કાર્યો આધિદૈવિક છે એવો બોધ કરવા જણાવ્યાં. (લે)

૨. સ્વરૂપમાં આધિદૈવિક તત્ત્વો તથા કાર્યો રહેલાં છે એમ જણાવ્યું, તેથી સ્વરૂપ તેમનો આધાર થયું. તેથી આધાર અને આધેય(જેમનો તે આધાર છે તે)માં ભેદ થાય. તેવો ભેદ નથી એમ જણાવવા કહે છે, કે જેમ દૃષ્ટાંતમાં તત્ત્વો તથા કાર્યો દેખાય છે તેવાં અહિં પણ દેખાય છે, છતાં અહિં સ્વરૂપ જ તે તે તત્ત્વો તથા કાર્યોરૂપ થાય છે, એવો અર્થ છે. આ 'એવા આપ છો' શબ્દોનો આભાસ કહ્યો. વાક્યનો આભાસ નીચે શ્રીસુબોધિનીમાં કહેશે. (લે)

૩. અહિંથી વાક્યના (શ્લોકના) આભાસનો આરંભ થાય છે. (લે)

'ભગવાન્ દેખાય કેમ ? તેમ ન હોય (તેમના દર્શન થતાં ન હોય) તો સર્વની મુક્તિ કેમ થાય[4] ? પદાર્થની બહાર, અને પદાર્થથી જૂદા તરીકે ભગવાન્ કેમ જણાય છે ? કારણ કે ભગવાન્ બહાર જ નથી તેમ જૂદા જ નથી. તેથી જૂદા તરીકે, બહારના તરીકે અને દેખાતા જણાતા હોવાથી, એ ત્રણ દોષો શ્રીકૃષ્ણના સ્વરૂપમાં હોવાથી તે આનંદમય ભગવાન્ નથી' એવી શંકા થાય, તેથી કહે છે[5] કે બુદ્ધિથી જેમનાં લક્ષણોનું અનુમાન થાય છે[6] તેવી ઈન્દ્રિયોથી ગ્રહણ થતા રૂપ વિગેરે ગુણોની સાથે તેમનામાં (ઈન્દ્રિયોના ગુણોમાં) રહેલા આપ ગ્રહણ થતા હોવા છતાં એટલે ઈન્દ્રિયોના સંબંધવાળા હોવા છતાં, તેમના ગુણોથી એટલે ઈન્દ્રિયોના સામર્થ્યને લીધે ગ્રહણ થતું નથી જેમનું(જણાતા નથી જે), તેવા આપ છો. જો કે ભગવાન્ ઈન્દ્રિયોમાં તેમજ વિષયોમાં રહેલા છે, તો પણ તે ઈન્દ્રિયોમાં ભગવાનને ગ્રહણ કરવાનું સામર્થ્ય નથી, તેમ જ બીજાં કાર્ય માટે[7] ઈન્દ્રિયોમાં પ્રવેશ કરેલા આધિદૈવિકમાં પણ તેવું સામર્થ્ય નથી. જેમનું ગ્રહણ થાય છે તેવા સ્વરૂપવાળા[8] તેઓ હોવાથી, તે ગ્રહણ કરનારા નથી. તેમજ વિષયોનો પોતાના[9]

૪. દેખાય છે તેથી તે ભગવાન્ નથી. એવો ભાવાર્થ છે. (લે)

૫. એવી શંકા થતાં, ભગવાનનું ઈન્દ્રિયોના સામર્થ્યથી ગ્રહણ થતું નથી એમ કહે છે એવો અર્થ છે. (પ્ર)

૬. 'રૂપનું ગ્રહણ કરનાર ઈન્દ્રિય ચક્ષુ છે' વિગેરે ઈન્દ્રિયોનાં લક્ષણોનું બુદ્ધિ એટલે વિચારથી અનુમાન થાય છે, પરંતુ જેમ ઘડો જલ ગ્રહણ કરે છે તે પ્રત્યક્ષ દેખાય છે, તેમ એ લક્ષણો પ્રત્યક્ષ જણાતાં નથી; એવો અર્થ છે. (લે)

૭. 'બીજાં કાર્ય માટે' એટલે 'વિષયોનું ગ્રહણ કરાવવા માટે.' (લે) 'લૌકિક ઈન્દ્રિયોમાં સામર્થ્ય મૂકવા માટે.' (પ્ર)

૮. ઈન્દ્રિયોથી જેમનું ગ્રહણ થાય છે તેવાં રૂપ વિગેરેના જેવા સ્વરૂપવાળા એવો અર્થ છે. આ અર્થ ૨।૧।૨૯માં જણાવેલ છે. (પ્ર) જેમનું ગ્રહણ કરવાનું છે તેવા તરીકે ભગવાનની સંભાવના કરવામાં આવે છે. આધિદૈવિક ભગવાનના સ્વરૂપવાળા હોવાથી તેવા થાય છે તેથી તેઓ ભગવાનનું ગ્રહણ કરતા નથી, કારણકે પોતાનું ગ્રહણ પોતાથી ન થાય, એવો ભાવ છે. તેથી ઈન્દ્રિયોમાં (ભગવાન્) રહેલા હોવા છતાં, આધિદૈવિકથી તેમનું ગ્રહણ થતું નથી, તેનું કારણ ઈન્દ્રિયો ગ્રહણ થવાના સ્વરૂપવાળી છે તે જણાવેલું છે. (લે)

૯. અહિં 'સ્વ' 'પોતાના' શબ્દ ઈન્દ્રિયના અર્થમાં યોજેલ છે. ઈન્દ્રિયોના આધિદૈવિકોને વિષયો સાથે સાક્ષાત્ ગ્રહણ કરનાર તરીકેનો સંબંધ નથી; પરંતુ વિષયોને ઈન્દ્રિયો સાથે અને ઈન્દ્રિયોને તેમના આધિદૈવિક સાથે સંબંધ છે. સાક્ષાત્ સંબંધ નહિ હોવાથી આધિદૈવિકો વિષયમાં રહેલ ભગવાનનું પણ ગ્રહણ કરતા નથી. તેથી આધિદૈવિકો (૧) બીજાં કાર્ય માટે ઈન્દ્રિયોમાં રહેલા હોવાથી તેમનામાં તેવું સામર્થ્ય નથી તેથી, (૨) ગ્રહણ થવાના સ્વરૂપવાળા હોવાથી અને (૩) સાક્ષાત્ સંબંધ નહિ હોવાથી, (ભગવાનનું)

આધિદૈવિક[૧૦] સાથે ગ્રહણ કરનાર તરીકેનો સંબંધ નથી. તેથી (આપ) સર્વ સ્થલે હોવા છતાં, રૂપ (રંગ) બનેલા હોવા છતાં, રૂપનું ગ્રહણ થાય છે ત્યારે આપનું ગ્રહણ થતું નથી[૧૧]. ઇન્દ્રિયો તો પ્રત્યક્ષ નથી, કારણકે પોતાનું[૧૨] ગ્રહણ કરાવનાર (તે) નથી. તેથી 'રૂપની પ્રાપ્તિ (જ્ઞાન) કરણથી પ્રાપ્ત થાય તેવી છે, કારણ કે તે ક્રિયા છે. છેદવાની ક્રિયા પેઠે' એવા અનુમાનથી સામાન્ય રીતે કરણ (પ્રાપ્ત કરવાનું સાધન) (હોવું જોઈએ એમ) સિદ્ધ થતાં, નેત્રના ગોલકના હોવાપણા અથવા ન હોવાપણાને અનુસરવાથી (અનુસરી તેની રૂપની પ્રાપ્તિ થતી અથવા ન થતી હોવાથી) ચક્ષુ જ કરણ છે એવો નિશ્ચય થાય છે. તેવી જ રીતે રસની પ્રાપ્તિ, ગંધની પ્રાપ્તિ વિગેરેનાં (કરણ જીભ, નાક વિગેરે છે એવો નિશ્ચય થાય છે). આથી 'પ્રત્યક્ષ હોવાથી જ (પદાર્થ) પ્રાકૃત છે, પ્રત્યક્ષ ન હોય તે અપ્રાકૃત છે' એ ખોટું ઠરે છે, કારણ કે પ્રત્યક્ષ નથી તેવી ઇન્દ્રિયો અપ્રાકૃત નથી. તેથી ભગવાન્ પ્રત્યક્ષ હોવા છતાં, (તે કારણથી) (તે) પ્રાકૃત છે અથવા અપ્રાકૃત છે એમ સિદ્ધ થશે નહિ, તેથી (એ) યુક્તિ નકામી છે.

" 'વ્યાપકના વ્યભિચારથી દોષ થતો નથી[૧૩]' એમ કહે, અથવા જે

---

ગ્રહણ કરતા નથી એવો અર્થ છે. આધ્યાત્મિક ઇન્દ્રિયોનું તો તેવું સામર્થ્ય નથી એમ કહેલ જ છે એવો ભાવ છે. (લે)

૧૦. આધિદૈવિકો બીજા કાર્ય માટે ઇન્દ્રિયોમાં રહેલા છે તેથી, અને ગ્રહણ થવાના સ્વરૂપવાળા હોવાથી (ભગવાનનું) ગ્રહણ કરતા નથી. આધ્યાત્મિક(ઇન્દ્રિયો)ને તો સંનિકર્ષ (સંબંધ) થતો નથી, તેથી તે ગ્રહણ કરતી નથી; તેથી આપનું ગ્રહણ થતું નથી. (પ્ર)

૧૧. 'આ વ્યવસ્થા તો હંમેશની છે, પરંતુ હમણાં તો સ્વરૂપનાં દર્શન થાય છે. તેથી દર્શન થતાં હોવાથી તે પ્રાકૃત જ છે એમ સિદ્ધ થાય છે' એવી શંકા થાય, તેથી પ્રત્યક્ષ હોય તે પ્રાકૃત જ હોય અને પ્રત્યક્ષ ન હોય તે અપ્રાકૃત હોય તેવો નિયમ નથી એમ જણાવવા, અહિંથી ઇન્દ્રિયો અપ્રત્યક્ષ છે એમ સિદ્ધ કરે છે જેથી અપ્રત્યક્ષ પણ પ્રાકૃત છે એમ સિદ્ધ થાય(લે)

૧૨. કારણકે પોતાનું ગ્રહણ પોતાથી થતું નથી, એવો ભાવ છે. (લે)

પોતાથી પોતાના સ્વરૂપનું ગ્રહણ થતું નથી તેથી પોતાની સાથે રહેલા ભગવાનનું પણ ગ્રહણ થતું નથી એવો અર્થ છે. (પ્ર)

૧૩. ('જ્યાં જ્યાં ધૂમાડો છે ત્યાં ત્યાં અગ્નિ છે.' એમાં ધુમાડો વ્યાપ્ય છે અને અગ્નિ વ્યાપક છે. અગ્નિ ન હોય ત્યાં ધૂમાડો હોય તો આ વાક્ય ખોટું ઠરે, પણ ધૂમાડો ન હોય ત્યાં અગ્નિ હોય તેથી આ વાક્ય ખોટું ઠરતું નથી. એટલે) વ્યાપક અગ્નિના 'વ્યભિચારથી' એટલે જ્યાં ધૂમાડો ન હોય ત્યાં હોવાથી કોઈ દોષ થતો નથી. તે જ રીતે 'ભગવાન્ અપ્રાકૃત છે, પ્રત્યક્ષ નથી તેથી' એ વાક્યમાં પ્રત્યક્ષ ન હોય તેવી (ઇન્દ્રિયો) પ્રાકૃત હોવાથી દોષ થતો નથી. પૂર્વપક્ષે તો 'શ્રીકૃષ્ણસ્વરૂપ પ્રાકૃત છે, કારણ કે તે પ્રત્યક્ષ છે' એવું અનુમાન કહેલ છે. તેથી એ અનુમાનમાં પ્રાકૃત હોય તે પ્રત્યક્ષ ન હોવાથી દોષ થતો નથી, એવો અર્થ છે. (પ્ર)

પ્રત્યક્ષ છે તે પ્રાકૃત જ છે, તેથી 'ભગવાન્ પ્રત્યક્ષ હોવાથી પ્રાકૃત જ છે' '' એવી શંકા કરવામાં આવે, તેથી 'ગ્રહણ થતા ગુણોથી (જણાતા નથી)' એમ કહે છે. ભગવાન્ સર્વ સ્થલે રહેલા છે, પરંતુ સર્વ સ્થલે પ્રત્યક્ષ નથી જ, કારણકે રૂપ વિગેરેમાં રહેલા આમનું (ભગવાનનું) જ ચક્ષુથી ગ્રહણ થતું નથી.

'કોઈક સમયે પ્રત્યક્ષપણું હોય તે પણ (અપ્રાકૃતપણાનું) વિરોધી છે' એવી શંકા થાય, તેથી 'તેમના ગુણોથી જણાતા નથી' એમ કહે છે, કારણકે અત્યારે (ભગવાનના પ્રાકટ્ય સમયે) અહિં (પ્રાકટ્ય સ્થાનમાં) પણ ચક્ષુના સામર્થ્યથી ભગવાનનું દર્શન થતું નથી, પરંતુ તેમની ઈચ્છાથી જ (દર્શન થાય છે). તેથી જેમનાં પોતાની ઈચ્છાથી જ દર્શન થાય, તે ઈન્દ્રિયના દોષથી દોષવાળા થતા નથી. 'બ્રહ્માએ ઈન્દ્રિયોને ઊંધા રસ્તે જનારી બનાવેલી છે, તેથી (પુરુષ) ઊંધું જૂએ છે, અંદરના આત્માને (જોતો) નથી. કોઈક પાછા ફરેલા ચક્ષુવાળા અમૃતપણું ઈચ્છનાર ધીર (પુરુષે) અંદરના આત્માને જોયો' શ્રુતિ પાછાં ફરેલાં ચક્ષુને (ભગવાનને) ગ્રહણ કરનાર કહે છે, અને સ્વભાવથી (ચક્ષુ) ગ્રહણ કરનાર નથી (એમ કહે છે.) આ બે (પરસ્પર) વિરુદ્ધ નથી. તેવી જ રીતે આ વિષય(શ્રીકૃષ્ણના સ્વરૂપ)માં પણ, ઈન્દ્રિયના સામર્થ્યથી (ભગવાનનાં) દર્શન થતાં નથી, પરંતુ તેમની ઈચ્છાથી દર્શન થાય છે, એમાં વિરોધ નથી. તેથી 'દેખાતા હોવાથી બ્રહ્મ નથી' એવી શંકા દૂર થઈ.

'જૂદા તરીકે અથવા બહારના તરીકે જણાતા હોવાથી (બ્રહ્મ નથી' એવી શંકાનું) સમાધાન, 'સમાવેલા નહિ હોવાથી આપ (કોઈની) અંદર અથવા બહાર નથી' શબ્દોથી કહે છે (કરે છે). બહાર હોવાની તથા અંદર હોવાની વ્યવસ્થા આકાશથી કરેલી (થએલી) છે એમ પહેલાં[૧૪] અમે કહેલું છે, અને તે પણ ભૂતો વિગેરેના સંબંધમાં જ. ભગવાનને ઢાંકી દેનારું કાંઈ નથી, કારણ કે ઘરને ઘરમાં રહેલાઓ કોઈ બીજા (પદાર્થ)થી ઢાંકી શકતા નથી; તેમજ પોતે પોતાને ઢાંકનાર થતું નથી. ભગવાન્ સર્વ સ્થલે રહેલા હોવાથી, તેમનાથી મોટું કોઈ કાર્ય નહિ હોવાથી, ભગવાન્ (કોઈથી) સમાવેલા નથી. આ આગળ ખાંડણીઆ સાથે બંધાવાના પ્રસંગમાં સ્પષ્ટ થશે. (કોઈથી) સમાવેલા નહિ હોવાથી જ, 'આપની બહારનું અથવા અંદરનું' એવો વ્યવહાર નથી. તળાવમાં ઉત્પન્ન થએલા(વેલા વિગેરે)થી પૂરેપૂરું તળાવ ઢંકાઈ જાય, અને ક્યાંક પ્રકટ (દેખાતું) હોય ત્યારે,

---

૧૪. 'પહેલાં' એટલે 'ત્રીજા સ્કંધમાં અધ્યાય ૨૬ શ્લોક ૩૪ માં' આકાશનું લક્ષણ જણાવતાં કહેલ છે. (પ્ર)

(તળાવ) એટલું જ હોવાનું અથવા તેમાં ઉગેલા (વેલા વિગેરે) તેની હદ બાંધનારા હોવાનું સંભવતું નથી. તેમ આ પ્રસંગમાં પણ સર્વ સ્થલે રહેલા જ આપ અમુક પ્રદેશમાં પ્રકટ થાઓ ત્યારે આપની બહારના તથા અંદરના (હોવાનો) ભેદ સંભવતો નથી. આપનું દર્શન (થવાનું કારણ) તો જણાવેલું જ છે. હદવાળા હોવાપણાની (શંકા) પણ આથી જ દૂર થાય છે[૧૫].

આ વિષયમાં 'સર્વરૂપ, સર્વના આત્મારૂપ અને આત્માના ફલરૂપ' શબ્દોથી ત્રણ શાસ્ત્રીય કારણો કહે છે. ભગવાન્ સચ્ચિદાનંદરૂપ છે. જગદ્રૂપ ભગવાન્ સદ્રૂપ છે, જીવાત્માઓ (જીવો) ચિદ્રૂપ છે, અને આનંદરૂપ પોતે (ભગવાન્) તેઓના (જીવોના) ફલરૂપ છે. અહિં જગતનો, જીવોનો અને ફલનો ભેદ કરનાર (કોઈ) સંભવતું નથી. ત્રણેનું સ્વરૂપ ભગવાન જ છે એમ કહે છે કે: (૧) 'સર્વ' એટલે સર્વરૂપ, (૨) 'સર્વાત્મા' એટલે સર્વના આત્મારૂપ અને (૩) સર્વના આત્માઓના વસ્તુરૂપ એટલે ફલરૂપ(ભગવાન્)ની પોતાથી હદ બંધાતી નથી, પોતાથી મોટાથી પણ (ભગવાનની) હદ બંધાતી નથી. તેથી ભગવાનના અંશોની બીજા (ભગવાનના) અંશોથી અથવા ભગવાનથી હદ બંધાવાનું સંભવે, પરંતુ ભગવાનની હદ બંધાવાનું કોઈ પ્રકારે સંભવતું નથી, કારણ કે ભગવાનથી જૂદું બીજું કાંઈ છે નહિ. પોતાથી જ પોતાની હદ બંધાવાના વિષયની આગળ[૧૬] ચર્ચા કરવામાં આવશે.

એ પ્રમાણે વૈદિક પ્રકારના[૧૭] પાંચ રૂપવાળા ભગવાન્ દોષ વિનાના અને પૂર્ણ ગુણોવાળા દેહવાળા આ (શ્રીકૃષ્ણ સ્વરૂપ) જ છે એવું જણાવ્યું. ૧૭.

---

૧૫. જે હદવાળું હોય તે જૂદું હોય. તેથી જે સર્વત્ર રહેલ છે તે કોઈથી જૂદું હોઈ શકે નહિ. તેથી સર્વત્ર રહેવાપણું સિદ્ધ થયું એટલે હદવાળું નથી એમ પણ સિદ્ધ જથઈ જ ગયું. (પ્ર)

૧૬. 'આગળ' એટલે 'ખાંડણીઆ સાથે બાંધવાના પ્રસંગમાં.' જેમ ભગવાન્ પોતાની ઈચ્છાથી હદવાળા (સ્વરૂપવાળા) થયા તેમ પોતાની ઈચ્છાથી (હરકોઈ પદાર્થથી) જૂદા પણ થયા, તેથી જૂદા જણાય તેથી આનંદમય નથી એમ કહી શકાય નહિ. (પ્ર)

૧૭. યજ્ઞ અગ્નિહોત્ર વિગેરે પાંચ પ્રકારનો છે. આ શ્લોકમાં ભગવાન્ કોઈથી જૂદા નથી એમ જણાવવા, (ભગવાન્) સર્વરૂપ અને સર્વના આત્મારૂપ છે એમ કહ્યું છે. તેથી 'પાંચ રૂપવાળા ભગવાન્ છે' એમ પંચરાત્રમાં કહેલ છે તે પ્રમાણે, (અહિં ભગવાનને સર્વરૂપ કહેલ હોવાથી તે યજ્ઞરૂપ પણ થયા અને યજ્ઞ પાંચ પ્રકારનો હોવાથી પાંચ પ્રકારના થયા, એમ) અર્થથી જ ભગવાનનું યજ્ઞરૂપપણું સિદ્ધ થયું. ઉત્તરકાંડમાં વર્ણવેલ સાકારબ્રહ્મનું રૂપ તો વ્યાખ્યાનથી જ સિદ્ધ થયું. તેથી વૈદિક પ્રકાર પ્રમાણે ભગવાનનું નિરૂપણ થયું, એવો અર્થ છે. (પ્ર)

તંત્રના[1] પ્રકારથી ચાર રૂપવાળા(ભગવાન)નું નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી નિરૂપણ કરવામાં આવે છેઃ

**ય આત્મનો દશ્યગુણેષુ સન્નિતિ વ્યવસ્યતે સ્વવ્યતિરેકતોડબુધઃ ।।**
**વિનાનુવાદં ન ચ તન્મનીષિતં સમ્યગ્ યતસ્ત્યક્તમુપાદદત્ પુમાન્ ।।૧૮।।**

જે આત્માના દશ્ય ગુણોમાં પોતાથી (આત્માથી) જૂદો 'છે' એવો નિશ્ચય કરે છે તે અજ્ઞાની છે. અનુવાદ વિના તે વિચારેલું નથી, કારણકે પુરુષે સારી રીતે તજેલું ગ્રહણ કરનાર થાય છે. ૧૮.

ત્યાં તંત્રમાં વાસુદેવ પ્રથમ[2] છે. 'જેને માયા કહે છે[3]' વાક્ય પ્રમાણે તેમાં લક્ષ્મી માયા છે. (જીવનો) મોક્ષ ન થાય તે માટે તે (માયા) એકલી જ[4] જગત્ રચે છે[5]. તે (જગત્)માં જો સત્ (સત્ય) હોવાની બુદ્ધિ રહે તો પ્રાણીનો મોક્ષ થતો નથી એવો તે (તંત્ર)નો મત[6] કહેતાં જ, પ્રથમ (આ શ્લોકમાં) એમ કહે છે કે ચાર મૂર્તિવાળા ભગવાન્ અવતરેલા હોવાથી આ વાસુદેવનાં જ અંદર જ[7] અથવા બહાર[7] દર્શન કરવા[8], (પરંતુ) ઉભય પ્રકારમાં પણ તત્ત્વસહિત(વાસુદેવ)નાં દર્શન ન કરવાં[8] (પણ) માત્ર ચિત્ અને આનંદરૂપવાળા(વાસુદેવ)નાં જ દર્શન કરવાં[8].

---

૧. એવી રીતે વૈદિક પ્રકારનું નિરૂપણ કર્યું. આ શ્લોકમાં ભગવાનના સંબંધમાં તે જ પ્રમેય ફરી કહે છે. 'પ્રપંચના સંબંધમાં (ભગવાનનું) સર્વરૂપ હોવાપણું વિરોધવાળું થાય, તેથી વિરોધ વિનાનું કેમ હોઈ શકે ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ બીજાનો મત છે એવા આશયથી તંત્રના પ્રકારથી કહે છે. (પ્ર)

૨. 'પ્રથમ' એટલે 'પરબ્રહ્મરૂપ'. (પ્ર)

૩. 'એવો વિચાર કરી વાસુદેવ નામના પરમ પોતે જેમનાં કારણ છે તેમને મુક્તિ આપનાર થયા. તેમની આજ્ઞાથી જ નિયમમાં રહેલી પરમાએ પણ બીજું રૂપ, જેને 'માયા' કહે છે તે પસંદ કર્યું ' એ પંચરાત્રના વાક્ય પ્રમાણે. (પ્ર)

૪. ભગવાન્ (આ માયાએ રચેલ જગતમાં) માત્ર પ્રેરણા કરનાર જ છે, પરંતુ કાંઈ કાર્ય કરનાર નથી એવો અર્થ છે. (લે)

૫. નૃસિંહતાપિનીયમાં કહેલા પ્રકારનું વ્યાવહારિક અસત્ (જગત્) રચે છે. (પ્ર)

૬. 'તેનો મત' એટલે 'તેવો પંચરાત્રનો મત.' (પ્ર)

૭-૭. 'અંદર જ' એટલે 'પોતાની જ અંદર'; 'બહાર' એટલે 'પોતાની બહાર' અથવા દૂરના દેશમાં. (પ્ર)

૮-૮-૮. (તત્ત્વ સહિત વાસુદેવનાં દર્શન ન કરવાં, કારણકે) જે ગુણો જોવામાં આવે છે તે અસત્ કહેલા છે. તે સત્ (સત્તાવાળા) છે એવી તેમનામાં બુદ્ધિ થાય તો પ્રાણીનો મોક્ષ થતો નથી. (ચિત્ અને આનંદરૂપવાળાનાં જ દર્શન કરવાં કારણકે) ભગવાનના કેશ વિગેરે

જે 'આત્માના' એટલે આત્મભૂત[૯] ભગવાનના, 'દશ્ય[૧૦]' એટલે આત્માથી[૧૧] જ અનુભવાતા – કારણકે અનુભવ[૧૨] વિના તેઓનું અસ્તિત્વ (સત્તા) છે જ નહિ – સમૂહરૂપ ચોવીસ તત્ત્વોમાં પણ આત્માનો[૧૩] બંધ કરાવનાર[૧૪] ગુણોમાં કોઈ પણ પદાર્થ 'છે' એવો જે નિશ્ચય કરે છે તે (અજ્ઞાની છે). ત્યાં સર્વ સ્થલે જ (પદાર્થોમાં) તે પદાર્થના રૂપથી, પ્રવેશ કરેલો તે (આત્મા) છે તેથી (પદાર્થ) સત્તાવાળો જ થાય છે, એટલે તેની (આત્માની) સત્તાથી જ તત્ત્વો પણ સત્તાવાળાં હોય તેવાં જણાય છે એવો વાસ્તવિક અર્થ છે. જો પોતાથી જૂદો એટલે આત્માના વિના પણ,-આત્માનો સંબંધ (પદાર્થને) ન હોય ત્યારે-(પદાર્થની સત્તા માને), અથવા જો આત્માવિનાના પદાર્થની સત્તા માને તો તે અજ્ઞાની છે, તેને જ્ઞાન નથી; તે માયાથી મોહ પામેલો જ છે, એવો અર્થ છે.

'આત્માના સંબંધથી તે (પદાર્થ)ની સત્તા ભલે થાય. તેથી (તે પદાર્થ) સત્ (સત્તાવાળો) છે એવું જ્ઞાન થવામાં દોષ રહેતો નથી' એવી શંકા થાય, તેથી 'અનુવાદ વિના તે વિચારેલું નથી' એમ કહે છે[૧૫]. (સંસારમાં) વૈરાગ્ય (થાય તે)

---

ભગવાનથી ભિન્ન સત્તાવાળા છે એમ માનવામાં આવે તો તે જગદ્રૂપ જ થાય, અને તેથી આ (પહેલાં કહેલો) મત જ થઈ જાય, એવો ભાવ છે.

'વાસુદેવનો આવિર્ભાવ તો નંદજીના ઘેર થવાનો છે છતાં હમણાં અહિં વાસુદેવ હોવાનું કેમ કહે છે ?' એવી શંકા થાય, તેથી અંદર જ અથવા બહાર દર્શન કરવાનું કહેલ છે. પહેલા અધ્યાયમાં વાસુદેવનું પ્રાકટ્ય થયાનું નિબંધમાં કહેલું છે. પણ ત્યાં વસુદેવના હૃદયમાં જ તેમનું પ્રાકટ્ય થયાનું કહેલ છે; તેથી નંદજીના ઘેર પ્રકટ થયા ત્યાં સુધી બહાર પ્રકટ થયા ન હતા, પરંતુ વસુદેવના હૃદયમાં જ પ્રકટ હતા. તેથી જ 'વસુદેવમાં જેમનો આવિર્ભાવ થાય છે તે વાસુદેવ' એવી વ્યુત્પત્તિ થાય છે. 'વસુદેવ હરિનું સ્થાન છે' એવું વાક્ય પણ તેથી જ યોગ્ય છે. બહાર પ્રાકટ્ય નંદજીના ઘેર થશે. આ અંદરના અથવા બહારના પ્રાકટ્યનો ભેદ ધ્યાનમાં નહિ રાખતાં, વસુદેવ પોતાની અંદર પ્રકટ થએલ (વાસુદેવ)નાં દર્શન કરતાં તેમનાં સ્વરૂપનું નિરૂપણ કરે છે એવો અર્થ છે. (લે)

૯. 'આત્મભૂત' એટલે 'કેવલ ચિત્ અને આનંદરૂપવાળા.' (પ્ર)
'આત્મભૂત ભગવાન્' એટલે જીવોના આત્મા થએલ, (પોતાની) અંદર પ્રકટ થએલા વાસુદેવ. (લે)

૧૦. 'દશ્ય' એટલે 'લૌકિક ઈન્દ્રિયોના સામર્થ્યથી દેખાતા.' (પ્ર)

૧૧. 'આત્માથી' એટલે 'અંદર રહેલ ભગવાનથી.' (પ્ર)

૧૨. 'અનુભવ વિના' એટલે 'પ્રતિભાસ (મોહ અથવા ભ્રમ) વિના.' (પ્ર)

૧૩. 'આત્માનો' એટલે 'જીવાત્માનો.' (લે) ૧૪. આ 'ગુણ' શબ્દનું તાત્પર્ય છે. (લે+પ્ર)

૧૫. સત્તાની ઉત્પત્તિ જણાવવામાં દોષ (થાય છે તે) કહે છે. (પ્ર)

માટે આ ધારેલું છે. ત્યાગ માટે જ આનો અનુવાદ (કરેલો છે). સત્તાના નિર્ણય વિના ત્યાગ થાય નહિ, તેથી તે (ત્યાગ) માટે 'આત્માના સંબંધથી સત્તા છે' એમ અનુવાદથી કહેલ છે; પરંતુ આત્માની સાથે દેખાવા સિવાય (કોઈ પ્રકારનો) સંબંધ પણ નથી એમ કહે છે. 'અનુવાદ વિના તે'-જગત્-'વિચારેલું'-મનથી સત્ (સત્તાવાળું) તરીકે વિચારેલું નથી[૧૬].

'એ પ્રમાણે હોય તો પણ અજ્ઞાનીપણું કેમ કહેવાય? આરોપ માટે પણ તેવું જ્ઞાન યોગ્ય જ છે' એવી શંકા થાય, તેથી 'કારણ કે પુરુષે સારી રીતે તજેલું ગ્રહણ કરનાર થાય છે' શબ્દો યોજેલા છે. સંઘાતમાં આત્માની શોધ કરવાની દશામાં, આત્મા સિવાયનું બધું તજેલું, તેને જો પાછું ગ્રહણ કરે[૧૭] તો તે અજ્ઞાની જ છે, એમ કહે છે. 'પુમાન્' એટલે પોતે પુરુષ[૧૮] થઈને પણ સારી રીતે તજેલું ગ્રહણ કરતાં અજ્ઞાની જ છે, એમ પહેલાંના(કહેલા શબ્દો) સાથે જ સંબંધ છે. તજેલું હોય તે પણ દૂરથી દેખાય છે, પરંતુ 'ઉપ' એટલે સમીપમાં[૧૯] જણાતું નથી.

બીજાને ઉપદેશ કરવા માટે અનુવાદથી પણ ગ્રહણ (કરવાનું) સંભવે, તેવું ગ્રહણ કરવાથી અજ્ઞાની થતો નથી એમ જણાવવા 'સારી રીતે તજેલું ગ્રહણ કરનાર' એમ કહેલું છે. જે પ્રકારથી[૨૦] સારી રીતે તજેલું તે જ પ્રકારથી તેનું ગ્રહણ કરે છે (તેથી અજ્ઞાની છે) એવો (અર્થ છે.)

---

૧૬. અનુવાદને માત્ર દેખાવાની જરૂર છે (કારણકે જેવું દેખાય તેવું કહેવાય). પ્રતીતિ (દેખાવાનું) ભ્રમથી પણ દોષને લીધે બે ચંદ્રો દેખાય છે તેમ થાય. તેથી અનુવાદથી જ વિચાર કરવામાં આવે તો સત્તા સાબિત થઈ શકે નહિ એવો અર્થ છે. (પ્ર)

૧૭. 'ગ્રહણ કરે' એટલે 'સત્તાવાળા તરીકે સ્વીકારે.' (પ્ર)

૧૮. " 'પુરમ્' પુર(દેહ અથવા સંઘાત)ને 'ઉષતિ' બાળે તે પુરુષ" એવો થઈને. (પ્ર)

૧૯. 'જણાતું' એટલું અધ્યાહાર છે. આદરથી તજેલાંનું ગ્રહણ કરે છે તેથી તે અજ્ઞાની જ છે, કારણકે વિચાર કર્યા વિના ગ્રહણ કરે છે. (પ્ર)

૨૦. આત્માથી ભિન્ન (જૂદા) હોવાના પ્રકારથી. વ્યાખ્યાનના આરંભમાં (જેના સંબંધમાં નોટ નં.૭-૮ આપેલી છે તે ભાગ) આથી સિદ્ધ થાય છે. લૌકિક ઈન્દ્રિયોના સામર્થ્યથી જે સંઘાતના રૂપવાળા વ્યવહારિક પદાર્થો દેખાય છે તે બધા અસત્ છે, એવી બુદ્ધિ વૈરાગ્ય ઉત્પન્ન કરવા રાખવી. ત્યારે જ એવાં દર્શન થાય એવો વ્યાખ્યાનનો ભાવાર્થ છે.

'અહિં માયાવાદ કહેલો જણાય છે, તેથી વૈદિક સિદ્ધાંતનો વિરોધ થાય છે' એવી શંકા કરવી નહિ, કારણકે આભાસ અને જેનો આભાસ થાય છે તે, તેમજ બિંબ અને પ્રતિબિંબ સરખા આકારવાળા જ હોય એવો નિયમ હોવાથી, એક બીજાનું પ્રયોજક હોવાથી વિરોધ થતો નથી. આ ઉત્તરતાપિનીયની ટીકામાં તથા ભાષ્યના પ્રકાશમાં મેં સિદ્ધ કરેલું છે, તેથી ત્યાં જોવું. (પ્ર)

અથવા[21] આત્માના એટલે ભગવાનના કેશ, રુંવાડાં, નખ, રૂપ, સ્પર્શ વિગેરે દર્શન કરવા યોગ્ય[22] ગુણોમાં એક પણ ગુણ, પોતાથી એટલે સચ્ચિદાનંદરૂપ ભગવાનના સ્વરૂપથી 'વ્યતિરેકતઃ' જૂદાઈને લીધે – અવ્યયનો અર્થ છૂપાએલ હોવાથી પાંચમી વિભક્તિમાં આ શબ્દ યોજેલ છે – એટલે જૂદાઈ પ્રાપ્ત કરીને જ (સત્તાવાળો) છે, – તેમ ન હોય તો એકરસરૂપ બ્રહ્મ વિવિધ રૂપવાળું હોય તેવું ભાન ન થાય – એવો જે નિર્ણય કરે છે તે અજ્ઞાની છે; કારણકે ધર્મીનું જ્ઞાન કરાવનાર પ્રમાણથી[23] શુદ્ધ બ્રહ્મ જ તેવું જ (કેશ વિગેરે ગુણોવાળું) સિદ્ધ થાય છે. '(અનુવાદ) વિના (તે વિચારેલું નથી)' શબ્દથી આ જ (અર્થ) કહે છે. વસ્તુ જ તેવા પ્રકારની હોવાથી, (ભગવાનના સ્વરૂપના) આકારનાં દર્શન પછી ભક્તો જે કરકમલ, ચરણકમલ, નયનકમલ વિગેરેરૂપ જે વાદ કરે છે તે 'અનુવાદ' (દર્શન પછી કરેલો વાદ) છે. તે (અનુવાદ) વિના, તે કરકમલ વિગેરે સ્વરૂપથી જૂદાં તરીકે 'મનીષિતં' મનથી સત્તાવાળાં તરીકે ધારેલાં થતાં નથી.

'પ્રાકૃત કર વિગેરેમાં પણ ભગવાનનો સંબંધ થતાં સત્તા ઉત્પન્ન થતાં, તેવા (સત્તાવાળા) દેખાય તેમાં દોષ નથી[24]' એવી શંકા થાય, તેથી 'પુરુષે સારી રીતે તજેલું ગ્રહણ કરનાર થાય છે' એમ કહે છે. 'જેમ તે મીઠાનો કટકો, જેની અંદર અથવા બહાર બીજું કાંઈ નથી તેવો આખો રસથી ભરેલો છે તેમ, અરે ! આ આત્મા જેની અંદર અથવા બહાર બીજું કાંઈ નથી તેવો બધો જ્ઞાનથી ભરેલો છે' ''આ પુરુષ સંગરહિત છે'' ''હવે પછી (તે) નહિ (તે) નહિ એવો આદેશ છે'' વિગેરે શ્રુતિઓનો વિચાર કરવાની દશામાં બ્રહ્મમાં જે પ્રાકૃત ધર્મ હોવાનો ત્યાગ કરેલો તે ગ્રહણ કરનાર થાય છે,[25] એવો અર્થ છે; કારણકે તેઓની સાથે ભગવાનનો સંબંધ થાય ત્યારે તેઓમાં સત્તાની ઉત્પત્તિની સંભાવના થાય છે, પરંતુ તે સંબંધ જ થતો નહિ હોવાથી તે(તેમની સત્તા)નો અસંભવ જ છે, એવો ભાવ છે.

---

૨૧. આ શ્લોકનું બ્રહ્મવાદ પ્રમાણે શ્રીમત્પ્રભુચરણ અહિંથી વ્યાખ્યાન કરે છે. (પ્ર)

૨૨. 'દર્શન કરવા યોગ્ય' એટલે 'ભગવાનની ઈચ્છાથી ભક્તોએ દર્શન કરવા યોગ્ય.' (પ્ર)

૨૩. આ પ્રમાણ બ્રહ્મસૂત્ર ૩।૨।૨૭થી જણાવેલ છે. (પ્ર)

૨૪. 'ભગવાનના કેશો વિગેરેને ભગવાનથી જૂદી સત્તાવાળા કહ્યા તેથી તે પ્રાકૃત છે' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (લે)

૨૫. તંત્રમાં જૂદા જ જગતને વૈરાગ્ય ઉત્પન્ન થાય તે માટે 'અસત્' કહેલ છે, પરંતુ (ભગવાનના) સ્વરૂપાત્મક જગતને અસત્ કહેલ નથી. તેથી તંત્ર પણ વેદની સમાન જ છે, કારણકે મોક્ષધર્મમાં 'પંચરાત્ર વેદની સમાન છે' એવો નિર્ણય કરેલો છે. આ જણાવવા માટે જ આવું વ્યાખ્યાન કરેલ છે, તેથી તેમાં કાંઈ દોષ નથી. (પ્ર)

અથવા જે પુરુષ આત્માનાં એટલે દર્શન કરનારનાં, કર પાદ વિગેરે[૨૬] પોતાને[૨૭] દર્શન કરવા યોગ્ય ગુણોમાં ભગવાન્ 'છે' એટલે 'રહેલા[૨૮] છે' એવો નિશ્ચય કરે છે તે અજ્ઞાની છે, તેનું કારણ 'અસ્વવ્યતિરેકતઃ' 'પોતાથી જૂદા ન હોવાને લીધે' શબ્દોથી (કહેલ છે). તેઓ આત્મા તરીકે મનાએલા[૨૯] હોવાથી જૂદા નથી, એવો અર્થ છે. ('અવ્યતિરેકતઃ' શબ્દમાં છેવટે 'તસ્' શબ્દ છે તે) અંતે અવ્યયવાળો (શબ્દ) યોજેલ હોવાથી કર વિગેરે વિનાના છે એમ સૂચવેલું છે. તેથી આ પક્ષ પ્રમાણે પણ, આપનામાં કોઈ પણ પ્રાકૃત ધર્મ નહિ હોવાથી[૩૦], આપ વાસુદેવ છો. ૧૮.

નીચેના શ્લોકમાં પ્રદ્યુમ્નરૂપ[૧] ભગવાનનું નિરૂપણ કરે છેઃ

**ત્વત્તોસ્ય જન્મસ્થિતિસંયમાન્ વિભો વદન્ત્યનીહાદગુણાદવિક્રિયાત્ ।।**
**ત્વયીશ્વરે બ્રહ્મણિ નો વિરુધ્યતે ત્વદાશ્રયત્વાદુપચર્યતે ગુણૈઃ ।।૧૯।।**

હે સર્વશક્તિમાન્! ચેષ્ટારહિત, ગુણાતીત, વિક્રિયા વિનાના આપથી આનાં જન્મ સ્થિતિ અને સંયમ કહે છે. આપ ઈશ્વર બ્રહ્મમાં તેનો વિરોધ નથી. ગુણો આપના આશ્રયવાળા હોવાથી ગુણોમાં તેનો આરોપ કરવામાં આવે છે ૧૯.

કારણકે તે (પ્રદ્યુમ્ન)ને જગતના કર્તા તરીકે જણાવેલા[૨] છે. સ્મૃતિ તેમની શ્રી (શક્તિ) છે. તેમણે (પ્રદ્યુમ્ને) તેમાં (સ્મૃતિમાં) પ્રકૃતિને[૩] ઉત્પન્ન કરી.

---

૨૬. 'કર, પાદ વિગેરે' એટલે 'ભગવાનના કર, પાદ વિગેરે' (પ્ર+લે)

૨૭. 'પોતાને દર્શન કરવા યોગ્ય' એટલે 'ઈન્દ્રિયોના સામર્થ્યથી દર્શન કરવા યોગ્ય'. (પ્ર) 'પોતાને' એટલે 'જીવને'. (લે)

૨૮. 'રહેલા છે' એટલે 'વ્યાપીને રહેલા છે.' (પ્ર)

૨૯. કર, પાદ વિગેરે (ભગવાનના આવા સ્વરૂપથી જૂદા નથી એવો અર્થ છે. ભગવાનમાં આત્મા અને અનાત્મા (આત્મા નહિ તે દેહ વિગેરે) એવો ભેદ નહિ હોવાથી, તેમને 'આત્મા' પણ કહી શકાય નહિ, તેથી આત્મા તરીકે 'મનાએલા' કહેલા છે. (લે)

૩૦. આથી એમ જણાવે છે કે આ શ્લોકમાં વાસુદેવનું નિરૂપણ કર્યાનું વ્યાખ્યાન કર્યું તે યોગ્ય છે; કારણકે તંત્રનો સિદ્ધાંત એવો છે કે (પ્રદ્યુમ્ન અનિરુદ્ધ અને સંકર્ષણ એ) ત્રણ વ્યૂહો ત્રણ ગુણવાળા છે, અને વાસુદેવ ગુણોથી અતીત છે. (લે)

૧. જે ભગવાને વસુદેવને પ્રત્યક્ષ દર્શન દીધાં છે, અને જેમનું પરબ્રહ્મ તથા વાસુદેવ તરીકે નિરૂપણ કર્યું તેમને જ ઈશ્વર અને બ્રહ્મ જણાવી તેમનું પ્રદ્યુમ્નરૂપથી નિરૂપણ કરે છે એવો અર્થ છે. (પ્ર)

૨. પંચરાત્રમાં જણાવેલા છે. (પ્ર)

૩. સત્ત્વ, રજસ અને તમોગુણવાળી ભૂતોની પ્રકૃતિ. (પ્ર)

તેનાથી કોઈ પુરુષની ઉત્પત્તિ થઈ નથી. પ્રકૃતિમાં સ્ત્રી જ મુખ્ય છે[૪], (અને) પુરુષ તો ગૌણ (હલકો) છે. તે પ્રકૃતિથી સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય થાય છે. સંકર્ષણથી ઉત્પન્ન થએલ સૂત્રનામવાળાથી તેમાં ઉત્પન્ન કરવામાં આવે છે[૫]. તેથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયમાં પરંપરાથી માત્ર સંનિધિથી પ્રદ્યુમ્નનો ઉપયોગ થાય છે. એટલા ઉપરથી જ લોક પ્રદ્યુમ્નથી સૃષ્ટિ (થાય છે એમ) કહે છે, પરંતુ વાસુદેવની પેઠે[૬] પણ તેમનાથી (પ્રદ્યુમ્નથી) સૃષ્ટિ થતી નથી, તે[૭] અહિં કહે છે. 'આપથી' એટલે પ્રદ્યુમ્નરૂપ ભગવાનથી, 'આ' જગતનાં 'જન્મ, સ્થિતિ અને સંયમ' એટલે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય, લોકો કહે છે. એમ કહેવાનું કારણ 'હે સર્વશક્તિમાન્ !' શબ્દથી કહેલ છે. (આપ) શક્તિવાળા હોવાથી (લોકો એમ) કહે છે, એવો અર્થ છે.

'ભલે એમ જ[૮] હોય, તેમાં શું દોષ છે ?' એવી શંકા થાય, તેથી 'ચેષ્ટારહિત ગુણાતીત, વિક્રિયા વિનાના' શબ્દો યોજેલ છે. કારણકે જે ચેષ્ટા કરે છે તે જ ઉત્પન્ન કરે છે, જે ઘણું ઐશ્વર્ય વિગેરે ગુણો રાખે છે[૯] તે પાલન કરે છે, કારણકે વિકારો વિનાનો હોય તે પણ આજ્ઞાથી જ[૧૦] પાલન (કરે તેવું) સંભવે છે. વળી જે ક્રોધ વિગેરે વિકારો પ્રાપ્ત કરે (વિકારોવાળો થાય) તે જ સંહાર કરનાર થાય છે; જ્યારે આ (પ્રદ્યુમ્ન) સત્ત્વ, રજઃ અને તમોગુણથી અતીત છે[૧૧]. તેથી જ આમનામાં કાંઈ વિકારો થતા નથી. તેથી આ કૂટસ્થ અથવા ચેષ્ટારહિત છે. તેથી આમનામાં અલૌકિક સામર્થ્ય હોવાથી, તેમનામાં ન ઘટે તેવું (કર્તૃપણું) લોકો કહે

---

૪. શાક્તમતમાં પ્રકૃતિની સમીપ સ્ત્રી જ મુખ્ય છે. (પ્ર)

૫. પુરુષ ઉત્પન્ન કરવામાં આવે છે. (પ્ર) જગત્ ઉત્પન્ન કરવામાં આવે છે. (લે) પાછલનું વાક્ય વાંચતાં લેખનો અર્થ વધારે સારો જણાય છે.

૬. 'વાસુદેવની પેઠે' એટલે (ગયા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે) 'બિંબ અને પ્રતિબિંબના ન્યાયથી.' (પ્ર) 'પ્રેરક તરીકે' (લે)

૭. 'તે' એટલે 'તે મત' એવો અર્થ છે. (લે)

૮. 'એમજ' એટલે 'સામર્થ્યને લીધે સાક્ષાત્ કર્તા.' (પ્ર)

૯. 'અગુણ' 'ગુણાતીત' શબ્દનો અર્થ 'ઐશ્વર્ય વિગેરે ગુણોના આશ્રય' એવો છે. (લે)

૧૦. આ ઐશ્વર્ય વિગેરે ગુણો પાલન કરવાનું સાધન છે એમ કહે છે. (લે)

૧૧. આ વાક્યમાં 'અવિક્રિય' 'વિકાર વિનાના' શબ્દનો અર્થ કહેલ છે, 'અગુણ' શબ્દનો અર્થ કહેલ નથી. તેથી જે ગુણોથી અતીત હોય તેને ગુણોથી વિકાર થતો નથી, તે ગુણોને અધીન હોતો નથી, એવો અર્થ છે. તે ગુણરહિત છે એવો અર્થ નથી. એવા ગુણરહિત તો વાસુદેવ જ છે. (લે)

છે. જો આ બનાવવાની ઈચ્છા કરે તો ગુણોને પણ ઉત્પન્ન કરે, વિકાર વિનાના જ રહે, ઉત્પત્તિ વિગેરે પણ કરે, અથવા ચિંતામણિની પેઠે પોતે જ[૧૨] (કાર્ય) કરે.

" 'ત્યારે (પરસ્પર) વિરોધ[૧૩] હોવાથી (બેમાંથી) એકનો ત્યાગ (કરવો) યોગ્ય છે તેથી, અંદરના અને બહારનામાં અંદરનું વધારે બલવાન છે' એ ન્યાય પ્રમાણે અંદરના સ્વરૂપના જ ધર્મો સર્વથી બલવાન છે; પરંતુ લોકની પ્રતીતિથી (થતાં) બહારના (ધર્મો) બલવાન નથી તેથી, ભગવાન્ જગતના કર્તા નથી (એવો) જ આ પક્ષમાં મુખ્ય સિદ્ધાંત છે એમ (કહેવું) યોગ્ય છે, તેથી '(પ્રદ્યુમ્નમાં) વાસુદેવથી[૧૪] કોઈ પ્રકારનો ભેદ નથી' " એવી શંકા થાય, તેથી 'આપ ઈશ્વર બ્રહ્મમાં (તેનો) વિરોધ નથી' શબ્દો કહેલા છે[૧૫]. (બેમાં) વિરોધ હોય ત્યારે એકનો ત્યાગ (કરવો) યોગ્ય છે. સર્વ થવાને શક્તિવાળા બ્રહ્મમાં વિરોધ નહિ હોવાથી, એવી[૧૬] કલ્પના કરવી યોગ્ય નથી. વળી[૧૭] ભગવાન્ માત્ર બ્રહ્મરૂપ જ નથી, પરંતુ ઈશ્વર પણ (છે). ઈશ્વર હોવાથી (તે) જગતના કર્તા છે, અને બ્રહ્મ હોવાથી વિકાર વિનાના છે, એ બંને (જગતના કર્તા હોવાપણું અને વિકાર વિનાના હોવાપણું) ઘટે છે. (તે) ઈશ્વર અને બ્રહ્મ હોવાથી દેશ, કાલ, સ્વરૂપ અથવા અવસ્થાના ભેદોની તેમને જરૂર નથી[૧૮], કારણકે ઈશ્વરમાં અટકાવી ન શકાય તેવી આજ્ઞાશક્તિ છે અને બ્રહ્મમાં સર્વ થવાનું સામર્થ્ય છે. તેથી (એ બંને ભગવાનમાં હોય તેમાં) વિરોધ નહિ હોવાથી, એકનો ત્યાગ કરવો યોગ્ય નથી. વળી[૧૭] વિરોધ

---

૧૨. 'પોતે જ' એટલે 'ચેષ્ટા વિના જ' એવો અર્થ છે. (લે)

૧૩. (જગત્ બનાવવાનું) સામર્થ્ય હોય છતાં કર્તા નથી, એટલે કર્તાપણું અને અકર્તાપણું (બંને હોવાથી) વિરોધ થાય છે. (પ્ર)

૧૪. વાસુદેવ પોતાની શ્રી માત્ર માયાથી જ જગત્ કરે છે, તેથી પોતે અકર્તા જ છે એવો ભાવ છે. (લે)

૧૫. વાસુદેવથી ભેદ જણાવવા માટે, કર્તાપણું અને અકર્તાપણું એ બેમાં વિરોધ ન રહે તેનાં કારણ (આ શબ્દોથી) કહે છે. (પ્ર)

૧૬. 'એવી' એટલે '(બેમાંથી) એકનો ત્યાગ કરવાની.' (પ્ર)

૧૭-૧૭-૧૭-૧૭. અહિં (કર્તાપણું અને અકર્તાપણું એ બેમાં) વિરોધ ન રહે તે માટે ઈશ્વરપણું અને બ્રહ્મપણું એવા બે હેતુઓ શ્લોકના ત્રીજા પાદમાં કહેલા છે, અને ચોથા પાદમાં પણ કર્તાપણાની જે પ્રતીતિ થાય છે તે પ્રામાણિક (સત્ય) નથી, તેથી વિરોધ નથી એમ વિરોધ નહિ હોવાનું બીજું કારણ કહેલું છે, એવું 'વળી વિરોધ પ્રતીતિને અનુસરીને (લાગે છે)' વિગેરેથી વ્યાખ્યાન કરેલું છે. વળી આગળ વિરોધની શંકાથી ભગવાનમાં 'કર્તાપણાનો પણ આરોપ કરવામાં આવે છે' એમ કહેલું છે. અવિરોધ તો પહેલાં પણ

પ્રતીતિ (જે જણાય છે તે)ને અનુસરીને (લાગે છે), પરંતુ પ્રતીતિની તો બીજી રીતે પણ સમજૂતી કરી શકાય છે; કારણકે પ્રતીતિ પ્રત્યક્ષ નથી, પરંતુ શાસ્ત્રીય (શાસ્ત્રના વાક્યોથી ઉત્પન્ન થતી) છે. જેમ 'માણવક સિંહ છે' (કહેવાય છે), તેની પેઠે શબ્દનો પ્રયોગ ગૌણી[19](લક્ષણા)થી પણ થાય છે. આશ્રય વિનાનું જગત્ સંભવતું નથી તેથી (તેનો) આધાર (હોવો જોઈએ એમ) સિદ્ધ થતાં, તેવી રીતે આધાર થએલ ભગવાન જ છે તેથી, તે (આધારપણા) દ્વારા કર્તૃપણાનો પણ આરોપ કરવામાં આવે છે[17]. વાસ્તવિક રીતે તો ગુણો જ કર્તા છે[17]. તેથી જ સાંખ્ય વિગેરે પ્રકૃતિને જ કર્તા કહે છે. ગુણોના પણ આ (ભગવાન્) આશ્રય છે તેથી (ભગવાન્) કાર્ય (જગત્) અને કારણના આધાર થએલ હોવાથી, (તેમનામાં કર્તાપણાનું) અભિમાન નહિ હોવા છતાં, લોકની દૃષ્ટિએ (તેમને) કર્તા કહેવામાં આવે તે સંભવે છે. એ પ્રમાણે જગત્ માયિક (સત્તા વિનાનું) નથી, ભગવાન્ કર્તા નથી[20], કર્તા છે, અને (કર્તા અને અકર્તા) બંને[20] છે, એમ વાસુદેવ કરતાં જૂદા

(ઉપર જણાવ્યા પ્રમાણે) દર્શાવેલ જ છે, છતાં અહિં આ પ્રમાણે કર્તાપણાનો આરોપ કહે તે સસલાનું શીંગડું ભાંગવાની બીકથી ભાંગવા જેવું લાગે. તેથી મૂલ શ્લોકને અનુસરવા આરોપ થએલ હોવાનું કહેલ છે. વાસ્તવિક રીતે તો સાંખ્ય વિગેરેમાં ગુણોને જ કર્તા કહેલા છે, તેનું કારણ 'ત્વદાશ્રયત્વાત્' 'આપનો (ભગવાનનો) આશ્રય હોવાને લીધે' શબ્દથી કહેલ છે. 'ત્વમ્' આપ જ આશ્રય છો જેમના તેવા ગુણો હોવાથી, આપમાં રહેલ કર્તાપણાનો તેઓમાં આરોપ કરવામાં આવે છે, એવો અર્થ ઈચ્છેલો છે એમ જાણવું. તેથી મૂલ શ્લોકનો આશય એવો છે કે ગુણોમાં કર્તાપણાનો આરોપ કરવામાં આવે છે; પણ ભગવાનમાં તેનો આરોપ કરવામાં આવે છે તેવો તેનો આશય નથી. 'ગુણો જ કર્તા છે. તેથી જ સાંખ્ય વિગેરે પ્રકૃતિને જ કર્તા કહે છે' એમ શ્રીસુબોધિનીમાં કહેલું છે, ત્યાં અભિમાનને લીધે જ ગુણો કર્તા છે અને તેથી અભિમાનને લીધે જ પ્રકૃતિને કર્તા કહે છે એવો અર્થ જાણવો. તેથી એ અર્થમાં (મૂલ શ્લોકથી) વિરોધ નથી. (ટિ+પ્ર)

૧૮. 'જરુર નથી' એટલે 'ભગવાન્ કર્તા થાય તે માટે તેમને તેઓની જરુર નથી'. (પ્ર)

૧૯. 'માણવક' એટલે ઠીંગણો પુરુષ, અથવા વિશેષ નામ પણ લઈ શકાય. 'સિંહ' એટલે સિંહ જેવો પરાક્રમી, ગૌણી એક પ્રકારની લક્ષણા છે. શબ્દનો મુખ્ય અર્થ બંધ બેસતો ન હોય, અને તેના સંબંધવાળો બીજો અર્થ બરાબર બંધ બેસતો હોય ત્યારે રુઢિને લીધે અથવા કાંઈ પ્રયોજનથી તેનો મુખ્ય અર્થ નહિ લેતાં બીજો અર્થ લેવામાં આવે તેને લક્ષણા કહે છે. 'માણવક (માણસ) સિંહ છે' કહે ત્યારે માણસ 'સિંહ' ન જ હોય, તેથી 'સિંહ' શબ્દનો મુખ્ય અર્થ બંધ બેસતો નથી; તેના સંબંધવાળો બીજો અર્થ 'સિંહ જેવો પરાક્રમી' બંધ બેસે છે, તેથી તે અર્થ લક્ષણાથી લેવાય છે. સમાન ગુણ (પરાક્રમ) જણાવવા એ પ્રમાણે અર્થ કર્યો, તેથી તે 'ગૌણી'-લક્ષણા છે.

૨૦-૨૦. શ્લોકના પૂર્વાર્ધમાં '(લોકો) કહે છે' એમ કહ્યું, તેથી 'તે નથી' એટલે ભગવાન્ કર્તા

પ્રકારથી પ્રદ્યુમ્નનું નિરૂપણ કર્યું. આ ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયરૂપપણું આધ્યાત્મિક હોવાનું કહેલ છે[૨૧]. ૧૯.

નીચેના શ્લોકમાં આધિદૈવિક તરીકે તેવા (જગતને ઉત્પન્ન કરનાર વિગેરે) થએલા અનિરુદ્ધને જણાવે છે[૧]:

**સ ત્વં ત્રિલોકસ્થિતયે સ્વમાયયા બિભર્ષિ શુક્લં ખલુ વર્ણમાત્મનઃ ।।**
**સર્ગાય રક્તં રજસોપબૃંહિતં કૃષ્ણં ચ વર્ણં તમસા જનાત્યયે ।।૨૦।।**

તે આપ ખરેખર ત્રણ લોકની સ્થિતિ માટે પોતાની માયાથી પોતાના શ્વેત વર્ણને ધારણ કરો છો, સર્જન કરવા માટે રજો(ગુણ)વાળો લાલ વર્ણ અને તમોગુણથી લોકોનો નાશ કરવા માટે કૃષ્ણ વર્ણને ધારણ કરો છો. ૨૦.

જેમ પિતા[૨] પુત્રને અને ખેડુત[૨] વિગેરે અન્ન વિગેરેને ઉત્પન્ન કરનારા છે, અથવા જેમ બ્રહ્મા[૨] વિગેરે (સૃષ્ટિને), (અથવા જેમ) ઇન્દ્ર[૨] વિગેરે વૃષ્ટિ દ્વારા ઉત્પન્ન કરનારા છે, તે ગુણાવતારો કહેવાય છે; તેવા જ અનિરુદ્ધ છે. 'ત્યાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ જ દરેક ગુણથી ઉત્પત્તિ વિગેરેનું નિયમન કરનાર છે, પરંતુ અનિરુદ્ધ (તેવી રીતે નિયમન કરનાર) નથી' એવી શંકા કરી, તે (અનિરુદ્ધ) જ ત્રણે કરનાર છે એમ કહે છે. 'ત્રણ લોકની સ્થિતિ માટે પોતાની માયાથી' એટલે શાંતિથી[૩] (આપ) સત્ત્વને 'ધારણ કરો છો.' તે સત્ત્વનું સ્વરૂપ 'પોતાના શ્વેત

---

નથી (અકર્તા) છે એવો અર્થ થયો. ત્રીજા ચરણમાં (ઈશ્વર અને બ્રહ્મ કહ્યા, તેથી) 'કર્તા છે અને અકર્તા પણ છે' એમ બંને કહ્યું. ચોથા ચરણમાં ભગવાન્ 'કર્તા છે' એમ કહ્યું, એવો વિભાગ છે. (લે)

૨૧. આગળ વીસમા શ્લોકમાં વાસુદેવ અને પ્રદ્યુમ્ન બંનેથી જૂદા તરીકે અનિરુદ્ધનું નિરૂપણ થાય તે માટે આ કહેલ છે. પ્રદ્યુમ્ન પ્રકૃતિ ઉત્પન્ન કરી તેની દ્વારા ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરાવે છે, તેથી ઉપાદાન તરીકે તેમનાથી ઉત્પત્તિ વિગેરે થતાં હોવાથી તે આધ્યાત્મિક છે. (પ્ર)

૧. ભગવાન્ હોવાથી પ્રયોજક તરીકે, અને અંશથી ઉપાદાન તરીકે જગતના કર્તા આધિદૈવિક અનિરુદ્ધનું નિરૂપણ કરે છે. તેથી વાસુદેવ તટસ્થ તરીકે, પ્રદ્યુમ્ન ઉપાદાન તરીકે, અને અનિરુદ્ધ પ્રયોજક અને ઉપાદાન તરીકે જગતના કર્તા છે, એવો તેમનામાં ભેદ જણાવે છે, એવો અર્થ છે. એ આ શ્લોકના વ્યાખ્યાનના આરંભમાં સ્પષ્ટ કરે છે. (પ્ર)

૨-૨-૨-૨. પિતાની પેઠે અંશથી ઉપાદાન (કારણ) થાય છે, ખેડૂત ઇન્દ્ર બ્રહ્મા વિગેરે પેઠે અનેક પ્રકારે પોતાની ક્રિયાથી પ્રયોજક થાય છે. તેથી એ પ્રમાણે અનિરુદ્ધ વાસુદેવ તથા પ્રદ્યુમ્નથી જૂદા પ્રકારના (કર્તા) છે એવો અર્થ છે. (પ્ર)

૩. 'શાંતિથી' એટલે 'પોતાની (અનિરુદ્ધની) શ્રીથી.' (પ્ર)

વર્ણને' શબ્દોથી કહે છે. 'ખરેખર' શબ્દથી કૃતયુગમાં ચાર બાહુવાળા શ્વેત (વર્ણવાળા)[૪] વાક્યથી (આ વાતની) પ્રસિદ્ધિ જણાવેલી છે. આ પક્ષમાં ભગવાનનાં રૂપો ઉપાધિ થએલ કાલનાં રૂપો જ[૫] છે. તે (રૂપનું નિરૂપણ કરવા) માટે ગુણો કહેતાં રૂપો કહે છે[૬]. સર્જન કરવા માટે લાલ વર્ણ ધારણ કરો છો, એવો (વાકયનો) સંબંધ છે. તે (લાલ વર્ણવાળું) રૂપ કુદરતી નથી, એમ જણાવવા 'રજો(ગુણ)વાળો' શબ્દ યોજેલ છે. તેવી જ રીતે લોકોના 'અત્યય' એટલે નાશ (કરવા) માટે કૃષ્ણ વર્ણને ધારણ કરો છો. એવો (વાક્યનો) સંબંધ છે. ૨૦.

---

૪. 'ગુણાવતારનાં રૂપોમાં સત્ત્વનો શ્યામ અને તમોગુણનો શ્વેત વર્ણ કહેલ છે. અહિં તેથી ઉલટા વર્ણ કેમ કહ્યા ?' એવી શંકા થાય, તેથી આ પ્રમાણથી અહિં કહેલ વર્ણની પ્રસિદ્ધિ જણાવી છે. (પ્ર)

૫. 'ઉપાધિકાલરૂપાણિ' એટલે સત્ત્વ રજસ્ અને તમોગુણની ઉપાધિ થએલ કાલનાં રૂપો. (પ્ર) 'વિષ્ણુ શ્યામ છે, છતાં અહિં શ્વેત કેમ કહ્યા ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ઉપાધિ થએલ જે કાલ તેણે કરેલાં આ ત્રણે રૂપો છે. તેથી કાલને લીધે સત્ત્વ અને તમોગુણના વર્ણ બદલાઈ ગયા છે. અહિં વિષ્ણુ, બ્રહ્મા અને શિવનું વર્ણન કરેલું નથી, પરંતુ યુગના અભિમાનવાળા અવતારોનું વર્ણન છે એવો ભાવ છે. કૃતયુગમાં ત્રણ લોકનું રક્ષણ કરવા માટે ચાર ભુજાવાળું શ્વેત રૂપ ધારણ કર્યું. ત્રેતામાં લાલવર્ણવાળું રૂપ ધારણ કર્યું, કારણકે ત્રેતામાં યજ્ઞથી ભગવાનનું ભજન કહેલું છે અને યજ્ઞ પ્રવૃત્તિ સ્વભાવવાળા હોવાથી 'સર્જન કરવા' એમ કહેલ છે. કલિયુગમાં કૃષ્ણવર્ણવાળું રૂપ ધારણ કરે છે, કારણકે તે જ કલ્કિ થઈ અધર્મીઓનો નાશ કરે છે. તેથી 'લોકોનો નાશ (કરવા) માટે' એમ કહેલ છે. રક્ષણ ઉત્પત્તિ અને પ્રલય ત્રણ જ કહેવાનાં હોવાથી, ત્રણ (રૂપો) કહેલાં છે. દ્વાપરયુગમાં પણ પ્રવૃત્તિ સ્વભાવવાળાની તાંત્રિક પૂજા હોય એમ કહેલ હોવાથી, તે પણ સર્જનમાં ઉપયોગી છે. તેથી પીળો વર્ણ પણ લાલની જાતનો જ છે. (લે)

૬. અહિં 'સ્થિતિ માટે', 'સર્જન કરવા' અને 'લોકોનો નાશ કરવા' એમ કાર્યો પહેલાં કહેલાં હોવાથી, સત્ત્વ અને રજોગુણ ક્રિયાવાળાં થતાં રૂપ બદલે છે. તેથી ગુણાવતારોના વર્ણસંબંધી જે વાક્યો છે તેમનો વિરોધ થતો નથી. જેમ જપાકુસુમને ગંધકનો ધૂમાડો લાગે તો તે શ્વેત થાય છે, અને બીજા ધૂમાડાથી શ્વેત વસ્ત્ર વિગેરે હોય તે શ્યામ થાય છે, તે પ્રમાણે અમુક પદાર્થની અમુક ક્રિયાનો સંયોગ જ વર્ણ બદલાવાનું કારણ છે. 'અહિં (૧૯ તથા ૨૦મા શ્લોકોમાં) અનુક્રમે પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધનું જ નિરૂપણ કરેલું છે, એમ કેમ માનવું ?' એવી શંકા થાય, તો જાણવું કે ૧૯મા શ્લોકના આરંભમાં 'જન્મ' શબ્દ છે, અને આ શ્લોકના આરંભમાં 'ત્રણ લોકની સ્થિતિ માટે' શબ્દ છે, તે જ એ વિષયનાં પ્રમાણ છે; કારણ કે તંત્રમાં પ્રદ્યુમ્ન સૃષ્ટિના કર્તા તરીકે અને અનિરુદ્ધ પાલન કરનાર તરીકે પ્રસિદ્ધ છે. બંનેના સંબંધમાં બીજાં કાર્યો કહેલાં છે તે તે યોગ્યતા જણાવવા કહેલાં છે એમ જાણવું. (પ્ર)

નીચેના શ્લોકમાં સંકર્ષણરૂપ(ભગવાન્)નું નિરૂપણ કરે છેઃ

**ત્વમસ્ય લોકસ્ય વિભો રિરક્ષિષુર્ગૃહેઽવતીર્ણોઽસિ મમાખિલેશ્વર ।।**
**રાજન્યસંજ્ઞાસુરકોટિયૂથપૈર્નિર્વ્યૂહ્યમાના નિહનિષ્યસે ચમૂઃ ।।૨૧।।**

હે સર્વના ઈશ્વર ! હે વિભુ ! આ લોકની રક્ષા કરવાને ઈચ્છતા આપ મારા ઘરમાં અવતર્યા છો, રાજા નામધારી અસુરોની સેનાઓના નાયકોથી પ્રેરાએલી સેનાઓને (આપ) હણશો. ૨૧.

'આ લોકની રક્ષા કરવાને ઈચ્છતા' એટલે રક્ષણ કરવાની ઈચ્છાવાળા હોઈ (આપ) મારા ઘરમાં અવતર્યા છો. 'હે સર્વના ઈશ્વર ! શબ્દથી અવશ્ય રક્ષા કરવાનું કારણ (કહેલું છે), 'હે વિભુ !' શબ્દથી (રક્ષા કરવાનું) સામર્થ્ય (જણાવેલું છે). આ સંકર્ષણનું કાર્ય દેવોનો દ્વેષ કરનાર દૈત્યોના વધને લીધે જ દેવો પ્રતિ (પક્ષપાતરૂપ) છે[1], પરંતુ સર્વનો નાશ કરનાર (સંકર્ષણ) નથી[2]. તેથી (સંકર્ષણ) દેવોના અંશવાળા જગતનું રક્ષણ કરનાર જ છે, અને દૈત્યોને જ દૂર રાખનાર છે. આ અર્થ ઉત્તરાર્ધથી કહે છે. 'રાજન્યાઃ' એટલે રાજાઓ એવું માત્ર નામ જ (ધારણ કરનારા હોય છે પણ) વાસ્તવિક રીતે તો (તેઓ) અસુરો જ છે. તેઓના કરોડો સેનારૂપ (છે), તેઓના કંસ વિગેરે મોટા નાયકો, તેમનાથી સારી રીતે 'વ્યૂહ્યમાનાઃ' એટલે રક્ષાતી અથવા પ્રેરાએલી સેનાઓને (આપ) 'હણશો' એટલે સારી રીતે નાશ કરશો. તેથી[3] (લોકોનું) રક્ષણ કરવા માટે જ (સંકર્ષણ) દૈત્યોનો વધ (કરશે). તે (વસુદેવ) ભગવાનની સન્નિધિને લીધે સર્વજ્ઞ થયા છે, અથવા 'જે જાણવાથી આ સર્વ જણાએલું થાય છે', એ શ્રુતિમાં જણાવ્યા પ્રમાણે (તેમને) ઋષિના જેવું (ભવિષ્યનું) જ્ઞાન થયું (છે). ૨૧.

એ પ્રમાણે જ્ઞાન થવા છતાં (વસુદેવનો) ભય દૂર થયો નહિ, તેથી ભયને લીધે લૌકિક[1] ઘણું બલવાન છે એમ (ભગવાનને) જણાવવા નીચેના શ્લોકમાં ભગવાનને વિજ્ઞપ્તિ કરે છેઃ

---

૧. (ભગવાન્) દેવોને લક્ષમાં રાખી આ લોકના રક્ષણનું કાર્ય કરે છે. તે કાર્યમાં દૈત્યોનો વધ થતો હોવાથી જ તે સંકર્ષણનું કાર્ય છે. દૈત્યોના વધથી જ કાર્ય થતું હોવાથી તે સંકર્ષણનું કાર્ય છે. (લે)

૨. સંકર્ષણ હમણાં સર્વનો નાશ કરવા રહેલા (અવતરેલા) નથી, પરંતુ દેવોનું રક્ષણ કરનાર અને દૈત્યોને દૂર રાખનાર છે. (લે)

૩. 'તેથી' એટલે (દૈત્યોની) સેનાઓને હણવાથી. દૈત્યોનો વધ લોકનું રક્ષણ કરવા જ કરે છે, તેથી હમણાં દેવોના અંશવાળાનું રક્ષણ કરવું એ સંકર્ષણનું કાર્ય છે. (લે)

૧. 'લૌકિક' એટલે 'કંસે કરેલો ઉપદ્રવ.' (લે)

**અયં ત્વસભ્યસ્તવ જન્મ નો ગૃહે શ્રુત્વાગ્રજાંસ્તે ન્યવધીત્ સુરેશ્વર ।।**
**સ તેઽવતારં પુરુષૈઃ સમર્પિતં શ્રુત્વાધુનૈવાભિસરત્યુદાયુધઃ ।।૨૨।।**

હે દેવોના ઈશ્વર ! આ તો નીચ છે. અમારે ઘેર આપના જન્મનું શ્રવણ કરીને આપના મોટા ભાઈઓને (તેણે) હણ્યા છે. સેવકોએ જણાવેલા આપના અવતારને સાંભળીને, ઊંચા કરેલાં આયુધોવાળો તે હમણાં જ આવે છે. ૨૨.

'તુ' 'તો' શબ્દ સ્તુતિરૂપ પહેલાં કહેલા અર્થને ભૂંસાડે છે (ધોઈ નાખે છે). ભગવાને અવતાર ધર્યો તેથી સારા પુરુષોને જ સુખ થાય, પરંતુ દુષ્ટોને (સુખ) થતું નથી. આ (કંસ) તો નીચ છે, આ (ભગવાનનો અવતાર થયો છે તે) અર્થ જણાવવા યોગ્ય નથી. તેથી જ અમારે ઘેર આપના જન્મનું શ્રવણ કરીને, આપના મોટા ભાઈઓને એટલે મારા છ પુત્રોને (તેણે) હણ્યા છે. 'હે દેવોના ઈશ્વર !' એવું સંબોધન (દેવોનો) પક્ષપાત (કરે તે) માટે (કરેલું છે).

ત્યારે હમણાં હવે શું કરવું? એવો પ્રશ્ન ઉઠે, તેથી કહે છે કે તે જ ક્રૂર અંતઃકરણવાળો કંસ પહેરેગીર નોકરોએ જણાવેલા આપના અવતારને સાંભળીને ઊંચા કરેલાં આયુધોવાળો થઈ, હમણાં જ સમીપમાં જ આવે છે. 'વર્તમાનકાલની સમીપના સમય માટે વર્તમાનના જેવા પ્રત્યયો યોજાય છે' એ (પાણિનિ.૩।૩। ૧૩૧) સૂત્ર પ્રમાણે નજીકના ભવિષ્યકાલ માટે વર્તમાન કાલનો પ્રયોગ કરેલો છે. ઈશ્વરને માત્ર નિવેદન કરવું એ સેવકની ફરજ છે. શું કરવું તે તો પ્રભુ જ જાણે છે; તેથી વસુદેવ એટલું જણાવી શાંત રહ્યા, તેમનો અભિપ્રાય તો એવો હતો કે જો હમણાં જ કંસને હણવો હોય તો અહિં રહેવું, પણ તેમ કરવું ન હોય તો બીજે પધારવું. હમણાં કંસને મારવામાં આવે તો ગોકુલવાસીઓ સાથે ગુપ્ત રીતે ક્રીડા, તેઓનો ઉદ્ધાર વિગેરે ન થાય. તેથી તે કરી પછી કંસને મારવો એવો ભગવાને વિચાર કર્યો. તેથી પિતાના અભિપ્રાયથી ભગવાન્ બીજે પધાર્યા એમ જણાય છે. ૨૨.

વસુદેવ શાંત રહ્યા ત્યારે ભગવાન્ પોતાના સ્વરૂપને છૂપાવે અને કંસને ભગવાનના જન્મનું જ્ઞાન ન થાય, એવી પ્રાર્થના કરવા દેવકીજી પ્રથમ ભગવાનની સ્તુતિ કરે છે, એમ શ્રીશુક નીચેના શ્લોકમાં કહે છે :

શ્રીશુક કહે છેઃ

**અથૈનમાત્મજં વીક્ષ્ય મહાપુરુષલક્ષણમ્ ।।**
**દેવકી તમુપાધાવત્ કંસાદ્ ભીતા સુવિસ્મિતા ।।૨૩।।**

પછી મહાપુરુષના લક્ષણવાળા તે પુત્રને જોઈને, સારી રીતે વિસ્મય પામેલાં, કંસથી ભય પામેલાં દેવકીજી તેમને શરણે ગયાં. ૨૩.

(ભગવાને દેવકીજીની) એવી બુદ્ધિ ઉત્પન્ન કરેલી હોવાથી, તેમણે 'આ (મારો) પોતાનો જ પુત્ર છે' એમ જાણ્યું. પરંતુ ચાર ભુજાઓવાળા હોવું વિગેરે લોકમાં પ્રસિદ્ધ (ભગવાનનાં) લક્ષણોને લીધે તે પુત્ર ભગવાનની સમાન છે એમ જાણીને, પોતાની બુદ્ધિથી[1] સ્મૃતિ અને પુરાણોમાં પ્રસિદ્ધ ભગવાનના સ્વરૂપનું આ પુત્રના સંબંધમાં વર્ણન કરવું જોઈએ એમ (વિચાર્યું); તે માટે[2] કહે છે કે 'મહાપુરુષ' એટલે પુરુષોત્તમનાં લક્ષણો છે જેમનામાં તે ભગવાનને (દેવકીજી) 'ઉપાધાવત્' એટલે શરણે ગયાં. સ્તુતિ કરીને જ[3] શરણે જશે. ભગવાનને લીધે જ તે કંસથી ભય પામેલાં હતાં.

ત્યારે ભગવાનના સ્વરૂપના જ્ઞાનને લીધે ભય જ કેમ[4] દૂર કરતાં નથી? એવી શંકા થાય, તેથી 'સારી રીતે વિસ્મય પામેલાં' પદ યોજેલ છે. તેમને આશ્ચર્યરસ જ ઉત્પન્ન થયો, પરંતુ જે નિશ્ચિત જ્ઞાનથી ભય દૂર થાય તેવું જ્ઞાન થયું નહિ, એવો અર્થ છે. 'શુચિસ્મિતા' 'પવિત્ર હાસ્યવાળાં' એવા પાઠથી ભગવાનની સ્તુતિ(કરવા)નું જ્ઞાન (તેમને) થાય તે માટે તેમનો પતિવ્રતપણું વિગેરે ધર્મ જણાવેલ છે. 'અથ' 'પછી' શબ્દ, (આ સ્તુતિ) જૂદા આરંભથી કરેલી છે, પણ વેદ વિગેરેના પ્રકારથી (કરેલી) નથી, (એમ જણાવે છે); કારણકે તેમ ન હોય (આ સ્તુતિ વેદ વિગેરેના પ્રકારથી કરી હોય) તો પુનરુક્તિ[5] (દોષ) થાય. ૨૩.

શરણે ગએલાં દેવકીજી[1] આઠ(શ્લોકો)થી (ભગવાનની) સ્તુતિ કરે છે. આરંભમાં (૧) આધિદૈવિક[2], (૨) આધ્યાત્મિક અને (૩) આધિભૌતિક એવાં ભગવાનનાં ત્રણ રૂપોનું નિરૂપણ કરી, (૪) શરણે જવાનું કારણ કહી, (૫) ચાલુ પ્રસંગમાં (કંસથી) રક્ષણ, અને ભગવાનના સ્વરૂપનું (કંસને) જ્ઞાન ન થાય તેવી

---

૧. સ્ત્રીઓને વેદના જ્ઞાનનો અધિકાર નહિ હોવાથી (આમ કહેલું છે), એવો ભાવ છે.(લે)

૨. 'તે માટે' એટલે 'એવા પ્રકારનો દેવકીજીનો આશય જણાવવા માટે.' (પ્ર)

૩. આ શ્લોકના આભાસમાં કહેલ અર્થની યોગ્યતા દર્શાવવા 'જ' શબ્દ કહેલ છે. (લે)

૪. અહિં, 'ભગવાન્' શબ્દ અધ્યાહાર છે. (લે)

૫. તેની તે જ વાત ફરી કહેવી તે દોષને પુનરુક્તિદોષ કહે છે. વસુદેવે વૈદિક તથા તંત્રના પ્રકારથી સ્તુતિ કરી, તેવી જ આ દેવકીજીની સ્તુતિ હોય તો એવો દોષ થાય.

૧. પાંચ શ્લોકોથી દેવકીજી સ્તુતિ કરે છે, એમ પાછળ કારિકા ૧૯ામાં જણાવ્યું છે અને ત્રણ પ્રાર્થનાના શ્લોકો મળી આઠ શ્લોકો થાય છે. એટલે ટિપ્પણી-શોધપત્રમાં અને અહિં વિરોધ રહેતો નથી. (પ્ર)

૨. અહિં (૧) થી (૮) સુધીના આંકડા મૂકેલ છે તે ભાગથી સ્તુતિના આઠ શ્લોકોનો અર્થ અનુક્રમે જણાવેલ છે. (પ્ર)

પ્રાર્થના કરે છે. (૬) હમણાં જ (જો કંસને) હણવામાં આવે[3] તો યુદ્ધ માટે પ્રવૃત્તિ થતાં જ પહેલાંનાં જ્ઞાન જેવું[3] (જ્ઞાન) થવાથી પ્રાણો રહે નહિ; તેથી તેવા પ્રકારે (હમણાં જ યુદ્ધ કરીને) રક્ષણ કરવા યોગ્ય નથી. બીજા પ્રકારથી રક્ષણની પ્રાર્થના કરતાં (કંસને ભગવાનના પ્રાકટ્યનું) જ્ઞાન ન થાય તેવી પ્રાર્થના કરે છે. તેમ ન હોય તો[4] પ્રથમ પક્ષ જ[5] ન થાય. (૭) વળી ભગવાન્ પોતાના સ્વરૂપને છૂપાવે એવી પ્રાર્થના કરે છે. સર્વથી ઉત્તમ હોય તેના તરફ સર્વનો દ્વેષ હોવાનું સંભવે, અને સર્વને હણવાનું અશક્ય છે. વળી અલૌકિક હોય તે તરત જ છૂપાવવાનું બની શકે. તેથી દેવકીજી માત્ર પોતાના માટે જ સ્વરૂપ છૂપાવવાનું કહે છે. બીજી બે પ્રાર્થનાઓ તો ચાલુ પ્રસંગમાં ઉપયોગી છે. એ પ્રમાણે ત્રણ પ્રાર્થનાઓ કરે છે. (૮) પોતાને ગર્વ થાય નહિ તે માટે, આ (ભગવાનનું) જન્મ પામેલ સ્વરૂપ નથી પરંતુ નટની પેઠે અનુકરણ (ધારણ) કરેલું રૂપ છે, એવું ભગવાનના અવતારનું નિરૂપણ કરે છે.

**રૂપત્રયં તથા હેતુઃ પ્રાર્થનાત્રિતયં તથા ।।કા.૨૧।।**
**નટત્વમિતિ વિજ્ઞાનં સ્વસ્ય યાદૃક્ તથોદિતમ્ ।।**

ત્રણ રૂપો તેમજ શરણે જવાનું કારણ, અને ત્રણ પ્રાર્થનાઓ[6], અને પોતાનું ભગવાન્ વિષે નટ તરીકે, જેવું જ્ઞાન[7] છે તે પ્રમાણે સ્તુતિમાં કહેલ છે[8]. કા.૨૧।।

આરંભમાં ભગવાન્ આધિદૈવિક છે એમ કહેતાં, પોતાનાં (ભગવાન્

---

૩. યુદ્ધમાં ભગવાન જ કંસને હણે એવું સંભવતું હોવા છતાં, પહેલાં ઊંચા કરેલાં આયુધોવાળા કંસે બાલકોને હણેલા તેથી હમણાં પણ તેવા કંસને જોવામાં આવે તે, તેનું પહેલાંના જ્ઞાન જેવું જ્ઞાન થાય, અને તેટલાથી જ (દેવકીજીના) પ્રાણ રહે નહિ એવો અર્થ છે. (ટિ)

૪. 'તેમ ન હોય તો' એટલે 'કંસને ભગવાનના જન્મનું અજ્ઞાન ન રહે તો (કંસ ભગવાનનો જન્મ થયો છે એમ જાણે તો)'. (ટિ)

૫. 'પ્રથમ પક્ષ' એટલે પ્રાણની અસ્થિતિ (પ્રાણનું નીકળી જવું) જ થાય, એવો અર્થ છે. 'ન સિધ્યેત્' '(પ્રથમ પક્ષ જ) સિદ્ધ ન થાય' એવો પાઠ લેવામાં આવે ત્યાં, 'પ્રથમ પક્ષ' એટલે 'રક્ષણ' અર્થ થાય છે. (ટિ)

૬. ૨૮, ૨૯ અને ૩૦ એ ત્રણ શ્લોકોમાં કહેલી ચાર પ્રાર્થનાઓ; અથવા રૂપ છૂપાવવાની અને કંસને રૂપનાં દર્શન ન કરાવવાની એ બે પ્રાર્થના એક જ હોવાથી એ શ્લોકોમાં કહેલી ત્રણ પ્રાર્થનાઓ. (પ્ર)

૭. આ કારિકામાં કહેલા ચારે અર્થ સાથે આ શબ્દનો અર્થ લેવાનો છે. (પ્ર)

૮. પહેલા ત્રણ શ્લોકોથી ત્રણ સ્વરૂપ, ચોથાથી શરણે જવાનો હેતુ, પાંચમાથી સાતમા સુધીનાથી ત્રણ પ્રાર્થનાઓ, અને આઠમામાં ભગવાનનું પ્રાકટ્ય એ નટ પ્રમાણે તેમણે ધારણ કરેલ સ્વરૂપ છે એવું જ્ઞાન, એ પ્રમાણે સ્તુતિના આઠ શ્લોકો છે. (કા)

સંબંધી ) જ્ઞાન[૯] અને પ્રમાણનું[૯] પ્રસિદ્ધિ[૯] સાથે નીચેના શ્લોકમાં નિરૂપણ કરે છેઃ

શ્રીદેવકીજી કહે છેઃ

**રૂપં યત્ તત્ પ્રાહુરવ્યક્તમાદ્યં બ્રહ્મ જ્યોતિર્નિર્ગુણં નિર્વિકારમ્ ।।**
**સત્તામાત્રં નિર્વિશેષં નિરીહં સ ત્વં સાક્ષાદ્ વિષ્ણુરધ્યાત્મદીપઃ ।।૨૪।।**

જે રૂપને ૧.અવ્યક્ત, ૨.આદ્ય, ૩.બ્રહ્મ, ૪.જ્યોતિ, ૫.ગુણરહિત, ૬.વિકારરહિત, ૭.માત્ર સત્તારૂપ, ૮.વિશેષરહિત અને ૯.ચેષ્ટારહિત કહે છે, તે સાક્ષાત્ વિષ્ણુ અંતઃકરણમાં પ્રકાશ કરનાર આપ છો. ૨૪.

જે (રૂપ)ને સર્વે આધિદૈવિક કહે છે તે જ આ (સ્વ)રૂપ છે. બીજાં બે (આધ્યાત્મિક અને આધિભૌતિક) લોકમાં પ્રસિદ્ધ છે, પરંતુ આધિદૈવિક તો અલૌકિક જ છે. જો એમ ન હોય[૧૦] તો પ્રમાણો અનુવાદ કરનારાં જ થાય (ગણાય). તેથી આ (સ્વ)રૂપ તે (આધિદૈવિક) જ છે.

'તે કયું ?' એમ જાણવાની ઈચ્છા થાય, તેથી 'તે જે (રૂપ)ને કહે છે' શબ્દો યોજેલ છે. પોતાના અનુભવની દઢતા (જણાવવા) માટે આકાંક્ષાના[૧૧] વિપરીતપણાથી[૧૧] પણ 'જે તે'ના અનુક્રમથી નિરૂપણ કરેલું છે.

'આ સ્વરૂપ આધિદૈવિકથી જૂદા પ્રકારનું હોવાથી આધિદૈવિક હોવાનું સંભવતું નથી' એવી શંકા થાય, તેથી 'અવ્યક્ત' વિગેરે નવ શબ્દોથી જૂદાઈના કારણ બનેલા ધર્મો અહિં[૧૨] (આ સ્વરૂપમાં) સિદ્ધ કરે છે, કારણ કે જગત્ નવ પ્રકારનું છે, તેથી જૂદા પ્રકારના બ્રહ્મનું નવ પ્રકારે નિરૂપણ કરવામાં આવે છે, અને જગતના ધર્મો તે (સ્વ)રૂપમાં જોવામાં આવે છે.

(૧) 'અવ્યક્ત જેમનું આદિ( મૂલ ) છે તેવાં ભૂતો છે' (ભગ.ગીતા. ૨।૨૮) વાક્ય પ્રમાણે મૂલરૂપ 'અવ્યક્ત' છે, પરંતુ જગત્ વ્યક્ત છે. આ (સ્વરૂપ) તો વ્યક્ત છે એમ લોકોને જણાય છે.

---

૯-૯-૯. 'તે આપ સાક્ષાત્ વિષ્ણુ છો' શબ્દોથી જ્ઞાન જણાવ્યું છે, 'અંતઃકરણમાં પ્રકાશ કરનાર' શબ્દથી પ્રમાણ જણાવ્યું છે અને જે (રૂપ)ને (અવ્યક્ત વિગેરે) કહે છે' શબ્દોથી પ્રસિદ્ધિ જણાવી છે. (લે)

૧૦. 'જો એમ ન હોય તો' એટલે 'આધિદૈવિક પણ લોકમાં પ્રસિદ્ધ હોય તો'. (પ્ર)

૧૧-૧૧. (અર્થ પૂરો થાય તે માટે શબ્દની જરુર રહે તેને 'આકાંક્ષા' કહે છે.) જેને '(અવ્યક્ત) વિગેરે કહે છે તે રૂપ આપ છો' એવો અર્થ હોવા છતાં, અહિં 'જે રૂપ છે તેને અવ્યક્ત કહે છે.' એમ વિપરીત (ઉલટી રીતે) કહેલ છે.

૧૨. 'અહિં' એટલે 'જગતના જેવા લક્ષણવાળા દેખાતા આ સ્વરૂપમાં'. (પ્ર)

(૨) મૂલ થએલ (બ્રહ્મ) તો 'આદ્ય' છે. આ (સ્વરૂપ) તો આધુનિક (હમણાં જ પ્રકટ થએલ) છે, અને જગત્ પણ (તેવું જ છે). (આ) બે પદોથી[૧૩] સ્વરૂપથી થએલ અને કાલે કરેલ જૂદાઈ દર્શાવી.

(૩) દેશે કરેલ જૂદાઈ કહેતાં, કદથી તે (તેવી જૂદાઈ) 'બ્રહ્મ' શબ્દથી કહે છે. મૂલભૂત 'બૃહત્ (મોટું) અથવા બૃંહણ (પોષણ કરનાર) હોવાથી બ્રહ્મ છે.' જગત્ તો હદવાળું અને પોષણ રહિત છે, તેવું જ (આ) સ્વ(રૂપ) છે. એવી રીતે 'સત્'ના અંશથી ત્રણ (પ્રકારની) જૂદાઈ (બ્રહ્મથી) દર્શાવી.

'ચિત્'ના અંશથી પણ ત્રણ (જૂદાઈ) 'જ્યોતિ, ગુણરહિત (અને) વિકારરહિત' ત્રણ શબ્દોથી જણાવે છે–

(૪) 'જ્યોતિ' – 'પ્રકાશ કરનાર તે ચૈતન્ય' જગતને પ્રકાશે છે, તેમ ન હોય તો જગત્ દેખાય નહિ.

(૫) 'ગુણરહિત' – વળી જગત્ ત્રણ ગુણોવાળું છે. જે ગુણોથી અતીત (ગુણોથી પેલે પાર, ગુણોની હદ બહાર) હોય તે જ કારણ હોય. ગુણો પણ જો કારણ હોય તો ભગવાન્ સ્વતંત્ર નહિ રહેવાથી કારણ[૧૪] ન હોય. ગુણો 'સત્'ના જ અંશો છે, તે 'ચિત્'માં[૧૫] હોવાનું સંભવતું નથી. જેની અંદર ભૂતો (મહાભૂતો), ઈન્દ્રિયો અને અંતઃકરણ છે તે જ ગુણવાળું છે[૧૬].

(૬) 'વિકારરહિત' – જે પ્રપંચથી જૂદા પ્રકારનું હોય તે જ કારણ હોય (હોઈ શકે). પ્રપંચ તો ઉત્પત્તિ વિગેરે ભાવના વિકારોવાળો[૧૭] છે. તેથી (કારણ) વિકારરહિત માનવું જોઈએ. (જેમનું) જ્ઞાન[૧૮] (થાય છે) તેવા લૌકિક (પદાર્થો) વિકારવાળા (અને) રૂપ વિગેરે ગુણોવાળા હોય છે, અને ઈન્દ્રિયો વિગેરેથી[૧૯]

---

૧૩. 'અવ્યક્ત' શબ્દથી સ્વરૂપથી થએલ બ્રહ્મની જગતથી જૂદાઈ કહી, 'આદ્ય' શબ્દથી કાલે કરેલી જૂદાઈ કહી.

૧૪. ગુણો જો (જગતનું) કારણ હોય તો શ્રુતિનો વિરોધ થાય, તેથી ગુણોથી અતીત હોય તે જ કારણ હોઈ શકે, એવો અર્થ છે. (પ્ર)

૧૫. 'જ્યોતિ' શબ્દથી 'ચિત્'રૂપ કહ્યું. તેથી વિરુદ્ધ (સતરૂપના) ગુણો તેમાં હોઈ શકે નહિ. તેથી કારણ ગુણાતીત જ છે એવો અર્થ છે. (પ્ર)

૧૬. આ સ્વરૂપ ગુણવાળું છે, એવું અનુમાન કરવાનું કારણ અહિં કહેલ છે. (પ્ર)

૧૭. (૧) ઉત્પત્તિ, (૨) સ્થિતિ, (૩) પ્રલય, (૪) વૃદ્ધિ, (૫) વિપરિણામ (ફેરફાર થવો) અને (૬) અપક્ષય, એ છ ભાવ (પદાર્થ)ના વિકારોવાળો, એવો અર્થ છે. (પ્ર)

૧૮. 'જ્ઞાન' એટલે 'જેનું જ્ઞાન થાય છે તે વિષય'. (પ્ર)

૧૯. 'વિગેરે' શબ્દથી સૂર્ય (દીપક) જણાવેલ છે. (પ્ર)

તેઓનો પ્રકાશ થાય છે.

(૭) વિષયથી થતી જૂદાઈ 'આનંદ' અંશમાં હોતી નથી, એમ જણાવવું જોઈએ. તે માટે 'માત્ર સત્તારૂપ' શબ્દ યોજેલ છે. 'સત્તા' એટલે હોવાપણું અથવા ત્રણે કાલમાં કાયમ રહે તેવી સત્તા. બધુંએ જગત્ 'સત્'રૂપ હોવા છતાં અમુક નામ અને રૂપના ગુણોવાળું હોય છે.

(૮) 'જેટલા વિશેષો[૨૦] છે તે (સર્વ) વિનાનું સામાન્ય[૨૧] છે જ નહિ' એવી શંકા થાય, તેથી લૌકિક વિષયમાં જ આ વ્યાપ્તિ[૨૨] (હોય છે) પરંતુ અલૌકિક (વિષયમાં) હોતી નથી એમ, માત્ર સત્તારૂપ હોવા છતાં, 'વિશેષ રહિત' છે એમ કહે છે. તેમ ન હોય તો (આ) પુનરુક્તિ થાય; કારણ કે વિશેષો જૂદાઈ કરાવનારા છે. મૂલસત્તામાં[૨૩] જૂદું કરવાનું કાંઈ નહિ હોવાથી વિશેષનું શું કામ ? કાર્યમાં તો તે (સત્તા) સર્વ સ્થલે રહેલી છે, તેથી કાર્યને જૂદું કરવાનું નથી. તેમ ન હોય તો ઘટ અને પટની પેઠે તે કારણ જ[૨૪] હોય (થઈ શકે) નહિ.

(૯) 'તે પૂર્ણ છે આ પૂર્ણ છે....' (ઈશાવાસ્ય ઉપનિષદ્.૧) વિગેરે શ્રુતિ પ્રમાણે કારણ સર્વ ચેષ્ટા વિનાનું જ છે. બધુંએ કાર્ય ચેષ્ટાવાળું જ છે. આકાશ વિગેરેમાં પણ શબ્દ ઉત્પન્ન કરવારૂપ ચેષ્ટા રહેલી જ છે. આવરણ દૂર થતાં[૨૫] કાર્ય દૂર થાય છે તે પ્રમાણે આકાશનું પણ દૂર થવું[૨૫] જોવામાં આવતું હોવાથી તેમાં પણ અંધકારની પેઠે ચેષ્ટા (રહેલી) છે. બ્રહ્મમાં તો (કોઈ) આવરણ કરનાર સંભવતું નહિ હોવાથી અને (બ્રહ્મનો) વ્યવહાર થતો નહિ હોવાથી, (બ્રહ્મ) 'ચેષ્ટારહિત'

---

૨૦. 'વિશેષ' એટલે પદાર્થમાં રહેલ ખાસ ગુણ, જેનાથી તે પદાર્થને ઓળખી શકાય.

૨૧. સામાન્ય એટલે એક જાતના ઘણા પદાર્થોમાં રહેલો એકસરખો ગુણ જેમકે બધી ગાયોમાં રહેલ 'ગોપણું'.

૨૨. ('જ્યાં જ્યાં ધૂમાડો છે ત્યાં ત્યાં અગ્નિ છે' એ વ્યાપ્તિ કહેવાય છે) આ વ્યાપ્તિ એટલે 'જે જે સામાન્ય છે' તેને વિશેષ છે એવી વ્યાપ્તિ. (પ્ર)

૨૩. 'મૂલસત્તા' એટલે 'આત્મરૂપ સત્તા'. (પ્ર)

૨૪. 'તે કારણ' એટલે મૂલસત્તા સમવાયિકારણ ન હોય. (પ્ર) (ઘટ પટ વિગેરે કાર્યોમાં માટી, તંતુ વિગેરે રહેલાં છે. માટી તથા તંતુથી ઘટ અથવા પટ જૂદા થઈ શકતા નથી. જો તે જૂદાં થાય તો તે ઘટ તથા પટનાં કારણ જ રહે નહિ. તેથી કાર્ય ઘટ પટમાં, કારણ માટી તથા તંતુની સત્તા રહેલી જ છે.)

૨૫-૨૫. આવરણ ઘટ વિગેરે હાલે ત્યારે તેની અંદર રહેલું (કાર્ય) જલ વિગેરે પણ હાલે છે. તેમાં જલ ન હોય તો તે ઘટમાં રહેલ આકાશ પણ હાલે છે. તેથી જેમ દીપક ફેરવતાં અંધકાર હાલે છે તેમ આ આકાશ પણ હાલતું હોવાથી તેમાં પણ ચેષ્ટા છે. (લે+પ્ર)

છે એમ સાબિત થાય છે જ.

જો કે એક વિશેષણમાં પણ સર્વ ધર્મોનો સમાવેશ કરી શકાય તેમ છે, છતાં નવ પ્રકારની જૂદાઈ જણાવવાની હોવાથી, નવ વિશેષણો કહેલાં છે. આ જ (સ્વ)રૂપ તેવા પ્રકારનું છે[૨૬]. જેમ ભમતી દષ્ટિથી જોવામાં આવતી ભૂમિ પણ ફરતી હોય તેવી દેખાય છે અને તે પણ તે(ભ્રમણ કરનાર)ની જ દષ્ટિથી (તેવી દેખાય છે), તેમ નવ પ્રકારના પ્રાણીઓ પોતાના દોષથી જ (આ સ્વરૂપને) નવ પ્રકારનું જૂએ છે, (જેમ ભ્રમણ ન કરનારને ભૂમિ ફરતી દેખાતી નથી), એવી જ રીતે અહિં પણ બ્રહ્મ જાણનારાઓની દષ્ટિથી ભગવાન્ (ઉપર) વર્ણવેલા ગુણોવાળા જ (દેખાય છે). જો તેમ ન હોય (ભગવાન્ બ્રહ્મના નવ ગુણો વર્ણવ્યા તેવા બ્રહ્મ જાણનારાઓને દેખાતા ન હોય) તો (૧) તેમનાં દર્શન માટે તેઓ પ્રયત્ન ન કરે[૨૭], (૨) બ્રહ્મા વિગેરે પણ પાછલથી ઉત્પન્ન થએલ(શ્રીકૃષ્ણ)ને નમન ન કરે, (૩) આ (સ્વરૂપ)માં સાયુજ્ય પ્રાપ્ત ન કરે, (૪) આ (સ્વરૂપ)ના જ્ઞાનથી સર્વજ્ઞ ન થાય, (૫) આમનામાં નિષ્ઠાવાળાઓ નિર્ગુણ ન થાય, (૬) આમના ભજનથી બધા વિકારો વિનાના ન થાય, (૭) સર્વ પદાર્થોમાં આમનાં દર્શન ન કરે, (૮) આમના જ્ઞાનથી પ્રપંચ દૂર ન થાય અને (૯) આમની કૃપાથી બ્રહ્મમાં નિષ્ઠાવાળા ન થાય; તેથી[૨૮] આ (શ્રીકૃષ્ણ) એવા જ છે.

---

૨૬. 'તેવા પ્રકારનું' એટલે 'નવ વિશેષણોવાળું'. (પ્ર)

૨૭.(૧) ભગવાન્ અવ્યક્ત છે, કારણકે બ્રહ્મા વિગેરે તેમનાં દર્શન માટે પ્રયત્ન કરે છે; જે અવ્યક્ત નથી તે, જેનાં દર્શન માટે બ્રહ્મા વિગેરે પ્રયત્ન કરતા હોય તેવું નથી.

(૨) ભગવાન આદ્ય છે, કારણ કે (બ્રહ્મા પછી) ઉત્પન્ન થએલ હોવા છતાં તેઓ તેમને નમન કરે છે;

(૩) ભગવાન્ બ્રહ્મ છે, કારણકે જીવ તેમનામાં સાયુજ્ય પ્રાપ્ત કરે છે; જે બ્રહ્મ નથી તે, જીવ જેમાં સાયુજ્ય પ્રાપ્ત કરતો હોય તેવું નથી.

(૪) ભગવાન્ જ્યોતિ છે, કારણ કે તેમના જ્ઞાનથી જીવ સર્વજ્ઞ થાય છે.

(૫) ભગવાન્ ગુણાતીત છે, કારણ કે તેમનામાં નિષ્ઠાવાળા નિર્ગુણ થાય છે.

(૬) ભગવાન્ વિકારરહિત છે, કારણ કે તેમના ભજનથી સર્વ વિકારરહિત થાય છે.

(૭) ભગવાન્ માત્ર સત્તારૂપ છે, કારણ કે સર્વ પદાર્થોમાં તે રહેલા છે.

(૮) ભગવાન્ વિશેષરહિત છે, કારણ કે તેમના જ્ઞાનથી પ્રપંચ દૂર થાય છે. જે વિશેષરહિત નથી તેના જ્ઞાનથી પ્રપંચ દૂર થતો નથી.

(૯) ભગવાન્ આનંદમાત્ર ચેષ્ટારહિત છે, કારણકે તેમની કૃપાથી જીવો બ્રહ્મનિષ્ઠ થાય છે. જે આનંદમાત્ર ચેષ્ટારહિત નથી તેની કૃપાથી જીવો બ્રહ્મનિષ્ઠ થતા નથી.

(એવા અનુક્રમે અનુમાનોથી 'આ સ્વરૂપ બ્રહ્મ છે' એમ સિદ્ધ થાય છે.) (પ્ર)

૨૮. 'તેથી' એટલે ઉપર નોટ ૨૭માં જણાવેલાં અનુમાનોથી. (પ્ર)

'સર્વ જ્ઞાનીઓએ ઉપાસના કરવા યોગ્ય ભગવાન્ હોય તો આ બધું સંભવે, પરંતુ હમણાં જ જેમનો આવિર્ભાવ થયો છે તે તેવા (સર્વ જ્ઞાનીઓએ ઉપાસના કરવા યોગ્ય) છે એમ કહી શકાય નહિ' એવી શંકા થાય, તેથી 'તે (આપ) છો' શબ્દો યોજેલા છે. જે (બ્રહ્મ) આવું છે તે આપ જ છો; તેનું કારણ 'વિષ્ણુ' શબ્દથી કહેલું છે. કારણ કે પહેલાં કહેલા પ્રકારે વિષ્ણુ સર્વેએ ઉપાસના કરવા યોગ્ય છે, તે જ સર્વના અધિદેવ છે. તે જ (અહિં) આવિર્ભાવ પામેલ છે, એવો બ્રહ્માના વાક્યથી[૨૯] નિર્ણય થાય છે.

'એમ હોય તો પણ (આ) અંશાવતાર થાય, અને તેથી મૂલ(સ્વરૂપ) નહિ હોવાથી (ઉપર) કહેલું સર્વ ખોટું (છે)' એવી શંકા થાય, તેથી 'સાક્ષાત્' પદ યોજેલ છે.

'વાક્ય ગૌણ પણ હોય, સ્તુતિ માટે યોજેલું પણ હોય. તેથી (એવો) નિર્ણય કેમ થાય ?' એવી શંકા થાય, તેથી 'અંતઃકરણમાં પ્રકાશ કરનાર' શબ્દ યોજેલ છે. 'આધ્યાત્મ' એટલે મારું (દેવકીજીનું) અંતઃકરણ વાસ્તવિક રીતે જડ, મોહ પામેલું અને સર્વ શાસ્ત્રો(ના જ્ઞાન) વિનાનું છે, તે જો આપની સન્નિધીથી આવા પ્રકાશવાળું થયું, (તો) તે જ આ(આવા નિર્ણય)નું કારણ છે એવો નિશ્ચય થાય છે; કારણ કે આધિદૈવિક જ અધ્યાત્મમાં પ્રકાશ ઉત્પન્ન કરનાર છે. તેથી મારા અનુભવથી પણ આપ (ઉપર) જણાવેલાં રૂપવાળા જ છો, અને કાર્ય[૩૦] વ્યભિચાર વગરનો હેતુ છે. ૨૪.

એ પ્રમાણે (ભગવાનના) આધિદૈવિક રૂપનું નિરૂપણ કરી, નીચેના શ્લોકમાં આધ્યાત્મિક રૂપનું નિરૂપણ કરે છે :

**નષ્ટે લોકે દ્વિપરાર્ધાવસાને મહાભૂતેષ્વાદિભૂતં ગતેષુ ।।**
**વ્યક્તેઽવ્યક્તં કાલવેગેન યાતે ભવાનેકઃ શિષ્યતેઽશેષસંજ્ઞઃ ।।૨૫।।**

બે પરાર્ધના અંતે લોકનો નાશ થતાં, મહાભૂતોનો આદિભૂતમાં પ્રવેશ થતાં, (અને) કાલના વેગથી વ્યક્તનો અવ્યક્તમાં પ્રવેશ થતાં, સર્વ સંજ્ઞાઓવાળા આપ એક જ બાકી રહો છો. ૨૫.

---

૨૯. ૧૦।૨।૪૧ માં બ્રહ્માએ કહેલ વાક્યથી. (પ્ર)

૩૦. 'કાર્ય' એટલે દેવકીજીના હૃદયમાં ભગવાને કરેલ પ્રકાશ. જ્યાં જ્યાં કાર્ય હોય ત્યાં કારણ હોવું જ જોઈએ, કારણ વિના કાર્ય હોઈ શકે જ નહિ. તેથી જ્યાં જ્યાં કાર્ય હોય ત્યાં કારણ હોવું જ જોઈએ એ નિયમ સર્વત્ર સત્ય છે, એટલે તે નિયમનો કોઈ પ્રસંગમાં વ્યભિચાર થતો નથી. અહિં કાર્ય ઉપર જણાવેલ અંતઃકરણમાં કરેલ પ્રકાશ હોવાથી, તેવો પ્રકાશ કરનાર કારણ આપનું ભગવાન્ હોવાપણું છે જ, એવો અર્થ છે.

સર્વ આધિભૌતિકનો અધ્યાત્મમાં[1] જ લય થાય છે, કારણકે તેને જ આત્મા તરીકે જણાવેલ છે. સ્વપ્ન વિગેરેમાં બહારના(પદાર્થો)નો પ્રકાશ નહિ હોવા છતાં અંદર પ્રકાશ જણાય છે[2], તેથી આ ભગવાન્ આત્મા છે. બીજો[3] લય સુધી રહેતો નથી તેથી તે (આધ્યાત્મિક ભગવાનનું રૂપ) લય સુધી હોય છે, એમ (આ શ્લોકમાં) કહે છે. 'લોકનો[4]' એટલે પ્રકાશનો અથવા ચૌદ લોકનો નાશ થતાં (આપ એક જ રહો છો). સર્વના નાશનો મુકરર થએલ કાલ છે, એમ જણાવવા 'બે પરાર્ધના અંતે' શબ્દ યોજેલ છે. 'પર' શબ્દથી બ્રહ્માનું આયુષ્ય કહેલ છે. તેનું અર્ધ (એ) 'પરાર્ધ.' બે પરાર્ધ થાય ત્યારે બ્રહ્મા(ના આયુષ્ય)ની સમાપ્તિ થાય છે. લોકમાં બંધની અને મોક્ષની વ્યવસ્થા કહેવા (જણાવવા) માટે, બ્રહ્માના પાછલા આયુષ્યમાં જ બ્રહ્માંડમાં રહેલાઓની મુક્તિ[5] થાય છે એમ જણાવવા, બ્રહ્માના આયુષ્યના અર્ધ (પરાર્ધ)નો વ્યવહાર (કરવામાં આવે છે). બંને પરાર્ધોનો અંત એટલે સમાપ્તિ થાય ત્યારે (આપ એક જ રહો છો). બ્રહ્માંડનો પ્રલય તો ત્યારે (બંને પરાર્ધોના અંતે) જ[6] થાય છે. ત્યારે તત્ત્વો હોય છે, તેઓનો પણ પ્રલય (થાય છે, એમ) 'મહાભૂતોનો આદિભૂતમાં પ્રવેશ થતાં' શબ્દોથી કહે છે. 'આદિભૂત' શબ્દથી અહંકાર કહેલ છે. આગળ મહત્તત્ત્વનો પણ પ્રકૃતિમાં લય

---

૧. અધિક આત્મા તે અધ્યાત્મા, તેમાં લય થાય છે એવો અર્થ છે. (લે)

૨. એ પ્રમાણે લય થવામાં અનુભવ પ્રમાણ છે, એમ આ વાક્યથી જણાવે છે. (લે)

૩. 'બીજો' એટલે 'સ્વપ્ન જોનાર જીવ'. (લે)

૪. (૧) 'લોક્યતે' જોવાય છે 'અનેન' આથી (જેનાથી) તે લોક એટલે બહારનો પ્રકાશ. (૨) 'લોક્યન્તે' જોવાય છે જે તે લોક એટલે ચૌદ લોક. એ પ્રમાણે આ શબ્દના બે અર્થ કરેલ છે. (પ્ર)

૫. '' 'બ્રહ્માંડમાં રહેલા' એટલે ક્રમથી મુક્તિ જેમણે પ્રાપ્ત કરેલી છે અને જેઓનું પ્રારબ્ધ બીજા પરાર્ધના અંત સુધીનું છે તેવા મુક્તિના અધિકારીઓ.'' પહેલા પરાર્ધમાં સૃષ્ટિ સમય જતાં વધતી જાય છે, તેથી અધિકારીઓનો બંધ જ થાય છે. બ્રહ્માની ઉત્તરાવસ્થામાં સૃષ્ટિ ઘટતી જાય છે તેથી અધિકારીઓના બંધ ધીરે ધીરે દૂર થતાં, તેઓનો મોક્ષ થાય છે. તેથી 'બ્રહ્માંડમાં રહેલાઓ' શબ્દથી જે અધિકારીઓ બ્રહ્માના બે પરાર્ધ પૂરા થાય ત્યારે ક્રમમુક્તિના ન્યાય પ્રમાણે પ્રારબ્ધની સમાપ્તિ થતાં મોક્ષ પ્રાપ્ત કરવાના છે તેઓ જણાવેલા છે. બીજા જ્ઞાનીઓ અને ભક્તોને તો હરકોઈ સમયે મુક્તિ થાય છે અને તેઓને મુક્તિ પ્રાપ્ત કરવા માટે કાલનો નિયમ નથી, એમ બ્રહ્મસૂત્ર. ૪।૨।૧૯ થી ૨૧નાં ત્રણ સૂત્રોથી જણાવેલ છે. (લે)

૬. આથી એમ જણાવેલ છે કે અવાંતર કલ્પમાં ત્રણ લોકનો નાશ થાય છે, તેમ મહાકલ્પમાં સાત લોકનો પ્રલય થાય છે, પણ બ્રહ્માંડરૂપ ભૂમિ રહે છે એવું અનુસંધાન રાખવું. (પ્ર)

(થાય છે એમ) કહેવાનું હોવાથી અહંકારનો પણ મહત્(મહત્તત્ત્વ)માં લય થાય છે એમ જણાવેલ છે. 'ભૂતોનું આદિ તે આદિભૂત' એવી વ્યુત્પત્તિ કરવાથી, આદિભૂત શબ્દનો અર્થ અહંકાર થાય છે. જો 'આદૌ' આરંભમાં 'ભૂતઃ' ઉત્પન્ન થએલ (તે આદિભૂત એવી વ્યુત્પત્તિ કરવામાં આવે) તો (તેનો અર્થ મહત્તત્ત્વ જ (થાય છે). 'વ્યક્તનો' એટલે મહત્તત્ત્વનો, 'અવ્યક્તમાં' એટલે પ્રકૃતિમાં પ્રવેશ થતાં, એમ 'વ્યક્ત' અને 'અવ્યક્ત' પદોથી આ[7] સૂચવે છે. અક્ષરમાંથી પ્રકૃતિ અને પુરુષ જૂદા પડે છે એવા મતમાં, પ્રકૃતિ અને પુરુષનો પણ અક્ષરમાં લય થાય છે. કાલ વિગેરે અવ્યક્ત જ છે. લંબાણ કરવાનું શું પ્રયોજન? બધુંએ વ્યક્ત અવ્યક્તમાં પ્રવેશ કરે છે. તેવો પ્રવેશ(કરવા)નું કારણ કાલનો વેગ જ છે. સર્વનો નાશ કરવાની ભગવાનની ઈચ્છા થાય ત્યારે સર્વનો નાશ કરવા માટે (નીમાએલ) અધિકારી કાલ વધારે વેગવાળો થાય છે. એવી રીતે કાલ પોતે પણ અક્ષરમાં પ્રવેશે છે, અક્ષર પુરુષોત્તમમાં પ્રવેશે છે, અથવા (કાલ પોતે) પુરુષોત્તમથી અભિન્ન[8] (જૂદા નહિ તેવા) અક્ષરમાં પ્રવેશે છે, ત્યારે આપ જ એકલા બાકી રહો છો.

'તે ભગવાનનાં જે આધિદૈવિક સ્વરૂપો રહેલાં છે તેઓનો પણ લય થતો હશે' એવી શંકા થાય, તે દૂર કરવા 'સર્વ સંજ્ઞાઓવાળા' શબ્દ યોજેલ છે. 'અશેષ' એટલે સર્વ સંજ્ઞાઓ છે જેમની (તેવા). સર્વ શબ્દોના અર્થરૂપ[9] ભગવાન્ એક જ છે, તેથી એક જ બાકી રહે છે એવો અર્થ છે. એ પ્રમાણે સર્વ આધિભૌતિકોનો લય જેમાં થાય છે તેવા અધ્યાત્મ(ભગવાન)નું નિરૂપણ કર્યું. ૨૫.

નીચેના શ્લોકમાં (ભગવાનનું) આધિભૌતિક રૂપ કહે છેઃ

**યોऽયં કાલસ્તસ્ય તેऽવ્યક્તબન્ધો ચેષ્ટામાહુશ્ચેષ્ટતે યેન વિશ્વમ્ ।।**
**નિમેષાદિર્વત્સરાન્તો મહીયાઁસ્તં ત્વેશાનં ક્ષેમધામ પ્રપદ્યે ।।૨૬।।**

હે અવ્યક્તના બંધુ! નિમેષથી આરંભી વર્ષ સુધીનો અને (તેથી) મોટો આ જે કાલ જેનાથી વિશ્વની ચેષ્ટા થાય છે (તેને) તેવા આપની ચેષ્ટા કહે છે.

---

૭. સર્વનો નાશ થાય તે સમયે એક જ ભગવાન્ રહે છે એમ કહેતાં, અહિં વ્યાખ્યાનમાં જે પ્રક્રિયા કહી તે સૂચવે છે. (પ્ર) ભૂતોનો અહંકારમાં લય થાય છે, અને અહંકારનો મહત્તત્ત્વમાં લય થાય છે. અહંકારનો મહત્તત્ત્વમાં લય થાય છે એ કહેલ નથી, પણ 'આદિભૂત' શબ્દના 'અહંકાર' અને 'મહત્તત્ત્વ' એવા બે અર્થ કર્યા. વ્યક્તમાત્ર અવ્યક્તમાં લીન થાય છે એમ કહ્યું તેથી અહંકારનો મહત્તત્ત્વમાં લય થાય છે એમ શ્લોકમાં સૂચવ્યું છે, એવો ભાવાર્થ જણાય છે.

૮. 'પુરુષોત્તમથી અભિન્ન' એટલે 'પુરુષોત્તમના ચરણરૂપ' એવો અર્થ છે. (ટિ)

૯. 'સર્વશબ્દવાચ્યઃ' એટલે 'સર્વ શબ્દોથી વાચ્ય (જણાવાતા)' એવો અર્થ છે. (પ્ર)

તેવા આપ ઈશ્વર અને ક્ષેમના ધામને હું શરણ જાઉં છું (આવું છું). ૨૬.

ભગવાન્ માત્ર આધિભૌતિક નથી, પરંતુ આધિભૌતિકોના પણ આધિભૌતિક[1] થએલા છે. કાલ 'જેમની ચેષ્ટા છે' શબ્દો વડે (ભગવાન્) તેવા છે એમ જણાવે છે. બધાએ આધિભૌતિક (પદાર્થો) કાલથી પ્રેરાએલા હોય છે. આ કાલ જે સર્વનું કારણ બનેલ છે, તે જ[2] આપ છો; તેથી (તેને)[3] 'તસ્ય' (તેવા) એટલે સર્વના મૂલ થએલ (કાલને), તે આપની ચેષ્ટા કહે છે.

'ભગવાનને ચેષ્ટા છે તેનું પ્રમાણ શું ? અને (તે) ચેષ્ટા કાલ છે (તેનું શું પ્રમાણ) ?' એવી શંકા થાય, તેથી 'આહુઃ' 'કહે છે' શબ્દથી (ભગવાનની) ચેષ્ટા કાલ છે તેનું પ્રમાણ કહ્યું. 'જેનાથી વિશ્વની ચેષ્ટા થાય છે' શબ્દોથી (ભગવાનને) ચેષ્ટા છે તેનું પ્રમાણ કહે છે. (જેનાથી એટલે) જે કાલથી વિશ્વની જ ચેષ્ટા થાય છે. કારણની ચેષ્ટા વિના કાર્યમાં ચેષ્ટા થતી નથી, અને કાલને લીધે ચેષ્ટા થાય છે, કારણ કે ચેષ્ટા કર્મરૂપ છે અને કર્મ કાલથી ઉત્પન્ન થાય છે, કારણ કે (અમુક) કાલમાં કર્મ (કરવાની) આજ્ઞા છે; તેથી કાલ ભગવાનની ચેષ્ટારૂપ છે.

'(જગતનું) કારણ પ્રકૃતિ છે, એવા મત પ્રમાણે અથવા પ્રકૃતિ દ્વારા કાર્ય થાય છે એવા મત પ્રમાણે કાલ (ભગવાનની) ચેષ્ટારૂપ છે એમ સિદ્ધ થશે નહિ' એવી શંકા થાય, તેથી 'હે અવ્યક્તના બંધુ !' શબ્દ યોજેલ છે. અવ્યક્ત એટલે પ્રકૃતિના બંધુ એટલે સર્વ કાર્ય કરનાર (આપ છો), તેથી પ્રકૃતિથી (અથવા પ્રકૃતિ દ્વારા) કાર્ય થાય છે એવા મત પ્રમાણે પણ, કાલ (ભગવાનની) ચેષ્ટારૂપ છે.

આધિદૈવિક કાલ ભગવદ્રૂપ હોવાથી, તે ચેષ્ટા નથી એમ જણાવવા 'નિમેષથી આરંભી વર્ષ સુધીનો' શબ્દો યોજેલ છે. જો કે પરમાણુ કાલ મૂલ (સર્વથી સૂક્ષ્મ, પ્રારંભનો) છે, તો પણ પરમાણુથી આરંભી લવ સુધીનો (કાલ) ઘણો સૂક્ષ્મ હોવાથી (તે) વ્યવહારમાં ઉપયોગી નથી એમ માની, 'નિમેષથી આરંભી' (કાલને) લીધેલ છે. ચેષ્ટારૂપ કાલ બે પરાર્ધ સુધીનો હોવાથી વર્ષ મધ્યમ (કાલ) છે, તેથી 'મોટો' શબ્દથી તેથી પણ (અધિક કાલ) કહેલ છે.

એ પ્રમાણે કાલ જેમની ચેષ્ટા છે, જે (એક જ) બાકી રહે છે, જે સર્વ કારણોનાં કારણ થએલ આધિદૈવિક છે તેવા આપને હું શરણે જાઉં છું (આવું છું). આથી 'બાલક પુત્ર શરણે જવા યોગ્ય કેમ (કહેવાય) ?' એવી શંકા દૂર થાય છે.

---

૧. બ્રહ્મસૂત્ર.૨।૩।૧૩ પ્રમાણે આધિભૌતિકમાં પ્રવેશ કરેલ ભગવાન્ આધિભૌતિકના આધિભૌતિક થાય છે. (પ્ર)

૨. ભગવાન્ ૩।૨૬।૧૭ પ્રમાણે કાલમાં પ્રવેશ કરે ત્યારે કાલરૂપ થાય છે. (પ્ર)

૩. 'જે' શબ્દને 'તે' ની અપેક્ષા રહે છે તેથી શ્લોકમાં 'તમ્' 'તેને' અધ્યાહાર જાણી ઉમેરવું(પ્ર)

આપ (શ્રીકૃષ્ણ) તેવા છો, એ વિષયનું પ્રમાણ પહેલાં 'કહે છે' શબ્દથી અને 'અંતઃકરણને પ્રકાશનાર' અને 'વિષ્ણુ' એ શબ્દોથી કહેલું જ છે.

'એવી રીતે શ્રીકૃષ્ણ સર્વરૂપ હોવા છતાં જો તે રક્ષણ વિગેરે (ધર્મ) પ્રકટ ન કરે તો શરણે જવું નકામું થાય' એવી શંકા થાય, તેથી તે દૂર કરવા 'ઈશ્વર' શબ્દ યોજેલ છે. જે ભગવાનના આટલા ધર્મો છે તે ઈશ્વર જ છે. ઈશ્વર (ભક્તોનું રક્ષણ કરવામાં) વિલંબ સહન કરતા નથી, તેમજ બેદરકાર રહેતા નથી.

'ઈશ્વર જો દૈત્યોનો પક્ષપાત કરે તો પણ કાર્ય (રક્ષણ) સિદ્ધ ન થાય' એવી શંકા થાય, તે (દૂર કરવા) માટે 'ક્ષેમના ધામ' શબ્દ યોજેલ છે. 'ક્ષેમ' નામનું શુદ્ધસત્ત્વ જેમનું ધામ છે, તેવા (આપ છો). તેથી (શ્રીકૃષ્ણ) સારા પુરુષોનો જ પક્ષપાત કરશે, તેથી કાંઈપણ ચિંતા નથી. આધારરૂપ ધર્મ (સત્ત્વ)નું જ પ્રાધાન્ય જણાવવા લિંગ(જાતિ)નો ફેરફાર[૪] (કરેલ છે). ૨૬.

એ પ્રમાણે ભગવાનનાં ત્રણ રૂપોનું[૧] તથા (દેવકીજી પોતે તેમને) શરણે જવાનું નિરૂપણ કરી, તે શરણે જવાનું ચાલતાં પ્રસંગમાં ઉપયોગી છે એમ જણાવવા નીચેના શ્લોકમાં (શરણે જવાનું) કારણ[૨] કહે છેઃ

**મર્ત્યો મૃત્યુવ્યાલભીતઃ પલાયન્ સર્વાંલ્લોકાન્નિર્ભયં નાધ્યગચ્છત્ ।।**
**ત્વત્પાદાબ્જં પ્રાપ્ય યદૃચ્છયાડદ્ય સ્વસ્થઃ શેતે મૃત્યુરસ્માદપૈતિ ।।૨૭।।**

મૃત્યુરૂપી સર્પથી ભય પામેલ સર્વ લોકમાં નાસતા મર્ત્યને નિર્ભય (કાંઈ) પ્રાપ્ત થયું નહિ. ઈશ્વરની ઈચ્છાથી આપના ચરણકમલને પ્રાપ્ત કરી હવે તે સ્વસ્થ (થઈ) આરામ કરે છે. મૃત્યુ આનાથી દૂર જાય છે. ૨૭.

અતીન્દ્રિય ( ઈન્દ્રિયોથી જાણી ન શકાય તેવા) કાલે લોકમાં પોતાનું જ્ઞાન કરાવવા પોતાની પ્રતિમારૂપ સર્પ બનાવ્યો. લૌકિક(પુરુષો)ને તો અલોકિકનું[૩] જ્ઞાન તે (પ્રતિમા) દ્વારા જ થાય છે. જેમ સિંહની પ્રતિમા કૂતરો છે, એ પ્રમાણે વાઘ, રોઝ વિગેરેની પ્રતિમા બિલાડી, ગાય વિગેરે છે[૪]. કાલ પોતાના ભક્ષ્યને જ ઉત્પન્ન

---

૪. ક્ષેમરૂપી સત્ત્વનો આધાર રાખી ભગવાન્ પ્રકટ થયા છે, તેમાં ક્ષેમરૂપી સત્ત્વ પ્રધાન છે, એમ જણાવવા 'ક્ષેમ' નાન્યતરજાતિનો શબ્દ હોવાથી, 'ક્ષેમધામ' શબ્દ ભગવાન્ માટે યોજાએલ હોવાથી નરજાતિમાં યોજવો જોઈએ, તેને બદલે નાન્યતરજાતિમાં યોજેલ છે. એ પ્રમાણે જાતિ (લિંગનો) ફેરફાર કરેલ છે.

૧. કાલરૂપ, ઈશ્વરરૂપ અને વિષ્ણુરૂપ એવાં ત્રણ રૂપ. (પ્ર)

૨. શરણે જવાનું કારણ ભય (આ શ્લોકમાં જણાવે છે). (પ્ર)

૩. 'અલૌકિક' એટલે 'ઈન્દ્રિયોથી જેનું જ્ઞાન થતું નથી તેવો ભય ઉત્પન્ન કરનાર કાલ'. (પ્ર)

૪. પ્રતિકૃતિ(પ્રતિમા)થી તેના જેવા બીજા પદાર્થનું જ્ઞાન થાય છે, તેનાં દૃષ્ટાંતો અહિં કહેલાં

કરે છે[૫] તેથી જેઓને કાલે ઉત્પન્ન કરેલા છે તેઓ 'મર્ત્ય' કહેવાય છે.

(૧) કાલની પત્ની કુંડલિની શક્તિ પોતાના પતિનું જ્ઞાન (ભાન) કરાવનારી સર્વ પુરુષોના દેહમાં રહે છે. યોગ તેની (કુંડલિનીની) સ્મૃતિ કરાવનાર છે, અને તેને શરણે ગએલ હોય તે જ યોગી (થાય છે). (યોગી થાય) ત્યારે તેણે (કુંડલિનીએ) વિજ્ઞપ્તિ કરેલ કાલ તરત જ (તે યોગીનું) ભક્ષણ કરતો નથી.

(૨) તેનો[૬] અધ્યાત્મા વેદ છે. તેણે (વેદે) કહેલ કર્મો(કરવા)થી પણ (મૃત્યુ થવામાં) વિલંબ થાય છે.

(૩) બીજાં પુરાણોમાં કહેલા સર્વ દેવો પણ તે (કાલ)નાં આધિભૌતિક રૂપો છે, તેઓ પણ (મૃત્યુમાં) વિલંબ(થવા)ના કારણો થાય છે. ત્રણ પ્રકારના[૭] આ પણ ધર્મમાર્ગમાં રહેનારા, સદા એકમાં આસક્તિવાળા અને તેને અધીન હોય છે. આથી વિરુદ્ધ સાધારણ લૌકિક (પુરુષો) જેમને તરત ભક્ષણ કરવા રાખેલા અને જે ખોરાક બનેલા[૮] છે, તેઓ જો કાલનું ઉલ્લંઘન કરવા પ્રયાસ કરે તો કાલનાં કાર્યરૂપ રોગો વિગેરેનો પોતા(ના દેહ)ની અંદર અનુભવ કરી, કાલ દૂર કરનાર તરીકે સાંભળેલા ઘણા ધર્મો આચરવાનો પ્રયાસ કરે છે, તે સર્પની પાસે પડેલા સર્પથી ભય પામેલા ઉંદરના જેવી નાસભાગ છે. મૃત્યુ કાલનું મુખ છે. તે (મૃત્યુ) પણ કાલ છે. ભયનું કારણ જણાવનારો 'વ્યાલ' શબ્દ મુખને જ (મૃત્યુનું) કારણ[૯] જણાવનારો (થાય છે). (મૃત્યુથી ભાગનાર) ગમે ત્યાં જતાં ભૂખ, તરસ, ઘડપણ, (શરીરની) કરચલીઓ, સફેદ વાળ વિગેરે નાના મોટા ધર્મોનો અનુભવ કરે છે. તેથી કાલનાં કાર્યનું દર્શન થવાથી, તેનો ભય દૂર થતો નથી.

'બહુ કાલ સુધી રહેલ (રહેતા) ધર્મો (જેવા કે) દેવપણું, મનુષ્યપણું અથવા વૃક્ષપણું (પ્રાપ્ત થતાં) (મૃત્યુનો) ભય દૂર થાય' એવી શંકા થાય, તેથી

---

છે. (તે પ્રમાણે સર્પ જોવાથી કાલનું જ્ઞાન થાય છે.) (પ્ર)

૫. કાલ સૃષ્ટિ રચે છે, એમ ૩।૨૯।૪૫માં કહેલ છે. (પ્ર)

૬. 'તેનો' એટલે 'ઇન્દ્રિયોથી જેનું જ્ઞાન થતું નથી તેવા (કાલ)નો' (પ્ર)

૭. યોગીઓ, કર્મકાંડ કરનારા અને દેવોની ઉપાસના કરનારા (એવા ત્રણ પ્રકારના). (પ્ર)

૮. 'જેનો બ્રહ્મ અને ક્ષત્ર બંને ખોરાક બને છે' શ્રુતિમાં જણાવ્યા પ્રમાણે ખોરાક બનેલા. (પ્ર)

૯. 'વિવિધં' (વિ) વિધવિધ પ્રકારની 'આલભનં' હિંસા જેનાથી થાય છે તે 'વ્યાલઃ' એવી વ્યુત્પત્તિ પ્રમાણે 'વ્યાલ' શબ્દ ભય સૂચવનાર છે. કોશમાં તેના અર્થ 'દુષ્ટ હાથી, સર્પ, શઠ, શ્વાન અને સિંહ' કહેલા છે. આ બધા મુખવાળાં જ પ્રાણીઓ હોવાથી તે શબ્દનો રૂઢિથી મુખવાળાં હિંસક પ્રાણી અર્થ થતાં, (તેનાથી મુખને જ મૃત્યુનું કારણ જણાવાય છે). (પ્ર)

'સર્વ લોકમાં' એમ કહેલ[૧૦] છે. 'નિર્ભય' એટલે ભયરહિતપણું, તેથી કોઈપણ પ્રકારથી મૃત્યુ દૂર થતું નથી એટલે ભયરહિતપણું પ્રાપ્ત કરતો નથી, અથવા (નિર્ભય એટલે) ભય વિનાનું સ્થાન પ્રાપ્ત કરતો નથી, કારણ કે શાસ્ત્ર અને અનુભવ મળતાં આવે (બંધ બેસતાં થાય) ત્યારે તે (ભય) દૂર થાય. પહેલાં જે ત્રણ પ્રકારના[૧૧] કહ્યા તેઓ પણ કાલને અધીન હોવાથી, (જેઓ કાલના) નિશ્ચિત ભક્ષ્ય છે તેમનું (રક્ષણ કરવા) સમર્થ નથી; કારણ કે પ્રાર્થના દુર્બલ છે.

એ પ્રમાણે શરણ શોધવા ચારે તરફ ભ્રમણ કરતાં, સર્વ સ્થલે પ્રવૃત્તિ કરાવનાર ભગવાન્ જો કોઈ સમયે પ્રસન્ન થાય તો ભગવાનના ચરણની પ્રાપ્તિ થાય છે. [૧૨]સત્સંગ અને ભાગવત એ બે ભગવાનના આધિભૌતિક ચરણ છે. જ્ઞાન અને ભક્તિ એ બે આધ્યાત્મિક ચરણ છે અને પ્રસન્ન થએલ ભગવાનના બે ચરણારવિંદો જ આધિદૈવિક ચરણ છે. તે બધામાંથી એક પ્રાપ્ત થતાં પણ કૃતાર્થતા થાય છે એમ જણાવવા 'આપના ચરણકમલને' શબ્દ યોજેલ છે. ભગવાન્ સહિત ભગવાનનું ચરણારવિંદ 'યદચ્છયા' એટલે ભગવાનની ઈચ્છાથી પ્રાપ્ત કરી આરામ કરે છે. (ચરણારવિંદ પ્રાપ્ત કરવામાં) કાલનો સંબંધ હોતો નથી એમ જણાવવા 'ભગવાનની ઈચ્છાથી' એમ કહેલું છે; કારણ કે મુકરર કરેલ કાલ 'યદચ્છા' કહેવાતો નથી. 'કમલ' શબ્દથી લોકમાં જ પ્રસિદ્ધ કરનારી અલૌકિક ઘણી શોભા કહેલી છે, (ઉપર જણાવેલ) ત્રણ[૧૩] કરતાં પણ અધિક (શોભા કહેલી છે). આ (શોભા)થી જ વિશ્વાસ થતાં, 'હવે' જ એટલે જ્યારે ચરણારવિંદ પ્રાપ્ત થાય ત્યારે જ સ્વસ્થ (થઈ) આરામ કરે છે, અને મૃત્યુ રોકવા કાંઈ પણ પ્રયાસ કરતો નથી, ઉલટું મૃત્યુ પોતાની મેળે જ જતું રહે છે. કારણ કે આ(જીવ)માં ભગવાનનું ચરણારવિંદ છે તેથી આ ગ્રહણ કરી શકાય તેવો નહિ હોવાથી, તેની પાસેથી જતાં રહેવું એ યોગ્ય જ છે. શાસ્ત્ર તો પ્રમાણ છે. (તેની સાથે) મળતા આવવું એ અલૌકિક ભાવની પ્રાપ્તિ છે. ભગવાન્ કાલનું નિયમન કરનાર છે. તેથી અનુભવ, પ્રમાણ અને યુક્તિઓ[૧૪] અહિં જ હોવાથી, પહેલાંની પેઠે આ માર્ગમાં

---

૧૦. દેવપણું વિગેરે હોય તો પણ 'મૃત્યુનો ભય દૂર નથી' એમ કહેલ છે એવો અર્થ છે. (પ્ર)

૧૧. યોગ, વેદ અને (દેવોની) ઉપાસના, એવા ત્રણ પ્રકારના (ઉપર કહ્યા તે). (પ્ર)

૧૨. 'ઉપર જણાવ્યા પ્રમાણે જે કાલથી નાસભાગ કરે તેને સાક્ષાત્ ભગવાનના ચરણારવિંદની પ્રાપ્તિ થાય એવું સંભવતું નથી' એવી શંકા થાય, તેથી તેનું (ચરણારવિંદની પ્રાપ્તિનું) તાત્પર્ય અહિંથી કહે છે. (ટિ)

૧૩. કુંડલિની, વેદ અને દેવો કરતાં. (પ્ર)

૧૪. 'સર્વને વશ કરનાર, સર્વના ઈશ્વર' વિગેરે શ્રુતિઓ પ્રમાણે ભગવાન્ કાલનું નિયમન

શંકા નથી. કપટરહિતપણાથી પ્રવૃત્તિ થાય તો આ માર્ગમાં અપવાદ[૧૫] નથી. ૨૭.

એ પ્રમાણે શરણે આવવાનું પ્રયોજન જણાવી, નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી ત્રણ પ્રાર્થનાઓ કરે છેઃ

**સ ત્વં ઘોરાદુગ્રસેનાત્મજાન્નસ્ત્રાહિ ત્રસ્તાન્ ભૃત્યવિત્રાસહાસિ ।।**
**રૂપં ચેદં પૌરુષં ધ્યાનધિષ્ણ્યં મા પ્રત્યક્ષં માંસદશાં કૃષીષ્ઠાઃ ।।૨૮।।**

તે આપ ત્રાસ પામેલા અમારું ઉગ્રસેનના ઘોર પુત્રથી રક્ષણ કરો. આપ સેવકનો ભય હરનારા છો; અને ધ્યાનમાં જેનું સ્થાન છે તેવું આ પુરુષનું રૂપ માંસની દષ્ટિવાળાઓને પ્રત્યક્ષ કરશો નહિ. ૨૮.

આ અવસરમાં ત્રણ (કાર્ય) સંભવે છે. (૧)[૧] ભગવાન્ હમણાં જ છૂપાઈ રહે, (અને) પછી બીજે રહીને પોતાની ઈચ્છાથી કંસને હણે. (એમ થાય) ત્યારે જ્ઞાન અને સોંપણની જરુર હોવાથી, આ વાત જાણીને કંસ અમને હણે. તેથી રક્ષણની પ્રાર્થના કરવી જોઈએ.

(૨) અથવા (ભગવાન્) કંસને હમણાં મારે, પછી (બીજે સ્થલે) પધારે. (એમ થાય) ત્યારે કંસના પક્ષપાતીઓ પાછલથી અમને હણે. તેથી આ (સ્વ)રૂપ[૨] લૌકિકમાં જણાવવું નહિ એવી પ્રાર્થના કરવી જોઈએ. એવા જ રૂપથી અહિં જ (ભગવાન્) સ્થિતિ કરે એવું પણ સંભવે છે. એમ થાય તો અલૌકિક (રૂપ) જોઈને પ્રાકૃત લોક દ્વેષ કરે, અમો વિગેરે (ભક્તો) તરત જ મુક્ત થઈએ અને ભક્તિના રસનો અનુભવ (અમને) થાય નહિ, અને મર્યાદાનો[૩] ભંગ થાય. તેથી (સ્વ)રૂપ નહિ દર્શાવવાની પ્રાર્થના યોગ્ય જ છે.[૪] આ સર્વ દોષો ન રહે તે માટે, હમણાં કંસને (આ સ્વરૂપનું) જ્ઞાન ન થાય એવી પ્રાર્થના (કરવી જોઈએ).[૪]

---

કરનાર છે. આ કારણોને લીધે આ માર્ગમાં કાલનો ભય નથી. (પ્ર)

૧૫. 'લોકમાં ભગવાનને શરણ જનાર પણ કાલથી નાશ પામતા જોવાય છે' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. પ્રહ્લાદની પેઠે કપટ વિના પ્રવૃત્તિ થઈ હોય તો કાલનો ભય રહેતો નથી જ, એવો અર્થ છે. (પ્ર)

૧. આ ત્રણ પ્રાર્થનાના શ્લોકોમાં કરેલી ચાર પ્રાર્થનાનું તાત્પર્ય અહિં કહેલ છે. આ શ્લોકમાં બે પ્રાર્થનાઓ કરેલી છે. (૧)(૨) અંકો મૂક્યા છે તે ભાગથી આ શ્લોકમાં કરેલી બે પ્રાર્થનાનું તાત્પર્ય જણાવેલું છે. (પ્ર)

૨. 'આ સ્વરૂપ' એટલે 'કંસને હણનારું સ્વરૂપ' (લે) ચાર ભુજાવાળું સ્વરૂપ.

૩. 'મર્યાદાનો' એટલે 'પુત્રભાવની મર્યાદાનો'. (પ્ર)

૪-૪. આ ભાગથી બીજા એટલે ૨૯મા શ્લોકમાં કરેલી પ્રાર્થનાનું તાત્પર્ય જણાવ્યું છે અને (૩) પેરાવાળા ભાગથી ૩૦મા શ્લોકમાં કરેલી પ્રાર્થનાનું તાત્પર્ય કહેલું છે. (પ્ર)

(૩) (ભગવાન્ કંસને) હમણાં હણે અથવા યુદ્ધ સમયે હણે ત્યારે પોતાનાં (દેવકીજી અને વસુદેવનાં) જીવન માટે (રક્ષણની પ્રાર્થના[૫] કરવી જોઈએ), કારણ કે (ભગવાન્ પોતાના સ્વરૂપને) છૂપાવે નહિ તો પહેલાં કહેલા પક્ષ[૬] સંભવે તેથી (સ્વરૂપને) છૂપાવવાની પણ પ્રાર્થના કરવી જોઈએ.

'(દેવકીજી કંસનાં) બેન છે અને (વસુદેવ બેનના) પતિ છે, તેથી કદાચ કંસ (તેમને) ન હણે' એવી શંકા થાય, તેથી 'ઘોર' શબ્દ યોજેલ છે. જેની જેની પ્રાર્થના કરેલી છે તે સર્વ આપવાનું સામર્થ્ય (ભગવાનમાં) છે, એમ જણાવવા 'તે આપ' શબ્દો યોજેલ છે. 'તે' એટલે પહેલાં કહેલ ધર્મોવાળા જ આપ છો. 'ઘોર' એટલે નિર્દય, ભયાનક, ક્રૂર, વિષ વિગેરે હરકોઈ ઉપાયથી (કંસને) ન હણવાનું કારણ 'ઉગ્રસેનના પુત્ર' એમ કહેલું છે. ઉગ્રસેનના શરીરથી જે ઉત્પન્ન થએલ છે તેને કેમ હણાય ? તે ઘોર હોવાથી હણે જ. પહેલાના પુત્રોના હણાવાથી (અમે) 'ત્રાસ પામેલાં' (છીએ). (અમો તેવાનું) 'ત્રાહિ' રક્ષણ કરો. આ ધાતુ[૭] ઉભયપદી છે એવો, તેનો (પરસ્મૈપદમાં) ઘણીવાર પ્રયોગ થવાથી નિશ્ચય થાય છે.

'હમણાં (કંસને) હણવામાં આવે તો પરિણામે (અંતે) દુઃખ રહેશે નહિ, છતાં રક્ષણ માટે એમ કેમ પ્રાર્થના કરવામાં આવે છે ?' એવી શંકા થાય, તેથી 'આપ સેવકનો ભય હરનારા છો' શબ્દો યોજેલ છે. 'ભૃત્યાનાં' અમો વિગેરે સેવકોના 'ત્રાસં' ભયને 'હન્તિ' હણો છો, તેથી 'ભૃત્યવિત્રાસહા' 'સેવકનો ભય હરનારા' (આપ છો). '(તેવા) છો' શબ્દથી (એમ કહેલું છે કે) આપનો તેવો સંકલ્પ છે. જેમ ગંધ પૃથ્વીનો જ (ગુણ) છે, તેમ ભક્તોનાં દુઃખ હરવાં એ ભગવાનનો જ (ગુણ) છે. જેમ હમણાં કંસને નહિ મારતાં બીજે સ્થલે પધારીને અમારું રક્ષણ કરવાનું છે, તેમ (બીજે સ્થલે) રહો ત્યાં સ્વરૂપને છૂપાવવાનું છે એમ ઉત્તરાર્ધથી કહે છે. આ રૂપથી સદા વિરાજવું યોગ્ય નથી તેથી 'માંસની દૃષ્ટિવાળા' એટલે ચર્મચક્ષુ-વાળાઓને આ રૂપ પ્રત્યક્ષ કરશો નહિ.

---

૫. 'રક્ષણની પ્રાર્થના' એટલું અહિં અધ્યાહાર છે, આ પક્ષમાં સ્વરૂપ છૂપાવવામાં ન આવે તે જ વિઘ્નકારક રહે છે, બીજું કાંઈ વિઘ્નકારક રહેતું નથી. તેથી સ્વરૂપ છૂપાવીને બીજે રહેવું એવો ભાવ છે. (ટિ)

૬. કંસને હણીને ભગવાન્ બીજે પધારે તો તેના પક્ષપાતીઓ અમને હણે; અને જો ભગવાન્ આ જ સ્વરૂપથી સ્થિતિ કરે તો પ્રાકૃત લોક દ્વેષ કરે, એ પહેલાં કહેલા પક્ષે સંભવે. (લે)

૭. આ ધાતુ આત્મનેપદનો છે, છતાં પરસ્મૈપદમાં ઘણીવાર આનો પ્રયોગ કરેલો છે. તેથી તે ઉભયપદી છે એવો નિશ્ચય થાય છે એમ કહેલ છે.

'(સ્વરૂપને છૂપાવું) તો તો કોઈની મુક્તિ થશે નહિ' એવી શંકા થાય, તેથી 'ધ્યાનમાં જેનું સ્થાન છે' વિશેષણ યોજેલ છે. 'ધ્યાનં' ધ્યાન જ 'ધિષ્ણ્યં' સ્થાન છે જેનું તેવું ('ધ્યાનધિષ્ણ્યં' આ રૂપ છે), તેથી ધ્યાનમાં જ તેનો પ્રકાશ (તેનું દર્શન) થાઓ, બહાર ન થાઓ. એટલે સર્વ બરાબર થશે એવો ભાવ છે. '(પ્રત્યક્ષ) કરશો નહિ' એ શબ્દોથી એમ જણાવ્યું છે કે આ (ભગવાન્ પોતાના આ સ્વરૂપને) પોતાની ઈચ્છાથી જ પ્રકટ કરે છે. વાસ્તવિક રીતે તો ઈન્દ્રિયોથી જેનું જ્ઞાન ન થાય તેવું જ (આ સ્વરૂપ) છે. 'માંસની દષ્ટિવાળાઓ' શબ્દથી એમ કહેલ છે કે માંસનું ભક્ષણ કરનારા આ દૈત્યો સર્વ સ્થલે માંસને જ જૂએ છે, પરંતુ આ કરવા યોગ્ય છે કે કરવાની મના કરેલું છે તેનો વિચાર કરતા નથી. 'ચ' 'અને' શબ્દ સમુચ્ચય (સરવાળા)ના અર્થમાં યોજેલ છે. ૨૮.

મધ્યમ પક્ષમાં[1] બેમાંથી એક[1] કરવામાં ન આવે તે માટે ભગવાન્ પોતે કંસને હણ્યા વિના બીજે સ્થલે પધારી જાય તો પણ જો કંસ ભગવાન્ પ્રકટ થયા છે એમ જાણે તો તે પોતે આવી યુદ્ધ કરે. તેથી તે દોષ એવો ને એવો જ રહે; તેથી કંસને ભગવાનના જન્મનું જ્ઞાન ન થાય એવી નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છેઃ

**જન્મ તે મય્યસૌ પાપો મા વિદ્યાન્ મધુસૂદન ।।**
**સમુદ્વિજે ભવદ્ધેતોઃ કંસાદહમધીરધીઃ ।।૨૯।।**

હે મધુસૂદન ! તે પાપી મારાથી (થએલ) આપનો જન્મ ન જાણે. ધીરજ વિનાની બુદ્ધિવાળી હું આપને લીધે કંસથી ઘણો ઉદ્વેગ પામું છું. ૨૯.

તે કંસ આપનો જન્મ ન જાણે; કારણ કે તે પાપી છે.

---

૧-૧. હમણાં (કંસને, હણવો અને (પછી) બીજે સ્થલે પધારવું, એવો મધ્યમ પક્ષ (ગયા શ્લોકનાં શ્રીસુબોધિનીજીમાં) કહેલ છે. હમણાં જ કંસને હણવો અને લોકમાં આ સ્વરૂપનાં દર્શન કરાવવાં, એ બેમાંથી એક કરવામાં ન આવે તે માટે, એવો અર્થ છે. આવો મધ્યમ પક્ષ હોવા છતાં જો ભગવાન્ કંસને હણ્યા વિના જ બીજે સ્થલે પધારે તો, પોતે તો તેને હણવાથી અટક્યા, છતાં પણ દોષ દૂર થતો નથી એમ આગળ કહે છે; તેથી કંસને ભગવાનનાં જન્મનું જ્ઞાન ન થાય એ જરુરી છે એમ કહેવાયું. (ટિ)

હમણાં કંસને ન હણતાં બીજે જવું એ પહેલો પક્ષ છે. હમણાં કંસને હણી બીજે પધારવું એ મધ્યમ પક્ષ છે. હમણાં કંસને ન હણતાં આ સ્વરૂપથી જ અહિં રહેવું એ ત્રીજો પક્ષ છે. મધ્યમ પક્ષમાં બે પેટા-પક્ષો છે. (૧) ભગવાન્ પોતે કંસ પાસે પધારી તેને હણે. (૨) પોતે હણવાથી અટકે તો પણ જો કંસ યુદ્ધ કરવા આવે તો તેને ભગવાન્ હણે. આવા બે પેટા-પક્ષો હોવા છતાં જો કંસ પોતે યુદ્ધ કરવા ન આવે તો તેને હણ્યા વિના જ ભગવાન્ બીજે પધારે, ત્યારે કંસને ભગવાનનો જન્મ થયાનું જાણવામાં આવે ત્યારે તે યુદ્ધ કરવા આવે, એવો અર્થ છે. (પ્ર)

'ત્યારે (તું) મારું સ્વરૂપ જાણતી નથી' એવી શંકા થાય, તેથી 'હે મધુસૂદન !' સંબોધન કરેલ છે. જો કે અમે આપનું સ્વરૂપ જાણીએ છીએ તો પણ મધ્યમ પક્ષમાં (રહેલી) શંકાને લીધે[2] એવી પ્રાર્થના કરીએ છીએ.

'મધ્યમ પક્ષમાં શું દોષ છે ? અવિશ્વાસ તો રાખવો જોઈએ નહિ' એવી શંકા થાય, તેથી 'હું આપને લીધે કંસથી ઘણો ઉદ્વેગ પામું છું' એમ કહે છે.

'વિશ્વાસ રાખવો જોઈએ' એમ કહેવામાં આવે, તેથી 'ધીરજ વિનાની બુદ્ધિવાળી' શબ્દ યોજેલ છે; કારણ કે પરમાનંદ ભગવાન્ પ્રકટ થાય ત્યારે કોઈપણ ક્લેશનું કારણ[3] રહે તે યોગ્ય નથી. 'આપને લીધે' એ શબ્દોથી એમ જણાવે છે કે જો આ (કંસ) અમારાથી ઉત્પન્ન થએલા ભગવાન્ બીજે રહે છે એમ જાણી જાય તો આગ્રહથી (તેમને) લાવી આપવાની માગણી કરે, કારણ કે પહેલાં તેવું વચન (વસુદેવે) આપેલ છે; તેથી આ (કંસ) ન જાણે તે જ યોગ્ય છે. ૨૯.

(ભગવાન્) જો બીજું રૂપ ધારણ કરે તો (તેમને) બીજે સ્થલે રાખવાનું પણ બની શકે, પરંતુ આ સ્વરૂપથી (તેમને બીજે સ્થલે રાખવાનું) બની ન શકે, તેથી આ રૂપ છૂપાવવા માટે નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છેઃ

**ઉપસંહર વિશ્વાત્મન્નદો રૂપમલૌકિકમ્ ।।**
**શઙ્ખચક્રગદાપદ્મશ્રિયા જુષ્ટં ચતુર્ભુજમ્ ।।૩૦।।**

હે વિશ્વરૂપ ! શંખ, ચક્ર, ગદા, પદ્મ અને કાંતિવાળું ચાર ભુજાઓ-વાળું આ અલૌકિક રૂપ છૂપાવો. ૩૦.

'આ' વેદથી જણાય તેવું અલૌકિક[1] રૂપ લોકમાં (દેખાડવું) યોગ્ય નથી તેથી તે છૂપાવો. 'હે વિશ્વરૂપ !' સંબોધનથી (બીજું) રૂપ ગ્રહણ કરવાનું અને (આ રૂપ) છૂપાવવાનું સામર્થ્ય જણાવેલું છે; કારણ કે તે (ભગવાન્) વિશ્વમાં સર્વે રૂપો ગ્રહણ કરે છે, અને છૂપાવે છે. 'આ' શબ્દથી એમ જણાવે છે કે અવતારને છૂપાવવો નહિ, પરંતુ માત્ર અલૌકિક હોય તેટલું જ છૂપાવવું. બધુંએ અલૌકિક છે તેથી બધુંએ છૂપાવવાનું થાય, તેથી જે લૌકિકના જેવું છે તે રાખવું અને બીજું

---

૨. હમણાં કંસને હણવાના સંબંધમાં શંકાને લીધે, કદાચ (યુદ્ધનું પરિણામ) વિપરીત થાય એવી શંકાને લીધે. (લે)

૩. ધીરજ વિનાની બુદ્ધિ રહેવા રૂપ ક્લેશનું કારણ ન હોવું જોઈએ. તેથી વિશ્વાસ હોવા છતાં ધીરજ વિનાની બુદ્ધિવાળી હોવાથી, કંસને આપના જન્મનું જ્ઞાન ન થાય તેવી પ્રાર્થના કરું છું, એવો અર્થ છે. (પ્ર)

૧. 'આ' શબ્દનો અર્થ અહિં કહેલ છે. (લે)

છૂપાવવું એમ કહેતાં, જે અલોકિક અંશ છે તે ઉત્તરાર્ધમાં જણાવે છે. શંખ, ચક્ર, ગદા અને પદ્મ (એ) આયુધોને છૂપાવવાં, અલૌકિક કાંતિ[2] છૂપાવવી, અને ચાર ભુજાઓ છૂપાવવી અને બે રાખવી. આ (અલૌકિકને) સૂચવનાર ચિહ્ન છે. પ્રાકૃતભાવથી જે જૂદું (અપ્રાકૃત) છે તે છૂપાવવું. પ્રાકૃતભાવ નથી છતાં રાખવો (ધારણ કરવો). દેવો વિગેરેને[3] તો ચાર ભુજાઓવાળું રૂપ પ્રાકૃત જ જણાય તો પણ સાધારણ (માણસો) પાસે તેવું[4] પણ પ્રકટ ન કરવું, એવી પ્રાર્થના છે. ૩૦.

એ પ્રમાણે સ્તુતિ કરી, પ્રાર્થનાઓ કરી, નીચેના શ્લોકમાં વિરોધનો નિરાસ કરે છે. અથવા અર્ધ(રૂપ) છૂપાવીને અર્ધ(રૂપ) રાખવાનું (ભગવાનમાં) સામર્થ્ય છે એમ જણાવવા, વિરોધવાળો ગુણ કહી, બેમાંનો એક[1] માત્ર દેખાડવાનો જ છે એમ જણાવી, નીચેના શ્લોકમાં (વિરોધ) સિદ્ધ કરે છેઃ

**વિશ્વં યદેતત્ સ્વતનૌ નિશાન્તે યથાવકાશં પુરુષઃ પરો ભવાન્ ।।**
**બિભર્ષિ સોયં મમ ગર્ભગોऽભૂદહો નૃલોકસ્ય વિડમ્બનં મહત્ ।।૩૧।।**

આપ પર પુરુષ આ જે વિશ્વ તેને નિશાના અંતે પોતાના દેહમાં અવકાશ પ્રમાણે (છૂટથી) ધારણ કરો છો, તે આ મારા ગર્ભમાં પધારેલ થયા. અહો ! મનુષ્યલોકનું ભારે અનુકરણ (કર્યું). ૩૧.

'પોતાના દેહમાં' એટલે બ્રહ્માંડ કહેવાતા પોતાના વિરાટ્ દેહમાં, 'નિશાના અંતે' એટલે સૃષ્ટિના પ્રલય સમયે ચૌદલોકરૂપ ભુવનને આપ અવકાશ પ્રમાણે (છૂટથી) ધારણ કરો છો. પ્રલય હોય ત્યારે (ભગવાન્ વિશ્વનો પોતાની

---

૨. 'શંખ, ચક્ર, ગદા, પદ્મ અને શ્રીવાળું' એવો સમાસ જાણવો. (લે)
૩. કેટલાક દેવો પણ ચાર ભુજાઓવાળા હોય છે, તેથી તેવું રૂપ અલૌકિક છે એવું તેમને ભાન હોતું નથી, પરંતુ બીજાને તેવું ભાન થાય છે તેથી તેમ (કહેલું છે). (ટિ)
૪. 'તેવું' એટલે 'જેની અલૌકિક કાંતિ છૂપાવેલી છે અને જે માત્ર ચાર ભુજાઓવાળું છે તેવું' એવો અર્થ છે. ૨૮મા શ્લોકના ઉત્તરાર્ધથી કંસ વિગેરે આ સ્વરૂપનાં દર્શન ન કરે એવી પ્રાર્થના કરી. તેથી જ ત્યાં 'માંસની દૃષ્ટિવાળા' શબ્દ યોજેલ છે. અહિં તો કંસ વિગેરેને દર્શન ન થાય, છતાં મનુષ્યમાત્રને તેવું દર્શન થાય તે આપણને હિતકારી નહિ હોવાથી, કોઈ મનુષ્યને એવું દર્શન ન થાય એવી પ્રાર્થના કરી છે. તેથી એ તથા આ શ્લોકમાં અદર્શનની બે પ્રાર્થનાઓ કરી તેમાંની એકે નકામી છે એવી શંકા કરવી નહિ. વળી ૨૮મા શ્લોકમાં કરેલી પ્રાર્થનાથી આ પ્રાર્થના થઈ જાય છે (એમ માનીએ) તો પણ ત્યાં કહેલાં માત્ર 'રૂપ' અને 'ધ્યાનમાં જેનું સ્થાન છે તેવું' એ શબ્દો સાંભળીને, હરિ સંપૂર્ણ રીતે રૂપને છૂપાવે નહિ તે માટે આ બીજી પ્રાર્થના ચોક્કસ રીતે કરી છે એમ જાણવું. (ટિ)
૧. 'બેમાંનો એક' એટલે 'દેવકીજીના ગર્ભમાં પધાર્યા તે એવો અર્થ છે. આ માત્ર દેખાડવા માટે જ કરેલ છે એમ દેવકીજી જણાવે છે, એવો અર્થ છે. (લે)

અંદર) સૂક્ષ્મ રીતે (સૂક્ષ્મરૂપથી) સમાવેશ કરે છે, તેથી 'નિશાના અંતે'[2] એમ કહેલું છે. (વિશ્વની ભગવાનની અંદર) ચિત્રવિચિત્ર રીતે સ્થિતિ હોતી નથી (એમ 'આ' શબ્દથી જણાવેલ છે).

'આ વિષયનું પ્રમાણ શું ?' એવી શંકા થાય, તેથી 'પર પુરુષ' શબ્દો યોજેલ છે. 'પુરુષ' એટલે વ્યષ્ટિ[3]. 'પર' એટલે સમષ્ટિ[3]. 'આપ' શબ્દ ભગવાનની સંમતિ માટે યોજેલ છે. તે (દેવકીજી) પોતે એવા ભગવાનના માહાત્મ્યના જ્ઞાનવાળાં છે, એમ ભગવાનને જણાવે છે. એવી રીતે આપ વિશ્વના આધાર થએલ હોવા છતાં મારા ગર્ભમાં પધારેલા થયા. વિરુદ્ધ સર્વ ધર્મો જેમનામાં રહેલા છે તેવા ભગવાનમાં જો કે આ આશ્ચર્યરૂપ નથી, તો પણ પોતાની માન્યતા પ્રમાણે આશ્ચર્યરૂપ માનીને, 'અહો ! મનુષ્યલોકનું ભારે અનુકરણ કર્યું' શબ્દોથી, વિરોધનો નિરાસ કરે છે. 'અહો !' શબ્દ આશ્ચર્ય જણાવનાર છે. 'મનુષ્ય લોકનું' એટલે સર્વ મનુષ્યોનું આ ભારે અનુકરણ (કર્યું), એમ વિરોધનું સમાધાન કરે છે. મોટો પણ નાનાનું અનુકરણ કરે છે, જેમ કે પુરુષ બિલાડીનું (અનુકરણ) કરે છે. છતાં પણ બ્રહ્માંડ જેમનો દેહ છે તે ઘણા જ સૂક્ષ્મ થાય એ આશ્ચર્યરૂપ છે એમ માનીને 'ભારે' શબ્દ યોજેલ છે. 'અનુકરણ ભારે (મોટું) (કર્યું)'. એવો (અર્થ છે). અનુકરણ ખરું જ, પરંતુ અલૌકિક અનુકરણ (કર્યું.) આ(શબ્દ)થી (દેવકીજીને) ગર્વ થયો નથી એમ પણ કહેવાયું. ૩૧.

એ પ્રમાણે વસુદેવ અને દેવકીજી બંનેએ પ્રાર્થના સહિત સ્તુતિ કરી, ત્યારે ભગવાન્ પોતે પુત્ર થવાનું અને તેવા રૂપથી પ્રકટ થવાનું કારણ કહેતાં, તેઓને જાણવા માટે તેઓનું પહેલાંનું વૃત્તાંત નીચેના શ્લોકથી આરંભી કહે છે. ચૌદ[1]

---

૨. ભગવાનના દેહમાં વિશ્વ સદા રહેલું છેતેથી 'નિશાના અંતે' પદ નકામું મૂક્યું છે, એવી શંકા થાય, તેથી આ કહેલ છે. પ્રલય હોય ત્યારે વિશ્વ સૂક્ષ્મરૂપથી ભગવાનમાં રહેલું હોય છે, પરંતુ નિશાના અંતે સ્થૂલરૂપથી અવકાશ પ્રમાણે છૂટથી રહેલું હોય છે એવો અર્થ છે. (લે)

૩-૩. 'સમષ્ટિ' એટલે સમૂહરૂપ. 'વ્યષ્ટિ' એટલે વ્યક્તિરૂપ.

૧. ભગવાને (અહિં) કહેલાં વાક્યોની સંખ્યાનું તાત્પર્ય અહિં જણાવ્યું છે. પૂર્ણબ્રહ્મ દેવકીજીના પુત્ર થાય એવું પ્રમાણથી સિદ્ધ નહિ હોવાથી, ભ્રમ ન થાય તે માટે સર્વ વિદ્યાઓ આ વિષયમાં પ્રમાણ છે એમ જણાવવા; વિદ્યાઓ ચૌદ હોવાથી ચૌદ શ્લોકોથી ભગવાન્ આ કહે છે એવો અર્થ છે. પ્રમાણનો ભાવ તે પ્રમાણપણું, એટલે તે પ્રમાણ (ગણાય) તે માટે (ભગવાન્ ચૌદ શ્લોકોથી કહે છે) એવો અર્થ છે. 'સંખ્યા પણ તાત્પર્યવાળી હોય, એ વિષયનું પ્રમાણ નથી' એવી શંકા ન કરવી, કારણ કે સંખ્યા તાત્પર્યવાળી હોવાનું શ્રુતિથી સિદ્ધ છે. કારણ કે 'બાર કપાલવાળો વૈશ્વાનર હોમ કરવો. પુત્ર ઉત્પન્ન થતાં જે આઠ કપાલવાળો થાય છે તેને ગાયત્રી જ બ્રહ્મના તેજથી પવિત્ર કરે

વિદ્યાઓનું પ્રમાણપણું (આ વિષયમાં છે એમ) જણાવવા ચૌદ શ્લોકોથી (ભગવાન્ તે વૃત્તાંત) કહે છેઃ

**પૂર્વસ્થિતિસ્તથા કાર્યં પ્રકારો ભજનં હરેઃ ।।કા.૨૨।।**
**કાલસ્તોષશ્ચ પ્રાકટ્યં વરપ્રાર્થનયા સહ ।।**

[૨](૩૨)તેઓની પહેલાંની સ્થિતિ તેમજ (૩૩)પહેલાંનું કાર્ય[૩] (૩૪) કાર્યનો પ્રકાર (૩૫)હરિનું ભજન (૩૬)જેટલા સમય સુધી ભજન કર્યું તે કાલ (૩૭)હરિનો સંતોષ (૩૮)હરિનાં પ્રકટ થવા સાથે વરદાનની પ્રાર્થના. કા.૨૨।।.

**અલ્પબુદ્ધિત્વભોગૌ ચ જન્મત્રિતયમેવ ચ ।।કા.૨૩।।**
**ત્રિગુણં ભગવત્સત્યં લૌકિકાદ્ વૈદિકાન્ મહત્ ।।**

(૩૯) (વસુદેવ અને દેવકીજીનું) અલ્પબુદ્ધિપણું[૪] અને (૪૦) ભોગ, (૪૧થી૪૩) (ભગવાનનાં ત્રણ જન્મો, (કારણ કે) લૌકિક અને વૈદિક (સત્ય) થી મોટું ભગવાનનું ત્રણગણું[૫] સત્ય છે. કા.૨૩।।.

**રૂપદર્શનકાર્યં ચ સાધનં પ્રોચ્યતે મહત્ ।।કા.૨૪।।**

(૪૪) (સ્વ)રૂપનાં દર્શન (કરાવવા)નું પ્રયોજન અને (૪૫) ઉત્તમ

---

છે, જે નવ કપાલવાળો થાય છે તેનામાં ત્રિવૃતથી જ તેજ મૂકે છે, જે દશ કપાલવાળો થાય છે તેનામાં વિરાટથી જ અન્ન વિગેરે મૂકે છે, જે અગીઆર કપાલવાળો થાય છે તેનામાં ત્રિષ્ટુભથી જ ઈન્દ્રિય મૂકે છે, જે બાર કપાલવાળો (કપાલનો અર્થ યજ્ઞનું પાત્ર વિશેષ, વિગેરે છે.) થાય છે તેનામાં જગતીથી જ પશુને મૂકે છે' એ શ્રુતિ પ્રમાણે કપાલોમાં બાર સંખ્યા કહેવાનું તાત્પર્ય, તેના અવયવ બનેલી સંખ્યાઓનાં ફલ કહીને જણાવેલું છે. જૂદી જૂદી સંખ્યાઓથી જૂદું જૂદું ફલ થાય છે એમ કહેવામાં પણ તે તે ફલવાળી સંખ્યાના જેવી જ (સંખ્યાવાળું) પ્રેરક છે એમ જાણવું, કારણ કે શ્રુતિઓમાં કહેલ છે તે પ્રમાણે 'ગાયત્રી આઠ અક્ષરવાળી છે, તે જત્રિવૃત્ છે, દશ અક્ષરવાળી વિરાટ્ છે અને વિરાટ્ અન્ન છે, ત્રિષ્ટુબ્ અગીઆર અક્ષરવાળી છે અને બાર અક્ષરવાળી જગતી છે. અને પશુઓ જાગત (જગતતા) છે.

૨. (૩૨) થી (૪૫) સુધીનાં અંકો જે શ્લોકમાં એ વૃત્તાંત કહ્યો છે તે શ્લોક જણાવવા મૂકેલ છે.

૩. 'કાર્ય' એટલે 'તપ'. (કા)

૪. મોક્ષ તેઓએ માગ્યો નહિ તેથી તેઓને અલ્પબુદ્ધિવાળાં કહેલાં છે. (કા)

૫. 'એકવાર ભગવાન્ પુત્ર થાય તો પણ વરદાનનું વાક્ય સત્ય થાય. છતાં ભગવાન્ ત્રણવાર પુત્ર કેમ થયા ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. લૌકિક સત્ય એકગણું, વૈદિક બેવડું અને ભગવદીય ત્રણગણું હોય છે. તેથી તેને અહિં સર્વથી અધિક કહેલું છે. તે અહિં (જગતમાં જ) ફલ આપે તો સાચું ઠરે. વૈદિક સત્ય તો બીજા જન્મમાં પણ ફલે તેથી તેને તેવું (બેવડું) કહેલ છે. ભગવાનનું વચન તો મોક્ષ થતાં સુધી જેટલા જન્મો થાય તે બધામાં ફલે છે. આ જ આ સત્યોમાં અનુક્રમે એક ગુણવાળું, બેવડું, ત્રણ ગુણવાળું કહેલ છે. (ટિ)

સાધન[૬] કહેવામાં આવે છે. કા.૨૪.

આરંભમાં વસુદેવ અને દેવકીજીની પહેલાંની સ્થિતિ કહે છેઃ

શ્રીભગવાન્ કહે છેઃ

**ત્વમેવ પૂર્વસર્ગેઽભૂઃ પૃશ્નિઃ સ્વાયંભુવે સતિ ।।**
**તદાઽયં સુતપા નામ પ્રજાપતિરકલ્મષઃ ।।૩૨।।**

હે સતિ ! પહેલાંના સર્ગમાં સ્વયંભૂના (સમયમાં) તું જ પૃશ્નિ હતી. ત્યારે આ સુતપા નામના પાપરહિત પ્રજાપતિ હતા. ૩૨.

'પહેલાંના સર્ગમાં' પ્રથમ કલ્પના પ્રથમ બ્રહ્માંડમાં અથવા આ પહેલાંના કલ્પમાં (તું પૃશ્નિ હતી). ભગવાન્ (આ વાક્ય) દેવકીજીને બારોબાર કહે છે, કારણ કે તે ગરીબડાં હોવાથી (ભગવાનનો તેમના ઉપર) ઘણો સ્નેહ છે. 'પૃશ્નિ' એ નામ (છે). સ્વયંભૂમન્વંતરમાં 'તું જ પૃશ્નિ હતી.' 'હે સતિ' એવું સંબોધન (કરેલું છે.) આથી આ (દેવકીજી) ઉપર ઘણી કૃપા હોવાનું કારણ (તેનો) અતિશય ધર્મ કહેલો છે. 'ત્યારે' એટલે તે જ સમયે આ (વસુદેવ) પણ 'સુતપા' એવા નામ(વાળા) પ્રસિદ્ધ હતા. આ પણ મરીચિ વિગેરે પેઠે, કર્દમ પેઠે 'પ્રજાપતિ' એટલે બ્રહ્માના પુત્ર હતા. સ્વભાવથી જ આ 'પાપરહિત' એટલે કામ, ક્રોધ, લોભ વિગેરે (દુર્ગુણ) વિનાના હતા. આવી (તમો બેની) પહેલાં સ્થિતિ હતી. ૩૨.

તેવા (સુતપા અને પૃશ્નિ) પ્રતિ બ્રહ્માની આજ્ઞા નીચેના શ્લોકમાં કહે છેઃ

**યુવાં વૈ બ્રહ્મણાદિષ્ટૌ પ્રજાસર્ગે યદા તતઃ ।।**
**સન્નિયમ્યેન્દ્રિયગ્રામં તેપાથે પરમં તપઃ ।।૩૩।।**

જ્યારે તમો બેને બ્રહ્માએ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી ત્યારપછી, (તમો બેએ) ઈન્દ્રિયોના સમૂહનો સંયમ કરી, પરમ તપ કર્યું.૩૩.

બ્રહ્માએ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી ત્યારપછી એટલે તે પછી તરત જ કોઈ અમુક પ્રદેશમાં (તમો બેએ) ઈન્દ્રિયોના સમૂહનો સંયમ કરી એટલે ત્યારથી સંબંધ નહિ કરીને, પરમ તપ કર્યું. સર્વ ઈન્દ્રિયોનો નિરોધ કરી, સર્વ આહાર તજી દઈ, વાયુ વિગેરેનો નિરોધ કરતાં, શરીરમાં સંતાપ ઉત્પન્ન થતાં તપ થાય છે. (તે તપ) ભગવાન્ સંબંધી[૧] હોવાથી 'પરમ' એટલે ઉત્તમ (હતું). એવી રીતે (આ શ્લોકથી) તે જન્મમાં (કરેલું) કાર્ય કહેલું (છે). ૩૩.

૬. 'ઉત્તમ સાધન' એટલે 'સ્નેહરૂપ ઉત્તમ સાધન.' (કા)

૧. તે તપ ભગવાનને ઉદ્દેશી (ભગવાન્ પુત્ર થાય એવા હેતુથી) કરેલું હોવાથી ભગવાન્ સંબંધી હતું. (લે)

નીચેના શ્લોકમાં તે તપનો પ્રકાર કહે છેઃ

**વર્ષવાતાતપહિમઘર્મકાલગુણાનનુ ।।**

**સહમાનૌ શ્વાસરોધવિનિર્ધૂતમનોમલૌ ।।૩૪।।**

વરસાદ, પવન, તાપ, હિમ, ઘર્મ અને કાલના ગુણોને અનુક્રમે સહન કરતાં, અને શ્વાસને રોકવાથી જેમનાં મનનો મલ જતો રહેલ છે તેવાં. ૩૪.

વર્ષાઋતુમાં ખુલ્લા પ્રદેશમાં રહી વરસાદ, અને અંતરિક્ષમાં રહી* પવન સહન (કરાય છે). પાંચ અગ્નિના પ્રકારથી તાપ સહન (કરાય છે). જલમાં રહેવું વિગેરેથી હિમ સહન (કરાય છે). 'ઘર્મ' એટલે બીજા સમયની પણ ગરમી. 'કાલના ગુણો' એટલે બીજા પણ ટાઢ વિગેરે સાધારણ (કાલના ગુણો). તેઓનો ઉપાય કર્યા વિના રહેવું, તે જ તેઓને સહન કરવું (છે). (તમે) બંને સહન કરતાં હતાં. એક તપ કરે અને બીજું તેની સેવા કરે તેમ ન હતું. ૩૪.

તેવા(તમો બે)એ ભગવાનની સેવા (કરી એમ) નીચેના શ્લોકમાં કહે છે :

**શીર્ણપર્ણાનિલાહારાવુપશાન્તેન ચેતસા ।।**

**મત્તઃ કામાનભીપ્સન્તૌ મદારાધનમીહતુઃ ।।૩૫।।**

સૂકાએલાં પાંદડાં અને અનિલ આહારવાળાઓએ ઉપશાંતિવાળા ચિત્તથી મારી પાસેથી કામનાઓની ઈચ્છા રાખતાં મારી સેવા કરી. ૩૫.

કેટલાક સમય સુધી (કરેલા) તપથી ચિત્ત શુદ્ધ થતાં ભગવાનની સેવા જ કરવી જોઈએ. બીજા પ્રકારે ન (થાય), એમ જાણીને તપ કરતાં જ તમે બેએ (ભગવાનની) સેવા કરી. જો બંને સર્વથા આહાર ન કરે તો બહારનું ભાન પણ બંનેને રહે નહિ, (તેથી) સેવા થાય નહિ. તેથી જેવા તપથી સેવા કરી તે (તપનો) ખાસ પ્રકાર, 'સૂકાએલાં પાંદડાં અને અનિલ એટલે વાયુ આહાર જેમનો હતો તેવા' શબ્દોથી કહે છે. ઘણી ઉપશાંતિ એટલે શુદ્ધ સાત્ત્વિક ગુણનો આવિર્ભાવ, તે જ 'ઉપશમ' (કહેવાય છે). તે પણ જો ચિત્તનો સ્વભાવ જ થઈ ગયો હોય તો ચિત્ત ઉપશાંતિવાળું થાય છે. એ પ્રમાણે યમો[૧] અને નિયમો[૧] કહ્યા. 'મારી પાસેથી' એટલે હરિ પાસેથી જ પુત્ર વિગેરે કામનાઓની ઈચ્છા રાખતાં, કામનાવાળાં થઈ, મારી આરાધના એટલે મારી સેવા તમો બેએ કરી. ૩૫.

---

*. 'અંતરિક્ષમાં રહી' એટલે 'વૃક્ષ વિગેરે ઉપર રહી' પવન સહન કરતાં, એવો અર્થ છે. (લે)

૧. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ યોગનાં અંગો છે. તે પૈકી પહેલાં બે યમ અને નિયમ છે. યાજ્ઞવલ્ક્યસ્મૃતિ ૩।૩૧૨ અને ૩૧૩માં પણ યમો અને નિયમો જણાવેલા છે.

એ પ્રમાણે તપ તથા સેવા કરતાં રહેતાં જેટલો સમય ગયો તે કહે છે :

**એવં વાં તપ્યતોર્ભદ્રે તપઃ પરમદુષ્કરમ્ ।।**
**દિવ્યવર્ષસહસ્રાણિ દ્વાદશેયુર્મદાત્મનોઃ ।।૩૬।।**

હે ભદ્રે ! મારી અંદર ચિત્તવાળાં તમો બેએ એ પ્રમાણે ઘણું કઠિન તપ કરતાં બાર હજાર દેવોનાં વર્ષ થઈ ગયાં. ૩૬.

સ્ત્રી અને પુરુષના ભાવથી રહેનાર (તે બેનું) સૌભાગ્ય જણાવવા 'હે ભદ્રે !' એવું સંબોધન કરેલ છે. સમય જતાં તપની વૃદ્ધિ થતાં, (તપ) ઘણું કઠિન થાય છે. 'બાર હજાર દેવોનાં વર્ષ' એટલે ચાર યુગો. યુગના ધર્મો પણ (તેમને તપ કરવામાં) નડ્યા નહિ, એમ જણાવવા (એ પ્રમાણે કહેલ છે). તેટલા સમય સુધી દેહ ટકવાનું કારણ 'મારી અંદર ચિત્તવાળાં' વિશેષણથી કહેલ છે. હું જ જેમના ચિત્તમાં છું તેવાં (મારી અંદર ચિત્તવાળાં તમે બે હતાં). ૩૬.

તમે (તપ) કર્યું ત્યારે હું પ્રસન્ન થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તદા વાં પરિતુષ્ટોઽહમમુના વપુષાઽનઘે ।।**
**તપસા શ્રદ્ધયા નિત્યં ભક્ત્યા ચ હૃદિ ભાવિતઃ ।।૩૭।।**

હે પવિત્ર સ્ત્રી ! ત્યારે તપ શ્રદ્ધા અને ભક્તિથી હૃદયમાં નિત્ય ચિંતન કરાએલો હું તમો બે ઉપર પ્રસન્ન થયો, (અને) આ શરીરથી...૩૭.

તમો બે ઉપર (હું) સર્વ તરફથી એટલે સર્વભાવથી પ્રસન્ન થયો. 'હું' શબ્દથી એમ કહેલ છે કે (આ શરીર) મારો અંશ નથી, તેમજ હું તેનો અંશ નથી પરંતુ આ શરીર એટલે આ આકારનાં દર્શન કરાવેલાં. 'શરીર' શબ્દથી (પોતામાં) પુત્રપણું રાખે છે. જો તેમ ન કરે તો તે (ભગવાનમાં) ઘણો સ્નેહ રહે નહિ. તેવું સ્વરૂપ હોવા છતાં પણ ઈચ્છા થઈ નહિ[1] એમ જણાવવા 'હે પવિત્ર સ્ત્રી !' એવું સંબોધન કરેલું છે, (કારણ કે) તે સ્વરૂપ પણ બાલરૂપ[2] હતું (છતાં) રૂપ ઘણું બલવાળું હોવાથી સ્થાનથી ભ્રષ્ટ થવાય[3]. તપ, શ્રદ્ધા અને નિત્ય (સતત) સેવા,

---

૧. ભગવાનનું સ્વરૂપ કરોડો કામદેવ કરતાં પણ અધિક લાવણ્યવાળું હોવાથી, તેવાં સ્વરૂપના દર્શન થતાં કામભાવ ઉત્પન્ન થાય, છતાં દેવકીજી મહાપતિવ્રતા હોવાથી જ તેવો ભાવ તેમનામાં ઉત્પન્ન ન થયો. તેથી તેમનું આવું સંબોધન કરેલ છે, એવો અર્થ છે. (યો)

૨. 'આ શરીરથી હું પ્રકટ થયો' એમ અહિં કહેલ છે. તેથી હમણાં જે સ્વરૂપનાં તેઓ દર્શન કરે છે તે જ સ્વરૂપનાં તેમને તે સમયે દર્શન કરાવેલાં. હમણાં જે સ્વરૂપનાં દર્શન તેમને થાય છે તે ૧૦।૩।૯માં જણાવ્યા પ્રમાણે બાલસ્વરૂપ છે. તેથી પહેલાં જેનાં દર્શન કરાવેલાં તે પણ બાલસ્વરૂપ જ હતું એવો અર્થ છે. (યો)

૩. 'બાલસ્વરૂપનાં દર્શનથી કામ ઉત્પન્ન ન જ થાય. તેથી કામ ઉત્પન્ન ન થવાના કારણથી

(એ) ત્રણ પ્રસન્ન થવાનાં કારણ છે. એમ હોય તો પણ બહિર્મુખો ઉપર (ભગવાન્) પ્રસન્ન થાય નહિ, તેથી 'હૃદયમાં ચિંતન કરાએલો' શબ્દો યોજેલ છે. હૃદયમાં સદા માનસિક પૂજા વિગેરેથી ચિંતન કરાએલો (હું હતો). (મારું હૃદયમાં તમે બે સદા ચિંતન કરતાં હતાં.) ૩૭.

ત્યારે હું (ભગવાન્) પ્રકટ થયો એમ કહેતાં, (ભગવાન્) પ્રકટ થાય ત્યારે ફલ તરતજમાં મળવું જોઈએ એવો નિયમ હોવાથી, વરની માગણી પણ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પ્રાદુરાસં વરદરાડ્ યુવયોઃ કામદિત્સયા ।।**
**વ્રિયતાં વર ઈત્યુક્તે માદૃશો વાં વૃતઃ સુતઃ ।।૩૮।।**

વર આપનારાઓનો રાજા તમને બેને વર આપવાની ઈચ્છાથી પ્રકટ થયો. 'વર માગો' એમ કહેતાં તમે બેએ મારા જેવો પુત્ર થાઓ એવો વર માગ્યો. ૩૮

'વરાન્' વરો' 'દદતે' આપે તેઓ 'વરદાઃ' વર આપનારાઓ બ્રહ્મા વિગેરે બીજાઓ છે; કારણ કે જેટલું માગેલું હોય તેટલું જ તેઓ આપે છે. તેઓનો રાજા તે 'વરદરાટ્' વર આપનારાઓનો રાજા, તે તો (માગેલું હોય) તેથી ઘણું વધારે અલૌકિક આપે છે. તેથી જ મારા જેવો પુત્ર માગ્યો એટલે હું જ ત્રણવાર પુત્ર થયો, એવો હું 'વરદરાટ્' છું. 'તમને બેને વર આપવાની ઈચ્છાથી' શબ્દોથી પ્રકટ થવાનું કારણ કહેલું છે. 'તમે બે' શબ્દોથી જેમણે ઘણા સયમ સુધી તપ કરેલું છે તેવાં જણાવેલાં છે. તે બેએ માગવાનું તો થોડું જ હતું અને (તેમનું) તપ ઘણું હતું. વળી મારામાં જેમની આસક્તિ હોય તેમનું તપ સ્વાભાવિક તપથી પણ વધારે ફલવાળું હોય છે. તેથી તે ફલ આપવા, 'વરદરાટ્' કહેલ છે. 'વર માગો' એમ સાધારણ રીતે જ કહ્યું. તે (તમે) બેએ પણ મને સાધારણ જાણીને, બાલકના સૌંદર્યથી મોહ પામીને, 'આપના જેવો પુત્ર થાઓ' એવો વર માગ્યો, એમ 'મારા જેવો (પુત્ર થાઓ)' શબ્દથી કહેલ છે. 'વાં' તમો બેથી (બેએ). 'પુત્ર' થાઓ એમ અર્થથી (જણાય છે). ૩૮.

મોક્ષ ન માગવાનું કારણ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અજુષ્ટગ્રામ્યવિષયાવનપત્યૌ ચ દમ્પતી ।।**
**ન વવ્રાથેઽપવર્ગં મે મોહિતૌ મમ માયયા ।।૩૯।।**

---

દેવકીજીની સ્તુતિ કેમ કરી ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. રૂપ કરોડો કામદેવથી અધિક લાવણ્યવાળું હોવાથી દેવકીજી સિવાયની સ્ત્રી તો (તેવાં સ્વરૂપનાં દર્શનથી) સ્થાનથી એટલે મર્યાદાથી ભ્રષ્ટ થાય. છતાં દેવકીજી ભ્રષ્ટ ન થયાં તેથી ભગવાને તેમનું એવું સંબોધન કરી તેમની સ્તુતિ કરેલી છે. (યો)

ગ્રામ્ય વિષય જેમણે સેવેલ નથી તેવાં, સંતાન વિનાનાં, અને મારી માયાથી મોહ પામેલાં દંપતીએ મારી પાસેથી મોક્ષનો વર માગ્યો નહિ. ૩૯.

'ગ્રામ્ય વિષય' એટલે લૌકિક સ્ત્રીસંભોગ. ભગવાન્ માટે પ્રીતિ તો તેઓમાં હતી જ; પરંતુ તેમણે સેવાનો વર માગ્યો નહિ[૧], સેવેલ નથી ગ્રામ્ય વિષય જેઓએ તેવાં તે બે હતાં. વૈદિકપ્રકારથી પણ લૌકિક ફલની પ્રાપ્તિ થાય છે તેથી તે (વૈદિક ધર્મ) ઉત્પન્ન થવાથી પણ લૌકિક ફલ પ્રાપ્ત થાય, તેથી તેવું ફલ પ્રાપ્ત થયું ન હતું[૨] એમ જણાવવા 'સંતાન વિનાનાં' શબ્દ યોજેલ છે. જેમને સંતાન નથી તેવાં (સંતાન વિનાના) તેઓ હતાં. 'ચ' 'અને' શબ્દથી એમ સૂચવ્યું છે કે માલા વિગેરે બીજા ભોગ પણ સેવ્યા ન હતા. 'દંપતી' શબ્દથી બંનેનું સાથે રહેવાનું સદાનું છે એમ કહેલ છે. તેથી પણ મોક્ષ માગેલ નહિ. (૧) રાગ (સંસારમાં આસક્તિ) દૂર થએલ નહિ હોવાથી, (૨) ઋણ ફીટાડેલ નહિ હોવાથી[૩] અને (૩) મોક્ષથી વિરુદ્ધ આશ્રમમાં રહેલાં હોવાથી[૩] મોક્ષ માગ્યો નહિ. સર્વ રીતે શાસ્ત્રાર્થનું પૂરું જ્ઞાન હોવા છતાં પણ આ ત્રણ રહ્યાં તેનું કારણ 'મારી માયાથી મોહ પામેલાં' શબ્દોથી કહેલું છે. ભગવાનની લીલા કરાવનારી આ વિશેષ[૪] માયા

---

૧. 'જુષ્' ધાતુના અર્થ પ્રીતિ રાખવી, સેવવું એવા છે, અને દેવકીજી તથા વસુદેવની ભગવાનમાં પ્રીતિ હતી, છતાં 'અજુષ્ટ' (પ્રીતિ વિનાનાં) તેમને કેમ કહ્યાં ?' એવી શંકા થાય તો જાણવું કે બીજો (સેવવું) અર્થ લઈને 'અજુષ્ટ' પદ યોજેલ છે, એમ 'સેવાનો વર માગ્યો નહિ' શબ્દોથી (શ્રીમદાચાર્યચરણ) કહે છે. (ટિ)

૨. 'ગ્રામ્ય વિષયો સેવ્યા નહિ' એમ કહ્યું, તેથી સંતાન ન હતું એમ કહેવાઈ જ ગયું, છતાં ફરી 'સંતાન વિનાનાં' કહેવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી તે શબ્દ યોજવાનું તાત્પર્ય અહિં કહેલ છે. વૈદિક ધર્મના અલૌકિક પ્રકારથી પણ તેમને સંતાન થએલ ન હતું એમ જણાવવા તે પદ યોજેલ છે. (ટિ)

૩. 'સંતાન વિનાનાં' હોવાથી ઋણ ફીટાડ્યું નથી, અને 'દંપતી' હોવાથી મોક્ષથી વિરુદ્ધ આશ્રમમાં રહેલાં છે.

૪. 'મોક્ષ માગવા પહેલાં ભગવાન્ જેવો પુત્ર તે બેએ માગ્યો તેનું ફલ મોક્ષથી પણ અધિક, જેનું વર્ણન કરવાનું છે તે લીલામૃતનો સમુદ્ર છે. છતાં તેવી પ્રાર્થના કરવાનું કારણ માયાથી થતો મોહ કહેવો, એ ભક્તિમાર્ગથી વિરુદ્ધ છે. વળી આમ કહેવાથી (લીલામૃત કરતાં) પણ મોક્ષ અધિક થાય' એવી શંકા થાય, તેથી આ વિશેષ માયા (જૂદા પ્રકારની) છે એમ કહેલ છે.

'' 'ત્યારે મારી કૃપાથી મોક્ષ ન માગ્યો' એમ કહેવું યોગ્ય હતું, પરંતુ 'માયાથી થએલ મોહથી મોક્ષ ન માગ્યો' એમ કહેવું યોગ્ય ન હતું'' એવી શંકા થાય, તો જાણવું કે (આવી શંકા ભક્તિમાર્ગનું) જ્ઞાન ન હોવાથી થાય છે. ભગવાન્ પ્રકટ થયા એટલે તે બેમાં જ્ઞાનશક્તિ પણ પ્રકટ થઈ, છતાં તેમને 'આ શ્રીકૃષ્ણ બ્રહ્મ અથવા ભગવાન્ છે' એવું જે જ્ઞાન ન રહ્યું તે

મોહ વિના બને નહિ. વળી 'આ શ્રીકૃષ્ણ ભગવાન્ છે' એવું જ્ઞાન લીલાથી વિરુદ્ધ છે (કારણ કે એવું જ્ઞાન તેમને હોય તો ભગવાનની લીલા થઈ શકે નહિ). તેથી ભગવાને તેવું તેમને જણાવ્યું નહિ.

'એવું જ્ઞાન તેમને રહેવા દીધું નહિ એ પણ ભગવાનની કૃપા જ, તેથી મોહથી એમ થયું એમ ન કહેવાય' એવી શંકા થાય, તો જાણવું કે એવો મોહ પણ ભગવાનની કૃપાથી જ તેમને થયો.

''છતાં પણ આવા વિષયમાં 'મોહ થયો' એમ કહેવું તે ભક્તોને કેમ ગમે ?'' એવી શંકા થાય, તો તેનો પ્રકાર નીચે પ્રમાણે જાણવો. અચિંત્ય અને અનંત શક્તિવાળા ભગવાનની ચોક્કસ કાર્યવાળી જૂદી જૂદી લીલાઓ અનેક પ્રકારની છે. આમ હોવાથી જે શક્તિનો અંતરંગ લીલામાં જ અધિકાર છે તે શક્તિ જૂદી જૂદી લીલામાં રહેલા જૂદા જૂદા ભક્તો પૈકી જે ભક્ત પાસે જેવી લીલા કરાવવાની ભગવાનની ઈચ્છા હોય તે ભક્તની તેવી લીલામાં ઉપયોગી પદાર્થોમાં આસક્તિ કરાવે છે અને તે સિવાયના પદાર્થોનું તે ભક્તને વિસ્મરણ કરાવે છે. તેથી આ ધર્મ માયાના જેવો હોવાથી, તે શક્તિના કાર્યને પણ મોહ કહેવામાં આવે છે. વળી જ્યારે પ્રભુ પ્રકટ થાય ત્યારે સર્વ શક્તિઓ પણ પ્રકટ થવા છતાં પોતાને જે લીલા કરવાની હોય તેને અનુકૂલ સિવાયના બીજા બધાનું જ્ઞાન તે ભક્તને રહેતું નહિ હોવાથી 'પ્રમાણમાર્ગથી પ્રમેયમાર્ગ બહુ જૂદા પ્રકારનો અને ઘણો બલવાન છે' એમ જણાવવા પણ (તે શકિતના કાર્યને) મોહ કહે છે. તેથી જ ૧૦।૨૬।૮માં 'મોહ પામેલાં પાછાં ફર્યા નહિ,' એમ કહેલું છે. ત્યાં 'મોહ ન હોય તે ઉત્તમ' એમ કહી શકાય નહિ, કારણ કે મોહ ન હોત તો ઘેર પાછાં જાત. જેમ જેમ આ મોહ અધિક હોય તેમ  તેમ પુષ્ટિમાર્ગમાં ભાવ વધારે છે એમ જાણવું. તેથી 'ગોવિંદે હરેલાં અંતઃકરણવાળાં' હોવાથી જ પાછાં ઘેર ન જાય એવો સંભવ હોવા છતાં, 'મોહ પામેલાં' કહેલાં છે. તેથી જ 'ભગવાન્' ('મમ') અને ('માયયા') માયાના અર્થવાળા શબ્દોનો સમાસ કરેલ નથી; કારણ કે પિતાપણું વિગેરે ભાવો દાસ્યભાવથી હલકા છે. ('મમ માયા' કહી તેથી માયા ભગવાનની દાસી થઈ. 'મન્માયા' એવો સમાસ કર્યો હોત તો મારાથી ઉત્પન્ન થએલી માયા એવો અર્થ થતાં ભગવાન્ માયાના પિતા થાય.) અથવા 'મચ્છર જેટલા...' વિગેરે શ્રુતિ પ્રમાણે ભગવાન્ સર્વના સરખા હોવા છતાં, બીજું કોઈ ભગવાનની સમાન નથી. તેથી ભગવાનના જેવા પુત્રની પ્રાર્થના કરવી એ મોહનું જ કાર્ય છે, તેથી 'માયાથી મોહ પામેલાં' કહેલાં છે. વાસ્તવિક રીતે તો 'મોક્ષ માગ્યો નહિ' એટલું કહેવાથી જ સર્વ અર્થ સિદ્ધ થતો હોવા છતાં 'મે' 'મારી પાસેથી' કહ્યું, તેથી પુરુષોત્તમના સંબંધવાળો ભક્તિમાર્ગીય દાસ્યરૂપ જે મોક્ષ કહેવાય છે તે માગ્યો નહિ એવો અર્થ છે, કારણ કે આ દાસ્યરૂપ મોક્ષ સર્વથી ઉત્તમ છે. તે ન માગવો એ મોહનું જ કાર્ય હોવાથી એમ કહેલું છે.

'દાસ્યભાવ નહિ માગવાનું કારણ જણાતું નથી, કારણ કે માયા વિના પણ આ સર્વ અર્થ (દાસ્યભાવ માગવાથી) સિદ્ધ થાત' એવી શંકા થાય તો જાણવું જે ભગવાને (દેવકીજી અને વસુદેવને) જે વચનો કહ્યાં તેથી, અને ભગવાનનાં ઉપર વર્ણન કર્યું તેવાં

છે, સાધારણ (માયા) તો શાસ્ત્રના જ્ઞાનથી દૂર થાય છે. મોક્ષ (તમે બેએ) માગ્યો નહિ, જન્મ અને મરણની સમાપ્તિ તે મોક્ષ. જો બારોબાર મોક્ષ નહિ માગતાં તે બે ભક્તિ માગે, તો પણ (તેમનો) મોક્ષ થાય; (પણ) તે (ભક્તિ) પણ માગી નહિ એટલે 'વૈ' નિશ્ચયપૂર્વક મોક્ષ માગ્યો નહિ. 'મે' એવો પાઠ હોય ત્યારે (તેનો અર્થ) 'મારી પાસેથી' અથવા 'મારા સંબંધવાળો' (કરવો), એટલે પ્રમેયબલથી મોક્ષ આપો એવી પ્રાર્થના કરી નહિ, એવો અર્થ થાય છે. ૩૯.

ભગવાને વર આપ્યો એ અર્થથી સિદ્ધ હોવાથી તે ન કહેતાં, ભગવાન્ ત્યાંથી પધારી ગયા ત્યારે આરંભમાં સંસારમાંની આસક્તિ દૂર કરવા માટે તમે બેએ ગ્રામ્ય ભોગો ભોગવ્યા એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ગતે મયિ યુવાં લબ્ધ્વા વરં મત્સદૃશં સુતમ્ ।।**
**ગ્રામ્યાન્ ભોગાનભુઞ્જાથાં યુવાં પ્રાપ્તમનોરથૌ ।।૪૦।।**

હું ગયો ત્યારે તમે બેએ મારા જેવા પુત્રનો વર પ્રાપ્ત કરીને ગ્રામ્ય ભોગો ભોગવ્યા, (કારણ કે) તમો બેને (તમારો) મનોરથ પ્રાપ્ત થયો હતો. ૪૦.

મારા જેવો પુત્ર વર તરીકે પ્રાપ્ત કરી, એટલે (મારા જેવો પુત્ર થશે) તેનો નિશ્ચય કરી, ગ્રામ્યભોગથી તેમાં (મારા જેવો પુત્ર પ્રાપ્ત કરવામાં) વિઘ્ન થશે તેવી શંકા કર્યા વિના ગ્રામ્ય ભોગો ભોગવ્યા; કારણ કે 'તમો બેને (તમારો) મનોરથ પ્રાપ્ત થયો હતો' એવું જૂદું વાક્ય નિશ્ચિત થવાનું કારણ જણાવવા કહેલું છે. સંસ્કાર જાગ્રત થાય (આ વૃત્તાંતની સ્મૃતિ થાય), તેમાં (ભગવાનની) સંમતિ જણાવવા 'તમો બે' શબ્દ ફરીથી કહેલ છે. ૪૦.

---

સ્વરૂપનાં દર્શનથી તેમને સર્વ અર્થનું વાસ્તવિક જ્ઞાન થયું હતું. તેથી અમારા આટલા ક્લેશથી પ્રકટ થએલા ભગવાને અમને દાસ્ય જ કેમ ન આપ્યું ? એવી તેમને શંકા ન થાય તે માટે આમ કહેલું છે. આનો ભાવ એવો છે કે 'વર આપવાની ઇચ્છાથી' (શ્લોક.૩૮) ભગવાન્ પ્રકટ થયા, એમ કહેલ હોવાથી તેમની ચોક્કસ ઇચ્છાથી જ ભગવાન્ પ્રકટ થયા. તેથી તેમણે માગેલ ન હોય તે ભગવાન્ પોતાની મેળે ન આપે. મોક્ષ તેમણે માગેલ ન હતો તેથી દાસ્યભાવરૂપ મોક્ષ આપ્યો નહિ એમ જણાવવા એ પ્રમાણે કહેલ છે.

'છતાં પરમકૃપાળુ ભગવાને દાસ્યભાવ કેમ ન આપ્યો ?' એવી શંકા થાય તેનું નિવારણ પાછલ જ 'જે ભકિતનો અંતરંગ લીલામાં જ અધિકાર છે...' વિગેરેથી કરેલું છે. આથી જ '' 'વર આપવાની ઇચ્છાથી' વિગેરે વાક્યથી જ, જે માગેલ ન હોય તે આપવાનું ન હતું એમ સિદ્ધ થતાં, મોક્ષ તેમણે માગેલ ન હતો એમ સ્વતઃ સિદ્ધ હોવાથી, 'મોક્ષ ન માગ્યો' એમ કહેવાનું શું પ્રયોજન ?'' એવી શંકાનો પણ નિરાસ થાય છે એમ જાણવું, કારણ કે મોક્ષ ન માગવાનું કારણ મોહ પણ જણાવેલ છે. એમ ન હોય તો 'મોહ જ કેમ ઉત્પન્ન કર્યો ?' એવી શંકા રહે જ. (ટિ)

તમે બેએ તો ભ્રમથી[1] જ એવો વર માગ્યો, છતાં પણ જે ન હોય તે અપાય નહિ, કૃત્રિમ (પુત્ર) સંભવતો નથી, ભગવાન્ જો સર્વભાવથી પોતાનાં બે રૂપો કરે તો શ્રુતિનો વિરોધ થાય અને મર્યાદાનો ભંગ[2] થાય; (વર) ન આપે તો પણ તેમ[3] (મર્યાદાનો ભંગ) થાય. સમાનતા ભેદ સહન કરે તેવી હોવા છતાં તે બે (વસુદેવ અને દેવકીજી)નું તાત્પર્ય આકારમાં જ હોવાથી[4] (હું પુત્ર થાઉં તેમાં) તાત્પર્યનો વિરોધ નહિ હોવાથી, વચન તાત્પર્ય જણાવનાર હોવાથી (અને) તે જીવનું વાક્ય હોવાથી, જેવું શ્રવણ કરેલ તેવાં વચનનું ઉલ્લંઘન કરીને હું જ (તમો બેનો) પુત્ર થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અદૃષ્ટ્વાઽન્યતમં લોકે શીલૌદાર્યગુણૈઃ સમમ્ ।।**
**અહં સુતો વામભવં પૃશ્નિગર્ભ ઈતિ સ્મૃતઃ ।।૪૧।।**

શીલ, ઉદારતા અને ગુણોથી (મારી) સમાન બીજા કોઈને લોકમાં નહિ જોવાથી, 'પૃશ્નિગર્ભ' એમ ઓળખાએલો હું તમો બેનો પુત્ર થયો. ૪૧.

જો કે મારા સિવાયના કેટલાક માયાએ સર્જેલા (હોવાનું) સંભવે છે તો પણ મારી સત્તા (હોવાપણું)ને લીધે જ તેઓની પણ સત્તા હોય છે તેથી, (મારાથી) સર્વ પ્રકારે જૂદાપણું (કોઈમાં) છે જ નહિ. જે નથી તે છે એમ સ્વીકારાતું નથી, તેથી 'લોકમાં (મારી સમાન બીજા કોઈને) નહિ જોવાથી, શબ્દો કહેલા છે. જો કે કૃત્રિમ[5] (પુત્ર)માં પણ (મારી) સમાન રૂપ[6] કરી શકાય તો પણ (મારા) પોતાના (ભગવાનના) અંતઃકરણમાં રહેલા અલૌકિક[7] શીલ ઉદારતા અને

---

૧. ભગવાન્ જેવું બીજું કોઈ હોઈ શકે જ નહિ. છતાં બીજું કોઈ હશે એવું અજ્ઞાન એ ભ્રમ. (તેથી જ તેવો પુત્ર માગ્યો). (પ્ર)

૨. 'ઈશ્વર એક જ છે' એ મર્યાદાનો ભંગ થાય. (પ્ર)

૩. 'મને શરણે આવેલ કોઈ પુરુષ ફરી શોક કરવા યોગ્ય (રહેતો) નથી' એ મર્યાદાનો ભંગ થાય. (પ્ર)

૪. 'ભગવાન્ જેવો પુત્ર માગ્યો છતાં ભગવાન્ પોતે જ પુત્ર થયા. તેથી પણ મર્યાદાનો ભંગ તો થયો' એવી શંકા થાય તેથી આ કહેલ છે. (ભગવાન્ જેવું બીજું કોઈ છે જ નહિ. જીવનું વાક્ય ભ્રમવાળું હતું. તેથી તેનું ઉલ્લંઘન કરી તે વાક્યના તાત્પર્ય પ્રમાણે ભગવાન્ પોતે જ પુત્ર થયા.) (પ્ર)

૫. 'કૃત્રિમમાં' એટલે (ભગવાનના) અંશોમાં.' (લે) 'કૃત્રિમ' એટલે (૧) બનાવટી (૨) દત્તક. પહેલો અર્થ અહિં જણાય છે.

૬. ચાર ભુજાઓવાળું શ્યામરૂપ. (લે)

૭. 'અલૌકિક' એટલે 'ભગવાન્ વિના બીજા કોઈમાં ન હોય તેવો.' (લે)

ગુણો (તેમાં) ઉત્પન્ન કરાય નહિ[૮]. તેથી તેવા (ગુણો)વાળો[૯] અથવા (તેવા ગુણો) જેનામાં મુકવામાં આવ્યા હોય તેવો[૧૦] દેખાયો નહિ જ. તેથી 'હું તમો બેનો પુત્ર થયો.' (તમો) બંનેમાં અનુક્રમે[૧૧] પ્રકટ થયો, એવો અર્થ છે. 'તે એક પ્રકારે થાય છે, દશ પ્રકારે થાય છે' વિગેરે શ્રુતિ પ્રમાણે તે (ભગવાન્) તે પ્રમાણે (પ્રકટ)[૧૨] થાય તેમાં કાંઈપણ વિરોધ નથી. જન્મ જ મુખ્ય હોવાથી, 'પૃશ્નિગર્ભ' એવા તેના (પૃશ્નિના) નામથી જ લોકમાં પ્રસિદ્ધ (થએલી) કહેલી છે. 'ઓળખાએલો' શબ્દથી (આ વિષયનું) પ્રમાણ જણાવેલ છે. ૪૧.

(તે બેએ) મોક્ષ માગેલ નહિ હોવાથી, ફરી (તેમનો) બીજો જન્મ થયો. તે જન્મમાં પણ તે બે તેનાં તે જ હોવાથી હું ફરીથી (તેમનો) પુત્ર થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તયોર્વાં પુનરેવાહમદિત્યામાસ કશ્યપાત્ ।।**
**ઉપેન્દ્ર ઈતિ વિખ્યાતો વામનત્વાચ્ચ વામનઃ ।।૪૨।।**

તે તમો બેમાં ફરીથી કશ્યપથી અદિતિમાં હું અવતર્યો. 'ઉપેન્દ્ર' એવા નામથી અને વામન હોવાથી 'વામન' નામથી પ્રખ્યાત થયો. ૪૨.

તે જ તમો બેમાં 'ફરીથી હું જ'[૧] મારા જેવો (બીજો કોઈ) નહિ જોવાથી, ફરીથી હું જ અવતર્યો. બીજા જન્મમાં તે બે અદિતિ અને કશ્યપ હતાં એમ 'કશ્યપથી અદિતિમાં' શબ્દોથી કહેલ છે. જો કે અહિં 'અદિતિગર્ભ' એવું (નામ) કહેવું જોઈએ, છતાં પણ 'ઉપેન્દ્ર' એવા (નામ)થી જ લોકમાં (હું) પ્રખ્યાત થયો.

---

૮. કૃત્રિમ સત્ (અસ્તિત્વવાળું) નથી. તેથી તેવા કૃત્રિમમાં આવા ગુણો ઉત્પન્ન ન કરાય એવો અર્થ છે. (પ્ર)

૯. જેટલા શીલ, ઉદારતા અને ગુણો ભગવાનમાં છે તેવા લૌકિક પણ ગુણોવાળું કોઈ નથી. (લે)

૧૦. અલૌકિક તેવા ગુણો જેનામાં મૂકવામાં આવ્યા હોય તેવો પણ કોઈ નથી. ભગવાનની સમાન એટલે ભગવાનથી જૂદો હોવો જોઈએ. ભગવાનથી જૂદો કોઈ નહિ હોવાથી શોધતાં જડ્યો નહિ. તેથી ભગવાનના અંશોમાં તપાસ કરતાં તેમાં કોઈ શીલ, ઉદારતા તથા ગુણોથી ભગવાનના જેવો ન હતો. ભગવાનથી તદ્દન જૂદું તો સ્વરૂપ જ કોઈ છે નહિ તેથી જે નથી તેનામાં શીલ, ઉદારતા વિગેરે મૂકવા શક્ય જ નથી. એ પ્રમાણે અર્થ છે. (લે)

૧૧. 'અનુક્રમે' એટલે ૧૦।૨।૧૬ તથા ૧૦।૨।૧૮માં જણાવેલા ક્રમ પ્રમાણે. (પ્ર)

૧૨. '(પ્રકટ) થાય' એટલે 'પુત્ર તરીકે (પ્રકટ) થાય.' (પ્ર)

૧. 'ફરીથી હું જ' શબ્દો પ્રથમ કહ્યા તે શ્લોકમાંના ઉતારેલા છે. 'મારા જેવો (બીજો કોઈ) નહિ જોવાથી ફરીથી હું જ અવતર્યો' એ તે શબ્દોનું વ્યાખ્યાન કરેલું છે, તેથી એ શબ્દો બે વાર

'વામન (ઠીંગણા) હોવાથી' શબ્દથી બીજા નામથી પ્રસિદ્ધ થવાનું કારણ કહેલું છે. બીજા જન્મમાં ઉપેન્દ્ર અને વામન એવાં (ભગવાનનાં) બે નામો હતાં. ૪૨.

ફરીથી તે બેનો ત્રીજો જન્મ થયો ત્યારે પણ હું જ પુત્ર થયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તૃતીયેઽસ્મિન્ ભવેઽહં વૈ તેનૈવ વપુષા યુવામ્ ।।**
**જાતો ભૂયસ્તયોરેવ સત્યં મે વ્યાહૃતં સતિ ।।૪૩।।**

આ ત્રીજા ભવમાં તે જ તમો બેથી તે જ શરીરથી હું ફરી અવતર્યો. મારું વચન સત્ય છે. હે સતિ ! ૪૩.

આ જે જોવામાં આવે છે તે ત્રીજો ભવ છે. આ(ભવ)માં પણ બે નામ[૧] મુખ્ય છે. ત્રીજા સ્થાનમાં[૨] ઘણાં (નામો છે[૩],) અને 'દેવકીનંદન' એ (નામ) મુખ્ય[૪] છે, તે આગળ[૫] કહેશું. પહેલાંના બે ભવમાં (ભગવાનનું)રૂપ જૂદું[૬] હતું. ત્રીજા જન્મમાં તો તે જ એટલે જે શરીરથી પ્રસન્ન થએલ અને વર આપેલ તે જ શરીરથી તે બેથી જ હું ફરી અવતર્યો. એ પ્રમાણે ત્રણવાર જન્મ લેવાનું કારણ 'મારું વચન સત્ય છે' શબ્દોથી કહેલ છે. વર આપ્યા પછી થએલા કોઈપણ

---

૧. શ્રીકૃષ્ણ અને વાસુદેવ એ બે મુખ્ય નામ છે, કારણ કે ગર્ગાચાર્ય આગળ નામ કહે છે ત્યાં આ બે નામ મુખ્ય કહેલાં છે. (પ્ર) 'રામ' અને 'કૃષ્ણ' એમ બે અવતારોનાં બે નામ મુખ્ય છે. (લે) પ્રકાશનો અર્થ વધારે સારો જણાય છે.

૨. 'ત્રીજા સ્થાનમાં' એટલે 'શ્રીકૃષ્ણ (અવતાર)માં.' શ્રીકૃષ્ણ જ મૂલરૂપ હોવાથી તેમને ત્રીજું સ્થાન કહેલ છે. તેમનું જ બીજું રૂપ રામ છે એવો ભાવ છે. (લે) રામને આ સાથે સંબંધ હોવાનું યોગ્ય જણાતું નથી.

૩. 'પહેલા અવતારમાં એક નામ તથા બીજામાં બે નામો હતાં તેથી ત્રીજામાં ત્રણ જોઈએ' એવી શંકા થાય તેથી આ કહે છે. (પ્ર)

૪. '' 'કૃષ્' સત્તાના અર્થનો શબ્દ છે'' શ્રુતિ પ્રમાણે શ્રીકૃષ્ણ બ્રહ્મનું નામ છે. બ્રહ્મવૈવર્ત-પુરાણમાં પણ 'કૃષ્ણ' શબ્દની એવી વ્યુત્પત્તિ છે. 'હે પરંતપ ! નામોમાં શ્રીકૃષ્ણ એવું જે મુખ્ય નામ છે' એમ બીજાં પુરાણોમાં પણ છે. છતાં 'દેવકીનંદન' નામ મુખ્ય છે એમ કહ્યું તે અવતાર થયા પછીના નામમાં મુખ્ય છે એવાં ભાવાર્થથી કહેલ છે. (પ્ર)

બીજાં નામો બીજા અવતારોમાં પણ કહી શકાય, પરંતુ 'દેવકીનંદન' નામ આ અવતારમાંજ કહી શકાય તેવું હોવાથી તે મુખ્ય એટલે (ભગવાનને) તેમના અંશોથી જૂદા જણાવનારું છે. એવો અર્થ છે. 'ચ' 'અને' શબ્દથી 'શ્રીકૃષ્ણ' નામ પણ મુખ્ય છે એમ જણાવ્યું છે. (લે)

૫. 'આગળ' એટલે આઠમા અધ્યાયમાં. (લે)

૬. ૧૦।૩।૯માં વર્ણવેલ સ્વરૂપનાં પહેલાં બે ભવોમાં દર્શન કરાવ્યાં ન હતાં, એવો અર્થ છે. (લે)

જન્મમાં જો ભગવાન્ પુત્ર ન થાય તો ભગવાનનું તે વાક્ય અસત્ય થાય. પહેલાંનો દેહ તજેલ હોવાથી તે દેહથી થએલ પુત્ર પુત્ર ન કહેવાય, કારણ કે (પહેલાંના ભવમાં થએલ પુત્રને પુત્ર ગણવાનો) વ્યવહાર નથી, અને (તેમ માનવાનું) પ્રમાણ નથી. તેથી બીજો જન્મ થાય ત્યારે ફરીથી પુત્ર તરીકે થવું (અવતરવું) જોઈએ. ભવિષ્યમાં (ત્રીજા જન્મ પછી) તો (તે બેનો) જન્મ થવાનો નહિ હોવાથી, પુત્ર થવાનું (રહેતું) નથી. 'હે સતિ !' સંબોધન (દેવકીજીનું) સન્માન કરવા (યોજેલું છે.) તે જ પતિવ્રતા છે (ગણાય), કે જે કલ્પના આરંભમાં જે પતિને પ્રાપ્ત કરે તે (પતિ)ને જ કલ્પના અંત સુધી સર્વ જન્મોમાં પ્રાપ્ત કરે. 'જે પ્રથમ મરતી નથી, (પણ પતિ) મરતાં મરણ પામે' એમ તેના (પતિવ્રતાના) ધર્મો અને ઓળખવાનાં ચિહ્નો શાસ્ત્રમાં કહેલાં છે. (આ સંબોધનથી) તું (દેવકીજી) તેવી છો એમ (તેમનો) મોક્ષ થાય તે માટે જણાવે છે. વ્યભિચારિણી સ્ત્રીનો તો મોક્ષ થતો નથી. તેથી સર્વ દોષો દૂર કરવા માટે 'હે સતિ !' એવું સંબોધન છેવટે કરેલ છે. ૪૩.

એ પ્રમાણે પુત્ર થવાનું કારણ કહીને, તેવા રૂપથી પ્રકટ થવાનું કારણ નીચેના શ્લોકમાં કહે છે :

**એતદ્ વાં દર્શિતં રૂપં પ્રાગ્જન્મસ્મરણાય મે ।।**
**નાન્યથા મદ્ભવં જ્ઞાનં મર્ત્યલિઙ્ગે ન જાયતે ।।૪૪।।**

આ મારાં રૂપનું દર્શન પહેલાંના જન્મનું સ્મરણ કરાવવા તમારા માટે કરાવ્યું તેમ ન હોય તો મનુષ્યના ચિહ્નવાળામાં મારા ભવનું જ્ઞાન થાય નહિ. ૪૪.

'વામ્' તમારા બેના માટે, આ પૂર્વે અનુભવેલાં (સ્વ)રૂપનું દર્શન કરાવ્યું. સંબંધીનું દર્શન થાય ત્યારે સંબંધીની સ્મૃતિ જાગ્રત થાય છે, તેના સંબંધવાળો ભુંસાઈ ગએલો સંસ્કાર પણ જાગ્રત(તાજો) થાય છે. મારી સન્નિધીથી સર્વજ્ઞપણું થતાં તો વૈરાગ્ય થાય[1]. એમ થાય તો સ્વતંત્ર ભક્તિના રસનો અનુભવ ન થાય. પણ રૂપથી સંસ્કાર જાગ્રત થતાં તો માત્ર તે સમયનાં વૃત્તાંતનું[2] સ્મરણ થાય.

૧. 'ભગવાનની સન્નિધિથી સર્વજ્ઞપણું થવાથી લૌકિક સર્વ પ્રત્યક્ષ થતાં, પહેલાંના જન્મનો અલૌકિક વૃત્તાંત પણ પ્રત્યક્ષ થશે તેથી તેનું સ્મરણ કરાવવાનું પ્રયોજન શું ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. જેમ સન્નિધિથી સર્વજ્ઞપણું થાય તેમ વૈરાગ્ય પણ થાય. તેથી વૈરાગ્ય ન થાય તે માટે સર્વજ્ઞપણાને રોકી, આ બાલકના રૂપથી માત્ર પહેલાંના વૃત્તાંતનું જ સ્મરણ કરાવ્યું એવો અર્થ છે. (પ્ર)

૨. માત્ર તે કાલના વૃત્તાંતનું સ્મરણ કરાવ્યું તેથી જ તે બેએ સ્તુતિ કરી, અને ભયને લીધે પ્રાર્થનાઓ કરી તેની સંગતિ થાય છે, તેમ ન હોય તો પ્રાર્થના કરવાના કારણરૂપ ભયની સંગતિ ન જ થાય. (પ્ર)

પ્રત્યક્ષ કરતાં વાક્યથી જે જ્ઞાન થાય તે દુર્બલ હોવાથી[3], કોઈ પ્રકારની અયોગ્યતા[4] નથી. અથવા 'પ્રાગ્ જન્મનઃ' એટલે પહેલા જન્મનું જ સ્મરણ કરાવવા, 'આટલા બધા ક્લેશથી આ ભગવાન્ પુત્ર થયા' એવું સ્મરણ કરાવવા, રૂપનું દર્શન કરાવ્યું. ભગવાનનું માહાત્મ્ય માત્ર વાક્ય(વાણી)થી[5] કહેવામાં આવે અને રૂપનાં દર્શન કરાવવામાં ન આવે તો તે વાક્ય શાસ્ત્રાર્થરૂપ થાય, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'તેમ ન હોય તો' એટલે રૂપનું દર્શન કરાવવામાં ન આવે અને માત્ર પહેલાંનું વૃત્તાંત કહેવામાં આવે તો 'મનુષ્યના ચિહ્નવાળા રૂપમાં અને મનુષ્યના શરીરમાં' 'આ સાક્ષાત્ ભગવાન્ છે' એવું મારા ભવનું જ્ઞાન થાય નહિ; પરંતુ જો રૂપનું દર્શન કરાવવામાં આવે તો જે કહેવામાં આવે તે જ્ઞાન અનુભવથી આરૂઢ (દઢ) થાય છે. ૪૪

મોક્ષ માગેલ નહિ હોવા છતાં, હવે તો મોક્ષ થશે એમ કહે છેઃ

**યુવાં માં પુત્રભાવેન બ્રહ્મભાવેન ચાસકૃત ।।**
**ચિન્તયન્તૌ કૃતસ્નેહૌ યાસ્યેથે મદ્ગતિં પરામ્ ।।૪૫।।**

તમો બે પુત્રભાવથી અને બ્રહ્મભાવથી વારંવાર મારું ચિંતન કરતાં અને (મારામાં) સ્નેહ કરતાં મારાં ઉત્તમ ધામને પ્રાપ્ત કરશો. ૪૫.

પ્રમેયબલ આ શ્રીકૃષ્ણાવતારમાં પ્રકટ કરેલું હોવાથી, શાસ્ત્ર પ્રમેયબલથી હલકું હોવાથી, સ્વતંત્ર સ્નેહને લીધે પુત્રભાવથી, અથવા શાસ્ત્રમાં રાખવા કહેલ સ્નેહને લીધે બ્રહ્મભાવથી – (બંને ભાવમાં સ્નેહનો) વિષય સરખો હોવાથી અને પ્રકાર અગત્યનો નહિ હોવાથી – હરકોઈ પ્રકારે મારામાં સ્નેહ કરતાં વ્યાપિવૈકુંઠ નામના મારા ઉત્તમ ધામને[1] પ્રાપ્ત કરશો, કારણ કે ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થયા પછી તેમનામાં સુદઢ સર્વથી અધિક સ્નેહ બંને પ્રકારમાં તેનો તે જ રહેશે[2]. તેથી જ[3] ભગવાન્ ગોપિકાઓ વિગેરેમાં પણ (ભગવાનના) માહાત્મ્યનું જ્ઞાન

૩. 'ભગવાનનાં વચનથી તે ભગવાન્ છે એવું જ્ઞાન થાય એટલે સર્વજ્ઞપણું અને વૈરાગ્ય થવાનાં' એવી શંકા થાય, તેથી આમ કહેલ છે. (પ્ર)

૪.ભગવાન પોતાની ઈચ્છા પ્રમાણે મોહ અને જ્ઞાન કરાવે છે તેથી કાંઈ દોષ નથી એવો અર્થ છે (પ્ર)

૫. 'માત્ર વાક્યથી' એટલે 'લૌકિક રીતના બાલકના વાક્યથી.' શાસ્ત્ર અને અનુભવ બંને બંધ બેસતાં થાય તે માટે રૂપનાં દર્શન કરાવ્યાં એવો અર્થ છે. (પ્ર)

૧. વ્યાપિવૈકુંઠ તરીકે જે પ્રસિદ્ધ છે તેવું ધામ પ્રાપ્ત થશે એટલે નિત્યલીલામાં પ્રવેશ થશે, એવો અર્થ છે. (લે)

૨. વિહિત અને સ્વતંત્ર ભક્તિમાં પ્રકારનો ભેદ હોવા છતાં માહાત્મ્યનું જ્ઞાન થયા પછી સુદઢ સ્નેહ બંનેમાં સમાન હોવાથી બંનેનું ફલ એક થશે એવો અર્થ છે. (પ્ર)

૩. 'તેથી જ' એટલે 'ગોપિકા વિગેરેનો સ્નેહ પણ ભક્તિરૂપ હોવાથી જ'. (પ્ર)

ઉત્પન્ન કરશે. તેમ ન હોય તો (ગોપિકા વિગેરેને) બોધ (આપવા)નો જે ભાગ છે તે વધારાનો થાય[૪] (ગણાય), કારણ કે ભક્તોના પ્રપંચનો અભાવ નિરોધ છે.[૫] તેથી જ[૬] (આની) પહેલાંના સ્કંધમાં ઉત્પત્તિ કહી, સ્વરૂપથી જ ભક્તોનું નિરૂપણ કરેલું છે. (ભગવાનમાં) પ્રેમ, તેમનું જ્ઞાન અને તેમનામાં નિરોધ જે પ્રકારથી જ થાય તે પ્રકાર અહિં (આ સ્કંધમાં) જ કહેવામાં આવશે.

અર્થથી જે પ્રાપ્ત થાય[૭] તે અહિં કહેલ નથી. તેથી 'મને ગોકુલ લઈ જાઓ, ત્યાં મને (રાખી) ત્યાં રહેલી કન્યાને અહિં લાવો' એમ (ભગવાને) મુખથી કહ્યું નથી[૮]. આટલું કહીને જ પછી શાંત રહ્યા એમ જાણવું.

આ વચનોથી ભગવાને વસુદેવ અને દેવકીજીને પોતાના અવતાર પહેલાં અને ત્યારપછી જે દુઃખ થયું તેનું કારણ પણ કહેલું છે એમ જાણવું; કારણ કે 'મારી પાસેથી કામનાઓની ઈચ્છા રાખતાં' (શ્લોક ૩૫) વાક્યથી (એમ જણાય છે કે) પહેલાં તેમણે તે (કામનાઓ પ્રાપ્ત કરવા) માટે જ ભગવાનની સેવા કરેલી, પરંતુ ભગવાન્ માટે કરેલી નહિ. તે (સેવા) ફલરહિત નહિ હોવાથી, હરિ પ્રકટ થતાં (તેમનું) સૌંદર્ય જોઈને તેમના જેવો પુત્ર માગ્યો, પરંતુ સ્નેહથી આર્તિ હોવાને લીધે

---

'જ્ઞાન ભક્તિનું અંગ છે તેથી જ' (લે) લેખનો અર્થ વધારે સારો જણાય છે.

૪. જો ભક્તિના અંગ તરીકે જ્ઞાન કહેવામાં ન આવે, પરંતુ સ્વતંત્ર રીતે કહેવામાં આવે તો, હરકોઈ પ્રકારથી માત્ર સ્નેહ થતાં નિરોધ પ્રાપ્ત થતો હોવાથી, આ સ્કંધમાં જે જ્ઞાનનું વર્ણન કરવામાં આવશે તેનું વર્ણન આ અર્થની (જ્ઞાનની) (નિરોધમાં) સંગતિ થતી નહિ હોવાથી, આ અધ્યાયમાં થવું જોઈએ નહિ અને તે જ્ઞાનનું વર્ણન વાક્યનું જૂદાપણું કરનારું થાય તેથી 'તે વધારાનો ભાગ થાય' એમ કહેલ છે. (ટિ)

૫. 'જ્ઞાનવર્ણનનો ભાગ વધારાનો કેમ થાય ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. ક્રિયારૂપ નિરોધ પ્રપંચને ભૂલી ભગવાનમાં આસક્તિ રાખવાથી થાય. નિરોધ કરાવનારી લીલાથી ભગવાનમાં આસક્તિ થાય તો પણ ભક્તોને પ્રપંચનું વિસ્મરણ ભગવાનના માહાત્મ્યના જ્ઞાનથી જ થાય. તેથી જ્ઞાનનો ભાગ પ્રયોજન વિનાનો નથી. (પ્ર)

૬. ભક્તિમાં જ્ઞાનની આવશ્યકતા છે તેથી જ નવમા સ્કંધમાં ઉત્પત્તિના પ્રકારથી ભાવવાળા ભક્તોનું સ્વરૂપથી નિરૂપણ કર્યું. પ્રેમ વિગેરેની ઉત્પત્તિનો પ્રકાર આ સ્કંધમાં કહેશે, તેમ ન હોય તો આ સ્કંધની તે સ્કંધ સાથે સંગતિ ન થાય. તેથી જ્ઞાનનો અંશ વધારાનો નથી. (પ્ર)

૭. ભગવાન્ ગોકુલ પધારે નહિ તો પાછલ ૨૪મા શ્લોકનાં શ્રીસુબોધિનીના પ્રારંભમાં દેવકીજીની રક્ષણ માટેની વિગેરે ત્રણ પ્રાર્થનાઓ જણાવી છે તે કાર્ય થઈ શકે નહિ. તેથી ગોકુલ પધારવાનું અર્થથી જ સિદ્ધ થાય છે એવો અર્થ છે. (લે)

૮. શ્લોક ૪૭માં 'ભગવાને પ્રેરેલા' વિશેષણ વસુદેવનું કહેલ છે. તેથી ભગવાન્ પ્રાકૃત બાલક થયા પછી તેમણે વસુદેવના મનમાં એવી પ્રેરણા કરી, એવો અર્થ છે. (લે)

પ્રભુનું પ્રાકટ્ય ઈચ્છયું નહિ. તેથી જ 'મારા જેવા (પુત્ર)નો વર' (શ્લોક ૪૦) વિગેરેથી પોતાના (ભગવાનના જેવા પુત્રની) પ્રાપ્તિ(નો વર) થયા પછી પણ ગ્રામ્યભોગ ભોગવ્યાનું જ કહેલ છે. આમ હોવાથી પોતાની સમાનતા બીજા(કોઈ)માં નહિ જોવાથી પ્રભુને પોતાને જ તે પ્રમાણે પ્રકટ થવાની જરુર પડી; કારણ કે જે મુક્તોને પણ પ્રાપ્ત થવું કઠણ તેવાં સ્વરૂપને નજીવાં કાર્ય માટે પ્રકટ થવાનું આવી પડ્યું. 'બીજા કોઈને નહિ જોવાથી' (શ્લોક ૪૧) એ વાક્યથી પ્રભુએ આ જ અર્થ જણાવેલો છે. તેથી હમણાં પ્રભુનાં પ્રાકટ્યના કારણથી કંસે કરેલો (તેમનો) સંપૂર્ણ બંધ થએલ છે. પુત્રમાં (પુત્ર માટે) ઘણો આગ્રહ હોવાથી કીર્તિમાન વિગેરે પુત્રોનો નાશ પણ થયો. (પુત્રમાં પ્રભુના) સમાનપણાનો આગ્રહ હોવાથી (અને) સમાનપણું ગુણોથી સંભવતું હોવાથી, ગુણના જેટલી સંખ્યાના (છ) પુત્રોનું તેમ થયું (નાશ થયો). તે (તેવા આગ્રહ)નો દંડ હોય તેમ આ (પુત્રોનો નાશ) પ્રભુએ મર્યાદાનું રક્ષણ કરવા કરાવ્યો. ભગવાન્ અદ્‌ભુતકર્મવાળા હોવાથી આ બેનું તે દુઃખ (ભગવાનમાં) અતિશય સ્નેહનું કારણ થયું, કારણ કે જે અર્થ (પદાર્થ) દુઃખથી પ્રાપ્ત થયો હોય તેમાં તે (સ્નેહ) આવશ્યક છે. ૪૫.

**આવિર્ભાવે પુત્રતયા સાધનં તુ તપોડભવત્ ।।**
**અગ્રે લીલારસપ્રાપ્તૌ સાધનં મૃગ્યમેવ હિ ।।કા.૨૫।।**
**ભક્તિમાર્ગીયમિત્યાત્મવિયોગમકરોદ્ધરિઃ ।।**
**તદા તુ સ્વત એવાસીદ્ ભગવદ્ભાવસન્તતિઃ ।।કા.૨૬।।**

(ભગવાન્) પુત્ર તરીકે પ્રકટ થયા તેનું સાધન તો તપ હતું. ભવિષ્યમાં લીલાના રસની પ્રાપ્તિ થાય તે માટે ભક્તિમાર્ગીય સાધન શોધવાનું રહ્યું. તેથી હરિએ પોતાનો (તેમને) વિયોગ કર્યો, (વિયોગ થયો) ત્યારે તો ભગવદ્‌ભાવની વૃદ્ધિ એની મેળે જ થઈ. કા.૨૫-૨૬.

**એતાવન્તિ દિનાન્યાસન્નેવં કુર્વન્ ભવિષ્યતિ ।।**
**એતાવન્માસિકશ્ચાસીદેવમેવં કરિષ્યતિ ।।કા.૨૭।।**

આટલા દિવસો (પ્રભુ પ્રકટ થયાને) થયા. (પ્રભુ) આમ કરતા હશે. આટલા મહિનાના પ્રભુ થયા, (અને) આમ આમ કરશે. કા.૨૭.

**એતાવદ્વાર્ષિકશ્ચાસીત્ તેન ચૈવંવિધાઃ શુભાઃ ।।**
**લીલાઃ કુર્વન્ સાગ્રજઃ શ્રીપ્રભુસ્તત્ર ભવિષ્યતિ ।।કા.૨૮।।**

(પ્રભુ) આટલા વર્ષના થયા. તેથી શ્રીપ્રભુ મોટા ભાઈ સાથે આ પ્રકારની શુભ લીલા કરતા ત્યાં (રહેતા) હશે. કા.૨૮.

**કુશલ્યાસ્તે સાગ્રજો નુ કદા દ્રક્ષ્યામિ તાદશમ્ ।।**
**એવંવિધાનન્તભાવૈરત્યાર્ત્યા દર્શને તયોઃ ।।કા.૨૯।।**
**મિથસ્તથાલાપતશ્ચ સર્વથેન્દ્રિયવૃત્તયઃ ।।**
**સર્વા હરિપરા આસન્ સ એવ સતતં હૃદિ ।।કા.૩૦।।**
**વિયોગતાપતપ્તેઽભૂત્ તેનાસીજ્જીવનં તયોઃ ।।**
**તેનૈકાદશ વર્ષાણિ તથા કુર્વન્ હરિર્બભૌ ।।કા.૩૧।।**

મોટાભાઈ સાથે પ્રભુ ક્ષેમકુશલ હશે. તેવા (ક્ષેમકુશલ પ્રભુ)ને હું ક્યારે જોઈશ ? એવા પ્રકારના અનંત ભાવોને લીધે[1] થએલી તે બેની દર્શન માટેની ઘણી આર્તિથી અને[1] તેવી એક બીજા સાથેની વાતચિતથી (તે બેની) ઈન્દ્રિયોની બધી વૃત્તિઓ સર્વ પ્રકારે હરિને પરાયણ થઈ. તે (હરિ) જ[2] વિયોગના તાપથી તપેલાં (તેમનાં) હૃદયમાં સદા રહ્યા, તેથી તે બેનું જીવન રહ્યું (ટક્યું) તેથી[3] અગીઆર વર્ષ સુધી તે પ્રમાણે (લીલા) કરતાં હરિ (ગોકુલમાં) રહ્યા. કા.૨૯થી૩૧.

**'યુવાં મા' મિતિ વાક્યેન ચેમમેવ વરં દદૌ ।।**
**અન્યથૈતાદશો ભાવો ન ભવત્યેવ કુત્રચિત્ ।।કા.૩૨।।**

'તમે બે મને'(શ્લોક ૪૫) એ વાક્યથી ભગવાને તે બેને આ જ[4] વર આપ્યો. તેમ ન હોય તો[5] ભગવાનમાં આવો ભાવ કોઈનામાં પણ થાય નહિ. કા.૩૨.

---

૧-૧. આવા ભાવોને લીધે ઘણી આર્તિ થવાથી, વસુદેવ અને દેવકીજીને વિયોગદશામાં પણ ભગવાનનાં દર્શન થતાં હોવાથી, તેમની એકબીજા સાથેની વાતચિતથી અને 'ચ' 'અને' શબ્દથી સૂચવેલ (અંતઃકરણની) અંદર રહેલા ભગવાનના પ્રભાવથી, તેમની અગીઆરે ઈન્દ્રિયોની વૃત્તિઓ ભગવાનને પરાયણ થઈ, એવો અર્થ છે. ઘણીવાર આર્તિ થતાં ભગવાનનું દર્શન થાય એ નિબંધમાં ૮૨મા અધ્યાયના વિવરણમાં દર્શાવેલ છે. (લે)

૨. એવી આર્તિ હોવા છતાં જીવન ટકી રહેવાનું કારણ આથી જણાવેલું છે, ભગવાનનું દર્શન તેમને કોઈક્વાર થતું, પરંતુ ભગવાનની તેમનાં હૃદયમાં સ્થિતિ સદા રહેતી એવો અર્થ છે. (લે)

૩. 'તેથી' એટલે 'ઈન્દ્રિયો અગીઆર હોવાથી.' ભગવાન્ અગીઆર વર્ષ સુધી તેમની ઈન્દ્રિયોને પોતાને પરાયણ કરતા ગોકુલમાં રહ્યા, એમ સંખ્યા ૧૧ વર્ષ રહેવાનું તાત્પર્ય કહેલ છે. (લે)

૪. સ્નેહ વિના વ્યાપિવૈકુંઠની પ્રાપ્તિ થાય નહિ, સ્નેહ હોય તો જ તે પ્રાપ્ત થાય, (તેથી) ભગવાને સ્નેહનું જ દાન કર્યું એવો આ શ્લોકનો અર્થ છે. તેથી 'એવ' 'જ' શબ્દ યોજેલો છે. તેથી જ આ શ્લોકના આભાસમાં 'મોક્ષ થયો' એમ કહેલ છે. ત્યાં 'સ્નેહના દાનને લીધે' શબ્દો અધ્યાહાર છે. (લે)

૫. 'એમ ન હોય તો' એટલે '(ભગવાને) સ્નેહનું દાન કર્યું ન હોય તો.' (લે)

**અતો માહાત્મ્યધીયુક્તસ્નેહોઽભવદિતિ પ્રભુમ્ ।।**
**ચિરાત્ પ્રાપ્યાપિ પિતરૌ સસ્વજાતે ન શંકિતૌ ।।કા.૩૩।।**

તેથી માહાત્મ્યના જ્ઞાન સાથે સ્નેહ થયો તેથી (ભગવાનને) ઘણા સમય પછી મળ્યા પછી પણ માતાપિતાએ ભયથી (તેમનું) આલિંગન ન કર્યું. કા.૩૩.

એ પ્રમાણે કહીને ભગવાને બીજું રૂપ ધારણ કર્યું એમ કહે છેઃ

શ્રીશુક કહે છે :

**ઈત્યુક્ત્વાસીદ્ધરિસ્તૂષ્ણીં ભગવાનાત્મમાયયા ।।**
**પિત્રોઃ સમ્પશ્યતોઃ સદ્યો બભૂવ પ્રાકૃતઃ શિશુઃ ।।૪૬।।**

એ પ્રમાણે કહીને હરિ શાંત રહ્યા. માતાપિતાના સારી રીતે દેખતાં ભગવાન્ પોતાની માયાથી તે જ ક્ષણે પ્રાકૃત બાલક થયા. ૪૬.

(ભગવાન્) શાંત રહ્યા એ કહ્યા વિના પણ સિદ્ધ (સમજાય તેવું) હોવા છતાં, (ભગવાને) રૂપની પેઠે જ્ઞાનનો પણ તિરોભાવ કર્યો એમ જણાવવા (કહેલ છે), એટલે જેમ ભગવાને પ્રાકૃત રૂપ ધારણ કર્યું તે જ પ્રમાણે પ્રાકૃત જ્ઞાન[૬] સ્વીકાર્યું. તે પ્રમાણે થવાથી બીજું રૂપ સારી રીતે ધારણ કરી શકાય.

'એ પ્રમાણે પોતાના (સ્વરૂપ)થી વિરુદ્ધ[૭] ધર્મનો ભગવાને કેમ સ્વીકાર કર્યો ?' એવી શંકા થાય, તેથી 'હરિ' શબ્દ યોજેલ છે. (વિરુદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો), કારણ કે તે (ભગવાન્) સર્વનાં દુઃખ હરનાર[૮] છે.

'(ભગવાન્) સ્વરૂપને પણ બદલી નાખશે' એવી શંકા થાય, તેથી 'ભગવાન્' શબ્દ યોજેલ છે.

'(ભગવાને પ્રાકૃત રૂપ અને જ્ઞાન સ્વીકાર્યાં) ત્યારે રૂપનું કાર્ય[૯] અને જ્ઞાનનું કાર્ય[૧૦] પણ પ્રકટ થતાં નહિ હોય' એવી શંકા થાય; તેથી

૬. 'પ્રાકૃત જ્ઞાન સ્વીકાર્યું' એટલે 'આ બાલક પ્રાકૃત છે' એવા જ્ઞાનના વિષય થયા. પ્રાકૃત તરીકે જણાયા.

૭. પ્રાકૃત તરીકે જણાવું તે ભગવાનના સ્વરૂપથી વિરુદ્ધ ધર્મ છે. 'તે ધર્મનો ભગવાને કેમ સ્વીકાર કર્યો ?' એવી શંકા છે. (લે)

૮. શ્લોક ૩૦માં દેવકીજીએ જે પ્રાર્થના કરી તેથી એ પ્રમાણે બીજું રૂપ ધારણ કર્યું એવો ભાવ છે. (લે)

૯. 'રૂપનું કાર્ય' એટલે પ્રાકૃત રૂપનું કાર્ય, સ્વતંત્ર ભક્તિના રસનો અનુભવ કરાવવો તે. (પ્ર) ભીષ્મની પ્રપત્તિ. (લે)

૧૦. 'જ્ઞાનનું કાર્ય' એટલે પ્રાકૃત જ્ઞાનનું કાર્ય, અસુરોને મોહ કરાવવો તે. (પ્ર) 'જ્ઞાન' એટલે વિશ્વરૂપનાં દર્શન કરાવી જેમનું અલૌકિક તરીકે જ્ઞાન કરાવ્યું છે તેમને વિષે અર્જુનની

'પોતાની[૧૧] માયાથી' શબ્દ યોજેલ છે. પોતાના જ સર્વ થવાના સામર્થ્યથી[૧૧]

પ્રપત્તિ. (લે)

૧૧-૧૧. અહિં 'આત્મ' 'પોતાની' શબ્દ યોજવાનું પ્રયોજન નીચે પ્રમાણે છે :

જેમ આત્મા વિકાર વિનાનો, નિત્ય, શુદ્ધ અને સદ્રૂપ છે તેમ આ માયા પણ તે ગુણોવાળી છે. તેથી જ તે તેવા ગુણવાળી લીલાને સિદ્ધ કરાવે છે, પરંતુ અસત્ પદાર્થો દેખાડતી નથી. જેમ સંસારના કારણરૂપ માયા જીવને સ્વરૂપનું વિસ્મરણ કરાવી, પ્રપંચના વિષયમાં તેની આસક્તિ કરાવે છે, તેમ આ માયા પણ ભક્તોને તેમના સ્વરૂપની વિસ્મૃતિ કરાવી, ભગવાનમાં તેમની આસક્તિ કરાવે છે. આટલો ધર્મ સમાન હોવાથી આને માટે પણ 'માયા' શબ્દ યોજાય છે. વાસ્તવિક રીતે તો જેમ લીલામાં ઉપયોગી બીજા પદાર્થો જેવા કે ગોપીઓ ગોપો વિગેરે આનંદરૂપ છે, તેમ આ (માયા) પણ આનંદરૂપ છે તેમ જણાવવા 'આત્મ' 'પોતાની' પદ યોજેલ છે. તેમ ન હોય તો પુરુષોત્તમના અર્થવાળા 'ભગવાન્' શબ્દ પછી તરત જ 'માયા' શબ્દ કહેલ હોવાથી જ, તે માયા ભગવાનની જ છે એમ થતું હોવાથી 'આત્મ' 'પોતાની' શબ્દ વ્યર્થ થઈ જાય. તેથી બ્રહ્મસૂત્ર ૩।૨।૨૮ પ્રમાણે આ માયા ભગવદ્રૂપ હોવાથી, અહિં કર્મધારય સમાસ પણ કરવાનો છે એમ જાણવું. ('આત્મા એવ માયા=આત્મમાયા' એ પ્રમાણે કર્મધારય સમાસ થાય. એવો અર્થ થતાં ભગવાન જ માયા છે એમ થાય).

વળી આ ('આત્મમાયયા') પદનો સર્વત્ર સંબંધ લેવાનો છે.

(૧) કારણ કે અહિં લીલા કરવા માટે ભગવાને વસુદેવ અને દેવકીજીને પિતા અને માતા તરીકે સ્વીકાર્યાં છે, તેથી ભગવાનની શક્તિથી જ તેઓનો પિતા તથા માતા તરીકે આવિર્ભાવ થયો છે. તેમ ન હોય તો નિષેકથી ભગવાનની ઉત્પત્તિ થએલી નહિ હોવાથી, તેમને પિતા અને માતા કહી શકાય નહિ. આ જ અર્થ 'પોતાની માયાથી પિતા અને માતા (બનેલા)' શબ્દોથી કહેલો છે.

(૨) '' 'તમો બેને આ રૂપનાં દર્શન કરાવ્યાં' (શ્લોક ૪૪) વાક્ય પ્રમાણે પહેલાંના રૂપનાં દર્શન સંબંધી (દર્શન કરાવવાની) જ ભગવાનની ઈચ્છા કહેલી હોવાથી, અને 'મનુષ્યના ચિહ્નવાળામાં મારા ભવનું જ્ઞાન થાય નહિ' એમ ત્યાં કહેલ હોવાથી (ભગવાન્ સિવાય) બીજા કોઈથી એવાં દર્શન કરાવી શકાય તેમ નહિ હોવાથી, આવાં રૂપનાં દર્શન આ બેને કેમ થયાં ?'' એવી શંકા થાય, તેથી 'પોતાની માયાથી સારી રીતે દેખતાં' શબ્દો યોજેલ છે, આથી એમ સૂચવ્યું છે કે ચક્ષુના સામર્થ્યથી ભગવાનનાં દર્શન થતાં નથી. જે ચાલતાં વિષયના કાર્યમાં ઘણું ઉપયોગી હોય તે 'સારી રીતે' થએલ કહેવાય. તેથી પહેલાં વસુદેવ અને દેવકીજી જેમને ઈશ્વર જાણતાં હતાં તેમનાં (તેઓને) લીલામાં ઉપયોગી માયાથી જે દર્શન થયાં, તે 'સારી રીતે' દર્શન થયાં. પોતાના પુત્ર તરીકે દર્શન થયાં (તે પણ 'સારી રીતે' દર્શન થયાં) એમ જાણવું; કારણ કે તેવી જ રીતે લીલા ભવિષ્યમાં કરવાની છે અને 'માતાપિતા' શબ્દ પણ યોજેલ છે. અથવા (ભગવાનના વિષે) લૌકિક ભાવ હોય ત્યારે જ લીલા થઈ શકે તેથી, લીલામાં ઉપયોગી માયાને દર્શન કરાવનારી કહી તેથી, માતાપિતા કહ્યા તેથી, 'આ મારા પુત્ર છે' એવું જ્ઞાન તેમને થયું જ. તેવું જ માત્ર જ્ઞાન થયું એમ નહિ, પરંતુ 'આ ઈશ્વર છે તે અમારા પુત્ર છે' એવું જ્ઞાન થયું. એટલે તે જ સારી રીતે જ્ઞાન

(ભગવાને) તેમ કર્યું. તેથી જેમ ગીતાનો ઉપદેશ આપતી વખતે અને ભીષ્મની મુક્તિના પ્રસંગમાં (બન્યું તેમ), જ્યારે તેનું કાર્ય આવી પડશે ત્યારે તે જ પ્રમાણે (તે) પ્રકટ કરશે. બીજા પ્રસંગોએ તો માતાની પ્રાર્થનાને લીધે બીજા (રૂપનાં જ) દર્શન કરાવશે એવો ભાવ છે.

જ્યારે (ભગવાન્) શાંત રહ્યા ત્યારે જ 'સદ્યઃ' તે જ ક્ષણે પ્રાકૃત[12]

('દેખતાં' શબ્દથી જણાવેલ) થયું. 'તમો બે પુત્રભાવથી અને બ્રહ્મભાવથી મારું (વારંવાર ચિંતન કરતાં)' (શ્લોક ૪૫) એ ભગવાનના વાક્યથી અથવા ઉપર જણાવ્યા પ્રમાણે માયાએ જેવાં દર્શન કરાવ્યાં તેથી વિરુદ્ધ ન જોવું. એ જ 'સારી રીતે જોવું (દેખતાં)' છે. વળી બ્રહ્મભાવ લીલાનો વિરોધી હોવાથી, બ્રહ્મભાવ વિનાનાં અમારાથી ઉત્પન્ન થયાં એવું જે જ્ઞાન, તે જ 'સારી રીતે દેખવું' છે. આમ હોવાથી, 'માયાથી જ્યારે તે બે જોતાં હતાં ત્યારે (ભગવાન્) પ્રાકૃત બાલક થયા' એ પ્રમાણે તેમના જોવાનો પ્રકાર કહેલો છે.

વાસ્તવિક રીતે તો ભગવાન્ છ ગુણોવાળા, પરમકાષ્ઠાવાળા શુદ્ધબ્રહ્મરૂપ જે બાલ એટલે બાલરૂપ (હતા). તેમણે 'સદ્યઃ' તે જ ક્ષણે 'આસીત્' દર્શન દીધાં અથવા પ્રગટ થયા, એવી (વાક્યની) યોજના છે. ૧।૧૯।૨૫માં ત્યાં વ્યાસજીના પુત્ર 'અભવત્' 'પ્રકટ થયા' વાક્યમાં 'અભવત્' શબ્દ 'પ્રકટ થયા' અર્થમાં યોજાએલ છે, પણ 'ઉત્પન્ન થયા' એવો તેનો અર્થ નથી. તેમ અહિં 'આસીત્' શબ્દ 'ઉત્પન્ન થયા' અર્થમાં યોજાયો નથી, એવો અર્થ છે. કારણ કે બાલક ઉત્પન્ન થાય ત્યારે તે રડે છે અને રડવાથી દ્વારપાલો જાગી જાય; તેથી (ભગવાન્) શાંત રહ્યા. ભગવાન્ પ્રત્યક્ષ હોવા છતાં, તે અલૌકિક છે એવું જ્ઞાન નહિ રહેવાથી, અલૌકિક અંશ પરોક્ષ (જણાયા વિનાનો) જ હોવાથી, ('બભૂવ' પદમાં) પરોક્ષભૂતકાલનો પ્રયોગ કરેલો છે.

વળી અહિં તે તે ક્ષણના સંબંધવાળી કહેલી બધીએ લીલા શુદ્ધબ્રહ્મના ધર્મરૂપ અલૌકિક જ અને નિત્ય છે. તેથી ૧૦।૯।૧૧માં વર્ણવેલા સ્વરૂપ પેઠે નાલ વિગેરેવાળું બાલરૂપ પણ શુદ્ધ બ્રહ્મ જ હોવાથી, જેવું સ્વરૂપ વર્ણવ્યું છે તે અલૌકિક હોવામાં કાંઈ અયોગ્યતા નથી. ૧૦।૯।૧૧માં વર્ણવેલ સ્વરૂપ જ શુદ્ધ બ્રહ્મ છે એમ શુકે ૧૦।૯।૧૩માં જણાવેલું હોવાથી, અહિં પણ 'આ સ્વરૂપ બ્રહ્મ નથી' એવી કોઈ શંકા રહેતી નથી. (ભક્તોના) નિરોધ માટે (ભગવાન્) લીલા કરતા હોવાથી, જેમ કરવાથી નિરોધ સંભવે તે પ્રમાણે જ ભગવાન્ લીલા કરે છે. તેથી લીલામાં ભગવાન્ પ્રાકૃતનું અનુકરણ કરે તેથી કાંઈ ન્યૂનતા થતી નથી; પણ તેથી ઉલટું ભગવાન્ ભક્તો માટે તેમ પણ કરે છે. તેથી તેવી લીલાથી ભગવાનનું અદ્ભુત માહાત્મ્ય જણાય છે. આ બધું હૃદયમાં રાખીને જ 'પોતાના સર્વ થવાના સામર્થ્યથી (ભગવાને) તેમ કર્યું' એમ કહેલું છે એમ જાણવું. તેથી જ 'જેમ પ્રાકૃતને બાંધે તેમ બાંધ્યા' એવું દૃષ્ટાંત ૧૦।૯।૧૪માં આપેલું છે. (ટિ)

૧૨. અથવા ૪।૨।૯૨ 'શેષે' સુત્ર પ્રમાણે 'અણ્' પ્રત્યય જેને અંતે છે તેવો 'પ્રકૃતિઃ' શબ્દ અહીં યોજેલ છે. તેથી જેમ ચક્ષુથી જેનું ગ્રહણ થાય તે રૂપ 'ચાક્ષુષ' એવા શબ્દો થાય છે, તેમ 'પ્રકૃત્યા ગ્રાહ્યઃ' પ્રકૃતિથી જેનું ગ્રહણ થાય તે 'પ્રાકૃત' એવો અર્થ થાય છે. લૌકિક અને અલૌકિક એવા ભેદથી, જીવો બે પ્રકારના છે. તેમની પ્રકૃતિ પણ તેવા બે પ્રકારની છે. તેથી

બાલક થયા, નાલ વધેર્યા વિનાના (બાલક થઈ) રહ્યા. નટો બીજું રૂપ ધારણ કરે ત્યારે જોનારાઓની ગેરહાજરીની આવશ્યકતા રહે છે, પરંતુ અહિં તેની જરૂર નથી; એમ 'માતાપિતાના સારી રીતે દેખતાં' શબ્દોથી કહેલ છે. માતાની લૌકિક જ્ઞાનમાં નિપુણતા[13] હોય છે, પિતાની પરમાર્થ જ્ઞાનમાં નિપુણતા[13] હોય છે. તે બંને (નિપુણતા) હતી જ, (પણ) ભગવાનના સામર્થ્યને[13] રોકનારી ન હતી. ૪૬.

---

૧૦।૪૦।૧૭ શ્લોકમાં કહેલી રીત પ્રમાણે જેઓ અલૌકિક પ્રકૃતિવાળા છે તે ભગવાનને અલૌકિક જાણે છે અને લૌકિક પ્રકૃતિવાળા લૌકિક જાણે છે એવા, પણ વાસ્તવિક રીતે તો અલૌકિક જ બાલ પ્રકટ થયા એવો અર્થ થાય છે. અહિં (આવો અર્થ કરીએ ત્યાં) લૌકિક વ્યવહારમાં ઉપયોગી જ્ઞાન લૌકિક છે, અને તેવાં જ્ઞાનવાળા લૌકિક (પુરુષ) છે. શાસ્ત્રનું જ્ઞાન અલૌકિક છે, અને તેવાં જ્ઞાનવાળા અલૌકિક (પ્રકૃતિવાળા) છે, એમ કહેવાય છે. તેથી નંદ વિગેરેને (ભગવાન્) લૌકિક છે એવું ભાન હોવા છતાં (ભગવાનની) લીલા અલૌકિક હોવાથી, અને તેમનું જ્ઞાન વિગેરે તે લીલામાં આવેલ હોવાથી લૌકિક નથી. નંદ વિગેરેનું 'આ મારા પુત્ર છે' એવું જ્ઞાન શાસ્ત્ર પાછલથી જણાવે છે, પરંતુ ઉત્પન્ન કરતું નથી. તેથી શાસ્ત્રની રીત પ્રમાણે તેને લૌકિક કહેલું છે. આટલાથી કાંઈ ન્યૂનતા અહિં થતી નથી, (કારણ કે) તે લીલા હોવાથી અલૌકિક છે એમ કહેલું છે.

અથવા જેમ ૧।૯।૪૦માં 'પ્રકૃતિ' શબ્દ ભીષ્મે ભગવાનના સ્વરૂપના અર્થમાં યોજ્યો છે, તેમ અહિં પણ તે શબ્દ તે અર્થમાં યોજાએલો છે. એટલે પહેલાંની પેઠે 'પ્રકૃતિથી' એટલે ભગવાનના સ્વરૂપથી જ જેનું ગ્રહણ થાય તે પ્રાકૃત, એવો અર્થ છે. 'તેને સૂર્ય પ્રકાશતો નથી' વિગેરે શ્રુતિઓ, તથા 'વેદોથી... મારું દર્શન થતું નથી' (ગીતા.૧૧।૫૩) વિગેરે સ્મૃતિઓ, ભગવાનનાં દર્શન બીજા કોઈ સાધનથી થતાં નથી એમ કહે છે, અને 'આ આત્માની પ્રવચનથી પ્રાપ્તિ થતી નથી' શ્રુતિ બીજા સાધનથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી એમ કહી, 'જેનું તે વરણ કરે છે તેનાથી જ તે પ્રાપ્ત થાય છે' વિગેરેથી, ભગવાનથી જ ભગવાનની પ્રાપ્તિ થાય છે એમ જણાવે છે. તેથી આવા શુદ્ધ બ્રહ્મરૂપ લોક અને વેદમાં પ્રસિદ્ધ પુરુષોત્તમ બાલક પ્રકટ થયા એવો અર્થ છે. (ટિ)

૧૩-૧૩-૧૩. માતાપિતાના દેખતાં જ એ પ્રમાણે બીજું રૂપ ધારણ કરવાની યોગ્યતા અહિં જણાવેલી છે. 'સામર્થ્યને' એટલે 'સામર્થ્ય પ્રકટ કરવું તેને' એવો અર્થ છે. અહિં ભાવાર્થ નીચે પ્રમાણે છે :

આ (અલૌકિક) રૂપથી જ આ જ સમયે કંસને હણી સર્વનું સમાધાન કરવાનું (દુઃખ હરવાનું) સામર્થ્ય ભગવાનમાં હોવા છતાં, ભગવાને (તેમ નહિ કરતાં) જે બીજું રૂપ ધારણ કર્યું તેનું કારણ પાછલ ૨૯મા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે દેવકીજીનો લૌકિક રીતનો ભગવાનમાં અતિશય સ્નેહ જ છે. આ સ્નેહને લીધે ભગવાન્ જો કંસની સામા માત્ર (યુદ્ધ માટે) ઉભા રહે, તો તેટલાથી જ દેવકીજીના પ્રાણ જતા રહે. વળી લોકો દ્વેષ કરે એવા ભયથી દેવકીજીએ ભગવાનને અલૌકિક રૂપ છૂપાવવાની પ્રાર્થના કરી, તેથી પણ લૌકિક રીતથી જ તેમનો ભગવાનમાં ઘણો સ્નેહ જણાય છે. વસુદેવને ભગવાનના માહાત્મ્યનું પૂર્ણ જ્ઞાન હોવાથી તેમના સંબંધમાં એવી શંકા રહેતી ન હોવા છતાં, આ અલૌકિક રૂપથી જ

એ પ્રમાણે બીજું રૂપ ધારણ કરીને ત્યાં (મથુરામાં કારાગૃહમાં) રહેવાનું પ્રયોજન નહિ હોવાથી, (ભગવાન્) પોતે (બીજે સ્થલે) પધારે તો બીજું રૂપ ધારણ કરવાનું નકામું થાય તેથી, અને તેમને (વસુદેવને) (ભગવાનને ક્યાં લઈ જવા વિગેરેનું) જ્ઞાન નહિ હોવાથી કાંઈ પણ શંકા રહે નહિ તે માટે તેમને બોધ કરીને[1] (ક્યાં લઈ જવા વિગેરેની સમજણ આપીને) તેમની મારફત (ભગવાન્) પોતે ગોકુલ પધાર્યા[2] એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતશ્ચ શૌરિર્ભગવત્પ્રચોદિતઃ સુતં સમાદાય સ સૂતિકાગૃહાત્ ।।**
**યદા બહિર્ગન્તુમિયેષ તર્હ્યજા યા યોગમાયાઽજનિ નન્દજાયયા ।।૪૭।।**

ત્યાર પછી જ્યારે ભગવાને પ્રેરેલા તે શૌરિએ પુત્રને સારી રીતે લઈ સૂવાવડીના મકાનમાંથી બહાર જવાની ઈચ્છા કરી ત્યારે નંદની પત્નીથી જે યોગમાયા અજા (છે) તે જન્મી. ૪૭.

ભગવાન્ પ્રાકૃત બાલક થયા ત્યાર પછી[3] અને ('ચ') 'અને' શબ્દથી

---

ભગવાન્ જો હમણાં જ કંસને હણે તો ભક્તોનું દુઃખ દૂર થતાં, ભગવાનને (ભૂતલ પર) રહેવાનું પ્રયોજન નહિ રહેવાથી, આપણને જો ફરી તેમનું દર્શન નહિ થાય તો આપણા પ્રાણ પણ રહેશે નહિ એવા અભિપ્રાયથી, તેમણે કંસ સંબંધી વૃત્તાંત (શ્લોક ૨૨માં) ભગવાનને જણાવ્યો. તેથી આ અલૌકિક રૂપ છૂપાવવું અને હમણાં બીજે પધારવું એવો વસુદેવનો પણ અભિપ્રાય હતો એમ જણાય છે. તેમ ન હોય તો ભગવાનના માહાત્મ્યનું તેમને જ્ઞાન હોવાથી, ભગવાન્ સર્વજ્ઞ છે એમ પણ તે જાણતા હતા. તેથી કંસ સંબંધી વૃત્તાંત વસુદેવ ભગવાનને જણાવત નહિ. તેથી ભગવાને બીજું રૂપ તેઓના દેખતાં ધારણ કર્યું એમ કહ્યું તેથી, તેમનું ઉપર જણાવેલું (લૌકિક અને અલૌકિક) જ્ઞાન (ભગવાને બીજું પ્રાકૃત રૂપ ધારણ કરવાનું) કારણ હતું એમ સૂચવેલું છે. તેથી ભગવાને તેમના દેખતાં જ બીજું રૂપ ધારણ કર્યું એ યોગ્ય જ છે. (ટિ)

૧. 'મને (ગોકુલ) લઈ જાઓ, કન્યાને લાવો' એવો મનથી બોધ કરીને. (લે)

૨. વસુદેવને ભગવાને પ્રેરેલા. તેથી કાર્ય કરનાર મુખ્ય ભગવાન જ છે; તેથી જ સ્વતંત્ર રીતે જાય છે એવો ભાવ છે. ભગવાન્ પોતે ગોકુલ (વસુદેવ દ્વારા) પધાર્યા એમ કહ્યું, એટલે ૫૧મા શ્લોકના આરંભ સુધીનો અર્થ થયો. માત્ર વસુદેવ (કારાગૃહ) બહાર ગયા અને માયાનો જન્મ થયો એટલો જ વૃત્તાંત બાકી રહ્યો, તે આ શ્લોકમાં કહે છે. (લે)

૩. નંદના ઘેર ભગવાનનો પ્રાદુર્ભાવ થયો તે પછીની જ ક્ષણે માયાનો જન્મ થયો. તેમ ન થયું હોય (માયાનો જન્મ વધારે સમય પછી થયો હોય) તો નંદના ઘેર પણ ભગવાનના (સર્વને) દર્શન થાત. તેથી 'પછી' શબ્દનો અર્થ 'અમુક સમય પછી' એવો નથી એમ જણાવવા, ભગવાન્ પ્રાકૃત (બાલક) થયા પછી' એમ કહેલ છે. ભગવાન્ પ્રાકૃત બાલક થયા તે જ સમયે નંદના ઘેર પ્રાકટ્ય થએલું એમ આ અધ્યાયના ૫૩મા શ્લોકથી જણાય છે. યશોદાને તે સમયે માત્ર જન્મ થયાનું સામાન્ય ભાન થયું, તે ભગવાનનો પ્રાદુર્ભાવ

(સૂચવેલ છે કે વસુદેવને પોતાને ગોકુલ લઈ જવાની) આજ્ઞા કર્યા[4] પછી, ભગવાનને 'સારી રીતે લઈ' એટલે ઉત્તમ પાત્ર લઈ તેમાં વસ્ત્ર પાથરી તેના ઉપર ભગવાનને પધરાવી[5] જ્યારે તે શૌરિએ સૂવાવડીના મકાનમાંથી બહાર જવાની ઈચ્છા કરી, ત્યારે તે સમયે નંદની પત્નીથી યોગમાયા 'અજનિ' જન્મી. વસુદેવને ગોકુલ જવામાં ભય ન હતો એમ જણાવવા 'શૌરિ' શબ્દ યોજેલ છે. (તેમને) ભગવાનના વચનમાં[6] વિશ્વાસ હતો, એમ જણાવવા 'સઃ' 'તે' શબ્દ યોજેલ છે. 'પુત્રને' શબ્દથી એમ જણાવેલું છે કે પ્રાકૃત(પુરુષ)ની પેઠે તેમની (વસુદેવની) પણ '(આ મારા) પુત્ર છે' એવી બુદ્ધિ થઈ. 'સૂવાવડીના મકાનમાંથી' શબ્દથી (એમ કહેલ છે કે) તે મકાનમાં પણ પ્રસવ(થયા)ના ધર્મો જણાયા, અને દેવકીજી પણ સૂવાવડાં થયાં. સાધારણ મોહને દૂર કરનારું સાધારણ જ્ઞાન હોવાથી[7] (વસુદેવ) સ્વતંત્ર રીતે (ગોકુલ) ગયા અને બારણાં ખુલ્યાં[7].

---

થયાની પછીની ક્ષણે એટલે માયાનો જન્મ થવાની ક્ષણે થયું. પુત્ર જન્મ્યો કે પુત્રી એવું જ્ઞાન તો તે પછીની ક્ષણે (માયાના જન્મની પછીની ક્ષણે) થાય, પરંતુ તે જ સમયે માયાનું કાર્ય (ભગવાનનું દર્શન ન થવા દેવું તે) થયું. તેથી વ્રજમાં (કોઈને) ભગવાનનું દર્શન થયું નહિ. મથુરામાં તો એક મુહૂર્ત સુધી વસુદેવ અને દેવકીજીને દર્શન થવાથી, તે દર્શનના પ્રભાવથી જ માયા પોતાનું કાર્ય કરી શકી નહિ એવો ભાવ છે. (લે)

૪. શ્લોક ૪૫માં 'ચિંતન કરવાનું કહ્યું' એટલે 'એવા ચિંતનથી તમને લીલાના રસનો અનુભવ થશે એમ જણાવ્યું ત્યાર પછી' એવો અર્થ છે. ભગવાન્ પ્રાકૃત થયા, અને તેમણે એવી આજ્ઞા કરી તે ભગવાનને વસુદેવે લઈ જવાનું કારણ હતું એમ જણાવવા, વસુદેવ ત્યાર પછી લઈ જાય છે એમ કહ્યું; પરંતુ અમુક સમય થઈ ગયા પછી વસુદેવ લઈ ગયા એમ સૂચવવા એ શબ્દ કહેલ નથી, એવો ભાવ છે. (લે)

૫. 'સમાદાય' શબ્દમાં 'સમ્' 'સારી રીતે' ઉપસર્ગ છે, તેનો આ અર્થ કહેલો છે. (લે)

૬. શ્લોક ૪૫માં જણાવ્યા પ્રમાણે ચિંતન કરવાથી જ લીલારસનો અનુભવ થશે એવા ભગવાનના વચનમાં. (લે)

૭-૭. 'સર્વને મોહ (ઉત્પન્ન) કરવાના સ્વભાવવાળી માયા ઉત્પન્ન થઈ તો પછી વસુદેવને મોહ કેમ ન થયો ?' એવી શંકા થાય, તેનું નિવારણ કરવા 'ભગવાને પ્રેરેલા' શબ્દનું તાત્પર્ય આ વાક્યથી કહેલું છે. ભગવાને પોતાને ગોકુલ લઈ જવા, અને ત્યાંથી કન્યાને લઈ આવવા વસુદેવને પ્રેરણા કરેલી. તેથી એટલાં કાર્ય માટે ભગવાનની જ્ઞાનશક્તિ તેમનામાં રહી. તેથી યોગમાયાએ ઉત્પન્ન કરેલ સર્વના સાધારણ મોહને દૂર કરનાર એવું જ્ઞાન વસુદેવમાં હોવાથી, તેમને મોહ ન થયો, એવો અર્થ છે. જેમ બીજો કોઈ ચોરીછુપીથી જતો હોય તે (ધીમા) પગલે અને ધીરે ધીરે પોતાની ચતુરાઈથી (ચતુરાઈ પ્રમાણે) જાય, તેમ વસુદેવ પણ જાત, એવું જ્ઞાનનું સાધારણપણું જાણવું. (આ પ્રાકૃત બાલક છે) તેવું સાધારણ જ્ઞાન તેમને (તે સમયે થયું) ન હોત તો જેમ ૧૦।૧૬।૧૩માં ગોપાલોને ભગવાને ભાંડીરવનમાં

આત્માની પેઠે દેહનું પણ વિસ્મરણ[8] જે પ્રકારે થાય તે માટે તે જ સમયે યોગમાયા જન્મી. જો ભગવાન્ પ્રકટ થયા તે સમયે જ તે જન્મી હોત તો દેવકીજી અને વસુદેવને પણ નિદ્રા આવત[9]. આથી[10] એમ જણાય છે કે એક મુહૂર્ત પછી તે જન્મી[11]

પહોંચાડ્યા તેમ વસુદેવને ગોકુલ પહોંચાડત.

અથવા જેમ ભગવાનના વિષે જેવું જ્ઞાન હોય તે પ્રમાણમાં મોહ પણ દૂર થાય છે. તેથી હમણાં વસુદેવને ભગવાન્ સંબંધી સામાન્ય લોકના જેવું જ્ઞાન હોવાથી તેમનો તેટલો મોહ પણ દૂર થયો, તેથી એમ કહેલ છે એવો અર્થ છે. તેટલો બહારનો બંધ પણ દૂર થાય છે, એમ 'બારણાં ખુલ્યાં' શબ્દોથી કહેલ છે. (ટિ)

૮. જેમ ગોકુલના રહેવાસીઓને પોતાના આત્માનું વિસ્મરણ થયું તેમ તેમના સંતાનના દેહનું પણ વિસ્મરણ થાય, એટલે 'પુત્ર ઉત્પન્ન થયો કે પુત્રી' એવી સ્મૃતિ ન રહે, એવો અર્થ છે. (લે)

૯. (ભગવાનનાં) દર્શન થવાથી મોહ રહેતો નથી. જો ભગવાનનો જન્મ થયો ત્યારે માયા જન્મી હોત તો (દેવકીજી અને વસુદેવને) (માયાથી) ભગવાનનાં દર્શન ન થવારૂપ મોહ જ થાત. (નિદ્રા આવત). (ટિ)

૧૦. 'આથી' એટલે 'દેવકીજી અને વસુદેવને નિદ્રા આવી ન હતી એમ કહ્યું તેથી.' (લે)

૧૧. આ શ્લોક ઉપરથી, ભગવાન્ પ્રકટ થયા પછી એક મુહૂર્તે માયાનો જન્મ થયો એમ જણાય છે. નવમીના દિવસે યોગનિદ્રાનો જન્મ થયો અને અષ્ટમીના દિવસે હરિનો જન્મ થયો. તેથી નવમી સહિત બુધ(વાર)વાળી રોહિણી હોય ત્યારે ઉપવાસ કરવો, એવા ભવિષ્યપુરાણના વાક્યથી યોગમાયાનો જન્મ નવમીના દિવસે થયો એમ જણાય છે. (પ્ર)

વસુદેવના ઘેર ભગવાન્ પ્રકટ્યા ત્યાર પછી એક મુહૂર્તે માયાનો જન્મ થયો એવો અર્થ છે. સૂર્યોદય પછી ૪૫મી ઘડી બેઠી ત્યારે મધ્યરાતનો આરંભ થયો ત્યારે વસુદેવના ઘેર પ્રાકટ્ય થયું. મધ્યરાત પૂરી થઈ ત્યારે (૪૬મી ઘડીના અંતે) શ્રીગોકુલમાં પુરુષોત્તમનું પ્રાકટ્ય થયું. બંનેનું પ્રાકટ્ય મધ્યરાતે (મથુરામાં મધ્યરાતની આરંભમાં અને ગોકુલમાં અંતે) થયું એટલા સમય સુધી જ આઠમ હતી. પછી નવમી શરૂ થઈ. તેમાં ગોકુલમાં માયાનો જન્મ થયો. માયાનો જન્મ નવમીને દિવસે થયો એમ ભવિષ્યપુરાણ અને વિષ્ણુપુરાણમાં કહેલું છે. તેથી જ શ્રીસુબોધિનીજીમાં પણ તેમ કહેલ છે. ઉપર પ્રમાણે વસુદેવના ઘેર પ્રાકટ્ય થયું ત્યાર પછી એક મુહૂર્તે માયાનો જન્મ થયો. વસુદેવના ઘેર પ્રાકટ્ય થયા પછી વસુદેવ અને દેવકીજીએ સ્તુતિ કરી, ભગવાને પૂર્વનો વૃત્તાંત વિગેરે કહ્યું, પ્રાકૃત બાલક થયા, વસુદેવે ઉત્તમ પાત્રમાં વસ્ત્ર પાથરી તેના ઉપર તેમને પધરાવ્યા તેટલામાં એક મુહૂર્ત થયું. પુરુષોત્તમનું પ્રાકટ્ય વસુદેવના અને નંદના ઘેર અષ્ટમીના દિવસે જ મધ્યરાતે થયું તેથી તેમાં તિથિ કે મુહૂર્તનો ભેદ નથી, પણ માત્ર ક્ષણનો જ ભેદ છે. જો નંદજીના ઘેર પુરુષોત્તમનું પ્રાકટ્ય નવમીને જ દિવસે થયું હોય, તો જન્માષ્ટમી શ્રીગોકુલાધીશના પ્રાદુર્ભાવનો દિવસ ન ગણાય. વળી આ અધ્યાયના આરંભમાં જે કાલના ગુણો કહ્યા તે મધ્યરાતના જ કહેલા છે. નવમીના દિવસે તે ન હતા. તેથી જો નવમીનું પ્રાકટ્ય માનીએ તો એ પ્રાકટ્ય સમયે કાલ પણ તેવા ગુણવાળો ન હતો. તેથી ગોકુલ અને મથુરામાં બંને સ્થલે અષ્ટમીને દિવસે મધ્યરાતે પ્રાકટ્ય થએલ એવો સિદ્ધાંત છે.

અને તે નવમીના સમયે[૧૨] જન્મી. રોહિણી તો (બંનેના જન્મમાં) સમાન હતી[૧૩]. તેથી રોહિણીનો કૃતિકા સાથે વેધ હોય તેમાં દોષ નથી. પરંતુ સપ્તમીનો વેધ હોય ત્યારે તો દોષ થાય જ[૧૪]. પુત્રઉત્સવ[૧૫] વિગેરે શુદ્ધ નવમીમાં

---

'પુરુષોત્તમ તો નંદના ઘેર જ માયા સાથે ઉત્પન્ન થયા' વાક્યનો આમાં વિરોધ થતો નથી, કારણ કે થોડા જ સમય પછી જે બને તે સાથે બન્યું એમ કહેવામાં વિરોધ નથી. (યો)

૧૨. બીજાં પુરાણો (ભવિષ્ય અને વિષ્ણુ) પ્રમાણે આ કહે છે. વસુદેવ અને દેવકીજીને નિદ્રા ન આવતાં ભગવાનનાં દર્શન થયાં, તેનું કારણ માયાનો તે સમયે જન્મ થયો ન હતો એવું કહેલું છે. તેથી એમ સૂચવ્યું છે કે ગોકુલમાં ભગવાનનાં દર્શન કોઈને ન થયાં તેનું કારણ ભગવાનના પ્રાકટ્ય સાથે જ માયા જન્મી એ છે. તેથી વ્રજમાં નવમીના દિવસે પુરુષોત્તમનો પ્રાદુર્ભાવ થયો છે. જો ભગવાનના પ્રાદુર્ભાવ પછી (અમુક સમયે) માયાનો જન્મ થયો હોય તો તે સમય દરમ્યાન ભગવાનનાં દર્શન થયાં હોય. તેના પ્રભાવથી જ માયાના જન્મ પછી પણ મથુરામાં થયું તેમ ભગવાનનાં દર્શન થાય. પરંતુ ભગવાનનો પ્રાદુર્ભાવ અને માયાનો જન્મ એક સાથે જ થાય તો ભગવાનનાં દર્શન ન જ થાય; અને તેથી એવાં દર્શનનો પ્રભાવ પણ ન હોય એમ ટિપ્પણીમાં સ્પષ્ટ છે.

'જેમ નંદના ઘેર પ્રાદુર્ભાવ થયો કે તે જ ક્ષણે મથુરામાં પુરુષોત્તમનાં દર્શન થયાં, તેમ તે જ ક્ષણે વ્રજમાં પણ દર્શન થવાં જોઈએ, કારણ કે માયા તો તે પછીની ક્ષણે જન્મી' એવી શંકા થાય, તો જાણવું કે દર્શન થવાનું કારણ પ્રાદુર્ભાવ છે. તેથી દર્શનનું કારણ તે થાય તે માટે દર્શનની પહેલાં તે હોવો જોઈએ. તેથી પ્રાદુર્ભાવની પછીની જ ક્ષણે આ અધ્યાયના ૫૩મા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે યશોદાને સામાન્ય જન્મ થયાનું જ્ઞાન થયું. 'તે પછીની ક્ષણે' એટલે ભગવાનના પ્રાદુર્ભાવથી ત્રીજી ક્ષણે, અને માયાના જન્મથી બીજી ક્ષણે વ્રજમાં ભગવાનનાં દર્શન થાય; તેટલામાં તો માયાનું કાર્ય થયું એટલે દર્શન ન થયાં. 'જન્મ થયો' એવું સામાન્ય રીતે જ્ઞાન તો પ્રાદુર્ભાવ થયા પછીની બીજી ક્ષણે એટલે માયાનો જન્મ થયો તે ક્ષણે થયું જ. મથુરામાં વસુદેવ તથા દેવકીજીને દર્શન થયાં તેનું કારણ એ છે કે માયાના જન્મ પહેલાં ભગવાનનો પ્રાદુર્ભાવ થયો હતો, અને તે જ (પહેલાં પ્રાદુર્ભાવ થએલ) સ્વરૂપ આ (પુરુષોત્તમના) સ્વરૂપમાં રહેલ હોવાથી, તેમને માયાનો જન્મ થયા પછી પણ દર્શન થયાં. તેથી જે ક્ષણે નંદના ઘેર પ્રાદુર્ભાવ થયો તે જ ક્ષણે મથુરામાં દર્શન થયાં. (લે)

૧૩. વસુદેવના ઘેર અને નંદના ઘેર ભગવાન્ પ્રકટ થયા, અને નંદના ઘેર પ્રાકટ્યનો ઉત્સવ થયો. તે બધું રોહિણી નક્ષત્રમાં જ થયું. તેથી પ્રાકટ્ય સમયે અને ઉત્સવ સમયે પણ રોહિણી જ નક્ષત્ર હતું; પરંતુ અષ્ટમીનું તેમ ન હતું. તે તો માત્ર પ્રાકટ્ય સમયે જ હતી. ઉત્સવ સમયે ન હતી એમ 'તુ' 'તો' શબ્દથી જણાવેલ છે. તેથી કૃતિકા સાથે રોહિણીનો વેધ હોય (ત્યારે ઉપવાસ કરવાથી) દોષ થતો નથી. મધ્યરાતના આરંભથી રોહિણી શરૂ થએલ. તેથી નવમીના આખા દિવસ સુધી રોહિણી જ નક્ષત્ર હોવું જોઈએ. તેથી ઉત્સવ પણ એ જ નક્ષત્રમાં થએલ. (યો) રોહિણીને કૃતિકાનો વેધ હોય ત્યારે ઉપવાસ કરવામાં રામાનુજ સંપ્રદાયવાળા દોષ માને છે તે યોગ્ય નથી. (પ્ર)

૧૪. કારણ કે સપ્તમીનો વેધ હોય તે દિવસે નવમી હોવાનું અસંભવિત જ છે. સપ્તમીના

જ થયાં[૧૬], તેથી શુદ્ધ અષ્ટમી ન હોય ત્યારે નવમીના દિવસે જ ઉપવાસ કરવો[૧૭].

ભગવાન્ જ્યાં સુધી અંદર રહેલાં હોય ત્યાં સુધી માયાની ઉત્પત્તિ થાય નહિ[૧૮] તેથી (વસુદેવે ભગવાનને લઈને) જ્યારે બહાર જવાની ઈચ્છા કરી ત્યારે જ

---

વેધવાળા દિવસે જન્મતિથિ ન હતી; એવો ભાવ છે. (લે)

'દોષ થાય' એટલે વ્રત કરવામાં દોષ થાય, એવો અર્થ છે. અષ્ટમી ઉપર નવમી હતી તેવા દિવસે ભગવાનનું પ્રાકટ્ય થએલ. આવા દિવસે સપ્તમીનો વેધ હોવો અસંભવિત જ છે. તેથી જે દિવસે સપ્તમીનો વેધ હોય તે દિવસે વ્રત વિગેરે ન જ કરવાં. (યો)

૧૫. તિથિનો (અષ્ટમીનો) ક્ષય હોય ત્યારે વ્રત ક્યારે કરવું તેનો નિર્ણય અહિં કરે છે. અષ્ટમી ઉપર નવમી જન્મની તિથિ છે. તેથી અષ્ટમી મુખ્ય છે, નવમી તેનું અંગ છે. મુખ્ય તિથિ ન મળતી હોય તો તેના અંગવાળી તિથિએ વ્રત વિગેરે કરવું, પરંતુ સપ્તમીના વેધવાળી અષ્ટમીમાં જન્મ થએલ નહિ હોવાથી તેવા દિવસે વ્રત વિગેરે કરવાં નહિ, એવો ભાવ છે; કારણ કે ઉપર જણાવ્યું તેમ નંદના ઘેર પ્રાદુર્ભાવ નવમીને દિવસે થએલ હતો. 'પુત્ર અને ઉત્સવ મૂલ છે જેનાં' તે પુત્ર ઉત્સવ વિગેરે, એટલે પુત્રજન્મ, ઉત્સવ, સર્વસંપત્તિની વૃદ્ધિ, રમાનું ક્રીડાસ્થાન, આ તદ્ગુણસંવિજ્ઞાનબહુવ્રીહિ છે, (એટલે આ બધાંનો અર્થ આ શબ્દમાં રહેલ છે). (લે)

૧૬. 'થયાં' એટલે 'તેમનો પ્રાદુર્ભાવ થયો', એવો અર્થ છે. સ્વરૂપ પેઠે લીલા પણ નિત્ય છે અને તેનો (ક્રમે ક્રમે) આવિર્ભાવ થાય છે. તેથી પુત્ર અને ઉત્સવ સમાન હોવાથી 'પુત્રશ્ચ ઉત્સવશ્ચ' પુત્ર અને ઉત્સવ એમ તે બેનો દ્વંદ્વ સમાસ કરેલો છે.(લે)

૧૭. વ્રત કરવાનું કારણ ભગવાનનું પ્રાકટ્ય અને તેનો ઉત્સવ છે, એવી ભક્તિમાર્ગની પ્રમાણસિદ્ધ મર્યાદા છે. તેથી જ નિબંધમાં કહેલ છે કે 'ભોજન કરીને ઉત્સવ કરવો નહિ, કારણ કે તેમ કરવાથી ભગવાનનો આવેશ થતો નથી.' ઉત્સવ પ્રાકટ્યને લીધે થતો હોવાથી, પ્રાકટ્ય કરતાં ઓછા બલવાળો છે. તેથી પ્રાકટ્યકાલનો દિવસ હોય તો તે જ દિવસે વ્રત વિગેરે કરવાં, પરંતુ તેવો દિવસ ન મળે તો ઉત્સવના સમયે દિવસે વ્રત વિગેરે કરવાં, એવો ભાવાર્થ છે. બીજા અવતારોમાં પ્રાકટ્યનો કાલ અને ઉત્સવનો કાલ એક જ હોય છે. પરંતુ શ્રીકૃષ્ણના અવતારમાં તો જન્મસમય અષ્ટમી છે અને ઉત્સવનો સમય નવમી છે, કારણ કે વસુદેવ માયાને મથુરા લઈ ગયા ત્યારથી નંદના ઘેર પુત્રનો જન્મ થયાની ખબર પડતાં ઉત્સવ થયો. અષ્ટમી સપ્તમીના વેધવાળી હોય અને અષ્ટમીનો ક્ષય હોય તો પણ વિદ્ધા તિથિમાં ઉપવાસ વિગેરે કરવાં નહિ, કારણ કે વિદ્ધા તિથિમાં તેમ કરવાની સર્વ પ્રકારે મના છે. તેથી જ વૈષ્ણવ ગ્રંથોમાં લખેલ છે કે 'પહેલાંની તિથિના વેધવાળી (રોહિણી) નક્ષત્રવાળી પણ આખીએ તિથિને તજી, શુદ્ધ નવમીએ ઉપવાસ કરી વ્રત કરવું.' (યો)

૧૮. 'કારાગૃહમાંથી બહાર નીકળવાના સમયે માયાનો જન્મ થયાનું કેમ કહેલું છે ?' એવી આકાંક્ષા થાય તેથી આ કહેલ છે. (પ્ર) જ્યાં સુધી ભગવાન્ કારાગૃહમાં હોય ત્યાં સુધી માયાનો જન્મ થયો નહિ, કારણ કે લોકોને નિદ્રામાં નાખવા વિગેરે માયાના કાર્યની ત્યાં જરુર ન હતી. (લે)

(યોગમાયા) જન્મી, એમ કહેલું છે; કારણ કે તે માયા યોગ (કરવા) માટે જ છે, એટલે ભગવાનના કાર્યનો[૧૯] ઉપાય કરવા માટે જ લોકોને મોહ કરે છે. માયાને સ્વતંત્ર જ્ઞાન હતું એવો મત ખોટો છે એમ જણાવવા 'નંદની પત્નીથી તે જન્મી' એમ કહેલું છે, પરંતુ ભગવાનની પેઠે તે પોતાની મેળે પ્રકટ થઈ ન હતી. ૪૭.

તે (માયા)નું કાર્ય નીચેના શ્લોકોમાં કહે છેઃ

**તયા હૃતપ્રત્યયસર્વવૃત્તિષુ દ્વાઃસ્થેષુ પૌરેષ્વનુશાયિતેષ્વથ ।।**
**દ્વારસ્તુ સર્વાઃ પિહિતા દુરત્યયા બૃહત્કપાટાયસકીલશૃઙ્ખલૈઃ ।।૪૮।।**
**તાઃ કૃષ્ણવાહે વસુદેવ આગતે સ્વયં વ્યવર્યન્ત યથા તમો રવેઃ ।।**
**વવર્ષ પર્જન્ય ઉપાંશુગર્જિતઃ શેષોઽન્વગાદ્ વારિ નિવારયન્ ફણૈઃ ।।૪૯।।**

તેનાથી જેમની જ્ઞાનની સર્વ વૃત્તિઓ હરાઈ ગઈ છે તેવા દ્વારપાલો અને શહેરીઓને ઊંઘાડવામાં આવતાં, પછી, જેમાંથી નીકળવું બહુ કઠણ હતું તેવાં (જે) બધાં દ્વારો મોટાં બારણાં અને લોઢાના ખીલાવાળી સાંકળોથી બંધ કરેલાં હતાં તે શ્રીકૃષ્ણને લઈ જનાર વસુદેવ આવતાં, જેમ સૂર્યથી અંધકાર (જાય) તેમ પોતાની મેળે ખુલી ગયાં. ધીરે ધીરે ગર્જના કરતો વરસાદ વરસવા લાગ્યો. ફેણોથી જલને રોકતો શેષ પાછલ જવા મંડ્યો. ૪૮-૪૯.

તે માયાથી હરાઈ ગએલી છે જ્ઞાનની સર્વ વૃત્તિઓ જેમની (તેવા દ્વારપાલો અને શહેરીઓ થયા). જાગતાં ઊંઘતાં (મીઠી નિદ્રામાં) હોઈએ ત્યારે 'પ્રત્યય' એટલે જ્ઞાનની સંશય વિગેરે વૃત્તિઓ ઉત્પન્ન થાય છે, પરંતુ માયાએ જેમનો મોહ કરેલ તેઓ તો મૂર્ચ્છા જ પામ્યા. (સંશય વિગેરે વૃત્તિઓ પણ તેમનામાં ન રહી). તે (માયા) જગતમાં ઉત્પન્ન થઈ ત્યારે (તેનો) તેવો પ્રભાવ (થયો). યશોદા વિગેરે ગોકુલના રહેવાસીઓ તો ભાનરહિત થયા જ (હતા). પછી અનુક્રમે મથુરામાં દ્વારપાલો અને પછી શહેરીઓ (ભાનરહિત થયા). માત્ર પહેલાં હતી તેવી બુદ્ધિ જ હરી એમ નહિ, પરંતુ નિદ્રાથી શૂન્ય બુદ્ધિ પણ ઉત્પન્ન કરી. જેમ પરલોક ગએલ હોય તે ઘણા સમય સુધી મુગ્ધ (જ્ઞાનહીન) રહે તેમ ઊંઘાડવામાં આવ્યા એટલે સુષુપ્તિમાં રાખવામાં આવ્યા. આ માયાએ આટલું[૧] કાર્ય કર્યું. બીજું[૨] તો બીજી રીતે થયું એમ કહેતાં, 'પછી' એ શબ્દથી જૂદો આરંભ

---

૧૯. 'કાર્યનો' એટલે ગોકુલ જવાનો, 'ઉપાય કરવા માટે' એટલે 'તેમાં વિઘ્ન ન થાય તે માટે,' શહેરના રહેવાસીઓ વિગેરે લોકોને 'મોહ કરે છે' એટલે નિદ્રામાં નાખે છે એવો અર્થ છે(લે)

૧. 'આટલું' એટલે 'જ્ઞાનની વૃત્તિઓ હરવાનું અને સર્વને ઊંઘાડી દેવાનું.' (લે)

૨. દ્વારો કંસની આજ્ઞાથી પહેલાં જ બંધ કરેલાં હતાં, તે તો ભગવાનના પ્રભાવથી જ ઉઘડી ગયાં, એવો અર્થ છે. (લે)

કરે છે. પહેલાં તે જ દ્વારપાલોએ બધાંએ દ્વારો મોટાં બારણાં અને લોઢાના ખીલાવાળી સાંકળોથી બંધ કરેલાં હતાં. (તે બારણાંઓ) સ્વભાવથી પણ જેમાંથી નીકળવું બહુ કઠણ હતું (તેવાં હતાં).

**ગજા વ્યાઘ્રાઃ ક્વચિત્ સિંહા વિષમાશ્ચૈવ ભૂમયઃ ।।**
**દિવસેઽપિ ગતૌ નિત્યં સર્વથા ભયહેતવઃ ।।કા.૩૪।।**

હાથીઓ, વાઘો, કોઈ સ્થલે સિંહો અને વિષમ ભૂમિઓ દિવસે પણ જતાં સદા સર્વ પ્રકારે ભયનાં કારણો છે[૩]. કા.૩૪.

જે દ્વારોમાં માત્ર પ્રવેશ કરવાથી જ સાધારણ પુરુષોનો બંધ થાય છે, તેવાં પણ બંધ કરેલાં હતાં. મોટાં બારણાંઓ જેમાં હતા અને જેમાં લોઢાના ખીલાઓ અને સાંકળો હતી, અથવા (જેમાં) ખીલા સહિત સાંકળો હતી[૪], (જે) માત્ર કુંચીથી જ ઉઘાડી શકાય તેવાં હતાં, અને કુંચી પણ વિષમ (ઘણા ખાંચાવાળી) (જોઈએ તેવાં હતાં), આવાં (દ્વારો) પણ વસુદેવ આવતાં પોતાની મેળે 'વ્યવર્યન્ત' ખુલી ગયાં, પોતાની મેળે જ ખુલી ગએલ બારણાંઓવાળાં થયાં. ભગવાન્ સર્વને મોક્ષ આપનાર હોવાથી અતિતામસોએ બાંધેલાં (બંધ કરેલાં) અચેતન દ્વારોની પણ મુક્તિ દર્શાવેલી છે. આથી, જો ભગવાનને વહન કરનાર શુદ્ધ સત્ત્વ હોય તો, બીજાઓની મુક્તિ સમજાવેલી છે. આ જણાવવા જ 'શ્રીકૃષ્ણને લઈ જનાર વસુદેવ' શબ્દો યોજેલા છે. આ જ ઉપાય છે એમ જણાવવા, 'જેમ સૂર્યથી અંધકાર (જાય)' એવું દૃષ્ટાંત કહેલું છે. હજારો ઉપાય કરવાથી પણ બધો અંધકાર જતો નથી, પરંતુ સૂર્ય ઉગે ત્યારે પોતાની મેળે જતો રહે છે. તે પ્રમાણે ભગવાન્ સહિત શુદ્ધ સત્ત્વ હોય ત્યારે જ સર્વ અવિદ્યાનો નાશ થાય છે. તેમ ન હોય તો, જે સર્વ (ઉપાયો)થી અસાધ્ય છે તે પોતાની મેળે સિદ્ધ થતું નથી. અંદરનાં દ્વારો ખુલ્યાં ત્યારે બંનેની[૫] સામે જે માયાનો પ્રવેશ થયો, તે 'ધીરે ધીરે ગર્જના કરતો વરસાદ વરસવા લાગ્યો' શબ્દથી કહે છે. વરસાદ પણ સર્વને ઊંઘમાંથી ન ઉઠવાનું કારણ છે. ધીરી ધીરી ગર્જના પણ ન ઉઠવાનું અને બીજા અવાજને રોકવાનું સાંભળવા ન દેવાનું કારણ છે. જો વરસાદ વધારે ગાજે તો તેનાથી જ બધા જાગી ઉઠે. સાધારણ રીતે પ્રવૃત્ત થએલું આટલું માયાનું કાર્ય વસુદેવને પણ ખેદ (દુઃખ) ઉત્પન્ન કરનારું થાય, તેથી વસુદેવનો ખેદ દૂર કરવા,

---

૩. આ કારિકાથી 'દુરત્યયાઃ' 'જેમાંથી નીકળવું બહુ કઠણ હતું' શબ્દનો અર્થ કહેલ છે, એ સ્પષ્ટ છે. (કા) કારાગૃહના દ્વારોનો 'વિષમ ભૂમિમાં' સમાવેશ કરેલો હોય એમ જણાય છે.
૪. આ બહુવ્રીહિસમાસ નથી, પરંતુ 'પિહિતાઃ' 'બંધ કરેલાં' શબ્દનો અર્થ છે. (લે)
૫. 'બંનેની' એટલે 'માયા અને ભગવાનની' (પ્ર) વસુદેવ અને ભગવાનની.

'શેષ પાછલ જવા મંડ્યો.' પાછલા ભાગથી (પૂંછડાનો ભાગ જમીન ઉપર ટેકાવીને) જવા મંડ્યો. ભગવાનના સંબંધને લીધે (વસુદેવને) તેનાથી (શેષથી) થનાર ભય થતો ન હતો. કેટલાક એમ કહે છે કે (શેષ) આકાશમાં (જલને) રોકતો જતો હતો. 'ફણાઓથી' શબ્દને લીધે અને 'પાછલ જવા મંડ્યો' શબ્દોથી, છત્ર ધારણ કરનારની પેઠે પાછળ જ જતો હતો એમ જણાય છે. ૪૮-૪૯.

જેમ જેમ ગોકુલની નજીક જતા ગયા તેમ તેમ માયાના નજીકપણાને લીધે જવામાં વધારે ક્લેશ થતો ગયો, અને ભગવાનની સન્નિધિથી તે (ક્લેશ) દૂર થયો, એમ જણાવવા, નીચેના શ્લોકમાં શ્રીયમુના ઉતરવાનો પ્રકાર કહે છે :

**મઘોનિ વર્ષત્યસકૃદ્ યમાનુજા ગમ્ભીરતોયૌઘજવોર્મિફેનિલા ।।**
**ભયાનકાવર્તશતાકુલા નદી માર્ગં દદૌ સિન્ધુરિવ શ્રિયઃપતેઃ ।।૫૦।।**

ઈન્દ્ર વારંવાર વરસતો હતો ત્યારે યમની નાનીબેન ગંભીર જલના સમૂહના વેગ તથા મોજાંઓવાળી અને ફીણવાળી, ભય ઉત્પન્ન કરનાર સેંકડો વમળોથી આકુલ નદીએ, જેમ સમુદ્રે શ્રીના પતિને માર્ગ આપ્યો હતો તેમ માર્ગ આપ્યો. ૫૦

ભગવાનના જન્મ સમયે ચારે તરફથી જતાં રહેલાં બધાંએ વાદળાંઓ માયાનો જન્મ થતાં આવ્યાં. માયાથી મોહ પામેલો ઈન્દ્ર પણ વાદળાંને પ્રેરણા કરનાર થયો. જો વાદળાં એકલાં હોય તો ભગવાન્ પધારે ત્યારે જતાં પણ રહે, કારણ કે મોહ પામેલા હલકાં પ્રાણીઓ થોડાં ધૈર્યવાળાં હોવાથી મોટાંની સાથે વિરોધ કરે એ સંભવતું નથી. તેથી 'ઈન્દ્ર વારંવાર વરસતો હતો ત્યારે' એમ કહેલું છે.

સ્વભાવથી પણ યમુના ક્રૂર છે, એમ 'યમની નાનીબેન' શબ્દથી કહેલ છે. તેથી જ (તે) ગંભીર જલના સમૂહના વેગ તથા મોજાંઓવાળી અને ફીણવાળી (થએલી હતી). 'ગંભીર[1]' એટલે ભયાનક અથવા અગાધ (ઘણો ઉંડો) જે જલનો સમૂહ, તેના વેગથી અને વાયુને લીધે જે મોજાંઓ થતાં તે(વાં મોજાંઓ)વાળી અને ફીણવાળી[2] (હતી), (આથી) તેનો (યમુનાનો) ત્રણે પ્રકારનો દોષ કહેલો છે. ઘણો વેગ રાજસ છે, ફીણ(વાળાં થવું) વિગેરે[3] તામસ છે.

એ પ્રમાણે કાલે કરેલ (યમુનાના) દોષ કહી, 'ભય ઉત્પન્ન કરનાર સેંકડો

૧. કાલે કરેલાં દોષોમાં ગાંભીર્ય સાત્ત્વિક દોષ છે. (પ્ર) ગંભીર હોવાથી ભયાનક હોવું એ સાત્ત્વિક દોષ છે. (લે)

૨. 'ગંભીર જલના સમૂહના વેગસહિત મોજાંઓ જેમાં હતાં તેવી' એમ બહુવ્રીહિસમાસ કરવો, અને પછી 'ગંભીર જલના સમૂહના વેગસહિત મોજાંઓવાળી તથા ફીણવાળી' એમ કર્મધારયસમાસ કરવો. (લે)

૩. 'વિગેરે' શબ્દથી મોજાંઓ અને મઘર વિગેરે જીવો કહેલા છે. (પ્ર)

વમળોથી આકુલ' શબ્દોથી (તેના) સ્વાભાવિક દોષો કહે છે. 'ભયાનકાઃ' ભય ઉત્પન્ન કરનાર જે 'આવર્તાઃ' વમળો, તેમનાં સેંકડાઓથી આકુલ એટલે (એક) સરખા પ્રવાહ વિનાની[૪] અથવા વ્યગ્ર (તે હતી). વમળો તામસ છે. વ્યગ્રપણું રાજસ છે. એ પ્રમાણે સ્વાભાવિક પણ ત્રણ દોષો (કહ્યા).

એ પ્રમાણે દોષવાળી(નદી)એ પણ માર્ગ આપ્યો. બધી નદીઓ સમુદ્રની પત્નીઓ છે. રામાવતારમાં શોષી લીધેલા સમુદ્રે પણ માર્ગ આપ્યો હતો, તો પછી તેની થોડા બલવાળી પત્ની (આપે) તેમાં શું શંકા ? તેથી (માર્ગ નહિ આપું તો) સ્વરૂપથી જ નાશ થશે, એવા (ભયથી) 'સમુદ્રની પેઠે માર્ગ આપ્યો.' વળી (ભગવાન્) ભવિષ્યમાં યમુનાના જલમાં લક્ષ્મીઓ સાથે ક્રીડા કરવાના છે. તેથી સંતોષથી પણ (યમુનાએ) માર્ગ આપ્યો. જેમ સસરો સમુદ્ર કોઈવાર (પોતાના) જમાઈ લક્ષ્મીપતિને પોતાના ઘેર પધરાવતાં માર્ગ આપે (તેમ માર્ગ આપ્યો). અથવા 'શ્રી' એટલે સીતા જ. તેમનાં એકલાંના ઉપર પ્રેમ રાખનારે જો સમુદ્રને શોષ્યો, તો ઘણી ગોપીઓ ઉપર પ્રેમ રાખનાર તેમ કેમ ન કરે ? ૫૦.

એ પ્રમાણે માર્ગની પેઠે નદી ઉતરીને, ગોકુલ પહોંચેલાએ (કરેલું) કૃત્ય નીચે કહે છેઃ

**નન્દવ્રજં શૌરિરુપેત્ય તત્ર તાન્ ગોપાન્ પ્રસુપ્તાનુપલભ્ય નિદ્રયા ।।**
**શિશું યશોદાશયને નિધાય તત્સુતામુપાદાય પુનર્ગૃહાનગાત્ ।।૫૧।।**

શૌરિએ નંદના વ્રજ પાસે જઈને, ત્યાં તે ગોપોને ઊંઘમાં સૂતેલા જોઈને, બાલકને યશોદાશયનમાં પધરાવીને, તેની પુત્રીને લઈને, (તે) પાછા ઘેર ગયા.

(વસુદેવને વ્રજમાં જતાં) ભય ન હતો એમ જણાવવા 'શૌરિ' પદ યોજેલ છે. (તે) નંદના મિત્ર હોવાથી પણ (ત્યાં જવામાં તેમને ભય ન હતો). વ્રજમાં કોઈવાર ગાયોના પણ અવાજ થાય; તેથી પુરુષના જવાના અવાજથી ત્યાંના (લોકો) જાગી ન જાય (તેથી પણ ત્યાં જવામાં ભય ન હતો).

'ઉપેત્ય' એટલે પાસે જઈને. (આ શબ્દથી) ધીરે ધીરે ગએલા એમ સૂચવેલું છે. ત્યાં તેમને (ગોપોને) સદા જાગતા રહેનારાઓને પણ તે સમયે સૂતેલા જોઈને (વસુદેવે પોતાનું કાર્ય કર્યું). (ઊંઘ વિના) પણ માત્ર સુવાય, તેથી 'ઊંઘમાં' શબ્દ કહેલ છે. 'શિશુ' એટલે બાલક ભગવાનને (યશોદાશયનમાં પધરાવ્યા). (તે) ભગવાન્ હતા એવું જ્ઞાન હોવાથી તેમને 'પુત્ર' કહી શકાય તેમ નહિ હોવાથી, બીજાં (ભગવાનનાં) નામો પાડેલાં નહિ હોવાથી, (અને) ભગવાનને (બીજાને

૪. સ્વાભાવિક દોષો કહ્યા તેમાં 'સરખા પ્રવાહ વિનાના હોવું' એ સાત્ત્વિક દોષ કહેલ છે, કારણ કે સાત્ત્વિક દોષથી સ્તંભ (પ્રવાહનું રોકાવું) થાય છે. (પ્ર)

ત્યાં) પધરાવવા એ યોગ્ય નહિ હોવાથી, 'બાલક' શબ્દ યાજેલ છે. 'શયનમાં' (શબ્દ યોજવાનું કારણ એ છે કે) 'શય્યામાં' કહેવું અયોગ્ય છે એવું માનીને, 'શયન' શબ્દ યોજેલ છે. ('યશોદાશયનમાં' એટલે) યશોદા સૂતેલી હતી ત્યારે, અથવા યશોદા જ્યાં સૂતેલી હતી ત્યાં, સારી રીતે પધરાવીને, તેની પુત્રી માયાને લઈને, પાછા તે જ રસ્તે પોતાના ઘેર ગયા. ૫૧.

**દેવક્યાઃ શયને ન્યસ્ય વસુદેવોઽથ દારિકામ્ ।।**
**પ્રતિમુચ્ય પદોર્લોહમાસ્તે પૂર્વવદાવૃતઃ ।।૫૨।।**

વસુદેવ દેવકીના શયનમાં કન્યાને મુકીને, પછી બે પગોમાં બેડીઓ પહેરીને પહેલાંની પેઠે બંધાએલ થયા. ૫૨.

પછી દેવકીજીના શયનમાં તે (પુત્રી)ને પણ સૂવાડવાની જગ્યા કરી, તેને (તેમાં) મુકી (પહેલાંની પેઠે બંધાએલ થયા). 'અથ' 'પછી' શબ્દથી (આ) જૂદા આરંભથી (કરેલ છે એમ જણાવ્યું છે). યશોદાશયનમાં ભગવાનને છૂપી રીતે ધીરેથી કોઈ જાણે નહિ તેવી રીતે (પધરાવેલા), અહિં તો તેમ કરેલ નથી. 'દારિકા' એટલે કન્યા. આદર નહિ હોવાથી 'દારિકા' (કહેલી છે). પોતે જ બે પગોમાં બેડીઓ પહેરીને પહેલાંની જ પેઠે એટલે જ્યારે ભગવાનનો જન્મ થયો ન હતો ત્યારે જેવા હતા તેવા (બંધાયા). ૫૨.

'તે સમયે યશોદા સૂતી હોય એવું સંભવતું નથી, કારણ કે લોકમાં પ્રસવ થાય ત્યારે (તેનું) જ્ઞાન (ભાન) ન રહે એવું સંભવતું નથી' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યશોદા નન્દપત્ની ચ જાતં પરમબુધ્યત ।।**
**ન તલ્લિઙ્ગં પરિશ્રાન્તા નિદ્રયાઽપગતસ્મૃતિઃ ।।૫૩।।**

અને નંદપત્ની યશોદાએ જન્મ થયો એટલું જ જાણ્યું. ઘણી થાકેલી અને નિદ્રાને લીધે જેની સ્મૃતિ ગઈ છે એવી હોવાથી તેની જાતિ જાણી નહિ. ૫૩.

'યશઃ' યશ 'દદાતિ' આપે (તે યશોદા), કારણ કે પ્રસવ થયાની જાણ થાય ત્યારે પતિને સુખ થાય. (તે) નંદની પત્ની (હતી). તેવા (પ્રસવના) સમયે બીજા કોઈ પ્રસંગે પણ જાગરણ થાય, કારણ કે જાતકર્મ વિગેરે (કરવાં) જરુરી છે. (છતાં તે) પત્ની હોવા છતાં, સાવધાન હોવા છતાં, માત્ર 'જન્મ થયો' એટલું જ (તેણે) જાણ્યું; પરંતુ 'પુત્ર (જન્મ્યો) કે પુત્રી' એમ જન્મેલ(બાલક)ની જાતિ જાણી નહિ. કારણ કે તે ઘણી થાકેલી હતી. પ્રસવ (થાય તે) માટે (તેને) ઘણી પીડા થઈ, પછી જ્યારે થાકી ત્યારે જ પ્રસવ થયો, એટલે પ્રસવ (થવા) સાથે જ

નિદ્રા પણ થઈ (આવી). તે (નિદ્રા)ને લીધે તેની સ્મૃતિ ગઈ છે તેવી (તે હતી). 'મને પ્રસવ થયો' એવું પહેલાં(ના વૃત્તાંત)નું અનુસંધાન (સંબંધ) તે સ્મૃતિ, તેથી (યશોદાને એવી સ્મૃતિ રહી નહિ તેથી) પહેલાં (શ્લોક ૫૧માં જણાવેલું કાર્ય) વસુદેવે કર્યું તે સારી રીતે પાર પડ્યું. ૫૩.

**ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની શ્રીસુબોધિનીમાં દશમા સ્કંધનાં જન્મપ્રકરણના વિવરણમાં ત્રીજા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય ચોથો ।।

**માયાયાઃ કાર્યમધુના ચતુર્થે વિનિરૂપ્યતે ।।**
**અન્યથા ભગવત્કાર્યં ન ભવેદનિમિત્તતઃ ।।કા.૧।।**

હવે ચોથા(અધ્યાય)માં માયાના કાર્યનું[૧] નિરૂપણ કરવામાં આવે છે. તેમ ન હોય (માયાએ તેનું કપટરૂપ કાર્ય કર્યું ન હોય) તો નિમિત્ત ન હોવાને લીધે[૨] ભગવાનનું કાર્ય[૩] થાય નહિ. કા.૧.

**જ્ઞાપને દુઃખસુખદે તતોઽપિ જ્ઞાપને તથા ।।**
**કંસસ્ય સહભૃત્યસ્ય ધર્મબાધો ન ચાન્યથા ।।કા.૨।।**

બે વાર (વૃત્તાંતનું) જણાવવું[૪] તે દુઃખ અને સુખ આપનાર હતું[૫]. ત્યારપછી[૬] પણ બે વાર (વૃત્તાંત) જણાવવું[૭] પણ તેવું હતું. તેમ ન હોય[૮] તો (પોતાના) સેવક સહિત કંસ ધર્મને પીડા કરી શકે નહિ. કા.૨.

**તામસપ્રભુકે રાજ્યે કૃતો ધર્મસ્તુ તદ્ગતઃ ।।**
**અતઃ પૂર્વસ્ય નાશો વૈ કર્તવ્યસ્તામસાશ્ચ તે ।।કા.૩।।**

તામસ રાજાના રાજ્યમાં કરેલો ધર્મ પણ તામસ જ હોય છે[૯]. તેથી

---

૧. 'માયાનું કાર્ય' એટલે 'સર્વને દુઃખ દેવું અને ધર્મનો નાશ'. (કા)
૨. 'નિમિત્ત ન હોવાને લીધે' એટલે 'ભક્તોને દુઃખ થએલ નહિ હોવાથી' એવો અર્થ છે. (ટિ)
૩. 'ભગવાનનું કાર્ય' એટલે 'દેવકીજી વિગેરેને બંધનમાંથી મુક્ત કરવાં, સર્વને સુખ આપવું અને ધર્મની રક્ષા કરવી'. (કા) એ અનિરુદ્ધ વ્યૂહનું કાર્ય. (પ્ર)
૪. માયાએ રુદન કરી પોતે ત્યાં (અવતરી) છે એમ જણાવ્યું તે, અને પછી દ્વારપાલોએ બાલકનો જન્મ થયો છે એમ કંસને જણાવ્યું તે, એવાં બંને જણાવવાનાં કાર્ય પણ સુખ અને દુઃખ આપનાર હતાં એવો અર્થ છે. (ટિ)
૫. વસુદેવ વિગેરેને દુઃખ આપનાર અને કંસને સુખ આપનાર, એવો ભાવ છે. (કા)
૬. 'ત્યારપછી' એટલે નોટ ૪માં જણાવેલાં બે જણાવવાનાં કાર્યો પછી. (ટિ)
૭. શ્લોક ૧૨માં માયાએ ભગવાનના જન્મના સમાચાર આપ્યાં તે, અને કંસે તેના મંત્રીને એ જણાવ્યું તે, એ બંને જણાવવાનાં કાર્યો પણ દુઃખ અને સુખ આપનાર હતાં, એવો અર્થ છે. (ટિ)
૮. 'તેમ ન હોય' એટલે 'માયાએ મોહ કર્યો ન હોય.' (ટિ)
૯. 'માયાએ શ્લોક ૧૨માં ભગવાનના જન્મના સમાચાર કંસને કહ્યા, તેથી દૈત્યોએ કંસ સાથે દશ દિવસથી નાના અને તેથી મોટા બાલકોની હત્યા કરવાની મંત્રણા કરી. (શ્લોક ૩૧). ધર્મનું સ્થાપન કરવા ભગવાનનો અવતાર થએલ તે એ પ્રમાણે ધર્મનો નાશ થવાનું કારણ કેમ બન્યો ?' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. (ટિ)

પહેલાં(કરેલા)નો નાશ કરવો જ જોઈએ[૧૦]. તેઓ[૧૧] પણ તામસ હતા. કા.૩.

**બ્રાહ્મણા અપિ તદ્દેશે સ્વભાવાત્ તામસા મતાઃ ।।**
**કાલસ્તથાવિધો યસ્માત્ પશ્ચાજ્જાતસ્તુ સાત્ત્વિકઃ ।।કા.૪।।**

તે દેશમાં બ્રાહ્મણો[૧૨] પણ સ્વભાવથી તામસ જણાએલા (હોય છે), કારણ કે કાલ તેવા પ્રકારનો હતો. પછી[૧૩] તો (કાલ) સાત્ત્વિક થયો. કા.૪.

માયાનું કાર્ય[૧૪] ભગવાનના કાર્યથી ઉલટા પ્રકારનું હોય છે એમ જણાવવા, જેમનાં બારણાંઓ ખુલી ગયાં હતાં તેવાં દ્વારો પાછાં બંધ થઈ ગયાં, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**બહિરન્તઃ પુરદ્વારઃ સર્વાઃ પૂર્વવદાવૃતાઃ ।।**
**તતો બાલધ્વનિં શ્રુત્વા ગૃહપાલાઃ સમુત્થિતાઃ ।।૧।।**

શહેરનાં બહારનાં અને અંદરનાં બધાં દ્વારો પહેલાંની પેઠે બંધ થઈ ગયાં. પછી બાલકનો અવાજ સાંભળીને દ્વારપાલો ઉઠ્યા. ૧.

શહેરનાં, બહારનાં દ્વારો અને અંદરનાં દ્વારો બધાંએ પહેલાંની પેઠે જ બંધ થઈ ગયાં. તેથી ઉલટું (દ્વારો ઉઘાડાં) હોત તો દ્વારપાલોને (વસુદેવ ભગવાનને બીજે સ્થલે પધરાવી ગયા એવું) જ્ઞાન થવાનો સંભવ થતાં, (કંસને પણ) જ્ઞાન

૧૦. તામસ રાજાના રાજ્યમાં યજ્ઞના અંગ પશુ વિગેરે તામસ હોવાથી, ત્યાં કરવામાં આવેલ યજ્ઞ વિગેરે ધર્મ પણ તામસ જ હોય છે. તેથી પહેલાંના ધર્મનો નાશ કરવો જોઈએ, એવો અર્થ છે. (કા)

૧૧. 'તેઓ' એટલે તેવા તામસ યજ્ઞ વિગેરે માટે હણેલાં પશુ વિગેરે, એવો અર્થ છે. જેમ એક કાંટાથી પગમાં વાગેલ કાંટો કાઢવામાં આવે તેવા ન્યાયે, તેવી રીતે પણ ધર્મના વિરોધીને દૂર કરવા (હણવા) એ યોગ્ય છે, એવો ભાવ છે. (ટિ)

૧૨. બીજાં પણ ધર્મનાં અંગો (બ્રાહ્મણ વિગેરે) પણ તામસ હોવાથી જ તેઓનો નાશ થયો એવા આશયથી આ કહેલ છે. (કા)

૧૩. 'પછી' એટલે 'તમોગુણનું કાર્ય દૂર થયા પછી', જે ધર્મ થયો તે સાત્ત્વિક થયો, એવો અર્થ છે. (ટિ)

૧૪. દશ દિવસથી નાનાં અને તેથી મોટાં બાલકોની હત્યા એ માયાના કાર્યનું નિરૂપણ, ભગવાનનાં કાર્યની સિદ્ધિ થાય તે માટે કરવામાં આવે છે. અધ્યાયનો અર્થ તો નિબંધમાં કહ્યા પ્રમાણે અનિરુદ્ધનું જ કાર્ય છે, એવો ભાવ છે. માયા સાથે કંસને સંવાદ થએલ એમ શ્લોક ૧૩ના વ્યાખ્યાનમાં કહેશે. તે સંવાદને લીધે નાનાં બાલકોની હત્યા કરવાની મંત્રણા થઈ અને તેમની હત્યા થઈ. તેથી તેમની હત્યા એ માયાનું જ કાર્ય છે. (લે) ભગવાન્ પધારતાં દ્વારો ઉઘડી ગયાં એમ ૧૦।૩।૪૯માં કહેલ માયાનું કાર્ય ભગવાનનાં કાર્યથી ઉલટું છે એમ જણાવવા માયા આવતાં તે પાછાં બંધ થઈ ગયાં, એવો અર્થ જણાય છે.

થાય; તેથી (દ્વારોનું) ફરીથી બંધ થવું એ માયાનું કાર્ય કહીને, વસુદેવ અને દેવકીજીનો ભય જે પહેલાં દૂર થએલ તેને ઉત્પન્ન કરવા (માયાએ) રુદન પણ કર્યું, (અને) તે રુદનથી સર્વ જાગી ગયા એમ ઉત્તરાર્ધથી કહે છે. ઉત્પન્ન થએલા (તરતના જન્મેલા) બાલકના અવાજના જેવો અવાજ સાંભળીને 'દ્વારપાલો' એટલે સૂવાવડીના મકાનમાં પહેરેગીરો સારી રીતે ઉઠ્યા. ૧.

તેઓ (દ્વારપાલો)નું કૃત્ય નીચેના શ્લોકમાં કહે છે:

**તે તુ તૂર્ણમુપવ્રજ્ય દેવક્યા ગર્ભજન્મ તત્ ।।**
**આચખ્યુર્ભોજરાજાય યદુદ્વિગ્નઃ પ્રતીક્ષતે ।।૨।।**

તેઓએ તો તરત ભોજરાજા પાસે જઈને દેવકીજીના તે ગર્ભના જન્મના (સમાચાર) તેને કહ્યા; જેની શોકાતુર થએલ (તે) રાહ જોતો હતો. ૨.

દેવકીજીએ વિગેરેએ આજીજી કરવાં છતાં તેઓએ તેમની પ્રાર્થનાને ગણકારી નહિ એમ જણાવવા 'તુ' 'તો' શબ્દ યોજેલ છે. રસ્તામાં બીજું કાંઈ કૃત્ય તેમણે કર્યું નહિ[1], એમ જણાવવા 'તરત' શબ્દ યોજેલ છે. (તેઓ કંસને) દૂરથી કહે તો સંતાડી દેવું[2] વિગેરે સંભવે, તેથી તેવું ન થાય તે માટે 'પાસે જઈને' શબ્દ યોજેલ છે. દેવકીજીના ગર્ભના જન્મના (સમાચાર કહ્યા), પરંતુ પુત્ર અથવા પુત્રી એવો ખુલાસો (કર્યો નહિ). 'તે' એટલે પ્રસિદ્ધ આઠમો. જો (દ્વારપાલો) ન કહે તો (તેમનું) અનિષ્ટ કરે, એમ જણાવવા 'ભોજરાજા' શબ્દ યોજેલ છે. જે જન્મની તે ક્યારે થશે એવી રાહ જ તે જોતો હતો, વસ્તુતઃ એવા (ભોજરાજાને સમાચાર કહ્યા). 'શોકાતુર' શબ્દથી રાહ જોવાનું કારણ કહેલ છે. ૨.

પછી કંસે જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે :

**સ તલ્પાત્ તૂર્ણમુત્થાય કાલોઽયમિતિ વિહ્વલઃ ।।**
**સૂતીગૃહમગાચ્છીઘ્રં પ્રસ્ખલન્ મુક્તમૂર્ધજઃ ।।૩।।**

તે પથારીમાંથી તરત ઉઠી, 'આ કાલ છે' એમ (જાણવાથી) વિહ્વલ થઈ, ઠોકરો ખાતો, છૂટા કેશવાળો સૂવાવડીના મકાને ગયો. ૩.

તે પણ પથારીમાં પડેલો જ હતો. 'તે' મોટો હોવા છતાં પથારીમાંથી તરત જ એટલે વિચાર કર્યા વિના, પહેલાં ઉઠ્યો; પછી 'આ કાલ છે' એમ (જાણી), હવે જીવવાની આશા નથી એવો નિશ્ચય થવાથી વિહ્વલ થયો. 'આ'

---

૧. બીજું બાનું કાઢી દેવકીજી પાસેથી બહાર જઈ, ભોજરાજા કંસને કહ્યું, એવો અર્થ છે. (લે)

૨. 'સંતાડી દેવું' એટલે 'બાલકને સંતાડી દેવું'. (પ્ર) જો દૂરથી ભોજરાજાને કહે તો દેવકીજી પણ સાંભળે, અને પછી બાલકને સંતાડી દે, એવો અર્થ છે. (લે)

એટલે ભગવાન જ મૃત્યુ કરાવનાર કાલ છે. 'વિહ્વલ' એટલે સર્વ અવયવોમાં ખોડવાળો. 'સૂવાવડીના મકાને' એટલે સૂવાવડ થઈ તે સ્થલે. 'તરત' શબ્દથી સર્વ કાર્ય તજવાનું અને સર્વ સાધનોનું ભાન ન રહેવાનું કારણ કહેલું છે. 'ઠોકરો ખાતો' શબ્દથી તેને માર્ગનું જ્ઞાન(ભાન) રહ્યું ન હતું એમ જણાવ્યું છે. 'છૂટા કેશવાળો' શબ્દથી તેને દેહનું જ્ઞાન(ભાન) રહ્યું ન હતું એમ કહેલ છે. ૩.

બાલકને જોઈને, તેની જાતિ જાણ્યા વિના 'આ પુત્ર છે' એવી જ બુદ્ધિથી કંસ તેને હણવા તૈયાર થતાં, દેવકીજીને યશોદાની કન્યાની હત્યા પોતાના પુત્રોની હત્યા કરતાં પણ વધારે દુઃખ આપનારી થઈ એમ જણાવવા, નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકથી દેવકીજીનાં વચનો કહે છે :

**તમાહ ભ્રાતરં દેવી કૃપણા કરુણં સતી ।।**
**સ્નુષેયં તવ કલ્યાણ સ્ત્રિયં મા હન્તુમર્હસિ ।।૪।।**

બાપડાં સતી દેવીએ તે ભાઈને દયાજનક રીતે કહ્યું કે :- 'હે ભાગ્યવાન ! આ તારી પુત્રવધૂ છે. તું સ્ત્રીને હણવા યોગ્ય નથી...' ૪.

**ત્વદીયા કન્યકા ચેયમતો મહ્યં પ્રદીયતામ્ ।।**
**ભગિની દાનપાત્રં હિ હેતુકાર્યફલૈસ્ત્રિભિઃ ।।કા.૫।।**

(દાન આપવાનું) કારણ, કાર્ય અને ફલ (એ) ત્રણ વડે 'આ કન્યા તારી છે તેથી મને આપ, કારણ કે બેન દાન આપવા યોગ્ય છે' એમ કહે છે[૧]. કા.૫.

તે ભાઈ કંસને કહ્યું; કારણ કે તે 'દેવી' એટલે સાત્ત્વિક પણ સ્ત્રી[૨] હતાં; અથવા જાણતાં હોવા છતાં[૩] પોતાની દીનતા જણાવવા તેમણે એમ કર્યું (કહ્યું);

---

૧. ફલ, કાર્ય અને હેતુ જણાવનાર ત્રણ શ્લોકોથી આ કારિકામાં જણાવેલ અર્થ કહે છે. પહેલા આ શ્લોકમાં ફલ કહે છે. પાંચમા શ્લોકમાં 'મને આપ' એમ દાનરૂપી કાર્ય કહેશે અને છઠ્ઠા શ્લોકમાં 'બેન દાન આપવા યોગ્ય છે' એમ દાન આપવાનું કારણ કહેશે. કંસને રુચે તે માટે દેવકીજી પ્રથમ આ શ્લોકમાં ફલ જણાવે છે. લોકમાં પહેલાં (કાર્ય કરવાનો) હેતુ, પછી કાર્ય અને પછી ફલ એવો ક્રમ પ્રસિદ્ધ હોવાથી, કારિકામાં એ પ્રસિદ્ધિ પ્રમાણે અનુક્રમે ત્રણ કહ્યાં છે એમ જણાય છે. (કા)

૨. 'સાત્ત્વિક' એટલે જ્ઞાનવાળાં હોવા છતાં, સ્ત્રી હોવાથી સ્ત્રીના સ્વભાવ પ્રમાણે તેમણે કહ્યું એવો અર્થ છે. (પ્ર)

'દેવી' હોવાથી સાત્ત્વિક હતાં. તેથી દેવી હોવાથી બીજાની કન્યાને મુક્ત કરાવવા દયાવાળાં હતાં, પરંતુ સ્ત્રી હોવાથી તામસ હોઈ 'આ મારી છેલ્લી પ્રજા આપ' (શ્લોક ૬) એવી ફોકટ માગણી કરી, એમ જણાવવા 'અપિ' 'પણ' શબ્દ યોજેલ છે. (યો)

૩. દેવી હોવાથી સર્વ ઉપાયો જાણતાં હતાં. તેથી 'બહુ ઉગ્ર હોય તેને સ્તુતિથી (સંતોષવો)' એ ન્યાય પ્રમાણે, દીનતા જણાવીને પણ તેને સંતોષવો જોઈએ એમ જાણીને, તેમણે દીનતા

અથવા પ્રાણનું[૪] સંકટ હોય ત્યારે બીજાને માટે અસત્ય પણ કહેવું જોઈએ, એમ જણાવવા (તેમણે એ પ્રમાણે કહ્યું).

'જે વગર વિચાર્યું માગે તેને બાપડો જાણવો' વાક્ય પ્રમાણે (દેવકીજી) વગર વિચાર્યું માગનાર હોવાથી 'બાપડાં' હતાં. જેમ દયાજનક થાય તેમ તેને (કંસને) કહ્યું, એવો (વાક્યનો) સંબંધ છે. ભગવાન્ સર્વરૂપ હોવાથી તેમ કરશે[૫] એવા (વિચારથી) કાલનું જ્ઞાન[૬] હોવાથી, (તેમણે) માગણી કરી, એમ જણાવવા 'સતી' પદ યોજેલું છે; અથવા પતિનો દોષ મટે એવા (હેતુથી તેમણે માગણી કરી તેથી) 'સતી' પદ યોજેલું છે, કારણ કે તેમ ન થાય (તે માગણી ન કરે) તો પોતાના પુત્રને બીજે સ્થલે પધરાવી બીજાની કન્યાની હત્યા કરાવવાથી દોષ થાય. મામાની કન્યા પરણાય એવા મત પ્રમાણે, જેમ (ભગવાન્) મિત્રવિંદાને પરણ્યા તેમ ફોઈની કન્યાને પણ પરણાય એવા હેતુથી 'પુત્રવધૂ' પદ યોજેલ છે. જ્યારે કંસનો પુત્ર દેવકીજીની કન્યાને પરણે ત્યારે આ કન્યા કંસની પુત્રવધૂ થાય. આથી એમ સૂચવ્યું છે કે તે કન્યા દેવકીજીના મનથી પોતાની કુદરતી કન્યા હતી.

'(કંસને) પુત્ર જ નથી તો પછી આ પુત્રવધૂ કેવી રીતે થાય ?' એવી શંકા થાય, તેથી 'હે ભાગ્યવાન!' એવું સંબોધન કરેલ છે. તું (કંસ) પુત્ર ઉત્પન્ન કરવાની શક્તિવાળો છે, (અને) મારાં સંતાનના રક્ષણથી તને પણ પુત્ર થશે એમ (એ સંબોધનથી જણાવેલ છે).

અથવા ભલે તે પુત્રવધૂ ન હોય. છતાં 'તું સ્ત્રીને હણવા યોગ્ય નથી. તેમ ન હોય તો મને જ કેમ ન હણી ?' કારણ કે તેં જ સ્ત્રી, બેન અને ગર્ભવતીનો આ

---

દર્શાવી, એવો ભાવ છે. (યો)

૪. '' 'અસત્ય મનુષ્યોમાં (હોય છે)' એ શ્રુતિ પ્રમાણે દેવ હોય તે અસત્ય ન બોલે, છતાં દેવકીજી અસત્ય કેમ બોલ્યાં ?'' એવી શંકા થાય તેથી આ કહેલ છે. 'ધંધા માટે, પ્રાણનું સંકટ હોય ત્યારે, ગાયો અને બ્રાહ્મણોને માટે અને હિંસામાં અસત્ય નિંદવા યોગ્ય નથી' એ વાક્ય પ્રમાણે બીજાની કન્યાના પ્રાણનું રક્ષણ અસત્ય બોલીને પણ કરવું યોગ્ય જ છે. (યો)

૫. ભગવાન્ માગણી પ્રમાણે તેને મુક્ત કરાવશે જ, એવો અર્થ છે. (લે)

૬. 'આ માગવાનો કાલ છે' એવા જ્ઞાનને લીધે માગણી કરી. તેથી માગણી કરવાથી જો કંસ કન્યાને પાછી આપે, ભગવાન્ સર્વરૂપ હોવાથી કંસને તેમ કરવા પ્રેરે, તો ભગવાન્ તેના અપરાધ પણ ક્ષમા કરે અને પછી કોઈવાર કાંઈ અનિષ્ટ થાય નહિ, એમ જણાવવા 'સતી' શબ્દ યોજેલ છે.

ક્ષત્રિયોએ માગવું એ યોગ્ય નહિ હોવા છતાં, આપત્તિના સમયે તે યોગ્ય જ છે, એમ આ આપત્તિનો કાલ છે એવું 'જ્ઞાન હોવાથી' એવો અર્થ છે. (લે)

(વધ, યશ, શ્રી અને આયુષ્યનો વધ કરે છે) એમ (૧૦।૨।૨૧માં) કહેલ છે. ૪.

'આઠમા ગર્ભને હણવાનો છે' એમ કંસ કહે તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**બહવો હિંસિતા ભ્રાતઃ શિશવઃ પાવકોપમાઃ ।।**
**ત્વયા દૈવનિસૃષ્ટેન પુત્રિકૈકા પ્રદીયતામ્ ।।૫।।**

હે ભાઈ ! દૈવે પ્રેરેલા તેં ઘણાં અગ્નિ સમાન બાલકો હણ્યાં. એક પુત્રી આપ. ૫.

'સ્ત્રીને હણવી' એમ શાસ્ત્રમાં કહેલ નથી. પુત્રોને તો તેં હણ્યા જ છે. જો કે એકને જ હણવાનો હતો, છતાં તેને બદલે ઘણાને હણ્યા છે. (કંસને) દયા આવે તે માટે 'હે ભાઈ !' એવું સંબોધન કરેલ છે. (પુત્રોની) આકૃતિથી તેઓ પરાક્રમી થાય એવું પણ સંભવતું હતું, એમ જણાવવા 'અગ્નિ સમાન' શબ્દ યોજેલ છે.

'પ્રેમવાળો ગુણોનું વર્ણન કરે' એ વાક્ય પ્રમાણે સ્નેહ થતાં (કંસ પુત્રીને) મુકી દેશે એવા વિચારથી, (પુત્રોને તેણે હણ્યા તેમાં) તેનો દોષ ન હતો, એમ 'દૈવે પ્રેરેલા' વિશેષણથી જણાવે છે. 'દૈવ' એટલે ભગવાનની ઈચ્છાથી પ્રેરાએલા તેં પુત્રોને હણ્યા. આ (પુત્રી) તો વધ કરવા યોગ્ય નથી, દૈવ (તને તેનો વધ કરવાની) પ્રેરણા કરતું નથી, એવો ભાવ છે.

આ એક પુત્રી ભાઈ વિનાની છે, તેથી છેવટના સમયે (મૃત્યુને) પહોંચીશ ત્યારે આને પણ પુત્રિકાના[1] ધર્મથી (કોઈને) આપી સંતાનવાળી થઈશ, એમ 'એક (પુત્રી)' શબ્દથી જણાવે છે. આથી એમ જણાવ્યું છે કે જો બીજી પુત્રી ઉત્પન્ન થાય તો તેને હણજે. આ પુત્રીને સંપૂર્ણ રીતે[2] આપ, એટલે કોઈ સમયે તેને હણવાની નથી. ૫.

અવશ્ય (કન્યાનું) દાન કરવાનું કારણ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નન્વહં તે હ્યવરજા દીના હતસુતા પ્રભો ।।**
**દાતુમર્હસિ મન્દાયા અઙ્ગેમાં ચરમાં પ્રજામ્ ।।૬।।**

અરે પ્રભુ ! હું ગરીબડી હણાએલા પુત્રોવાળી તારી નાની બેન છું. (મને)

---

૧. જે કન્યાને ભાઈ ન હોય, તે કન્યાને પરણાવતી સમયે તેનો પિતા એવો સંકલ્પ કરે કે '(આ) શણગારેલી ભાઈ વિનાની કન્યાને હું તને આપું છું. આ (કન્યા)માં જે પુત્ર થાય તે મારો પુત્ર (ગણાશે).' પછી તે કન્યાને પુત્ર થાય તે પિંડદાન કરે તે પિંડ તેની માતાના પિતાને પહોંચે છે, તેના જનકપિતાને પહોંચતા નથી. તેથી જ 'કન્યાને પસંદ કરવાની હોય ત્યારે રોગ વિનાની, ભાઈવાળી અને પોતાના ગોત્ર વગરની' જોવી, એમ (યાજ્ઞવલ્ક્યસ્મૃતિ.૧।૩।૫૩માં) કહેલ છે.

૨. 'પ્રદીયતામ્' ક્રિયાપદમાં 'પ્ર' ઉપસર્ગ છે તેનો આ અર્થ કહેલ છે.

મંદને આ છેલ્લી પ્રજાનું દાન કરવા તું જરુર યોગ્ય છે. ૬.

અવશ્ય દાન જ ફલ[૧] છે. 'અરે !' એવું સંબોધન યુક્તિ(દલીલ)ને (કંસ) ગ્રહણ કરે (માન્ય રાખે) તે માટે કરેલું છે. 'હું તારી નાની બેન છું.' હું નાની બેન હોવામાં (આપણા) બંનેનો અનુભવ પ્રમાણ છે. નાની બેન દયા કરવા યોગ્ય છે. 'ગરીબડી' એટલે શોક વિગેરેથી દુઃખી થએલી. તે (દુઃખી થએલ હોવા)નું કારણ 'હણાએલા પુત્રોવાળી' શબ્દથી કહેલું છે. 'પ્રભુ !' સંબોધન દાન આપવાનું સામર્થ્ય કંસમાં છે એમ જણાવવા કરેલું છે. તેથી જ 'તું દાન કરવા યોગ્ય છે.' 'મંદને' શબ્દથી હવે પછી દેવકીજી રજસ્વલા થવાનાં નથી એમ સૂચવેલું છે, તેથી જ આ 'છેલ્લી પ્રજા છે' એમ કહેલ છે. બીજી છોકરી કન્યા તરીકે આપવાની નથી, પરંતુ આ જ કન્યા આપવાની છે એમ (આજીજી કરેલી છે). ૬.

છતાં (કંસે) (તેને) મૂકી નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ઉપગૂહ્યાત્મજામેવં રુદન્ત્યા દીનદીનવત્ ।।**
**યાચિતસ્તાં વિનિર્ભર્ત્સ્ય હસ્તાદાચિચ્છિદે ખલઃ ।।૭।।**

દીકરીને બાઝી પડીને અને એવી રીતે દુઃખીઆરીની દુઃખીઆરી પેઠે રડતાં તેમને ધમકાવીને, (પુત્રીની) માગણી કરાએલા દુષ્ટે (તેમના) હાથમાંથી તેને આંચકી લીધી. ૭.

એવી રીતે દીકરીને બાઝી પડીને વિલાપ કરીને રડતાં(દેવકીજી)ના હાથમાંથી તે બાલાને, દેવકીજીને ધમકાવીને (દુષ્ટે) આંચકી લીધી. 'તે (બાલા)ની માગણી કરાએલા' શબ્દથી ધમકાવવાનું કારણ કહેલું છે. 'આત્મનઃ' ભગવાનની પાસેથી 'જાતા' જન્મેલી તે 'આત્મજા' એટલે 'દીકરી'. 'વ્યવહારમાં શબ્દો સત્ય અર્થવાળા જ હોય છે' એ ન્યાય પ્રમાણે જેમ 'દેહ' વિગેરે માટે 'આત્મા' શબ્દ યોજાય છે તેમ પુત્ર તરીકે જેને જેને સંભાળમાં લીધાં હોય તેને માટે પણ 'આત્મજ' શબ્દ યોજી શકાય છે[૨]. 'એવી રીતે' એ શબ્દથી એમ જણાવેલું છે કે આવાં વાક્યો (દેવકીજીએ) ઘણીવાર કહ્યાં. (તે) યશોદાની કન્યા (હતી) તેથી (દેવકીજી) રડતાં હતાં. 'દુઃખીઆરીની દુઃખીઆરી' (એટલે) જેમ દૈવથી હણાએલી, પુત્ર અને પતિ વિનાની, રોગથી પણ પીડાતી હોય તે દુઃખીઆરીની દુઃખીઆરી (કહેવાય), તેમ આ (દેવકીજીએ) પણ પોતાના પુત્રોનો નાશ

૧. 'ફલ' એટલે 'આજીજીનું ફલ.' (પ્ર)

૨. આ કન્યા મારી દીકરી છે એ દેવકીજીનું માનવું ન હતું, વળી સર્વ વૃત્તાંત જાણનાર શુકનું પણ એવું માનવું ન હતું, છતાં શુકે અહિં 'આત્મજા' 'દીકરી' શબ્દ કેમ યોજ્યો છે ? એવી શંકા થાય તેથી આ વાક્ય કહેલ છે. (પ્ર)

અનુભવ્યો, અને હવે પારકાંનાં સંતાનના નાશનો પણ અનુભવ કરે છે તેથી (તે તેવાં છે). એક હાથથી (કંસે) તેમનો (દેવકીજીનો) એક હાથ પકડી રાખીને, બીજા (હાથ)થી તેમના બીજા હાથમાંથી (બાલાને) આંચકી લીધી, તેથી 'હાથમાંથી' (કહેલ છે). એમ કરવાનું કારણ 'દુષ્ટે' શબ્દથી (જણાવેલું છે). ૭.

(કન્યાને) લઈને (તેણે) જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાં ગૃહીત્વા ચરણયોર્જાતમાત્રાં સ્વસુઃ સુતામ્ ।।**
**અપોથયચ્છિલાપૃષ્ઠે સ્વાર્થોન્મૂલિતસૌહૃદઃ ।।૮।।**

સ્વાર્થને લીધે જેણે સ્નેહનો જડમૂલથી નાશ કરેલ છે તેવા તેણે તરતની જન્મેલી બેનની તે પુત્રીને બે પગથી પકડી પથ્થર ઉપર પછાડી. ૮.

'બે પગથી' શબ્દથી, હણવા માટે જ ઊંધી રીતે માત્ર પકડવાથી જ તે (કન્યા)નો નાશ સૂચવેલો છે. 'તરતની જન્મેલી' એટલે નાલ વિગેરેવાળી. (કન્યાનું) ઘણું કોમલપણું દર્શાવવાથી, (કંસનું) દુષ્ટપણું સિદ્ધ કરેલું છે. 'બેનની પુત્રીને' શબ્દથી (કંસ) સર્વ પ્રકારે (ધર્મથી) વિરુદ્ધ (કર્મ) કરનાર હતો, એમ કહેલું છે. 'પછાડી' એટલે ધોવાતાં વસ્ત્રની પેઠે પટકી. 'પથ્થર' આંગણામાં પડેલો, જેવો સ્નાન કરવા માટે હોય છે તેવો.

'(દેવકીજી અને કન્યા) બંનેના સંબંધનો સ્નેહ (કંસે) કેમ તજ્યો ?' એવી શંકા થાય, તેથી 'સ્વાર્થને લીધે જેણે સ્નેહનો જડમૂલથી નાશ કરેલો છે તેવા' વિશેષણ યોજેલ છે. 'સ્વાર્થે' સ્વાર્થને લીધે 'ઉન્મૂલિતં' જડમૂલથી નાશ કરેલો છે 'સૌહૃદમ્' સ્નેહનો જેણે, તેવો (તે હતો). ૮.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**સા તદ્ધસ્તાત્ સમુત્પત્ય સદ્યો દેવ્યમ્બરં ગતા ।।**
**અદૃશ્યતાનુજા વિષ્ણોઃ સાયુધાષ્ટમહાભુજા ।।૯।।**

તેના હાથમાંથી કૂદીને તરત તે દેવી આકાશમાં ગઈ. વિષ્ણુની નાની બેન આયુધવાળા આઠ મોટા હાથવાળી દેખાઈ. ૯.

જ્યારે (કંસે) પથરા ઉપર પટકી ત્યારે જ (તેના) હાથમાંથી સારી રીતે કૂદીને એટલે કૂદકો મારીને, તરત જ તે દેવતારૂપ થઈ, પછી આકાશમાં ગઈ, આકાશમાં બાજની પેઠે રહી. કંસ વિગેરે સર્વેએ તેને તેવી રીતે જોઈ. 'વિષ્ણુની નાની બેન' શબ્દોથી તેનું તેવા થવાનું (તેમ કરવાનું) સામર્થ્ય (કહેલું છે). પરસ્પરનો વિચાર કરતાં યશોદા અને દેવકીજી એક જ છે[૧], અને (આ કન્યા

૧. આ વાક્યથી માયા વિષ્ણુની નાની બેન છે એમ સિદ્ધ કરે છે. વસુદેવ અને નંદ ધર્મભાઈઓ

વિષ્ણુની) પછી જન્મી. ભગવાન્ યશોદાના પુત્ર હોય અથવા દેવકીજીના પુત્ર હોય, બંને પ્રકારે લોકની પ્રસિદ્ધિ[2] પ્રમાણે તે (કન્યા) (તેમની) નાની બેન[3] છે. 'વિષ્ણુની નાની બેન' શબ્દથી (તેનું) તેવું સામર્થ્ય જણાવેલું છે. 'આયુધવાળા આઠ મોટા હાથવાળી' શબ્દથી તેનું બેવડું રૂપ કહેલું છે. ભગવાનનું કાર્ય અને પોતાનું કાર્ય તે કરશે એમ (જણાવવા), (તે) આઠ ભુજાઓવાળી થઈ. દેવકીજી વિગેરેના બંધ છોડાવવા એ ભગવાનનું[4] કાર્ય છે. સર્વને દુઃખ દેવું અને ધર્મનો નાશ કરવો એ પોતાનું (આ કન્યા માયાનું) કાર્ય છે. ભગવાનનું કાર્ય સિદ્ધ થાય તે માટે 'આયુધવાળા આઠ મોટા હાથ જેના છે તેવી' (તે થઈ). ૯.

---

છે. એક ભાઈનો પુત્ર અને બીજા ભાઈની પુત્રી હોય તેને પણ લોકમાં ભાઈબેન કહે છે. તેથી ભાઈઓનો વિચાર કરતાં, બે ભાઈઓની પત્નીઓ એક જ ગણાય. અંદર અંદર ભાઈનો સંબંધ ધરાવનારા પાંચે પાંડવો પરીક્ષિતના પિતામહ ગણાતા; અને ભીષ્મ પાંચે પાંડવોનાં પિતામહ ગણાતા. તેથી જેમ પરીક્ષિતના પ્રપિતામહ (ભીષ્મ)ના પુત્રો તરીકે પાંડવોને એક ગણી પરીક્ષિતના પિતામહ ગણ્યા, તેમ યશોદા અને દેવકીજીના પતિઓ ભાઈઓ હોવાથી એક ગણાતાં, તેમનાં સંતાનનો પણ લોકમાં ભાઈબેન તરીકે વ્યવહાર થયો. તેથી યશોદા અને દેવકીજી એક જ હતાં. (લે)

૨. 'માત્ર જેનો જન્મ પાછલથી થાય તે નાની બેન કહી શકાય નહિ. અહિં વિષ્ણુ અને માયાના પિતા અથવા માતા એક ન હતાં; છતાં માયાને વિષ્ણુની નાની બેન કેમ કહી ?' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલ છે. કૃષ્ણોપનિષદમાં લખ્યું છે કે 'જે નંદ છે તે પરમાનંદ હતા અને યશોદા મુક્તિગેહિની હતી.' વળી એમ પણ કહેલ છે કે 'તે દેવકીજી બ્રહ્મવિદ્યા હતાં જેનું વેદ ગાન કરે છે, અને આ વસુદેવ વેદ છે.' જેનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તે જ્ઞાનરૂપ લાભ પ્રાપ્ત કરવાનું કારણ છે, અને અર્થ શબ્દનો પ્રયોગ કરવાનું કારણ છે. એવું લોકમાં પણ પ્રસિદ્ધ છે. આમ હોવાથી યશોદા મુક્તિરૂપ હોવાથી, શ્રીદેવકીજીરૂપ બ્રહ્મવિદ્યાનો વિષય થવાથી એ આધિદૈવિક રૂપ છે, એટલે પરસ્પરનો વિચાર કરતાં આ બંને એક જ છે, કારણ કે આધ્યાત્મિક (દેવકીજી) અને આધિદૈવિક (યશોદા) એક જ હોય છે. ભગવાનના જન્મ પછી માયા જન્મી. યશોદા અને દેવકીજી એક જ હોવાથી અને વિષ્ણુ પછી માયાનો જન્મ થએલ હોવાથી, ભગવાનને બેમાંથી ગમે તેના પુત્ર ગણીએ તો પણ માયા તેમની નાની બેન થાય છે.

'લોકની પ્રસિદ્ધિ' એટલે ઇતિહાસ. 'શ્રુતિ, પ્રત્યક્ષ અને ઇતિહાસ' એ વાક્ય પ્રમાણે ઇતિહાસને પણ પ્રમાણ ગણવામાં આવેલ છે તેથી તેને પ્રમાણ ગણેલ છે. (પ્ર)

૩. 'ભગવાનને યશોદાના પુત્ર ગણીએ ત્યારે ભગવાનના પ્રાકટ્ય પછીની ક્ષણે માયાનો જન્મ થએલ હોવાથી, અને લોકમાં જોડકાં અવતરે ત્યારે પાછલથી જન્મે તે મોટું ગણાતું હોવાથી, માયા ભગવાનની નાની બેન કેમ ગણાય ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'અનુજા' 'પાછલથી જન્મેલી' એવી વ્યુત્પત્તિને લીધે તેને નાની બેન કહેલી છે.(લે)

૪. 'ભગવાનનું' એટલે 'નિબંધમાં જણાવેલા પ્રકારે અનિરુદ્ધનું'. (લે)

જેમ ભગવાને પોતાનો આવિર્ભાવ થયો તે સ્વરૂપથી વિપરીત સ્વરૂપનાં દર્શન પાછલથી કરાવ્યાં તેમ આણે પણ (તેનો) આવિર્ભાવ થએલ તેથી જૂદા પ્રકારનું રૂપ હવે ધારણ કર્યું; તેથી તેનાં સાધનો નીચેના શ્લોકમાં કહે છેઃ

**દિવ્યસ્રગમ્બરાલેપરત્નાભરણભૂષિતા ॥**
**ધનુઃશૂલેષુચર્માસિશઙ્ખચક્રગદાધરા ॥૧૦॥**

દિવ્ય માલાઓ, વસ્ત્રો, લેપો અને રત્નવાળાં આભરણોથી શણગારાએલી; ધનુષ્ય, ત્રિશૂલ અને બાણ, ઢાલ, તલવાર, શંખ, ચક્ર અને ગદા ધારણ કરનારી (દેખાઈ). ૧૦.

(૧) દિવ્ય 'સ્રજઃ' એટલે માલાઓ, (૨) 'અંબરાણિ' એટલે વસ્ત્રો પણ દિવ્ય જ, (૩) ચંદન વિગેરે લેપ, અને (૪) રત્નવાળાં આભરણો, એવા ચાર પ્રકારના અલંકારવાળી (દેખાઈ). દર્શન થયાં તે પ્રમાણે આ (અલંકારનો) ક્રમ (કહેલો છે). આરંભમાં માલાઓ દેખાતી નહિ હોવા છતાં, ગંધને લીધે (તે) દેખાઈ; પછી વસ્ત્રો, પછી ચંદન અને (પછી) આભરણો (દેખાયાં).

ઉત્તરાર્ધમાં આયુધો ગણાવે છે. ધનુષ્ય ડાબી બાજુના હાથમાં (હતું). ત્રિશૂલ અને બાણ જમણા બે હાથમાં હતાં. ઢાલ ડાબા (હાથમાં), તલવાર જમણા (હાથમાં), શંખ ડાબા (હાથમાં), ચક્ર જમણા (હાથમાં) અને ગદા ડાબા (હાથમાં) એ પ્રમાણે ગદા સુધીનાં આયુધોને ધારણ કરનારી હોવાથી તે ગદા (સુધીનાં આયુધો) ધારણ કરનારી હતી. ૧૦.

તે (માયા)નું સ્વરૂપ ભગવાનના સ્વરૂપની પેઠે પ્રસિદ્ધ થયું, એમ જણાવવા નીચેનો શ્લોક કહે છે :

**સિદ્ધચારણગન્ધર્વૈરપ્સરઃકિન્નરોરગૈઃ ॥**
**ઉપાહૃતોરુબલિભિઃ સ્તૂયમાનેદમબ્રવીત્ ॥૧૧॥**

લવાએલાં છે ઘણાં બલિ જેમનાથી તેવા સિદ્ધો, ચારણો અને ગંધર્વોથી અને અપ્સરાઓ, કિન્નરો અને સર્પોથી સ્તુતિ કરાતી (તે) આ (નીચે પ્રમાણે) બોલીઃ- ૧૧.

સિદ્ધો, ચારણો અને ગંધર્વો (એ) ત્રણ ગુણોવાળા (કહ્યા). બીજાઓ (અપ્સરાઓ, કિન્નરો અને સર્પો) પણ ત્રણ ગુણોવાળા (કહ્યા). 'અપ્સરૈઃ' પાઠ 'વેદમાં ઘણીવાર (અનિયમિતા હોય છે)' એ નિયમ પ્રમાણે ('અપ્સરસ્' શબ્દમાંથી 'સ્' કાઢી નાખવાથી થાય છે.) એક શબ્દ લેવાથી[1] સહેલાઈથી (સમજાય છે). આ (માયા)ના છ ગુણો ઉપર નભનારા આ સિદ્ધો વિગેરે છ)

---

૧. 'અપ્સરૈઃ' પાઠ ન લેતાં, 'અપ્સરઃકિન્નરોરગૈઃ' સમાસ ગણી એક શબ્દ લેવાથી એવો અર્થ છે

કંસના જોતાં જ, લવાએલાં છે ઘણાં 'બલિ' એટલે પૂજાનાં સાધનો જેમનાથી તેવા (થયા). 'બલિ' શબ્દ 'જય જય' વિગેરે (સ્તુતિના) શબ્દને પણ સૂચવનારો છે. તેથી તેઓથી સ્તુતિ કરાતી, 'હું કંસનો વધ કરવા શક્તિવાળી છું' એમ જણાવતી, 'આ' એટલે નીચે જે કહેવામાં આવશે તે બોલી. ૧૧.

અહિં બે વાત કહેવી જોઈએ. કંસને માયા કેમ હણતી નથી ? અને રક્ષણ કરવા[1] તે કેમ રહેતી નથી ? તેથી તે બંનેના ખુલાસાવાળું તે વાક્ય કહે છે :

દેવી કહે છેઃ

**કિં મયા હતયા મન્દ જાતઃ ખલુ તવાન્તકૃત્ ।।**

**યત્ર ક્વચિત્ પૂર્વશત્રુર્મા હિંસીઃ કૃપણાં વૃથા ।।૧૨।।**

હે મંદ ! મને હણવાથી (તને) શું (લાભ) ? તારો નાશ કરનાર પહેલાંનો શત્રુ કોઈ એક સ્થલે ખરેખર જન્મ્યો છે. ગરીબડીને નકામી હણીશ નહિ. ૧૨.

મને હણવાથી (તને) શું લાભ ? હું તો હણાઉં તો પણ અપકાર કરું નહિ, તો પછી ન હણાએલી તો (અપકાર) કેમ જ કરું ? તેથી આ વૃત્તાંત નહિ જાણતો હોવાથી તું મંદ છે. 'તારો નાશ કરનાર જન્મ્યો છે' શબ્દોથી ન હણવાનું[2] કારણ કહેલું છે. જે તારો 'અંત' એટલે નાશ કરનાર છે તે તો કોઈક સ્થલે જન્મ્યો જ છે. 'કોઈ એક સ્થલે' એમ ચોક્કસ સ્થલ ન કહ્યું તે દેવોની છૂપી (મસલત) છે.

'(માયામાં અને ભગવાનમાં કંસના) શત્રુ હોવાનું સમાન હોવા છતાં, અને (માયામાં કંસને હણવાનું) સામર્થ્ય હોવા છતાં, ભગવાન જ (કંસને) હણે અને તું (માયા) ન હણે એનું ખાસ (કારણ) શું ?' એવી શંકા થાય, તેથી 'પહેલાંનો શત્રુ' શબ્દ યોજેલ છે. મારો (માયાનો) તો તું (કંસ) હમણાં શત્રુ થયો છે, અને તે પણ મને બીજી (દેવકીજીની પુત્રી) માનીને. ભગવાન્ તો તારા પહેલાંના શત્રુ છે, તેથી તે જ (તને) હણશે. આકાશવાણીએ પણ એમ જ કહેલ (હતું), તેથી ગરીબડી દેવકીજીને હણીશ નહિ. તેનો વધ કરવાથી (તારો) કોઈ પણ પુરુષાર્થ પાર પડશે નહિ, તેથી નકામી જ હણીશ નહિ. ૧૨.

એમ કહીને (માયા) ગઈ એમ નીચેના શ્લોકમાં કહે છે :

શ્રીશુક કહે છેઃ

**ઈતિ પ્રભાષ્ય તં દેવી માયા ભગવતી ભુવિ ।।**

**બહુનામનિકેતેષુ બહુનામા બભૂવ હ ।।૧૩।।**

એ પ્રમાણે તેને ઘણું કહીને દેવી ભગવતી માયા ભૂતલ ઉપર ઘણાં

---

૧. 'દેવકીજી વિગેરેનું' શબ્દો અધ્યાહાર છે. (લે)        ૨. માયાએ કંસને ન હણવાનું. (લે)

નામવાળાં સ્થાનોમાં ઘણાં નામવાળી થઈ.૧૩.

'ઘણું કહીને' એટલે સ્પષ્ટ રીતે કહીને. આથી એમ સમજાય છે કે કંસની સાથે તેણે બીજો સંવાદ પણ કરેલો. તેમ ન હોય તો (કંસ) બ્રાહ્મણો સાથે વિરોધ કરત નહિ. તે (કંસ)ની સાથેના સંવાદથી જ સર્વ કાર્ય સિદ્ધ થયું છે એમ તેણે (માયાએ) જાણ્યું, તેનું કારણ 'દેવી' શબ્દથી કહેલ છે. જો હવે બીજી પણ કોઈ આવી આથી જૂદું સ્પષ્ટ કહે તો પણ તેનાથી (માયાથી) મોહ પામેલો કંસ તે કબુલ રાખે નહિ, તેનું કારણ 'માયા' શબ્દથી કહેલું છે. તેના જવાનું કારણ 'ભગવતી' શબ્દથી કહેલું છે; કારણ કે તે ભગવદ્‌ભાવ પ્રકટ કરી લોકમાં પૂજાશે, એવા ભગવાનના વચન પ્રમાણે ઘણાં નામવાળાં સ્થાનોમાં એટલે ભૂમિ ઉપર જેટલાં જે નામવાળાં સ્થાનો છે તે બધાંએમાં રહી, (પોતાનાં) ઘણાં રૂપો કરીને ઘણાં નામવાળી થઈ; કારણ કે દુર્ગા વિગેરે મૂર્તિઓમાં જૂદું જૂદું રૂપ (છે એ) સ્પષ્ટ છે. દેવકીજી અને વસુદેવનો (માયા પોતાની પાસે રહે તેવો) આગ્રહ વ્યર્થ ગયો. ૧૩.

શત્રુ તો 'જન્મ્યો છે' એવું માયાનું વચન સાંભળીને કંસે શું કર્યું એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તયા કથિતમાકર્ણ્ય કંસઃ પરમવિસ્મિતઃ ।।**
**દેવકીં વસુદેવં ચ વિમુચ્ય પ્રશ્રિતોઽબ્રવીત્ ।।૧૪।।**

તેણે કહેલું સાંભળીને ઘણો વિસ્મય પામેલા કંસે દેવકીજી અને વસુદેવને છૂટાં કરીને સભ્યતાથી (નીચે પ્રમાણે) કહ્યું. ૧૪.

વાક્ય તો ભગવાનના સંબંધી હતું પરંતુ માયાએ તો માત્ર તે કહ્યું જ હતું. તે સાંભળીને કંસ 'ઘણો વિસ્મય પામ્યો.' જો માયા દેવતા છે એમ જાણવામાં આવ્યું હોત, તો તેને પકડીને જ રાખી હોત. તેના વચનમાં વિશ્વાસ થવાને લીધે 'દેવકીજી અને વસુદેવને છૂટાં કરીને' એટલે સાંકળો કાઢી નાખીને, દેવીના વાક્યથી જેનામાં (દેવકીજી તથા વસુદેવ સંબંધી) શુદ્ધ ભાવ[1] ઉત્પન્ન થએલો છે તેવા તેણે 'પ્રશ્રિતઃ' સભ્યતાવાળા થઈ નીચે પ્રમાણે કહ્યું; એટલે કાયાનો અને મનનો શુદ્ધ ભાવ જણાવી, વાણીનો શુદ્ધ ભાવ જણાવ્યો એવો અર્થ છે. ૧૪.

નીચે શ્લોક આરંભી આઠ શ્લોકોથી તે (કંસ)નાં વાક્યો કહે છેઃ

કંસ કહે છે :

**અહો ભગિન્યહો ભામ મયા વાં બત પાપ્મના ।।**
**પુરુષાદ ઈવાભ્યેત્ય બહવો હિંસિતાઃ સુતાઃ ।।૧૫।।**

---

૧. આ મનનો શુદ્ધ ભાવ કહ્યો. સભ્યતાવાળો તે થયો એમ કાયાનો શુદ્ધ ભાવ કહ્યો. વાણીનો શુદ્ધ ભાવ તે આગળનાં વચનો કહેશે તેમાં જણાવાશે.

અહો બેન! અહો બનેવી! અરેરે! રાક્ષસની પેઠે આવીને મેં પાપે (પાપીએ) તમારા બેના ઘણા પુત્રો હણ્યા. ૧૫.

**સ્વાપરાધસ્ય કથનં ફલસ્યાપિ ચ કીર્તનમ્ ।।**
**ભ્રમાચ્ચૈવાપરાધોઽયં શોકદૂરીકૃતિસ્તથા ।।કા.૬।।**

પોતાનો અપરાધ કહેવો (૧૫[1]) અને (તેનું) ફલ વર્ણવવું (૧૬) આ અપરાધ ભ્રમથી છે એમ કહેવું (૧૭), તેમજ શોક દૂર કરાવવો (૧૮). કા.૬.

**એવં ચતુર્ભિર્લોકોક્ત્યા શોકાભાવો નિરૂપિતઃ ।।**
**તત્ત્વાવબોધનેનાપિ ચતુર્ભિઃ શોકનાશનમ્ ।।કા.૭।।**

એવી રીતે ચાર (શ્લોકો)થી લોકના મત પ્રમાણે શોક (કરવો) નહિ એમ જણાવેલ છે. વળી ચાર શ્લોકોથી તત્ત્વનો બોધ કરીને શોકનો નાશ કરે છે. કા.૭.

**આત્મનો ન હિ શોકોઽસ્તિ જ્ઞાનદૃષ્ટેશ્ચ નશ્યતિ ।।**
**અતઃ શોકો ન કર્તવ્યઃ કર્માજ્ઞાનવશો યતઃ ।।કા.૮।।**

કારણ કે આત્માને શોક હોતો નથી (૧૯) અને જ્ઞાનની દૃષ્ટિથી (શોકનો) નાશ થાય છે (૨૦), તેથી શોક કરવો ન જોઈએ (૨૧); કારણ કે (જીવ) કર્મ અને અજ્ઞાનને વશ હોય છે (૨૨)[1]. કા.૮.

આરંભમાં (આ શ્લોકમાં) પોતાનો અપરાધ જણાવીને ક્ષમા કરાવે છે. 'અહો!' એવું સંબોધન આશ્ચર્યથી કરેલું છે. આશ્ચર્યવાળો થઈ તેવી જ રીતે દેવકીજી અને વસુદેવ પાસે આવી, જૂદી જૂદી પ્રાર્થના કરે છે, (તેથી) 'અહો!' એમ (દરેકને) જૂદું જૂદું કહે છે. 'બનેવી' એટલે તો બેનનો પતિ (એવા) સંબંધથી. એ સંબોધન સ્નેહ દર્શાવવા કરેલું છે. 'વામ્' એટલે તમારા બેના. પાપમાં અને પોતામાં (કંસમાં) ભેદ નથી એમ કહેતાં 'પાપે (પાપીએ)' શબ્દ યોજેલ છે. 'અરેરે' ખેદ દર્શાવવા યોજેલ છે. (એ શબ્દથી) 'હું પશ્ચાત્તાપથી કહું છું, પરંતુ આ ઠગવા માટે કહેતો નથી' એમ જણાવે છે. 'પુરુષાદઃ' એટલે રાક્ષસ. જેમ તે ભક્ષણ કરવા માટે બાલકોને લઈ જાય છે, તેમ મેં મારા દેહના રક્ષણના ભ્રમથી તમારા બેના ઘણા પુત્રો હણ્યા. રાક્ષસોને સંબંધ વિગેરેની અથવા શાસ્ત્રની દરકાર હોતી નથી, પરંતુ (પોતાના) પ્રાણોનું રક્ષણ કરવા માટે જ સર્વનાં સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારાં બાલકોને ખાઈ જાય છે. તે પ્રમાણે મેં (તમારા બેના પુત્રોને) હણ્યા, તેથી હું (રાક્ષસની) સમાન છું. તેથી (રાક્ષસથી) (હું) વધારે (પાપી છું એમ) તો 'ઘણા' એ શબ્દથી જણાવેલું છે. ૧૫.

---

૧-૧. (૧૫ થી ૨૨) સુધીના આંકડાઓ જે શ્લોકમાં એ અર્થ કહેલ છે તે શ્લોક જણાવવા મૂકેલા છે.

એવા અપરાધના ફલનો નીચેના શ્લોકમાં વિચાર કરે છેઃ

**સ ત્વહં ત્યક્તકારુણ્યસ્ત્યક્તજ્ઞાતિસુહૃત્ ખલઃ ।।**
**કાઁલ્લોકાન્ સંગમિષ્યામિ બ્રહ્મહેવ મૃતઃ શ્વસન્ ।।૧૬।।**

જેણે દયાનો ત્યાગ કરેલો છે, જેણે સગાંઓ અને મિત્રોને તજેલાં છે તેવો બ્રહ્મહત્યારાની પેઠે મરેલો શ્વાસ લેતો હું તે દુષ્ટ તો કયા લોકને પામીશ ? ૧૬.

'દૈત્યના આવેશને લીધે (તેં પાપ) કર્યું, તારી મેળે તો તું ભલો છે. તેથી તું નરકમાં પડે તેવો સંભવ નથી' એવી શંકા કરી, 'તુ' 'તો' શબ્દથી એ મતને ખોટો ઠરાવે છે, કારણ કે, 'મે કર્યું ' એમ જે માને છે તેને જ તેનું ફલ મળે છે એવો (નિયમ) છે, અને તે (મે કર્યું એમ માનનારો) હું છું.

'' 'હણવા ઈચ્છે તેને હણવો' એવું વચન હોવાથી (તેં હણ્યા એમાં) તારો શું દોષ ?'' એવી શંકા થાય, તેથી 'જેણે દયાનો ત્યાગ કરેલો છે' વિશેષણ યોજેલ છે. પહેલાં જ મેં જેમને હણ્યા તેઓ તો હણવાની ઈચ્છાવાળા ન હતા, અને તેવા હણવાની ઈચ્છાવાળા હોય તો પણ જ્યારે તેઓ હણવા આવે, અથવા હણવા શક્તિવાળા થાય ત્યારે જ તેમને હણવા જોઈએ; પરંતુ બિચારાં બાલકોને હણવાં જોઈએ નહિ. તેથી જે બાલકો ભાણેજાઓ ઉપર દયા રાખવી જોઈએ, તેમના ઉપર (મેં) દયા રાખી નહિ; તેથી 'જેણે દયાનો ત્યાગ કરેલો છે તેવો' હું થયો.

'સંભવને લીધે પણ શત્રુઓને (જેઓ શત્રુ થશે એવો સંભવ હોય તેમને પણ) હણવામાં આવે છે, અને શત્રુના પુત્રોને પણ હણવામાં આવે છે, તેથી રાજાઓ (એવા) સંભવને લીધે પણ વધ કરે તેમાં દોષ નથી' એવી શંકા થાય, તેથી 'જેણે સગાંઓ અને મિત્રોને તજેલાં છે તેવો' એ વિશેષણ યોજેલ છે. તજેલાં છે સગાંઓ અને મિત્રો જેણે તેવો (હું છું).

'' 'ભાઈ પણ ભાઈને હણે' વાક્ય પ્રમાણે પોતાને હણનારા બધાએ હણવાયોગ્ય છે'' એવી શંકા થાય તેથી 'દુષ્ટ' શબ્દ યોજેલ છે. માત્ર મેં જ તેઓને હણેલા છે, પરંતુ તેમણે મને હણેલ નથી. તેથી હું જ દુષ્ટ પ્રયોજન વિના જ બીજાઓને હણનારો છું. તેથી મેં દુષ્ટ કર્મ કરેલ હોવાથી હું કયા લોકને પામીશ?

'હત્યારાઓને જે તામિસ્ર વિગેરે (નરકો) પ્રાપ્ત થાય છે તે પ્રાપ્ત થવાનાં જ' એવી શંકા થાય, તેથી 'બ્રહ્મહત્યારો' શબ્દ યોજેલ છે.

'' 'જેમાંથી પાછાં ફરાતું નથી તેવા ઘોર(નરક)માં બ્રહ્મહત્યારો શેકાય છે' એવું વાક્ય હોવાથી (કયા લોકને પામીશ, એમાં) સંદેહ શું છે ?'' એવી શંકા કરવી નહિ, કારણ કે હું પ્રાયશ્ચિત કરવાનો હોવાથી વધથી થએલ દોષ રહેશે નહિ; પરંતુ

મોટાઓનો મેં અપરાધ કરેલો હોવાથી, પ્રાયશ્ચિત બલહીન થશે કે નહિ તેવો સંદેહ રહેવાથી મેં (કયા લોકને પામીશ ?) એવું વચન કહેલું છે.

'પ્રાયશ્ચિત કરવામાં આવે તો નરક પ્રાપ્ત થતું નથી જ. (એમાં) સંદેહ શું છે ?' એવી શંકા થાય, તેથી 'મરેલો શ્વાસ લેતો' શબ્દો યોજેલ છે. આ પુરુષ (હું) શ્વાસ લેતો હોવા છતાં પણ મરેલો જ છું; કારણ કે (મારી) અપકીર્તિ થઈ છે, તેથી એમ જણાય છે કે જો પાપ (પ્રાયશ્ચિતથી) જતું રહે તો (મારામાં) પાપ નથી એવી સર્વની ખાતરી થાય, કારણ કે ભગવાન્ સર્વરૂપ છે. હવેથી હું મરેલો શ્વાસ લેનાર છું અને પ્રાયશ્ચિતનું શાસ્ત્રપ્રમાણ છે, તેથી (મેં હું કયા લોકને પામીશ એવો) સંદેહ જણાવેલો છે. ૧૬.

એવી રીતે સંભવ પ્રમાણે ફલનું નિરૂપણ કરી 'આ મારો સ્વાભાવિક દોષ નથી' એમ પોતાના દોષને જાણે કે દૂર કરતો હોય તેમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દૈવમપ્યનૃતં વક્તિ ન મર્ત્યા એવ કેવલમ્ ।।**
**યદ્વિશ્રમ્ભાદહં પાપઃ સ્વસુર્નિહતવાન્ શિશૂન્ ।।૧૭।।**

માત્ર મનુષ્યો જ નહિ, પરંતુ દૈવ પણ અસત્ય કહે છે. જેના વિશ્વાસથી મેં પાપીએ બેનના બાલકોને હણ્યાં. ૧૭.

આકાશવાણી દૈવ (હતી). 'આનો આઠમો ગર્ભ તને (હણશે)' એવું વાક્ય (તેણે કહેલું). દુર્ગા પણ દેવતા છે. એક (દુર્ગાનું વચન) તો પ્રત્યક્ષ સાથે મળતું આવે છે. આકાશવાણીનું વચન તો (પ્રત્યક્ષથી) વિરુદ્ધ છે. દેવોએ છૂપા રાખવાના (વૃત્તાંત)નું જ્ઞાન (કંસને) નહિ હોવાથી (તે) આમ કહે છે.

'મનુષ્યોમાં અસત્ય રહેલું છે' એ વાક્ય પ્રમાણે મનુષ્યોમાં અસત્ય હોય છે અને દેવોમાં સત્ય હોય છે, તે અહિં (આ પ્રસંગમાં) ઊંધું થયું. માત્ર મનુષ્યો જ અસત્ય બોલનારા છે એમ નથી, પરંતુ દૈવ પણ અસત્ય બોલે છે. તેથી 'જેના વિશ્વાસથી' એટલે જેના વચન ઉપર વિશ્વાસ હોવાને લીધે મેં બેનના પુત્રોને નિરર્થક જ હણ્યા.

'' 'સંદેહ હોય ત્યારે અંતઃકરણની પ્રવૃત્તિઓ (વલણ) પ્રમાણ' હોવાથી, હૃદયમાં તે (દૈવે કહેલ અસત્ય વચન) કેમ રુચ્યું ?'' એવી શંકા થાય, તેથી 'મેં પાપીએ' શબ્દો યોજેલ છે. મોટાં પુરુષોનું હૃદય પ્રમાણ છે, પરંતુ પાપમાં રચ્યાપચેલાઓનું (હૃદય પ્રમાણ) નથી. 'બાલકોને' શબ્દથી વય અને સંખ્યા વિરુદ્ધ (પ્રતિકૂલ) કહેલાં છે, કારણ કે 'એક જ આઠમો હણનાર છે' એવું (એકનું જ એવું) સામર્થ્ય જણાવનારું (આકાશવાણીનું) વચન હતું. ૧૭.

'હવે પછી શું કરવું ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**મા શોચતં મહાભાગૌ સ્વાત્મજાન્ સ્વકૃતમ્ભુજઃ ।।**

**જન્તવો ન સદૈકત્ર દૈવાધીનાઃ સમાસતે[1] ।।૧૮।।**

હે મહાભાગ્યવાનો ! પોતાના પુત્રોનો શોક ન કરો. જંતુઓ પોતાનાં કર્મ ભોગવનારા છે, સદા સાથે રહેતા નથી, દૈવને અધીન રહે છે.૧૮.

મોટા પુરુષોના શોકનું કારણ થાય તેને પ્રાયશ્ચિત(કરવા)નો પણ અધિકાર રહેતો નથી, તેથી મારા ઉપર કૃપા કરી શોક ન કરો.

'અપકાર કરે તેના ઉપર કૃપા કેમ (કરાય) ?' એવી શંકા થાય, તેથી 'હે મહાભાગ્યવાનો !' એવું સંબોધન (કરેલું છે). મોટા પુરુષોને (આ મારો) શત્રુ, મિત્ર અથવા તટસ્થ છે એવો ભાવ હોતો નથી.

'મોટા પુરુષ હોવાને લીધે જ શોક હોય નહિ એમ પ્રસિદ્ધ હોવા છતાં, શોક ન કરવાનો બોધ કેમ કરે છે ?' એવી શંકા થાય, તેથી 'પોતાના પુત્રોનો' શબ્દ યોજેલ છે, કારણ કે (તમે) પોતે અકૃતાર્થ હોવાને લીધે શોક કરતા નથી, પરંતુ બાલકો અકૃતાર્થ રહીને જ ગયા (મૃત્યુ પામ્યા) એવો (શોક કરો છો). તેઓ સંબંધી શોક ન કરવાનું કારણ 'પોતાનાં કર્મ ભોગવનારા' શબ્દથી કહે છે. જો કે (આ) મરીચિના પુત્રો આવી રીતે જન્મેલા[2] એવું (કંસ) જાણતો નથી, તો પણ કાર્ય(તેઓનાં મૃત્યુ)થી (કારણનું) અનુમાન કરે છે. તેથી તેઓએ પણ એવું કર્મ કરેલું હશે કે જેને લીધે બાલક જ તેઓ હણાયા.

'અમે તેમનો (બાલકોનો) શોક કરતા નથી, તેમજ (અમારો) પોતાનો પણ શોક કરતા નથી, પરંતુ અમો બંને (બાલકો અને માતાપિતા) સાથે રહી શક્યા નહિ, તેનો શોક કરીએ છીએ' એવી શંકા થાય, તેથી 'જંતુઓ' શબ્દ યોજેલ છે. જેઓ નિરંતર જન્મે છે અને 'જન્મ લે, મરણ પામે' એવા માર્ગમાં રહેલા છે, તેઓ સદા સાથે (એક સ્થલે) રહેતા નથી; કારણ કે તેઓના વિષે ભગવાનની ઈચ્છા તેવી જ છે એમ 'દૈવને અધીન' શબ્દથી કહેલું છે. જ્યારે (સાથે) રહે છે ત્યારે પણ પૂર્વની વાસનાને લીધે '(આ મારો) શત્રુ, મિત્ર અથવા તટસ્થ છે' એવો સદા (ભાવ રાખતા) હોવાથી સારી રીતે રહેતા નથી. અથવા 'સહાસતે' 'સાથે રહેતા નથી' એવો પાઠ (જાણવો). એ પ્રમાણે લૌકિકન્યાયથી પોતાનો અપરાધ નથી, એવી વિજ્ઞપ્તિ કરતાં (દેવકીજી તથા વસુદેવનો) શોક દૂર કરાવ્યો. ૧૮.

---

૧. પાઠભેદ – 'સહાસતે'.

૨. આ સંબંધમાં ૧૦।૮૨।૪૭ થી ૫૧ શ્લોકો જૂઓ.

ફરીથી શાસ્ત્ર પ્રમાણે શોક દૂર કરવાનું નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી કહે છેઃ

**ભૂવિ ભૌમાનિ ભૂતાનિ યથા યાન્ત્યપયાન્તિ ચ ।।**
**નાયમાત્મા તથૈતેષુ વિપર્યેતિ યથૈવ ભૂઃ ।।૧૯।।**

ભૂમિમાંથી થતાં પ્રાણીઓ જેમ ભૂમિમાંથી નીકળે છે અને ભૂમિમાં પ્રવેશે છે તેમ આત્મામાંથી પણ ભૂતો નીકળે છે અને તેમાં પ્રવેશ કરે છે. જેમ ભૂમિમાં વિકાર થતો નથી તેમ આ(ભૂતો)માં રહેલ આત્મામાં પણ વિકાર થતો નથી. ૧૯.

અથવા

ભૂમિમાંથી બનતા (પદાર્થો) અને ભૂતો ભૂમિમાંથી નીકળે છે અને ભૂમિમાં પ્રવેશે છે, તેમ આ (ભૂતો)માં રહેલ આત્મા તેમાંથી નીકળતો નથી અને (તેમાં) પ્રવેશ કરતો નથી. જેમ ભૂમિમાં વિકાર થતો નથી તેમ આ (ભૂતો)માં રહેલ આત્મામાં પણ વિકાર થતો નથી. ૧૯.

પહેલાં[1] તેઓ (દેવકીજીના છ પુત્રો) મરણ પામેલા છે, એમ સ્વીકારીને શોક દૂર કરવાનું કહેલું. હવે તેઓ મરણ પામતા જ નથી એમ કહેવામાં આવે છે. '(આત્મા) નિત્ય, સર્વ સ્થલે રહેલો, સ્થિર...' (ભગવદ્‌ગીતા.૨।૨૪) એ વાક્ય પ્રમાણે આત્મા સર્વ સ્થલે રહેલો, જવું આવવું વિગેરે (ગતિ) વિનાનો અને કૂટસ્થ[2] છે. સાંખ્યોનો આવો મત જ દૈત્યોના હૃદયમાં પ્રવેશ કરી શકે તેથી તે જ (કંસે) કહેલો છે. જેમ આકાશમાં વાદળાંના પડછાયા અને પ્રકાશ આવે અને જાય તેમ ઊંચા અને હલકા દેહો પ્રાપ્ત થાય છે, અને જાય છે; પરંતુ (તેથી) જેમ આકાશમાં કોઈ પણ વિકાર ઉત્પન્ન થતો નથી તે જ પ્રમાણે પુત્રો પણ આત્મા હોવાથી તેઓનો દેહ જવાથી કાંઈ પણ હાનિ થઈ નથી. સ્પષ્ટ રીતે (ભૂમિ)નો વ્યવહાર થતો હોવાથી, ભૂમિનું દૃષ્ટાંત સમજી શકાય તેવું હોવાથી, તેનું દૃષ્ટાંત કહે છે. જેમ 'ભૌમાનિ' ભૂમિમાંથી ઉત્પન્ન થતાં જીવડાંઓ કીડાઓ વિગેરે અથવા વૃક્ષો વિગેરે 'યાન્તિ' એટલે ભૂમિમાંથી ઉત્પન્ન થાય છે (અથવા) જૂદાં પડે છે અને 'અપયાન્તિ' એટલે ભૂમિમાં જ લય પામે છે (પરંતુ) તેઓ ઉત્પન્ન થવાથી અથવા લય પામવાથી ભૂમિમાં તો કાંઈ પણ વિકાર થતો નથી, તે પ્રમાણે આત્મામાં પણ દેહો આવે છે અને જાય છે એટલે આત્માએ પ્રાપ્ત કરેલાં કર્મોને લીધે ઉત્પન્ન થાય છે અને લય પામે છે, છતાં પણ આત્મા તો ઉત્પન્ન પણ થતો

૧. પહેલાં એટલે પાછલ ૧૫ થી ૧૮ સુધીનાં શ્લોકોમાં.
૨. 'કૂટસ્થ' એટલે વિકારરહિત, જેમાં કોઈ વિકાર (ફેરફાર) થાય નહિ તેવો.

નથી અને લય પણ પામતો નથી એવો અર્થ છે. જેવી ભૂમિ (મહાભૂત છે) તેવા દેહો પણ ભૌતિક (મહાભૂતના બનેલા) હોવાથી, તેમને જૂદા કહેલા નથી.

અથવા[3] 'ભુવિ' 'ભૂમિ' શબ્દ સાથે 'ભૌમાનિ' 'ભૂમિમાંથી બનતા' ભીંત વિગેરે, એવો જ સંબંધ છે, અને 'ભૂતાનિ' 'ભૂતો' (પ્રાણીઓ) શબ્દનો તો 'આત્મનિ' 'આત્મા' શબ્દ સાથે સંબંધ છે.

---

૩. ''ઉપર જે અર્થ કર્યો તે અર્થ 'ભૂમિમાંથી ઉત્પન્ન થતાં પ્રાણીઓ જેમ ભૂમિમાંથી ઉત્પન્ન થાય છે અને (તેમાં) લય પામે છે, તેમ આત્મા ઉત્પન્ન થતો નથી અને લય પામતો નથી' એટલું કહેવાથી જ સમજાય છે તેથી બાકીના શબ્દો નકામા છે. વળી ભૂમિનો વિકાર થતો નથી એમ જે બીજું દૃષ્ટાંત ત્યાં કહ્યું તે ખોટું છે, કારણ કે ભૂમિમાંથી જે ઉત્પન્ન થાય છે તે ભૂમિના વિકાર જ છે'' એમ જણાય, તેથી એ અર્થ નહિ રુચવાથી અહિંથી બીજી રીતે આ શ્લોકનો અર્થ કરે છે. પૃથ્વીમાંથી બનતાં પદાર્થો ભીંત વિગેરે જેમ તેમાંથી ઉત્પન્ન થાય છે અને તેમાં લય પામે છે, અથવા ભૂમિમાંથી ઉત્પન્ન થતાં જલ વિગેરે (જલ, તેજ અને વાયુ) મહાભૂતો જેમ પૃથ્વીમાંથી ઉત્પન્ન થાય છે અને તેમાં લય પામે છે, તેમ આ આત્મા તો તે ભૂતોમાં (મહાભૂતના બનેલ દેહોમાં) રહેતો હોવા છતાં, તેમાંથી નીકળતો નથી અથવા તેમાં પ્રવેશ કરતો નથી, એવો અર્થ છે. આમ અર્થ કરવાથી ભૂતોનો આત્મા સાથે કયા પ્રકારનો સંબંધ છે તે જણાવાયું. આ પ્રમાણે અર્થ કરવામાં પણ 'ભૂત' શબ્દ અને 'એતેષુ' 'આ (દેહો)માં'થી આરંભી શરૂ થતાં શબ્દો ઉપયોગી જણાતા નથી, છતાં તેમાં (ભૂતોમાં) (આત્મા) રહેલ હોવા છતાં, તેને તેમના ધર્મોનો સંબંધ થતો નથી એમ જણાવ્યું, તેથી તે શબ્દોનો અર્થ આમાં આવી જાય છે; કારણ કે તેમ ન હોય તો આવો અર્થ થાય નહિ. (ટિ)

આ બીજી રીતે અર્થ કરે છે તેમાં પૂર્વાર્ધમાં નીચે પ્રમાણે વાક્યની યોજના થાય છે. જેમ 'પૃથ્વીમાંથી ઉત્પન્ન થએલાં' શબ્દોનો 'પૃથ્વી' સાથે સંબંધ છે, તેમ 'ભૂતો' શબ્દનો અધ્યાહાર રહેલા 'આત્મનિ' 'આત્મા' શબ્દ સાથે સંબંધ છે. બાકીના શબ્દો બે વાર લેવાના છે. (પ્ર)

ઉપર પહેલો અર્થ કર્યો તેમાં 'વિપર્યેતિ' 'વિકાર પામે છે' શબ્દથી ઉત્પત્તિ અને લયરૂપ વિકાર જણાવેલ છે, અને ઉત્પન્ન થાય છે તથા લય પામે છે શબ્દથી એ જ કહેલ છે. આ બીજો અર્થ કરે છે તેમાં 'યાન્તિ' એટલે બહાર નીકળે છે અને 'અપયાન્તિ' એટલે અંદર પ્રવેશ કરે છે એવો અર્થ કરવાનો છે, અને 'વિપર્યેતિ' 'વિકાર પામે છે' શબ્દથી સ્વરૂપ બદલાવવારૂપ વિકાર જણાવેલ છે. આ બીજા અર્થમાં નીચે પ્રમાણે વાક્યનો અન્વય કરવાનો છે. જેમ પૃથ્વીમાંથી ભીંત વિગેરે નીકળે છે અને તેમાં પ્રવેશ કરે છે તેવી જ રીતે ભૂતો અથવા જલ વિગેરે ઉત્પન્ન થએલ મહાભૂતો આત્મામાંથી નીકળે છે અને તેમાં પ્રવેશ કરે છે. તેઓની અંદર રહેલો જ આત્મા તે પ્રમાણે બહાર નીકળતો નથી તેમજ પ્રવેશ કરતો નથી. આવાં દૃષ્ટાંતથી આત્મા બહાર નીકળતો નથી અને અંદર પ્રવેશ કરતો નથી એમ જણાવેલ છે. (લે)

અથવા 'ભૂતાનિ' એટલે ઉત્પન્ન થએલાં (મહાભૂતો[૪]). તે જ ભૂતોમાં રહેલો આત્મા તેમ (નીકળતો અને પ્રવેશ કરતો) નથી એમ કહેવા, દૃષ્ટાંતમાં જ ('ભૂત' પદનો) પ્રવેશ[૫] કહેલો છે. જેમ[૬] બહાર રહેલી ભૂમિમાં વિકાર થતો નથી, તેમ અંદર રહેલા આત્મામાં પણ વિકાર થતો નથી. 'તથૈતેષુ' 'તેમ આ (ભૂતો)માં' એ જૂદું વાક્ય છે[૭]. 'આ મનુષ્યના દેહોમાં પણ આત્માનો વિકાર થતો નથી' એવો (તેનો અર્થ છે[૮]). કહેલા (ઉપર જણાવેલા) મનુષ્ય વિગેરેના દેહોમાં ભૂમિનો વિકાર થતો નથી એ પ્રત્યક્ષથી સિદ્ધ છે[૯].

વરસાદની[૧૦] ઋતુમાં ઉત્પન્ન થતાં તણખલાં વિગેરેમાં આત્માનો વિકાર

---

૪. ઉપર પ્રમાણે અર્થ કરવાથી 'આત્મનિ' 'આત્મા' શબ્દ અધ્યાહાર રાખવો પડતો હતો, તેથી 'ભૂતાનિ' શબ્દનો બીજો અર્થ કરે છે. જેમ ભૂમિમાંથી થતા પદાર્થો તથા જેમ જલ વિગેરે મહાભૂતો 'ભૂમિમાંથી જ નીકળે છે અને તેમાં પ્રવેશ કરે છે' એવો અર્થ થાય છે. બીજાં જલ વિગેરેનું રહેઠાણ ભૂમિ છે એટલે તેમાં આકાશ સિવાયનાં મહાભૂતો રહેલાં હોવાથી 'ઉત્પન્ન થએલાં' મહાભૂતો કહેલાં છે એમ જાણવું. આમ અર્થ કરવાથી કેટલાક શબ્દો બેવડા લેવાય છે. તે 'ચ' 'અને' શબ્દ હોવાથી બે વાર લેવાય તેમાં દોષ નથી. (પ્ર)

૫. દૃષ્ટાંતનું નિરૂપણ કરનાર વાક્યમાં 'ભૂત' શબ્દનો પણ પ્રવેશ કહેલો છે એવો અર્થ છે. (ટિ) 'એતેષુ' શબ્દ 'ભૂતેષુ' માટે મૂકેલો છે એમ જણાય છે.

૬. અહિંથી 'જેમ ભૂમિમાં વિકાર થતો નથી' એ દૃષ્ટાંતનું વિવરણ કરે છે. ભૂમિમાંથી થએલા પદાર્થોમાં જ્યારે વિકાર થાય છે ત્યારે તે પદાર્થોની બહાર રહેલી સ્થૂલ ભૂમિમાં વિકાર થતો નથી તે જ પ્રમાણે આ ભૂતોની(દેહોની) અંદર રહેલ આત્મામાં પણ વિકાર થતો નથી. (ટિ)

૭. નોટ ૬માં જણાવ્યા પ્રમાણે યોજના કરતાં 'ન તથૈતેષુ' એ ત્રણ શબ્દો બે વાર લેવાના છે. આ વાક્યથી એ જ કહેલ છે (કે આ ત્રણ શબ્દો બે વાર લેવાના છે). (ટિ) આમ કરતાં નીચે પ્રમાણે અન્વય થાય : ''યદા ભૌમાનિ ભૂતાનિ ભુવિ યાન્ત્યપયાન્તિ ચ 'તથૈતેષુ' અયમાત્મા 'ન' યાત્યપયાતિ ચ, યથૈવ ભૂઃ ન વિપર્યેતિ 'તથૈતેષુ' અયમાત્મા 'ન' વિપર્યેતિ''.

૮. નોટ ૭માં જણાવ્યા પ્રમાણે અન્વય કરતાં 'એતેષુ' વિગેરે પદોનો આ વાક્યમાં બીજી રીતે અર્થ કરે છે. જેમ મનુષ્યના દેહો વિગેરે ઉત્પન્ન થાય (અને લય પામે), તેથી (દેહની) બહાર રહેલી પૃથ્વીમાં વિકાર થતો નથી, તેમ (દેહોની અંદર રહેલા) આત્મામાં પણ વિકાર થતો નથી એવો અર્થ છે. (ટિ)(લે)

૯. નોટ ૮માં કહેલ અર્થનું પ્રમાણ આ વાક્યમાં જણાવે છે. (ટિ)

૧૦. ભૂમિમાં વિકાર થતા જણાતા હોવાથી ઉપર પ્રમાણે અર્થ નહિ રુચવાથી અહિંથી જૂદી રીતે અર્થ કરે છે, તેમાં 'ભૂર્વિપર્યેતિ' 'ભૂમિમાં વિકાર થાય છે' એમ જણાવે છે, એટલે 'ન' શબ્દનો એ વાક્ય સાથે સંબંધ લેતા નથી. (લે) અહિંથી જૂદી રીતે અર્થ કરે છે. આ

થતો નથી એ પણ પ્રત્યક્ષથી સિદ્ધ છે. તેમ ન હોય[11] (તણખલાં વિગેરેમાં આત્માનો વિકાર થતો હોય) તો આત્માઓ અનંત હોવાની કલ્પના કરવી પડે. જેમ દેહમાં રુંવાડા વિગેરેમાં જૂદા જૂદા આત્માઓ રહેતા નથી તેમ પૃથ્વીમાં પણ એક જ આત્મા રહેલો છે, અને તેના સંબંધને લીધે કરોડો તણખલાં ઉત્પન્ન થાય છે અને લય પામે છે. સંભાળ રાખનાર દેવતાઓ[12] તો જૂદા જૂદા હોય છે. ૧૯.

'એ પ્રમાણે આત્મા એક જ હોય તો લોકમાં ભેદ (જૂદાઈ)નો વ્યવહાર કેવી રીતે થાય છે ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યથાનેવંવિદો ભેદો યત આત્મવિપર્યયઃ ।।**
**દેહયોગવિયોગૌ ચ સંસૃતિર્ન નિવર્તતે ।।૨૦।।**

એવું આત્માનું સ્વરૂપ યથાર્થ રીતે નહિ જાણનારને ભેદ (જૂદાઈ) થાય છે (હોય છે), જેનાથી આત્માનો વિપર્યય અને દેહ સાથે સંયોગ અને વિયોગ થાય છે, અને સંસાર મટતો નથી. ૨૦.

'યથા' યથાર્થ રીતે 'અનેવંવિદઃ' એવું (આત્માનું સ્વરૂપ) નહિ જાણનારને ભેદ (જૂદાઈ) હોય છે, પરંતુ એવું જે જાણે છે તેને (ભેદ) હોતો નથી. ઉપર ઉપરથી એવું જાણવામાં આવે તેથી ભેદની દૃષ્ટિ જતી નહિ હોવાથી 'યથા' 'યથાર્થ રીતે' પદ કહેલું છે. 'યથાનેવંવિદઃ'[1] એ એક શબ્દ છે. સમાસના અંતે

---

તણખલાં વિગેરે ઉત્પન્ન થતાં જેમ ભૂમિમાં વિકાર થાય છે, પરંતુ તે (ભૂમિ)ની અંદર રહેલ આત્મામાં વિકાર થતો નથી. આ (તેના જેવું નથી એમ જણાવનાર) વ્યતિરેક દૃષ્ટાંત કહેલ છે. 'જે પૃથ્વીમાં રહેતાં પૃથ્વીની અંદર છે, જેને પૃથ્વી જાણતી નથી, જેનું પૃથ્વી શરીર છે' શ્રુતિ પ્રમાણે પૃથ્વીની અંદર રહેનાર પૃથ્વીના અભિમાનવાળો આત્મા છે, એમ માનવું જોઈએ. (ટિ)

૧૧. તેમ ન માનીએ, અને આત્મામાં પણ ઉત્પત્તિ વિગેરે વિકારો થાય છે એમ માનીએ તો શી અડચણ આવે છે તે અહિં કહે છે. એક તણખલાંના રૂપથી એક આત્મામાં વિકાર થાય છે એમ માનવામાં આવે તો, (આત્મા) અવયવ વિનાનો હોવાથી જૂદા જૂદા અંશમાં એમ વિકારો થાય છે એમ કહી શકાય તેવું નહિ હોવાથી, બીજાં વિગેરે તણખલાંઓમાં તેથી જૂદો જૂદો આત્મા છે એમ સ્વીકારવું પડે, એટલે એક જ પૃથ્વીરૂપ શરીરમાં અનંત આત્માઓ છે એવી કલ્પના કરવી પડે એવો અર્થ છે. (ટિ)૧૨. ચામડી વિગેરેના ખાડાઓમાં રુંવાડાં વિગેરે ઈન્દ્રિયોના ઓષધિ વિગેરે દેવતાઓ શરીરના અભિમાનવાળા આત્માથી જૂદા છે એવો અર્થ છે. (ટિ)

૧. 'વેદનં વિત્' જ્ઞાન. 'એવં વેદનમ્' = 'એવવિત્' એવું જ્ઞાન. 'ન એવંવિત્ અનેવંવિત્' એવું જ્ઞાન ન હોવું તે. (તત્પુરુષસમાસ). 'યથાવત્' યથાર્થ રીતે 'અનેવંવિત્' એવું જ્ઞાન ન હોવાપણું 'યસ્ય' જેને છે તે 'યથાનેવંવિદ્' (બહુવ્રીહિ સમાસ.) આ પ્રમાણે સમાસ કરતાં

(આવવો જોઈએ તે 'ક') પ્રત્યય અનિત્ય છે.

ભેદ તો બેપણાંથી સાબિત થાય, કારણ કે એક (હોય તે)માં ભેદબુદ્ધિ (આ જૂદું છે એવી બુદ્ધિ) થતી નથી[2]. બેપણું તો અપેક્ષાબુદ્ધિથી[3] ઉત્પન્ન થાય છે[4]. તેથી બેપણું પદાર્થમાં રહેલું નથી, પરંતુ બુદ્ધિમાં આવેલા વિષયમાં[5] રહેલું છે, કારણ કે બુદ્ધિથી બહારના પદાર્થો ઉત્પન્ન થાય એવું સંભવતું નથી. તેથી ભેદ અજ્ઞાનથી જ થએલો છે, કારણ કે અપેક્ષા જેની હોય તેવા[6] પદાર્થો નથી. અપેક્ષા વિનાના (પદાર્થો)માં અપેક્ષા(વાળા છે એવી) બુદ્ધિ અજ્ઞાનથી જ થાય.

'' 'ભેદ[7] પારમાર્થિક (સત્ય) છે, શ્રુતિ, સ્મૃતિ અને વ્યવહારમાં ઉપયોગી હોવાથી; આત્માની પેઠે' એવાં અનુમાનથી ભેદ પારમાર્થિક જ સિદ્ધ થાય છે'' એવી શંકા થાય, તેથી 'જેનાથી આત્માનો વિપર્યય થાય છે' શબ્દો કહેલા છે. જો ભેદ પારમાર્થિક હોય તો તેનાથી થતા વ્યવહારથી આત્માનો વિપર્યય[8] ન થાત[9];

---

'શેષાદ્વિભાષા' ૫।૪।૧૫૪ સૂત્ર પ્રમાણે 'ક' પ્રત્યય અંતે આવવો જોઈએ, પરંતુ એ પ્રત્યય અનિત્ય એટલે વિકલ્પે મૂકવાનો હોવાથી અહિં મૂકેલ નથી. (લે+પ્ર)

૨. 'બેપણું જ ભેદથી સિદ્ધ થાય છે એમ કેમ ન માનવું ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. એક જ પદાર્થ જોવામાં આવે ત્યારે આ એક જ છે એવી બુદ્ધિ થાય છે, પરંતુ 'બીજાથી આ જૂદો નથી' એવી બુદ્ધિ થતી નથી. તેથી બેપણાંથી જ ભેદ સિદ્ધ થાય છે, પણ ભેદથી બેપણું સિદ્ધ થતું નથી, એવો અર્થ છે. (પ્ર)

૩. 'આ એક છે અને આ એક (જૂદું) છે' એમ જેનાથી જણાય અને જેનાથી બેપણાંનું (બે પદાર્થો હોવાપણાનું) ભાન થાય તેવી બુદ્ધિ અપેક્ષાબુદ્ધિ કહેવાય છે. (અપેક્ષા=જરૂર આવશ્યકતા. બીજો પદાર્થ છે એમ જાણવામાં પહેલા પદાર્થની આવશ્યકતા રહે છે.)

૪. યજ્ઞદત્તથી દેવદત્ત બીજો (જૂદો) છે, એવી બુદ્ધિ થવામાં યજ્ઞદત્તની અપેક્ષા (આવશ્યકતા) રહે છે અને તેવી અપેક્ષાથી એવી બુદ્ધિ થાય છે એવો અર્થ છે. (લે)

૫. 'બુદ્ધિસ્થઃ' બુદ્ધિમાં રહેલા યજ્ઞદત્ત વિગેરે 'વિષયઃ' પદાર્થ 'કં' સ્થાન છે જેનું, એવો અર્થ છે. (લે)

૬. 'અપેક્ષાબુદ્ધિ ખોટી થાય ત્યારે એ અજ્ઞાનને લીધે ભેદ થાય છે. પરંતુ અપેક્ષાબુદ્ધિ ખોટી છે એમ કેમ કહેવાય ?' એવી શંકા થાય, તેથી અપેક્ષાબુદ્ધિ અજ્ઞાનથી થએલી હોવાનું કારણ કહે છે. અહિં અપેક્ષાના વિષયો આત્માઓ છે. આત્માનું જ્ઞાન પોતાને જ 'આ હું છું' એમ થાય, પરંતુ બીજાને થાય નહિ. તેથી બીજાને જેનું જ્ઞાન થાય તેવો આત્મા નહિ હોવાથી, તેના વિષે અપેક્ષાબુદ્ધિ થાય એ અજ્ઞાનથી જ થાય એવો અર્થ છે. (પ્ર)

૭. 'ભેદ' એટલે 'આત્માઓનો પરસ્પર ભેદ.' (પ્ર)

૮. 'આત્માનો વિપર્યય' એટલે દેહ તરીકે જ્ઞાનના વિષય થવું તે(દેહને આત્મા માનવો તે) (લે)

૯. ભેદ સત્ય છે એમ સિદ્ધ કરવા જે અનુમાન કહ્યું તેને આ તર્કથી ખોટું ઠરાવે છે. 'આત્મા જેની ઉત્પત્તિ અને નાશ થાય તેવો છે, અને દરેક શરીરમાં જૂદો છે' એવું તેના સંબંધી ખોટું

કારણ કે અજ્ઞાન ભેદ ઉત્પન્ન કરનારું હોવાથી જ ખોટી બુદ્ધિ (ઉત્પન્ન થવાનું) કારણ થાય છે. તેમ ન હોય તો[10] સુષુપ્તિમાં અજ્ઞાન હોવાથી, ખોટી બુદ્ધિ[11] પણ થવી જોઈએ.

વળી (ભેદથી આત્માનો) માત્ર વિપર્યય થાય છે એટલું જ નહિ, પરંતુ દેહ સાથે સંયોગ અને વિયોગ પણ ભેદથી જ થાય છે. જેમ યજ્ઞદત્તનો દેહ ઉત્પન્ન થાય અથવા નાશ પામે તેથી દેવદત્તમાં કોઈ પણ પ્રકારનો વિકાર થતો નથી, તેમ આત્મા એક છે[12] એવું જ્ઞાન થાય ત્યારે (પોતાનો દેહ ઉત્પન્ન થાય અથવા નાશ પામે તેથી) પોતાને પણ કાંઈ વિકાર થાય નહિ. 'ચ' 'અને' શબ્દ સર્વ વ્યવહારનો[13] સંગ્રહ (થાય તે) માટે યોજેલો છે.

વળી ભેદ અપારમાર્થિક (અસત્ય) છે, એવો બીજાં કાર્યથી પણ નિશ્ચય થાય છે. તે 'સંસાર મટતો નથી' એ શબ્દોથી કહે છે. ભેદજ્ઞાન હોય ત્યાં સુધી જન્મ અને મરણ થતાં હોવાથી સંસાર મટતો નથી, તેથી આત્મા વિકાર વિનાનો છે એમ જાણવું જોઈએ. આત્મા હદવિનાનો અને કૂટસ્થ (સદા તેવોને તેવો જ) ન હોય તો તે વિકાર વિનાનો હોવાનું સિદ્ધ થઈ શકે નહિ. તેથી આત્મા કૂટસ્થ,

---

જ્ઞાન તે આત્માનો વિપર્યય. જન્મ થતાં જ બાલક ધાવવા માંડે છે એ તેની ક્રિયાને કરાવનાર સંસ્કાર આત્મામાં હોવો જોઈએ. તેથી આત્મા નિત્ય હોવો જોઈએ એવું અને આખા શરીરમાં ચૈતન્ય આત્માને લીધે રહે છે તેથી આત્મા વ્યાપક (સર્વત્ર રહેલ) હોવો જોઈએ એવું અનુમાન થાય છે, છતાં ઉપર જણાવ્યો તેવો આત્માનો વિપર્યય ભેદથી થતા વ્યવહારથી થાય છે. તેમ ન હોય તો દેહની ઉત્પત્તિ અથવા નાશ થવાથી પોતાને અથવા બીજાને હર્ષ કે શોક થાય નહિ. વળી 'ભેદ સત્ય નથી, કારણ કે તે સંસાર કરાવનાર છે, જે જે સંસાર કરાવનાર છે તે તે સત્ય નથી, અન્યથાબુદ્ધિની પેઠે' એવું ભેદને અસત્ય સાબિત કરાવનારું અનુમાન પણ છે. તેથી આત્માનો ભેદ સિદ્ધ કરવા જે અનુમાન કહ્યું તેથી આત્માનો ભેદ સિદ્ધ થતો નથી, તેમજ આત્મા ઉત્પન્ન થાય અને નાશ પામે તેવો છે એમ પણ સિદ્ધ થતું નથી એવો અર્થ છે. (પ્ર)

૧૦. 'આત્માનો વિપર્યય અજ્ઞાનથી થાય છે, પણ ભેદથી થતો નથી' એવી શંકા થાય તેથી આ કહે છે. એમ હોય તો પણ અજ્ઞાન અજ્ઞાન હોવાથી જ આત્માના સંબંધમાં અન્યથાબુદ્ધિ ઉત્પન્ન કરતું નથી, પણ ભેદ ઉત્પન્ન કરીને જ તેમ કરે છે. તેથી ભેદથી જ આત્માનો વિપર્યય થાય છે એવો અર્થ છે. (પ્ર)

૧૧. 'ખોટી બુદ્ધિ' એટલે 'હું યજ્ઞદત્તરૂપ દેહ છું એવી બુદ્ધિ.' એવો અર્થ છે. (લે)

૧૨. આત્મા નિત્ય હોવાથી પહેલાંના દેહમાં હતો તે અને પછીના (નવા) દેહમાં છે તે આત્મા એક જ છે એવું જ્ઞાન થાય ત્યારે. (પ્ર)

૧૩. 'સર્વ વ્યવહાર' એટલે 'હું શ્યામ છું', 'હું ગૌર છું' વિગેરે પ્રકારના વ્યવહાર. (પ્ર)

વ્યાપક (સર્વ સ્થલે રહેલો અથવા હદ વિનાનો) અને વિકાર વિનાનો જાણવામાં આવે છે. તેને (તેવા આત્માને) જાણવામાં આવે ત્યારે શોક સંભવતો નથી. ૨૦.

તે તો તમે બંને જાણો જ છો. તેથી તમારે શોક કરવો જોઈએ નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**તસ્માદ્ભદ્રે સ્વતનયાન્ મયા વ્યાપાદિતાનપિ ।।**
**માનુશોચ યતઃ સર્વઃ સ્વકૃતં ભુઞ્જતેऽવશઃ ।।૨૧।।**

તેથી હે વહાલી બેન ! મેં હણેલા હોવા છતાં તારા પુત્રોનો તું શોક ન કર, કારણ કે સર્વ (કર્મને) અધીન થઈ પોતાનાં કર્મનાં (ફલ) ભોગવે છે.૨૧.

વસુદેવ તો શોક કરશે નહિ, તેથી દેવકીજીનું 'હે વહાલી બેન !' એવું સંબોધન કરે છે. આ સંબોધનથી એમ જણાવ્યું છે કે હવે પછી તારું (દેવકીજીનું) કલ્યાણ થશે અને તને સંતાન થશે. તારા પુત્રો એટલે દેવકીજીના પુત્રોનો તું શોક ન કર. સર્વ પ્રથમ પોતાનો શોક કરે છે, અને પછી પુત્રનો શોક કરે છે, તેથી ('પછી'નો અર્થ જણાવવા) 'માऽનુશોચ' એમ 'અનુ' 'પછી' ઉપસર્ગ યોજેલો છે. જો કે તેઓ પોતાનાં કર્મને લીધે જ મરણ પામેલા છે, પરંતુ મેં હણેલાં નથી, કારણ કે મને પણ તે (તેમના) કર્મે જ એવી પ્રેરણા કરેલી; છતાં પણ બહારની દૃષ્ટિથી મેં જ તેમને હણ્યા છે એમ હું કબૂલ કરું છું. છતાં પણ તું શોક કર નહિ, એમ 'મેં હણેલા હોવા છતાં' શબ્દોથી કહે છે. શોક ન કરવા માટે બહિર્મુખોની પણ એક દલીલ છે તે 'કારણ કે સર્વ કર્મને અધીન થઈ પોતાના કર્મનાં ફલ ભોગવે છે' શબ્દોથી કહે છે. ઈચ્છા ન હોવા છતાં નિરાધાર થઈ, કર્મને અધીન થઈ બધાએ પોતાના કર્મનાં ફલ ભોગવે છે. આના (કંસના) મત પ્રમાણે ચાર પ્રકારની[1] સૃષ્ટિ નથી. જૂદા જૂદા દેહોથી ભોગ થતો હોવાથી, દરેક દેહમાં આત્મા જૂદો જૂદો હોવાનું જણાય છે એમ સિદ્ધ છે એવું જણાવવા, 'સર્વઃ' 'સર્વ' એકવચનમાં યોજેલ હોવા છતાં 'ભુઞ્જતે' 'ભોગવે છે' ક્રિયાપદ બહુવચનમાં યોજેલું છે. આથી એમ કહેલું છે કે મેં બહિર્મુખે કરેલું કર્મ મારે પણ ભોગવવાનું છે એટલે મેં જેનો વિચાર કરેલો નથી તેવી સજા મને પણ થશે, તેથી મને સજા થઈ નથી એવી પણ ચિંતા કરવી નહિ. ૨૧.

'તે(કંસે) જ્ઞાનનો ઉપદેશ કર્યો. જ્ઞાનનો ઉપદેશ કરનારને દૃઢ જ્ઞાન હોય છે તેથી તને સજા થવાનું સંભવતું નથી' એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છે.

---

૧. કાલ, કર્મ, સ્વભાવ અને ભગવદ્ઇચ્છાથી સૃષ્ટિ થાય છે, એવો પ્રકાર આ (કંસ)નાં મતમાં નથી એવો અર્થ છે. (લે) પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા અને ચર્ષણી એવા ભેદથી ચાર પ્રકારની સૃષ્ટિ દૈત્યના મત પ્રમાણે નથી. (પ્ર)

**યાવદ્ધતોઽસ્મિ હન્તાસ્મીત્યાત્માનં મન્યતેઽસ્વદૃક્ ।।**
**તાવત્તદભિમાન્યજ્ઞો બાધ્યબાધકતામિયાત્ ।।૨૨।।**

જ્યાં સુધી 'હું હણાએલો (હણાઊં) છું' અથવા 'હું હણનાર છું' એમ પોતાને માને છે ત્યાં સુધી પોતાની અંદર દૃષ્ટિ નહિ રાખનાર તે (દેહ વિગેરે)ના અભિમાનવાળો અજ્ઞાની બાધ્યબાધકભાવને પામે છે. ૨૨.

જ્યાં સુધી શાસ્ત્રોથી ઉત્પન્ન થએલ જ્ઞાનવાળો પણ જીવ 'હું હણાએલો (હણાઊં) છું, હું હણનાર છું' એમ આત્માને કર્મ અથવા કર્તા માને છે, ત્યાં સુધી તે બાધ્યબાધકભાવને પામે જ. કર્મ (હું હણાએલો છું એવું) માને ત્યારે બાધ્ય[1] (પીડા ભોગવનાર) થાય, અને કર્તા (હું હણનાર છું એમ) માને ત્યારે બાધક (પીડા કરનાર) થાય. ક્રિયાવિનાના આત્મામાં જેવી ક્રિયા માને, તેવી જ ક્રિયાને પામે છે, એવો અર્થ છે.

'જે ધર્મ (આત્મામાં) નથી તેવો ધર્મ (તેમાં) માનવાનું શું કારણ ?' એવી શંકા થાય, તેથી 'પોતાની અંદર દૃષ્ટિ નહિ રાખનાર' શબ્દ યોજેલ છે. 'ન' નથી 'સ્વસ્મિન્' પોતાની અંદર 'દૃષ્ટિઃ' દૃષ્ટિ 'યસ્ય' જેની તે (અસ્વદૃક્) શાસ્ત્રોના જ્ઞાનને તે શાસ્ત્રીય[2] તરીકે જ જાણે છે, પરંતુ પોતાના (આત્માના) સંબંધવાળું છે એમ જાણતો નથી.

'તેથી પણ શું ?' એવી શંકા થાય, તેથી 'ત્યાંસુધી તે (દેહ વિગેરે)ના અભિમાનવાળો' રહે છે, એમ કહે છે. આત્માનું સ્વરૂપ જાણવામાં આવે ત્યારે દેહ વિગેરેનો અધ્યાસ (હું દેહ વિગેરે છું એવું જ્ઞાન) રહેતો નથી. વળી અધ્યાસ હોય ત્યાં સુધી સ્વરૂપનું અજ્ઞાન રહે છે[3], તેથી તેના દેહ વિગેરેના અભિમાનવાળો અજ્ઞાની જ રહે છે. તેથી બાધ્યબાધકભાવ (પામે છે). ૨૨.

એ પ્રમાણે 'તમારા બાલકોનાં અને આપણાં કર્મને લીધે સર્વ થયું અને થશે. તેથી શોકનો અથવા સજાનો વિચાર કરવો નહિ, પરંતુ મેં કરેલો અપરાધ સહન કરવો' એમ કહેતાં, અપરાધની ક્ષમા કરાવતાં, નમન કરે છેઃ

**ક્ષમધ્વં મમ દૌરાત્મ્યં સાધવો દીનવત્સલાઃ ।।**
**ઈત્યુક્ત્વાઽશ્રુમુખઃ પાદૌ શ્યાલઃ સ્વસ્રોરથાગ્રહીત્ ।।૨૩।।**

---

૧. 'બાધ્ય' એટલે 'કર્મથી થતાં ફલ ભોગવવા પાત્ર' એવો અર્થ છે. (પ્ર)

૨. 'શાસ્ત્રીય' એટલે 'શાસ્ત્રમાંથી થતું.' પોથીમાંનું.

૩. (સ્વરૂપનાં અજ્ઞાનથી અધ્યાસ થાય છે.) તેથી અધ્યાસ (કાર્ય) હોય ત્યારે સ્વરૂપનું અજ્ઞાન (કારણ) હોવું જ જોઈએ. એમ કાર્યથી કારણનું અનુમાન થાય છે, એવો અર્થ છે. (લે)

ગરીબડાં ઉપર પ્રેમ રાખનારા સાધુઓ મારાં દુષ્ટપણાને ક્ષમા કરો. એમ કહી આંસુથી ભરેલ મુખવાળા સાલાએ પછી બેનના બે ચરણો પકડ્યા. ૨૩.

મારા દુષ્ટપણાને ક્ષમા કરો. અવિચારથી (વિચાર કર્યા વિના) જે અન્યાય કરે તે દુષ્ટ છે. તેથી આજ્ઞાનું ઉલ્લંઘન, પુત્રોની હત્યા વિગેરે જે મેં કરેલ છે તે સર્વ ક્ષમા કરો. મોટા પુરુષોના હૃદયમાં જો દુઃખનું ચિંતન[1] રહે તો (તેમને) ઘણો શોક થાય છે. (અપરાધ) ક્ષમા કરાવવા માટે (મારે) કાંઈ આપવાનું નથી, કારણ કે 'સાધુઓ ગરીબડાં ઉપર પ્રેમ રાખનારા' હોય છે, અને હું અપકીર્તિ અને નરકને પાત્ર થએલ હોવાથી ગરીબડો છું. (કંસે) પોતાની દીનતા માત્ર વચનથી જ જણાવી નહિ, પરંતુ દેખાવથી પણ તે જણાવી, એમ 'એમ કહી આંસુથી ભરેલ મુખવાળો' થયો, એ શબ્દોથી કહેલ છે. 'અશ્રૂણિ' આંસુઓ 'મુખે' મુખ ઉપર છે 'યસ્ય' જેના તે ('અશ્રુમુખઃ'). સત્ત્વ વિનાનો થએલ હોવાથી તે (આંસુઓ) લૂછતો પણ ન હતો. જ્યારે આ (કંસ) નાની બેનના ચરણો પકડવાનું ન કરવા જેવું પણ (કાર્ય) કરતો હતો ત્યારે તે (તેમનું) લીધેલું ધન વિગેરે આપવાનું અથવા (તેથી) વધારે ધન આપવાનું બીજું (કરવા યોગ્ય કાર્ય) કેમ ન કરે[2] ?

'સ્વસ્રોઃ' 'બેનના' શબ્દથી બેન અને તેના પતિ કહેલા નથી[3]. તેના બેનના સંબંધથી જ વસુદેવ માન આપવા યોગ્ય હોવાથી, (અને) તેમને બારોબાર નમસ્કાર કરવામાં આવે તો પણ દોષ (થતો) નહિ હોવાથી, એક (બેન)ના જ બે ચરણો બેના હોય તેમ પકડ્યા, એમ જણાવવા એકશેષ[4] (સમાસ યોજેલો છે).

---

૧. મોટા પુરુષોના મનમાં દુઃખનું ચિંતન રહે તો તેમના હૃદયમાં ઘણો શોક થાય. તેથી પહેલાંના અપરાધનો વિચાર નહિ કરતાં મોટા પુરુષોએ ક્ષમા કરવી એ જ યોગ્ય છે, એવો ભાવ છે. (લે)

૨. 'સાધુઓ ધનની દરકાર કરતા નથી અને પોતે જ ગરીબડાં ઉપર પ્રેમ રાખનારા હોય છે, તો પણ આપણે તેમને ધન આપવું એ યોગ્ય છે' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (નાની બેનના પગે પડવાનું) અયોગ્ય કર્મ પણ કંસે કર્યું તો પછી તેમનું ધન પહેલાં પડાવી લીધું હોય તે પાછું આપવાનું તથા વધારાનું ધન આપવાનું યોગ્ય કર્મ તો તેણે કરેલું જ એમ જાણવું; એવો અર્થ છે. (લે)

૩. શ્રીધર 'સ્વસ્રોઃ' શબ્દથી દેવકીજી અને વસુદેવ બંને કહેલાં છે એમ કહે છે, તે અર્થ ખોટો છે એમ અહિં જણાવે છે. (પ્ર)

૪. એક જ આકારના, અથવા જૂદા જૂદા આકારના પણ એક અર્થના શબ્દોનો જ્યારે સમાસ કરવામાં આવે છે ત્યારે તેમાંના એક જ શબ્દને રાખી, બીજા રાખવામાં આવતા નથી. આવા સમાસને 'એકશેષ' સમાસ કહે છે. જેમકે 'માતા ચ પિતા ચ=પિતરૌ.'

એકશેષ (વિષયના) શાસ્ત્રમાં 'પુમાન સ્ત્રિયા' 'પુરુષ સ્ત્રીથી' (પાણિનિ.૧।૨।૬૭) વિગેરે ચાર સૂત્રમાં ત્રીજી વિભક્તિ 'મુખ્ય ન હોય તે રહેતું નથી' એમ જણાવે છે[૫]. તેમ ન હોય તો 'સ્ત્રીપુરુષાભ્યામ્' 'સ્ત્રીપુરુષો વડે' એવો અને 'સ્ત્રીપુમ્ભ્યામ્' 'સ્ત્રીપુરુષો વડે' એવો પ્રયોગ થાય નહિ. અહિં પણ તેના પતિ સાથે બેન જ બાકી રહે છે.

દૈત્યના આવેશનો અને રાજસભાવનો (કંસે આ સમયે) ત્યાગ કરેલો છે, એમ જણાવવા 'અથ' 'પછી' શબ્દથી જૂદો આરંભ કરે છે. ૨૩.

(કંસે તેમનું) બંધન દૂર કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:

**મોચયામાસ નિગડાન્ વિસ્રબ્ધઃ કન્યકાગિરા ।।**
**દેવકીં વસુદેવં ચ દર્શયન્નાત્મસૌહૃદમ્ ।।૨૪।।**

કન્યાની વાણીથી વિશ્વાસુ થએલાએ સાંકળો છોડી, અને પોતાનો પ્રેમ દર્શાવતાં દેવકીજી અને વસુદેવને છોડ્યાં. ૨૪.

સાંકળો થાંભલાઓ સાથે બાંધેલી, તેથી 'સાંકળો છોડી' એમ કહેલું છે, એટલે તે બંનેને પણ (છોડ્યાં). તે તો કેદખાનું હતું તેથી સાંકળો (ત્યાંથી) કઢાવી નાખી નહિ.

'આ બે ગભરાએલાં ન હતાં અને આકાશવાણી પ્રમાણ છે. તેથી આ બેએ જ કાંઈક કાપટ્ય કર્યું છે એવો (કંસે) વિચાર કેમ ન કર્યો ?' એવી શંકા થાય,

---

૫. ''અહિં 'સ્વસૃ' અને 'તત્પતિઃ' 'બેન' અને 'બેનનો પતિ'નો સમાસ કરવાનો છે. આ બે શબ્દો એક આકારના નથી અને જૂદા જૂદા આકારના શબ્દોનો આવો સમાસ પાણિનિના ધારા પ્રમાણે થતો નથી'' એવી શંકા થાય, તેથી અહિં એકશેષ સમાસ કેમ થયો તે અહિં જણાવે છે. 'સ્વસા ચ તત્પતિશ્ચ=સ્વસારૌ'. પાણિનિમાં આવો સમાસ કરવાનું જણાવેલ નથી છતાં પણ 'પુમાન્ સ્ત્રિયા' પાણિનિ.૧।૨।૬૯ વિગેરે ચાર સૂત્રમાં, ત્રીજી વિભક્તિથી જણાવેલ જે મુખ્ય ન હોય તે રહેતું નથી (અને મુખ્ય હોય તે રહે છે) એમ જણાવેલ હોવાથી, અહિં વિરૂપ (જૂદા જૂદા આકારના શબ્દોનો) એકશેષ સમાસ છે. વિરૂપ એકશેષનો નિયમ એવો છે કે સ્ત્રી અને પુરુષ સાથે કહેવાના હોય ત્યારે પુરુષવાચક શબ્દ રહે છે, સ્ત્રીવાચક શબ્દ રહેતો નથી. પણ ઉપર જણાવેલ સૂત્ર એમ કહે છે કે એ સૂત્રમાં ત્રીજી વિભક્તિ એમ જણાવે છે કે જે મુખ્ય ન હોય તે રહેતું નથી, બંને શબ્દ પ્રધાન હોય તો બંને રહે છે જેમકે 'સ્ત્રીપુંસૌ, માતાપિતરૌ'. બંને પ્રધાન હોય તો વિરૂપ એકશેષ સમાસ થતો નથી, પણ જ્યાં એક પ્રધાન નથી એમ જણાવવું હોય ત્યાં તેવો સમાસ થાય છે અને પ્રધાનવાચક શબ્દ રહે છે. અહિં બેનના પતિ પ્રધાન નથી એમ કહેવાનું હોવાથી, 'અહિં પણ તેના પતિ સાથે બેન જ બાકી રહે છે' એમ કહેલ છે. તેથી આવો સમાસ કરવામાં પાણિનિના નિયમનો વિરોધ નથી. (પ્ર)

તેથી 'કન્યાની વાણીથી વિશ્વાસુ થએલા' શબ્દો કહેલા છે. કન્યા જે માયા, તેનું વચન અસત્ય હોવાનું પણ સંભવે છે, છતાં (કંસે) તેમાં જ વિશ્વાસ રાખ્યો. તે પૈકી 'કોઈ એક સ્થલે'[1] અને 'ગરીબડી'[1] (૧.શ્લોક ૧૨ જૂઓ.) એ નારી જાતિનું વચન, દેવકીનો દોષ નથી એમ સૂચવનારાં છે, કારણ કે વસુદેવે જ ભગવાનને ગોકુલ પધરાવેલ છે. ખોટી સમજણ કરાવવી એ તો માયાનું પ્રસિદ્ધ જ કાર્ય છે. આરંભમાં દેવકીજીની, પછી વસુદેવની, અને 'ચ' 'અને' શબ્દથી જણાવેલાં તેમનાં સંબંધીઓની પોતે જ સેવા કરતાં કંસ પોતાનો પ્રેમ દર્શાવવા લાગ્યો. ૨૪.

કંસે દયાની માગણી કરતાં, તેઓએ દયા કરી એમ કહે છે :

**ભ્રાતુઃ સમનુતપ્તસ્ય ક્ષાન્ત્વા રોષં ચ દેવકી ।।**
**વ્યસૃજદ્ વસુદેવશ્ચ પ્રહસ્ય તમુવાચ હ ।।૨૫।।**

સારી રીતે દુઃખી થએલા ભાઈના રોષની ક્ષમા કરીને દેવકીજીએ તેના અપરાધ ને મનમાંથી કાઢી નાખ્યો અને વસુદેવે પણ હસીને તેને નીચે પ્રમાણે કહ્યું. ૨૫.

'સારી રીતે દુઃખી થએલો' એટલે પશ્ચાત્તાપથી દુઃખી થએલો અને તેવો પણ 'ભાઈ', તેના સંબંધવાળા રોષની ક્ષમા કરીને, અથવા રોષની જેમણે ક્ષમા કરેલી છે તેવાં દેવકીજીએ તેણે કરેલા પહેલાંના અપરાધને મનમાંથી કાઢી નાખ્યો, અથવા પાઠના ભેદ પ્રમાણે રોષને કાઢી નાખ્યો. તેના (કંસના) રોષને સહન કર્યો અને પોતાનો રોષ કાઢી નાખ્યો. તે (કંસ)નો રોષ જેણે પોતાનું કાર્ય (બાલકો હણવાનું) કરેલું હતું તેને સહન કર્યો, અને પોતાનો રોષ જેણે તેનું કાર્ય કર્યું ન હતું તેનો સર્વથા ત્યાગ કર્યો. વસુદેવે પણ એ પ્રમાણે કર્યું. તે (દેવકીજી)ને રોષ ન હતો (ન રહ્યો) એ તો તેમનાં મુખની પ્રસન્નતાથી જ જણાયું. 'વસુદેવ તો ઊંડા હૃદયવાળા હોવાથી કદાચિત્ પ્રસન્ન થયા નહિ હોય' એવી શંકા થાય, તેથી 'હસીને તેને કહ્યું' શબ્દોથી તેનું હાસ્ય અને વચન કહેલાં છે. પુત્રને હણનાર સાથે વાતચિત કરવી જોઈએ નહિ (છતાં વસુદેવે કરી) તેથી આશ્ચર્ય જણાવવા 'હ' શબ્દ યોજેલો છે. ૨૫.

તેણે (કંસે) કહેલું જ્ઞાન તેના જ[1] હૃદયમાં દૃઢ થાય એવા હેતુથી (વસુદેવ) નીચેના શ્લોકમાં તેને પુષ્ટિ આપે છે :

વસુદેવ કહે છેઃ

**એવમેતન્મહારાજ યથા વદસિ દેહિનામ્ ।।**

---

૧. કંસે કહેલ મત અસુરોનો મત હોવાથી, પોતાના હૃદયમાં તે પ્રવેશ ન કરે એવો વસુદેવનો આશય હતો, એમ જણાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલો છે. (લે)

**અજ્ઞાનપ્રભવાઽહન્ધીઃ સ્વપરેતિભિદા યતઃ ॥૨૬॥**

હે મહારાજ! જેમ તમે કહ્યું એવું જ આ છે. દેહીઓની અહંબુદ્ધિ અજ્ઞાન-માંથી ઉત્પન્ન થએલી હોય છે અને તેમાંથી મારું-પારકું એવો ભેદ થાય છે. ૨૬

બાલકો હણ્યા તેમાં તારો દોષ નથી, એમ જણાવવા ‘હે મહારાજ !’ એવું સંબોધન કરેલું છે. ‘જેમ તમે કહ્યું એવું જ આ છે.’ ‘દેહીઓની અહંબુદ્ધિ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થએલી હોય છે’ એમ તેનો સારાંશ કહે છે. દેહ વિગેરેમાં અહંબુદ્ધિ અજ્ઞાનથી જ થાય છે, (અને) તેમાંથી ‘મારું પારકું એવો ભેદ થાય છે’. બધોએ વ્યવહાર મારું પારકું એવા ભેદમાંથી જ થાય છે. ‘દેહીઓની’ એટલે દેહના અધ્યાસવાળાઓની. અજ્ઞાનથી અહંકાર ઉત્પન્ન થવામાં દેહનો અધ્યાસ કારણ છે, તેથી તેને અધિકાર તરીકે જણાવેલો છે. અહંબુદ્ધિ ખોટું જ્ઞાન છે, અને તે અજ્ઞાનથી થાય છે. તેમ ન હોય (અજ્ઞાનથી અહંબુદ્ધિ થતી ન હોય) તો સ્વરૂપનું સ્પષ્ટ જ્ઞાન થતું હોય ત્યારે બીજા કોઈનું (સ્વરૂપ તરીકે) ભાન થાય નહિ. ૨૬.

એ પ્રમાણે તેણે (કંસે) કહેલું જ્ઞાન નિત્ય અને અનિત્ય વસ્તુઓને જાણવામાં ઉપયોગી છે એવું નિરૂપણ કરીને, પોતાના સિદ્ધાંતથી પ્રાપ્ત થતા જ્ઞાનનો કૃપા કરીને, (તેને) નીચેના શ્લોકથી ઉપદેશ કરે છેઃ

**શોકહર્ષભયદ્વેષલોભમોહમદાન્વિતાઃ ॥**
**મિથો ઘ્નન્તં ન પશ્યન્તિ ભાવૈર્ભાવં પૃથગ્દૃશઃ ॥૨૭॥**

ભેદની દૃષ્ટિવાળાઓ શોક, હર્ષ, ભય, દ્વેષ, લોભ, મોહ અને મદવાળા હોવાથી ભાવો વડે ભાવને પરસ્પર હણનારને જોતા નથી. ૨૭.

આ વિષયમાં વાસ્તવિક રીતે (જીવ) પોતે (કોઈને) હણતો નથી એ સત્ય છે, કારણ કે તે સ્વતંત્ર નથી; પરંતુ કોઈકથી પ્રેરાઈને હણે છે. આથી પણ મુખ્ય સિદ્ધાંત (એ છે કે) સર્વમાં રહેલા ભગવાન જ હણે છે એમ શાસ્ત્ર (કહે છે). તેનું[૧] જ્ઞાન થવામાં ભગવાનના વિરોધી જીવના છ ધર્મો નડે છે.

(૧) ઐશ્વર્યનું જ્ઞાન થવામાં શોક નડે છે, કારણ કે ભગવાન્ કરવાને, નહિ કરવાને અને કરેલું ફેરવવાને શક્તિવાળા છે. તેથી તેમનાં કરેલાં કાર્યમાં શોક કેવી રીતે હોઈ શકે ? નહિ તો ભગવાનની ઈચ્છા એવી ન હોય તો પોતાના (ભગવાનના) અંશો પૈકી જેની આવશ્યક્તા હોય તેનો નાશ બીજો કોઈ ન કરે[૨].

(૨) (જોઈતી ચીજ) પ્રાપ્ત થતાં હર્ષ થાય છે. કાલરૂપ ભગવાનનાં

---

૧. ‘તેનું’ એટલે એવા ‘સિદ્ધાંતવાળા શાસ્ત્રનું.’ (પ્ર)

૨. કારણ કે બીજા કોઈમાં તેવું કરવાનું સામર્થ્ય નથી અને તેમ કરવાથી ભગવાન તેને સજા કરે. (પ્ર)

વીર્યનું જ્ઞાન હોય તો તે ન થાય.

(૩) જો ભગવાનનો યશ જાણે તો ભય ન થાય; કારણ કે તે (ભગવાન્) અયોગ્ય કાર્ય કરે નહિ; તેમ ન હોય (ભગવાન્ અયોગ્ય કાર્ય કરતા હોય) તો યશ ન હોય.

(૪) જો ભગવાનની શ્રી જાણે તો દ્વેષ અને લોભ ન થાય. દ્વેષ સ્ત્રીને માટે થાય છે અને લોભ ધનને માટે થાય છે. તે બંને ભગવાનના જ છે. તેથી પોતે (જીવે) તેમ કરવું (દ્વેષ અથવા લોભ કરવો) યોગ્ય નથી.

(૫) ભગવાનના સંબંધી (ભગવાનનું) જ્ઞાન થયું હોય તો મોહ રહેતો નથી એ પ્રસિદ્ધ છે.

(૬) મદ તો વૈરાગ્ય ન હોવાથી થાય છે. સર્વ પ્રકારે વૈરાગ્ય વિનાનો જ હોય તે મદવાળો હોય છે. તેથી[૩] પરસ્પર હણનારને પણ માણસો જોતા (જોઈ શકતા) નથી. નહિ તો (જોઈ શકતા હોય તો) એક જ હણનાર થાય[૪] (જણાય).

'આત્મા એક હોવા છતાં, ભગવાન્ સંબંધી શાસ્ત્રમાં હણાનાર અને હણનાર હોવાનું કેમ સંભવે ?' એવી શંકા થાય, તેથી 'ભાવો વડે ભાવને' શબ્દો યોજેલા છે. 'ભવન્તિ ઈતિ' ઉત્પન્ન થાય છે તે 'ભાવાઃ' ભાવો, એટલે ધર્મો. પીડનારા ધર્મોથી પીડાતા ધર્મોનો જ નાશ થાય છે, પરંતુ ધર્મીનો નાશ થતો નથી, કારણ કે જે ઉત્પન્ન થાય છે તેઓ જ નાશ પામે છે. જેમ એક વસ્ત્રમાં (તેને) રંગનાર દ્રવ્યના સંબંધથી શ્વેત વિગેરે ધર્મો (રંગો) ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, પરંતુ વધારે બલવાળા હોવું એ (કયો રંગ રહે, તેનો) નિર્ણય કરાવનાર છે. જેનો નાશ કરવા માટે જ ભગવાન્ જે ભાવમાં પ્રવેશ કરે છે તે એ ભાવનો નાશ કરે છે. તેથી તું (કંસ) વિગેરે (પુત્રોને હણવામાં) કરણ જ હતા, પરંતુ કર્તા ન હતા. કરણની કોઈ નિંદા કરતું નથી તેમજ સ્તુતિ કરતું નથી.

(કર્તા ભગવાનનાં) દર્શન ન થવાનું કારણ 'ભેદની દષ્ટિવાળાઓ' શબ્દથી કહેલું છે. કર્તા કરણની સાથે સંબંધવાળો જ હોય છે[૫]. જો કર્તાને કરણથી જૂદો (કરણના સંબંધ વિનાનો) જાણે, અથવા કરણને તેનાથી જૂદું જાણે તો

૩. 'તેથી' એટલે 'શોક વિગેરે થાય છે તેથી.' (પ્ર)

૪. અહિં 'જ્ઞાતઃ' 'જણાએલો' શબ્દ અધ્યાહાર છે. હણનાર ભગવાનનાં દર્શન થાય તો તે જ હણનાર તરીકે જાણવામાં આવે, એવો અર્થ છે. (લે)

૫. ઈન્દ્રિયો વિગેરે કરણ સાથે સંબંધવાળો જીવ જ કર્તા હોય છે, પણ ભગવાન્ તો કરણથી જૂદા એટલે કરણ સાથે સંબંધ વિનાના જ (કર્તા થાય છે), એમ જાણવામાં આવે ત્યારે જીવ જ કર્તા છે, પરંતુ ભગવાન્ કર્તા નથી, એવી બુદ્ધિ થાય છે. તેમજ કરણ 'તતઃ'

એવી ભેદની દષ્ટિ થાય છે, પરંતુ સર્વ સ્થલે રહેલા ભગવાનને જાણનારની એવી બુદ્ધિ થતી નથી. તેથી મારા પુત્રોને પણ ભગવાને જ હણેલા છે. તું પણ ભગવાનથી હણાવાનો છું, તેથી તારે પણ શોક કરવો જોઈએ નહિ, એવો ભાવ છે. ૨૭.

એવી રીતે માયાએ આપેલા સમાચાર તેના કાર્ય સાથે જણાવી, નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છેઃ

શ્રીશુક કહે છેઃ

**કંસ એવં પ્રસન્નાભ્યાં વિશુદ્ધં પરિભાષિતઃ ।।**
**દેવકીવસુદેવાભ્યામનુજ્ઞાતોઽવિશદ્ ગૃહમ્ ।।૨૮।।**

એ પ્રમાણે પ્રસન્ન થએલાં દેવકીજી અને વસુદેવથી સત્ય ઉપદેશ અપાએલા અને પરવાનગી અપાએલા કંસે ઘરમાં પ્રવેશ કર્યો. ૨૮.

એ પ્રમાણે (દેવકીજી અને વસુદેવ) પ્રસન્ન થએલા (હતા). (તેઓએ) પોતાનો સિદ્ધાંત કહ્યો તેથી તેઓ ઘણા પ્રસન્ન થયા હતા એમ જણાયું. 'સત્ય ઉપદેશ અપાએલા' એ (વિશેષણથી), 'મહારાજ' એ (શ્લોક ૨૬માં કરેલા) સંબોધનથી, અને તેણે (કંસે) કહેલ (અર્થ વસુદેવે શ્લોક ૨૬ માં) ફરી કહ્યો તેથી (તેઓને) 'પ્રસન્ન થએલા' જણાવેલા છે. એક (વસુદેવ) નાં જ વચન કહેલાં હોવાથી, દેવકીજી પ્રસન્ન થયાં ન હતાં એવી શંકાનું નિવારણ કરવા બંનેને (પ્રસન્ન થએલાં) કહેલાં છે. તેથી તેઓની પરવાનગી અપાએલા (કંસે) (તેમને) અડચણ કર્યા વિના ઘરમાં પ્રવેશ કર્યો. ૨૮.

એવી રીતે ભગવાનની પ્રેરણાથી માયાએ કરેલાં કાર્યનું નિરૂપણ કરી, તેણે (માયાએ) સ્વતંત્ર રીતે કરેલું કાર્ય જણાવવા નીચેના શ્લોકથી આરંભી અધ્યાય પૂરો થાય ત્યાં સુધીના શ્લોકો કહે છે. જો કંસ આ (હવે કહેવામાં આવશે તે કાર્ય) ન કરે તો વધ ન કરવા યોગ્ય જ રહે[1], અને તે દેવોનું ઈષ્ટ નહિ હોવાથી દેવતા માયાએ તે કાર્ય કર્યું.

અથવા (માયા) અસુરોના ભગવાન્‌રૂપ હોવાથી, તેઓની મુક્તિ થાય તે માટે તેઓને તેમના ધર્મમાં શ્રદ્ધાવાળા કરી (રાખી), (તેમનો) સર્વ શાસ્ત્રોથી

---

એટલે ભગવાનથી જૂદું એટલે ભગવાન્ સાથે સંબંધ ન હોય તેવું જાણવામાં આવે તો એવી બુદ્ધિ થાય છે એવો અર્થ છે. (લે) અહિં જીવ અને ભગવાન્ કેવી રીતે કર્તા થાય છે તેનો ભેદ જણાવવાનો હોય તેમ લાગતું નથી. આ સિદ્ધાંત પ્રમાણે જીવ તો કર્તા છે જ નહિ. ભગવાન્ જ કર્તા છે એમ જણાય છે. તેથી વાક્યાર્થ પ્રમાણે જ અર્થ કરેલ છે.

૧. 'માયાએ સ્વતંત્ર રીતે કામ શા માટે કર્યું ?' એવી શંકા થાય તેથી આ વાક્યો કહેલાં છે. (પ્ર)

વિરુદ્ધ મોક્ષ (તેમને) પ્રાપ્ત કરાવે છે એવા (હેતુથી) તેવી કથા (કહે છે), કારણ કે રાજાના ધર્મો ઉલ્લંઘન કરી શકાય તેવા હોતા નથી[૨]. જેથી પહેલાં વિચાર કર્યા વિના (કાર્ય) કરેલ, તે ઊંધું થયું. તેથી હવે પછીથી વિચારીને (કાર્ય) કરવું એમ વિચારી, મંત્રીઓને બોલાવી, વિચાર ચલાવવા (મંત્રણા કરવા) માટે (તેમને) પહેલાંનો વૃત્તાંત કહ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**તસ્યાં રાત્ર્યાં વ્યતીતાયાં કંસ આહૂય મન્ત્રિણઃ ।।**
**તેભ્ય આચષ્ટ તત્સર્વં યદુક્તં યોગનિદ્રયા ।।૨૯।।**

તે રાત વીતી ત્યારે કંસે મંત્રીઓને બોલાવીને, યોગનિદ્રાએ જે કહેલું તે સર્વ તેમને કહ્યું. ૨૯.

જ્ઞાન[3] થયું હતું તેથી અને કાર્ય વિલંબ સહન કરી શકે તેવું હતું તેથી 'તે રાત વીતી ત્યારે' એમ કહેલું છે. તામસ (રાજા)ના મંત્રીઓ પણ તામસ જ (હતા) એમ તેઓના નામથી જણાવેલું છે. દેવકીજી વિગેરે પ્રતિ જે વિનય (કંસે) કરેલો તે તો (તેણે મંત્રીઓને) કહ્યો નહિ. યોગનિદ્રાએ જે કહેલું તે સર્વ કહ્યું. ૨૯.

જેમ કંસ વિવેક વિનાનો હતો તેમ તેના મંત્રીઓ પણ વિવેક વગરના હતા[૧]. તેઓનું દુષ્ટપણું નીચેના શ્લોકમાં કહે છે:

**આકર્ણ્ય ભર્તૃગદિતં તમૂચુર્દેવશત્રવઃ ।।**
**દેવાન્ પ્રતિ કૃતામર્ષા દૈતેયા નાતિકોવિદાઃ ।।૩૦।।**

ધણીએ (રાજાએ) કહેલું સાંભળીને, દેવો પ્રતિ જેમને ઈર્ષ્યા હતી, જેઓ બહુ ડહાપણવાળા ન હતા, તેવા દેવોના શત્રુ દૈત્યોએ તેને (નીચે પ્રમાણે) કહ્યું. ૩૦.

ધણી કંસે કહેલું 'આકર્ણ્ય' સાંભળીને અને (તે સંબંધી) વિચાર કરીને, તેને (તેઓએ) કહ્યું. આમને કંસનું રક્ષણ કરવાનો કાંઈ વિચાર ન હતો, પરંતુ દેવોનો દ્વેષ કરવાની તક મળી[૨] એવા (વિચારથી) ઘણા ખુશી થયા, એમ 'દેવોના શત્રુઓ' શબ્દથી કહેલું છે. ૩૦.

---

૨. 'અસુરો ઘણા હતા. બધા એકમત થઈ દુષ્ટતારૂપ પોતાના ધર્મમાં શ્રદ્ધાવાળા કેમ રહેતા ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. રાજા જે ધર્મો આચરતો હોય તે ધર્મોનું કોઈ ઉલ્લંઘન કરી શકે નહિ. તેથી કંસ દુષ્ટ હોવાથી તે બધાએ દુષ્ટ હતા. એવો અર્થ છે. (લે)

૩. (પોતાને હણનાર) પોતાનો શત્રુ ઉત્પન્ન થયો છે એવું જ્ઞાન (કંસને) થયું હતું. (પ્ર)

૧. આ વાક્યથી 'નાતિકોવિદાઃ' 'જેઓ બહુ ડહાપણવાળા ન હતા' શબ્દનો અર્થ કહેલો છે. (લે)

૨. આથી શ્લોકના ત્રીજા ચરણનો અર્થ કહેલો છે. (લે)

આરંભમાં દૈત્યો પોતાની બુદ્ધિથી વિચારેલો ઉપાય કહે છે :

દૈત્યો કહે છેઃ

**એવં ચેત્તર્હિ ભોજેન્દ્ર પુરગ્રામવ્રજાદિષુ ।।**
**અનિર્દશાન્નિર્દશાઁશ્ચ હનિષ્યામોઽદ્ય વૈ શિશૂન્ ।।૩૧।।**

હે ભોજેન્દ્ર ! એમ (છે) તો શહેરો ગામો અને નેસડાઓમાં દશ દિવસથી નાનાં અને દશ દિવસથી મોટાં બાલકોને અમે હમણાં જરુર હણશું. ૩૧.

જો તે (કંસને હણનાર) કોઈ સ્થલે બાલક જ જન્મેલ હશે તો તો તે એક માસની અંદર જન્મેલ હશે, એવો નિર્ણય થતો નહિ હોવાથી પણ અમે બધાંએ બાલકોને હણશું; પછી તે બાલકો ભલે શહેરોમાં રહેનારા, ગામડાંઓમાં રહેનારા અથવા નેસડાઓમાં રહેનારા હોય. નાની મોટી રહેવાના સ્થાનની સ્થિતિ જણાવવા માટે (શહેર, ગામડાં અને નેસડા) ત્રણેને કહેલાં છે. અમને તો (તેઓને હણવામાં કાંઈ) ઢીલ થવાની નથી એમ 'હમણાં' શબ્દથી કહે છે. 'હે રાજેન્દ્ર !' એવું સંબોધન (તે બાલકોને હણવાની) આજ્ઞા કરે તે માટે કરેલું છે. 'ન' નથી 'નિર્ગતાનિ' થએલા 'દશાહાનિ' દશ દિવસો 'યેષાં' જેમને તે 'અનિર્દશાઃ' દશ દિવસથી નાના. 'નિર્દશાઃ' એટલે તો દશ દિવસ જેમને થઈ ગયા છે તેવા. બંનેઓને પણ તેઓના ખાસ દેખાવને લીધે અમે બધાએ હણશું. આ વિષયમાં કાંઈ સંદેહ નથી, એમ જણાવવા, 'જરુર' શબ્દ યોજેલ છે. દૈત્યોના ઘરમાં પણ સગાઓમાં પણ જન્મેલા બાલકોને હણવાના છે એમ આ શબ્દ સૂચવે છે. જ્યારે રાજાએ બેનના પુત્રોને હણેલા છે ત્યારે બીજાઓએ[1] પણ પોતાનાં સગાં બાલકોને હણવાં જોઈએ એમ તેઓએ જાણ્યું, કારણ કે એમ ન હોત[2] તો રાજા કહેત નહિ. ૩૧.

એવી રીતે પોતાને (કરવાનું) કાર્ય કરી, તે (કંસ)ને ભય ન રહે તે માટે નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી તેને પાનો ચઢાવે છે. જેવા ભગવાનના છ ગુણો છે તેવા તમારા (કંસના) પણ છ ગુણો છે.

**સામર્થ્યં ચ જયશ્ચૈવ દીનત્વં ચ દયા યથા ।।**
**શત્રૂણામલ્પતા ચૈવ રાજનીતિસ્તથૈવ ચ ।।કા.૯।।**

---

૧. 'બીજાઓએ' એટલે 'કંસના સેવકોએ'. (પ્ર)

૨. 'એમ ન હોત' એટલે '(કંસે) બેનના પુત્રોને હણ્યા ન હોત, તો રાજા આવી આજ્ઞા કરત નહિ. જો રાજાએ પોતે પોતાની બેનના પુત્રોને હણ્યા ન હોત તો મારા સેવકો મારી (આવી) આજ્ઞા પૂરી માનશે નહિ એમ માની રાજા એવી અધર્મરૂપ આજ્ઞા ન કરત, પરંતુ તેણે પોતે એમ કરેલ હોવાથી, 'જેવો રાજા તેવી પ્રજા' એ ન્યાય પ્રમાણે એવી આજ્ઞા કરવામાં તેને સંકોચ રહે નહિ, એવો અર્થ છે. (પ્ર)

શક્તિ (શ્લોક.૩૨) અને જય (શ્લોક.૩૩), તેમજ (શત્રુઓની) નિરાધાર સ્થિતિ (શ્લોક.૩૪), દયા (શ્લોક.૩૫), શત્રુઓનું નમાલાપણું (શ્લોક.૩૬), તેમજ રાજનીતિ (શ્લોક.૩૭). કા.૯.

'જો બાલકોને હણવામાં આવશે તો દેવો બીજો ઉપાય કરશે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**કિમુદ્યમૈઃ કરિષ્યન્તિ દેવાઃ સમરભીરવઃ ।।**
**નિત્યમુદ્વિગ્નમનસો જ્યાઘોષૈર્ધનુષસ્તવ ।।૩૨।।**

યુદ્ધભૂમિમાં બીકણ અને તમારા ધનુષ્યની પણછના અવાજોથી સદા ભયયુક્ત મનવાળા દેવો ઉદ્યમોથી શું કરવાના છે ? ૩૨.

તેઓ (દેવો) માત્ર ઉદ્યમ કરે, પરંતુ કાર્ય (કરવા)ની શક્તિ (તેમનામાં) નથી, કારણ કે તેઓ યુદ્ધ ભૂમિમાં બીકણ છે, સંગ્રામ જોઈને જ ભય પામે છે. તેઓને તેવી રીતે ભય થવાનું કારણ 'સદા ભયયુક્ત મનવાળા' વિશેષણથી કહેલું છે; કારણ કે આ (કંસે) દિગ્વિજયમાં બધાને હરાવેલા. ઈન્દ્ર પણ ભય પામીને ભાગી ગયો હતો. બ્રહ્મા વિગેરે પણ સંતાઈ ગયા હતા. દેવોને પકડી (તે) દુઃખ દેતો હતો. તેથી જો (કંસ) કોઈ બીજાને (બીજા સાથે લડવા) માટે પણ ધનુષ્યનો ટંકાર કરે તો પણ દેવો ભયયુક્ત મનવાળા થતા હતા; તેથી (તેમને) 'ભયયુક્ત મનવાળા' કહેલા છે. 'તમારા' શબ્દ (આ વિષયમાં કંસની) સંમતિ છે, એમ જણાવવા યોજેલો છે. ૩૨.

માત્ર ધનુષના ટંકારથી જ ભય થવાના કારણ તરીકે પહેલાંનો વૃત્તાંત નીચેના શ્લોકમાં કહે છેઃ

**અસ્યતસ્તે શરવ્રાતૈર્હન્યમાનાઃ સમન્તતઃ ।।**
**જિજીવિષવ ઉત્સૃજ્ય પલાયનપરા યયુઃ ।।૩૩।।**

તમે (બાણો) ફેંકતા હતા ત્યારે બાણોના સમૂહોથી સર્વ તરફથી ઘવાતા, જીવવાની ઈચ્છાવાળા, (યુદ્ધ) તજી ભાગવા તત્પર થઈ જતા રહ્યા હતા. ૩૩.

તમે બાણો ફેંકતા હતા ત્યારે, (તમારી) સામે નહિ આવેલા (દેવો) પણ (તમે) ફેંકેલા જ તે બાણોના સમૂહોથી સર્વ તરફથી ઘવાએલા એટલે જેમનાં સર્વ અંગો સારી રીતે છિન્નભિન્ન થઈ ગયાં હતાં તેવા થવા છતાં પણ જીવવાની ઈચ્છાવાળા હોઈ, ધર્મ અને સંગ્રામને તજી, ભાગવા તત્પર થઈ, (કયા) દેશમાં જવું તે સંબંધી કાંઈ ઈચ્છા નહિ હોવાથી જ્યાં ત્યાં જતા રહ્યા હતા. અને જેઓ (તમારાથી) દૂર રહેલા હતા તેઓ ભાગી ગયા હતા. ૩૩.

વળી જેઓ નજીક રહેલા હતા તેઓએ પણ જીવવાની ઈચ્છાવાળા હોઈ, ભાગી શકે તેમ નહિ હોવાથી બીજો ઉપાય કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કેચિત્ પ્રાઞ્જલયો ભીતા ન્યસ્તશસ્ત્રા દિવૌકસઃ ।।**
**મુક્તકચ્છશિખાઃ કેચિદ્ ભીતાઃ સ્મેતિવાદિનઃ ।।૩૪।।**

કેટલાક ભય પામેલા સ્વર્ગમાં રહેનારાઓએ બે હાથ જોડી શસ્ત્રો નાખી દીધાં હતાં. કેટલાકનાં કછોટા અને શિખાઓ છૂટી ગએલાં હતાં, અને કેટલાક અમે ભય પામ્યા છીએ એમ કહેતા હતા. ૩૪.

'બે હાથ જોડી' શબ્દથી સ્તુતિ કરવા તૈયાર થએલા હોય તેઓના જેવી શરીરની અવસ્થા, અને 'ભય પામેલા' શબ્દથી તેવી અંતઃકરણની અવસ્થા જણાવેલી છે. શસ્ત્રોનો ત્યાગ કરવામાં આવે ત્યારે ત્યાગ કરનારને હણાય નહિ, એવા શાસ્ત્રાર્થનું (કંસથી) પરિપાલન થાય તે માટે 'શસ્ત્રો નાખી દીધાં હતાં.'.

'ત્યારે તેઓએ પોતાના ધર્મનો ત્યાગ કર્યો તેથી તેમને સ્વર્ગ કેમ (પ્રાપ્ત) થશે ?' એવી શંકા થાય, તેથી 'સ્વર્ગમાં રહેનારાઓએ' શબ્દ યોજેલ છે. સ્વર્ગ તેઓનું રહેઠાણ એટલે માત્ર ઘર જ હતું, પરંતુ તેઓ સ્વર્ગનો ભોગ કરી શક્તા નહિ, એવો અર્થ છે.

'દેવોએ (એવું) અયોગ્ય કાર્ય કેમ કર્યું ?' એવી શંકા થાય, તેથી 'કછોટા અને શિખાઓ છૂટી ગએલાં' શબ્દ યોજેલ છે. 'મુક્તાઃ' છૂટી ગયા હતા 'કચ્છાઃ' કછોટાઓ અને 'શિખાશ્ચ' અને શિખાઓ 'યેષામ્' જેઓનાં તેવા (હતા). (આ શબ્દથી) તેઓનું ઘણું દુઃખ અને ભય કહેલાં છે. દુઃખ આવી પડે ત્યારે પોતાના ધર્મોનો ત્યાગ કરી શકાય છે.

'પરંતુ દૈવની ગતિથી જેઓનાં કછોટા અને શિખાઓ છૂટી ગયાં ન હતાં, તેઓની શી ગતિ થઈ ?' એવી શંકા થાય, તેથી કેટલાક 'અમે ભય પામ્યા છીએ' 'એમ કહેતા હતા' શબ્દો યોજેલા છે. શરીર ઉપર ભય પામેલા હોવાનું કાંઈ કાર્ય નહિ જણાવાથી, તેઓ મુખથી જ 'અમે ભય પામેલા છીએ' એમ કહેતા હતા. ૩૪.

'જેઓ વધ કરવા યોગ્ય છે તેઓનો સર્વ પ્રકારે વધ કરવો જ જોઈએ. તેથી તેઓ ગમે તેમ બોલે તો પણ શું વળે ?' એવી શંકા થાય, તેથી કહે છે :

**ન ત્વં વિસ્મૃતશસ્ત્રાસ્ત્રાન્ વિરથાન્ ભયસન્નતાન્ ।।**
**હંસ્યન્યાસક્તવિમુખાન્ ભગ્નચાપાનયુધ્યતઃ ।।૩૫।।**

જેઓ શસ્ત્રો અને અસ્ત્રો ભૂલી ગયા હોય, રથ વગરના થયા હોય, ભયથી

શરણે આવ્યા હોય, બીજા કાર્યમાં આસક્તિવાળા તથા યુદ્ધથી વિરુદ્ધ હોય, ભાંગેલા ધનુષ્યવાળા હોય તથા યુદ્ધ કરતા ન હોય તેવાને તમે હણતા નથી. ૩૫.

તમે યુદ્ધના ધર્મનો ત્યાગ કરતા નથી. તેથી (૧) જે દેવો ભયને લીધે શસ્ત્રો તથા અસ્ત્રોને ભૂલી ગયા હોય તેઓને તમે હણતા નથી. હાથમાં પકડી રાખીને જેનાથી મરાય તે શસ્ત્રો. જેનાથી દૂરથી મરાય તે અસ્ત્રો, અથવા જેનો મંત્રોથી પ્રયોગ થાય તે અસ્ત્રો. ભયને લીધે બંને પ્રકારનાં આયુધો ભૂલાઈ જાય.

(૨) સારથિ વિગેરેના હણાવાથી જેઓ રથ વિનાના થઈ ગએલા હોય (તેઓને તમે હણતા નથી). 'ધર્મ જાણનાર શરણે આવેલા, રથ વગરના અથવા ભય પામેલા શત્રુને હણતો નથી' એ વાક્ય પ્રમાણે રથ વગરનો (શત્રુ) પણ વધ કરવા યોગ્ય નથી.

(૩) જેઓ ભયને લીધે સારી રીતે નમેલા એટલે શરણે આવેલા હોય.

(૪) બીજાઓ પણ જે પ્રસંગને લીધે 'બીજા (કાર્ય)માં આસક્તિવાળા તથા (યુદ્ધથી) વિરુદ્ધ હોય; બીજા (કાર્ય)માં આસક્ત તથા (યુદ્ધથી) વિરુદ્ધ હોય તેમને અથવા બીજા કાર્યમાં આસક્ત અને (૫) (યુદ્ધથી) વિરુદ્ધ[1] એવા બંને પ્રકારનાને (તમે હણતા નથી).

(૬) જેઓ ભાંગેલા ધનુષ્યવાળા હોય અને (૭) જેઓ યુદ્ધ કરતા ન હોય એટલે જેઓ (યુદ્ધ) જોનારા હોય, તેમને (તમે) હણતા નથી, એવો (વાક્યનો) સંબંધ છે. આ છ પ્રકારના અથવા સાત પ્રકારના[1] હણવા યોગ્ય નથી. તેથી તમે પોતાના ધર્મનું પહેલાંની રીતે સારી પેઠે પાલન કરતા હોવાથી દેવો જીવતા રહ્યા છે, એવો ભાવ છે. ૩૫.

એવી રીતે સાધારણ (દેવો)નું નમાલાપણું કહીને, મોટાનું પણ નીચેના શ્લોક(થી દોઢ શ્લોક)થી કહે છે :

**કિં ક્ષેમશૂરૈર્વિબુધૈરસંયુગવિકત્થનૈઃ ।।**

**રહોજુષા કિં હરિણા શમ્ભુના વા વનૌકસા ।।૩૬।।**

સુખમાં શૂરા, યુદ્ધ ન હોય ત્યારે બડાઈખોર દેવોથી શું ? એકાંત સેવનાર હરિથી અથવા વનમાં રહેનાર શંભુથી શું (વળવાનું) ? ૩૬.

વાયુ, અગ્નિ, વરુણ વિગેરે જેઓ શૂરવીર તરીકે પ્રસિદ્ધ છે તેઓ પણ સુખમાં જ શૂરા છે. સુખ હોય ત્યારે, ઘરમાં અથવા સ્ત્રી પાસે જ્યાં દુઃખ

---

૧-૧. ચોથા અને પાંચમા પ્રકારનો એકમાં સમાવેશ કરવામાં આવે તો છ પ્રકાર થાય, અને તે જૂદા ગણવામાં આવે તો સાત પ્રકાર થાય.

(થવા)ની શંકા જ ન હોય ત્યાં શૂરા છે, કારણ કે પત્ની પતિને હણે એવો સંભવ હોતો જ નથી; પરંતુ જ્યાં (આ) હણશે એવો સંભવ હોય તેવા પ્રસંગે ભાગી જ જાય છે. આ અર્થ જાણે છે તેથી જ (તેઓ) 'વિબુધાઃ' (વિશેષ જાણનારા, દેવો) કહેવાય છે.

આ તેઓનું શરીરનું શૂરવીરપણું જણાવી, 'યુદ્ધ ન હોય ત્યારે બડાઈખોર' શબ્દથી તેઓનું વાણીનું શૂરવીરપણું કહે છે. 'વિકત્થનમ્' એટલે પોતાનું શૂરવીરપણું દર્શાવનાર વચન (બડાઈ). તે પણ યુદ્ધમાં નહિ, (પણ) જ્યારે કોઈની પણ સાથે યુદ્ધ (કરવા)નો પ્રસંગ ન હોય ત્યારે જ બડાઈ (મારે છે).

એ પ્રમાણે દેવોના દોષ કહી, ચાર મુખ્ય દેવો(નું વૃત્તાંત) કહે છે. (૧) હરિ શૂરવીર છે, પરંતુ તે કોઈની પણ સામે થતા (આવતા) નથી; પરંતુ જે એકાંતમાં તેમનામાં જ આસક્તિવાળો રહે છે તેની સંમુખ હરિ થાય છે. સ્તુતિના વિષયમાં (આ) જેવું સાંભળ્યું તેવું જ છે. બીજા (નિંદાના) પક્ષમાં, (આથી હરિને) સ્ત્રીના સરખા જણાવ્યા છે. 'હરિ' શબ્દથી (તેમને) સર્વનું દુઃખ દૂર કરનાર કહેલા છે, કારણ કે શૂરવીરપણું વિગેરે (ગુણો) વિનાના દુઃખ પામેલાઓમાં જ તેમનો આવિર્ભાવ થાય છે એમ કહેલું છે.

(૨) વળી ત્રિપુરને હણનાર શૂરવીર છે, પરંતુ તે પણ સદા વનમાં રહે છે અને તપ કરે છે, કારણ કે વનમાં રહેનાર તપસ્વી (પોતાની) સમાન નહિ હોવાથી કોઈ પણ તેનો દ્વેષ કરતું નથી. ૩૬.

**કિમિન્દ્રેણાલ્પવીર્યેણ બ્રહ્મણા વા તપસ્યતા ।।**
**તથાપિ દેવાઃ સાપત્ન્યાન્નોપેક્ષ્યા ઈતિ મન્મહે ।।૩૭।।**

થોડા વીર્યવાળા ઈન્દ્રથી અથવા તપ કરતા બ્રહ્માથી શું (વળે) ? છતાં પણ વેરને લીધે દેવો તરફ બેદરકાર રહેવું જોઈએ નહિ, એમ અમે માનીએ છીએ.

(૩) દેવોનો રાજા તો જો કે વૃત્રને હણનારો છે, છતાં પણ થોડા વીર્યવાળો છે. જો તેમ ન હોત તો વજ્ર વિગેરેની પ્રાર્થના શા માટે કરત ?

(૪) બ્રહ્મા જો કે મોટા છે તો પણ તે તપ કરનાર બ્રાહ્મણ જ છે. એવી રીતે જો કે બધા દેવો નમાલા છે તો પણ રાજનીતિનો વિચાર કરતાં તેઓ તરફ બેદરકાર રહેવું જોઈએ નહિ એમ ઉત્તરાર્ધથી કહે છે. દેવોને અને દૈત્યોને વેર છે. (તે) સર્વ કશ્યપના પુત્રો (અને) જૂદી જૂદી માતાથી ઉત્પન્ન થએલા છે. તેઓ પરસ્પર શત્રુઓ જ છે. તેથી કુદરતી વેરવાળા હોવાથી જ્યારે તેઓ બલવાન થશે ત્યારે (તરત) જ તેઓ (આપણને) હણશે. તેથી તેમના તરફ બેદરકાર રહેવું નહિ,

પરંતુ તેઓ નબળી સ્થિતિમાં છે ત્યારે જ તેમને હણવા જોઈએ. આ (નબળી દશામાં હોય ત્યારે હણવા તે) પુરુષાર્થ છે કે નહિ તે તત્ત્વવેત્તાઓ જાણે. અમે તો એમ માનીએ છીએ.૩૭.

એવી રીતે (કંસની) મોટાઈ તથા નીતિ કહી, શું કરવું જોઈએ એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો (અર્ધ) શ્લોક કહે છેઃ

**તતસ્તન્મૂલખનને નિયુઙ્ક્ષ્વાસ્માનનુવ્રતાન્ ।।૩૮।।**

તેથી તેઓનું મૂલ ખોદી નાખવાની અમો સેવકોને આજ્ઞા કરો. ૩૮.

જે દેવોનું મૂલ હશે તેને જ ખોદી નાખવાની અમને આજ્ઞા કરો. (તમારી સાથે) સંબંધ હોવાને લીધે તેમજ પ્રસિદ્ધિથી અમે તમને અનુસરેલા છીએ એમ જણાવવા 'સેવકોને' શબ્દ યોજેલ છે. પહેલાં મૂલ કહો, અને મધ્યમાં ખોદવાની (આજ્ઞા કરો). ૩૮.

'બેદરકાર રહેવામાં શું દોષ ?' એવી શંકા થાય, તેથી કહે છે :

**યથામયોઙ્ગે સમુપેક્ષિતો નૃભિર્ન શક્યતે રૂઢપદશ્ચિકિત્સિતુમ્ ।।**
**યથેન્દ્રિયગ્રામ ઉપેક્ષિતસ્તથા રિપુર્મહાન્ બદ્ધબલો ન ચાલ્યતે ।।૩૯।।**

જેમ માણસોથી બેદરકારી રખાએલો અંગમાં રહેલો રોગ ઘર કરેલો થઈ અસાધ્ય થાય છે, જેમ ઈન્દ્રિયોનો સમૂહ (બેદરકારી રખાએલો રોકી શકાતો નથી) તેમ (બેદરકારી રખાએલો) મોટો શત્રુ બલવાન થતાં હંફાવી શકાતો નથી. ૩૯.

'આમયઃ' એટલે અંગમાં ઉત્પન્ન થએલો તાવ વિગેરે રોગ, તેના તરફ બેદરકારી રાખીને જો રોગી સ્નાન, ભોજન વિગેરે કરે તો તે અંગમાં ઘર કરેલો થઈ, અસાધ્ય થાય છે, અને અંગનો જ નાશ કરે છે. તે રોગથી સન્નિપાત થતાં સારો વૈદ્ય પણ તે મટાડી શકતો નથી. આથી '(દેવો સાથે) સંબંધ છે ત્યાં સુધી તેમને કેમ હણાય?' એવી શંકા દૂર કરેલી છે. તેઓ સર્વ દૈત્યોનો નાશ કરનાર હોવાથી તેમને હણવા જોઈએ એવો લોકિક પીડા કરનારના દૃષ્ટાંતથી નિર્ણય કર્યો.

વેદ સંબંધી પીડા કરનાર તરીકે બીજું દૃષ્ટાંત 'જેમ ઈન્દ્રિયોનો સમૂહ બેદરકારી રખાએલો (રોકી શકાતો નથી)' શબ્દોથી કહે છે. યોગીએ પરમ પુરુષાર્થ પ્રાપ્ત કરવો હોય ત્યારે ઈન્દ્રિયોના સમૂહ તરફ બેદરકારી રાખવી જોઈએ નહિ, (કારણ કે) તેમની તરફ બેદરકારી રાખવામાં આવે તો 'વિષયોથી આકર્ષાએલી ઈન્દ્રિયોથી..' એ ન્યાય પ્રમાણે સર્વનો નાશ થાય છે, અને બલવાળી ઈન્દ્રિયને પછી રોકી શકાતી નથી. જેમ આ બે (રોગ તરફની બેદરકારી અને ઈન્દ્રિયો તરફની બેદરકારી)થી (અનુક્રમે) આ લોક અને પરલોકનો નાશ થાય છે, તેમ દેવોથી

દૈત્યોના સર્વ (પુરુષાર્થ)નો નાશ થાય, એમ 'મોટો શત્રુ બલવાન થતાં હંફાવી શકાતો નથી' શબ્દોથી કહે છે. 'મોટો' એટલે સ્વરૂપથી પોતાના કરતાં પણ (મોટો). તેઓ (દેવો) જો એકત્ર થએલ બલવાળા થાય તો (તેમને) હંફાવી પણ શકાય નહિ. તેથી તેમના તરફ બેદરકારી કરવી જોઈએ નહિ. ૩૯.

નીચેના શ્લોકમાં (દેવોનું) મૂલ કહે છેઃ

**મૂલં વિષ્ણુર્હિ દેવાનાં યત્ર ધર્મઃ સનાતનઃ ।।**
**તસ્ય ચ બ્રહ્મગોવિપ્રાસ્તપોયજ્ઞાઃ સદક્ષિણાઃ ।।૪૦।।**

દેવોનું મૂલ વિષ્ણુ છે, જેમાં સનાતન ધર્મ રહેલો છે; અને તેમનું (મૂલ) બ્રહ્મ, ગાય, વિપ્ર, તપ અને દક્ષિણા સહિત યજ્ઞ છે. ૪૦.

દેવોનું મૂલ વિષ્ણુ છે, (કારણ કે) વિષ્ણુમાંથી દેવોની ઉત્પત્તિ છે. દેવો સત્ત્વગુણવાળા છે, અને તે (સત્ત્વગુણ)ના અધિષ્ઠાતા વિષ્ણુ છે. (શ્લોકમાંનો) 'હિ' શબ્દ આ યુક્તિ જણાવે છે.

બીજા પ્રકારથી પણ દેવોનું મૂલ વિષ્ણુ છે, એમ 'જ્યાં સનાતન ધર્મ રહેલો છે' શબ્દોથી કહેલું છે. યજ્ઞ વિગેરે ધર્મ છે, તે તો દેવતાને ઉદ્દેશીને દ્રવ્ય આપવારૂપ છે. 'તે ધર્મો પ્રથમ હતા' શ્રુતિ પ્રમાણે માત્ર વેદમાં કહેલો તે (યજ્ઞ) સનાતન છે. યજ્ઞ ન હોય (થાય) તો દેવોને ભક્ષણ કરવાનું કાંઈ ન મળે, તેથી યજ્ઞ દેવોનું મૂલ છે, અને તે (યજ્ઞ) પોતાના દેવતાથી નિયમન થઈ શકે તેવો છે, અને 'યજ્ઞ વિષ્ણુ છે' શ્રુતિ પ્રમાણે તેના દેવતા વિષ્ણુ છે. તે (વિષ્ણુ) યજ્ઞનું નિયમન કરનાર છે એટલું જ નહિ, પરંતુ (તેના) આધાર પણ છે, એમ 'જેમાં (સનાતન ધર્મ રહેલો છે)' શબ્દથી કહે છે. 'જેમાં' એટલે વિષ્ણુમાં 'ધર્મનો પ્રભુ વિષ્ણુ છે' એ વાક્ય પ્રમાણે સનાતન ધર્મ રહેલો છે. તેથી લૌકિક અને વૈદિક દેવોનું મૂલ વિષ્ણુ છે.

તેમનું (વિષ્ણુનું) અને 'ચ' 'અને' શબ્દ હોવાથી દેવોનું પણ મૂલ ઉત્તરાર્ધથી કહે છે. (૧) બ્રહ્મ એટલે વેદ, (૨) ગાયો અને (૩) વિપ્રો, (૪) તપ, અને (૫) દક્ષિણા સહિત યજ્ઞો. (૧) વેદ પ્રમાણ છે. (૨) એક (ગાયો)માં હવિ (હોમવાનું ઘી) રહેલું છે અને (૩) એક (વિપ્રો)માં મંત્રો રહેલા છે. ધર્મ બે પ્રકારનો છે, પ્રવૃત્તિરૂપ અને નિવૃત્તિરૂપ. યજ્ઞ પ્રવૃત્તિરૂપ છે અને (૪) તપ નિવૃત્તિરૂપ છે. (૫) (યજ્ઞો) દક્ષિણાસહિત (કહેલા છે, કારણ કે) દક્ષિણા યજ્ઞની પત્ની છે. આથી (પત્ની હોવાથી) તેને પ્રવૃત્તિધર્મ કહેલો છે. અથવા મૂલ તરીકે પાંચ અવયવોવાળો (ધર્મ) કહેલો છે.

આથી* (૧) બ્રાહ્મણો અને (૨) ગાયો બેને (યજ્ઞનાં) મૂલ તરીકે કહેલાં છે. તેમાં દૂઝતી ગાયો અને વેદ જાણનારા યજ્ઞ કરનાર તપસ્વી બ્રાહ્મણો (યજ્ઞરૂપ ધર્મનું મૂલ છે). ૪૦.

નીચેના શ્લોકમાં તેઓનાં (દેવોનાં) મૂલ ખોદી કાઢવાનું કહે છેઃ

**તસ્માત્ સર્વાત્મના રાજન્ બ્રાહ્મણાન્ બ્રહ્મવાદિનઃ ।।**
**તપસ્વિનો યજ્ઞશીલાન્ ગાશ્ચ હન્મો હવિર્દુઘાઃ ।।૪૧।।**

તેથી હે રાજા ! બ્રહ્મવાદી, તપ કરનારા યજ્ઞ (કરવા)ના સ્વભાવવાળા બ્રાહ્મણોને અને હવિ દૂઝતી ગાયોને અમે સર્વ પ્રકારે હણીએ (હણીશું). ૪૧.

'સર્વ પ્રકારે' એટલે જેમ કરવાથી લૌકિક અથવા વૈદિક સાધનોથી તેઓ પોતે અથવા બીજાની મારફત, બારોબાર અથવા પરંપરાથી, યજ્ઞ કરતાં અટકે તેવી જ રીતે. 'બ્રહ્મવાદી' એ બ્રાહ્મણોનું વિશેષણ છે, અને તેનો અર્થ વેદ અને વેદના અર્થને જાણનારા થાય છે. તેઓ બંને પ્રકારનો[1] ધર્મ કરે છે, એમ 'તપ કરનારા અને યજ્ઞ કરવાના સ્વભાવવાળા' શબ્દોથી કહેલું છે. 'હવિ દૂઝતી' એટલે દૂધ આપનારી ગાયો. 'હન્મઃ' એ 'હન્' ધાતુનું વર્તમાનકાલનું[2] બહુવચનનું રૂપ છે. ૪૧.

એવી રીતે વિષ્ણુના મૂલ તરીકે બ્રાહ્મણો અને ગાયોનો નાશ (કરવાનું) જણાવીને, (વિષ્ણુનો) સાક્ષાત્ નાશ થાય તે માટે ભગવાનના શરીર તરીકે પણ નીચેના શ્લોકમાં એમને જણાવે છે :

**વિપ્રા ગાવશ્ચ વેદાશ્ચ તપઃ સત્યં દમઃ શમઃ ।।**
**શ્રદ્ધા દયા તિતિક્ષા ચ ક્રતવશ્ચ હરેસ્તનૂઃ ।।૪૨।।**

વિપ્રો અને ગાયો, અને વેદો, તપ, સત્ય, દમ, શમ, શ્રદ્ધા, દયા, અને તિતિક્ષા, અને યજ્ઞો હરિનાં શરીરો છે. ૪૨.

(૧) વિપ્રો, (૨) ગાયો, 'ચ' 'અને' શબ્દથી જણાવેલ બીજાં પણ

---

*. 'આથી' એટલે 'મૂલ જણાવનાર વાક્યથી' (શ્લોકના ઉત્તરાર્ધથી) આ બેને જ ખરાં મૂલ કહેલાં છે, એમ આ પછીના ૪૧મા શ્લોકના ભાવાર્થથી સિદ્ધ થાય છે એમ જાણવું. (પ્ર) ૪૧મા શ્લોકના ભાવાર્થથી આ બેને હણવાનાં કહ્યાં છતાં અહિં કહેલ ધર્મના પાંચે અવયવોને પણ એ શ્લોક લાગુ પડી શકે છે.

૧. 'બંને પ્રકારનો' એટલે કર્મ અને જ્ઞાનરૂપ વેદાર્થ. (પ્ર) ગયા શ્લોકમાં જણાવેલ પ્રવૃત્તિરૂપ અને નિવૃત્તિરૂપ એ બંને પ્રકારનો ધર્મ કરનારા, એવો અર્થ જણાય છે.

૨. 'વર્તમાનસામીપ્યે વર્તમાનવદ્વા' ૩।૩।૧૩૧ સૂત્ર પ્રમાણે નજીકના ભૂતકાલ અથવા ભવિષ્યકાલ માટે વર્તમાનકાલનો પ્રયોગ કરેલો છે. તેથી મંત્રણા ચાલતી વખતે જ હણીએ છીએ એમ જણાવેલ છે. (પ્ર) તરતમાં જ હણશું એમ આ પ્રયોગથી જણાવેલ છે.

(વિષ્ણુનું) અધ્યક્ષપણું નથી, પરંતુ તે (દેવોનું) મૂલ પણ છે, એમ '(બધા દેવતાઓનું) તે મૂલ છે' એ શબ્દોથી કહે છે. 'દેવતાઃ સર્વાઃ' 'સર્વ દેવતાઓ' એ શબ્દ દેવોની અવગણના કરવા માટે નારીજાતિમાં યોજેલો છે.

'મહાદેવ અને બ્રહ્મા સ્વતંત્ર હશે' એવી શંકા થાય, તેથી 'શંકર અને બ્રહ્મા સહિત' શબ્દો યોજેલા છે. તેથી વિષ્ણુ(ને હણવા)નો ઉપાય[2] કરવો જોઈએ; અને (તે) ઉપાય ઋષિઓનો નાશ જ છે એમ 'આ (જે ઋષિઓની હિંસા તે તેમના વધનો ઉપાય છે)' એ શબ્દોથી કહે છે. 'ઋષિ' શબ્દથી સર્વ ધર્મો (શ્લોક ૪૧માં જણાવેલ બ્રાહ્મણનાં વિશેષણો) કહેલાં છે. ૪૩.

'એવું તેઓનું વચન સાંભળીને (કંસે) શું કર્યું ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**એવં દુર્મન્ત્રિભિઃ કંસઃ સહ સમ્મન્ત્ર્ય દુર્મતિઃ ।।**
**બ્રહ્મહિંસાં હિતં મેને કાલપાશાવૃતોઽસુરઃ ।।૪૪।।**

એ પ્રમાણે દુષ્ટ મંત્રીઓ સાથે મંત્રણા કરીને, દુષ્ટ મતિવાળા, મૃત્યુના પાશોથી ઘેરાએલા અસુર કંસે બ્રાહ્મણોની હિંસાને હિત કરનારી માની. ૪૪.

'આ (કંસ) ક્ષત્રિય હોઈ બ્રાહ્મણોનું રક્ષણ કરનાર હતો, તેણે બ્રાહ્મણોની હિંસાને હિત કરનારી કેમ માની ?' એવી શંકા થાય, તેથી 'દુષ્ટ મંત્રીઓ સાથે (મંત્રણા કરીને)' શબ્દો યોજેલ છે. આ મંત્રીઓ દુષ્ટ હતા. અંતે થનાર દોષ જણાતો નહિ હોવાથી તેઓની સાથે સારી રીતે મંત્રણા કરીને (કંસ) 'દુષ્ટ મતિવાળો' થયો હતો. બુદ્ધિથી સર્વનો નિર્ણય થાય છે, અને દુઃસંગ તો બુદ્ધિનો નાશ કરનાર છે, અને તેમાં પણ તેને મંત્રી તરીકે લેવામાં આવે[1] (ત્યારે બુદ્ધિનો નાશ થાય જ). તેથી જ (કંસે) બ્રાહ્મણોની હિંસાને પોતાનું હિત કરનારી માની.

'દુઃસંગ હોય તો પણ (તેના મનનું) સ્વાભાવિક વલણ કેમ બદલાયું ?' એવી શંકા થાય, તેથી 'અસુર' અને 'મૃત્યુના પાશથી ઘેરાએલો' શબ્દ યોજેલા છે. (કંસ) 'અસુર' હોવાથી સ્વભાવથી દુષ્ટ હતો, અને 'મૃત્યુના પાશોથી ઘેરાએલો' એટલે આપત્તિમાં સપડાએલો હતો. આપત્તિમાં બધી બુદ્ધિનો નાશ થાય છે, (અને) તેમાં પણ 'મૃત્યુના પાશો' શબ્દોથી મોટી આપત્તિ જણાવેલી છે. ૪૪.

---

૨. 'ઉપાય' એટલે (નોટ ૧માં જણાવ્યો તે સિવાયનો) બીજો ઉપાય. (પ્ર)

૧. દુષ્ટને જો દુષ્ટ ગણી સાથે રાખવામાં આવે તો તેનો સંગ બહુ નડતર થતો નથી, પરંતુ મંત્રી તરીકે રાખવાથી તો સર્વ રીતે નડતર થાય છે એવો અર્થ છે. એક આવો મંત્રી હોય તો પણ આવી સ્થિતિ થાય તો પછી એવા ઘણા મંત્રીઓ હોય તો પછી કહેવું જ શું ? એવો ભાવ છે. (પ્ર)

અન્નો*, (૩) વેદો, 'ચ' 'અને' શબ્દથી જણાવેલાં (વેદનાં) અંગો અથવા વ્રતો, (૪) તપ, (૫) સત્ય, (૬) દમ, અને (૭) શમ. (છેલ્લાં ચારથી) બ્રહ્મચર્ય વિગેરે આશ્રમના ધર્મો કહેલા છે. તપ શરીરનો ધર્મ છે, સત્ય વાણીનો, દમ ઈન્દ્રિયોનો અને શમ અંતઃકરણનો (ધર્મ છે). (૮) સર્વ (ધર્મ)માં શ્રદ્ધા, (૯) સર્વ (પ્રાણીઓ) ઉપર દયા અને (૧૦) 'તિતિક્ષા' એટલે અપમાન સહન કરવું તે, એવા દશ પ્રકારના (ધર્મ)ને લીધે (વિષ્ણુ) દશ અવતારવાળા છે. જ્યોતિષ્ટોમ વિગેરે યજ્ઞો અસંખ્ય છે. આ સર્વ સર્વનું દુઃખ હરનારા ભગવાનનાં શરીરો છે. તેથી વિષ્ણુ પ્રતિ (વિષ્ણુનો નાશ કરવા) પ્રયત્ન કરેલો છે. ૪૨.

ઉપસંહાર કરતાં તેમને(વિષ્ણુને) દેવોના મૂલ તરીકે જણાવે છેઃ

**સ હિ સર્વસુરાધ્યક્ષો હ્યસુરદ્વિડ્ ગુહાશયઃ ||**
**તન્મૂલા દેવતાઃ સર્વાઃ સેશ્વરાઃ સચતુર્મુખાઃ ||**
**અયં હિ તદ્વધોપાયો યદૃષીણાં વિહિંસનમ્ ||૪૩||**

તે સર્વ દેવોના પ્રભુ, અસુરોનો દ્વેષ કરનાર અને ગુહામાં રહેનાર છે. શંકર અને બ્રહ્મા સહિત બધા દેવતાઓનું તે મૂલ છે. આ જે ઋષિઓની હિંસા તે તેમના વધનો ઉપાય છે. ૪૩.

'મુખ્યથી કાર્યનો નિર્ણય થતો હોય...' એ ન્યાય પ્રમાણે હલકા દેવોનો નાશ કરવો નકામો છે. પહેલાં કહેલા ન્યાય પ્રમાણે સર્વ દેવોના અધ્યક્ષ એટલે પ્રભુ વિષ્ણુ જ છે. વળી બીજા દેવો અસુરોનો એવો (વિષ્ણુ જેવો) દ્વેષ કરતા નથી, (અને) કોઈવાર મિત્રતા પણ જોવામાં આવે છે. (પરંતુ) હરિ તો 'અસુરોનો દ્વેષ કરનાર' જ છે. તેમને સીધી રીતે હણી પણ શકાય તેમ નથી, કારણ કે તે 'ગુહામાં રહેનાર' છે. એટલે છૂપા[1] (સ્થાન) અંતઃકરણમાં રહે છે. લૌકિક પ્રભુની પેઠે

*. 'અન્નો' એટલે હોમ કરવાનાં બીજાં ચોખા, જવ વિગેરે સાધનો. 'અન્ન' શબ્દ તેની જાતનાં બીજાંને પણ સૂચવનાર છે. તેથી જેટલાં હોમ કરવાનાં સાધન છે તે બધાંનો તેમાં સમાવેશ થાય છે એમ જાણવું. (પ્ર)

૧. 'છૂપા' એટલે દેખાય નહિ તેવા સ્થાનમાં, અથવા 'ગુહામાં પ્રવેશેલા' એ શ્રુતિ પ્રમાણે અંતઃકરણમાં. અંતઃકરણમાં રહે તે સમીપમાં જ હોય, છતાં અંતઃકરણ અણુ (નાનામાં નાનું) હોવાથી નિત્ય (નાશ વિનાનું) હોવાથી, તેની અંદર રહેલ હરિ ઘણા જ સૂક્ષ્મ હોવાથી દેખાય નહિ તેવા અને નિત્ય છે. તેમને હણવાનો શું ઉપાય થઈ શકે? અથવા તેમને હણવાનો વિચાર કરવામાં આવે ત્યારે તે અંતઃકરણમાં રહેતા હોવાથી એવો વિચાર જાણીને તિરોહિત થઈ જાય. અથવા પોતાના દેહનો નાશ કર્યા વિના જે અંતઃકરણમાં રહેલ હોય તેને હણી શકાય નહિ. જ્યારે તેમને હણવા જાય ત્યારે પ્રથમ પોતે મરે એટલે પછી તે કોને હણે ? તેથી વિષ્ણુ હણી શકાય તેવા નથી એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે બુદ્ધિનો નાશ થતાં તેણે જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**સન્દિશ્ય સાધુલોકસ્ય કદને કદનપ્રિયાન્ ।।**
**કામરૂપધરાન્ દિક્ષુ દાનવાન્ ગૃહમાવિશત્ ।।૪૫।।**

વિનાશ જેમને પ્રિય હતો તેવા, ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર દાનવોને સર્વ દિશાઓમાં ભલા લોકોને પીડવાની આજ્ઞા કરીને, કંસે ઘરમાં પ્રવેશ કર્યો. ૪૫

વિનાશ જેમને પ્રિય હતો એટલે જેઓ પોતે પણ બીજાનો વિનાશ કરવાને ઈચ્છતા હતા, અને વિનાશ કરવા માટે જૂદાં જૂદાં કાર્ય પાર પાડનાર જૂદાં જૂદાં રૂપો ધારણ કરનારા હતા તેમને દશે દિશાઓમાં એટલે પોતાના દેશમાં અને બીજાના દેશમાં ભલા લોકોને પીડવાની આજ્ઞા કરી; કારણ કે ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનારાઓનું સામર્થ્ય બધાંએ સ્થલોમાં હોય છે. દાનવો એટલે ઘાતકીઓ. 'દાનવ' શબ્દ બધા રાક્ષસો માટે યોજાય છે. એવી આજ્ઞા કરીને કંસે પોતાના ઘરમાં પ્રવેશ કર્યો, જેથી પીડા થતાં હરકોઈ રાજાને સ્થાને ફરીઆદ કરવા જાય, તો તેને રાજાનું દર્શન જ થાય નહિ. આવા હેતુથી તેણે ઘરમાં પ્રવેશ કર્યો. ૪૫

તેઓએ તો તેથી પણ અધિક કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તે વૈ રજઃપ્રકૃતયસ્તમસારૂઢચેતસઃ ।।**
**સતાં વિદ્વેષમાચેરુરારાદાગતમૃત્યવઃ ।।૪૬।।**

રાજસ પ્રકૃતિવાળા, તમોગુણથી વ્યાપેલ ચિત્તવાળા અને જેઓનું મૃત્યુ નજીક આવેલું હતું તેવા તેઓએ નક્કી સારા પુરુષોનો વિદ્વેષ કર્યો. ૪૬.

'વૈ' એટલે નક્કી. તેઓ (દાનવો) સ્વભાવથી જ રાજસ પ્રકૃતિવાળા હતા. રાજસ (પ્રકૃતિવાળા) ક્રૂર હોય છે. વળી અકસ્માતથી આવી ચડેલ તમોગુણથી વ્યાપ્ત થયું હતું ચિત્ત જેઓનું તેવા (તેઓ હતા). પહેલાં પ્રાપ્ત કરેલ વિવેકનો નાશ કરવા તમોગુણ (આવ્યો). રજોગુણ અને તમોગુણથી ભરેલાઓ સાત્ત્વિકોનો દ્વેષ કરે જ. તેથી તેઓએ સારા પુરુષોનો વિદ્વેષ એટલે 'વિ' ઘણું 'દ્વેષઃ' વૈર 'યસ્માત્' જેમાંથી થાય તેવો, ધર્મ અને ધનનો નાશ કરવારૂપ ઉપદ્રવ 'આ' સર્વ તરફથી 'ચેરુઃ' કર્યો.

આથી[1] તેઓના અંતઃકરણનો સ્વરૂપથી[2] અને ધર્મથી[2] નાશ થએલો

---

૧. 'આથી' એટલે 'આ શ્લોકથી.' (પ્ર)

૨-૨. દુષ્ટ મંત્રીઓનું અંતઃકરણ સ્વરૂપથી નાશ પામેલ હતું, કારણ કે અંતઃકરણ વિકારોનું કાર્ય હોવાથી અને જ્ઞાન ઉત્પન્ન કરનાર હોવાથી, સ્વરૂપથી સાત્ત્વિક છે અને સત્ત્વરૂપ (અંતઃકરણ) રજોરૂપ થતાં તેના સ્વરૂપનો નાશ થયો. અંતઃકરણનો ધર્મ જ્ઞાન છે. તેથી તમોગુણથી જ્ઞાનનો નાશ થતાં, અંતઃકરણનો ધર્મથી નાશ થયો એવો ભાવ છે. (પ્ર)

હોવાથી, (તેઓએ સારા પુરુષોને) ઉપદ્રવ કર્યો એમ કહેવાયું.

'સ્વામીની આજ્ઞાથી અધિક (ઉપદ્રવ) તેઓએ કેમ કર્યો ?' એવી શંકા થાય, તેથી 'જેઓનું મૃત્યુ નજીક આવેલું હતું તેવા' વિશેષણ યોજેલ છે. મૃત્યુએ સપડાવેલા હોવાથી તેઓએ તેમ કર્યું. વ્યાકુલ થએલો ઊંધું કાર્ય કરે છે જ. ૪૬.

માયાએ જ સર્વનો[૧] નાશ થાય તે માટે આ (વિદ્વેષ) કરાવ્યું, એમ જણાવવા નીચેના શ્લોકમાં મોટા પુરુષની અવગણનાનું ફલ કહે છેઃ

**આયુઃ શ્રિયં યશો ધર્મં લોકાનાશિષ એવ ચ ।।**
**હન્તિ શ્રેયાંસિ સર્વાણિ પુંસો મહદતિક્રમઃ ।।૪૭।।**

મોટા પુરુષની અવગણના પુરુષનાં આયુષ્ય, લક્ષ્મી, યશ, ધર્મ, લોકો તેમજ આશિષો સર્વ ઉત્તમ ગુણોનો નાશ કરે છે. ૪૭.

જીવોના છ ઉત્તમ ગુણો છે. તે ન હોય તો પ્રાણી અકૃતાર્થ રહે. ૧.તેમાં પહેલું 'આયુષ્ય' છે, કારણ કે જીવતો હોય તેને સર્વ (પ્રાપ્ત) થાય છે. ૨.પછી 'લક્ષ્મી' છે, તેનો (પ્રાણી ઉપરનો) ઉપકાર સ્પષ્ટ છે. ૩.પછી 'યશ' એટલે કીર્તિ છે. ૪.પછી અંતરંગ 'ધર્મ' છે. ૫.તે (પહેલાં કહેલા ચાર)થી પ્રાપ્ત થતા સ્વર્ગ વિગેરે 'લોકો' અને ૬.તે લોકમાં બધીએ 'આશિષો'. 'ચ' 'અને' શબ્દથી આ લોકના પુત્ર વિગેરે (ઈચ્છેલા પદાર્થો) પણ (કહેલા છે). 'એવ' 'જ' શબ્દથી (આ) બધાએ આશિષ જ છે એમ દર્શાવેલું છે, એટલે જેનું જે ઈચ્છેલું હોય તેનાં તે જ પદાર્થનો નાશ કરે છે એમ કહેવાયું. તેમ ન હોય (મોટા પુરુષની અવગણના ઈચ્છેલા પદાર્થનો નાશ કરતી ન હોય) તો (ઉપર) જે ગણાવ્યાં તે તેનાં ઈચ્છેલાં ન હોય તો તેનું (અવગણનાનું) કાર્ય તેનું (જેના ઈચ્છેલા પદાર્થનો નાશ કરતી ન હોય તેનું) ઈચ્છેલું જ થાય, એટલે મોટા પુરુષની અવગણના (તેનું) શું બગાડે ? તેથી જે કાંઈ ઈચ્છેલું હોય તેનો નાશ કરે છે. લોકમાં જે (ઉત્તમ ગુણો) પ્રાપ્ત થાય છે તે તો ગણાવેલા છે. જે કહેલા (ગણાવેલા) નથી તે બધાનો સમાવેશ કરવા માટે 'સર્વ' શબ્દ યોજેલ છે. 'પુરુષના' એટલે સ્વતંત્ર પુરુષના પણ (ઈચ્છેલા પદાર્થનો નાશ કરે છે). 'મોટા પુરુષની' એટલે ભગવદીયની અવગણના; (કારણ કે) મોટાઈ ભગવાનના સંબંધથી જ હોય છે. નહિ તો (ભગવાનનો સંબંધ ન હોય તો) માત્ર આર (ચોખા)ની અણી જેટલા (જીવ)ની મોટાઈ ક્યાંથી હોય ? એ પ્રમાણે ભગવાનનું ચરિત્ર થઈ શકે તે માટે માયાનું (માયાએ કરેલું) કાર્ય

૧. 'સર્વનો' એટલે 'સર્વ દૈત્યોનો.' (પ્ર)

જણાવ્યું[2]. ૪૭.

**ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની શ્રીસુબોધિનીનાં દશમા સ્કંધના વિવરણમાં જન્મપ્રકરણનો ચોથો અધ્યાય સંપૂર્ણ.**

---

૨. સર્વને દુઃખ થાય તેવું જે માયાનું કાર્ય જણાવ્યું. તે એવા હેતુથી જણાવ્યું કે ભગવાન્ અનિરુદ્ધનું સર્વ ધર્મની રક્ષા કરવારૂપ જે ચરિત્ર તે થઈ શકે. (પ્ર)